# યોગદર્શન

{ મહર્ષિ પતંજલિના યોગસૂત્રોની છણાવટ }




## - શ્રી યોગેશ્વર

## NOTICE

**સર્વ હક્ક લેખકને સ્વાધીન**

**All rights reserved by Author**

The content of this e-book may be used as an information resource. Downloading or otherwise transmitting electronic copies of this book or portions thereof, and/or printing or duplicating hard copies of it or portions thereof is authorized for **individual non-profit use ONLY**. Any other use including the reproduction, modification, distribution, transmission, republication, display or performance of the content of this book for commercial purposes is strictly prohibited.

Failure to include this notice on any digital or printed copy of this book or portion thereof; unauthorized registration of a claim of copyright on this book; adding or omitting from the content of it without clearly indicating that such has been done; or profiting from transmission or duplication of it, is a clear violation of the permission given in this notice and is strictly prohibited. Violators will be prosecuted.

Permission for use beyond that specifically allowed by this notice may be requested in writing from Swargarohan, Danta Road, Ambaji (North Gujarat) INDIA.

*



E-Book

| | |
|---|---|
| Title | : Yog Darshan |
| Language | : Gujarati |
| Version | : 1.0 |
| Pages | : 240 |
| Created | : April 25, 2008. |

*

## NOTE

This e-book is a manifestation of our humble effort to present Shri Yogeshwarji's literary work in digital format. Due care has been taken in preparing the material of this e-book from its original print version. However, if you find any error or omissions, please let us know. We welcome your comments.

☼ ☼ ☼ ☼ ☼

# <u>પ્રસ્તાવના</u>



યોગસાધનાના પ્રાચીન અને મહાન ગ્રંથરત્ન પાતંજલ યોગદર્શનને કોણ નથી જાણતું ? યોગસાધનાના રસિકો માટે એનો અભ્યાસ આવશ્યક મનાય છે. એને રચાયે આટલાં બધાં વરસો વીતી ગયાં છે તો પણ આજે એ એવો જ પ્રમાણભૂત, પથપ્રદર્શક અને પ્રેરક ગણાય છે. એ એટલો બધો વૈજ્ઞાનિક, તર્કબદ્ધ ને અનુભવાત્મક છે કે વાત નહિ. એની હરોળમાં મૂકી શકાય એવો બીજો કોઈ ગ્રંથ નથી દેખાતો.

આ પુસ્તકમાં યોગદર્શનના સૂત્રોને મેં બનતી સરળ રીતે સમજાવવાનો પ્રયત્ન કર્યો છે. એ પ્રયત્ન બીજાને માટે ઉપયોગી થશે કે પ્રેરક બનશે એવી આશા છે. વર્તમાન સમયમાં યોગ વિશે જાત જાતની ભ્રાંતિઓ પ્રવર્તે છે ત્યારે આ પુસ્તકનું પ્રકાશન આવકારદાયક લેખાશે.

આ પુસ્તકની બહુ જ ટૂંકા સમયમાં ચોથી આવૃત્તિ થાય છે તે એની ઉપયોગિતા સૂચવે છે.

**- શ્રી યોગેશ્વરજી**



:: :: **અનુક્રમ** :: ::


**ભાગ–૧ : સમાધિપાદ**

૧) આરંભ

૨) યોગ એટલે ચિત્તવૃત્તિનો નિરોધ

૩) આત્મા સ્વરૂપમાં મળી જાય છે

૪) વૃત્તિ સાથે એકરૂપ બને છે

૫) સારી ને નરસી વૃત્તિ

૬) પાંચ વૃત્તિઓ

૭) પ્રત્યક્ષ, અનુમાન ને આગમ

૮) વિપર્યય

૯) વિકલ્પ

૧૦) નિદ્રા

૧૧) સ્મૃતિ

૧૨) મનનાં નિરોધના ઉપાય

૧૩) અભ્યાસ

૧૪) અભ્યાસ વિશે વધારે

૧૫) વૈરાગ્ય

૧૬) પરવૈરાગ્ય

૧૭) સમાધિના ચાર ભેદ

૧૮) અસંપ્રજ્ઞાત સમાધિ

૧૯) વિદેહ કે પ્રકૃતિલય યોગી

૨૦) નિરોધમાં મદદરૂપ બીજાં સાધન

૨૧) તીવ્ર વેગથી સત્વર સિદ્ધિ

૨૨) વેગ ને સિદ્ધિ

૨૩) ભક્તિથી પણ નિરોધ

૨૪) ઈશ્વર વિષે

૨૫) ઈશ્વર સર્વજ્ઞ છે

૨૬) ઈશ્વર સૌના ગુરૂ છે

૨૭) ૐ કાર તેમનું નામ છે

૨૮) તેના જપ અને અર્થનું મનન કરવું

૨૯) એવા અભ્યાસનું ફળ

૩૦) નવ જાતનાં વિઘ્નો

૩૧) પાંચ બીજા વિઘ્નો

૩૨) વિઘ્નોનો ઉપાય

૩૩) ચિત્તની શુદ્ધિ માટેની ભાવના

૩૪) પ્રાણાયામથી પણ એકાગ્રતા

૩૫) વિષયવતી પ્રવૃત્તિથી પણ સ્થિરતા

૩૬) પ્રકાશમય પ્રવૃત્તિથી પણ સ્થિરતા

૩૭) મનની શદ્ધિ

૩૮) સ્વપ્નને નિદ્રાના જ્ઞાનનું અવલંબન

૩૯) ઈચ્છાનુસાર ધ્યાનથી પણ સ્થિરતા

૪૦) સ્થિરતાનું પરિણામ

૪૧) સમાધિ

૪૨) સવિર્તક સમાધિ

૪૩) નિર્વિતર્ક સમાધિ

૪૪) સવિચાર ને નિર્વિચાર સમાધિ

૪૫) સૂક્ષ્મ વિષયની સીમા

૪૬) સબીજ સમાધિ

૪૭) નિર્વિચાર સમાધિના લાભ

૪૮) ઋતંભરા પ્રજ્ઞા–૧

૪૯) ઋતંભરા પ્રજ્ઞા–૨

૫૦) પ્રજ્ઞાનો પ્રભાવ

૫૧) નિર્બિજ સમાધિ

**ભાગ–૨ : સાધનપાદ**

૧) ક્રિયાયોગની સમજ

૨) ક્રિયાયોગનું મુખ્ય કામ

૩) પાંચ ક્લેશ

૪) ક્લેશનું સ્વરૂપ

૫) અવિદ્યા વિશે

૬) અસ્મિતા

૭) રાગ

૮) દ્વેષ
૯) અભિનિવેશ
૧૦) ક્લેશોનો નાશ કરવો જોઈએ
૧૧) ધ્યાનની મદદથી ક્લેશનો નાશ
૧૨) દુઃખોનું કારણ
૧૩) કર્માશયનું પરિણામ
૧૪) જન્મ, આયુ ને ભોગના ભેદનું કારણ
૧૫) ત્રણ પ્રકારનાં દુઃખ
૧૬) આવનારૂં દુઃખ દૂર કરવું જોઈએ
૧૭) હેયનું કારણ
૧૮) દૃશ્ય કેવું છે ?
૧૯) ગુણના ભેદ અથવા ગુણની ચાર અવસ્થા
૨૦) દ્રષ્ટા વિશે
૨૧) દૃશ્ય દ્રષ્ટાને માટે
૨૨) પ્રકૃતિ નિત્ય છે
૨૩) સ્વશક્તિ તે સ્વામીશક્તિ
૨૪) આસક્તિનું કારણ અવિદ્યા
૨૫) ઈશ્વર ખાય છે ખરા ?
૨૬) 'હાન'નો ઉપાય
૨૭) સાત પ્રકારની પ્રજ્ઞા
૨૮) યોગાભ્યાસનું ફળ
૨૯) યોગનાં આઠ અંગ
૩૦) પાંચ યમ
૩૧) મહાવ્રત
૩૨) પાંચ નિયમ
૩૩) યમ અને નિયમ વિષે વધારે
૩૪) વિતર્ક વિષે
૩૫) અહિંસાનું ફળ
૩૬) સત્યનુ ફળ
૩૭) અસ્તેયનું ફળ
૩૮) બ્રહ્મચર્યનું ફળ
૩૯) અપરિગ્રહનું ફળ
૪૦) શૌચનો લાભ
૪૧) અંદરની શુદ્ધિનો લાભ
૪૨) સંતોષનો લાભ
૪૩) તપનો લાભ
૪૪) સ્વાધ્યાયથી ઈષ્ટનો સાક્ષાત્કાર
૪૫) ઈશ્વરપ્રણિધાનનો લાભ
૪૬) આસન વિશે
૪૭) પ્રયત્નની શિથિલતા
૪૮) આસનસિદ્ધિનો લાભ
૪૯) પ્રાણાયામ વિશે
૫૦) ત્રણ પ્રકાર
૫૧) ચોથો પ્રાણાયામ
૫૨) પ્રાણાયામનો લાભ
૫૩) પ્રાણાયામનો બીજો લાભ
૫૪) પ્રત્યાહાર
૫૫) પ્રત્યાહારનો લાભ

**ભાગ–૩ : વિભૂતિપાદ**

૧) ધારણાની સમજ
૨) ધ્યાનની સમજ
૩) સમાધિની સમજ
૪) સંયમ
૫) સંયમનું ફળ
૬) સંયમ વિશે વધારે
૭) અંતરંગ અંગો
૮) અગત્યનું અંતરંગ સાધન
૯) નિરોધ પરિણામ
૧૦) અવસ્થા પરિણામ
૧૧) સમાધિ પરિણામ
૧૨) એકાગ્રતા પરિણામ
૧૩) ત્રણ પરિણામની સમજ
૧૪) ત્રણ ધર્મો વિષે
૧૫) પરિણામની ભિન્નતા

૧૬) ભૂત તથા ભવિષ્યનું જ્ઞાન
૧૭) સઘળાં પ્રાણીની વાણીનું જ્ઞાન
૧૮) પૂર્વ જન્મનું જ્ઞાન
૧૯) બીજાના ચિત્તનું જ્ઞાન
૨૦) અંતર્ધાન થવાની શક્તિ
૨૧) મૃત્યુનું જ્ઞાન
૨૨) ભાવના અનુસાર શક્તિ
૨૩) બળની પ્રાપ્તિ
૨૪) ગુપ્ત પદાર્થોનું જ્ઞાન
૨૫) ચૌદ ભુવનનું જ્ઞાન
૨૬) તારાના વ્યૂહનું ને તારાની ગતિનું જ્ઞાન
૨૭) શરીરના વ્યૂહનું જ્ઞાન
૨૮) ભૂખને તરસની નિવૃત્તિ સ્થિરતાની પ્રાપ્તિ
૨૯) સિદ્ધ પુરૂષોનાં દર્શનનો લાભ
30) બધી વાતોનું ને ચિત્તના સ્વરૂપનું જ્ઞાન
3૧) પુરૂષનું જ્ઞાન
3૨) સિદ્ધિઓની પ્રાપ્તિ
33) સિદ્ધિઓ વિઘ્નરૂપ છે
3૪) બીજાના શરીરમાં પ્રવેશ
3૫) ઉદાનવાયુના વિજયથી સિદ્ધિ
3૬) તેજોમય શરીર તથા દૈવી કાનની પ્રાપ્તિ
3૭) આકાશગમનની શક્તિ તથા જ્ઞાનના આવરણનો નાશ
3૮) પંચ મહાભૂત પર વિજય
3૯) અષ્ટ સિદ્ધિની પ્રાપ્તિ
૪૦) કાર્યસંપતની સિદ્ધિ
૪૧) ઈન્દ્રિયો પર અધિકાર
૪૨) ત્રણ પ્રકારની બીજી સિદ્ધિ
૪3) સર્વજ્ઞતા
૪૪) કૈવલ્ય
૪૫) સાધનામાં સાવધતા
૪૬) વિવેકજ્ઞાન
૪૭) વિવેકજ્ઞાનનું વિશેષ ફળ
૪૮) કૈવલ્યની પ્રાપ્તિ

**ભાગ–૪ : કૈવલ્યપાદ**

૧) સિદ્ધિઓના પાંચ કારણ
૨) પ્રકૃતિની પૂર્ણતા વિશે
3) નવા ચિત્તનું નિર્માણ
૪) મૂળ ચિત્ત એક જ હોય છે
૫) ઉત્તમ ચિત્ત
૬) જુદાં જુદાં કર્મો
૭) કર્મો ને વાસના વિશે
૮) કર્મને અનુકૂળ વાસના
૯) વાસનાઓ અનાદિ છે
૧૦) વાસનાનો અભાવ
૧૧) અભાવ વિશે વધારે
૧૨) પદાર્થોની મૂળભૂત એકતા
૧3) સંસાર કલ્પનામય નથી
૧૪) જગત કલ્પના નથી
૧૫) ચિત્ત અને પદાર્થોનું જ્ઞાન
૧૬) ચિત્ત અને પુરૂષનો ભેદ
૧૭) ચિત્તનુ કામ
૧૮) ચિત્તથી દ્રષ્ટા ભિન્ન
૧૯) સ્વાર્થવાળું ચિત્ત
૨૦) ચિત્ત બીજાને માટે છે
૨૧) આત્માનુભવની ભાવના
૨૨) કૈવલ્યની સમજ
૨3) સંસ્કારોનો નાશ
૨૪) ધર્મમેઘ સમાધિ
૨૫) ધર્મમેઘ સમાધિના લાભ
૨૬) ક્રમનો અર્થ
૨૭) કૈવલ્ય અથવા સ્વરૂપ પ્રતિષ્ઠા

# ॥ ૧. સમાધિપાદ ॥

**[૧] આરંભ**

હિમાલયની આ સુંદર ને પુરાતનકાળથી પાવન મનાતી ભૂમિમાં બેસીને આપણે હવે યોગદર્શનની વિચારણા કરી રહ્યાં છીએ. યોગદર્શનની સાથે ભારત અને સંસારના એક પાવન અને ગૌરવ લેવા જેવા જ્યોતિર્ધર મહર્ષિ પતંજલિનું નામ સંકળાયેલું છે. તે તેના મૂળ પ્રણેતા છે. મૂળ સંસ્કૃતમાં જોવા મળતું યોગદર્શન તેમની રચના છે. તેમાં તેમણે યોગના અનુભવસિદ્ધ સુંદર સિદ્ધાંતો કે વિચારોને સૂત્રોનાં સ્વરૂપમાં રજૂ કર્યા છે. જે યોગની સાધના ને વિચારણામાં રસ ધરાવે છે, તે સૌને માટે તે અત્યંત ઉપયોગી છે. તેની અંદર પ્રેરણા ને સાધનાની ઉત્તમોત્તમ સામગ્રી પડેલી છે. તેની વિચારણાની શરૂઆત કરીએ છીએ ત્યારે સૌથી પહેલાં તો ભગવાન પતંજલિને આપણે અત્યંત આદર અને અનુરાગપૂર્વક પ્રણામ કરી લઈએ ને આ સુંદર ને મંગલ છતાં મોટા કામમાં એમના આશીર્વાદ માગી લઈએ, જેથી તેમની કૃપાથી આપણું કામ વધારેમાં વધારે સરળ ને સુંદર બને. તે ઉપરાંત તે દેશ તેમજ વિદેશના, ભારતના ને ભારતની બહારના, પ્રાચીન ને અર્વાચીન, ભૂત ને વર્તમાન, પ્રસિદ્ધ અને અપ્રસિદ્ધ તથા મોટા ને નાના એવા અનેક સાધકો સિદ્ધો ને યોગીપુરૂષોના પણ શુભાશિષ આપણા પર ઊતરે ને વરસતા વરસાદની જેમ તેમની કૃપા પણ આપણા પર નિરંતર વરસ્યા કરે એવી પ્રાર્થના કરીશું.

ગીતા ને ઉપનિષદની વિચારણા જેમ અઘરી મનાય છે તેમ યોગદર્શનની વિચારણા પણ સહેલી નથી. ઔષધિઓનો અર્ક કાઢવામાં આવે તેમ તેના સૂત્રોમાં સાધના ને વિચારણાનો કસ કે નિષ્કર્ષ કાઢી લેવામાં આવ્યો છે. તેને સરળ શબ્દોમાં સમજાય તેવી રીતે ને વિશદતાથી રજૂ કરવાનું કામ કંઈ સહેલું નથી. ભલભલા પંડિતો ને જ્ઞાનીને પણ તે મૂંઝવે તેમ છે તો પછી મારું તો કહેવું જ શું ? હું કોઈ મોટો કે નાનો પંડિત, જ્ઞાની કે ઊચ્ચ સાધક અથવા યોગી યે નથી. એટલે મારી દશા તો રઘુવંશનું વર્ણન કરનારા કવિ કાલિદાસના જેવી છે. તે કહે છે તેમ એક વિશાળ સાગરને નાની હોડીથી તરવાની અથવા તો વામન ઊંચા વૃક્ષના ફળને હાથ ઊંચા કરીને તોડવાની ઈચ્છા કરે તેવી મારી દશા છે. પણ મોટા મનના જ્ઞાની યોગી ને પંડિત પુરૂષો તેમાંથી પણ આનંદ મેળવી લેશે એવી આશા છે. કેમ કે તેઓ છે જ ગુણગ્રાહી. દરેકમાંથી સારું શોધી લેવું ને નાનાને પણ મહત્તા આપવી તે જ તેમનો સ્વભાવ છે.

ભગવાન પતંજલિનો મહાન ગ્રંથ યોગદર્શન ક્યાં ને ક્યાં મારી છેક સાધારણ સીમિત શક્તિ ? છતાં પણ તેની વિચારણા કરવા પ્રેરાયો છું. તેનું કારણ શું તેવો પ્રશ્ન સહેજે ઉત્પન્ન થાય તે સમજી શકાય તેમ છે. તેના સ્પષ્ટીકરણમાં થોડી વાત કરી લઉં. આ કામ એક તો મારા પોતાના અંતરના આનંદને માટે કરી રહ્યો છું; ઉચ્ચ પ્રકારના વિચાર ને ભાવથી ભરેલાં ગ્રંથો એક પ્રકારની પરમ પાવન, નિર્મળ ને સુંદર સરિતા જેવાં છે. તેમાં સ્નાન કરવાનો ને તેનું આચમન ને પાન કરવાનો આનંદ કંઈક અનેરો જ છે. તેથી એક જાતની અપાર તૃપ્તિ મળે છે, ધન્યતાનો અનુભવ થાય છે ને બીજા પણ નાનામોટા, સાધારણ કે અસાધારણ કહેવાય તેવાં ઘણા લાભ થાય છે. આ યૌગિક ગ્રંથની વિચારણામાં એ પણ હેતુ છે.

બીજો હેતુ યોગની સાધના ને યોગદર્શન પ્રત્યેના અસીમ અનુરાગ ને આદરભાવનો છે. યોગનો વિષય, યોગની સાધના ને યોગીપુરૂષો પ્રત્યે મને પહેલેથી જ પ્રેમ છે. તેમનો સંપર્ક, સમાગમ કે પરિચય પણ પરમાત્માની કૃપાથી ઠીક ઠીક પ્રમાણમાં થઈ ચૂક્યો છે ને તેથી વિચારોનાં આદાનપ્રદાન માટે, એક યજ્ઞભાવે પણ આ કામ કરી રહ્યો છું. સંસ્કૃત જાણનાર કે ના જાણનાર એવાં ઘણા લોકો છે, જેમને આ વિષયની જિજ્ઞાસા છે. સૂત્રોને વારંવાર ને વધારે ને વધારે વિગતવાર વિચારવાની ને સમજવાની જેમની ઈચ્છા છે; તેવાં સૌ કોઈને માટે આ વિચારણા ઉપયોગી થઈ પડશે એવી આશા છે. બાળકની રમત મોટાને ગમે છે; તેવી રીતે જ્ઞાની ને અભ્યાસી તથા વિચારશીલ પુરૂષોને પણ એમાંથી રસની સામગ્રી મળી રહેશે.

યોગદર્શનની વિચારમાળાને તેની બને તેટલી સરળ ભાષામાં રજૂઆત કરવાનું કામ સહેલું નથી. પરંતુ પ્રભુની કૃપામાં વિશ્વાસ છે. વળી મહાપુરૂષોનાં આશીર્વાદનું મૂલ્ય પણ સમજું છું. તે મૂંગાને બોલતો, બહેરાને સરસ રીતે સાંભળતો ને પાંગળાને પર્વત પરથી પસાર કરવાની શક્તિ ધરાવે છે, તેની મને ખબર છે. એટલે નિરાશ થવાનું ને હિંમત હારવાનું કોઈ જ કારણ નથી. તેમની કૃપાથી બધું બરાબર પાર ઊતરી જશે. બાળક આરંભમાં એકલું ચાલવા માંડે છે ત્યારે તેને પડવાનો ને માર્ગ ભૂલવાનો ભય હોય છે. તે પડે છે ને માર્ગ ભૂલે છે પણ ખરૂં. પરંતુ પોતાનાં માતપિતાનો હાથ પકડ્યા પછી તે નિર્ભય, નિશ્ચિંત ને સલામત બની જાય છે. પરમાત્મા ને તેમના પ્રેમી સંતપુરૂષો પણ મારે મન માતાપિતા જેવા કે એથીયે અનેક રીતે અધિક છે. તેમની મારા પર કૃપાદૃષ્ટિ છે. તેમનો વરદ હસ્ત મારા પર સદા ફેલાયેલો છે. તેમની સુધામય સનાતન છત્રછાયામાં હું સદા સલામત છું. તેમની અનુકંપા ને શક્તિથી આ કામ થઈ રહ્યું છે એટલે ડરવાનું કોઈ કારણ નથી. તેમની કૃપાથી મુશ્કેલ કામ પણ સરળ બની જાય છે. એ શ્રદ્ધા જ મારૂં ભાથું છે, ને તેને લઈને આગળ વધું છું.

આજના ને બીજા કોઈયે યુગને માટે સાધન ને તેની વિચારણા જરૂરી છે. બહારની શોધો ગમે તેટલી થાય ને બહારની દુનિયામાં માણસ ગમે તેટલો આગળ વધે છતાં પોતાની અંદરની દુનિયા તરફ દૃષ્ટિપાત કર્યા વિના કે જોઈએ તેટલું ધ્યાન આપ્યા વિના માણસાઈને વધારીને તે પોતાનો અંતરંગ વિકાસ નહિ જ કરી શકે. જાતિ, સમાજ ને કુટુંબ કે રાષ્ટ્ર પ્રત્યેનું તેનું કર્તવ્ય માનવામાં આવે છે તેમ તેનું પોતાનું કર્તવ્ય પણ છે. તેને બજાવવા ને પરિપૂર્ણ કરવા તેણે સદા તૈયાર રહેવાનું છે. આ વાત યાદ રહે તે જરૂરી છે. મોટે ભાગે માણસ આ વાતને ભૂલી જાય છે. બીજા બધા તરફની પોતાની ફરજની વાત કરનારો તે બીજા તરફના કર્તવ્યને વારંવાર ભૂલી જાય છે. તે પોતાની જાતની શુદ્ધિ, સમૃદ્ધિ કે ઉન્નતિ માટે કશો જ ખાસ કે વિશેષ પુરૂષાર્થ નથી કરતો, એ અત્યંત આશ્ચર્યકારક ને દુઃખદ છતાં સાચું છે. બીજાની તરફના કર્તવ્યને અદા કરવા કે બીજાની સેવા સંગીન ને અસરકારક રીતે અલિપ્ત ભાવે કરી શકાય તે માટે પોતાની જાતની સેવા કરીને તેને વધારે ને વધારે શક્તિશાળી કરવાની જરૂર છે. એ વાત વિસરી ના જવાય તે જરૂરી છે. કેમ કે જેની પાસે પ્રકાશ નથી તે બીજાને પ્રકાશિત કેવી રીતે કરી શકશે ? પોતાની જાતનો વિકાસ કરવો તે સ્વાર્થ નથી ને એની અવગણના કરવી પણ ઠીક નથી. તેવો વિકાસ બીજાને મદદરૂપ થવામાં ખૂબ જ કામ લાગશે ને મોટો ભાગ ભજવશે. તે વિકાસ કોઈ પણ પ્રકારની સાધના સિવાય શક્ય નથી. યોગની સાધના પણ એવી જ એક અગત્યની સાધના છે, ને મહર્ષિ પતંજલિ પોતાના ગ્રંથમાં એનો જ ઉલ્લેખ કરી રહ્યા છે.

બીજાં દર્શનોની જેમ યોગદર્શન પણ બુદ્ધિને ગીરવે મૂકીને આગળ વધવાની વાત નથી કરતું. બુદ્ધિ કે તર્ક અથવા વિચારશક્તિનું અપમાન કરવામાં તે નથી માનતું. સ્વતંત્ર બુદ્ધિ કે વિચારશક્તિમાં તે માને છે ને તેના તરફ આદરભાવ રાખે છે. બુદ્ધિ તેની ઈષ્ટદેવી નથી. પરંતુ પોતાના ઈષ્ટ કે આદર્શને સમજવા ને સમજાવવા માટે તેની મદદ લીધા વિના ચાલવાનું નથી એ વાતમાં તે માને છે. ને તેથી જ યોગના સિદ્ધાંતોને બુદ્ધિપૂર્વક સમજાવવાનો તેણે પ્રયાસ કર્યો છે. તે પ્રયાસ તદ્દન સફળ થયો છે એમ કોઈયે પ્રકારના સંકોચ વિના જરૂર કહી શકાય. આપણે પણ તેને બુદ્ધિપૂર્વક સમજવાની જ કોશિશ કરીશું.

કેટલાંક ધર્મ, સંપ્રદાય ને સાધનાપંથોએ બુદ્ધિને માટે પોતાનાં બારણાં તદ્દન બંધ કરી દીધાં છે. તે કેવળ શ્રદ્ધા પર જ ભાર મૂકે છે ને 'શ્રદ્ધા રાખો, શ્રદ્ધા રાખો' ની બૂમો પાડ્યા કરે છે. વખત જતાં તેમનું સ્વરૂપ ગુઢ ને રહસ્યમય બની ગયું છે ને તેમની અંદર કેટલીક મલિનતા પણ પેસી ગઈ છે. બુદ્ધિવાદી માણસ તેની સામે શંકા કરે છે ને તેના સ્પષ્ટીકરણ માટે પ્રશ્નો પૂછે છે તો સામેના લોકો તેને નાસ્તિક કહીને તેના પર તૂટી પડે છે. પણ એથી કાંઈ સત્યની સેવા નથી થતી. આપણે સમજી લેવું જોઈએ કે દરેક વસ્તુને માટે માણસને જિજ્ઞાસા કરવાનો ને પૂછવાનો હક છે, ને તેનો પ્રત્યુત્તર આપવાની આપણી ફરજ છે. બુદ્ધિ વિલાસી ને અહંકારપોષક ના હોય ને કેવળ વિતંડાવાદ માટે ના વપરાતી હોય તો તેવી સત્યની શોધ ને સત્યના સ્વીકાર સારું સદા તૈયાર રહેનારી બુદ્ધિનું તો આપણે ઉમળકાભેર સ્વાગત જ કરીશું. ને તેને સંતોષવા માટે તેની મર્યાદાને ધ્યાનમાં રાખીને થઈ શકે તેટલો બધો પ્રયાસ પણ કરીશું. બુદ્ધિ પહેલાં તો બુદ્ધિ જ હોય છે. પરંતુ ક્રમે ક્રમે વિચાર ને અનુભવથી સંતોષાય છે ને સાચી બને છે. તે દૃઢતા, નક્કરતા કે અડગતા ધારણ કરે છે ને શ્રદ્ધામાં પલટાઈ જાય છે. એટલે બુદ્ધિ ઉત્તમ હેતુથી પ્રેરાયેલી હોય તો સદાય સ્વાગત કરવા જેવી છે. અગ્નિની કસોટીએ ચઢીને શુદ્ધ થાય ને સાચું ઠરે તે જ સોનું, તેમ તર્કની કસોટીમાંથી પાર ઉતરે તે જ ધર્મ. સંપ્રદાય કે સાધના વહેતી નદી જેવાં નહિ રહે તો ગંધાતા ખાબોચિયાં જેવાં થઈ જવાનાં ને ઝાઝું જીવવાના કે સમાજનું મંગલ પણ નહિ કરવાનાં.

હિમાલયની પુરાણસિદ્ધ તપઃપૂત ભૂમિમાં આ વિચારણા થઈ રહી છે, એ પણ ઓછી આનંદની વાત નથી. આ ભૂમિ સાધનાની યજ્ઞભૂમિ છે. આમ તો બધી ભૂમિ એક ગોપાલની જ છે. આખી પૃથ્વી પવિત્ર ને એક સરખી મંગલ છે. પરંતુ આધ્યાત્મિક સાધનાની દૃષ્ટિએ આ પ્રદેશનો મહિમા મોટો છે. તેને યાદ કરી પતંજલિ ને બીજા અનેક પ્રાતઃસ્મરણીય ઋષિવરોને ફરી પ્રણામ કરી, એમના આશીર્વાદ માગીને, આગળની વિચારણા આપણે ચાલુ કરીએ છીએ.

### [૨] યોગ એટલે ચિત્તવૃત્તિનો નિરોધ

હિમાલયની આ ભૂમિ સાધનાની યજ્ઞભૂમિ છે. ને તેમાં બેસીને આપણે આ એક જાતનો યજ્ઞ કરી રહ્યા છીએ એ ખોટું નથી. લોકો અનેક જાતના યજ્ઞો કરે છે પણ આ યજ્ઞ જરા જુદી જાતનો છે. ગીતા જેને જ્ઞાનયજ્ઞ કહે છે તે યજ્ઞ આપણે કરી રહ્યાં છીએ. તેવો જ્ઞાનયજ્ઞ બીજી જાતના યજ્ઞોથી ઉત્તમ છે એમ ગીતાનું કહેવું છે. ઉત્તમતાની વાતને બાજુ પર મૂકીએ તો પણ એટલું તો અવશ્ય કહી શકાય કે તે વધારેમાં વધારે લાભકારક છે. માનવમન ને માનવજીવનની આમૂલ ક્રાંતિ કરવાની તેનામાં શક્તિ હોઈ તેનો લાભ વધારે ને

વધારે પ્રમાણમાં લેવા જેવો છે. એવા યજ્ઞમાં કોડીનો પણ ખર્ચ કરવાની જરૂર નથી પડતી એ એની વિશેષતા છે. વિચારોની દરિદ્રતા દૂર થાય, સ્વતંત્ર રીતે વિચારવાની શકિત વધે, ને જીવનની સામગ્રીની પ્રાપ્તિ થાય તે માટે એવા યજ્ઞો ઠેર ઠેર થાય ને પુષ્કળ પ્રમાણમાં થાય તે જરૂરી છે. ઉત્તમ વિચારભાવ કે ઉત્તમ કોટિનું જ્ઞાન એક મોટી થાપણ બરાબર છે. તેનાથી જ જીવન સંવાદી, સુખી અને સમૃદ્ધ બને છે ને શાંતિ મેળવે એ સાચું છે.

કોઈ કોઈ જ્ઞાની મહાપુરૂષોની મુલાકાત લઈએ છીએ ત્યારે તે આપણને વાતવાતમાં કહે છે કે, 'ભાઈઓ, તમે પરમાત્માસ્વરૂપ છો. શરીર તો તમારું કપડું, આચ્છાદન કે ઢાંકણ છે. તેનો જન્મ થયો તે પહેલાં પણ તમે આત્મારૂપે હતા ને છૂટી જશે તે પછી પણ તમે તો રહેવાના જ છો. શરીર તો ઘર છે. તમે તેમાં રહેનારા કામચલાઉ ભાડૂત છો. માટે તમે ઘર છો એમ ના માની લેતાં. શરીર સમાપ્ત થયું એટલે તમે પણ સમાપ્તિએ પહોંચી ગયા એમ ના સમજી લેતા. તમે શરીરથી જુદા છો : આનંદ સ્વરૂપ છો. શાંતિના સાગર જેવા છો : અમૃતમય ને અભેદરૂપ તથા જ્ઞાનરૂપ છો. બંધન તમને હતાં નહિ, ને કદી પણ બાંધી શકવાનાંયે નથી.' કોઈ વાર જ્ઞાનના ગ્રંથોની મુલાકાત લઈએ છીએ ત્યારે આપણા મૂળભૂત અથવા અસલ સ્વરૂપને સમજાવતાં તે પણ તેવી જ જાતની ફિલસૂફી રજૂ કરે છે. તે વખતે આપણામાંના ઘણાંને નવાઈ લાગે છે, તો કેટલાકને તે બધું ટાઢા પ્હોરના ગપ્પાં જેવું કે શેખચલ્લીની વાતો જેવું પણ લાગે છે. કોઈ કોઈ વિદ્વાન કે વિચારશીલ માણસો એથી આગળ વધીને એ બધી વાતો સમજી શકે છે ખરા, પણ વાસ્તવિક રીતે જીવનમાં અનુભવી શકતાં નથી, ને તેથી તેવી વાતોને જાણવા, માનવા કે સમજવા છતાં તેમની શ્રદ્ધા પરિપૂર્ણ નથી થઈ શક્તી.

શાસ્ત્રો ને સંતો એવી રીતે ઉપદેશ આપે છે ને સમજાવે છે, છતાં જગત પરના નક્કર ને વાસ્તવિક જીવનમાં માણસ જે અનુભવે છે તે વધારે ભાગે એથી ઉલટું જ હોય છે. ને તેથી જ તેને તેવા જ્ઞાનની સામે શંકા થાય છે અથવા શંકા ના થાય તો પણ તેવા જ્ઞાનનો અનુભવ અશક્ય જેવો થઈ પડવાથી તેમાં તેને જોઈએ તેવી ને તેટલી શ્રદ્ધા થતી નથી. મોટે ભાગે તે જ્ઞાન ઘરેડિયું સાધન બની જાય છે. વાસ્તવિક જીવનમાં માણસની દશા કે ભૂમિકા કેવી છે ? શાસ્ત્રો ને સંતો તેને મુક્ત તથા કાયમને માટે મુક્ત કહી બતાવે છે, પણ તેનાં નાનાં કે મોટાં બંધનોનો પાર નથી. આકાશના તારા જેટલાં અનંત ને સાગરનાં તરંગ જેમ અગણિત છે, તેમ તેના ક્લેશ પણ અનંત ને અગણિત છે એમ કહીએ તો કાંઈ ખોટું નથી. શાસ્ત્રો ને સંતોની પાસેથી તે સાંભળે છે કે પોતે પરમ શાંતિની મૂર્તિ છે પરંતુ સંસારના રંગમંચ પર જીવનના જટિલ અભિનયમાં શાંતિ ને સુખનો અનુભવ કરવાને બદલે તે મોટે ભાગે અશાંતિ ને દુઃખનો જ અનુભવ કરતો હોય છે. પ્રેમને બદલે વેર, દ્વેષ કે ધિક્કાર ને અભેદને બદલે ભેદભાવમાં જ તે વધારે રમતો હોય છે. મૂળ સ્વરૂપે તે મૃત્યુંજય કે અમર છે એમ તેને કહેવામાં આવે છે. તો પણ, મૃત્યુના વિચારથી તે કંપે છે, ક્લેશ પામે છે, ને ભયગ્રસ્ત બને છે. બીજા પણ કેટલીય જાતના ભય તેને સતાવે છે.

પરમાત્મા વિના બીજુ કાંઈ જ નથી ને તે પોતે પણ પરમાત્માનું જ રૂપ છે એમ એને કહેવામાં આવે છે. તે સાંભળીને તેને આનંદ પણ થાય છે. પરંતુ હકીકત એ હોય છે કે પરમાત્મા સિવાય તેને બીજું બધું જ દેખાય છે ને પરમાત્મા સાથેની એકતાનો અનુભવ એને માટે આકાશકુસુમ જેવો અશક્ય થઈ પડે છે.

પરમાત્માના દર્શન ને પરમાત્માની સાથેની એકતાના અનુભવ માટે એ કોઈ વાર પ્રયાસ કરવા પ્રેરાય છે ને પ્રયાસ કરે પણ ખરો, પણ તેવો પ્રયાસ તેના જીવનકાળમાં ભાગ્યે જ સફળ થાય છે. શાસ્ત્રો ને સંતો તેને સ્થિરતાની મૂર્તિ કહે છે પણ તેની અસ્થિરતાનો પાર નથી. જીવનમાં ડગલે ને પગલે ઉપાધિ, વિટંબણા, ચંચળતા ને અસ્થિરતાનો અનુભવ એને કરવો પડે છે.

વિવેકી પુરૂષો કહે છે કે એ દશાનો ઉલ્લેખ સાચો છે. પરંતુ એ દશા મૂળ નથી ને કાયમની પણ નથી. માનવની મૂળ પ્રકૃતિની એ તો એક વિકૃતિ છે ને તેને દૂર કરીને ને તેની મૂળ પ્રકૃતિમાં પ્રતિષ્ઠિત થઈને શાસ્ત્રો ને સંતો કહે છે તેવો થઈ શકે છે અથવા તો એવો અનુભવ કરી શકે છે. રાજા પોતાનાં પદ પરથી કોઈ કારણે ભ્રષ્ટ થયો હોય ને પોતાનાં અસલી અધિકારોથી વંચિત હોય તેવી તેની દશાને પલટાવી શકાય છે અથવા એમ કહો કે તેમાં સુધારો કરી શકાય છે. તેને માટે પહેલી ધગશ ને લગની ને તીવ્રાતિતીવ્ર ઈચ્છા હોવી જોઈએ. તેવી તીવ્ર ઈચ્છા કેટલાક વિવેકી પુરૂષોને થયેલી છે. વર્તમાન પરિસ્થિતિમાં પરિવર્તન કરીને ઉચ્ચતર ને ઉચ્ચતમ અવસ્થામાં આસીન્ન થવાની એવી જ તીવ્ર ઈચ્છાનો નોંધપાત્ર પડઘો શ્રીમદ્ રાજચંદ્રના પદની નીચેની પંક્તિમાં બહુ સુંદર પડેલો છે –



‘‘અપૂર્વ અવસર એવો ક્યારે આવશે ?
ક્યારે થઈશું બાહ્યાંતર નિર્ગ્રંથ જો ?
સર્વ સંબંધનું બંધન તીક્ષ્ણ ભેદીને,
વિચરીશું કવ મહત્વપુરૂષને પંથ જો ?
પંચ વિષયમાં રાગદ્વેષ વિરહિતતા,
પંચ પ્રમાદે ન મળે મનનો લોભ જો;
દ્રવ્ય, ક્ષેત્ર ને કામ ભાવ પ્રતિબંધ વણ
વિચરવું ઉદયાધીન પણ વીતલોભ જો;
શત્રુમિત્ર પ્રત્યે વર્તે સમદર્શિતા,
માનઅમાને વર્તે તે જ સ્વભાવ જો;
જીવિત કે મરણે નહિ ન્યૂનાધિક્તા,
ભવ મોક્ષે પણ વર્તે શુદ્ધ સ્વભાવ જો,
મોહ સ્વયંભૂ રમણ સમુદ્ર તરી કરી,
સ્થિતિ ત્યાં જ્યાં ક્ષીણ મોહ–ગુણ સ્થાન જો;
અંત સમય ત્યાં સ્વરૂપ વિતરાગ થઈ,
પ્રગટાવું નિજ કેવલજ્ઞાન નિધાન જો.’’

વિકાસના ઉચ્ચ અવસ્થાના અનુભવ માટે એવી દૃઢ ઈચ્છા ને તીવ્ર લગની જોઈએ. પરંતુ તે હોય તો પણ તેટલાથી જ કાંઈ એવી અવસ્થાનો અનુભવ થઈ જાય છે ખરો કે ? તે માટે તો તે ઉપરાંત, કોઈ અનુભવી મહાપુરૂષનું માર્ગદર્શન ને તેને વફાદાર રહીને કરાયેલી નિયમિત, સતત ને ઉત્સાહપૂર્વકની સાધના પણ જોઈએ. તેવી સાધનાની મદદથી પોતાની વર્તમાન પ્રકૃતિનો સુધાર કરીને માણસ પોતાના શુદ્ધ, બુદ્ધ ને

મુક્ત સ્વરૂપનો અનુભવ કરી શકે. પરમાત્માને પણ જાણે, મેળવે અથવા અનુભવે. એ રીતે તે શાસ્ત્રો ને સંતો કહે છે તેવા તેના સ્વરૂપમાં ફરી પ્રતિષ્ઠિત થઈ શકે. તેનું નામ જ યોગ કે મેળાપ. વિરહની દશામાંથી માણસ મિલનની દશામાં આવે અને જીવનો શિવની સાથે હસ્તમેળાપ થાય. તેને પરિણામે તેને ખોવાયેલી સંપત્તિ ફરી મળે. તે ફરી પરમ શાંતિ, પરમાનંદ ને અભેદને અનુભવી શકે. તેવી દશાને, તે માટેની સાધનાને, યોગ કહેવામાં આવે છે. યોગ એટલે ટૂંકમાં પોતાના મૂળ સ્વરૂપનો અનુભવ અથવા પરમાત્માનો મેળાપ.

મહર્ષિ પતંજલિ એ બધી સાર વાતને એક નાના-સરખા સૂત્રમાં સમાવી લે છે ને તે જ વાતને જરા જુદી રીતે કહે છે કે યોગ એટલે ચિત્તની વૃત્તિનો નિરોધ

**योगश्चित्तवृत्तिनिरोधः ॥२॥**

**तदा द्रष्टुः स्वरूपेऽवस्थानम् ॥३॥**

**[૩] આત્મા સ્વરૂપમાં મળી જાય છે**

ચિત્તને એક પ્રકારની સંકલ્પો ને વિકલ્પોની, તર્કવિતર્કોની અથવા તો વિચારોની પેટી જેવું કહી શકાય. સૂર્યમાં કિરણ, અગ્નિમાં અંગારા ને સાગરમાં જેમ તરંગ ઉત્પન્ન થાય છે તેમ ચિત્તમાં સંકલ્પ-વિકલ્પો પેદા થાય છે. તે સૌને શાંત કરી દેવા કે તેમનો નિરોધ કરવો તેને પતંજલિ યોગ કહે છે. એ વાતને જાણીને આપણે યોગ વિશે જે આગળ ઉપર ચર્ચાવિચારણા કરી છે ને યોગની જે ટૂંકમાં વ્યાખ્યા આપી છે તેની સામે કોઈ શંકા કરશે ને બોલી ઊઠશે કે તમે તો યોગનો નવો જ અર્થ કરો છો. પતંજલિ એવું ક્યાં કહે છે ? એ તો ચિત્તની વૃત્તિના જડ નિરોધની જ વાત કરી રહ્યા છે ને તેને જ યોગનું નામ આપે છે. પ્રકૃતિના શુદ્ધિકરણ કે પરિવર્તનની તમે કરો છો તેવી વાત તો કરતા જ નથી. તેવા માણસોને આપણે ધીરજ ને શાંતિ રાખવાનું ને ભગવાન પતંજલિના ત્રીજા સૂત્રનો વિચાર કરવાનું કહીશું. તેને પરિણામે તેનું સમાધાન જરૂર થઈ જશે ને આપણે આગળ ઉપર જે કાંઈ કહ્યું છે તેની સાથે તે સંમત થશે.

ચિત્તની વૃત્તિનો નિરોધ તો અનેક જાતનો જોવા મળે છે. કોઈને ફીટ આવે છે, ચક્કર કે તમ્મર આવે છે અથવા હીસ્ટીરિયા થાય છે ત્યારે પણ ચિત્તની વૃત્તિનો નિરોધ થઈ જાય છે. તે ઉપરાંત સુષુપ્તિ અવસ્થામાં, નિદ્રાની દશા દરમ્યાન પણ તેવો નિરોધ થઈ જાય છે. હીપ્નોટીઝમ કે મેસ્મેરીઝમના પ્રયોગોથી ને ધ્યાન કે પ્રાણાયામ જેવી બીજી પ્રક્રિયાથી પણ તેવો નિરોધ શક્ય બને છે. તો શું તે બધાને યોગનું નામ આપવું ને તેવી દશાનો અનુભવ કરનારને યોગી તરીકે ઓળખવા ? દારૂ ને શરાબ જેવાં કેફી પીણાં પીને માણસ પ્રલાપ કરે છે ને છેવટે બેહોશ બને છે ત્યારે તેની ચિત્તની વૃત્તિ પણ નિરોધ થાય છે. તો શું શરાબીને કે દારૂડિયાને યોગી કહેવા ? ને દારૂ, શરાબ કે એવાં બીજાં કેફી પીણાં પીવાના વ્યસનને યોગ કે સાધનાનું નામ આપવું ? તેવા યોગ ને યોગીનું દર્શન સારી સંખ્યામાં ને ઠેરઠેર થયા કરે ને તેને માટે કોઈ વિશેષ સાધનાની જરૂર ના પડે.

પરંતુ તે બધા નિરોધ ગમે તે રીતે થતો હોય તો પણ તે જડ છે, ને તેને યોગનું મહિમાવંતુ નામ ના આપી શકાય. તેનો નિરોધ તામસી હોય છે. તેને પરિણામે માણસને પોતાના મૂળ સ્વરૂપનું અથવા આત્માનું દર્શન કે ભાન અથવા જ્ઞાન નથી થતું. બીજી મહત્વની યાદ રાખવા જેવી વાત એ છે કે તેની નિરોધની

દશામાંથી જાગૃત થયા પછી માણસનું ચિત્ત એવું જ, પહેલાં જેવું રહે છે. તેની ચિત્તવૃત્તિમાં, ભાવનામાં કે દૃષ્ટિમાં ઉચ્ચતા નથી આવતી કે કોઈ પ્રકારનું સુખદ, સુંદર ને મંગલ પરિવર્તન પણ નથી થતું. તેવા નિરોધને અંતે માણસ પોતે તો એવો ને એવો જ રહે છે. બલ્કે કેટલીક વખત તો વધારે સુસ્તી ગમગીની, નબળાઈ ને થાકનો અનુભવ કરે છે. તેને કોઈ વિશેષ દર્શન અથવા અનુભવનો આનંદ નથી મળતો કે ઊંડી ને સનાતન શાંતિમાં તે સ્નાન પણ નથી કરતો. એવા જડ નિરોધથી તેનું જીવન ધન્ય ને મુક્ત તથા ઉત્તમ પણ નથી બનતું. એટલે જ ચિત્તની વૃત્તિના એવા જડ નિરોધને આપણે યોગ નથી કહી શકતા, પરંતુ કોઈ વ્યસન, વ્યાધિ કે મનની નિર્બળતાનું પરિણામ માનીએ છીએ, ને તેને અભિનંદનીય, આવકારદાયક કે અનુકરણીય નથી સમજતા.

પતંજલિએ પોતાના યોગદર્શનમાં જે ચિત્તવૃત્તિના નિરોધની વાત કરી છે તે તેવો જડ નિરોધ નથી, પણ ચેતન છે. બીજી જાતના નિરોધમાં તો મનની વૃત્તિ મનમાં મળી જાય છે કે શાંત થાય છે. પરંતુ યોગમાં એ નિરોધમાં મનની વૃત્તિ મનમાં મળી જ જાય છે; પરંતુ તેની સાથે સાથે એક અગત્યનું પગલું આગળ વધીને, મન પણ આત્મા સાથે એકાકાર બની જાય છે, પરિણામે તેનું આખુંયે રૂપ ફરી જાય છે. તેનાં રહ્યાં સહ્યાં દોષ પણ દૂર થાય છે. તે તદ્દન શુદ્ધ, શાંત ને બંધનથી મુક્ત બને છે, ને પરમાનંદનો અનુભવ કરે છે. તેને પરમાત્માનું અનુભવાત્મક જ્ઞાન થાય છે. નિરોધની એ અવસ્થા પૂરી થયા પછી પણ, તે જાગૃત થાય છે ત્યારે, તેનું રૂપ જુદું જ હોય છે. તેની શાંતિ, પ્રસન્નતા ને ધન્યતા એવી અચળ રહે છે ને પરમાત્માનો પ્રત્યક્ષ અનુભવ એને સારું સહજ બને છે. હવે તેને દુઃખ, દર્દ, બંધન ને ભેદભાવ ચંચળ નથી કરી શકતાં ને એની અંતરંગ શાંતિનો ભંગ નથી થતો.

હવે તમે જ વિચાર કરો કે પેલા જડ નિરોધમાં ને યોગના આ ચેતન કે સજીવ નિરોધમાં કેટલો બધો તફાવત છે ! બંનેમાં આસમાન ને જમીનનો ફેર છે એમ કહીએ તો કાંઈયે વધારે પડતું નથી. એવા સજીવ નિરોધનો ઉલ્લેખ મહર્ષિએ પોતાના દર્શનના ત્રીજા સૂત્રમાં કરેલો છે તે કહે છે કે તેવા નિરોધ વખતે મન પોતાના મૂળ સ્વરૂપ પરમાત્મામાં મળી જાય છે. આ વાત ખાસ ધ્યાનમાં રાખવા જેવી છે.

ગીતાના છઠ્ઠા અધ્યાયમાં ધ્યાનયોગનું સુંદર રીતે પ્રતિપાદન કરવામાં આવ્યું છે. પતંજલિના ચિત્તવૃત્તિના વિરોધ વિશેનાં આ બે સૂત્રોનું ભગવાને એક રીતે ભાષ્ય કે ટિપ્પણ જ કરી બતાવ્યું છે. યોગદર્શનમાં કહેલો નિરોધ કેવો હોય તે વિશે ત્યાં તેમણે વિસ્તારથી ને અત્યંત અસરકારક રીતે સમજાવ્યું છે. પતંજલિના નિરોધ શબ્દનો તેમણે ત્યાં પણ પ્રયોગ કર્યો છે. જુઓ તે વિશેના છઠ્ઠા અધ્યાયના શ્લોક ૨૦ થી ૨૩ :–

यत्रोपरमते चित्तं निरुद्धं योगसेवया ।
यत्र चैवात्मनात्मानं पश्यन्नात्मनि तुष्यति ॥६-२०॥

એ વીસમો શ્લોક ને પછી ૨૩ મો શ્લોક જુઓ : –

तं विद्याद्‌दुःखसंयोगवियोगं योगसंज्ञितम् ।
स निश्चयेन योक्तव्यो योगोऽनिर्विण्णचेतसा ॥६-२३॥

એ શ્લોકમાં મહર્ષિ પતંજલિએ વાપરેલા યોગ ને ચિત્ત શબ્દને એવા જ કાયમ રાખવામાં આવ્યા છે ને નિરોધ શબ્દને નિરૂદ્ધંના રૂપમાં વાપરવામાં આવ્યો છે. તે શ્લોકમાં પતંજલિએ યોગદર્શનમાં આપેલી યોગની વ્યાખ્યા બહુ જ સુંદર ને સ્પષ્ટ રીતે સમાવી લેવામાં આવી છે. આ રહ્યો તેમનો ભાવાર્થ :

'સાધનાની મદદથી નિરોધની દશાને પામેલું મન જ્યાં ઉપરામ કે શાંત થાય છે ત્યાં અથવા તે દશામાં તે આત્માનો અનુભવ કરે છે ને આનંદ પામે છે. તે વખતનું સુખ અનંત ઈન્દ્રિયાતીત હોય છે છતાં બુદ્ધિ તેને સમજી અને અનુભવી શકે છે. તે વખતે ચિત્ત તદ્દન સ્થિર થઈ જાય છે, ને આત્માને જાણી લે છે. આત્માના એવા અનુભવ પછી બીજો વિશેષ લાભ રહેતો નથી, ને એ આત્મામાં સ્થિતિ થયા પછી કોઈ ભારે દુઃખ પડે તો પણ ચલિત થવાતું નથી. એવા અનુભવને પરિણામે બધી જાતનાં દુઃખનો નાશ થાય છે અથવા દુઃખમાંથી કાયમ માટે મુક્તિ મળે છે. એવા દુઃખનો નાશ કરીને સંપૂર્ણ સુખ આપનારી ને આત્માનો પ્રત્યક્ષ અનુભવ કરાવનારી અવસ્થાને જ યોગ કહેવામાં આવે છે અને એની પ્રાપ્તિ માટે સાધકે મક્કમ મનથી જરૂર પ્રયાસ કરવો જોઈએ.'

યોગદર્શનની યોગની વ્યાખ્યાનું આ એક સુંદર, સરળ ને સ્પષ્ટ એવું ભાષ્ય નહિ તો બીજું શું છે ? એ ભાષ્યના અનુસંધાનમાં આગળના શ્લોકોમાં એવો યોગી કે જ્ઞાની જાગ્રત દશામાં કેવી રીતે વર્તે ને તે કેવો ભેદદર્શનથી રહિત હોય તેનું વર્ણન કરવામાં આવ્યું છે એ પણ જોવા જેવું છે. તેનો સાર એટલો જ છે કે મનનો એ નિરોધ કોઈ જડ નિરોધ નથી પણ પરમાત્માનો પરિચય કરાવનારો, પરમાત્માનો બધે અનુભવ કરાવનારો, ને જીવનને પ્રભુમય ને પ્રશાંત બનાવનારો સજીવ નિરોધ છે. એ રીતે વિચારીએ તો યોગની સાધના એક સમૂળી ક્રાંતિ છે. માણસને તે પલટાવી નાખે છે. અપૂર્ણતામાંથી પૂર્ણતામાં, બંધનમાંથી મુક્તિમાં, ભેદમાંથી અભેદમાં, દુઃખમાંથી સુખમાં ને અજ્ઞાનમાંથી જ્ઞાનમાં લઈ જનારું આ એક મહા પ્રસ્થાન છે એમ કહીએ તો ખોટું નથી.

નિરોધની દશાનો ટૂંકમાં વિચાર તો આપણે કરી લીધો, પણ એ દશા કાંઈ એક–બે દિવસમાં ને કેવળ વાતો ને વિચાર કરવાથી જ મળી જાય છે કે ? તે માટે તો આગળ પર કહ્યું છે તેમ સતત ને ભારે મહેનત કે સાધના જોઈએ. નિરોધનાં મુખ્ય ત્રણ અંગ કહી શકાય : ચિત્તની શુદ્ધિ, સ્થિરતા ને શાંતિ, ચિત્ત કોઈ કાદવવાળા પાણીથી ભરેલા તળાવ જેવું છે. તેમાં અહંતા, મમતા, આસક્તિ, વાસના, રાગ ને દ્વેષ જેવા પરપોટા પેદા થયાં કરે છે. તેનું શુદ્ધિકરણ કરવાની જરૂર છે. શુદ્ધ થતું જતું કે થયેલું ચિત્ત સ્થિર પણ સહેલાઈથી થઈ શકે છે, ને સ્થિરતાથી સંપન્ન ચિત્તને શાંતિ મળી જાય છે. સાંકળના ત્રણ અંકોડાની પેઠે આ ત્રણે વસ્તુ પરસ્પર સંકળાયેલી છે, ને તે ત્રણેને માટેનો અભ્યાસક્રમ યોગની સાધનામાં આવી જાય છે. યોગ તેને માટેની ને પરમાત્માને અનુભવવા માટેની એક મહાન પ્રયોગશાળા છે.

वृत्तिसारूप्यम् इतरत्र ॥४॥

### [૪] વૃત્તિ સાથે એકરૂપ બને છે

નિરોધની એવી અલૌકિક અવસ્થાનો અનુભવ જેને થઈ જાય છે તેની અંદર આમૂલ પરિવર્તન થઈ જાય છે એ વાતનો ઉલ્લેખ આપણે કરી લીધો. એવા અનુભવી પુરૂષના સંબંધમાં શંકરાચાર્યે કહ્યું છે કે જ્યાં

જ્યાં તેનું મન જાય છે ત્યાં ત્યાં તેને પરમાત્માનું દર્શન થયા કરે છે. ગીતા જેવાં શાસ્ત્રો પણ એવી જ વાતની સાક્ષી પૂરે છે. મહાત્મા કબીરે એ અલૌકિક અવસ્થાનું નિરૂપણ કરતાં એક સુંદર પદ લખ્યું છે. તેમાં તે કહે છે કે પરમાત્માના અનુભવના આનંદમાં મન તદ્દન મસ્ત બની ગયું છે. પછી તેની અંદર વિકાર કે ચંચળતા ક્યાંથી પેદા થાય ? મનરૂપી રાજહંસને પોતાનું માનસરોવર મળી ગયું છે. હવે તે વિષય-વાસનાના નાના તળાવમાં રમવાની ઈચ્છા શા માટે કરે ?

નિરોધ ને તેને પરિણામે થનારા પરમાત્માના પ્રત્યક્ષ દર્શનનો આનંદ એવાં પદોની મદદથી સમજી શકાય તેમ છે. પરંતુ એ એનો સાધારણ એવો ખ્યાલ જ આપે છે. એની સાચી ને પૂરી સમજ તો સ્વાનુભવની મારફત જ મળી શકે છે. ને એટલા માટે જ માણસે સ્વાનુભવનો લાભ આપનારી સાધનાના પ્રવાસી થવાની જરૂર છે.

એક બીજી મહત્વની વાત પણ ધ્યાનમાં રાખવાની છે. નિરોધ ને તે દ્વારા થતો પરમાત્માનો અનુભવ એક અવસ્થા છે. તો પણ તે અવસ્થાની એક વાર પ્રાપ્તિ થઈ જવી જોઈએ. મતલબ કે પરમાત્માનો અનુભવ એક સ્વભાવ થઈ જવો જોઈએ; ને નિરોધ સિવાયની બીજી બધી જ દશામાં–જાગૃતિમાં ને જીવનની પ્રત્યેક પળે ને વિપળે એવો અનુભવ અખંડ કે કાયમ રહેવો જોઈએ. જીવનની પ્રત્યેક પળે મન એ રીતે પરમાત્માનો અનુભવ કરતું થઈ જાય ને જગતના જુદા જુદા પદાર્થોમાં એક પરમાત્માના પ્રકાશનું દર્શન કરે એટલે તેના સંકલ્પ–વિકલ્પ શમી જાય છે, ને સમાધિનું સુખ જાગૃત દશામાં પણ તેને માટે સહજ બને છે. સમાધિનો પછી તેને મોહ નથી રહેતો ને જાગૃતિનો તિરસ્કાર પણ તેને અસર નથી કરતો.

પ્રભુના સહજ દર્શન ને પ્રભુ સાથેની તન્મયતાની આવી દશા સાધકને માટે આગળ જતાં સ્વભાવિક થઈ જાય છે. પછી તો તેનું મન સહજ રીતે જ પ્રભુનું ધ્યાન કર્યા કરે છે, ને જીવનની નાની મોટી બધી જ પ્રવૃત્તિ તેને મન સાધનાનો પરમ પવિત્ર પ્રવાહ બની જાય છે. એ દશાની પૂર્વભૂમિકા તરીકે જ ચિત્તના નિરોધને મહત્વનો માનવાનો છે. નિરોધ સાધ્ય નથી પણ સાધન છે એ સદાય યાદ રાખવાનું છે.

તો પછી ચિત્તનો નિરોધ ના થયો હોય તેવી દશામાં ચિત્તનું શું થતું હશે અથવા તો તેનું સ્વરૂપ કેવું રહેતું હશે ? આ સંસારમાં મોટા ભાગના જાગૃતિને જ સર્વ કંઈ સમજે છે ને જાગૃતિમાં જ જીવે છે. નિરોધનો તેમને વિચારેય નથી હોતો ને નિરોધને માટે તે કોઈ પ્રકારનો પ્રયાસ પણ નથી કરતા. તેમની ચિત્તદશા કેવી હોય છે ? તેમનું ચિત્ત જે જે વસ્તુ કે વિષયમાં જાય કે પ્રવેશ કરે તે તે વસ્તુ કે વિષય સાથે કામચલાઉ વખત પૂરતું એકરૂપ બની જાય છે. તેના રસનો અનુભવ કરે છે.

દાખલા તરીકે વૃત્તિ કોઈ ગીતનો રસાસ્વાદ લેવામાં મદદ કરે છે. વૃત્તિ કાંઈ યાદ કરે તો ચિત્ત પણ તેના સ્મરણમાં લાગી જાય છે. વૃત્તિ પુસ્તકમાં કે ભોજનમાં જાય તો ચિત્ત પણ ત્યાં જઈ પહોંચે છે ને તદ્રુપ બની જાય છે. ચિત્ત ને તેની વૃત્તિને એવો તદ્દન નજીકનો સંબંધ છે. તેથી જ સાધનાપરાયણ પુરૂષે પહેલાં ચિત્તની વૃત્તિને શુદ્ધ કરવી ને પરમાત્મામાં જોડવી એમ કહેવામાં આવ્યું છે. વૃત્તિ પરમાત્માભિમુખ બની જાય તો પછી ચિત્ત પણ વહેલું કે મોડું તેવું બની જાય છે. બાકી તો નિરોધ સિવાય બીજા બધા જ વખત દરમ્યાન ચિત્ત તેની વૃત્તિને અનુસરીને ચાલે છે. જેવી વૃત્તિ તેવું મન. ટૂંકમાં એવો નિયમ આપણે બાંધી શકીએ.

વિચાર, ભાવ કે વૃત્તિને સુધારવાની ને ઉત્તમ બનાવવાની જરૂર કેટલી બધી મોટી છે ને એની અસર જીવન પર કેવી પ્રબળ પડે છે તેનો ખ્યાલ આના પરથી સહેજ આવી શકશે.

**वृत्तयः पञ्चतय्यः क्लिष्टा अक्लिष्टाः ॥५॥**

**[૫] સારી ને નરસી વૃત્તિ**

ચિત્ત પોતાની વૃત્તિ પ્રમાણે રૂપ ધારણ કરે છે એટલે આત્મા પણ ચિત્તની સાથે એકરૂપ બનીને તે તે વિષયોને ભોગવે છે. ફક્ત નિરોધની દશામાં જ એ આત્મા પોતાના મૂળ સ્વરૂપમાં મળી જાય છે.

એ બધી માહિતી પરથી ચિત્તની વૃત્તિનું સ્થાન જીવનમાં કેટલું બધું મહત્વનું છે ને ચિત્તની વૃત્તિ પર જીવનનો કેટલો બધો આધાર છે તે સહેજે સમજી શકાય છે. વ્યક્તિ તથા સમષ્ટિની ઉન્નતિ ને સુખાકારીનો મોટો આધાર બીજી ઘણી વસ્તુની સાથે મુખ્યત્વે તેના પર પણ રહે છે. દેશ ને દુનિયામાં માનવબળ વધે, નવી નવી ને મોટી શોધો થાય, કારખાના ને નહેરોનું નિર્માણ થાય, વિજ્ઞાનના નવા નવા આવિષ્કાર થાય, તે ભૌતિક સંપત્તિ તથા બીજા જીવોની સુખાકારી માટે સારૂં છે. પરંતુ તેની સાથે સાથે માનવના મનની વૃત્તિ પણ ઉદાત્ત, વિવેકી ને વિશાળ તથા સંયમી ને સાત્વિક બનવી જોઈએ, સુધરવી અને સુધરતી જવી જોઈએ. સંસારની એટલે કે માણસની પોતાની અંદરની અને બહારની નાનીસરખી દુનિયાની શાંતિ માટે ને સારીય સૃષ્ટિની શાંતિ માટે તે આવશ્યક છે. માનવની પાસે વિદ્યા, ધન, પદ, સત્તા, સંપત્તિ ને સુખસાહ્યબી પુષ્કળ પ્રમાણમાં હોય તેથી જ કાંઈ તેનું જીવન ઉજ્જવળ ને ધન્ય નથી થઈ જતું. તેટલાથી તેને મહત્તા પણ નથી મળી જતી. તે સૌની સાથે તેની પાસે ઉત્તમ વૃત્તિ ને દૃષ્ટિ પણ જોઈએ. ત્યારે જ તે સૌનો સદ્ઉપયોગ કરી શકે ને તેનો વ્યવહાર પણ ત્યારે જ પોતાને તથા બીજાને માટે હિતકારક બની શકે. માનવ ને માનવસમાજ જ્યારે ચિત્તવૃત્તિની શુદ્ધિ ને ઉત્તમ ને વિશાળ દૃષ્ટિથી રહિત બને છે અથવા તે બંને તરફ દુર્લભ સેવે છે ત્યારે તેની અંદર ઘર્ષણ, અશાંતિ, તોફાન ને યુદ્ધ જાગે છે ને દુર્ગુણ, ભેદભાવ, કુસંપ, સ્વાર્થ, લાલસા તેમજ ઈર્ષા ઘર કરે છે. તેથી જ ભૌતિક સુખસંપત્તિની પ્રાપ્તિ ને સાંસારિક સુધારણાની સાથે સાથે મન ને તેની વૃત્તિને સુધારી દૃષ્ટિને ઉદાત્ત બનાવવા તરફ ને વ્યવહારને અણીશુદ્ધ ને ઉત્તમ કરવા તરફ જેટલું ધ્યાન આપીએ એટલું ઓછું છે.

ચિત્તની વૃત્તિઓનો નિરોધ યોગ છે એ વાત કરીને એ નિરોધનું સ્વરૂપ સમજાવી હવે મહર્ષિ પતંજલિ એક બીજી વાતનો ઉલ્લેખ કરી રહ્યા છે. તે કહે છે કે ચિત્તની વૃત્તિઓ મુખ્યત્વે પાંચ વિભાગમાં વહેંચી શકાય. તેવી રીતે જો કહીએ તો વૃત્તિઓ પાંચ છે ને તે પાંચે વૃત્તિઓના પાછા ક્લિષ્ટ ને અક્લિષ્ટ એવા બે પ્રકાર છે. મતલબ કે પાંચે વૃત્તિ સારી પણ હોય છે ને નરસી પણ હોય છે. યોગની સાધનામાં સહાય કરનારી, યોગના અંતિમ આદર્શના અનુભવ માટે ઉત્સાહ આપીને પુરૂષાર્થ કરવા તૈયાર કરનારી ને છેવટે એનો અનુભવ કરાવીને કૃતાર્થ કરનારી વૃત્તિને અક્લિષ્ટ અથવા સારી વૃત્તિ કહે છે. તે જુદા જુદા ક્લેશ અથવા દુર્ગુણ ને દુર્વિચારરૂપી મનના મેલને દૂર કરીને મનને નિર્મળ, મંગલ ને પ્રભુમય તથા છેવટે પ્રસન્નતાથી ભરપુર ને પ્રશાંત કરે છે. આત્મોન્નતિ ને ઉત્તમ ધર્મમય જીવનનો રસ જગાવી તેવા જીવન માટે તે માણસને પ્રેરણા, પથદર્શન ને શક્તિ આપે છે.

ક્લિષ્ટવૃત્તિ તેનાથી ઊલટી છે. તે ધર્મમય કે પ્રભુમય જીવન ને આત્મોન્નતિના માર્ગમાં અંતરાયરૂપ થાય છે; એટલું જ નહિ પણ તેવા જીવન માટે તે રસ કે ઉમંગ ને પ્રેરણા પણ પેદા નથી કરતી. મલિનતા ને અશાંતિ તે વધારતી જ જાય છે. તેને લીધે મન ગંદકીનું ઘર બનતું જાય છે. માનવમાં જ્યારે એનું જોર જામવા માંડે છે ત્યારે તે દાનવતા તરફ ગતિ કરે છે, ને જ્યારે સારી વૃત્તિ તેનામાં જોર પકડે છે ને સ્થાયી રૂપ ધારણ કરે છે. ત્યારે તે દેવતાતુલ્ય બનતો જાય છે ને પ્રભુનો પ્યારો બને છે. સારી કે નરસી અથવા દૈવી ને આસુરી વૃત્તિઓનો એવો સંગ્રામ માનવ મનમાં દિનપ્રતિદિન ચાલ્યા જ કરે છે. આમાં આસુરી વૃત્તિ વધારે પ્રબળ ને વ્યાપક દેખાય છે. સંસારમાં તેની સત્તા વધારે પ્રમાણમાં જોવા મળે છે. તેથી માનવ ને માનવસમાજમાં બુરા ભાવ, વિચાર ને બુરા કર્મોનું દર્શન થાય છે, ને અશાંતિ, દુઃખ, દારિદ્રય તથા ભય પણ જોવા મળે છે. અત્યાચાર ને અનાચાર એમાંથી જ ઉત્પન્ન થાય છે.

એટલે એ વાતનો વિચાર કરીને, આત્મોન્નતિની ઈચ્છાવાળા સાધકે અથવા તો પ્રભુમય જીવનના પ્રામાણિક પ્રવાસીએ સૌથી પહેલાં તો ખરાબ વૃત્તિને દૂર કરી સારી વૃત્તિથી મનને સુશોભિત, સુંદર કરવું જોઈએ. મનની માળાને વૃત્તિનાં ફૂલથી ભરી દેવી જોઈએ ને છેવટે તે માળાને પરમાત્માની સેવામાં સમર્પિત કરવી જોઈએ. યોગની સાધનાનું રહસ્ય એટલામાં સારી પેઠે સમાઈ જાય છે.

### [૬] પાંચ વૃત્તિઓ

હિમાલયના આ પ્રદેશમાં પર્વતો કેવા લીલાંછમ બનીને ઊભા રહ્યા છે ! એમને જોતાવેંત અંતર આનંદમય બની જાય છે. ઉત્તમ વૃત્તિવાળા માનવનું પણ એવું જ સમજવાનું છે. એના દર્શન ને સમાગમથી અનેરો આનંદ ને અનહદ લાભ થાય છે. આકાશમાં અત્યારે વાદળ અને ધુમ્મસના ગોટેગોટા છવાઈ ગયા છે. આસુરી ને ક્લિષ્ટ વૃત્તિથી ભરેલું મન પણ એવું જ મલિન હોય છે. તેને સૌથી પહેલા સાફ કરવાની જરૂર પડે છે. તે માટે સાધના ને વિવેકપૂર્વકની સતત સાધના કરવી પડે છે. સાધનાના પંથના પ્રવાસી બનવું જોઈએ. તો જ શાંતિ મળે, વિસંવાદ મટે, જીવનનું શ્રેય સાંપડે ને કૃતાર્થ એવા તત્વજ્ઞાની પણ થઈ શકાય. સિદ્ધાંતોને જાણવા, સમજવા ને કહી બતાવવા તે એક વાત છે ને તેમને જીવનમાં ઉતારવા કે સંમિશ્રિત કરી દેવા એ વળી જુદી વાત છે. તેને જ સાધન કહે છે.

તત્વજ્ઞાન એકલી ચર્ચાનો વિષય નથી. એ તો જીવનનું અંગ અથવા જીવનનો પ્રાણ છે. એ વાત ભુલાઈ જાય છે ત્યારે સમાજમાં જ્ઞાની કે તત્વજ્ઞાનીને નામે ચર્ચાખોર, વ્યાખ્યાનપ્રિય ને વિતંડાવાદી લોકોનાં ટોળેટોળાં ફરવા માંડે છે, ને તત્વજ્ઞાન એક પ્રતિષ્ઠા, પરોપદેશ, પૂજા, શોખ ને આજીવિકાનું સાધન બની જાય છે. જીવનની ઉન્નતિ ને મુક્તિ તથા પરમાત્મ-તત્વનો પરિચય કે પ્રત્યક્ષ અનુભવ ને એ માટેની સાધના સાથે એને કાંઈ સંબંધ નથી રહેતો. સમાજમાં લેખકો, વ્યાખ્યાનકારો, બુદ્ધિશાળી પુરુષો પેદા થઈ શકે પણ પરમાત્માદર્શી ને પ્રભુપ્રેમી પુરુષો નહીં. એવા લોકો જે બોલે ને લખે તે તેમના જીવનમાં જોવા ના મળે.

જે લોકો બીજાને સુધારી નાખવા આતુર છે ને તે માટે જ ખાસ મહેનત કરે છે તથા યોજનાઓ બનાવે છે, તે લોકો પણ પોતાની જાતને સુધારવાનું મહત્વ સમજી લઈ તે માટે તૈયાર થશે ને ચિંતા કરશે તેમજ યોજના ઘડશે તો તેમને ઘણો જ લાભ થશે એ નક્કી છે. ઉત્સાહથી ભરેલા ને સર્વોત્તમ સંકલ્પથી

કસાયેલા અંતરવાળા ઉમેદવારો જ આ માર્ગે સહેલાઈથી આગેકૂચ કરી શકશે ને સફળતા પણ તેમને જ મળશે. પોતાનો સુધાર કરનારા ને વત્તેઓછે અંશે કરી ચૂકેલા એવા પુરુષો જ બીજાની સુધારણા અલિપ્તતાથી ને વધારે અસરકારક રીતે કરી શકશે.

યોગદર્શનની આટલી વિચારણા પરથી સહેજે સમજી શકાશે કે એ એક અત્યંત વ્યવસ્થિત ને તર્કબદ્ધ શાસ્ત્ર છે. યોગ એક સરળ, બુદ્ધિગમ્ય, વિવેકપૂર્વકની સાધના છે, તેની પ્રતીતિ આટલી વિચારણા પછી સહેજે થઈ રહેશે. મહર્ષિ આપણને તેમના વિચારો ક્રમે ક્રમે ને બુદ્ધિમાં ઊતરે તેવી રીતે સમજાવી રહ્યા છે. ક્યાંય બુદ્ધિનો ઉપહાસ નથી, કે આંખો મીંચીને કંઈ માની લેવાનું તે કહેતા નથી. સરળ રીતે સરી જતી સુંદર સરિતાની જેમ તેમની વિચારધારા આગેકૂચ કરતી જાય છે. છેલ્લા સૂત્રના અનુસંધાનમાં હવે તે પાંચ પ્રકારની પ્રમુખ ને વિવિધ વૃત્તિનાં નામ કહી બતાવે છે આ રહ્યાં તે નામ : પ્રમાણ, વિપર્યય, વિકલ્પ, નિદ્રા ને સ્મૃતિ.

**प्रत्यक्षानुमानागमाः प्रमाणानि ॥७॥**

### [૭] પ્રત્યક્ષ, અનુમાન ને આગમ

સાતમા સૂત્રમાં મહર્ષિ પતંજલિ પ્રમાણ અથવા તો પ્રમાણવૃત્તિનાં ત્રણ ભેદ કહી બતાવે છે. તેમના કહેવા પ્રમાણે પ્રમાણ વૃત્તિ ત્રણ પ્રકારની છે : પ્રત્યક્ષ, અનુમાન ને આગમ. પ્રમાણ પણ તે ત્રણને જ માને છે. તેનો વિચાર આપણે ટૂંકમાં કરી લઈએ.

અત્યારે આપણે આ વિશાળ ખંડમાં બેઠા છીએ ને તેમાં ગોઠવેલી વિવિધ વસ્તુઓને જોઈએ છીએ. તે વિષે કોઈને પણ કાંઈ સંદેહ છે ખરો ? વળી જે કાંઈ બોલાય છે ને સાથે સાથે સંભળાય છે, તેમાં પણ કોઈ શંકાને સ્થાન છે ખરું ? બાજુની ખુલ્લી બારીમાંથી આ વિશાળ ને અનંત આકાશ દેખાય છે. સૂર્યના કિરણ ત્યાંથી બધે ફેલાય છે. બહાર વૃક્ષોની ડાળ પર પંખી ઊડે છે ને કિલ્લોલ કરે છે, ને બાજુમાં સુમનથી સુશોભિત બગીચામાં ભ્રમર ગુંજારવ કરે છે; તેમાં આપણને કોઈ શંકા છે ખરી ? આપણા પોતાના શરીર, જીવન ને આપણા વસ્ત્રોનું અસ્તિત્વ જ નથી એમ કોઈ માનવાનું કહે તો આપણે એવું માની લઈશું ખરા ? રાતે અનંત આકાશમાં તારા ને ચંદ્રનો પ્રકાશ થાય છે, વીજળી ચમકે છે ને વરસાદ વરસે છે તથા આ પર્વતની ટોચ પરથી દૂર દૂર ખીણમાં દેખાતી નદી આગળ ને આગળ વહી જાય છે ને ખરેખર હયાતિ ધરાવે છે, એ વાતમાં કદી શંકા થાય છે ખરી ? બીજી રીતે કહીએ તો તેવી શંકાને સ્થાન નથી તેમજ તેવી શંકાને માટે કોઈ કારણ પણ નથી કેમ કે તે બધું આપણા તદ્દન પ્રત્યક્ષ છે. તે સૌને આપણે સ્પષ્ટ રીતે જોઈને અનુભવી રહ્યાં છીએ. તેવી રીતે જે ગામ કે શહેર ને સ્થાનમાં બેસીને આપણે આ વિચારણા કરી રહ્યા છીએ ને શ્વાસ પણ લઈ રહ્યા છીએ તે ગામ, શહેર કે સ્થાન પણ બ્રહ્માંડભરમાં ક્યાંય છે જ નહિ એવું કોઈ કહી બતાવે ને આપણને તેવું મનાવવાનો બળજબરી પ્રયાસ કરે તો તેના કથનને માની લઈને તેના પ્રયાસને આપણે સફળ થવા દઈશું ખરા કે ? કેમ કે આ ધરતી પર આપણે અનેક વાર રમ્યા ને ફર્યા છીએ, ને તેના પર શ્વાસ લઈને મોટા થતાં થતાં આપણી ને બીજાની સુખદુઃખની વાતો સાંભળી ને અનુભવી છે. આજે પણ એને આધારે જ આપણે જીવીએ છીએ ને એના રંગમંચ પર આપણે ફાળે આવેલો અભિનય મને કે કમને

કર્યા કરીએ છીએ. એટલે એના અસ્તિત્વમાં આપણને લેશમાત્ર સંદેહ નથી થતો, ને સંદેહનો એવો વિચાર પણ આપણા મનમાં નથી ઊઠતો. એ રીતે આ જગતમાં કેટલાક પદાર્થોને મન, બુદ્ધિ કે ઈન્દ્રિયોની મદદથી સહેજે ને સારી પેઠે જાણીને અનુભવી શકાય છે. તેવું જ્ઞાન કોઈ પણ પ્રકારની ભ્રાંતિ કે શંકા વિનાનું વાસ્તવિક ને નક્કર હોય છે. તેવા જ્ઞાનને પ્રત્યક્ષ જ્ઞાન, તેની મદદથી મળેલા પ્રમાણને પ્રત્યક્ષ પ્રમાણ ને તેને પરિણામે પ્રકટ થયેલી ને પ્રબળ બનેલી મનની વૃત્તિને પ્રત્યક્ષ અનુભવવાળી પ્રમાણવૃત્તિ કહેવામાં આવે છે. મનના સ્વરૂપનું ઘડતર કરનારી ને તેને બળવાન બનાવનારી જે ખાસ વૃત્તિઓ છે, તેમાં પણ એ એક મહત્વની વૃત્તિ છે.

પતંજલિએ આગળ ઉપર કહ્યું છે તેમ તે વૃત્તિ ક્લિષ્ટ ને અક્લિષ્ટ બંને પ્રકારની હોય છે. એટલે સારી ને ખરાબ બંને જાતની હોઈ શકે. સંસારના પદાર્થોનું પ્રત્યક્ષ જ્ઞાન ને સંસારના સારાનરસા પ્રસંગોનો અનુભવ નાના મોટા સૌને થાય પરંતુ એના પ્રત્યાઘાત સૌના પર એકસરખા નથી પડતાં. જુદા જુદા માણસો પર એમની અસર એકસરખી નહિ પણ જુદી જુદી જાતની પડતી હોય છે. બે માણસો એક જ વ્યક્તિને જુએ છે, પણ એકના મનમાં તેને જોઈને મિત્રતાની વૃત્તિ પેદા થાય છે ને બીજાના મનમાં તે પોતાનો શત્રુ છે માટે સન્માનીય નહી પણ તિરસ્કરણીય છે, એથી વિરોધી વૃત્તિ ઘર કરે છે. સુંદર બાગમાં બેઠેલાં બે માણસોનાં મનમાં જુદા જુદા વિચાર ને તેને પરિણામે જુદી જુદી વૃત્તિ ઉત્પન્ન થાય છે. એકને તેને જોઈને સુખ થાય છે બીજાને દુઃખ. એકને માટે તે વસ્તુ નકામી ને ખર્ચાળ લાગે છે ને બીજો તેને આદર્શ જીવનની જરૂરત રૂપે ને તદ્દન કામની માને છે.

બીજાના શરીરની સુંદરતા જોઈને કોઈને મોહ થઈ જાય છે ને તેને માટે બરબાદી કે ભ્રાંતિનું કારણ બને છે; તો બીજાને તે જ સુંદરતામાં પ્રભુની કળા, લીલા, શક્તિ ને પ્રભુના પરમ મહિમાનું દર્શન થાય છે, ને તેને માટે શંકાનું, શાંતિ ને ઉન્નતિનું કારણ થઈ પડે છે. કુદરતનું દર્શન કરીને પણ કોઈ પરમાત્માની શક્તિને યાદ કરે છે તો કોઈને તેમાં જડતા વિના બીજું કાંઈ જ નથી દેખાતું. સંગીતનું શ્રવણ એકને માટે શાંતિનું કારણ બને છે અને ઉપાસનાનું રૂપ ધારણ કરે છે તો બીજાને માટે તે વિલાસનો જ વિષય થઈ પડે છે. નાટક, સિનેમા ને નૃત્યના કાર્યક્રમોનો લાભ લેનારા કેટલાય લોકો તેમાંથી મળતા વિકારી ને વિનાશક તત્વને જ યાદ રાખે છે ને ગ્રહણ કરે છે; ત્યારે કેટલાક બીજા ચાળણીના જેવા વિવેકી બની જાય છે ને બૂરાં તત્વોને બાદ કરી સારાં સારાં ને ઉત્તમ તત્વોનો સંચય કરી, તેમના જીવનને ઉજ્જવળ ને ઉત્તમ બનાવવાના કામમાં ઉપયોગ કરે છે. તેમના મનમાં બુરા વિચાર, ભાવ, સંસ્કાર કે બૂરી વૃત્તિ ઉત્પન્ન જ નથી થતી. ને કોઈ વાર ઉત્પન્ન થાય તો પણ, તે તેમને ચંચળ ને પરવશ કરી ભાન ભુલાવી નથી દેતી. જે પ્રત્યક્ષ દર્શન કે અનુભવ થાય છે તેના પણ એવા બે પ્રકાર છે.

એ વાતને વધારે સારી રીતે સમજવા ભગવાન બુદ્ધનો દાખલો લેવા જેવો છે. સંસારનું પ્રત્યક્ષ ને વાસ્તવિક દર્શન કરવાથી તેમને મૃત્યુની અનિવાર્યતા સમજાઈ ને વ્યાધિ તથા વૃદ્ધાવસ્થાની વ્યાપકતાનો ખ્યાલ આવ્યો. પોતાના સારથિ છત્રને પૂછવાથી તેમને ખબર પડી કે મૃત્યુ, વ્યાધિ ને વૃદ્ધાવસ્થા સંસારમાં સામાન્ય રીતે સૌને આવે છે ને પોતે પણ તેનાથી પર નથી. એ પ્રત્યક્ષ દર્શનથી ને તેને પરિણામે ઉત્પન્ન થયેલા વિચારથી તેમણે સર્વ ત્યાગ કરીને આત્મોન્નતિને માર્ગે આગળ વધવાનો નિર્ણય કર્યો. એટલે એ

પ્રત્યક્ષ દર્શન ને તેને પરિણામે ઉત્પન્ન થનારી વૃત્તિથી સંસારના પદાર્થોની અનિત્યતાનો નિર્ણય થાય, હૃદયશુદ્ધિ ને આત્મોન્નતિ તરફ પ્રસ્થાન કરવામાં મદદ મળે, ને સાધનામાં વધારે ને વધારે લાભ થાય, તેને સારી અથવા ઉત્તમ પ્રકારની પ્રમાણવૃત્તિ કહી શકાય. પરંતુ જે પ્રત્યક્ષ દર્શન કે તેથી પેદા થતી વૃત્તિ એનાથી ઊલટું પરિણામ પેદા કરે એટલે કે ટૂંકમાં સંસારના વિષયોમાં આસક્ત ને આત્મોન્નતિના માર્ગમાં ઉદાસીન કરે તે વૃત્તિને ખરાબ, હલકી, ક્લિષ્ટ કે ક્લેશવાળી અથવા મેલી કહેવામાં આવે છે.

ચિત્તની એ બંને જાતની વૃત્તિના જન્મ, ઉછેર ને ઘડતરમાં સંગ, વાતાવરણ ને વાચન બહુ મહત્વનો ભાગ ભજવે છે. એટલે જ એ સૌની પસંદગીમાં ખૂબ જ ધ્યાન રાખવું જોઈએ. એ વાતની સૂચના અવારનવાર અપાતી હોય છે. સારો સંગ, સારું વાંચન ને શુદ્ધ વાતાવરણ માનવ મનના ઘડતર ને જીવનના ઉત્તમ વિકાસને માટે મહત્વની મૂડી બની જાય છે એ નક્કી છે.

૨) હવે અનુમાન નામના બીજા પ્રમાણનો વિચાર કરીએ. આ સંસારમાં બધી વસ્તુ બધાને પ્રત્યક્ષ નથી હોતી. છતાં પણ કોઈ પ્રત્યક્ષ વસ્તુની કલ્પના કરી શકાય છે. પ્રત્યક્ષ વસ્તુની મદદથી કોઈ પરોક્ષ વસ્તુના સ્વરૂપનું જ્ઞાન પણ થઈ શકે છે. તેવા જ્ઞાનને પરિણામે પેદા થનારી વૃત્તિને અનુમાનવાળી પ્રમાણવૃત્તિ કહેવામાં આવે છે. મુંબઈ જેવા શહેરને સૌએ જોયું નથી હોતું. છતાં નક્શામાં જોઈને અથવા મુંબઈ જનારી ગાડી પરથી કલ્પના કરીને તે ખરેખર હયાતિ ધરાવે છે એવું અનુમાન કરી શકાય છે. ધુમાડો દેખાય છે એટલે નજીકમાં ક્યાંક અગ્નિ હશે એમ લાગે છે. ફોરમ પરથી ફૂલની કલ્પના થાય છે ને એક ફૂલને જોઈને બીજા તેવા જ ફૂલનો ને ફૂલના બાગની સંભાવનાનો વિચાર સહેજે કરી શકાય છે. શરીરનો વિચાર કરીને તેમજ મૃત્યુનો મર્મ સમજીને શરીરની અંદર જીવનને પ્રદાન કરનારી કોઈ ચેતનશક્તિ જરૂર હોવી જોઈએ એવું અનુમાન કરી શકાય છે. તે ઉપરાંત, કેટલીક વિચારણા સંસારના દર્શનથી પણ ઉત્પન્ન થાય છે. સૂર્ય, ચંદ્ર ને તારા સમય પર ઊગે છે ને આથમે છે તથા દિવસ ને રાત તેમજ જુદા જુદા ગુણધર્મવાળી ઋતુઓ નિયમિત રીતે પોતાનું કામ કર્યે જાય છે. ભાતભાતની ને જાત જાતની જીવસૃષ્ટિ જગતમાં જન્મે છે ને નાશ પામે છે. જીવન ને મરણ ઈચ્છા હોય કે ના હોય તો પણ પોતાનું કામ કરે છે. વળી આ શરીરની બનાવટ તો જુઓ ! તેની રચના કેટલી બધી બુદ્ધિ ને સંભાળપૂર્વક કરવામાં આવી છે ! એ બધાંનો વિચાર કરીને આપણને લાગે છે કે સંસારની રચના એમ ને એમ નથી થઈ પણ તેની પાછળ કોઈ મહાન કારીગરની કળા કામ કરી રહી છે. માનવ ને બીજા અસંખ્ય જીવો તથા કુદરતનો વિચાર કરતાં લાગે છે કે આ સંસારની રચના ને પ્રવૃત્તિ પાછળ કોઈ વ્યવસ્થિત ને શિસ્તબદ્ધ નિયમાવલિ કામ કરી રહી છે. એ સૌને નિયમનમાં રાખનાર કોઈ વિશેષ વ્યક્તિ જરૂર હોવી જોઈએ. તે વિના આ સંસારનું ચક્ર આવી તાલબદ્ધ ને સંગીન રીતે ચાલી શકે નહિ. શરીર ને સંસારને જોઈને એવો વિચાર આપણને સહજ રીતે જ આવી જાય છે. તે બધું અનુમાનજ્ઞાન છે ને તેને પરિણામે જે ઉત્પન્ન થાય એ અનુમાનવાળી પ્રમાણવૃત્તિ છે. એનો ને એથી મળતા જ્ઞાનનો પણ આપણે વિચાર કરીએ છીએ.

એવી વૃત્તિના પણ બે વિભાગ છે. અનુમાનની મદદથી સંસારની અનિત્યતાનું જ્ઞાન થાય. મોહ, મમતા, આસક્તિ ને રાગદ્વેષ દૂર થાય ને જીવન વધારે ને વધારે નિર્મળ, ઉજ્જવળ, નીતિમય ને

આત્માભિમુખ બને એવા અનુમાન ને એને પરિણામે પ્રગટતી વૃત્તિને અક્લિષ્ટ કે ઉત્તમ કહેવાય ને એથી જે વિરોધી હોય તે વૃત્તિ હલકી કે ક્લિષ્ટ કહેવાય.

૩) એ બે પ્રત્યક્ષ ને અનુમાન પ્રમાણથી જુદું એક આગમ પ્રમાણ પણ છે ને મહર્ષિ પતંજલિ હવે એનો ઉલ્લેખ કરી રહ્યા છે. આ સંસારમાં એવા પણ કેટલાક પદાર્થો છે, જે સૌને સહેલાઈથી પ્રત્યક્ષ નથી થતા. અનુમાનની મદદથી પણ તેમનો અથવા તેમના સ્વરૂપનો નિશ્ચય સહેલાઈથી નથી થઈ શકતો. તેમનો નિર્ણય આપણે મહાપુરુષો અથવા અનુભવી પુરુષોની વાણી પરથી અથવા તો તેમણે રચેલાં શાસ્ત્રોની મદદથી કરવો પડે છે. અનુભવના ગૂઢ પ્રદેશમાંથી સફળતાપૂર્વક પસાર થઈ ચૂકેલા મહાપુરુષોના અનુભવની કેટલીક વાતો કામચલાઉ વખતને માટે આપણે માની લેવી પડે છે, તેને પ્રમાણભૂત ગણીને આપણી આત્મિક વિકાસની યાત્રામાં હિંમતપૂર્વક આગળ વધવું પડે છે. એને આગમ પ્રમાણ કહેવામાં આવે છે. ઈશ્વરનું દર્શન સૌને માટે સહજ નથી. શરીરની અંદર વિરાજેલા પરમાત્મા સૌ કોઈને પહેલી નજરે નથી દેખાતા. તેવા દર્શનની સૌની ઈચ્છાયે નથી હોતી; ને કોઈને ઈચ્છા હોય છે તો તેને માટે તેવી શક્તિ ને સમયનો અભાવ જણાય છે. એવા લોકો અનુભવી પુરુષો ને શાસ્ત્રોની વાતને માનીને ઈશ્વર કે આત્મા છે એવું સ્વીકારવે છે. એવી જાતના સ્વીકારમાં કોઈ નુકસાન નથી. એવો સ્વીકાર આપણે ઘણી વાર બીજી બાબતોમાં પણ કરીએ જ છીએ.

બીજગણિતમાં દાખલો કરતી વખતે ધારો કે એ = ૪ એમ કહેવામાં આવે છે તો કોઈ તેને માનવાની ના નથી પાડતું ને એમ પણ નથી કહેતું કે એવી રીતે ધારી લેવાની અમારી ઈચ્છા નથી, માટે અમે આ દાખલો નહિ કરીએ. સૌ કોઈ જાણે છે કે એવી રીતે ધાર્યા વિના બીજગણિતના દાખલામાં આગળ વધી જ ના શકાય, ને દાખલો પૂરો કરવા માટે એવી કામચલાઉ ધારણા જરૂરી છે. વરસોથી આપણે શેરના પાશેર ચાર ને નવટાંકનાં અધોળાં બે એમ માનતા આવ્યા છીએ. એક રૂપિયાનાં સો નવા પૈસાનો સ્વીકાર પણ કરી લીધો છે, પણ રૂપિયાનાં નયા પૈસા સો, શા માટે ને એકસો એક કેમ નહિ ને શેરના પાશેર ચારને બદલે ત્રણ ને નવટાંકનાં અધોળાં બે શા માટે ને ચાર કેમ નહિ તેવી શંકા કોઈ નથી કરતું કે તેવો પ્રશ્ન નથી ઉઠાવતું. જૂના જમાનાથી સૌ તેને પ્રમાણ માનીને ચાલ્યા જ કરે છે. કેમ કે સૌ કોઈ જાણે છે કે વ્યવહારને પ્રામાણિક અસરકારક ને એકસરખો ચાલુ રાખવા નિયમોની એવી એકવાક્યતા તદ્દન આવશ્યક છે.

આધ્યાત્મિક જગતમાં પણ એવી જ રીતે કેટલીક ચોક્કસ વાતો ને કેટલાંક ચોક્કસ નિયમોનો સ્વીકાર સાધકે પોતાની જરૂરિયાત પ્રમાણે ને સાધના અથવા તો આત્મોન્નતિની સરળતા સારૂં કરવો પડે છે. તો બીજગણિતના દાખલાની પેલી કલ્પના અને ઉપર કહ્યા તેવા ને બીજા કેટલાંક વ્યવહારનાં નિયમોની પેઠે શાસ્ત્રો ને સંતોની વાતો તદ્દન કાલ્પનિક નથી, તેમની પાછળ સત્યતા છે. મહાન પુરુષોએ તેમનો પ્રત્યક્ષ અનુભવ કર્યો છે, ને તે અનુભવના જ પડછંદા તેમણે પોતાની વાણી દ્વારા પાડ્યા હોય છે. યોગના ગ્રંથોમાં ચક્રો ને કુંડલિની વાત આવે છે. તેનું દર્શન કોઈ શરીર ચીરીને કરવા ચાહે તો ના થઈ શકે. કેમ કે તેમનું સ્વરૂપ અત્યંત સૂક્ષ્મ છે, પણ તેટલા પરથી જ તે નથી એવો ઉતાવળિયો અભિપ્રાય પણ ના આપી શકાય. તેમના અનુભવ માટે સંતો તેમજ શાસ્ત્રોના વચનોમાં વિશ્વાસ રાખીને સાધનાના ક્ષેત્રમાં આગળ વધવું પડે ને તેનો પ્રત્યક્ષ અનુભવ ના થાય ત્યાં સુધી મૂંગા રહેવું ઘટે.

એનો અર્થ એવો જરૂર નથી કે શાસ્ત્રો ને સંતોની વાતો આંખો મીંચીને ગળે ઉતારી લેવી ને તેમાં સંશોધન કે સુધારને અવકાશ જ નથી. પરંતુ તેવા સંશોધનની પાછળ કોઈ અભિમાન, દંભ કે શોખને સ્થાન ના હોય, પક્ષાપક્ષી કે કટુતા પણ ના હોય, પરંતુ પ્રત્યક્ષ અનુભવ, પ્રામાણિકતા ને બીજાનું હિત તથા દૃષ્ટિની વિશાળતાનું તેની પાછળ પીઠબળ હોય એ જરૂરી છે. જૂનું એટલે સોનું એ વાતમાં આપણે નથી માનતા, પણ નવુંયે બધું માત્ર નવું હોવાથી જ સારું માનીને સ્વીકારી લેવું એમ પણ આપણે નથી સમજતા. નવા ને જૂના - ઉપરના લેબલને દૂર કરીને બંનેની અંદરના સત્વ કે જીવનોપયોગી તત્વને જ આપણે મહત્વનું માનીએ છીએ ને તેની તરફ ધ્યાનને કેન્દ્રિત કરવા માંગીએ છીએ. એ માટે વિવેક જોઈશે ને સ્વાનુભવ ને સાધનાની પણ જરૂર પડશે. એથી સંપન્ન પુરુષો જ એવી પરીક્ષામાં પડે તે લાભદાયક થશે. નહિ તો બધા જ માણસો શાસ્ત્રો ને આપ્ત વચનોની મનને ફાવે તેવી ખેંચાણ કર્યા કરશે તો પછી તો સરવાળે શાસ્ત્ર જેવું કાંઈ રહેશે કે કેમ તે પણ સવાલ ઊભો થશે. વિવેકી પુરુષો શાસ્ત્રમાં ભળી ગયેલી આડ વાતો દૂર કરે ને તેમાં સમય પ્રમાણે તેના આત્માને વફાદાર રહીને જરૂરી સુધારા કરે તેમાં કાંઈ ખોટું નથી, પણ તે કામ શાંતિ, સમજ તથા સ્વાનુભવ સાથે ને નિઃસ્વાર્થભાવે નહિ થાય તો સુધારાને બદલે કુધારો થઈ પડશે એ વાત સદા યાદ રાખવા જેવી છે.

એટલે ઈશ્વર, આત્મા, પૂર્વજન્મ ને પુર્નજન્મ, સૂક્ષ્મ શરીરધારી સિદ્ધપુરુષો ને ધર્મના કેટલાય નિયમોની બાબત શાસ્ત્રો ને સંતોને પ્રમાણભૂત માનવા પડે છે. તેવા પ્રમાણને પરિણામે ઉત્પન્ન થયેલી વૃત્તિને ‘આગમ પ્રમાણવૃત્તિ’ કહે છે.

તેના પણ બે ભેદ છે. કેટલાક પુરુષો ને ગ્રંથો ખાઓ, પીઓ ને મોજ કરો તથા દેવું કરીને પણ ઘી પીઓ એમ કહીને મનસ્વી રીતે જીવવાનું શીખવે છે. તેને લીધે માનવનું મંગલ થઈ શકતું નથી. એવા ઉપદેશથી પેદા થનારી વૃત્તિ ક્લિષ્ટ કે ખરાબ છે. પરંતુ બીજી જાતના શ્રવણ, મનન ને વાચનથી માનવના મનમાં સારી વૃત્તિ ઉત્પન્ન થાય છે. તે તેનું મંગલ કરે છે ને તેને પરમાત્માના અનુભવ તથા ધર્મ ને નીતિને માર્ગે આગળ લઈ જાય છે. જીવનની ગંભીરતા ને જવાબદારીનું તે ભાન કરાવે છે ને તે કહે છે કે જીવન પોતાના ને બીજાના શ્રેયની સાધના છે. તેને સમજપૂર્વક, સંયમથી ને ઉત્તમ મનુષ્યને છાજે તેવી રીતે જીવવાની જરૂર છે. તેવી ઉપદેશવૃત્તિથી ધર્મોપાર્જન ને સાધનામાં ઉત્સાહ જાગે છે ને ઈશ્વરમાં શ્રદ્ધા પ્રગટે છે. તેનો લાભ લઈને માણસનું મન ઉત્તમ જીવનને માર્ગે આગેકૂચ કરે છે, એવી વૃત્તિનું આપણે જરૂર સ્વાગત કરીશું ને એને ઉત્તમ, આદર્શ ને આશીર્વાદરૂપ કહીશું.

જીવનની સુખશાંતિ ને મુક્તિ તથા આત્મોન્નતિ માટે બૂરા વિચાર, બૂરા ભાવ, બૂરા સંકલ્પ ને બૂરી વૃત્તિનો ત્યાગ કરવાની ને સારા વિચાર, ભાવ, સંકલ્પ ને ઉત્તમ વૃત્તિને અપનાવવાની અને વધારવાની જરૂર છે. એ રીતે મનની મલિનતા મટી જાય ને નિર્મળ થયેલું મન સ્થિરતાનો લાભ લઈ સહેલાઈથી શાંત થઈ જાય છે. પ્રસન્નતાના પરમાણુ પણ તેવા મનમાં આપોઆપ પેદા થાય છે.

સંત કે મહાપુરુષોની અંદર કેટલાકની શ્રદ્ધા ઘણી અસહ્ય ને અનંત હોય છે. કોઈ પણ રીતે ને કોઈયે સંજોગોમાં તે હાલતી નથી. તેવી શ્રદ્ધા કેવી રીતે પ્રગટે છે એ તદ્દન જુદી વાત છે, પણ પ્રગટે છે એ નક્કી. ને તેનું દર્શન આપણને અત્યંત અજાયબીમાં નાંખી દે છે. માણસોને કોઈ વાર તે નથી ગમતી ને તેને

ડગાવવાનું મન થાય છે. કોઈ મતભેદ થતાં સ્વાર્થ પૂરો થતાં કે કોઈ બીજા કારણથી અથવા કોઈયે જાતના કારણ વિના કેટલાક લોકો પોતાની પેદા કરેલી કે પોષેલી શ્રદ્ધાને વાતવાતમાં મારી પણ નાંખે છે. કોઈ વાર વળી એવું બને છે કે માણસ પોતાની કોઈની અંદર ઉત્પન્ન થયેલી શ્રદ્ધાનો વિરોધ ને ઉપહાસ કરે છે, એ ટેવ તંદુરસ્ત નથી. સૌને પોતપોતાની રુચિ, ભાવના ને સમજ પ્રમાણે જેમાં ઠીક લાગે તેમાં શ્રદ્ધા રાખવાની સ્વતંત્રતા છે ને તેનો ઉપહાસ કે વિરોધ કરવાની વૃત્તિ આસુરી છે. તે એક જાતની ભારે અપરાધરૂપ પ્રવૃત્તિ છે એ વાતને સારી રીતે સમજી લેવાની જરૂર છે. પોતાની શ્રદ્ધા કોઈ વ્યક્તિને શાંતિ આપતી હોય, લાભ પહોંચાડતી હોય ને બીજી રીતે મદદરૂપ થઈ પડતી હોય તો તેવી શ્રદ્ધા તે ભલે રાખે તેમાં વચ્ચે પડવાની કે અંતરાય ઊભો કરવાની જરૂર નથી. બીજાને તેવી શ્રદ્ધા ભલે તદ્દન સાધારણ, નિરર્થક લાગતી હોય; તે વ્યક્તિને માટે તે તો તારક જ થઈ પડવાની. તેવી શ્રદ્ધા કોઈ સંત, સદ્ગુરુ, સ્થાન કે શાસ્ત્ર જેમાં પણ ચોંટે તેમાંથી ચમત્કાર કરી શકે છે ને પોતાનો તથા પોતાની સાથે સંકળાયેલા સૌનો ઉદ્ધાર કરે છે. એવી શ્રદ્ધા ઉત્પન્ન થવાનું વધવાનું ને સુદૃઢ થવાનું કામ કંઈ સહેલું નથી. તે એક સંગીન પાયો છે ને તેના પર આત્મોન્નતિની ઈમારત સહેલાઈથી ને સુંદર રીતે તૈયાર થઈ શકે છે. એટલે તમને કોઈનામાં શ્રદ્ધા કે પ્રેમ ના પ્રગટે તો હરકત નહિ. પણ કોઈ બીજાના પ્રાણમાં પેદા થયેલાં શ્રદ્ધા ને પ્રેમના અલૌકિક અંકુરની અવજ્ઞા કરવાનો ને એનો અંત આણવાનો અપરાધ ભૂલેચૂકે કદી પણ ના કરતા.

**[૮] વિપર્યય**

એક ભાઈએ શિયાળાના પરોઢમાં ફરવા જતાં ઝાડને ભૂત માની લીધેલું. મનની વિચિત્રતાના એવા અનુભવ વારંવાર ને મોટા ભાગના માણસોને થતા હોય છે. જે દરમ્યાન કોઈ એક વસ્તુને બીજા જ રૂપમાં માની લેવામાં આવે છે. પાછળથી તે મૂળ વસ્તુનું જ્ઞાન થવાથી ભૂલ પકડાઈ જાય છે ને મનની માન્યતામાં પણ ફેર પડે છે. કોઈ વાર દૂરથી કોઈ ભળતા છતાં વધારે ભાગે મળતા આવતા માણસને જોઈને આપણા મિત્ર કે પરિચિત માણસ હોવાનું ભાન થાય છે. તેણે મળવા પણ જઈએ છીએ પણ પાસે જવાથી આપણી ભૂલ થઈ એમ લાગે છે ને માણસ કોઈ બીજો જ નીકળે છે.

કોઈ પ્રેમી પોતાની પ્રેયસીને મળવા ગયો. તેણે લટકતા સાપને દોરડું માની એનો ઉપર ચઢવામાં આધાર લીધો. એવી વાતો પણ વાંચવામાં આવે છે. તે વધારે ભાગે કાલ્પનિક હોય છે કેમ કે એ પકડવા છતાં સાપ કરડ્યા વિના ને લટકેલી દશામાં ભાગ્યે જ રહે. શબને નાવ માનીને તેના પર બેસવાથી પણ તે નદીને કિનારે ઈચ્છાનુસાર ભાગ્યે જ પહોંચાડે. છતાં પણ રસ પેદા કરવા ને સમજવા માટે એ વાત મહત્વની છે. પ્રેમના નશાનો તેથી જરા ખ્યાલ આવે છે.

બીજા પણ એવા પ્રસંગો લઈ શકાય. તેવાં પ્રસંગે માણસ એક મૂળ વસ્તુને બીજી જ વસ્તુ માની લે છે, ને એની સારી કે માઠી અસર અનુભવે છે. તે મિથ્યા જ્ઞાન છે. તેવું જ્ઞાન મૂળ વસ્તુના સ્વરૂપમાં પ્રતિષ્ઠિત નથી હોતું પણ ગેરસમજ, ભીતિ ને દૃષ્ટિદોષથી પ્રકટે છે. તેવા જ્ઞાનને અને તેના પરિણામે પેદા થનારી ચિત્તની વૃત્તિને વિપર્યય કહેવામાં આવે છે.

જ્ઞાનની સર્વોત્તમ સ્થિતિએ પહોંચ્યા પહેલાનું જ્ઞાન એવું જ ઊલટું અથવા વિપરીત હોય છે. શંકરાચાર્યે એનો ઉલ્લેખ સારી પેઠે કરેલો છે. તે દરમ્યાન આ સૃષ્ટિ અનેક જાતના ભેદભાવથી ભરેલી દેખાય છે. અનેક પદાર્થો કોઈ પણ પ્રકારના અતરંગ સંબંધ વિના વિરોધાભાસી સ્વરૂપે દેખાયા કરે છે. પરંતુ ઉત્તમ પ્રકારનું જ્ઞાન થયા પછી અજ્ઞાન ને એને લીધે પ્રકટેલી ભ્રાંતિ ને ભેદભાવનાનો પડદો દૂર થાય છે. તે વખતે જે કાંઈ દેખાય છે ને અનુભવાય છે તે પરમાત્માનું જ રૂપ છે, પરમાત્મા જ છે, એવું પ્રતિત થાય છે.

મિથ્યા જ્ઞાનની વૃત્તિ પણ આત્મોન્નતિમાં મદદરૂપ થાય તો તે અક્લિષ્ટ અથવા તો સારી સમજવી. પરંતુ આત્મોન્નતિથી વિમુખ થવાય તો તે ક્લિષ્ટ કે ખરાબ છે એમ સમજી લેવું.

**[૯] વિકલ્પ**

હવે વિકલ્પ નામની વૃત્તિનો ટૂંકમાં વિચાર કરી લઈએ. આપણે જોઈએ છીએ કે કોઈ વસ્તુને યાદ કરવાથી કે તેનું નામ સાંભળવાથી મનમાં એક જાતની વૃત્તિ પેદા થાય છે. તે વૃત્તિને આધારે તે વસ્તુના રૂપ, રંગ તથા સમગ્ર ચિત્રને આપણું મન તુરંત જ જોઈ લે છે. તેની સાથે સાથે તે વસ્તુના સ્મરણ અથવા અનુભવની સારી કે માઠી અસર પણ આપણા મન પર ને કેટલીક વાર તો તન પર પણ તુરત જ પડી જાય છે. વસ્તુ સંબંધી કોઈ શબ્દનું શ્રવણ, તેનું સ્મરણ ને તેના પરિણામે ઉત્પન્ન થતી અસર એ ત્રણેનો સંબંધ એટલો બધો ગાઢ ને અતૂટ હોય છે કે એક પછી બીજી વસ્તુ ક્યારે ને ક્યાંથી પ્રગટ થઈ તે પણ કહી શકાતું નથી. પરંતુ તે ત્રણે વચ્ચે એકવાક્યતા છે એ નક્કી.

એ વાતને સારી પેઠે સમજી લેવા કેટલાક દાખલા લઈએ. એમ માનો કે આપણી પાસે કોઈ પોતાના પ્રવાસની વાત કરે છે. તે રેલવેના માર્ગના જુદાં જુદાં શહેરોની ને પર્વતોની વાત કરે છે ને છેવટે ગંગાનું વર્ણન શરૂ કરતાં ગંગાનો અવાજ... એમ કહીને અટકી જાય છે. તે વખતે આપણા મનની સ્થિતિ કેવી થઈ જાય છે ! તેની વાત સાંભળતી વખતે માનસિક રીતે આપણે રેલવે, પર્વત ને શહેરમાં ફરવા માંડીએ છીએ; ને ગંગાનો અવાજ એ શબ્દો સાંભળતાવેંત જાણે ગંગા જેવી વિશાળ ને સુંદર નદી ધમધમ કરતી આપણી આંખ આગળથી વહી જતી હોય એવો અનુભવ કરીએ છીએ. ગંગાને આપણે પહેલાં જોઈ હોય તો તેને તે જ રૂપમાં ફરી જોઈએ છીએ; તો તેના જેવી કોઈ બીજી નદીને કે છેવટે કોઈ કલ્પના કરેલા જળાશયને યાદ કરીએ છીએ. એ બધું પ્રવાસની વાત સંભળાતી જાય તેમ તેમ તરત જ યાદ આવતું જાય છે.

એમ માનો કે કોઈએ લાડુ શબ્દ કોઈ રીતે સાંભળ્યો. તેની પ્રતિક્રિયા તેના મન પર કેવી થાય છે ! પોતે ખાધેલો કે જોયેલો લાડુ કે એવો જ બીજો લાડુ તરત જ તેની નજર સામે હાજર થાય છે, ને તેને પરિણામે તેના મોંમા પાણી પણ આવી જાય છે ! મરી ગયેલા કે વિખૂટા પડેલા કોઈ સ્નેહી સંબંધીની વાત સાંભળીને તેમના રેખાચિત્રો તેની સામે તરત આવી જાય છે, તેમના જુદા જુદા પ્રસંગો પણ ઉપસ્થિત થાય છે. તેને હર્ષ કે શોક થાય છે, ને તેની આંખ ભીની થઈને ટપકે છે પણ ખરી. ભગવાન શ્રી કૃષ્ણ, રામ, બુદ્ધ, શંકર, ઈશુ ને શિવાજી જેવાને ઘણાએ જોયા નથી હોતા. છતાં પણ તેના વિશે વાંચતી કે સાંભળતી વખતે શું થાય છે ? મન તેમની બંધબેસતી મૂર્તિઓ બનાવી લે છે, તેમને વર્ણન પ્રમાણેનાં વસ્ત્રો ને આભૂષણો પહેરાવે

છે, ને તેમની જીવનલીલામાં સામેલ થઈને કામચલાઉ સુખ કે દુઃખ, હર્ષ કે શોક ને પ્રેમ કે વેરના ભાવ અનુભવે છે.

એવું જ્ઞાન મુખ્યત્વે કલ્પનાના આધાર પર રહેતું હોય છે, ને તે કોઈ શબ્દના શ્રવણ કે સ્મરણને લીધે પ્રગટે છે. તેમાં જ્ઞાન ને તેને લીધે પેદા થતી મનની સારી કે નરસી વૃત્તિને વિકલ્પ કહેવામાં આવે છે. સ્વર્ગ ને નરક બે શબ્દને સાંભળતાવેંત મન તેની કલ્પના કરી લે છે ને પરિણામે ઉલ્લાસ ને વિષાદ કે સુખ ને દુઃખ અનુભવે છે. એવાં તો અનેક ઉદાહરણ આપી શકાય પરંતુ વિષયને સમજવા માટે આટલાં પૂરતાં છે.

હા, એવી વૃત્તિ પણ બે પ્રકારની છે. એક જાતની વૃત્તિ ભોગોમાં આસક્ત કરે છે, મનને મલિન કરે છે ને જીવનને ભયભીત, દુઃખી ને બરબાદ કરે છે, જ્યારે બીજી જાતની ઉત્તમ વૃત્તિ મનને નિર્ભય, નિર્મળ, અલિપ્ત, શાંત ને પ્રભુપરાયણ કરવામાં મદદરૂપ થઈને જીવનનું શ્રેય કરે છે. એ માટે સાધકે સદા વિવેકી થવાની, જાગૃત રહેવાની ને સારી કે સહાય કરનારી વૃત્તિને જ અપનાવવાની ને કેળવવાની કે વધારવાની જરૂર છે.

**[૧૦] નિદ્રા**

ગયા પ્રકરણમાં મેં કહ્યું છે તેમ જાગૃતિ જીવનમાં સદાય જરૂરી છે. ખાસ કરીને સાધકની તો તે તદ્દન સમીપની સહચરી બની જવી જોઈએ. પોતાની જાતના કુશળ કે ચતુર ચોકીદાર થવાનું કામ જીવનનું શ્રેય સાધવાની ઈચ્છાવાળા સાધકને માટે ખૂબ જ મહત્વનું છે. સાધકે પોતાની જાતની તકેદારી રાખવામાં કે ચોકી કરવામાં જરા પણ ગાફેલ ના થવું ને પ્રમાદી ના બનવું જોઈએ. કેમ કે બૂરા વિચાર-ભાવ, ને બૂરી વૃત્તિ તેના પર ક્યારે હુમલો કરે ને તેના જીવનને ક્લેશકારક કરી દે તે વિશે કશું જ ચોક્કસ કહી શકાય નહિ. સામાન્ય રીતે મનની અંદર શુભ ને અશુભ બંને જાતના ભાવ, વિચાર કે સંકલ્પ પોતપોતાના પડાવ નાખીને બેઠા હોય છે. તેમની વચ્ચે બળવાન બનીને સર્વશ્રેષ્ઠ થવાની હોડ ચાલ્યા જ કરે છે. એટલે જો સાધક સાવધાન હોય તો તેની બારીક પરીક્ષા કરી લે છે ને અશુભ ભાવ, વિચાર કે સંકલ્પને બળવત્તર બનતા ને પોતાની જાતનો સંપૂર્ણ કાબૂ કરતા અટકાવે છે. એથી આગળ વધીને શુભ ભાવ, વિચાર કે સંકલ્પને એ આવકારે છે, વધારે છે, ને ધીરે ધીરે એવી ટેવ પાડી દે છે કે મનમાં તે સ્થાયી બની જાય છે. પછી એને જે અશુભ છે તેનો ભય નથી રહેતો. સાધનાની સફળતામાં એવી ભૂમિકા બહુ ઉપયોગી થઈ પડે છે.

હવે નિદ્રાની વાત કરીએ. નિદ્રાને તો કોણ નથી જાણતું ? નિદ્રામાં કોઈ વિષયનું જ્ઞાન નથી રહેતું. પરંતુ તે દરમ્યાન જ્ઞાનના અભાવની પ્રતીતિ થાય છે. એનો અર્થ એ થયો કે જ્ઞાનના અભાવને અનુભવનારી કોઈ ચિત્તની વૃત્તિ તે વખતે હોવી જોઈએ. તે વૃત્તિને જ નિદ્રા કહેવાય છે. એટલે નિદ્રા વધારે ભાગે અભાવાત્મક છે, પણ નિરોધ સત્વગુણની મદદથી મળનારી અવસ્થા છે ને ભાવાત્મક છે. વળી મહર્ષિ પતંજલિ કહે છે તેમ નિદ્રા તો ચિત્તની એક વૃત્તિ જ છે. પરંતુ નિરોધ તેવી બીજી વૃત્તિ ને ચિત્તની જ શાંત અવસ્થા છે જે દરમ્યાન માનવને પોતાના મૂળ સ્વરૂપનો સાક્ષાત્કાર કે અનુભવ થાય છે.

નિદ્રા પણ સારી ને નરસી બે પ્રકારની હોય છે. માનવના તન મન ને અંતરમાં સ્ફૂર્તિ, ઉલ્લાસ ને સાત્વિકતા પેદા કરનારી ને સાધનામાં શક્તિસંચાર કરીને મદદરૂપ થઈ પડનારી નિદ્રા સારી કે ઉત્તમ

પ્રકારની ને તેનાથી ઊલટી નિદ્રા ખરાબ કહેવાય છે. નિદ્રામાં ભાતભાતનાં સારાં ને માઠાં સ્વપ્ન પણ આવે છે. એની અસર માનવનાં મન ને તન પર જાગ્યા પછી પણ પડતી હોય છે. એનો અનુભવ તો લગભગ બધાને છે. પરંતુ એક અસાધારણ વાત તો એ છે કે કેટલીક વાર નિદ્રા કે સ્વપ્નની દશામાં પોતાના ને બીજાના ભૂત, વર્તમાન ને ભાવિ વિશેના સંકેતો મળે છે, ને કેટલાંક ગૂઢ એવાં રહસ્યોનું જ્ઞાન થાય છે. કેટલાક સાધકોને સ્વપ્નમાં દીક્ષા-મંત્ર, ઉપદેશ કે માર્ગદર્શન મળે છે ને ઈષ્ટ કે સંતપુરુષનાં દર્શન પણ થાય છે. સ્વપ્નદશાના એવા અનુભવથી આનંદ જરૂર થાય છે. પરંતુ તેથી પ્રભાવિત ને મોહિત થઈને કોઈએ સ્વપ્નપ્રેમી ને ઊંઘણશી થવાની જરૂર નથી. તે તો બધી અવસ્થામાં ઘણી સારી અવસ્થા છે. છતાં પણ સાધકનું ધ્યેય તો સ્વરૂપનાં સાક્ષાત્કારનું હોવું જોઈએ. એવા અનુભવો ને જ્ઞાનનો લાભ લઈને, શ્રદ્ધા ને ઉત્સાહ મજબૂત કરીને, સાધકે વધારે આગળ વધવું જોઈએ. કોઈ પણ સંજોગોમાં પોતાના પસંદ કરેલા ધ્યેયને ના ભૂલવું જોઈએ.

ઊંચી કોટિના સાધકો મન પર થોડો ઘણો સંયમ કરીને નિદ્રાની મદદથી અનેક જાતનું જ્ઞાન મેળવી શકે છે એ સાચું છે. તેમનું સંકલ્પબળ એટલું શુદ્ધ ને તીવ્ર હોય છે. વળી તેમની આધ્યાત્મિક ભૂમિકા પણ એટલી ઊંચી હોય છે, આ વાત અનુભવથી જ સમજી શકાય તેવી છે.

**[૧૧] સ્મૃતિ**

મન એક પ્રકારની સંસ્કારોની પેટી જેવું છે. વૃત્તિઓની મદદથી તે અનેક જાતના વિષયોને અનુભવે છે. તે વિષયોનાં સારા કે માઠા સંસ્કાર તેમાં એકઠા થાય છે. તે સંસ્કાર સામાન્ય રીતે તો સુષુપ્તદશામાં હોય છે. ભૂગર્ભમાં વહેતા પાણી પ્રવાહો જેમ પહેલી નજરે નથી દેખાતા તેમ તેમના અસ્તિત્વનો અનુભવ પણ એકાએક નથી થતો. કાંઈક કારણ કે નિમિત્તને લીધે તે બહાર આવે છે, પ્રકટ થાય છે કે જાગી જાય છે. તે અવસ્થાને સ્મૃતિનું વિશેષ નામ આપવામાં આવે છે. દહીંની અંદર ઘી રહેલું હોય છે ને તલમાં તેલ પણ છે. પરંતુ તેમના દર્શનમાત્રથી ઘી ને તેલનું દર્શન નથી થતું. તે માટે તો દહીંનું મંથન કરવું પડે છે ને તલને પીસવા પડે છે. તેવી રીતે શ્રવણ, મનન કે કોઈક વસ્તુનાં દર્શન જેવા કોઈક નિમિત્તથી સ્મૃતિ નામની વૃત્તિ પેદા થાય છે.

તે પણ બે જાતની હોઈ શકે છે : સારી ને નરસી. સારી સ્મૃતિ પ્રભુના નામની, ચરિત્રની, સંત કે મહાપુરુષોના ઉપદેશ ને જીવનપ્રસંગોની, મૃત્યુની, પોતાના જીવનના મૂળભૂત ધ્યેયની ને સંસારના પદાર્થોની નશ્વરતા તથા અસારતાની, ને એવી જ બીજી જાતની હોય છે. તે આનંદ આપે છે, રસ પેદા કરે છે, શક્તિસંચાર કરે છે, જીવનને આત્માભિમુખ ને પ્રભુમય કરવામાં મદદરૂપ બને છે. સાધનામાં સદાય સહાયક થઈ પડે છે ને જીવનનું મંગલ કરે છે. વિલાસ ને દુરાચારની મમતાસંપન્ન સ્મૃતિ, વ્યસનોની ને કુટેવોની સ્મૃતિ, જીવનને ચંચળ, વિષયાધીન, વિષમય ને દુઃખી કરવામાં અગત્યનો ભાગ ભજવે છે. તેવી સ્મૃતિ ક્લિષ્ટ અથવા ક્લેશકારક ને ખરાબ છે.

સ્મૃતિ મનની અંદર સૂતેલા કે સંઘરાયેલા સંસ્કારોની સંતતિ કે પુત્રી છે. માટે મનમાં જે પડે તે સંસ્કારો ઉત્તમ, સાત્વિક ને સારા પડે તેનું ધ્યાન રાખવાની જરૂર છે. વધારે સારી રીતે કહીએ તો તે માટે

ખૂબ જ સાવધાન રહેવાની જરૂર છે. મનનો સ્વભાવ જ એવો થઈ જાય કે તે સારા જ વિષયોમાં જાય તો તો ઘણું જ સારૂં. તે માટે ઉત્તમ પ્રકારની ટેવો કેળવવાની ને વિચાર, વાચન ને વ્યવહારને ઉત્તમ બનાવવાની જરૂર છે. મન ને ઈન્દ્રિયોનો સારો ઉપયોગ કરતાં શીખવાનું છે. તેમ થતાં મન સુસંસ્કારોના સંગ્રહસ્થાન સરખું બની રહેશે. તે સ્મૃતિ પણ સારી જ થશે. કૂવામાં હોય તો હવાડામાં આવે, એ ન્યાયે મનરૂપી કૂવામાં કીચડ, કાદવ કે બીજી ગંદકી કેવી રીતે આવી શકશે ? કોઈ કારણે કોઈ વાર ખરાબ સ્મૃતિ ઉત્પન્ન થશે તો પણ માનવના મનોબળને હલાવી ને વિચલિત નહી કરી શકે. માનવ કદીય તેના પ્રતિકૂળ પ્રભાવથી પ્રભાવિત થઈને વિપથગામી નહિ બની શકે. કષ્ટ ને કસોટીના કાળમાં પણ સારા સંસ્કાર તેનું સદાય રક્ષણ કરશે ને તેની ઢાલ બનશે. રાવણની સામે સીતાનું ને હિરણ્યકશિપુની સામે પ્રહ્લાદનું તથા આકરી આપત્તિઓની આગળ વીર પ્રતાપની ટેકનું રક્ષણ એવા જ સુસંસ્કારે કર્યું હતું. એવા નાના મોટાં ઉદાહરણ ઈતિહાસમાં અનેક છે. એ સુસંસ્કાર સુવિચાર, સદ્‌ભાવ, ઉત્તમ પ્રકારનું મનોબળ ને તેણે પરિણામે પ્રકટતી આદર્શની નિષ્ઠા તેમજ થયા કરતાં પોતાની ને બીજાની ઉન્નતિનાં સત્કર્મને પરિણામે છે. એ જ જીવનની મોટામાં મોટી મૂડી છે. તેમાં પ્રભુમય કે સાધનામય જીવનને ઉમેરવા દો. એટલે જીવનની સર્વોત્તમતાનું એક સુંદર ને સંપૂર્ણ ચિત્ર પૂરું થશે. જીવનનું સારું કે ખરાબ ધોરણ આ જ ચિત્રને લક્ષમાં લઈને નક્કી કરી શકાય છે. એવા જીવનને જીવનારા કે જીવવાનો પ્રામાણિક પ્રયાસ કરનારા માનવનું જીવનધોરણ ઊંચું કહી શકાય.

આજે તો આપણે ત્યાં જીવનધોરણની એક નવી હરીફાઈ જાગી છે ને એક જુદી સમજ શરૂ થઈ છે. તે પ્રમાણે વધારે ધન, સંપત્તિ, ભોગ, મોટર ને રેડીયો જેવા સાધન ને મોટા પગારથી જીવનધોરણ ઊંચું થાય છે એમ મનાય છે, ને ચારેકોર એવાં જીવનધોરણને ઊંચું લાવવાની વાતો થાય છે, ને યોજના બને છે, પણ આપણે ભૂલી ગયાં છીએ કે બાહ્ય સંપત્તિ ને સુખસાહ્યબી જરૂરી હોવા છતાં જીવનનું સારસર્વસ્વ નથી ને તેના નશામાં જીવન ને માનવતાને મધુમય ને મંગલ કરનારાં બીજાં મૂલ્યોને ગૌણ ગણવાની, ભૂલી જવાની કે ઉપેક્ષાની નજરે નિહાળવાની જરૂર નથી. માનવે માનવ થવું હોય તો તેના અંદરના જીવનના સ્વરૂપને સુધારવાની ને રોજના વ્યવહારને વધારે ને વધારે શુદ્ધ, નીતિમય ને સેવામય બનાવવાની જરૂર છે. ધોરણ ત્યારે જ સુધર્યું ને ઉપર ઊઠ્યું કહેવાય. એવા જીવનધોરણના સુધાર માટે પણ સૌએ મહેનત કરવાની છે. નહિ તો એક બાજુ ધન, સંપત્તિ ને સાધન વધતાં જાય ને બીજી બાજુ તેનો સદ્ઉપયોગ થવાને બદલે દુરૂપયોગ જ થાય. કેમ કે માનવમાં માનવતા ન હોય. યુદ્ધ, ઘર્ષણ, સ્વાર્થ ને અશાંતિ તેથી કાયમને માટે જીવતાં જ રહે. આજે પરિસ્થિતિ આવી છે. એટલે તેમાંથી મુક્તિ મેળવવા જીવનના અંતરંગ ધોરણને ઉચ્ચ કરવાની જરૂર છે. કોઈ રાષ્ટ્ર ધન, લશ્કર, શસ્ત્રો કે સંપત્તિ દ્વારા બળવાન, નિર્ભય ને મહાન નથી બનતું. તેણે સુખી ને આદર્શ થવા તેની પ્રજાનું જીવનબળ પણ કેળવવું પડે છે. જે સમાજ કે દેશને, તે રીતે જ વ્યક્તિને લાગુ પડે છે એ યાદ રાખવાનું છે.

**[૧૨] મનનાં નિરોધનાં ઉપાય**

કોઈ દેશ આગળ વધ્યો કે કેમ કે, તેણે સુધારાનું સર્વોદય શિખર સર કર્યું છે કે કેમ, તે જોવા માટે તેમાં જીવતાં માનવનું જીવન જોવું પડે છે. ઉત્તમ પ્રકારના માનવજીવનવાળો દેશ કે સમાજ જ સર્વશ્રેષ્ઠ કહી

શકાય. કોઈ દેશ તેના પર પોતાની સુરક્ષા ને સુખાકારીનો સંપૂર્ણપણે આધાર ના રાખી શકે, કદાચ બીજી રીતે તેનો નાશ થાય પરંતુ ઉત્તમ પ્રકારનાં વિચાર ને વ્યવહારવાળો દેશ સદા સારુ સલામત રહે છે, તેનો સર્વનાશ કદી નથી થઈ શકતો. લશ્કરી બળ, બોમ્બ, વરસોની ગુલામી ને યંત્રણાથી પણ એનો આત્મા પરાજિત નથી બનતો ને મરી પણ નથી શકતો. રાષ્ટ્રની સાચી ને મુખ્ય શક્તિ તે જ છે. ને જેટલા પ્રમાણમાં તેમાં વધારો થાય તેટલા પ્રમાણમાં તેનું વર્તમાન ને ભાવિ ઉજ્જવળ બને એ વાત આપણે આગળ પર કરેલી વિચારણા પરથી સહેજે સમજી શકાશે.

ચિત્ત વૃત્તિનો નિરોધ યોગ છે એમ કહીને મહર્ષિ પતંજલિએ કહ્યું કે નિરોધ કોઈ સામાન્ય નિરોધ નથી પણ તે દરમ્યાન મન કે આત્મા પોતાના મૂળ સ્વરૂપમાં મળી જાય છે કે સ્વરૂપનો સાક્ષાત્કાર કરે છે. પછી તેમણે કહ્યું કે વૃત્તિનાં મુખ્ય પાંચ પ્રકાર છે. તે પાંચે પ્રકારની વૃત્તિ વિશે તેમણે સંક્ષેપમાં સમજાવ્યું પણ ખરું. એ રીતે મનનો મર્મ જાણવામાં આપણને મદદ મળી. તેને લીધે મનને આપણે વધારે ને વધારે વિશુદ્ધ કરી, મનને વશ કરી, તેને આપણે આગળની સાધના માટે તૈયાર કરી શકીએ છીએ. આ બધી માહિતીનું મુખ્ય લક્ષ એ જ છે. એ જ લાભ આપણે મેળવી લેવાનો છે. કેમ કે જીવનની ધન્યતા ત્યારે જ મળી શકે તેમ છે.

મનની પારના પ્રદેશમાં રહેલા એ મુકુંદને મળવાનો મનોરથ કોને નહિ થતો હોય ? તે માટે મનના લય કે નિરોધની સાધના પણ પોતપોતાના ગજા પ્રમાણે કેટલાંક કરતા હશે. તેમાં કોઈક બડભાગીને સફળતા પણ મળી હશે ને મળતી હશે. પણ એટલી વાત તો સાચી કે મનને શુદ્ધ કરવાનું કામ ધાર્યા જેટલું સહેલું નથી જ. માણસો, સંસારનાં વિવિધ વિષયોમાં મનની શક્તિને કામે લગાડે છે ને વેડફી નાખે છે ને પછી મોટી ઉંમરે સાધનાનું કામ શરૂ કરે છે. તેમને આ કામમાં ખરેખર મુશ્કેલી પડે છે. સાધનાને માટે ઊછળતા લોહીવાળા, ફળદ્રુપ જમીન જેવાં, સાત્વિક સ્વભાવનાં, યુવાનો જોઈએ. તેમને વિજય બહુ જ જલદી મળી શકે. વળી મન બીજા વિષયોમાંથી નિવૃત્ત થઈને એક સાધનાના જ વિષયમાં, એક જ ધ્યેયને નજર સામે રાખીને, વળેલું ને લાગેલું રહેવું જોઈએ. સફળતા ને સત્વર સફળતા મેળવવા માટે એ જરૂરી છે.

નાનપણમાં રાતે હું પદ્માસન વાળીને બેસતો ને મનને શાંત કરી સમાધિસ્થ થવા શ્વાસને રોકવાનો પ્રયાસ કરતો. એ વખતે મનનો નિરોધ કરવાની ઉત્કટ ઈચ્છા કામ કરી રહી હતી. પાછળથી જેમ જેમ અનુભવ વધતો ગયો ને દૃષ્ટિ વિશાળ બનતી ગઈ તેમ તેમ સમજાયું કે મન શાંત થતાં શ્વાસ આપોઆપ શાંત થાય છે. માટે મનને ધીરે ધીરે શાંત કરવાની આવશ્યક્તા છે પતંજલિ પણ મનને શાંત કરવાની વાતનો જ ઉલ્લેખ કરે છે ને ભાર પણ તેના પર જ મૂકે છે. મનનો નિરોધ કેવી રીતે થઈ શકે ? એ પ્રશ્નમાં ઉત્તરમાં તે કહે છે કે મનના નિરોધના મુખ્ય બે સાધન છે : અભ્યાસ ને વૈરાગ્ય. તેમની મદદથી મનનો નિરોધ થઈ શકે છે. **तत्र स्थितौ यत्नोऽभ्यासः ॥१३॥**

**[૧૩] અભ્યાસ**

ગીતામાં પણ એ જ રીતે સમજાવવામાં આવ્યું છે. યોગાભ્યાસની ચર્ચા દરમ્યાન અર્જુને ત્યાં પણ ભગવાનને જણાવ્યું છે કે મનને વશ કરવાનું કામ અતિશય કપરું છે. તોફાની સાગર, પવન ને તોફાને

ચઢેલા ઘોડાને કાબૂમાં રાખવાનું જેમ મુશ્કેલ છે તેમ મનનો સંયમ પણ સહેલો નથી જ. કદાચ કોઈ ને કોઈ ઉપાયથી તે સૌને કાબૂમાં રાખી શકાય તો પણ મનને કાબૂમાં કરાય કે કેમ તે શંકાસ્પદ છે. અર્જુનની એ શંકાનું સમાધાન કરતાં ભગવાન કૃષ્ણે કહ્યું છે કે મનને વશ કરવાનું કામ છેક જ કપરું છે તો પણ, તદ્દન અસંભવ નથી. માટે મનને વશ કરી શકાય તેમ છે જ નહિ, ને ગમે તેટલી મહેનત કરીશું તો પણ મનનો સંયમ થઈ શકવાનો જ નથી, એમ માનીને બેસી રહેવાની, હિંમત હારવાની કે નિરાશ ને નાસીપાસ થવાની જરૂર નથી. આ વાત આત્મિક પ્રદેશના પ્રવાસી કે ઉમેદવારોને માટે ખૂબ જ મહત્વની છે.

રણમાં લડવા નીકળતાં પહેલાં જ રણની મુસીબતો, યુદ્ધની કઠોરતા ને શત્રુના બળની વાત સાંભળીને સૈનિકનાં હાથ-પગ હાલી ઊઠે ને તેનું કાળજું કંપવા માંડે તો તેનાથી યુદ્ધ કરાય જ કેવી રીતે ? યુદ્ધના મેદાનમાં તે પ્રવેશ પણ કેવી રીતે કરે ? નિશાળમાં દાખલ થતાં પહેલાં જ વિદ્યાર્થી તેનાથી ભણી શકાવાનું જ નથી એવી ધારણા કરી લે તો તેનાથી આગળ કેવી રીતે વધી શકાય ? એ યાદ રાખવાની જરૂર છે કે આત્મવિશ્વાસ પણ એક મહત્વની વસ્તુ છે ને એની મદદથી અનેક ભારે ને મોટાં કામ પણ હલકાં ને સહેલાં થઈ જાય છે. સાધકનો એ આત્મવિશ્વાસ જેટલો પણ વધારે પ્રમાણમાં ને મજબૂત હોય તેટલો જ તેનો માર્ગ સરળ ને સહેલો બની જાય છે. આત્મવિશ્વાસ એક એવી મૂડી છે જે તેની પાછળ બીજી ઘણી ઘણી ઉપયોગી વસ્તુઓ કે સિદ્ધિઓને ને છેવટે સફળતાને પણ લઈ આવે છે. એટલે જ આપણે કહીએ છીએ કે મનના નિરોધની બાબતમાં કે સાધનાની બીજી નાની કે મોટી કોઈયે બાબતમાં હતાશા ને અસંભવિતતાની લાગણી કેળવવાની જરૂર નથી. જરૂર છે અર્ણવ જેવા અબાધિત ને આકાશ જેવા અનંત ને ઊછળતા અદમ્ય આત્મવિશ્વાસની ને એથી પ્રેરાઈને કરાતા વિવેકપૂર્વકના ઠીક ઠીક દિશામાં થનારા પુરુષાર્થની. એવા પ્રબળ આત્મવિશ્વાસને પેદા કરવા માટે જ ભગવાન અર્જુનની શંકાનું સમાધાન કરતાં કહે છે કે અભ્યાસ ને વૈરાગ્યની મદદથી ચંચળ ને તોફાની મનને જે ધારે તે વશ કરી શકે છે.

વધારે ભાગના સાધકોનો પ્રાણપ્રશ્ન આ જ હોય છે; મનને શાંત કરવાની સમસ્યા તેમની સામે ભારેખમ બનીને ઊભી હોય છે. એટલે જ તો વારંવાર પૂછે છે પણ ખરા કે મનને શાંત કેમ કરવું ? આપણે એમને હિંમત ને આશ્વાસન આપતાં કહીએ છીએ કે મન શાંત થશે એટલે તેના મૂળ રૂપ પરમાત્મામાં મળી જશે અને ત્યારે જ શાંત થશે. તેને માટે ઉત્સાહપૂર્વક સાધના કરવી જોઈએ. મનને શાંત તેમજ સ્થિર કરવાની મુશ્કેલી તો મોટામોટાને પણ પડે છે. એકાંતમાં રહેનારા સાધનાપરાયણ પુરુષોને પણ એ સમસ્યા સતાવે છે. માટે હિંમત ના હારો ને બળ ને કળથી કામ લો. મહર્ષિ તે માટે અભ્યાસ ને વૈરાગ્ય ઉપાય બતાવે છે. એ આપણે આગળ પર જોઈ ગયા. પરંતુ અભ્યાસનો અર્થ શો ? અથવા તો અભ્યાસ એટલે શું ? એ પ્રશ્ન તો ઊભો જ રહે છે.

એક તો યોગનો જે પ્રાથમિક અભ્યાસ છે તેને આસન, ષટક્રિયા, પ્રાણાયામ ને મુદ્રાની સાધનામાં વહેંચી નાખવામાં આવ્યો છે. શરીર સાધનાનો આધાર છે. જે સાધના કરવાની છે તે શરીરથી જ ને શરીરની સહાયથી જ કરવાની છે. એટલે શરીરની ઉપેક્ષાનો વિચાર બરાબર નથી. એ વાતનો સ્વીકાર યોગમાર્ગમાં સારી પેઠે કરવામાં આવ્યો છે. છતાં પણ યોગનું સાધનાક્ષેત્ર કેવળ શરીર નથી એ પણ યાદ રાખવાનું છે. શરીરને રોગ, વૃદ્ધાવસ્થા ને મરણથી મુક્ત કરવાનો સંદેશ ને તેની સફળતા માટેનાં સાધન યોગ જરૂર પૂરાં

પાડે છે. પણ શરીરને જ સર્વસ્વ માનીને બેસી રહેવાની વાત તેને મંજૂર નથી. શરીરને નીરોગી સુદૃઢ બનાવીને મનને પ્રાણના પ્રદેશમાં પહોંચવાનો ને પરમાત્માનો પ્રત્યક્ષ પરિચય કરવાનો સંદેશ પણ તે આપે છે ને તેને માટેનો ચોક્કસ કાર્યક્રમ કહી બતાવે છે. એટલે શરીર તરફ બેદરકાર બનવાની, શરીરની સૂગ સેવવાની તેમજ શરીરમાં અંધ બનીને બેસી જવાની - બંને જાતની વૃત્તિ ને વિચારધારા તરફ તે લાલબત્તી ધરે છે, તે બંનેને તે અપૂર્ણ ને અમંગલ માને છે. એટલે જ જે કેટલીક શરૂઆતની સાધના છે તે આગળની અગત્યની સાધનાની તૈયારી રૂપે જ છે, ને સારાં કે તંદુરસ્ત શરીરવાળા સાધકોએ તેનો આધાર લેવો જ જોઈએ એવો કોઈ ફરજિયાત નિયમ નથી.

જુદાં જુદાં અનેક આસન છે. તેમાં શીર્ષાસન ને સર્વાંગાસન સૌથી વધારે લાભકારક છે. તે પછી ષટક્રિયાનો કાર્યક્રમ આવે છે. નેતિ, ધોતિ, નૌલી જેવી છ ક્રિયાઓનો તેમાં સમાવેશ થાય છે તે પછી પ્રાણાયામ ને મુદ્રા આવે છે. એને પણ અભ્યાસ કહે છે. તેથી શરીર ને પ્રાણ શુદ્ધ અને સુદૃઢ બને છે ને ધ્યાનની અંતરંગ સાધના માટે મન તૈયાર થાય છે. તો શું પતંજલિ અભ્યાસ કહીને એનો ઉલ્લેખ કરે છે ?

બીજાં પણ કેટલાંક અભ્યાસ છે જેમ કે શાસ્ત્રાભ્યાસ, વિદ્યા કે જ્ઞાન મેળવવા માટે જુદાં જુદાં શાસ્ત્રો અથવા તો ધર્મગ્રંથોનો અભ્યાસ આવશ્યક માનવામાં આવે છે, ને એનો આધાર પણ ઘણા લેતાં હોય છે. જ્ઞાન મેળવવા માટેનું એ પણ એક સાધન છે. પરંતુ સાધનની મોહિનીમાં પડીને માણસ કોઈવાર સાધ્યને ભૂલી જાય છે ને સાધનમાં જ જીવનભર રમ્યા કરે છે. એ રીતે પોતાના જ પેદા કરેલા એક બીજા વધારે રૂપાળા પીંજરમાં તે હાથે કરીને કેદ થાય છે.

માનવજીવન એવી રીતે વ્યર્થ વેડફાઈ ના જાય તે માટે સંપૂર્ણ સાવધાન રહીને ગ્રંથોના અભ્યાસથી જે જ્ઞાન મળે તે આત્મોન્નતિમાં મદદરૂપ થાય તેનું ખાસ ધ્યાન રાખવું પડે છે. ગ્રંથોના વાચન, મનન ને અધ્યયન, અધ્યાપનથી જ સઘળાં હેતુ સરી રહે છે, એમ માની લેવાની જરૂર નથી.

એ ઉપરાંત પણ બીજી કેટલીક વસ્તુઓ છે જેનો અભ્યાસમાં સમાવેશ કરી શકાય છે. જપ, ધ્યાન, દાન, તપ ને સેવાનાં જુદાં જુદાં કર્મ તથા ભક્તિમાર્ગના સિદ્ધાંતોને વફાદાર રહીને કરવામાં આવતી મૂર્તિપૂજા, સેવા કે ઉપાસના, સંતસમાગમ એ બધો એક યા બીજી રીતનો અભ્યાસ જ છે. તેથી મન સાત્વિક બને છે, શુદ્ધ થાય છે, તેમજ પ્રભુપરાયણ બની શકે છે.

પરંતુ પતંજલિએ એવા અનેકવિધ અભ્યાસનો ઉલ્લેખ નથી કર્યો તેનું કારણ એ નથી કે તેમને તે પસંદ નથી, અથવા તો એવા અભ્યાસમાં તે માનતા જ નથી એમ પણ નથી. દરેક પ્રકારના અભ્યાસને પોતપોતાનું મહત્વ છે એ વાતનો સ્વીકાર તો બધા તટસ્થ ને વિવેકી પુરુષો સદા કરવાનાં જ. પરંતુ પતંજલિએ એ સૌના મૂળ ધ્યેય તરફ આપણું ધ્યાન ખેંચ્યું છે. અભ્યાસની વ્યાખ્યા પોતાની આગવી ને અનેરી શૈલીમાં રજૂ કરતાં તે કહે છે કે, પરમાત્માનો પ્રત્યક્ષ પરિચય કરાવી આપનારી મનના નિરોધની જે વાત આપણે અત્યાર સુધી કહી છે તે નિરોધની દશામાં સ્થિતિ કરવાનો જે વારંવારનો પ્રયાસ તે અભ્યાસ છે. એટલે મનને વશ કરીને નિરોધની દશામાં પ્રતિષ્ઠિત થવું ને પોતાના મૂળ સ્વરૂપને અનુભવવું એ જ અભ્યાસનો આદર્શ છે, ને તેને માટેની મહેનત કે સાધનાને અભ્યાસનું નામ આપી શકાય. એટલે આપણા અભ્યાસક્રમની કસોટી માટે આ બે પ્રશ્ન પૂછવાની જરૂર છે. એક તો એ કે એ મનને શુદ્ધ ને સ્થિર કરવામાં

મદદરૂપ થાય છે ? ને બીજો એ કે એથી ચિત્તની વૃત્તિનો નિરોધ કરીને સ્વરૂપનો કે પરમાત્માનો અનુભવ કરવાનો માર્ગ ખુલ્લો કે મોકળો થાય છે ખરો ? એ પ્રશ્નોના ઉત્તર હા માં મળે તો અભ્યાસ બરાબર સમજવો તથા ચાલુ રાખવો ને ઉત્તર ના મળે તો કોઈક ભૂલ માનીને અભ્યાસ અથવા સાધનામાં સંશોધન કરવા સદાયે તૈયાર રહેવું. તત્વદર્શન માટે જ અભ્યાસ અથવા જુદી જુદી સાધના છે એ વાત સદા યાદ રાખવી.

**[૧૪] અભ્યાસ વિશે વધારે**

સાધના દ્વારા તત્વદર્શન થયું કે નહિ ? તે પ્રશ્ન સાધકે પોતાની જાતને કાયમને માટે પૂછતાં રહેવું. ને તે પ્રશ્નનો ઉત્તર 'ના' માં મળે ત્યાં સુધી પોતાનો પ્રારંભ કરેલો પ્રવાસ અધૂરો છે એમ માનીને નિરંતર આગળ વધતા રહેવું. બધી જાતના પાણીના પ્રવાહો છેવટે સાગરમાં સમાય છે, તેમ સાધના કે આત્મોન્નતિના અભ્યાસક્રમનો પ્રકાર જુદો હોય તો પણ તેમનું ગંતવ્ય સ્થાન એક જ છે. છેવટે તે તત્વદર્શન કે પરમાત્માનું પ્રત્યક્ષ દર્શન કરાવી દે છે. અભ્યાસને આપણે જરા વિશાળ અર્થમાં સાધના કહીએ તો હરકત નથી.

પરંતુ અભ્યાસ અથવા સાધનાના ફળરૂપે કાંઈ થોડા વખતમાં જ સિદ્ધિ મળી જાય છે ખરી કે ? પરમાત્માનું દર્શન કાંઈ વાતવાતમાં થઈ જાય છે ? કેટલાક લોકો સાધના શરૂ કરે છે, ને ઉત્સાહપૂર્વક તેમાં લાગેલા રહે છે, પરંતુ તેમના નક્કી કરેલાં કે ધારેલા થોડાક વખત દરમ્યાન કોઈ નક્કર ફળ ના મળે તો હિંમત હારી જાય છે, નિરાશ થાય છે, ને તેમનો બધો ઉત્સાહ ઓસરી જાય છે. તેવા લોકોની શ્રદ્ધા પણ કેટલીક વાર મરી પરવારે છે. તેમનો ચેપ બીજાને પણ લાગે છે. બીજા ઉગતા સાધકો એમની અસર નીચે આવીને ધીરે ધીરે એમના જેવા બનવા માંડે છે. એ રીતે તે પોતાનું તો બગાડે છે પણ બીજાની પણ કુસેવા કરે છે. તેવા લોકોની કોઈ વાર મુલાકાત થાય છે, ત્યારે તે કહેવા માંડે છે કે, સાધના, સિદ્ધિ તત્વદર્શન ને પરમાત્માનો અનુભવ બધું મિથ્યા છે. તેમાં કાંઈ સત્યતા નથી. નહિં તો એમને એનો અનુભવ ના થાય ? પછી પોતાના કથનની પુષ્ટિમાં તે પોતે કેટલા લાખ જપ કરી ચૂક્યાં ને કેવી કઠોર સાધનામાં રત રહ્યા તેની વિગતો આપવાનું શરૂ કરે છે. તેમને આપણે કહીએ છીએ કે એટલી સાધના પછી ધારેલી સિદ્ધિ મળવી જ જોઈએ એવો કોઈ નિયમ નથી. કોઈ વાર સફળતા વહેલી મળે છે ને કોઈ વાર મોડી; પણ આપણું કામ તો સાધના કરવાનું ને સફળતા ના મળે ત્યાં સુધી સાધના અધૂરી એમ માનીને વધારે ને વધારે સાધના કરતાં જ રહેવાનું છે.

કરેલું નકામું નથી જતું એ આપણી શ્રદ્ધા હોવી જોઈએ. જે કરવામાં આવે છે તે વહેલું કે મોડું જરૂર ફળે છે, એ સમજ આપણે કદી છોડવાની જરૂર નથી. ખેડૂતને ખેતરમાંથી પાક મેળવવા કેવી મહેનત કરવી પડે છે ? ખેતરમાં નાખેલા દાણા આજે ને આજે ઉગી જાય એવી ઈચ્છા રાખીને તે ખેતરમાં જાય ને દાણા ઉગેલા ના જોતા નિરાશ થઈને ખેતીમાંથી શ્રદ્ધા મૂકી દઈને ઘરભેગો થાય તો તેને પોતાને જ નુકસાન થાય. તેણે ધીરજ ધારણ કરીને પૂરતી પ્રતિક્ષા કરવી પડે છે, તે પછી પણ પાક બગડે કે ઈચ્છાનુસાર ના મળે તો બીજી વાર મહેનત કરવી પડે છે. દૂધમાં મેળવણ નાખીએ તેથી કાંઈ તેનું તરત જ દહીં નથી થઈ જતું. તે માટે પણ થોડીક જરૂરી રાહ જોવી પડે છે. સાધનાની ખેતીની સફળતા માટે પણ તેવી રીતે ધીરજપૂર્વક પુરુષાર્થ કરતાં રાહ જોવી પડે છે.

સાધના અથવા અભ્યાસ લાંબા વખત લગી એકધારા કરતાં રહેવાની જરૂર છે. લાંબા વખતના અભ્યાસથી મનમાં એક પ્રકારનાં અનુકૂળ સંસ્કારો પેદા થાય છે ને મોટા ભાગના અંતરાય દૂર થાય છે. લાંબા વખત લગી અભ્યાસ કરવાનો અર્થ એવો નથી કે દર વરસે અમુક દિવસે અભ્યાસ કરવો ને એવો અભ્યાસ વરસો સુધી કરવો. લાંબા વખતનો અભ્યાસ સતત હોવો જોઈએ, છેવટે તે પળે ને શ્વાસો શ્વાસે થયા કરે ત્યારે ખરું. એવી લાંબા વખતની સતત સાધના મનની રુચિ કે દિલની ખરી લગની વિના થવી મુશ્કેલ છે. માટે જ હરિનો મારગ શૂરાનો કહ્યો છે. મનોબળ વિનાના કાયર પુરુષોનું તેમાં કામ નથી એ સાચું છે. સાધારણ સંગ્રામમાં જોઈતાં શૂરાતન કરતાં એમાં વધારે ને સાચાં શૂરાતનની જરૂરત પડે છે. કેમ કે એમાં કોઈ બીજાની સામે નહિ પણ પોતાની જાત સામે જ ટક્કર ઝીલવી પડે છે, પોતાની પ્રકૃત્તિ સામે લડવું પડે છે, પોતાની અંદરની અપૂર્ણતા ને મલિનતા સામે મોરચો માંડવો પડે છે. ને એ કામ ધાર્યા જેટલું સહેલું નથી. સંગ્રામને જીતનારાં, જંગલી જનાવરોને જેર કરનારાં, સમુદ્રને નાથનારાં ને અવકાશમાં ઊડવાની શક્તિવાળાં પણ એ કામમાં પાછાં પડે છે ને પંગુ સાબિત થાય છે. આખી દુનિયાને જીતનારો માણસ પોતાની જાતને ના જીતે ત્યાં સુધી તેને શાંતિ નથી મળતી. માણસે બહારના જગતમાં પોતાના બુદ્ધિબળના ઉપયોગથી ઘણાખરા સુધારા કરેલા છે. તે માટે તે મગરૂર જરૂર થઈ શકે છે. પરંતુ તેનો લાભ લેવા ને બીજાને આપવા તથા તેની મારફત જગતને વધારે સુંદર ને જીવવા જેવું કરવા તેણે પોતે પણ કેટલીક તૈયારી કરવાની છે ને યોગ્યતા મેળવવાની છે. પોતાની જાતને જીતવાનો કે ઉત્તમ બનાવવાનો ને પરમાત્માના પ્રેમપ્રકાશથી પ્રકાશિત કરવાનો પ્રયત્ન કરવાનો છે. એ માટે અંદરની સાધનાનો એણે આધાર લેવાનો છે. ત્યારે તે પોતાની સમગ્ર શક્તિ સાથે પોતાને ને બીજાને માટે આશીર્વાદરૂપ થઈ શકશે.

છતાં એ કામ ધાર્યા કરતાં ઘણું સહેલું છે. કેમ કે એમાં મુખ્યત્વે પોતાની જાત સાથે કામ લેવાનું છે. ફક્ત તે માટે તેણે તૈયાર થઈને તે માટેની જરૂરી સાધનામાં નિરંતર લાગ્યા રહેવું જોઈએ. લાંબા વખત લગી સતત રીતે થતી સાધના ખૂબ ઉત્સાહપૂર્વક કરવાની જરૂર છે. સાધનાની મહત્તા માટે કોઈ જાતનો સંદેહ નથી રહેતો ત્યારે તેમાં ઉત્સાહ ને પ્રેમ પ્રકટે છે ને તેને માટે સર્વસ્વની હોડ લગાવવાનું મન થાય છે. એવા ઉત્સાહ સાથે થતી સાધના સફળ પણ જલદી થાય છે ને આનંદ આપે છે. સાધના કોઈ કરવેરો કે લાદેલો બોજો નથી, તે કોઈ કડવી દવા પણ નથી, કોઈક ભયથી પ્રેરાઈને કરાતી પરંપરાગત નીરસ પ્રવૃત્તિ પણ નથી, કે તેની સામે ગણગણાટ કરવાનો હોય, ને એનો અમલ મોં બગાડીને ના છૂટકે જ કરવાનો હોય. તે તો કલ્યાણની કેડી છે, પૂર્ણતાની પ્રથમ પ્રદર્શિકા છે, મંગલતાના મહાયજ્ઞની આહુતિ છે, ને તે દૃષ્ટિથી તેને જોઈને એનો અમલ અત્યંત પ્રેમ ને ઉત્સાહપૂર્વક કરવાની જરૂર છે. તેના પર આપણને પ્રેમ શા માટે ના પ્રકટે ? તે તો આપણને પરમાત્માનો પરિચય કરાવીને મુક્તિ મંદિરના મંગલ મહાદ્વારે પહોંચાડી દેશે. એના પ્રત્યે આપણને આદરભાવ શા માટે ના થાય ? તે તો આપણો ઉદ્ધાર કરશે. કોઈ મંગલ કાર્યમાં સામેલ થતાં હોઈએ એવા આનંદથી એનો આધાર લેવો જાઈએ. તન, મન ને અંતરને પલટાવીને પરમાત્માના પ્રેમના પ્રકાશથી પ્રકાશિત કરવાના ઉત્તમ કામનો આરંભ કર્યો છે. એ મહોત્સવનો આનંદ આપણા અંગેઅંગમાં હોવો જોઈએ. ને પ્રત્યેક પળે આપણા પવિત્ર પ્રવાસમાં આપણે આગળ ને આગળ વધી રહ્યા છીએ એવી સમજ ને તેને પરિણામે પ્રકટતી પ્રસન્નતા આપણા હૃદય ને રોમેરોમમાં રમી રહેવી જોઈએ.

એ પ્રસન્નતા આપણી મોટી થાપણ થઈ પડશે. આપણને લાંબા વખત લગી સાધનારત રાખવામાં તે મોટો ભાગ ભજવશે. એને લીધે સાધનાને માટે ભારેમાં ભારે ભોગ આપવા ને સર્વસ્વ ફના કરવા પણ આપણે તૈયાર રહીશું. ચિંતા, ભ્રમણા, નિરાશા, નિષ્ફળતા ને આફતની ક્ષણોમાં તે આપણું રક્ષણ કરશે. ને આકર્ષણો કે પ્રલોભનોની સામે ઢાલ બનશે. જીવનને રસમય, મધુમય ને સરળ કરવામાં તે કામ લાગશે.

લાંબા વખત લગી, સતત ને ઉત્સાહ તથા આદરપૂર્વક થતો અભ્યાસ છેવટે દૃઢ બને છે. સાધનાનું એ રહસ્ય યાદ રાખવા જેવું છે. મહર્ષિ પતંજલિ એ સંબંધી પોતાના યોગદર્શનના સુંદર સારવાહી સૂત્રમાં કહે છેઃ स तु दीर्घकालनैरन्तर्यसत्कारासेवितो दृढभूमिः ॥१४॥

**[૧૫] વૈરાગ્ય**

મનના નિરોધના અનુસંધાનમાં આપણે અભ્યાસનો ઊડતો ઉલ્લેખ કરી ગયા. હવે મનના નિરોધમાં મદદરૂપ થનાર ને અત્યંત અગત્યનો ભાગ ભજવનારાં બીજા સાધન વૈરાગ્યની વાત આવે છે. સાધનાની શરૂઆત ને સફળતામાં તે મોટો ફાળો આપે છે. સાધનાની ઉત્તમ ઈમારતનો વૈરાગ્ય પાયો છે એમ કહીએ તો તે વધારે પડતું નથી. સાધનાને શક્તિશાળી બનાવવામાં તેનો હિસ્સો નાનોસૂનો નથી એ દૃષ્ટિથી જોતાં તેનો વિચાર ઘણો ઉપયોગી થઈ પડે તેમ છે.

વૈરાગ્ય શબ્દને સાંભળતાં વેંત આપણી આંખ આગળ અમુક રેખાચિત્રો ઊભાં થાય છે, ને સાધારણ માણસના મનમાં અમુક ખાસ વિચારો ફરી વળે છે. વૈરાગ્યને નામે કેટલીક પરંપરાગત માન્યતાઓ લોકોનાં મનમાં ઘર કરી ગઈ છે ને એના આધાર પર તે વધારે ભાગે વૈરાગ્ય ને વૈરાગીની કસોટી કરવા ટેવાયેલા હોય છે. વૈરાગ્યવાળો માણસ કે વૈરાગી પોતાના મૂળ જન્મના કે માતાપિતાના ઘરમાં ન રહે, બને તો મકાન ના કરે ને ઝાડની નીચે જ પડ્યો રહે. કુટુંબ, સમાજ કે દેશ દુનિયાના પ્રશ્નોમાં રસ ના લે ને તેમની સેવા ન કરે. શરીર, ધન, યશ ને સ્ત્રીને ધિક્કારની નજરે જોયા કરે. કુટુંબીજનો સાથે સંબંધ ના રાખે. ને દાઢી જટા વધારી કે મુંડન કરાવી મેલાં વસ્ત્રો રાખે તથા વસ્તીથી દૂર ક્યાંય જંગલમાં અથવા નદી ને પર્વતના પ્રદેશમાં પડ્યો રહે ને મરણની રાહ જોતાં, ઔષધની જેમ ન છૂટકે અનાજ લઈને જીવન પસાર કરે એવાં ખ્યાલો વધારે ભાગની પ્રજામાં પ્રચલિત છે. એટલું જ નહિ પણ જળોની જેમ જામી ગયેલાં છે; ને વારંવાર પ્રયાસ કરવાથી છૂટી શકતાં નથી. બીજાને પણ તે એ રીતે જ માપે છે ને પોતાના નક્કી કરેલા કસોટીગજમાં જે બંધ ના બેસે તેનામાં વૈરાગ્ય છે જ નહિ એમ માની લે છે.

પરંતુ એવી માન્યતા નિરાધાર ને ભૂલભરેલી છે, ને તેથી તેમાં સુધારો કરવાની જરૂર છે. સાધકો તેનાથી પ્રભાવિત થાય તે ઠીક નથી. છતાં ખેદની વાત છે કે ઊગતા સાધકો તેથી વધારે ભાગે ને વાતવાતમાં પ્રભાવિત થઈ જાય છે. ઋષિકેશ જેવા સુંદર સ્થાનમાં કેટલાંક સાધકો આવે છે, તે ત્યાંના કેટલાક સાધુઓની અસર નીચે આવીને વાળ વધારવા માંડે છે, દાઢી રાખે છે, સગવડ હોવા છતાં તેનો લાભ ના લેતાં મેલાં વસ્ત્રો પહેરે છે ને તેવાં વસ્ત્રો પહેરવામાં ગૌરવ લે છે. કાછડી વિનાનાં ધોતિયાં પહેરવાનું શરૂ કરે છે, ને કપડાં હોવા છતાં તેનો ઉપયોગ કરવાથી વૈરાગ્ય ઓછો થઈ જશે અથવા વૈરાગીમાં નહિ ખપાય એમ સમજીને ત્યાં રહેતાં બીજા સાધુની નકલ કરીને કેવળ લંગોટી પહેરીને ફરવાનું શરૂ કરે છે. કોઈ

કારણથી શરૂ ને પ્રચલિત થયેલી એવી ટેવોમાં જ વૈરાગ્ય સમાયેલો છે ને વૈરાગ્યનું ક્ષેત્ર તેમાં જ પૂરું થાય છે એમ માનીને તે પોતાનું જીવન પસાર કરે છે. તેમનું જીવન પછી ઘરેડિયું બની જાય છે. એ રીતે મોટા ભાગનાં માણસોએ વૈરાગ્યના મર્મને જાણ્યા વિના તેની કિંમત ઓછી કરી છે ને તેની હાંસી કરી છે.

આપણે સમજી લેવું જોઈએ કે વૈરાગ્ય જટા કે દાઢીમાં, ભગવા કે સફેદ જેવા રંગોમાં, નખ વધારવામાં ને ભેળું કરીને ખાવામાં, શરીરે ભસ્મ લગાડી લંગોટીભેર ફરવામાં અથવા મેલા રહેવામાં કે ફરવામાં નથી. કાછડી વગરના કે કાછડીવાળા ધોતિયામાં કે અમુક ખાસ વેશમાં પણ વૈરાગ્ય નથી. તિલકમાં, માળામાં, ઘર છોડવામાં, નામ બદલવામાં, કોઈ સ્નેહી સાથે સંબંધ ના રાખવામાં કે એકાંતમાં રહેવામાં, અથવા તો તે બધાથી ઊલટું કરવામાં પણ વૈરાગ્ય નથી. કોઈ કારણથી તેવું વિશેષ કે અમુક ખાસ જાતનું જીવન કોઈને જીવવું પડે, જીવવું ગમે, ને તેને લીધે કોઈને લાભ પણ થાય તે જુદી વાત છે; પણ એટલામાં જ વૈરાગ્યનો સાર સમાઈ જાય છે એમ માની લેવું બરાબર નથી. વૈરાગ્ય મુખ્યત્વે મનની વસ્તુ છે, તનની નહિ, એ સારી રીતે સમજી લેવાની જરૂર છે. માણસનું તન ગમે ત્યાં ને ગમે તે દશામાં રહેતું હોય, તેનું મન ક્યાં ને કેવી રીતે રહે છે એ જ અગત્યનું છે. જેના મનમાં રાગ ના હોય તે વૈરાગી.

મન જ મુખ્ય ને મુદ્દાની વસ્તુ છે. કોઈની આજુબાજુ સંપત્તિ ને સુખના છોળો ઊડતી હોય છતાં તેનું મન તેમાં રમતું, દટાયેલું, બંધાયેલું કે ભાન ભૂલેલું ના હોય, ને પરમાત્મામાં જ લાગેલું ને જ્ઞાનના પરમ પ્રદેશમાં જાગેલું હોય તો તે વૈરાગી જ છે. જ્ઞાન તેમ જ પ્રભુપ્રેમના પ્રતાપથી અંદરની એવી અલિપ્ત અવસ્થા મળી શકે છે. એથી ઊલટું, બાહ્ય રીતે કરુણ ને કંગાળ રાગરહિત જીવન જીવનાર માણસ પરિસ્થિતિથી લાચાર બનીને તેવું જીવન જીવતો હોય ને રાગમય જીવનની ઈચ્છા રાખતો હોય ને તેને માટે તપ-વ્રત પણ કરતો હોય તો તે રાગી જ છે. માટે તો ભારતવર્ષમાં જનક ને કૃષ્ણને વૈરાગ્યવાન પુરુષોના શિરોમણી કહેવામાં આવ્યા છે. તેમની અવસ્થા અદ્ભુત હતી ને તેની પ્રાપ્તિ કઠિન છે એ સાચું છે. પરંતુ એ એક આદર્શ છે, સિદ્ધ થયેલી વસ્તુ છે, ને કઠિન કહીને તેને ઉડાવી દેવાની કે અસંભવ માનવાની જરૂર નથી. તેને માટે તૈયારી કરવાની કે પોતાની જાતને કેળવવાની જરૂર છે. તેવી તૈયારીવાળો કે તૈયારી કરનારો માણસ તેમની જેમ સિંહાસન પર બેસશે. ધન, સંપત્તિ, સ્ત્રી ને સ્નેહીજનોથી વીંટાળાયેલો રહેશે, ને સેવાનાં કોટિ કામ કરતાં વસ્તીની વચ્ચે ફરશે, તો પણ વૈરાગી જ રહેશે.

હૃદયની શુદ્ધિ, આત્માના જ્ઞાન અથવા પ્રભુના સાચા ને પ્રબળ પ્રેમ વિના એવી દશા મળવી ને ટકવી મુશ્કેલી છે. તે માટે સતત આત્મનિરીક્ષણ જોઈએ. જગતની નાની ને મોટી, પછાત ને આગળ વધેલી પ્રજાને એવા જ અનાસક્તિનો આનંદ આપનારા વૈરાગ્યની જરૂર છે, તેવા વૈરાગ્યને લીધે જ જીવનમાં જોમ આવશે ને જડતા ટળી જશે. આપણી પ્રજાએ પણ પોતાની જૂની પુરાણી રૂઢ માન્યતાઓને સુધારીને એવા વૈરાગ્યની ભાવના કેળવવાની છે. ભારતના વેદ ને ઉપનિષદકાળનું અધ્યયન કરો તો ઋષિમુનિના જીવન ને ઉપદેશોમાં આવા જ વૈરાગ્યનું દર્શન થશે. એ ભાવનાને ભૂલવાથી ને બહારના વૈરાગ્યને જ સર્વસ્વ માનવા મનાવવાથી આપણી પ્રજા વધારે ને વધારે દીન, દુઃખી, દરિદ્રને કંગાળ તથા પરોપજીવી બનતી ગઈ છે. એવા વૈરાગ્યે સાધક કે સમાજનું શ્રેય નથી સાધ્યું.

તૃષ્ણા ને આસક્તિનો ત્યાગ જ વૈરાગ્ય છે. એ વાત મહર્ષિ પતંજલિએ આપેલી વૈરાગ્યની વ્યાખ્યા પરથી સહેજે સમજી શકાય છે. તેમના કહ્યા પ્રમાણે જોયેલાં કે સાંભળેલા વિષયો પરથી મન ઉપરામ બની જાય અથવા તૃષ્ણારહિત થઈ જાય ત્યારે તેમને મેળવવાની ઈચ્છાનો અંત આવી જાય છે. તેવા નિષ્કામ થયેલા ચિત્તની જે વશીકાર નામની અવસ્થા છે તે વૈરાગ્ય કહેવાય છે. એટલે વૈરાગીનું મન લૌકિક તૃષ્ણા ને કામના રહિત થવું જોઈએ એ નક્કી છે. તે મનમાં કેવળ, નિરોધની, સ્વરૂપની પ્રાપ્તિની કે પરમાત્માના પ્રત્યક્ષ અનુભવની જ ઈચ્છા પ્રકટેલી હોય, જીવનના શ્રેય માટે તેવી ઈચ્છા ઉપયોગી છે ને કોઈ રીતે નડતરરૂપ નથી. પતંજલિની એ વ્યાખ્યામાં ક્યાંય વૈરાગ્યનાં બાહ્ય ચિહ્નો કે લક્ષણોનો લેશ પણ ઉલ્લેખ નથી મળતો. વૈરાગ્યના અંતરંગ રૂપનો જ તેમાં નિર્દેશ છે. વળી વૈરાગ્ય અંદરની ભૂમિકા છે તે પણ તેથી સ્પષ્ટ રીતે સમજી શકાય છે. બાહ્ય ચિહ્નો કે લક્ષણોની આપણને સૂગ છે ને તેમને આપણે ઉડાવી દેવા માગીએ છીએ એમ નથી. અંદરની અવસ્થા અથવા ભૂમિકાનાં પડઘા કેટલીક વાર બહાર પડે છે, ને સહજ રીતે પડે તો અવશ્ય આવકારદાયક છે, પરંતુ બહારનાં જ ચિહ્નો ને લક્ષણોને સર્વસ્વ માનવાની ને મનાવવાની વૃત્તિ કે પ્રવૃત્તિ જોર પકડે ને અંદરના વિકાસની અત્યંત અગત્યની વાતને ભૂલી જવામાં આવે ત્યારે તેની સામે લાલબત્તી ધરવી પડે છે, વિરોધનો અવાજ ઉઠાવવો પડે છે, ને અસલ વાત તરફ ધ્યાન ખેંચવું પડે છે. જીવનને તેની અનેકાનેક પદ્ધતિઓ આખરે તો માનવ માટે છે, એટલે માનવની સ્વતંત્ર બુદ્ધિ ને વિચારશક્તિ તેમનું નિરંતર નિરીક્ષણ કરે તેમજ તેમનાં સારાસારને તપાસે તે જરૂરી તથા આવકારકદાયક છે.

એવો વૈરાગ્ય જે ચિત્તમાં ઉત્પન્ન થાય છે, તે ચિત્ત સહેલાઈથી વશ થઈ જાય છે. માટે જ ચિત્તની એ અવસ્થાને ‘વશીકાર’ કહેવામાં આવે છે. વળી એવા વૈરાગ્યને પણ વશીકાર કહી શકાય. કેમ કે મન ને ઈન્દ્રિયોને વશ કરવામાં તે મોટી મદદ કરે છે. તેના પ્રભાવથી મન ને ઈન્દ્રિયો સહેલાઈથી વશ થઈ જાય છે. તેવા રાગની પ્રાપ્તિ થઈ એટલે વશીકરણ મંત્ર જ મળી ગયો એમ માની લેવું. પરમાત્માની, શાંતિની કે મુક્તિની પ્રાપ્તિ માટે તે વશીકરણ મદદરૂપ થઈ પડે છે. પોતાની જાતને વશ કરવામાં પણ તે એક મોટા વશીકરણ મંત્રની ગરજ સારે છે. તેનું વશીકાર નામ એથી સાર્થક થાય છે. એવા વૈરાગ્યની પ્રાપ્તિથી જ સાચો આનંદ મળે છે. કર્મ કરવા છતાં મન તેમાંથી ઉપરામ રહીને સાચા અર્થમાં અનાસક્ત પણ ત્યારે જ થઈ શકે છે.

### [૧૬] પરવૈરાગ્ય

એવા વૈરાગ્યની પ્રાપ્તિ થઈ જાય એટલે પછી ‘કર્તા છતાં અકર્તા’ રહેવાની વાત પણ સહેલાઈથી સમજાઈ જાય છે ને સહજ બની જાય છે. કર્મો ભલે ને સ્વધર્મના પાલનની કે બીજી દૃષ્ટિએ ગમે તેવાં તેમ જ ગમે તેટલાં થયા કરે, મન તેનાથી પર ને અલિપ્ત જ રહે છે. મનનો એવો સહજ સ્વભાવ બની જાય છે. જનક વિશે કહેવાય છે કે પોતાનો એક હાથ તે સ્ત્રીના શરીર પર રાખતાં ને બીજો અગ્નિમાં. એવી અવસ્થા પછી સહજ થઈ જાય છે. એનો અર્થ એવો નથી કે આપણે આપણો હાથ અગ્નિમાં રાખીશું. એ રીતે કરવા જઈએ તો હાથ જ બળી જાય. જનક રાજા પણ ખરેખર એમ કરતા હતા એમ સમજી લેવાની જરૂર નથી. તેનો ભાવાર્થ આપણે ગ્રહણ કરવાનો છે. જનક બીજા હાથને અગ્નિમાં રાખતા એનો અર્થ એ કે સદા

વિચારતા કે સ્ત્રીના જે શરીર પર આ હાથ છે તે શરીર એક વાર આ સ્મશાનના અગ્નિમાં બાળીને ખાખ થઈ જવાનું છે. એવો વિચાર તેમને સહેજે આવતો ને તેને પરિણામે તેમનું મન સ્ત્રીમાં ફસાઈ કે લપટાઈને ભાન ના ભૂલતું. તેમના જ્ઞાનની જ્યોતિ સદાય જાગ્રત રહેતી. તે જાગૃતિની પાછળ તેમનો અખંડ, મજબૂત ઢાલ કે વફાદાર ચોકીદાર જેવો વૈરાગ્ય હતો. તેથી જ તે વિદેહી ને મહાન જ્ઞાની ગણાતા. વ્યાસ જેવા મહાન ઋષિએ પોતાના પુત્ર શુકદેવને તેમની પાસે તેથી જ જ્ઞાન લેવા મોકલ્યો હતો. ભગવાન કૃષ્ણની દશા પણ એવી જ ઉત્તમ હતી.

સાધારણ માણસ તો મોહિત કરનારાં કે ભરમાવનારાં પદાર્થોને જોતાંવેંત જ ભાન ભૂલી જાય ને એમની અસર નીચે આવીને એમના રસપ્રવાહમાં સુધબુધ ભૂલીને વહેવા માંડે; જનક જેવા વૈરાગ્યવાન પુરુષોની વાત જુદી છે. તેમનો વિવેક એમનો અંગરક્ષક બનીને આઠે પહોર એમના અંતરમાં ઊભો રહે છે. ગમે તેવી પરિસ્થિતિમાં પણ એમના આત્મા સાથેના અનુસંધાનનો અંત નથી આવતો. બહારથી આપણને તે ડૂબેલા ને ભાન ભૂલેલા લાગે તો પણ તે કદી ભાન નથી ભૂલતા. તેમનું જ્ઞાન ને ભાન સદા જાગ્રત જ હોય છે, પદાર્થોથી દૂર રહીને જ તે પોતાના વિવેક કે વૈરાગ્યની રક્ષા કરી શકે છે એવું નથી, તેમની વચ્ચે વસવા છતાં તે તદ્દન અલિપ્ત રહી શકે છે. તેમની બુદ્ધિમાં સંભ્રમ થઈને તેમનો વિનાશ કદી પણ થતો નથી. સ્ત્રી, ધન, પરિવાર, સત્તા, યશ, સંપત્તિ અથવા ઐશ્વર્યની વચ્ચે શ્વાસ લેવા છતાં તે તેમની મર્યાદા, અલ્પતા અને નશ્વરતા જાણતા હોય છે તથા તેમાં પરમાત્માના મહિમાની ઝાંખી કરતા હોય છે એટલે સદાય સલામત ને તેથી પર રહે છે.

જ્ઞાન ને વૈરાગ્યની પ્રાપ્તિ કાંઈ સહેલાઈથી નથી થતી. તે માટે સાધનાની જરૂર પડે છે. સાધનાની મદદથી મન પોતાના ધ્યેયના અનુભવમાં એકાગ્ર થાય છે, ત્યારે પ્રકૃતિ તેમજ પુરુષ સંબંધી જ્ઞાન મળે છે. ત્યારે તેનો વૈરાગ્ય સહજ બને છે. ત્રણ ગુણ ને તેમનાં કાર્યમાં પણ પછી કોઈ જાતની આસક્તિ નથી રહેતી. ત્રણે ગુણથી છેક અલિપ્ત થઈ જવાય છે ત્યારે માણસ તદ્દન નિષ્કામ ને આત્મારામ બની જાય છે. આત્મિક શાંતિ ને આત્માનંદનો અનુભવ કરીને તે ધન્ય બને છે. તેને પતંજલિ પરવૈરાગ્ય કહીને ઓળખાવે છે. એને અસાધારણ અથવા ઉત્તમ વૈરાગ્યનું નામ પણ આપી શકાય.

એવા વૈરાગ્યવાળા પુરુષને ત્રણ ગુણ ને તેમનાં કાર્યમાં પણ આસક્તિ નથી રહેતી એટલે શું સમજવું ? પ્રકૃતિના ત્રણ ગુણ સત્વ, રજ ને તમ છે. પરવૈરાગ્યવાળો પુરુષ તે ત્રણેના પ્રભાવથી પર જઈને પરમાત્માને જાણી લે છે અથવા તો નિરોધની શાંત દશામાં એ પરમાત્માનો અનુભવ કરે છે. તે ત્રણે ગુણના કાર્યમાં પણ એને આસક્તિ નથી રહેતી. સત્વગુણ મુખ્યત્વે જ્ઞાન ને સાત્વિક આનંદમાં સમાઈ જાય છે. માણસે તેના બંધનમાંથી પણ છૂટવું જોઈએ. એટલે જ્ઞાનના ગર્વ, ઘમંડ ને નશામાં સપડાઈને તેણે પરમાત્માને અનુભવવાની વાતને વિસરી જવી ના જોઈએ. આનંદ ગમે તેટલો ઉત્તમ ને સાત્વિક હોય તો પણ તેને જ સર્વસ્વ માનીને બેસી રહેવાને બદલે તેના મૂળાધાર કે ભંડાર પરમાત્માને જાણવાનો પ્રયાસ કરવો જોઈએ. આપણે જોઈએ છીએ કે કેટલાક લોકો જીવનભર બાહ્ય જ્ઞાનની ચર્ચાવિચારણામાં જ સમય પસાર કરે છે. તેવી ચર્ચાવિચારણા છેક નકામી નથી, પણ તેમાં જ બધો વિકાસ પૂરો થાય છે એમ માનીને બેસી રહેવું બરાબર નથી. જીવનની સફળતા, શાંતિ, ધન્યતા ને મહત્તા જ્ઞાનની જરૂરી વાતોનો અમલ

કરવાથી જ મળે છે એ યાદ રાખવાનું છે. એટલી વાત યાદ રહે તો બાહ્ય જ્ઞાન પર વધારે ભાર મૂકવાને બદલે રોજિંદા વ્યવહારને સર્વોત્તમ બનાવવાનું ધ્યાન આપણે વધારે રાખીએ ને એ રીતે વિકાસની દિશામાં ધીરે છતાં મક્કમ ને ચોક્કસપણે આગળ વધી શકીએ.

ભોગ, વિલાસ ને અતિ પ્રવૃત્તિ રજનાં મુખ્ય ગુણધર્મો છે. તેના નશામાંથી પણ સમજુ માણસે છૂટવાનું છે. શરીર ને ઈન્દ્રિયોનાં વિષયોમાં ફસાઈ તેમજ ભાન ભૂલીને માણસ બેસી રહે તો સમય ને શક્તિનો સદ્ઉપયોગ કરીને આત્મોન્નતિને માર્ગે આગળ ના વધી શકે. પ્રવૃત્તિની અતિશયતામાંથી પણ તેણે બચવાનું છે. પ્રવૃત્તિ આંધળુકિયાં કરીને કરાતી ના હોય પણ વિવેકવાળી તેમજ પ્રગતિને પોષક હોય તેનું ધ્યાન રાખવાનું છે. બધી પ્રવૃત્તિ સાધનામય હોય ને સાધનામાં પોષક હોય તે જરૂરી છે. ધીરે ધીરે એવી પરિસ્થિતિ સાધકે પેદા કરવાની છે. સાધના કે આત્મોન્નતિના માર્ગમાં આનંદ, રસ ને બાહ્ય સુખને લેશ પણ સ્થાન નથી એવું નથી. સાધનાનો માર્ગ કોઈ નીરસ કે દુઃખદ યાતનાનો માર્ગ નથી. તે કોઈ કેદખાનું પણ નથી. તે માર્ગના મુસાફરને પોતાની અંદરથી જ અનંત આનંદ, રસ ને સુખ મળી રહે છે. તેથી તેને બીજા રસ, સુખ કે આનંદની ઈચ્છા, સ્પૃહા કે તૃષ્ણા નથી રહેતી. છતાં પણ કોઈ સાધક એવી અવસ્થાએ ના પહોંચ્યો હોય ને પોતાની રુચિ પ્રમાણે બાહ્યરસ કે સુખનો સ્વાદ લેતો હોય તો ભલે લે. ફક્ત તેમાં તેણે કેદ થઈને ભાન ભૂલી જવાનું નથી. આત્મોન્નતિની સાધનામાં તેણે નિરંતર આગળ વધતા રહેવાનું છે. બાહ્યરસ ને સુખના ઉપયોગની વૃત્તિ ક્રમે ક્રમે શાંત થઈ જશે.

તમોગુણના સારરૂપ જડતા, પ્રમાદ, આળસ, અજ્ઞાન, સંકુચિતતા ને વેરભાવને પોષવાનું તો કોઈયે નહિ કહી શકે. તે ઉપરાંત ઉત્તમ વૈરાગ્યવાળા માનવનું મન પ્રકૃતિમાંથી પણ ઉપરામ થઈ જાય છે. પ્રકૃતિમય જગતમાં પણ તે નથી લાગી શકતું. જગતની નશ્વરતાને તે જાણે છે; તેથી જગતના કોઈયે પદાર્થમાં તે બંધાતું નથી.

પરમાત્માનો પ્રેમ પ્રકટવાથી, પરમાત્માને જાણવા અથવા અનુભવવાની લાગણી લાગવાથી વૈરાગ્યનો જન્મ સહેજે થઈ શકે છે, ને જન્મેલો વૈરાગ્ય પ્રબળ બનીને કાયમને માટે પ્રકાશે છે પણ ત્યારે જ. વૈરાગ્ય એ રીતે પ્રકટવો જોઈએ. બાકી કોઈ દુઃખથી, તકરારથી, રોગથી, ક્લેશથી, અભાવથી, ધાકધમકીથી ને સ્વર્ગ કે પરલોકના પ્રલોભનથી થયેલો ને જગાવેલો વૈરાગ્ય સ્થાયી નથી હોતો. તેવા તકલાદી કે કામચલાઉ વૈરાગ્યથી કોઈ વિશેષ હેતુ પણ નથી સરતો. વૈરાગ્યનો ભાવ અંતરના ઊંડાણમાંથી સહજ રીતે જ પ્રકટે ત્યારે કાયમી બને છે ને જીવનનું કલ્યાણ ત્યારે જ કરે છે.

પતંજલિએ આ રીતે વૈરાગ્યના બે ભેદ કહી બતાવ્યા છે. પરવૈરાગ્ય પરમાત્માના અનુભવ પછી જ વધારે દૃઢ થઈ શકે છે. એ દૃષ્ટિએ જોતાં આપણે એમ કહી શકીએ કે પહેલો વૈરાગ્ય પરમાત્માના દર્શન પહેલાંનો ને બીજો દર્શન પછીનો છે. પહેલો વૈરાગ્ય બહારના વિષયોનો ને બીજો એથી આગળ વધીને અંદરનો, મન ને પ્રકૃત્તિનો છે. વિવેક તેનો પાયો છે ને મનના નિરોધ દ્વારા સ્વરૂપનો સાક્ષાત્કાર તેની સફળતા ને પૂર્ણાહુતિ.

**[૧૭] સમાધિના ચાર ભેદ**

અભ્યાસ ને વૈરાગ્યની મદદથી ચિત્તવૃત્તિનો નિરોધ થઈ શકે છે. એ વિશે થોડી ઘણી વિચારણા આપણે કરી ગયા. ચિત્તવૃત્તિના નિરોધને સમાધિ પણ કહે છે. તે સમાધિના મુખ્ય બે પ્રકાર છે; સંપ્રજ્ઞાત ને અસંપ્રજ્ઞાત, તેમાં સંપ્રજ્ઞાત સમાધિ શરૂઆતની છે ને પતંજલિએ તેના ચાર ભેદ કહી બતાવ્યા છે. સવિતર્ક, સવિચાર, આનંદવાળી ને અસ્મિતવાળી સમાધિ.

સંપ્રજ્ઞાત સમાધિના એ ભેદનો વિચાર શરૂ કરીએ તે પહેલાં સંપ્રજ્ઞાત સમાધિ વિશે થોડીક સમજ મેળવી લઈએ. ધારો કે સાકરના એક ગાંગડાને આપણે પાણીથી ભરેલી વાડકીમાં મૂક્યો છે. તે ગાંગડાનું શું થાય છે ? ધીરે ધીરે તે ઓગળવા માંડે છે. તે પૂરેપૂરો ઓગળી ના જાય ત્યાં સુધી તેનું પાણીથી અલગ અસ્તિત્વ રહે છે, પાણી પણ રહે છે, ને ઓગળવાની ક્રિયા પણ ચાલ્યા કરે છે. સાકર તો જડ છે; નહિ તો ઓગળવાના આનંદ કે શોકનો અનુભવ પણ તે જરૂર કરી શકત. છેવટે તે સંપૂર્ણપણે ઓગળી જાય છે ત્યારે માત્ર પાણી જ બાકી રહે છે. પણ પાણી મીઠું હોય છે તેથી આપણને ખાતરી થાય છે કે સાકર તેમાં ભળીને એકાકાર થઈ ગઈ છે. કેટલીક રસાયણિક ક્રિયા કરીએ તો સાકરને પાછી પણ મેળવી શકાય. મનની વાત પણ એવી જ છે. સમાધિમાં તેને સંપૂર્ણપણે ડૂબી જતાં ને પોતાના મૂળ સ્વરૂપનો અથવા પરમાત્માનો અનુભવ કરતાં વાર લાગે છે. સાકરના પેલા ગાંગડાની જેમ પરમાત્મામાં મળીને એકદમ એકાકાર થઈ જવાનું કામ કંઈ સહેલું ને વાત વાતમાં સિદ્ધ થઈ જાય તેવું નથી. ને પહેલાં તો મનને સતત તાલીમ આપવી પડે છે ને ઉત્સાહપૂર્વકની કઠોર સાધનામાંથી પસાર કરવું પડે છે. શરૂઆતમાં તો તે સમધિના અનુભવમાં ધીરે ધીરે આગળ વધે છે. તે વખતે તેની દશા પેલા સાકરના ગાંગડા જેવી જ હોય છે. એટલે કે તેનું પોતાનું અલગ અસ્તિત્વ બાકી રહે છે, પરમાત્માનું અસ્તિત્વ પણ રહે છે ને સમાધિમા થતાં એક યા બીજી જાતના અનુભવના હર્ષ કે સુખને પણ તે અનુભવે છે. તે પોતે દૃષ્ટા થઈને બીજા પદાર્થોનું રક્ષણ કરે છે ને દર્શનનો આનંદ અનુભવે છે. ધ્યાતા, ધ્યાન ને ધ્યેય એવી ત્રિપુટી તે વખતે અસ્તિત્વ ધરાવે છે. તેને આપણે દ્રષ્ટા, દ્રશ્ય ને દર્શન પણ કહી શકીએ. સાર એનો એક જ છે કે એ અવસ્થામાં મન સમાધિમા જોડાયું છે ખરું પણ સંપૂર્ણપણે શાંત થઈને પરમાત્માની સાથે એકાકાર અથવા એકરૂપ નથી બન્યું. એ વખતે એ પોતાના મૂળરૂપ પરમાત્માનો નહિ પણ બીજી કોઈ વસ્તુ કે બીજા કોઈ વિષયનો અનુભવ કરે છે. એવી અવસ્થાને સંપ્રજ્ઞાત સમાધિની અવસ્થાનું નામ આપવામાં આવ્યું છે.

સમાધિના આ બધા ભેદ અત્યંત સૂક્ષ્મ છે. સાધારણ માણસની વાત બાજુએ રાખીએ- મોટા મોટા વિદ્વાન ને પંડિતોને માટે પણ તેમને સારી રીતે સમજવાનું કે સમજાવવાનું કામ કઠીન છે કે લોઢાના ચણા ચાવવા જેવું ભારે છે. કેમ કે આ કામ મુખ્યત્વે બુદ્ધિનું નહિ પણ અનુભૂતિનું છે, ને સ્વાનુભવ સિવાય સમજી કે સમજાવી શકાય તેવું નથી જ.

૧) સવિતર્ક સમાધિઃ- ગીતામાં ચાર પ્રકારના ભક્તો વિશે કહેવામાં આવ્યું છે. તેમાં જિજ્ઞાસુ ભક્તનો ઉલ્લેખ પણ આવી જાય છે. સવિતર્ક સમાધિ એવી જ રીતે જિજ્ઞાસુ સાધક કે યોગીની સમાધિ છે. કેટલાક યોગી પુરુષો જુદી જુદી જાતની જીજ્ઞાસાવાળાં હોય છે. બહારના જગતનું જ્ઞાન મેળવવાની ને પ્રકૃતિનાં રહસ્યોનો ઉકેલ કરવાની તેમની ઈચ્છા હોય છે. ચૌદ ભુવન ને શરીરની અંદરની કુંડલિની, ચક્ર, નાડી સમૂહ આદિ વિષયોનું જ્ઞાન મેળવવાની તેમની ઈચ્છા હોય છે. એવું જ્ઞાન શાસ્ત્રોમાં દેખાય છે પણ ખરું. એ બધું

જ્ઞાન ક્યાંથી આવ્યું ? ઋષિઓએ તે સમાધિ દશામાં દિવ્યદૃષ્ટિની મદદથી મેળવેલું છે, અથવા તો પોતાના ઈષ્ટદેવતાની કૃપાથી પ્રાપ્ત કરેલું છે. એવી રીતે પોતાની અંદરના ને બહારના વિશાળ વિશ્વના રહસ્યનું જ્ઞાન મેળવવાની જેને ઈચ્છા થાય તે યોગી તે વિશે સંકલ્પ કરીને ધ્યાનમાં બેસે છે. તેની સંકલ્પશક્તિ અત્યંત દૃઢ હોવાથી થોડા કે વધારે વખતમાં તેની સાધનાની શક્તિ પ્રમાણે તે જ્ઞાનની પ્રાપ્તિયે કરી શકે છે. જ્ઞાનની તે માહિતી તેને સમાધિ દશામાં જ મળે છે. એવી સમાધિ જીજ્ઞાસુની સમાધિ કે સવિતર્ક સમાધિ છે. કોઈ વિશેષ તર્ક, જીજ્ઞાસા અથવા તો સંશોધનની ઈચ્છાથી પ્રેરાઈને તે થાય છે.

ધારો કે એનો આધાર એવી ઈચ્છાથી પ્રેરાઈને ના લેવાતો હોય તો પણ, એવી સમાધિની મદદથી મન અંદરના ને બહારના જગતની જુદી જુદી માહિતી મેળવે છે. માટે પણ સવિતર્ક સમાધિ કહેવામાં કાંઈ ખોટું નથી. દૂરનાં દેશો ને પદાર્થો તથા ઘટનાઓનું જ્ઞાન પણ એ સમાધિમાં થાય. ટૂંકમાં કહીએ તો પરમાત્માની નહિ પરમાત્માની સૃષ્ટિની નાનીમોટી બધી જ વાતોની માહિતી તે દ્વારા મળી શકે. આ વાત આપણામાંનાં કેટલાકને અજાયબી ભરેલી ને અતિશયોક્તિ ભરેલી લાગશે. પણ એમાં અજાયબી કે અતિશયોક્તિ જેવું કાંઈ જ નથી. અજાયબી લાગવાનું કારણ એટલું જ છે કે માણસે પોતાની દૃષ્ટિ ને શક્તિ હજી વિકસાવી નથી. તેની પોતાની અંદર શક્તિનો ભંડાર ભરેલો છે તેની તેને ભાગ્યે જ ખબર છે. પરિણામે મન, અંતર ને ઈન્દ્રિયોની શક્તિ અવિકસિત દશામાં જ રહી જાય છે અથવા તો વેડફાઈ જાય છે, તથા આત્મોન્નતિમાં આપવો જોઈએ તેવો ફાળો આપી શકતી નથી. માણસ જમીનમાં, અવકાશમાં, નદી ને સાગરમાં ને વરાળમાં શક્તિનું દર્શન કરી તે સૌના ઉપયોગની મોટીમોટી યોજનાઓ બનાવે છે. તે જોઈને આપણને આનંદ થાય છે. પરંતુ પોતાની અંદર પણ શક્તિનો મોટો ખજાનો પડેલો છે, ને તેના સદુપયોગથી ચમત્કારો સર્જી શકાય છે. જીવનને ઉજ્જવળમાં ઉજ્જવળ બનાવી શકાય છે, તે વાતનું તેને જોઈએ તેવું ભાન નથી એ ખરેખર ખેદજનક છે. એનું ધ્યાન રાખીને આપણા યોગી ને ઋષિવરોએ પોતાની જાતના વિકાસની સાધના કરી છે, ને પરિણામે તેમને જે મળ્યું છે તે તેમણે તદ્દન પ્રામાણિકપણે વાસ્તવિકતાને વફાદાર રહીને સૌના હિત માટે રજૂ કર્યું છે. પતંજલિ યોગદર્શન એવો જ એક શાશ્વત શિલાલેખ કે દસ્તાવેજી પુરાવો છે. આજે પણ એનો આધાર લઈને જે સાધના કરે તે તેની સત્યતાની ખાત્રી કરી શકે છે. પણ માણસ પાસે એટલો વખત જ ક્યાં છે ? વખત છે તો તેવા વિકાસની દૃષ્ટિ નથી. જેમની પાસે દૃષ્ટિ છે તેમનામાં ઘણા પાસે વિકાસની વૃત્તિ નથી. સાધના માટે જે જરૂરી વૃત્તિ જોઈએ એનો પણ અભાવ છે. એટલે સાધનાની વાતો સાંભળીને નવાઈ પામવાનું ને તેમને અતિશયોક્તિ કે ટાઢા પહોરનાં ગપ્પાં કહીને ઉડાવી દેવાનું કામ જ બાકી રહ્યું છે. સાધનાની સફળતા ચાહનારા ને આત્મિક ઉન્નતિમાં માનનારા માણસે વધારે ધ્યાન પોતાની જાત તરફ આપવાનું છે ને પોતાની જાતમાં ડૂબકી મારતાં શીખવાનું છે. તો જ તેને સ્વાનુભવનાં મહામોતી મળી શકે.

ભારતમાં એવા મહાપુરુષો થતાં જ રહે છે. સાધારણ પ્રજાની શ્રદ્ધાને એ બળવત્તર બનાવે છે. બાબા ગંભીરનાથજી એવાં યોગી પુરુષ હતા. તેમના જીવનના એક પ્રસંગનો ઉલ્લેખ એટલા માટે કરીએ છીએ કે તે સવિતર્ક સમાધિને સમજવામાં મદદ કરશે. ગંભીરનાથજી ગોરખપુરમાં રહેતા હતા તે વખતે તેમની પાસે નિયમિત જનારા એક ભક્તે તેમને પોતાના પુત્રની વાત ભારે દુઃખથી કહી બતાવી. તેમણે કહ્યું કે તેમનો

પુત્ર ભારે બીમાર છે એવા સમાચાર તેમને થોડા દિવસ પહેલાં પરદેશથી મળ્યા હતા પણ પછી કોઈ જ સમાચાર ના હોવાથી ખૂબ ચિંતા રહે છે. ગંભીરનાથજીએ તે ભાઈના દુઃખથી પ્રભાવિત થઈને તેમને ત્યાં જ બેસી રહેવા કહ્યું ને પોતે અંદરના ઓરડામાં જઈને ધ્યાનમાં બેઠા. થોડા વખત પછી તે બહાર આવીને કહેવા લાગ્યાં કે તે ભાઈની બિમારી મટી ગઈ છે ને હવે અહીં આવી રહ્યા છે. હાલ તે સ્ટીમરમાં મુસાફરી કરી રહ્યા છે, ને થોડા દિવસોમાં જ અહીં આવશે.

પેલા ભાઈએ એ બધું સાંભળીને ભારે નવાઈ લાગી ! થોડા જ દિવસોમાં તેમનો પુત્ર તેમની પાસે આવી પહોંચ્યો ત્યારે તેને ક્ષેમકુશળ જોઈને તેમનો વિશ્વાસ અનેક ગણો વધી પડ્યો. તેને લઈને બીજે દિવસે તે ગંભીરનાથજી પાસે આવ્યા તો તે છોકરો બાબાના ચરણમાં પડ્યો ને કહેવા લાગ્યો કે આમને તો મેં જોયા છે ! થોડા દિવસ પહેલાં જ બાબા સ્ટીમર પરની મારી કેબિનમાં આવીને મારી સાથે વાતો કરી ગયા છે; તે અહીં ક્યાંથી ?

વધારે માહિતી મેળવતાં ખબર પડી કે તે દિવસે બાબા પોતાના ઓરડામાં ગયેલા ત્યારે જ તે સ્ટીમર પર સૂક્ષ્મ શરીરે એ ભાઈને મળેલા. બાબામાં એવી કેટલીક મહાન શક્તિઓ હતી. સવિતર્ક સમાધિ દ્વારા એ રીતે યોગી જે વસ્તુ જાણવા માગે તે વસ્તુને જાણી શકે છે. સૂક્ષ્મ શરીરથી ક્યાંય બહાર ગયા વિના શરીરમાં રહીને પણ તે જ્ઞાન મેળવી શકે છે.

૨) સવિચાર સમાધિઃ- બીજી સમાધિ સવિચાર સમાધિ છે. સવિતર્ક સમાધિથી એ જરાક જુદી પડે છે. તે જ્ઞાની ભક્તની જેમ જ્ઞાની સાધકની સમાધિ છે. તે સમાધિની મદદથી સાધકને કોઈ બાહ્ય પદાર્થ કે ઘટનાઓનું જ્ઞાન મેળવવાની ઈચ્છા નથી હોતી, પરંતુ શાંતિ મેળવવાની જ ભાવના હોય છે. તે સમાધિની અવસ્થા કોઈ ઊંચી ભાવનાનો આધાર લઈને ધ્યાનની સાધના કરવાથી છેવટે પ્રાપ્ત થાય છે. અથવા તો આત્મા અથવા પરમાત્માના સ્વરૂપનો વિચાર કરવાથી અનુભવાય છે. અથવા કોઈ મંત્રના જપ કે ચાર મહાવાક્યમાંથી કોઈ વાક્યનો વિચાર કરતાં કરતાં છેવટે તેની પ્રાપ્તિ થઈ જાય છે. તેવી સમાધિમાં સવિતર્ક સમાધિની માફક પ્રકૃતિનું જ્ઞાન નથી થતું. પુરુષ કે પરમાત્માનું જ્ઞાન પણ શરૂઆતમાં નથી થતું. મન એ અવસ્થામાં જીવતું હોય છે, ને કેટલીક વાર તેની મદદથી યોગી કોઈ સિદ્ધ પુરુષ, દેવીદેવતા કે ચંદ્ર ને જ્યોતિનું દર્શન કરી શકે છે. વળી એવી સમાધિની દશામાં તે કોઈ સંકેત, પ્રેરણા, આદેશ, મંત્ર ને તેનું રહસ્ય, દીક્ષા ને સાધના કે યોગની ક્રિયાનું ગુપ્ત જ્ઞાન અથવા કોઈ આવશ્યક ને ગૂઢ વિષયનો ઉપદેશ પણ મેળવે છે. પોતાના ને બીજાના ભૂત, ભાવિ ને વર્તમાનની માહિતી પણ મેળવી શકે છે. એવા બધા અનુભવ એની પોતાની ઈચ્છા ના હોય તો પણ તેને થયા કરે છે. ઈશ્વર હોય તો તેવા બધા અનુભવનું રહસ્ય એની આગળ ખુલ્લું થાય છે. એથી એનો આત્મવિશ્વાસ ને ઉત્સાહ વધે છે તેમજ સાધનામાં મોટી મદદ મળે છે. પોતે જે માર્ગે મુસાફરી શરૂ કરી છે તે માર્ગ સાચો છે તેની તેને ખાત્રી પણ થઈ રહે છે. એવાં બધાં અનુભવો આનંદદાયક છે. છતાં પણ સાધકે એથી વધારે પડતા પ્રભાવિત થઈને એટલા જ આનંદથી ઓડકાર ખાઈને બેસી રહેવાની ભૂલમાં નથી પડવાનું. એ અનુભવોમાંથી જરૂરી પ્રેરણા, શક્તિ ને શ્રદ્ધા મેળવીને પોતાનો પ્રવાસ આગળ ને આગળ ચાલુ રાખવાનો છે ને સ્વરૂપનું દર્શન કરવા તૈયાર થવાનું છે. હા, સમાધિ ને તે પણ આવા અનુભવોવાળી સમાધિ માનવના સાધનાત્મક વિકાસનું એક મોટું ચિહ્ન છે એમાં શંકા નથી.

પોતાનો અંતરંગ વિકાસ કરીને માનવ કેવી ભૂમિકાએ પહોંચી શકે છે, તેનો આપણને તે પરથી ખ્યાલ આવે છે. તેની સામે વિકાસની જે મહાન શક્યતા પડેલી છે તે પણ સમજી શકાય છે. તે જ્યારે ધારે, ને ધારણાને સફળ કરવા યોગ્ય દિશામાં મન મૂકીને મહેનત કરે તો બધું જ કરી શકે. ઈશ્વરની કૃપાથી કાંઈ જ અસંભવ ના રહે.

૩) આનંદવાળી સમાધિઃ- ત્રીજી જાતની સમાધિ અલૌકિક આનંદનો અનુભવ કરાવનારી છે, તેથી આનંદવાળી સમાધિ કહેવાય છે. યોગીને તે આનંદના અસીમ સાગરમાં સ્નાન કરાવે છે ને ડુબાડે છે. એ આનંદ બીજા કોઈનો નહિ પણ પરમાત્માનો જ છે પરંતુ પરમાત્માના પ્રત્યક્ષ અનુભવ પહેલાનો છે. એવી સમાધિમાં કોઈ દર્શન નથી થતું, પણ મન એક પ્રકારના આનંદનો જ અનુભવ કરે છે. ખરી રીતે જોતાં તો શરીરથી ઉપર ઊઠવાની કે દેહાધ્યાસથી પર થવાની અવસ્થા જ એવી અસાધારણ ને વિશેષ છે કે એની પ્રાપ્તિ થતાં જ યોગીને રોમાંચ થાય છે. એનું તન, મન ને અંતર આનંદી ઊઠે છે. એ આનંદ અથવા પ્રસન્નતાની ઝલકથી એની મુખાકૃતિ, આંખ તથા વાણીમાં ને એના રોમેરોમમાં રસ ને શાંતિના ફુવારા ઊડતાં હોય છે. કોઈ મોંઘી મિલકત મળી હોય તેવો લાભ થાય છે.

પરમાત્મા જ આનંદના પરમ સાગર રૂપ છે. એમના અનુભવથી યોગી મુક્ત જરૂર બને છે પણ સમાધિની આટલી ભૂમિકા સુધી પતંજલિ કહે છે તેમ યોગી ફક્ત આનંદને જ અનુભવે છે ને પરમાત્માને નહિ એ ધ્યાન રાખવાનું છે.

૪) અસ્મિતાવાળી સમાધિઃ- હવે ચોથી અસ્મિતાવાળી સમાધિ વિશે જોઈએ. એ સમાધિમાં યોગીને આનંદ, શાંતિ કે કશાનો અનુભવ નથી થતો. ફક્ત એના અહંભાવનો એક સૂક્ષ્માતિસૂક્ષ્મ અંશ બાકી રહે છે. તેનું પૂરું ભાન લુપ્ત નથી થતું. શરીર ને તેની આજુબાજુની દુનિયાનું ભાન છે તે ભુલી જાય છે, પરંતુ મન તદ્દન સૂક્ષ્મરૂપે તે દશામાં જાગતું હોવાથી પોતાની હયાતિ કે પોતાના અસ્તિત્વનો અનુભવ તે કરી શકે છે. એટલે જાગૃતિમાં આવ્યા પછી યોગી પોતે સમાધિમાં ખાસ અગત્યનું એવું કશું જ અનુભવતો ન હતો એવો અનુભવ લઈને બહાર આવે છે. કશો જ ખાસ અનુભવ ના કરનારી એની અસ્મિતા એ અવસ્થામાં જાગ્રત હોય છે. એની ખાત્રી એના પરથી સહેજે થઈ શકે છે.

### [૧૮] અસંપ્રજ્ઞાત સમાધિ

સંપ્રજ્ઞાત સમાધિ વિશે ઊડતો ઉલ્લેખ કર્યા પછી મહર્ષિ પતંજલિ હવે એક બીજી જાતની અસંપ્રજ્ઞાત સમાધિનો ઉલ્લેખ કરે છે. એ સમાધિને સમજવામાં મદદ મળે તે માટે એટલું સમજી લેવાની ખાસ જરૂર છે કે સંપ્રજ્ઞાત સમાધિની પેઠે એ સમાધિ દ્વારા સાધક કોઈ અંદરનાં બહારનાં પદાર્થોની માહિતી મેળવવા નથી માંગતો. કોઈ વિશેષ જ્ઞાનનાં રહસ્યોના ઉદ્‌ઘાટનની પણ તેને ઈચ્છા નથી કે કોઈ સંત, સિદ્ધપુરુષ કે દેવી-દેવતાના અથવા તો કોઈ બીજા અસાધારણ દર્શનની પણ તેને કામના નથી હોતી. કેવળ આનંદનો અનુભવ કરીને પોતાની જાતને કૃતાર્થ માની બેસી રહેવાની વૃત્તિમાં પણ તે નથી માનતો. તે તો પ્રારંભથી જ પોતાના મૂળ સ્વરૂપના અનુભવ અથવા તો પરમાત્માના સાક્ષાત્કારની ભાવનાથી પ્રેરાયેલો હોય છે. એ જ લગનને

લઈને તે સાધનાના ક્ષેત્રમાં પડ્યો હોય છે ને જુદાં જુદાં વચગાળાનાં અનુભવોમાંથી પસાર થતાં પ્રેરણા, પથપ્રદર્શન તે ઉત્સાહ મેળવીને આગળ વધતો હોય છે.

પોતાના અસલ સ્વરૂપને અથવા પરમાત્માનો અનુભવ કરવાની ઈચ્છાથી પ્રેરાયેલો એ સાધક પરમાત્માનું ધ્યાન કરતો હોય છે. મનને પરમાત્મામય કરવાના પ્રયત્ન કરતાં તે સાધનાના અંતરંગ પ્રદેશમાં આગળ ને આગળ વધતો જાય છે. તેની પાસે ધ્યેયની પ્રાપ્તિનો તીવ્ર ને દૃઢ સંકલ્પ હોય છે, એને અનુકૂળ પુરુષાર્થ હોય છે, ને વૈરાગ્યની આગળ પર કહી તેવી ઉત્તમ ભાવના હોય છે. એટલે એ અત્યંત સફળતા સાથે આગેકૂચ કરતો જાય છે. પરિણામે શું થાય છે ? સાકરનો ગાંગડો પાણીમાં ક્રમે ક્રમે સંપૂર્ણપણે ઓગળીને એકાકાર બની જાય તેમ તેનું ધ્યાનમાં જોડાયેલું મન પોતાના મૂળ સ્વરૂપમાં સંપૂર્ણપણે ડૂબી જાય છે. અથવા તો એમ કહો તે પરમાત્માની સાથે એકાકાર બની રહે છે. તેમ થતાં પહેલાં તે પરમાત્માનો એક યા બીજી રીતે અનુભવ કરે છે. એક યા બીજી રીતે કહેવાનું કારણ એ જ કે એકમેકથી વત્તાઓછા પ્રમાણમાં જુદી પડે છે છતાં એમની વચ્ચે એકવાક્યતા જરૂર છે કે એમને કંઈક મહત્વનું મળ્યું છે. એમને પોતાના અંદરના પરમાત્માને એક યા બીજી રીતે અનુભવ્યા છે. તેમ જ એવા અલૌકિક અનુભવને લીધે તેમણે પરમ શાંતિની પ્રાપ્તિ થઈ છે. તેમની ભેદભાવના સમૂળગી મટી ગઈ છે. સ્વરૂપનો સાક્ષાત્કાર કરવાની તેમની મમતા એ રીતે કૃતાર્થ થઈ છે.

આટલા વિવરણ પરથી સારી પેઠે સમજાશે કે સમાધિના ઉત્તમ અનુભવની એ અવસ્થા જડ નથી. તે તદ્દન શૂન્ય અથવા અભાવાત્મક પણ નથી. કેટલાકે તેને તેવી માની લીધી છે, ને પરિણામે જુદી જુદી જાતનાં વાદવિવાદ ઊભા થાય છે. દૃષ્ટિબિંદુની ભિન્નતાને લીધે જ એવી જુદી માન્યતા સુધારવા જેવી છે. કેમ કે શૂન્ય અથવા આપણું મૂળ સ્વરૂપ પણ અભાવરૂપ ના જ હોઈ શકે. આપણે સત્ય સ્વરૂપ છીએ તો આપણું મૂળ સ્વરૂપ પણ અભાવરૂપ ના જ હોઈ શકે. આપણે સત્ય સ્વરૂપ છીએ તો આપણું મૂળ સ્વરૂપ પણ તેવું જ હોય એ વાત સહેજે સમજી શકાય તેવી છે.

ગીતાના છઠ્ઠા અધ્યાયમાં એવી સમાધિદશાનું વર્ણન કરેલું છે. શ્રી શંકરાચાર્યે પણ એની સમજ પોતાના વિવેક ચુડામણી ગ્રંથમાં બહુ જ સારી રીતે પાડી છે. ટૂંકમાં કહીએ તો માનવના સાધનાત્મક જીવની એ એક સર્વોત્તમ સિદ્ધિ છે, ધન્યતા છે, ને એથી વિશેષ શાંતિદાયક તેમ જ સુખકારક લાભ બીજો કોઈ જ નથી. જે કેટલાક બીજા સ્થૂળ ને નાનામોટા લાભ છે તે એની મદદથી વખત વીતતાં આપોઆપ આવી મળે છે. માટે એ લાભને અત્યંત અગત્યનો માનીને સાધકે તેને મેળવવા મહેનત કરવી જોઈએ.

સમાધિની એ અવસ્થામાંથી યોગી જાગ્રત શા માટે થાય છે ? શા માટે તેવું મન પરમાત્મામાં કાયમ માટે મળેલું નથી રહેતું ને તેનું શરીર સદાને માટે શાંત નથી ? કોઈ વાર તેવું થાય પણ ખરું પણ વધારે ભાગે તો તે સમાધિમાંથી જાગે છે ને ફરી વ્યવહાર કરે છે. અલબત્ત, તેની અંદર એવા અલૌકિક અનુભવને લીધે આમૂલ ફેરફાર થઈ જાય છે. તેનામાં ઊંડી શાંતિ ને સ્થિરતાનું દર્શન થાય છે. પણ તે જાગે છે એ નક્કી, કેમ કે તેને જાગવાની ઈચ્છા હોય છે, તદ્દન શાંત થઈ જવાની નહિ. તે ઈચ્છા, તે સંકલ્પ તેને ફરી ફરી જગાડે છે. એક બીજી વાત પણ સમજવાની છે. તે એ કે યોગીના પૂર્વસંસ્કાર તેને જાગ્રત કરે છે ને સ્થૂળ જગત ખેંચી લાવે છે. તેના બાકી રહેલાં કર્મ ને તેનો બાકી રહેલો શરીર તેમ જ બાકીના સંસાર સાથેનો

ઋણાનુબંધ તેને એ અવસ્થામાંથી બહાર લાવે છે ને એને અનુસરીને યોગી પછી વ્યવહાર કરે છે. જો કર્મના તેના સંસ્કાર કે સંબંધનો અંત આવ્યો હોય તો તેનું શરીર શાંત પણ થઈ જાય છે. એવી સમાધિમાં મળી ગયેલા મનના પહેલાંના થોડા ઘણા ભાવ, વિચાર ને સંસ્કાર શેષ રહી જાય છે. માટે તો સમાધિમાંથી ઊઠ્યા પછી યોગી 'આ મારું ઘર, આ મારા સ્નેહી' એવી સાત્વિક વૃત્તિનો અનુભવ કરે છે. તેવી વૃત્તિ ને તેને પરિણામે થતી પ્રવૃત્તિ તેને બંધનકારક કદી પણ નથી થતી એટલું યાદ રાખવાનું છે.

એટલે અસંપ્રજ્ઞાત સમાધિ સંપૂર્ણ સુખ, શાંતિ ને વિશ્રાંતિનો અનુભવ કરાવનારી છે. વળી જીવનમાં પડેલા અભ્યાસના કે જીવનની ટેવો કે પ્રવૃત્તિઓનાં પહેલાનાં સંસ્કારને કાયમ રાખનારી છે. તેનાથી જીવનમુક્તિ ને જીવનની ધન્યતાનો આનંદ સહેજે મળી રહે છે.

**[૧૯] વિદેહ કે પ્રકૃતિલય યોગી**

જીવનમુક્તિ ને જીવનની ધન્યતાના એવા આનંદના અનુભવ માટે તૈયાર થવાની જરૂર છે. એને માટેની સાધનાનો આધાર લેવાની પણ એટલી જ આવશ્યક્તા છે. કેમ કે કેવળ વાતો, ભાવના કે આદર્શના સેવનથી કાંઈ જ નથી વળતું. આચારમાં એનો જેટલો પણ બને એટલો અનુવાદ કરવો પડે છે. સાધના એ માટે જ છે, ને સાધનાનું મુખ્ય કામ એ જ છે. ઊંચા આદર્શનું પારાયણ કે સેવન કરનારા કેટલાય લોકો જરૂરી સાધનાની સમજ ને રસવૃત્તિ વિના કેવળ આદર્શવાદી ને સ્વપ્નસેવી જ રહ્યાં છે. પોતાના ધારેલા જીવનને સાકાર કરવામાં તે સફળ થઈ નથી શક્યા. એથી ઊલટું બીજા કેટલાકે ઊંચા આદર્શનું સેવન કરવાની સાથે સાથે તેમને સિદ્ધ કરવાં જીવનભર બનતો પ્રયાસ કર્યો છે, તે સંપૂર્ણપણે સફળ નથી થયા તો પણ તેમને બનતો પુરુષાર્થ કરવાનો સંતોષ મળ્યો છે. જીવનની યાત્રા તો અનંત છે ને એક જીવનમાં જે નથી મળ્યું કે નથી મળતું તે કાયમને માટે નથી મળવાનું એમ માની લેવાની જરૂર નથી. મુખ્ય વસ્તુ માનવની ભાવના ને ધગશની છે. તે જો કાયમ હશે તો આની પછીના જીવનમાં પણ સિદ્ધિની સાધના ચાલુ રહેશે ને સિદ્ધિ સાંપડશે. એવી સિદ્ધિ પછી જ જીવનનો સાચો ને સંપૂર્ણ આનંદ મળી શકે છે ને બીજાં લૌકિક કર્મો પણ એ પછી જ સુંદર રીતે તથા તટસ્થતાથી થઈ શકે છે.

મહર્ષિ પતંજલિએ આગળ ઉપર કહેલી સંપ્રજ્ઞાત સમાધિ સુધી જે પહોંચી ચૂક્યા હોય તેવા યોગી વિદેહ કે પ્રકૃતિલય કહેવાય છે. સ્થૂલ શરીરના બંધનમાંથી મુક્તિ મેળવીને શરીરથી પર થવાની અથવા મનને શાંત કરવાની સાધનામાં તે પ્રવીણ થયા હોય છે. પરંતુ તેમના મનનો લય પ્રકૃતિમાં જ થતો હોય છે. હજી તેમને પરમાત્માનો સાક્ષાત્કાર નથી થયો; વળી તે સમદર્શી પણ નથી થયા, એટલે તેમણે સાધનાની મદદથી મોટી ને મહત્વની ભૂમિકા તો મેળવી છે. પરંતુ સ્વરૂપનું દર્શન નથી કર્યું. તેવા યોગીનું શરીર એટલી જ સાધનાને અંતે શાંત થઈ જાય તો તેનું શું થાય ? એ પ્રશ્ન સહેજે ઊઠે તેમ છે ને મહર્ષિ હવે એ પ્રશ્નનો ઉત્તર આપી રહ્યા છે.

ગીતાના છઠ્ઠા અધ્યાયમાં આવો પ્રશ્ન અર્જુને પૂછ્યો છે ને એનો ઉત્તર ભગવાને આપ્યો છે. પતંજલિએ અહીં આપેલા ઉત્તરના અનુસંધાનમાં એક સુંદર ટિપ્પણીરૂપે એ ઉત્તર અપાયો હોય એમ લાગે છે. એનો સાર એક જ છે કે એવો યોગી સંસારમાં ફરી જન્મે છે. તેના જન્મથી કોઈએ એમ નથી સમજવાનું કે,

તો તો તેની કરેલી સાધના નકામી ગઈ ને તેના પુરુષાર્થ પર પાણી ફરી વળ્યું. આ સંસારમાં કરેલું કોઈએ કર્મ નકામું નથી જતું. જમીનમાં નાખેલા બીજની જેમ વહેલું કે મોડું તે ફળે જ છે.

સંપ્રજ્ઞાત સમાધિ સુધી પહોંચી ચૂકેલા યોગીને સિદ્ધિ માટે વધારે રાહ જોવી નથી પડતી. મંદિરના પવિત્ર પ્રાંગણમાં તે પ્રવેશી ચૂક્યો હોય છે, ને ફક્ત બે ડગલાં આગળ વધી ગર્ભદ્વારમાં જઈને મંગલ મૂર્તિના દર્શનનું જ કામ તેને માટે બાકી હોય છે. નવા અને બીજા જન્મમાં તેનો અધૂરો રહેલો બુદ્ધિયોગ ફરી શરૂ થાય છે, બીજા કોઈનાય ઉપદેશ કે પથદર્શન વિના તેની વૃત્તિ સાધનાપરાયણ કે પ્રભુમય બને છે ને કોઈ વિશેષ પ્રકારના સાધનાક્રમ વિના જ તે આગળની ભૂમિકામાં પ્રવેશ કરીને જીવનની શાંતિ, સિદ્ધિ ને ધન્યતાને મેળવી લે છે.

### [૨૦] નિરોધમાં મદદરૂપ બીજાં સાધન

આપણે માનવજીવનની મહત્તાને યાદ રાખવાની ને જાળવવાની છે. માનવની માનવતા, મહત્તા ને શ્રેષ્ઠતાને માન આપવાની ને સમજવાની જરૂર છે. જુદાં જુદાં દેશો આજે વિજ્ઞાન ને ભૌતિક સમૃદ્ધિની દિશામાં પૂરઝડપે આગળ વધે છે ને નવી નવી નવાઈમાં નાખે તેવી સિદ્ધિ મેળવે છે. પણ તે સૌની વચ્ચે માનવનું સ્થાન ક્યાં રહે છે તે ખાસ જોવાનું છે. માનવના આત્માને વ્યવસ્થિત ને સામૂહિક રીતે ગુંગળાવવાનાં તથા તેની સ્વતંત્રતાને મારી નાખવાના પ્રયાસ કરવામાં આવે. મશીનગન, બંધ, વિમાન ને બીજી વસ્તુનું મહત્વ જેમ સ્વીકારવામાં આવે છે તેમ માનવનું પણ મહત્વ છે એ યાદ રાખી તે પ્રમાણે વર્તવાની જરૂર છે. માનવ કોઈ મશીન નથી, માટીમાં મળનારું ને માટીમાંથી પેદા થનારું કોઈ જડ પૂતળું પણ નથી. એ એક શક્તિ છે; ચેતના છે; વિકાસની ભૂમિકા છે; ને રોટી તથા રોજી તથા સાંસારિક સુખાકારીની સાથે તેણે આત્મોન્નતિની બીજી સિદ્ધિ માટે પણ મહેનત કરવાની છે. એવી પરિપૂર્ણ સમજવાળી ને માનવને, માનવતાનાં મૂલ્યોને મહત્વ આપનાર જીવનધોરણવાળી પદ્ધતિ કે વિચારસરણી જ માનવના મન ને અંતરને સ્પર્શી શકશે, શાંતિ ફેલાવી શકશે, ને વિજય પણ છેવટે તેનો જ થશે. એવી જ સંસ્કૃતિ સનાતન કે અમર થઈ શકશે. ભારતીય સંસ્કૃતિની સનાતનતાનું રહસ્ય એ જ છે. સાંસારિક સુખાકારી ને સમૃદ્ધિનો મંત્ર આપવાની સાથેસાથે માનવની અવગણના એણે નથી કરી. એથી તો એણે માનવજીવનની પ્રશસ્તિ કરી છે ને તેની જાહોજલાલી માટે સાધનાની સૃષ્ટિ તૈયાર કરી છે. યોગની સાધના એ વાતનું સમર્થન કરતાં વરસોથી વહેતી આવી છે.

યોગની સિદ્ધિ અથવા તો ચિત્તવૃત્તિના નિરોધ માટે અભ્યાસ ને વૈરાગ્ય ખૂબ ખૂબ જરૂરી છે એ વાત આગળ પણ કહેવાઈ ગઈ છે. હવે તેમાં મદદરૂપ થનારાં કેટલાંય બીજાં સાધનોની વાત આવે છે, તેની ચર્ચા પણ કરી લઈએ. તે સાધનો શ્રદ્ધા, વીર્ય, સ્મૃતિ, સમાધિ ને પ્રજ્ઞાનાં છે. યોગની સફળતા કે સિદ્ધિમાં તે પણ ઘણો મહત્વનો ને મોટો ભાગ ભજવે છે.

૧) શ્રદ્ધા:- શ્રદ્ધા વિના સાધનાનો રથ સહીસલામત આગળ ચાલી જ ના શકે. સાધકને પોતાની જાતમાં જ શ્રદ્ધા ના હોય ને તે વારંવાર વિચાર કર્યા કરે કે મારાથી સાધનાની પ્રવૃત્તિ ને સિદ્ધિ થશે જ નહિ તો તેનું કામ ભારે મુસીબતવાળું ને અશક્ય જેવું બની જાય છે. એવા સાધકો ઘણા દેખાય છે જે પોતાને તદ્દન દીન, હીન, ને નિર્બળ માને છે. ને કોઈ પણ સારું કામ પોતાને હાથે સિદ્ધ નહિ થાય એવું પહેલેથી જ

માની લે છે. પ્રારંભમાં જ તેમના પગ ઢીલા થઈ જાય છે. એવાં સાધકો શું કરી શકે ? એથી ઊલટું, કેટલાક બીજા ઉમેદવારોનો ઉત્સાહ ને વિશ્વાસ પહેલેથી જ ઊછળતો હોય છે. કોઈ કામ તેમને કપરું કે અસંભવ નથી લાગતું. સાધનાની સિદ્ધિ પોતાને સાંપડવાની જ છે, તે માટે જ પોતાનો જન્મ છે, ને તે માટેની યોગ્યતા પણ પોતાની અંદર છે, ને નહિ હોય તો પણ પ્રભુની કૃપાથી ક્રમે ક્રમે આવી જશે, એવી દૃઢ શ્રદ્ધા એમના હૃદય અને રોમેરોમમાં રમી રહી હોય છે. એવી લોખંડી શ્રદ્ધા વિના સાધનાના માર્ગમાં ભાગ્યે જ સફળતા સાથે સફર કરી શકાય. જગતમાં થયેલા આજ સુધીના આશ્ચર્યમાં નાખી દેનારાં મોટાં કામો અંતરમાં ઉદાત્ત થયેલી એવી મહાન શ્રદ્ધાના બળથી જ થઈ શક્યાં છે. માટે જ આપણે સાધકોને શ્રદ્ધા જગાવવાની ને વધારવાની ખૂબ ભારપૂર્વક ભલામણ કરીએ છીએ.

પોતાની જાતની જેમ પોતે પસંદ કરેલી સાધનાની પદ્ધતિમાં શ્રદ્ધા હોવી જરૂરી છે. તો જ તે સાધનામાં મનને પરિપૂર્ણપણે પરોવી શકાય ને તેને માટે જરૂરી ભોગ આપી શકાય. જે સાધના પસંદ થઈ છે ને થઈ રહી છે તે પોતાના ધ્યેયની સિદ્ધિ માટે અક્સીર છે એવો વિશ્વાસ સાધકની અંદર પેદા થવાની જરૂર છે. સાધનામાં વહેલી ને ધારેલી સફળતા ના મળે તો પણ એ શ્રદ્ધા હાલે કે ડગે નહિ. કેટલીક વાર એવું બને છે કે સાધનામાં રહસ્યો અટપટા હોવાથી સાધારણ માણસને નથી સમજાતા. સાધનામાં આગળ વધતાં જે કેટલાક અનેરા અનુભવો થાય છે તે પણ તેમની સમજમાં બહુ જલદીથી નથી આવતાં. તેથી કેટલીક વાર તેવા માણસો તેમની ટીકા કરે છે ને તે સામે શંકા પણ બતાવે છે. એવે વખતે પણ સાધકની શ્રદ્ધા પોતાના અનુભવોમાંથી હાલવી ના જોઈએ. કદાચ સમસ્ત સંસાર તેની સામે થાય ને તેનો ઉપહાસ કરે તો પણ શું ? તે દશામાં પણ તેણે અડગ જ રહેવું જોઈએ ને તેવા વિરોધ, ઈનકાર કે ઉપહાસને જરાયે મહત્વ આપવું ના જોઈએ. કેમ કે એ આખીયે વાત અનુભવ પર આધાર રાખનારી છે ને સર્વ સાધારણને સમજાય તેવી નથી. માટે તો કેટલેક ઠેકાણે તેને ગુપ્ત રાખવાનું કહ્યું છે. તો પણ કોઈ કારણથી તેને પ્રગટ કરવાની જરૂર પડે તો લોકોપવાદ સામે સ્મિત કરતાં તેણે પોતાના સ્વાનુભવથી સાંપડેલી શ્રદ્ધામાં મક્કમ રહેતાં શીખવું જોઈએ. જે માણસોને સાધનામાં લગીરે રસ નથી, સાધના સાથે લાગતું વળગતું નથી, ને જેમને સાધનાનો સારો અનુભવ નથી તેમાંના ઘણા ખરા સાધના સંબંધી ફાવે તેમ બોલ્યે ને લખ્યે જાય છે. એવા માણસોના મિથ્યા કે આધાર વિનાના અભિપ્રાયોને વજનદાર માનીને સાધકે તેથી દોરવાઈ જવું ના જોઈએ.

અનુભવી પુરુષો, સંતો ને શાસ્ત્રોનાં વચનમાં પણ શ્રદ્ધા રાખવાની જરૂર છે. ગુરૂની અંદર પણ દૃઢ શ્રદ્ધા-ભક્તિ હોય તે જરૂરી છે, ગુરૂની અંદર એકલવ્યના જેવી શ્રદ્ધા જોઈએ. તેથી કાંઈ જ કઠિન ના રહે ને જીવન ઉજ્જવળ ને ધન્ય બની શકે.

૨) વીર્ય ને સ્મૃતિઃ- બીજું ઉપયોગી સાધન વીર્ય છે ને યોગની સફળતામાં તે પણ મદદરૂપ થાય છે. વીર્ય એટલે શક્તિ, બળ અથવા તાકાત. અલબત્ત તે બળ કે શક્તિ કેવળ શરીર પર નિર્ભર ના હોય, પણ મન ને અંતરમાંથી તેના ફુવારા ફુટી રહ્યા હોય, બીજા શબ્દોમાં એને આપણે મનોબળ અથવા આત્મિક તાકાત કહી શકીએ. મનની શુદ્ધિ અને મનના સંયમમાંથી એ તાકાત ઉત્પન્ન થાય છે. વળી પ્રભુ પ્રત્યેના પ્રબળ પ્રેમ ને વિશ્વાસમાંથી પણ તે જન્મે છે ને વધે છે. એવી શક્તિને લીધે જ સંસારના પાર વિનાના પ્રલોભનો કે અગણિત આકર્ષણોની સામે પણ અડગ રહીને સાધક આગળ વધે છે ને સુખ, દુઃખ, માનાપમાન

કે પતન ને ઉત્થાનમાં પણ પોતાનું ધ્યેય ચુકતો નથી; જીવનના જાગેલ જંગમાં ને વિરોધી વાતાવરણમાં તે પોતાની જાતની રક્ષા કરીને સંભાળપૂર્વક આગળ વધે છે ને છેવટે પોતાની ધ્યેયસિદ્ધિના શિખરને સર કરે છે. પ્રતિકૂળતા, વિરોધ, નિંદા કે ભય પણ તેને તેના પસંદ કરેલા પથ પરથી ચલિત કરી શકતાં નથી તે પણ તેને લીધે જ. મીરાં, પ્રહલાદ, ઈશુ, નરસિંહ ને સુકરાતનાં ઉદાહરણ ઈતિહાસમાં અનેક છે. સંકટોની સામે સ્મિત કરતાં તેમણે આગેકૂચ કરીને ગમે તેવી યંત્રણા તથા મૃત્યુની પરવા પણ ના કરી તે એવા વીર્યને લીધે જ. સાધકમાં એવું વીર્ય કે આત્મબળ વધે તે આવશ્યક છે. બળનો સંચય કરીને સાધનાની બુદ્ધિ માટે સદ્ઉપયોગ કરવાનું કામ એથી પણ વધારે આવશ્યક છે. એ બંને વસ્તુ ભેગી થાય તો સાધનાની સિદ્ધિ દૂર ના રહે. તેને વધારે વાર ના લાગે.

સ્મૃતિની મદદ પણ સાધનામાં બહુ મોટી મળે છે. સ્મૃતિ એટલે શું ? એક તો મહાપુરુષોની ને શાસ્ત્રોનાં વચનની સ્મૃતિ છે. તેથી જીવનને પ્રેરણા ને બળ મળે છે. ચારેકોર અંધકાર ફરી વળ્યો હોય, પ્રકાશનું એકે કિરણ દેખાતું ના હોય, ને કંઈ સૂઝતું ના હોય, ત્યારે તેવી સ્મૃતિ મહાન આશીર્વાદરૂપ થઈને આપણા અંતર ને પંથને પ્રકાશિત કરે છે. વળી તે એક દીવાદાંડીની જેમ આપણા રક્ષા કરે છે, ને ઉત્તમ જીવનને માટે વધારે ને વધારે પુરુષાર્થ કરવાની પ્રેરણા આપે છે. નિરાશા, નિષ્ફળતા ને ચિંતાના કપરા કસોટીકાળમાં એ આપણને બળ આપે છે, ટટ્ટાર રાખે છે, ને તદ્દન પડી જવા અથવા ભાંગી પડવા દેતી નથી. પ્રલોભનોની સામે તે પહેરેગીર બનીને ઊભી રહે છે, ને આકર્ષણોમાં અટવાઈને ભાન ભૂલતા હોઈએ ત્યારે અંતરાયરૂપ થાય છે. એવી સ્મૃતિ અંતરમાં અંકિત રહે તે લાભકારક જ છે. સાધકની શ્રદ્ધા જ્યારે પોતે શરૂ કરેલી ને બીજી સાધનામાંથી મરી પરવારવાની અણી પર હશે ત્યારે તે સ્મૃતિ એની આગળ આવીને અડગ રીતે ઊભી રહેશે ને તેને પ્રેરણાના નવા પિયૂષનું પાન કરાવીને તેનામાં અપૂર્વ શક્તિસંચાર કરી દેશે.

બીજી સ્મૃતિ પોતાના જ વહી ગયેલા જીવનની ને પોતાના ઘડવા ધારેલા ભાવિ જીવનની અથવા તો પોતાના ધ્યેયની છે. તેથી પ્રેરાઈને એવો સનાતન ને સર્વ સામાન્ય નિયમ બનાવી લેવાની જરૂર નથી કે પોતાના વહી ગયેલા જીવનની સ્મૃતિ સૌને માટે નકામી ને નુકસાનકારક છે. ના, ના, એવા ઉતાવળિયા અભિપ્રાય પર પહોંચી જવાની જરૂર નથી. વિવેકી થઈને સૌએ પોતાને માટે જે યોગ્ય ને લાભકારક હોય તે શોધી કાઢવાની જરૂર છે.

ભૂતકાળની સ્મૃતિ કેટલીક વાર ઉત્સાહવર્ધક થઈ પડે છે. તેમાંથી પ્રેરણા મળે છે ને વર્તમાન તથા ભાવિ જીવનને વધારે સુંદર કરવાની સામગ્રી પણ મળી રહે છે. ધારો કે કોઈનો ભૂતકાળ ભૂલભરેલો હોય તો પણ તેની સ્મૃતિને તેના મનનથી તે પોતાની ભૂલોને પકડી તેમ જ વધારે સારી રીતે સમજીને તેમને ફરી થતી અટકાવવાનો પ્રયાસ કરી શકે છે.

પોતાના શ્રેય, સિદ્ધાંત કે પસંદ કરેલા જીવનના આદર્શની સતત સ્મૃતિ પણ સાધકને માટે ખૂબ જરૂરી છે, તે તેને માટે કોઈ ચતુર ચોકીદારનું કામ કરશે ને તેને બીજે માર્ગે વળતો અટકાવશે. જીવનવ્યવહારના અનેક વિરોધાભાસો ને વિસંવાદી તેમજ વિરોધી વાતાવરણમાં પણ તે તેને જાગ્રત ને સાવધાન રાખીને નિરંતર આગળ ને આગળ વધાર્યે જશે. તેવી સ્મૃતિ તેને તેના ધ્યેયની સિદ્ધિ સુધી શાંતિથી બેસવા નહિ દે, પ્રલોભનો ને ભયસ્થાનો સામે ઢાલનું કામ કરશે. તે સ્મૃતિને લીધે તો સાધક શક્તિ મેળવે છે ને સાધનાના

ક્ષેત્રમાં આગળ ને આગળ વધતો રહે છે. સાધકના જીવનમાંથી જો પોતાના ધ્યેયની સ્મૃતિ જતી રહી તો પછી શું બાકી રહ્યું ? પછી તો તેનું પ્રેરણાનું સ્ત્રોત છેક જ સુકાઈ ગયું ને જીવન જડ બનવા માંડ્યું એમ જ સમજી લેવું. માટે સમજુ સાધકે રોજ રોજ યાદ કરવું જોઈએ કે પોતાનું જીવન શાને માટે છે ને તે દ્વારા પોતે શું કરવા માગે છે ? વળી તે માટે પોતે કેવી સાધના પદ્ધતિ પસંદ કરી છે, ને તે સાધનાને પંથે ક્યાં સુધી પ્રયાણ કર્યું છે ? તેનો વિચાર પણ કાયમ માટે કરતા રહેવાની જરૂર છે.

૩) સમાધિ ને પ્રજ્ઞાઃ- નિરોધ કે યોગમાં મદદરૂપ ચોથા સાધન તરીકે મહાયોગી પતંજલિએ સમાધિનો ઉલ્લેખ કર્યો છે. એ સમાધિ એટલે શું સમજવું ? સમાધિના અહીં બે અર્થ લઈ શકાય છે. એક તો આગળ પર કહેલી સંપ્રજ્ઞાત અથવા તો સાધારણ સમાધિ. તેને લીધે સાધકને આનંદ થાય છે. એવી સમાધિ દ્વારા શરીરથી પર અવસ્થાનો પહેલી જ વાર અનુભવ થવાની સાધનાની સત્યતાની ખાત્રી થાય છે, શ્રદ્ધા વધે છે, ને એથી આગળની અવસ્થાના અનુભવનો વિશ્વાસ ને ઉત્સાહ જાગે છે, ધ્યાનની સાધનાનો સાચો આનંદ ક્યારે મળે છે તેની ખબર છે ? ધ્યાન કરતાં કરતાં દેહાતીત દશાની પ્રાપ્તિ થાય ત્યારે. તે દશાની પ્રાપ્તિ સૌથી પહેલાં થાય છે ત્યારે સાધકને અનિર્વચનીય ને અનેરી શાંતિ મળે છે. ને પછી તો એ અવસ્થાનો અનુભવ જેમ જેમ વધતો ને સહજ બનતો જાય છે તેમ તેમ તેને ખાત્રી થાય છે કે આ ઈન્દ્રિયોથી અનુભવાતા જગત કરતાં વિલક્ષણ તેમ જ સૂક્ષ્મ એક બીજું પણ જગત છે ને એની અનેક આશ્ચર્યકારક અનુભૂતિઓ પણ છે. સાધારણ રીતે માણસ જે જગતમાં જીવે છે તે તો સીમિત અથવા આંશિક જ છે તેવું ભાન થાય છે. સમાધિની એ દશા ને એમાંથી ફલિત થયેલા વિવેક વિશ્વાસની મદદ મેળવીને દિલના દરિયામાં તે વધારે ને વધારે ડૂબકી મારે છે ને આત્માનુભવનું મહામોતી મેળવી લે છે. બીજા પણ ઈચ્છા પ્રમાણેના અનુભવ કરીને તે સાધનાની સફળતાનો આનંદ મેળવે છે.

સમાધિનો બીજો સ્થૂલ અર્થ સમાધાન તથા એકાગ્રતા લઈ શકાય. મનમાં અનેક જાતની શંકાઓ ભરી હોય તો તે દશામાં મનનો નિરોધ ભાગ્યે જ થઈ શકે ને શાંતિ પણ ના મળી શકે. માટે તે શંકાનું સારી પેઠે સમાધાન કરવું ઘટે છે. તે પછી મનની જે શાંત દશા થાય તે નિરોધમાં મોટી મદદ કરી શકે. વળી ધ્યાનમાં મનને જોડવાની કે એકાગ્ર કરવાની નિત્યનિરંતર ને નિયમિત કોશિશ પણ કરવાની છે. મનને બીજા વિષયો ને પદાર્થોમાંથી પાછું વાળીને ધ્યાનમાં લીન કરવાનું છે. બીજા વિષયોનો રસ જો ઘટી જાય કે તદ્દન મરી જાય ને સાધના, સમાધિ, અંતરંગ અનુભવો અથવા તો પરમાત્માના સાક્ષાત્કારનો રસ વધી જાય તો એ કામ સરળ બની શકે. બીજા વિષયો સાથે છેક જ છૂટાછેડા લેવાની વાત આપણે નથી કરતા, પણ બીજા વિષયોનો રસાસ્વાદ આત્મોન્નતિ સાધનાની વચ્ચે ના આવે ને એવા રસને ગૌણ કરી નાખે નહિ એટલું જ જોવાનું છે. તે વાત પર આપણે ખાસ ભાર મૂકીએ છીએ ને એ કામ ધાર્યા જેટલું સહેલું નથી. તેને માટે ખૂબ ખૂબ વિવેક, જાગૃતિ ને આત્મનિરીક્ષણ જોઈએ.

સમાધિનો અર્થ અહીં ધ્યાન પણ લઈ શકાય. ધ્યાનનો શ્રદ્ધા ને ઉત્સાહ સાથેનો સતત અભ્યાસ નિરોધની પાસે પહોંચાડી દે છે એમાં શંકા નથી. થોડા વખતના ધ્યાનથી ધારેલી સફળતા ના મળે તો પણ કોઈએ નિરાશ ના થવું પણ મનને મકકમ રાખીને આગળ ને આગળ વધ્યે જ જવું.

છેલ્લું ને પાંચમું સાધન પ્રજ્ઞાનું છે. પ્રજ્ઞા એટલે સદ્દબુદ્ધિ કે વિવેકશક્તિ. તે યોગની તો શું પણ બીજી કોઈયે જાતની સાધનામાં ને તેની સફળતામાં ઘણો મહત્વનો ને મોટો ભાગ ભજવે છે તેથી શાસ્ત્રો ને સંતોએ તેના પર ખૂબ જ ભાર મૂકેલો છે. નિરોધ, યોગ કે બીજી એવી સાધનાની વાત બાજુએ મૂકીએ તો પણ, જીવનના સામાન્ય વ્યવહારમાં પણ તેનો ફાળો કાંઈ ઓછો અગત્યનો નથી. આત્મિક સાધનામાં તેના વિના ચાલે જ નહિ. સાધનાની તે મુખ્ય પ્રેરકશક્તિ છે. ગાયત્રી જેવા મંત્રોમાં તેવી જ ભાવના કરવામાં આવી છે. વૈદિક ઋષિઓ ને સંતોએ તે માટે અનેક ઠેકાણે પ્રાર્થના કરી છે. તે સદ્દબુદ્ધિ કે વિવેકશક્તિ ચાલી જાય તો બધું જ જતું રહ્યું ને જીવનમાં કાંઈ બળ નથી રહ્યું -તે જડ બની ગયું- એમ જ માની લેવું. એના વિના સાધક જીવનની ઉન્નતિનો નક્શો તૈયાર કરી ના શકે. કહ્યું છે ને કે વિવેક વગરનાનું બધી રીતે પતન થાય છે. 'વિવેકભ્રષ્ટાનાં ભવિત વિનિપાતો શતમુખઃ' વિવેક, વૈરાગ્ય ને ત્યાગ એક સાંકળના અંકોડા છે. જેમ કે વિશ્વામિત્ર ઋષિ બીજાને પડેલા જેવા દેખાયા પણ પાછળથી શતગુણા વેગથી તપવા પણ માંડેલા. તે કદી પડ્યા ને પંથ ભૂલ્યા નથી કેમ કે તેમની સદ્દબુદ્ધિ પ્રબળ હતી. સદ્દબુદ્ધિ પડનારને ઉગારી પણ શકે છે.

પ્રજ્ઞાનો બીજો અર્થ પણ છે. તે વિશે વધારે વિવેચન આગળ પર કરીશું, અહીં તો તેને ટૂંકમાં જ સમજી લઈએ. સમાધિની મદદથી અંતઃકરણ તદ્દન નિર્મળ બની જાય છે ને બુદ્ધિ સત્યને ધારણ કરનારી થઈ જાય છે. તેવી બુદ્ધિને પ્રજ્ઞા કહે છે.

આજના જટિલ જગતમાં એવી પ્રજ્ઞાની આપણે અત્યંત આવશ્યકતા છે. માનવ પાસે બીજી શક્તિઓ ઘણી છે ને તેમાં વધારો પણ થતો જાય છે. પરંતુ પ્રજ્ઞાની શક્તિ વિના તે લૂલી છે, અધૂરી છે, ને તેમનો સદુપયોગ નથી થઈ શકતો. તેથી જ જગમાં વેર, નિસંવાદ ને અશાંતિ વધતાં જાય છે. માણસ આટલો મહાન બનીને પણ જગતમાં શાંતિથી નથી રહી શકતો. જીવનને, જગતને, જીવવા જેવું ને સુખમય કરવા આપણે પ્રજ્ઞાને કેળવવાની ને વધારવાની છે. ભાવિ પ્રજાને પણ તેની એટલી જ જરૂર રહેવાની.

तीव्र संवेगानाम् आसन्नः ॥२१॥

### [૨૧] તીવ્ર વેગથી સત્વર સિદ્ધિ

યોગની સિદ્ધિમાં મદદરૂપ થનારા કેટલાંક સાધનોનો વિચાર આપણે કરી લીધો. એ બધું જાણીને કોઈ કહેશે કે જીવન તો ભારે ઝડપી છે. એટલે તે પૂરું થાય તે પહેલા જ અમે તો સિદ્ધિ મેળવવા માંગીએ છીએ ને તે પણ બનતી વહેલી તકે. તો તે વસ્તુ બની શકે તેમ છે કે ને હોય તો કેવી રીતે ?

એમને આપણે ઉત્તર આપીશું કે આ સંસારમાં મક્કમ મનવાળા, દૃઢ સંકલ્પ કે નિશ્ચયવાળા તેમજ સતત પુરુષાર્થવાળા માણસને માટે કાંઈ જ મુશ્કેલ નથી. સિદ્ધિ વહેલી પણ મળે છે ને મોડી પણ. બીજી કેટલીક મહત્વની વસ્તુઓની સાથે સાથે માણસનો પુરુષાર્થ પણ તેમાં મહત્વનો ભાગ ભજવે છે. આ વાત કહેવાનું કારણ એટલું જ છે કે બધાને વહેલી સિદ્ધિ મેળવવાની ઈચ્છા નથી હોતી. તેઓ ખુલાસો કરે છે કે વહેલી સિદ્ધિ મેળવીને શું કરવું છે ? તે માટે વધારે મહેનત શા માટે કરવી ? પરંતુ બીજી જાતના માણસોની વાત જુદી જ હોય છે. તે તો કહે છે કે જીવન પાણીના રેલાની પેઠે વેગથી વહી જાય છે. તેમાં બનતી વહેલી તકે પરમાત્માની પ્રાપ્તિ કરવી જોઈએ. આ વાતને બીજા કે ત્રીજા કે ચોથા દિવસ પર મુલત્વી રાખવાનું

અમને નથી ગમતું. અરે, પરમાત્માના દર્શન વિના કે સાધનાની સિદ્ધિ વિના અમને ચેન જ નથી પડતું. બીજા કોઈ કામમાં મન નથી લાગતું. જીવનને આવી અપૂર્ણ ને અશાંત અવસ્થામાં આગળ વધારવાનું કે લાંબા વખત લગી કાયમ રાખવાનું અમને મન પણ નથી થતું; ને વાત સાચી છે. એવા સાધકો પણ સંસારમાં ભલે અત્યંત ઓછા પ્રમાણમાં છે, પણ એમના અંતર ને અંગેઅંગમાં ઈશ્વરદર્શનની આતુરતા ભરી હોય છે. સાધના-પછી તે ભક્તિની હોય કે યોગની-વહેલામાં વહેલી તકે પૂર્ણ થાય એવી એમની ઈચ્છા હોય છે.

તેમના વૈરાગ્યનો, પ્રેમનો ને પુરુષાર્થનો વેગ ઘણો ભારે છે. ધ્યાન તથા સમાધિના ઉચ્ચોચ્ચ શિખરોને સર કરવા તેમજ યોગની સાધનાની જુદી જુદી સિદ્ધિ મેળવવા સાધકનું અંતર ને અણુએ અણુ એવા આવેગથી ઉછળતું હોય છે, ને આગળ વધે છે. તેવા આતુર ને ઉત્સાહી આત્માને સફળતા કે સિદ્ધિ જલદી મળી જાય છે. ધ્રુવ, વાલ્મિકી, પાર્વતી, તુલસી, તુકારામ, નરસિંહ ને રામકૃષ્ણ દેવને એવી ઉત્કટ આતુરતા તથા અંદરના આવેગને લીધે જ સિદ્ધિ વહેલી મળી હતી. તેવા આવેગથી પ્રેરાઈને જ તે પ્રબળમાં પ્રબળ પુરુષાર્થ કરવા તૈયાર થયા હતા.

### [૨૨] વેગ ને સિદ્ધિ

સાધનાનો વેગ પ્રબળ ને સમજપૂર્વકનો તથા સતત હોય તો પણ કેટલીક વાર ધારેલી સિદ્ધિ નથી મળતી અથવા તો મળવામાં વિલંબ થાય છે, એવું પણ જોવામાં આવે છે. તેનું કારણ ? એક કારણ તો કર્મના નિયમનું છે. ગીતાએ અઢારમા અધ્યાયમાં એને દૈવ કહ્યું છે. તેના નિયમ પ્રમાણે બીજા કર્મોનો ભોગ વચ્ચે બાકી હોવાથી થોડી વધારે રાહ જોવી પડે છે. તેવો ભાગ પૂરો થઈ જતાં સિદ્ધિ, તરત ને આપોઆપ આવી મળે છે. બીજું કારણ ઈશ્વરની ઈચ્છાનું છે. જો ઈશ્વરની ઈચ્છા સાધકને અમુક સિદ્ધિ ના મળે તેવી હશે તો સાધકને તેનાથી વંચિત રહેવું પડશે. તેમાં તેનું હિત જ હશે. તે ઉપરાંત પણ સિદ્ધિના વિલંબનું ગમે તે કોઈ બીજું કારણ હોય તો પણ, કોઈએ નિરાશ થવાની ને સાધનામાંથી વિશ્વાસ ને રસ ખોઈ નાખવાની જરૂર નથી. ઈશ્વરની ઈચ્છા પોતાની ઈચ્છાથી વિરૂદ્ધ છે અથવા પોતાની અમુક ઈચ્છા ઈશ્વરને મંજૂર નથી એવું જાણી લેવાની શક્તિ ભાગ્યે જ કોઈક સાધારણ શક્તિવાળા સાધકમાં હોય છે. તે તો કોઈ ઈશ્વરના કૃપાપાત્ર એવા વિરલ પુરુષમાં હોય છે. તેવો પુરુષ જો તેવું જાણી લે તો ઈશ્વરી ઈચ્છાની આગળ પોતાની વ્યક્તિગત ઈચ્છાને ગૌણ ગણી તેને છોડી દેતાં તેણે શીખવું જોઈએ. તેમાં બહુ ભારે આત્મસમર્પણ તેમજ મનોબળની જરૂર પડે છે. પરંતુ આ બધી વાત મોટે ભાગે નિરોધ સિવાયની બીજી લૌકિક કે પારલૌકિક સિદ્ધિની ઈચ્છાને લાગુ પડે છે. નિરોધની વાત તો ઈશ્વરને મંજૂર જ હોય છે. કોઈ જીવ સાધનાનો રસ કેળવીને સ્વરૂપને ઓળખે ને પૂર્ણતા, મુક્તિ કે પરમશાંતિનો ભાગી બને એવું તો ઈશ્વર ઈચ્છે જ. એટલે સાધનાનો વેગ તીવ્ર હોવા છતાં તે બાબત જો વિલંબ થાય તો તેનું મુખ્ય કારણ કર્મનો નિયમ છે, એમ માનીને ઉત્સાહમાં ઓટ આવવા દીધા સિવાય સાધકે આગેકૂચ કરતા રહેવાની જરૂર છે. પોતાની શ્રદ્ધા ને પોતાના પુરુષાર્થમાં કોઈએ કોઈ પણ કારણે શિથિલતા ના આવવા દેવી.

ઉત્કટ વૈરાગ્યવાળો સાધક સાધના પણ તીવ્રતાથી કરી શકે. માટે વૈરાગ્યની ભાવના વધારે ને વધારે પ્રમાણમાં કેળવવાની જરૂર છે. તે ઉપરાંત, સાધનાનું મહત્વ જીવનના મંગલમાં કેટલું બધું મૂલ્યવાન ને મોટું છે તેનો વિચાર પણ કરવો ઘટે છે. તેવા વિચારથી સાધનામાં એક પ્રકારનો પ્રબળ પ્રેમ પેદા થશે ને તેને માટે સર્વસ્વને હોડમાં મૂકવાનું મન થશે. સાધનાની સફળતા સુધી કોઈ કારણે ક્યાંય અટકવાનું ને અટવાવાનું કે ફસાવાનું મન નહિ થાય. આ ટૂંકા જીવનની પળેપળનું મહત્વ પછી સારી રીતે સમજાશે. જે રહીસહી શક્તિ આપણી પાસે છે તેનું મૂલ્ય પણ સમજાશે. ને તેનો સદુપયોગ કરી જીવનનું શ્રેય કરવાનો આપણને નાદ લાગશે. સાધના સિવાયની બીજી બધી વાતો તેમજ પ્રવૃત્તિઓ પછી આપણે માટે સૂકી ને ગૌણ બની જશે. સિદ્ધિની લગન લાગશે, ને સાધનાના મંગલ મંદિરના પ્રામાણિક પૂજારી બની પરમાત્માના શ્રીચરણોમાં આપણે આપણું સર્વસમર્પણ કરી દઈશું.

એવો તીવ્ર વેગ કાંઈ ચપટી વગાડતામાં, આંખ મીંચીને ઉઘાડતામાં કે એક-બે મિનિટમાં નથી મળતો. સાધનાના ને એકધારી સાધનાના ફળરૂપે તે તો સહજ રીતે જ પ્રગટે છે ને સફળ થઈને જ શાંત થાય છે. ધ્રુવ, પાર્વતી, નરસિંહ ને તુકારામ જેવા મહાપુરુષોની વાત આપણે આગળ પણ કરી ગયા છીએ. તેમને પણ તેવો વેગ કાંઈ એકાદ જન્મમાં જ ને તરત જ મળેલો કે ? તેની પાછળ તો વરસો તથા જન્માંતરની તૈયારી હતી. ત્યારે એક જન્મમાં તે અત્યંત પ્રબળ બનીને પ્રકટી ઊઠ્યો. તેવી રીતે સૌએ પોતપોતાની રીતે તૈયારી કરવાની છે. જીવનની ક્ષણે ક્ષણને સાધનામય કરવાની છે. સાધનાને અમુક ખાસ સ્થળ, ખંડ, પર્વ કે સમય પૂરતી જ મર્યાદિત કે સીમિત રાખવાને બદલે સર્વવ્યાપક બનાવી દેવાની છે. કેટલાક સાધકો શરૂશરૂમાં સારો રસ બતાવે છે. તેમની સ્થિતિ આરંભે શૂરા જેવી હોય છે. આરંભમાં તે ધ્યાનની પાછળ એવા પડે કે વાત પૂછો નહિ. કલાકો લગી તે ધ્યાન જ કરે છે. તેથી કોઈવાર માથું પણ દુઃખી જાય છે ને થાક પણ લાગે છે. શરીર પર એવી પ્રતિકૂળ અસર ના થાય તેનું ખૂબ ધ્યાન રાખવાનું છે. વળી શરૂઆતનું શૂરાતન ઠેઠ છેવટ સુધી ટકાવી પણ રાખવાનું છે. તે માટે ખૂબ સંભાળપૂર્વક ને સહન થાય તેવી રીતે સાધનાના વેગને વધારતાં રહેવાની જરૂર છે. તીવ્ર સાધના સતત પણ હોવી જોઈએ એ યાદ રાખવાનું છે.

વરસો સુધી સાધના કરનારા ઘણા સાધકોને શાંતિ નથી મળતી. તેનું એક કારણ એ પણ છે કે જે સાધના તે કરે છે, તેથી તેમના સ્વભાવની શુદ્ધિ નથી થતી. સાધનાની સાથે મનની સાત્વિકતા ને શુદ્ધિ વધતી જાય તો શાંતિ સત્વર મળે ને વિકાસ પણ વહેલો ને સારો થાય. આ વાતનું વિવરણ આપણે વારંવાર કર્યું છે કેમ કે એની અગત્યતા એવી મોટી છે. એટલે અહીં એના વિસ્તારમાં નહિ પડીએ.

**ईश्वरप्रणिधानाद् वा ॥२३॥**

**[૨૩] ભક્તિથી પણ નિરોધ**

યોગની સાધના ધારવા જેટલી સહેલી નથી. તેમાં આહારવિહારના કડક નિયમોનું પાલન કરવું પડે છે. વળી એ સાધનામાં જુવાનીની વધારે જરૂર પડે છે. સાધકે કેટલીક પ્રારંભિક તૈયારી પણ કરવી રહે છે. તે ઉપરાંત, તેમાં યોગ્ય સદ્ગુરુ પણ જોઈએ. તેવા ગુરૂની મદદ વિના યોગની અટપટી ને લાંબી સાધનામાં

સફળતાપૂર્વક આગળ વધવાનું ખરેખર મુશ્કેલ છે. એટલે યોગની સાધનાનો આધાર લઈને ચિત્તવૃત્તિના નિરોધ અથવા સ્વરૂપના સાક્ષાત્કાર સુધી પહોંચનારામાં પોતાની સંપૂર્ણપણે કાયાપલટ કરનારા સાધકો અત્યંત ઓછા મળે છે કેમ કે તે કામ જરા વધારે પડતું કઠિન છે.

તો પછી મનમાં નિરોધ માટેનો બીજો કોઈ અકસીર રસ્તો છે ખરો ? એવી જિજ્ઞાસા સાથે કેટલાક માણસોનું મંડળ ભગવાન પતંજલિ પાસે પહોંચ્યું હશે એવી કલ્પના કરી લો. ભગવાન પતંજલિ તો સૌનાય મંગલનો વિચાર કરનાર, એટલે એમની જિજ્ઞાસાને શાંત કરવા તેમણે જાણે કે આ સૂત્ર તૈયાર કર્યું છે, ને કહ્યું છે કે ઈશ્વરની શરણાગતિ કે ભક્તિથી પણ મનનો નિરોધ થઈ શકે છે ને શાંતિ મળે છે. એટલે યોગની અટપટી ને અઘરી પ્રયોગશાળામાં પ્રવેશવાની જેને ઈચ્છા ના હોય તેણે પણ નાહિંમત થવાની કે ગભરાવાની જરૂર નથી. તેમને માટે ભક્તિનો માર્ગ તૈયાર જ છે. તે માર્ગની મુસાફરી કરીને તે પોતાનું શ્રેય સાધી શકે છે. મહર્ષિ પતંજલિ મુખ્યત્વે યોગી છે ને યોગની વિચારણાનું કામ કરી રહ્યા છે તો પણ અહીં પોતાના યોગના આદર્શના એક અગત્યના અંગ તરીકે ભક્તિનું સમર્થન કરી રહ્યા છે, એ શું બતાવે છે ? એ જ કે તે એક મહાન ને સિદ્ધ યોગી હોવા છતાં ભક્તિમાં માને છે. ભક્તિનો ઈન્કાર કે અનાદર નથી કરતા. ઈશ્વરને પણ માને છે ને ભક્તિનું મહત્વ સરસ રીતે સ્વીકારે છે. તે તેમની ઉદારતા અથવા હૃદયની વિશાળતા છે. બીજાએ તેમાંથી પાઠ લેવાનો છે. પરમાત્માની પાસે પહોંચાડનારા તથા આત્મોન્નતિમાં મદદરૂપ થનારા બધા જ માર્ગો ઉત્તમરૂપે આવકારદાયક છે એમ સમજીને સૌની પ્રત્યે પ્રેમ તથા આદરભાવ કેળવવાની જરૂર છે. કોઈ માર્ગ કઠિન કે કોઈ સરળ હોય તથા કોઈ પોતાને પસંદ પડે ને કોઈ ના પડે તે જુદી વાત છે. પરંતુ તેથી કોઈ એક ઉત્તમ ને બીજો અધમ છે એવી ભાવના કેળવવાની ને એના આધાર પર ભેદભાવ તેમજ વૈમનસ્ય વધારવાની જરૂર નથી.

એટલે ઈશ્વરની ભક્તિથી પણ મનનો નિરોધ થઈ જાય છે એમ પતંજલિનું કહેવું છે. ભક્તિનો અહીં આપણે એ અર્થ કરીશું. એક ભક્તિ ઈશ્વરદર્શન પહેલાંની છે ને બીજી ઈશ્વરદર્શન પછીની. એ બંને પ્રકારની ભક્તિથી મન સંપૂર્ણપણે શાંત થઈ શકે છે.

જપ કરનારા ભક્તોને ખબર છે કે જપ કરતાં કરતાં જ્યારે તન્મયતા વધી પડે છે ત્યારે કેટલીક વાર શરીરનું ભાન ભુલાઈ જાય છે ને જપ પણ છૂટી જાય છે. માળા હોય તો તે હાથમાં જ રહી જાય છે કે હાથમાંથી પડી જાય છે. એ અવસ્થામાં મનનો નિરોધ થઈને મન શાંત થયું હોય છે. કોઈ વાર પ્રાર્થના કરતાં કરતાં મન જ્યારે ખૂબ જ ભાવવિભોર બની જાય છે ત્યારે પણ એની એવી જ દશા થઈ જાય છે. એક પ્રકારની સમાધિના સુખનો એને સ્વાદ મળે છે. સમાધિની જે અવસ્થા યોગીને કઠોર તપ, વ્રત, પ્રાણાયામ ને ધ્યાનની લાંબી સાધનાને અંતે આવી મળે છે એ આનંદમય અલૌકિક અવસ્થાનો અનુભવ ભક્તને એ રીતે પ્રેમ ને એકાગ્રતા વધવાથી સહેજે થઈ રહે છે. ઈશ્વરનો પ્રેમ વધવાથી ભક્તની દશા કેવી વિચિત્ર થઈ જાય છે ! એના અંતરમાં અનુરાગના હજારો ફુવારા ફૂટે છે. પ્રેમ ને પ્રસન્નતાનો અર્ણવ ઉછાળા મારે છે. એની આંખમાંથી આંસુની ધારા માળા બનીને ચાલવા માંડે છે. ઈશ્વરને મળવા માટે એનું અંતર એકદમ આતુર ને તલપાપડ બની જાય છે. એવો પ્રેમભાવની મૂર્તિ જેવો ભક્ત જો ધ્યાનમાં બેઠો હોય તો શું થાય ? પોતાના પ્રિયતમ પ્રભુના દર્શન માટે તેને દર્દ થાય છે. એનું અણુએ અણુ આતુર બની જાય છે. પ્રેમથી પરિપ્લાવિત

થઈને તે પ્રાર્થના, જપ અથવા પ્રભુના કોઈ મનપસંદ રૂપનું ધ્યાન કરે છે. ને એમ કરતાં કરતાં એક અવસ્થા એવી આવે છે જ્યારે તે શરીરની સુધબુધ ભૂલી જાય છે કે તેને સમાધિ થાય છે. પ્રભુની કૃપાથી એ અવસ્થામાં તેની સાથે કોઈ વાર પ્રભુનું રૂપ પ્રકટ થાય છે, ને પ્રભુનું દર્શન કરીને તે ધન્ય બને છે. ભક્તિની મદદથી એ રીતે પ્રબળ પ્રેમ પ્રકટાવીને તથા નિરોધની દશામાં પહોંચીને ભક્ત પરમાત્માનું દર્શન કરે છે. એટલે એકલા મનના નિરોધમાં જ નહિ પણ પરમાત્માના દર્શનમાંયે ભક્તિ મદદરૂપ બને છે એ સમજી લેવાની જરૂર છે.

ભાગવતમાં નારદજીએ પોતાને થયેલા એવા ઈશ્વરદર્શનની વાત પોતાના શ્રીમુખે જ કહી બતાવી છે. પોતાની વાત એ કોઈ અહંકારને લીધે કે પુજાવાની ઈચ્છાથી પ્રેરાઈને નથી કહેતા, પણ પોતાના પ્યારા પ્રભુનો મહિમા બતાવવા તદ્દન સહજ રીતે જ કહી બતાવે છે. મહાપુરુષોનાં એવાં અંગત અનુભવોના પ્રાકટ્યમાં ઘણી વાર સંસારનું હિત ને સાધનાની સેવા હોય છે. લાખો ને કરોડોને એમાંથી પ્રેરણા, પ્રકાશ, ઉત્સાહ ને પથપ્રદર્શન મળે છે. લાખો નિરાશને આશા ને અનેક અપંગને આધારની પ્રાપ્તિ થાય છે. એવા અનુભવ એ ના હોત તો તેમની સત્યતા બીજી કયી રીતે સાબિત થાત ? તેમની સત્યતા કે શક્યતાની સદાય શંકા રહેત. નારદજી કહે છે કે તેમને ઈશ્વરના દર્શનની તીવ્ર ઈચ્છા થઈ ને તેથી તે આકુળવ્યાકુળ થઈ ગયા. ત્યારે આકાશવાણી થઈ કે તેમને આ જીવનમાં ઈશ્વરદર્શન નહિ થાય. તેથી તો કહે છે કે તેમની વ્યાકુળતામાં એકદમ વધારો થઈ ગયો. તે બેચેન બનીને બધે ફરવા માંડ્યા. કેટલાય વખત પછી કહે છે કે એક સ્થળે એ બેઠા હતા ને પ્રભુના ધ્યાનમાં મગ્ન હતા, તેયારે તેમના મનનો નિરોધ થઈ ગયો, ને પ્રભુનું સુંદર સ્વરૂપ તેમના હૃદયમાં પ્રકટ થયું. તેના દર્શનથી તે ધન્ય બની ગયા ને પ્યારા પ્રભુના ગુણાનુવાદ ગાતાં વિશ્વમાં વિચરવા લાગ્યા.

ભક્ત નરસિંહ મહેતાને ભગવાનની કૃપાથી રાસલીલાનું દર્શન થાય છે ત્યારે પણ શું થાય છે ? કહે છે કે રાસલીલાના દર્શનના આનંદમાં એ એટલા બધા ડૂબી ગયા કે એમનું બધું ભાન આપોઆપ ભુલાઈ ગયું- એમને ચિત્તવૃત્તિ નિરોધ આપોઆપ થઈ ગયો-ને એમના હાથમાં જે મશાલ હતી તે તેમનો હાથ પ્રભુએ પોતે જ પ્રસન્ન થઈને પાછળથી પહેલાં જેવો સાજો કરી દીધો. આ વાતને કપોલકલ્પિત માનીને હસી કાઢવાનું કોઈ કારણ નથી. પ્રેમની એવી ઓછીવત્તી તલ્લીન દશાનો અનુભવ ઘણાને થયો હશે. પોતાના પ્રેમીજનની હાજરીમાં માણસ સુધબુધ પણ ભૂલી જાય છે. તો આ પ્રભુનું દર્શન ને પ્રભુની હાજરી છે. એનો આનંદ ને એના પ્રેમનો પ્રભાવ ને રસાસ્વાદ કેટલો બધો પ્રબળ ને અજબ હોય ! એટલે જ જીવનને બધી રીતે કૃતાર્થ કરનારું ઈશ્વરનું દર્શન થાય છે ત્યારે ભક્ત આનંદમાં ડૂબી જાય છે, ગાંડાઘેલો થઈ જાય છે, ને સમાધિના સહજ સુખમાં પરમ સ્નાન કરતાં પુલકિત ને પ્રસન્ન થાય છે. યાદ રાખવાની અગત્યની વાત એટલી જ છે કે બધા ભક્તોને નિરોધ કે સમાધિની ઈચ્છા નથી હોતી. તેવી ઈચ્છા તો કોઈકને જ હોય છે. બાકી વધારે ભાગના ભક્તો તો ભગવાનને જ ભજે છે ને ભગવાનના જ દર્શનની ઈચ્છા રાખે છે. ધ્યાન જેવા સાધનનો આધાર પણ તે ભગવાનના દર્શનમાં મદદ મળે માટે જ લેતા હોય છે. સમાધિ કે નિરોધની અવસ્થા તો એમને આપોઆપ મળે છે. તે ના મળે તો પણ તેમને કાંઈ ગુમાવવાનું નથી હોતું. કેમ કે તેમનો મોટામાં મોટો ને સંપૂર્ણ લાભ ભગવાનના દર્શનમાં જ સમાઈ જાય છે. ઈશ્વરના દર્શન માટે જ તે તો

આકુળવ્યાકુળ ને દિવાના થયા હોય છે. તે સિવાયનું સઘળું તેમને સૂકું લાગે છે. ઉદ્ધવજી ગોપીઓને જ્ઞાન ને યોગનો ઉપદેશ આપવા ગયા ત્યારે ગોપીઓએ એમને એવી જ વાત કહી હતી. તેમણે કહેલું કે અમારે જ્ઞાન ને યોગની કાંઈ જ જરૂર નથી, અમારું મન તો કૃષ્ણમાં લાગેલું છે. તે કૃષ્ણનું જ દર્શન અમારે તો જોઈએ છે.

એટલે પ્રેમ તો એક પરમપાવન રાજમાર્ગ છે. ભક્તિ પોતે જ એક સંપૂર્ણ ને કૃતકૃત્ય કરનારી સાધના છે. એનો આધાર લેનારું જીવન બધી રીતે ધન્ય બની જાય છે. એ એક એવી કામધેનું છે, જેનું સેવન કરનારનાં સકળ મનોરથ પૂરાં થાય છે. એક ઈશ્વરના દર્શનનો જ મનોરથ હોય તો તે પૂરો થાય છે. માટે એનો આધાર અત્યંત ઉત્સાહથી લેવો જોઈએ.

ઈશ્વર પ્રણિધાનનો વિશાળ અર્થ ઈશ્વરકૃપા પણ કરી શકાય, ને કહી શકાય કે ઈશ્વરની કૃપાથી પણ મનનો નિરોધ થઈ શકે છે. સાધક ઈશ્વરનું શરણ જ લે ને બીજું કોઈયે દેખીતું સાધન ના કરે તો પણ જો તેની ઈચ્છા હોય તો ઈશ્વર પોતાની વિશેષ શક્તિની મદદથી તેને સમાધિનો અલૌકિક અનુભવ આપી શકે છે. કેટલાક વિશેષ શક્તિવાળા સંતો પણ તેવી કૃપા ઠીક લાગે તો કરી શકે છે. રામકૃષ્ણદેવે મથુરબાબુ તથા વિવેકાનંદ જેવા બીજા ભક્તો પર એવી કૃપા કરી હતી. રામકૃષ્ણદેવ પણ તોતાપુરીની વિશેષ કૃપાથી- તોતાપુરીએ તેમની ભ્રમરના મધ્ય ભાગમાં કાચનો ટુકડો દબાવ્યો ત્યારે જ -નિર્વિકલ્પ સમાધિ મેળવી શક્યા હતા. એવા ઈશ્વરમય મહાપુરુષો ને ઈશ્વર જે ધારે તે કરી શકે છે.

**[૨૪] ઈશ્વર વિષે**

આ બધી ચર્ચાવિચારણા પરથી એક વસ્તુ તો આપોઆપ ફલિત થાય છે ને સારી સમજી શકાય છે કે ઈશ્વર છે. વળી ઈશ્વરનું દર્શન પણ થઈ શકે છે. એવું દર્શન આજ સુધી અનેકને થયેલું છે. એમણે રજૂ કરેલાં અનુભવોનાં આધાર પર જ બીજા વધારે ભાગના લોકો ઈશ્વર વિશે કાંઈક જાણી શક્યાં છે. એ ઈશ્વર વિષેના બે પ્રકારનાં વિચાર આજ સુધી પ્રકટ થયાં છે. એક વિચાર તો એવો છે કે ઈશ્વર સર્વશક્તિમાન, સર્વવ્યાપક ને અમર છે, ને સૌના હૃદયમાં રહેલા છે. તે પરમાત્મા પણ કહેવાય છે. તેમને લીધે જ જડ શરીર, મન ને ઈન્દ્રિયો ક્રિયાશીલ બને છે. સંસારના સઘળાં પદાર્થો એને આધારે જ ટકી રહ્યા છે. પદાર્થો ઉત્પન્ન પણ એમાંથી જ થાય છે ને છેવટે મળી જાય છે પણ એમાં જ. ખરી રીતે તો તે પરમાત્મા જ પરમ સત્યરૂપ છે, ને તેના વિના બીજું કાંઈ છે જ નહિ. એટલે જે કાંઈ દેખાય છે કે અનુભવાય છે તે પરમાત્મા ને પરમાત્માનું જ રૂપ છે. પરંતુ બહુ લાંબે વખતે, હૃદય નિર્મળ થતાં ને વિવેકની જ્યોતિ જાગ્રત બનતાં એવો અનુભવ થઈ શકે છે. શરીરમાં રહેલા એ પરમાત્માનો કોઈ ઈન્કાર કરી શકે તેમ નથી. કેમ કે સૌ એને સમજી શકે છે, એનું અનુમાન કરી શકે છે, ને એનો ઈન્કાર ખુદ પોતાનો જ ઈન્કાર કરવા બરાબર છે. જો કોઈ માણસ પોતે છે એમ માનતો હોય તો તે પરમાત્માને જાણ્યે કે અજાણ્યે માને જ એમ માની લેવું : પરમાત્મા વિના તેનું પોતાનું ને તેના જીવનનું પ્રાકટ્ય થઈ શકતું જ નથી, તેની બોલવા-ચાલવા ને શ્વાસ લેવા જેવી બધી જ ક્રિયાનો અંત આવી જાય છે. એટલે ઈશ્વરના અસ્તિત્વની વાતમાં શંકા કરવાનું એ રીતે કોઈ કારણ રહેતું નથી. એમાં સમજવામાં મુશ્કેલી પડે તેવું પણ કાંઈ નથી.

વધારે ભાગે વિવાદાસ્પદ ને સમજવામાં કાંઈક કઠિન-અલબત્ત સામાન્ય માણસને-લાગે તેવી વાત તો બીજી છે. ઈશ્વર વિશેનો એક બીજો વિચાર છે ને એને સમજવામાં કેટલાક લોકોને જરા વાર લાગે છે. એ વિચાર ઈશ્વરના સાકાર સ્વરૂપનો છે. એ વિચાર પણ આપણે ત્યાં ને સંસારના ઉત્તમ મનાતા બીજા બધા જ ધર્મોમાં જૂના વખતથી ચાલ્યો આવે છે. તે જો તટસ્થ રીતે કહીએ તો વધારે ભાગની પ્રજાને એ વિચારે જ વધારે અસર કરી છે, એ વિચાર બધે જ લોકપ્રિય થયો છે. ઉપાસનાની વિવિધ પદ્ધતિ, ભજનકીર્તન ને મંત્ર તથા સ્તોત્રની રચનાનો ગમે તેટલો વિરોધ કરવામાં આવે તો પણ એ વિચાર પ્રજાના પ્રાણમાંથી નહિ હઠવાનો ને અમર જ રહેવાનો. ને તેનો વિરોધ કરવાની કે તેને હઠાવવાનો પ્રયાસ કરવાની જરૂર જ શું છે ? જો તે બીજાને માટે પ્રાણદાયક ને શક્તિ બનતો હોય તો તે ભલે અમર રહે. તે તેવો થાય તેનું ધ્યાન રાખવાની તેમજ તેના તરફ બીજાનું ધ્યાન દોરવાની આપણી ફરજ છે. અને તેનો આંખ મીંચીને વિરોધ કરવાનું ડહાપણભર્યું નથી.

અને એ વિચાર પણ સાચો છે. કોઈએ એનો વિરોધ શા માટે કરવો જોઈએ એ સમજી શકાય તેમ નથી. બુદ્ધિશાળી માણસો બુદ્ધિનો ઉપયોગ કરીને પણ એને સમજી શકે છે. ઈશ્વર સત્ય છે, સર્વસમર્થ છે, અમૃતમય છે, સૌના મૂળાધારરૂપ છે, ને તેમાંથી સંસારના વિવિધ પદાર્થો પ્રકટે છે, એમ આપણે માનીએ છીએ, તો તેમનું પરિપૂર્ણ, મૃત્યુંજય, સર્વજ્ઞ ને સર્વસમર્થ એવું અસાધારણ સાકાર સ્વરૂપ પણ શા માટે ના પ્રકટે ? એવા રૂપે તે રહે છે એમ માનવામાં શી હરકત છે ? એવું કોઈ સાકાર સ્વરૂપ પણ ઈશ્વરનું હોઈ શકે છે એ વાત તર્કના આધાર પર સહેલાઈથી સ્વીકારી શકાય તેમ છે. એવા સ્વીકાર કે તર્કને અનુભવનું પીઠબળ પણ મળી રહે છે. ભારતમાં ને ભારતની બહાર થઈ ગયેલા અનેક સંતો કે ભક્તોનો તેને ટેકો છે. તે મહાપુરુષોએ પ્રેમની મદથી ઈશ્વરના સાકાર દર્શનનો લહાવો લઈ ઈશ્વર સાથે વાતો પણ કરી છે. તુકારામ ને નરસિંહ જેવાના જીવન એવા અનુભવથી ઓતપ્રોત છે. રામકૃષ્ણદેવ પણ 'મા' ની સાથે ઈચ્છાનુસાર વાતો કરી શકતા. વધુમાં બીજા 'મા'નાં દર્શન થાય તેમાં માનતા થયા હતા. એવા મહાન ને બુદ્ધિશાળી પુરુષોના અનુભવોને ઓછી અગત્યતા ના આપી શકાય કે હસી પણ ના કઢાય. પ્રેમના પ્રભાવથી ઈશ્વરનું એવું સાક્ષાત દર્શન થઈ શકે છે ને કોઈ પણ કરી શકે છે. આ આખી વાત વધારે ભાગે અનુભવની છે ને અનુભવનો આધાર લેવાથી સંપૂર્ણપણે સમજી શકાય તેવી છે, છતાં કેટલાક ડાહ્યા મનાતા માણસો સાધના કરતા નથી, અનુભવ કરવા જેટલી ધીરજ પણ નથી કેળવતા, ને પૂર્વગ્રહથી પ્રેરાઈને જેમતેમ બોલ્યે ને લખ્યે રાખે છે તે ખેદજનક છે. એ રીતે તે ધર્મ ને સાધનાની સેવા નથી કરતા પણ કુસેવા જ કરી રહ્યા છે. ઈશ્વરનું સાક્ષાત દર્શન એક તદ્દન વાસ્તવિક વસ્તુ છે. કોઈ અતિશયોક્તિ, ઘેલછા કે ઉપજાવી કાઢેલી વાત નથી. વળી કેટલાક કહે છે તેમ તે મનની કોઈ કલ્પના ને તેનું પરિણામ પણ નથી. ઈશ્વર છે ને તે સાકાર દર્શન સમાધિ તેમજ જાગૃતિમાં આપે છે એ સાચું છે. એ સત્યનો સ્વાનુભવ કોઈ પણ કરી શકે છે.

મહર્ષિ પતંજલિ ઈશ્વરમાં માને છે. તેથી તે કહે છે કે ઈશ્વર છે. તેમની સમજ પ્રમાણે ઈશ્વરનું સ્વરૂપ કેવું છે ? તે કહે છે કે એક પુરુષવિશેષ છે. સૌથી ઉત્તમ છે. તે ક્લેશ, કર્મ, કર્મના ફળ તેમજ કર્મોનાં ભંડાર, સંગ્રહ કે સંસ્કારથી સર્વથા રહિત છે. એ સૌની અસર એમના પર નથી થઈ શકતી. સામાન્ય જીવો એ ચારેની ગાઢ અસર નીચે હોય છે. મુક્ત જીવો કે મહાપુરુષો એની અસર નીચે છે ખરા, પણ પાછળથી તેમાંથી મુક્તિ

મેળવે છે. પરંતુ ઈશ્વર તો સદાને માટે તેમાંથી મુક્ત હતા, છે ને રહેશે. પાંચ પ્રકારનાં ક્લેશ ને ચાર જાતનાં કર્મ વિશે એ આગળ પર સાધન પાદમાં સમજાવે છે.

**[૨૫] ઈશ્વર સર્વજ્ઞ છે**

આપણે આગળ પર કહી ગયા કે પતંજલિ મુનિ ઈશ્વરમાં માને છે. તે પરથી કોઈને પૂછવાનું મન થશે કે તે સાકાર ઈશ્વરમાં માને છે કે નિરાકારમાં. આપણે કહીશું કે પોતે ખરેખર કેવા ઈશ્વરમાં માને છે તે વાત તેમણે વિસ્તારથી નથી કહી. કેમ કે તે મુખ્યત્વે તો યોગ વિશે સમજાવી રહ્યા છે. પણ એટલું તો સ્પષ્ટ છે કે તે ઈશ્વરમાં માને છે, ને સાકાર ને નિરાકાર બંને પાસાં પરસ્પર સંકળાયેલાં હોવાથી ગમે તે એકનો ઉલ્લેખ તેમણે કર્યો હોય તો પણ તે બંનેમાં માને છે એમ જ સમજી લેવાનું છે. ઈશ્વરને સમગ્ર રીતે કે પરિપૂર્ણપણે, પોતાના અંગત ગમા કે અણગમાને વચ્ચે લાવ્યા વિના સ્વીકારવા કે માનવા તે જ બરાબર છે. સાચો વિવેક પણ એમાં જ સમાયેલો છે.

પતંજલિએ જે ઈશ્વરને પુરુષવિશેષ કહ્યા છે તેમને ગીતામાં પુરુષોત્તમ કહેવામાં આવ્યા છે. તે બંને એક જ છે -શરીરરૂપી પુર અથવા સંસારરૂપી પુરમાં રહેનાર પરમાત્મા પણ એક જ છે. પતંજલિ કહે છે કે તે ઈશ્વર સર્વજ્ઞ છે, તેમાં જ્ઞાનની પૂર્ણતા છે. તેમની અંદર પૂર્ણ જ્ઞાન રહેલું છે. તેમના જ્ઞાનથી વધે તેવું જ્ઞાન બીજા કોઈનું નથી. તેવી રીતે એમ પણ કહી શકાય કે તે પૂર્ણ આનંદ, પૂર્ણ શાંતિ ને સંપૂર્ણ શક્તિનું સ્વરૂપ છે. આ સંસારમાં આપણને અનેક જાતના વિકાસક્રમનું દર્શન થાય છે, કોઈની અંદર વધારે જ્ઞાન દેખાય છે તો કોઈ બીજાની અંદર એથી થોડું. કોઈ વધારે આનંદમય દેખાય છે, કોઈ ઓછા આનંદી તો કોઈ તદ્દન દુઃખમય, શક્તિ પણ કોઈની વધારે ને કોઈની ઓછી છે. વળી કોઈ પણ જીવને મરણ નથી ગમતું. સંસારનો એક નાનામાં નાનો સાધારણ જીવ પણ વધારે જીવન જીવવાની ઈચ્છા રાખે છે, ને જીવનની રક્ષા ને વૃદ્ધિ તેમજ સલામતી સારું બનતું બધું જ કરી છૂટે છે. એના પરથી અનુમાન થાય છે ને સમજાય છે કે એક એવી પણ અવસ્થા હોવી જોઈએ જ્યાં પૂર્ણ જ્ઞાન, પૂર્ણ શાંતિ, પૂર્ણ આનંદ, સંપૂર્ણ શક્તિ ને અમરતા હોય. એ જ ઈશ્વર છે. એમનું અનુસંધાન કરનાર કોઈયે એમના જેવા થઈ શકે છે અથવા એ અવસ્થાને અનુભવે છે. એમનું ધ્યાન ધરવાથી કે સ્મરણ ને સંકીર્તન કરવાથી એમની પાસે પહોંચી શકાય છે. જો કે કોઈ જીવ એમનાથી અલગ નથી તો પણ અલગ હોવાનો જે કામચલાઉ વચગાળાનો અનુભવ થાય છે તે તેથી દૂર થાય છે.

ઈશ્વર સંપૂર્ણ જ્ઞાનસ્વરૂપ છે એટલે ભૂત, ભાવિ ને વર્તમાનને જાણે છે તેમજ પોતાના મહિમાની અંદર સ્થિત છે ને કાયમ માટે સ્થિત રહે છે એમ સમજવાનું છે. સંસારનું સમસ્ત જ્ઞાન એમની અંદરથી ને એમના દ્વારા જ પ્રકટ થાય છે માટે તે જ્ઞાનના આધાર છે. વેદના કર્તા તરીકે પણ તેમને તેથી જ કહેવામાં આવ્યા છે. ભક્ત તેમજ તેમનું શરણ લેનારના દિલમાં તે જ્ઞાનના દીપક બનીને પ્રકટે છે. જ્ઞાનીના અંતરમાં તે જ્ઞાનરૂપે આપોઆપ જાગે છે, ને જ્ઞાનીને સમદૃષ્ટિનું દાન દઈને કૃતાર્થ કરે છે.

માનવજીવનની શક્યતા એટલી મોટી છે. ઈશ્વરને ઓળખીને તેની મારફત માનવ ઈશ્વરમય બની શકે છે. પોતાની સુષુપ્ત શક્તિને જગાડીને તે જ્ઞાન, શાંતિ ને આનંદની મૂર્તિ તથા શક્તિનો સમ્રાટ બની શકે

છે. તે માટે જ સાધના છે. તેનો લાભ લઈને માનવ કેટલો બધો સંપૂર્ણ ને શક્તિશાળી બની શકે છે તેનો ઉલ્લેખ અત્યંત અસરકારક ને સુંદર રીતે આગળ પર વિભૂતિપાદમાં કરી બતાવ્યો છે. તે પરથી આપણને થાય છે કે જો માનવ ધારે તો શું ન કરી શકે ? પરંતુ પોતાની શક્તિને વિકસાવવાનો જરૂરી પુરુષાર્થ તે નથી કરતો, ને જેટલું ધ્યાન બહારની શોધો તરફ ને અવકાશમાં ઉડવા પર આપે છે, તેનાથી અર્ધું ધ્યાન પણ પોતાની અંદરની દુનિયાનું દર્શન કરવાના કામ તરફ નથી આપતો. પરિણામે જીવનના વિકાસની દૃષ્ટિએ મહત્વનું એવું એને કાંઈ જ નથી મળતું.

માનવ સંપૂર્ણ રીતે સમાજ માટે છે એવો વિચાર બધે વધારે પ્રમાણમાં પ્રસરી રહ્યો છે. વિચાર સારો છે પણ તેને પરિણામે મહત્વની સ્વતંત્રતાનો ને વિકાસની વિચારસરણીનો વિરોધ કરવામાં આવે છે ને તેની અંગત ઉર્મિ, ભાવના, વિચારધારા કે જીવનપદ્ધતિનું સમાજને નામે બલિદાન દેવામાં આવે એ બરાબર નથી. તેથી માનવ ને માનવસમાજનું મંગલ નહિ થાય. સમાજ માનવનો જ બનેલો છે ને બનાવેલો પણ માનવ માટે છે. માટે માનવની રક્ષા તેમાં થવી જ જોઈએ. પોતાના જીવન દ્વારા માનવ બને તે રીતે ને બનતા પ્રમાણમાં મદદરૂપ જરૂર થાય. પણ પોતાની માનવતા, સ્વતંત્રતા ને સ્વમાન વૃત્તિને ગીરે મૂકીને નહિ. કોઈ ગુલામ કે વેઠિયાની જેમ નહિ પરંતુ સ્વેચ્છાથી, સમજપૂર્વક ને પ્રસન્નતાથી. વળી સમાજસેવાના નશામાં પોતાની જાતના વિકાસની ભાવના ભુલાઈ ના જાય તે પણ જોવાનું છે. પોતાની જાતનો વિકાસ તેને બીજાની નિષ્કામ ને નિઃસ્વાર્થ સેવામાં મદદ કરશે. માનવનું જીવન ઈશ્વરને માટે છે, ને સંસાર ઈશ્વરની રચના છે. એટલે ઈશ્વર ને સંસાર બંને પ્રત્યેની ફરજ તેને વારસામાં મળે છે ને તે બંને ફરજ તેણે બજાવવાની છે. એટલે પોતાની અંદરના ઈશ્વરને ઓળખવાની સાધનાનો અનાદર નથી કરવાનો, ને એવી સાધનામાં પડેલા પુરુષોથી બીજાને શો લાભ એમ પણ નથી માનવાનું. ઈશ્વરને ઓળખવામાં પણ સંસારની સેવા સમાયેલી છે. વળી ઈશ્વરને ઓળખ્યા પછી પણ, ઈશ્વરની ઈચ્છા પ્રમાણે સેવા કરી શકાય છે, ને વધારે સારી રીતે કરી શકાય છે, એ સાચું છે.

### [૨૬] ઈશ્વર સૌના ગુરૂ છે

ઈશ્વરને ઓળખ્યા પછી માણસ ઈશ્વરમય થાય છે, ઈશ્વરી શક્તિથી સંપન્ન બને છે ને ઈશ્વરની ઈચ્છા હોય તો તેથી પ્રેરિત થઈને વધારે ઉત્તમ તેમજ અસરકારક રીતે બીજાની સેવા કરી શકે છે એ સાચું છે. બુદ્ધ, ઈશુ, શંકર, નાનક ને સમર્થ રામદાસ જેવા સંતોની સેવા એવી જ હતી. દયાનંદ, વિવેકાનંદ ને ગાંધીજીની સેવાનો પ્રકાર પણ કાંઈક અંશે એવો જ હતો. તેમની પાછળ પરમાત્માની પ્રેરણા જ કામ કરી રહી હતી. એ મહાપુરુષોએ વિચાર ને શક્તિના જે પ્રબળ પ્રવાહો પેદા કર્યા છે તે આજે પણ જીવંત છે. બીજા અનેકનાં જીવનના ઉત્કર્ષમાં તે મદદરૂપ થઈ રહ્યા છે. સંસારે એવો એક વધારે પ્રયોગ જોવાનો છે ને એક જ શા માટે એવાં અનેક નાનામોટા પ્રયોગો જોવાના છે જેની દ્વારા ઈશ્વરમય સમર્થ મહાપુરુષો ઈશ્વરની ઈચ્છાને આધીન થઈને સમાજ, દેશને દુનિયાની સુખશાંતિ માટે મહેનત કરતા હોય. સંસારના કેવળ આધ્યાત્મિક નહિ પણ બધાં પ્રકારનાં પ્રશ્નોમાં રસ લેતા ને પથપ્રદર્શન પૂરું પાડતા હોય ને તે માટે આધ્યાત્મિકતા પર ભાર દેતા હોય. લોકોની વાહવાહ ને પાર્થિવ પ્રલોભનોથી પર રહીને સૌથી પહેલાં તો એમણે મૂંગે મોઢે કોઈ પણ

જાતની જાહેરાત વિના એકાંતમાં આસન લગાવ્યું હશે ને વરસો સુધી સાધના કરીને ઈશ્વર સાથે સંબંધ બાંધી ઈશ્વરની કૃપા મેળવી હશે. તે પછી લોકોત્તર શક્તિથી સંપન્ન થઈને સંસાર પ્રત્યેની અનુકંપાથી પ્રેરાઈ, ઈશ્વર તેમને જે સોંપશે તે કામ જ્યાં કહેશે ત્યાં રહી કે ફરીને તે પ્રસન્નતાપૂર્વક તેમજ તદ્દન તટસ્થતાથી કરતા હશે. એવા થોડાક પુરુષો આ પૃથ્વી પર પ્રકટે તો ખરેખર ક્રાંતિ કરી શકે. એવો એક જ મહાપુરુષ પોતાની હાજરીથી સમસ્ત વિશ્વના વાયુમંડળમાં શક્તિસંચાર કરી શકે, નવો પ્રાણ પ્રગટાવી શકે, ને વિશ્વશાંતિમાં મહત્વનો ફાળો આપી શકે. માનવતા, ધર્મ ને આધ્યાત્મિકતાનાં મૂલ્યોને તે સંસારમાં સારી રીતે પ્રસ્થાપિત કરી શકે. એ માટે એકલું ઈશ્વરદર્શન નહિ પણ તે ઉપરાંત ઈશ્વરની કૃપાથી મળેલી લોકોત્તર શક્તિ કે સિદ્ધિ પણ જોઈશે. ઈશુ, શંકર ને કૃષ્ણમાં એવી શક્તિ હતી. વળી એવા મહાપુરુષની પાછળ ઈશ્વરેચ્છાનું પીઠબળ જોઈએ. મતલબ કે તે પોતાની જ ઈચ્છાથી પ્રેરાઈને તેવું સેવાકાર્ય કરવા તૈયાર થયો ના હોય, પણ પ્રભુએ તેને તે માટે પસંદ કર્યો હોય.

વિજ્ઞાનના નવા નવા હિંસક આવિષ્કારોની સાથે સંસારમાં આજે જે અશાંતિ, બીક, અનીતિ ને ઈશ્વર પ્રત્યેની અશ્રદ્ધા વધતી જાય છે તે દૂર કરવામાં તે મોટો ભાગ ભજવી શકશે. આ વાત મેં લાંબા વખત પહેલાં કહેલી છે, ને તે સિદ્ધ થશે ત્યારે મને ખૂબ જ આનંદ થશે. તે દિવસ સંસારને માટે સદ્‌ભાગ્યનો દિવસ હશે. ધર્મ કે આધ્યાત્મિકતાના ઈતિહાસમાં એ દિવસ ને ઘટના સુવર્ણાક્ષરે લખાઈ રહેશે. ભૌતિક સુધારણા, સ્પર્ધા ને પ્રખર પ્રત્યક્ષવાદ ને બુદ્ધિવાદના આ યુગમાં આધ્યાત્મિકતાની અગત્યને પ્રસ્થાપિત કરવાનો આથી ઉત્તમ બીજો કોઈ ઉપાય મને નથી દેખાતો. યુદ્ધની વિનાશક તૈયારી કરતી, અણુશસ્ત્રોથી સર્વનાશ કરવા તત્પર થયેલી સંસારની બે વિરોધી છાવણીઓમાં પણ તેવો ઈશ્વરી કૃપાપાત્ર ને ઈશ્વરી શક્તિથી સંપન્ન મહાપુરુષ જ શાંતિનો ફેલાવો કરી શકશે ને શાંતિનો નવો યુગ પ્રકટાવશે. એવા સમર્થ મહાપુરુષનું આગમન અત્યંત આવશ્યક થઈ પડ્યું છે. સમય તેની સાક્ષી પૂરે છે. ગાંધીજીના આગમનથી તેને માટેની ભૂમિકા તૈયાર થઈ છે, ને એથી એના આગમનની શક્યતા જ નહિ પણ ચોક્કસતાનું અનુમાન સહેજે કરી શકાય છે. એ ઘડી જરૂર ને જલદી આવે ને સંસાર સુખશાંતિથી સંપન્ન બને એવું આપણે ઈચ્છીશું.

કોઈએ આ વાતને અશક્ય માનવાની કે હસી કાઢવાની જરૂર નથી. ઈશ્વરની દુનિયામાં ને ઈશ્વરને માટે શું કશું જ અશક્ય છે ? તે સૌનો સ્વામી ને ગુરૂ છે તથા કયે વખતે શું કરવું તે જાણે છે. કાળ તેમને સ્પર્શી કે અસર કરી શકતો નથી. તે ગુરૂ છે એટલે સંસારમાં શાંતિ, જ્ઞાન ને પ્રકાશ ફેલાવવા ગુરૂ, મહાપુરુષ કે સંત ને નેતા બનીને પ્રકટ થાય છે. એથી એમને અવતાર પણ કહે છે. જે એમને શરણે જાય છે ને એમનું ધ્યાન ધરે છે તેને તે શાંતિ આપે છે ને પરમ જ્ઞાનથી સંપન્ન કરે છે. આજના જ નહિ પણ ભૂતકાળમાં થઈ ગયેલા સૌના તે ગુરૂ છે : પ્રેરક, પોષક તથા પથપ્રદર્શક છે. સૌએ તેમની કૃપાથી જ જ્ઞાન મેળવ્યું છે ને મુક્તિની પ્રાપ્તિ કરી છે. અસત્યમાંથી પરમ સત્યમાં, અંધકારમાંથી પ્રકાશમાં ને મૃત્યુ કે જડતામાંથી અમરતામાં પહોંચવા વૈદિક ઋષિઓએ એમની જ પ્રાર્થના કરી છે. આપણે પણ સંસારના એ પરમ પુરુષને અથવા આદિ ગુરૂને શરણે જઈએ ને એમની સંપૂર્ણ કૃપાની જીવનના મંગલ માટે કામના કરીએ.

तस्य वाचकः प्रणवः ॥२७॥

**[૨૭] ૐ કાર તેમનું નામ છે**

સંતો ને શાસ્ત્રોએ પ્રાર્થના પર ખૂબ જ ભાર મૂક્યો છે ને જુદી જુદી રીતે તેની રજૂઆત કરી છે. જીવનની ઉન્નતિ ને શાંતિમાં તે અગત્યનો ભાગ ભજવે છે. ખરી રીતે કહીએ તો પ્રાર્થના પોતે જ એક અકસીર સાધના છે. કેવળ એનો આધાર લઈને કોઈ પણ આગળ વધી શકે છે ને ઈશ્વરને ઓળખી લે છે. ટૂંકમાં કહો તો એ પ્રાણ ને પરમાત્માને એક કરવાનો પુલ છે. થોડા વખત પહેલાં એક ભાઈએ મને પ્રશ્ન કરેલો કે બહાર કોઈ એવી શક્તિ છે જે આપણી પ્રાર્થનાને સાંભળીને એના ઉત્તર આપે છે ? મેં કહ્યું કે, ‘જરૂર. બહાર તો શું પણ આપણી અંદર જ એ શક્તિ છે જેને આજે પણ સમજી શકાય તેમ છે.’

તે ભાઈના પ્રશ્નો જેવા પ્રશ્નો બીજાને પણ થાય છે, કેમ કે જીવન આજે પ્રાર્થનામય રહ્યું નથી. પોતાના જીવનમાં તે પ્રાર્થનાનો પ્રેમ જગાવે તો તેવી શંકાનું સમાધાન અત્યંત અસરકારક રીતે ને આપોઆપ જ થઈ જાય. મેં તો મારા જીવનમાં અનુભવ્યું છે કે પ્રાર્થનાનો ઉત્તર અવશ્ય મળે છે. પ્રાર્થના મારે માટે એક રસાયણ થઈ પડી છે. પરમાત્માની કૃપા શું છે ને તે કેવી રીતે કામ કરે છે તે મને પ્રાર્થનાની મદદથી સારી પેઠે સમજાયું છે.

પ્રાર્થના બાળકની જેમ ભાંગ્યાતૂટ્યાં શબ્દોમાં પણ થઈ શકે છે. તેને માટે અમુક મંત્રો, ગીતો કે મુકરર સ્તોત્રો હોવાં જોઈએ એવું કશું જ નથી. તે હોય તો પણ ઠીક તે ના હોય તો પણ ઠીક પણ તે સહજ હોવી જોઈએ, અંતરના ઊંડાણમાંથી ઉત્પન્ન થયેલી હોવી જોઈએ, ને તેની પાછળ ભાવનો ભંડોળ હોવો જોઈએ. એવી પ્રાર્થના સફળ થાય ને શાંતિ પણ સત્વરે આપે, આત્મોન્નતિ અથવા જીવનની શુદ્ધિમાં પણ તે મદદ કરે.

પતંજલિ કહે છે કે ઓમ્‌કાર ઈશ્વરનું નામ છે. એનો અર્થ એ થયો કે કોઈનું નામ લેવાથી જેમ તે નામવાળી વ્યક્તિ ઉત્તર આપે છે ને હાજર થાય છે તેમ ઓમ્‌કારનો આધાર લેવાથી આપણે ઈશ્વરનો સંબંધ બાંધીને સમાગમ સાધી શકીએ છીએ પરંતુ પ્રશ્ન એ થાય છે કે પતંજલિએ ઓમ્‌કારનો જ ઉલ્લેખ કેમ કર્યો ને કોઈ બીજા મંત્રનો કેમ નહિ ? શું કોઈ બીજા મંત્રને ઈશ્વરનો વાચક કે પ્રતિનિધિ ના માની શકાય ને તે દ્વારા ઈશ્વરનો સમાગમ ના સાધી શકાય ? કોઈ કોઈ વિદ્વાનો માને છે કે પતંજલિ નિરાકાર ઈશ્વરમાં માને છે તેથી તેમણે ઓમ્‌કારનો ઉલ્લેખ કર્યો છે. પરંતુ તેમની માન્યતા બરાબર નથી, કેમ કે સાકાર ઈશ્વરમાં માનનારાં પણ ઓમ્‌કારનો આધાર લેતાં હોય છે. એટલે એમ જ માનવું રહે છે કે પતંજલિએ પોતાના પ્રિય અથવા તો અનુભૂત મંત્રને કહી બતાવ્યો છે. ઈશ્વરના નામ અનંત છે. તેમાંથી પોતપોતાની રુચિ કે પસંદગી પ્રમાણેના નામને સૌ જપે છે ને તેની જ ભલામણ કરે છે. તુલસીને રામનામ સૌથી સારું અથવા અનુકૂળ લાગ્યું ને સૂરદાસને શ્યામનું. રામકૃષ્ણદેવને ‘મા’નું નામ વધારે ગમતું તો પુષ્પદંત, ત્રૈલંગસ્વામી ને સિદ્ધારૂઢને શંકરનું. તે પ્રમાણે કોઈને ઈશુ, બુદ્ધ કે બીજું નામ પણ ગમે. તે પરથી એમ નથી સમજવાનું કે બીજા નામ તેમને નથી ગમતાં ને તેમને તે મહત્વના નથી માનતા. બધાં નામ ઈશ્વરનાં હોવાથી તેમને ગમે છે. તથા સૌનું મહત્વ તેમને મન સરખું હોય છે. તો પણ પોતાની પ્રકૃતિ, રુચિ કે સાધના પદ્ધતિનો વિચાર કરીને તે અમુક એક નામનો આધાર લે છે ને તેની મદદથી આગળ વધે છે. આ વાતને વિસરીને નાના માણસોએ મંત્રોની ચડસાચડસી, સ્પર્ધા કે કટુતા ઊભી કરી છે એ ખરેખર ખેદજનક છે. એ સ્પર્ધામાં મોટા ભાગના

માણસો મંત્રોની મદદથી માનસિક શાંતિ ને પ્રભુપ્રાપ્તિની મહત્વની વાતને ભૂલી ગયાં છે. પોતાને ફાવતા ને પસંદ પડતા મંત્રને સૌ સર્વોત્તમ ઠરાવવાની હરિફાઈ કર્યા કરે છે, પરંતુ બધા જ મંત્રો એકસરખા શક્તિવાળા ને સર્વોત્તમ જ છે. તમને જે પસંદ પડે તેને પકડી લો. એટલે તમારે માટે તે ચમત્કારિક સાબિત થશે ને જરૂરી કામ કરી દેશે. મુખ્ય વાત તમારી ભાવના ને શ્રદ્ધાની છે. મંત્રને બળવાન ને સજીવ તે જ કરશે. માટે તેના પ્રબળ ને અડગ જાપ કરો. જુઓને તેના પ્રભાવથી વાલ્મિકી ઉલટા જપ કરીને પણ ઈશ્વરને મેળવી શક્યા. તેવી જ રીતે કોઈ પણ મંત્રજાપ કરી સિદ્ધિ મેળવી શકે છે. હા, તેનામાં પ્રેમ, લગન ને શ્રદ્ધા સાથેનો સમર્પણભાવ જોઈએ. પતંજલિએ ઈશ્વરના અનેકાનેકના અકસીર નામોમાંથી એક ઓમ્કારનો ઉલ્લેખ કર્યો છે એમ સમજવાનું છે.

**[૨૮] તેના જપ અને અર્થનું મનન કરવુ**

નામ એક રસાયન છે. માનવના અંતરનું આમૂલ પરિવર્તન કરવાની શક્તિ ધરાવે છે. જે નામ લેવાય તે ચરાચરમાં રહેલા પરમાત્માનું છે એમ માનીને લેવું જોઈએ. નામજપ સાધનાનો સરળ ને સીધો માર્ગ છે એમાં શંકા નથી. યોગની જે સાધનાનો આપણે વિચાર કરીએ છીએ તેમાં પણ નામજપ મદદરૂપ છે, ને મહર્ષિ પતંજલિ એનો એ રીતે જ ઉલ્લેખ કરી રહ્યા છે. હવે તો ઓમ્કારના અર્થનું ચિંતન ને મનન અથવા ઓમ્કારની ભાવના કરવી એમ કહે છે તો ઓમ્કારની ભાવના અથવા ઓમ્કારનું ચિંતન-મનન એટલે શું તેનો વિચાર હવે કરી લઈએ.

આપણે જાણીએ છીએ-ને કદાચ ના જાણતા હોઈએ જાણી લઈએ કે દરેક મંત્રની સાથે કોઈને કોઈ ભાવના સંકળાયેલી હોય છે. કોઈને કોઈ રહસ્ય તેમાં ભરેલું હોય છે, ને મંત્રના જપની સાથે તેનો વિચાર પણ કરવાનો હોય છે. તેવા વિચારમાંથી જપ કરનાર પ્રેરણા મેળવે છે ને પોતાના જીવનને વધારે સુંદર, ઉજ્જવળ કે આદર્શ કરવાની સામગ્રી પ્રાપ્ત કરે છે. એ રીતે જપ તેને માટે કોઈ જડ વસ્તુ નથી રહેતી પણ જીવનમાં શક્તિનો સંચાર કરનારી સાધના થઈ જાય છે. દાખલા તરીકે ધારો કે કોઈ શ્રીરામના જપ કરે છે. તો તે ફક્ત રામરામ કરીને બેસી રહેવાને બદલે શ્રીરામને ચરાચરમાં બધે જોવાનો પ્રયાસ કરશે અથવા સૌની અંદર શ્રીરામના મંગલ રૂપનું દર્શન કરવાની ટેવ પાડશે. તે ઉપરાંત, રામના જીવનનો વિચાર કરીને તેમાંથી ગ્રહણ કરવા જેવી આદર્શ વસ્તુઓને ગ્રહણ પણ કરશે. રામની સત્યપ્રિયતા, માતાપિતા તરફની ભક્તિ ને સેવાભાવના, અધમ મનાતા માનવો ને જીવો પ્રત્યેનો તેમનો પ્રેમ ને એવી બીજી કેટલીય ઉત્તમ વસ્તુઓને તે જીવનમાં સ્થાન આપશે. એ રીતે રામનો વિચાર તેના જીવનની શુદ્ધિ ને ઉન્નતિનું કામ પણ કરી રહેશે. તેની સાથે સાથે તે રામના દર્શન માટે પણ તૈયાર થશે ને આતુર બનશે. એવી રીતે બીજા જપના સંબંધમાં પણ સમજી લેવાનું છે. મતલબ કે જપ એકલા હોઠ કે હૈયાને જ નથી હલાવતા, પરંતુ પ્રત્યેક પરમાણુને, સમસ્ત જીવનને હલાવી નાખે છે, તન, મન ને અંતરમાં તે ક્રાંતિ કરે છે.

ઓમ્કારના જપનું પણ એવું જ સમજવાનું છે. તેના કેવળ જપ કરીને બેસી રહેવાનું નથી, પણ તેના ભાવનું મનન પણ કરવાનું છે. એવું મનન કેવી રીતે કરવું ? તેને સમજવા માટે આપણે ઓમ્ ને બરાબર સમજી લઈએ અથવા એના અર્થને જાણી લઈએ.

પોતાના સ્વરૂપને સમજવા માટે માણસે સૌથી પહેલાં પોતાની જાતને જે પ્રશ્નો પૂછ્યા છે તેમાં સૌથી મહત્વનો પ્રશ્ન 'કોડહમ્'નો છે. હું કોણ ? અથવા તો મારું સત્ય સ્વરૂપ શું ? એ પ્રશ્ન તત્વજ્ઞાનમાં રસ લેનારા જિજ્ઞાસુ માનવે પોતાને પૂછી જોયો ને વિચાર તથા અનુભવના આધાર પર તેને જે ઉત્તર મળ્યો તે છે 'સોડહમ્' અર્થાત્ હું તે છું. તત્વજ્ઞાનમાં પોતાના સ્વરૂપને જાણી લેવાની વૃત્તિ પહેલા પ્રશ્નમાં મૂર્ત થાય છે. ને તે જિજ્ઞાસાનો સુખદ અંત અથવા કહો કે તત્વજ્ઞાનના એ પ્રશ્નનો સુખદ અંત, તેની પાછળના ઉત્તરમાં આવી જાય છે. 'સોડહમ્'ની સ્વાનુભવપૂર્ણ સંતોષકારક શોધ પર પહોંચીને જિજ્ઞાસુનું સુખદ સમાધાન થઈ જાય છે. તત્વજ્ઞાનના આરંભ ને અંતનો સાર એ બે નાનાં વાક્યોમાં બહુ સચોટ તેમજ સરસ રીતે સમાવી લેવામાં આવ્યો છે. જાણે કે ગાગરમાં સાગર સમાવ્યો છે.

પરંતુ 'સોડહમ્' એટલે શું ? હું તે છું એટલે શું સમજવું ? ઋષિ કહે કે હું તે છું એટલે પરમાત્મા છું. અહં બ્રહ્માસ્મિઃ। પરંતુ પરમાત્મા કેવા ? ઋષિ કહે છે કે પ્રજ્ઞાન બ્રહ્મ. અયમાત્મા બ્રહ્મ. સર્વ ખલુ ઈદમ્ બ્રહ્મ. સચ્ચિદાનંદ બ્રહ્મ. સત્યં શિવં સુંદરમ્. એટલે કે તે પરમાત્મા પરમ સત્યરૂપ, મંગલ ને સુંદર છે. જ્ઞાન ને આનંદના નિધાન છે. બધે વ્યાપક છે ને શરીરમાં જે આ આત્મા છે એ જ પરમાત્મા છે. બંનેમાં કોઈ વાસ્તવિક ભેદ નથી. એ પરમાત્મા પ્રેમ, પવિત્રતા ને મધુરતાની મૂર્તિ છે. એટલે આ ને પરમાત્મા સંબંધી બીજા બધા ભાવોનો 'સોડહમ્'- હું પરમાત્મા છું-માં સમાવી લેવામાં આવ્યા છે. માખણમાં જેમ દૂધ ને દહીંનો સાર સમાવી લેવામાં આવે એમ 'સોડહમ્' નો ઉચ્ચાર કરતાં કે 'સોડહમ્' સાંભળતાં એ બધાં મુખ્ય ભાવો આપણા અંતરમાં ઉત્પન્ન થવા જોઈએ. વળી પુષ્પદંતે પોતાના મહિમ્ન સ્તોત્રમાં ઓમ્કારને ગુણાતીત સમાધિ દશાનો વાચક પણ કહ્યો છે, ને તેની ત્રણ માત્રાને જુદી જુદી ત્રણ સ્થિતિ, ત્રણ કાળ, ત્રણ પૃથ્વી, ત્રણ દેવ ને ત્રણ ગુણની પ્રતિનિધિ કહી છે. એવા અર્થ બીજા ઘણા છે. આપણે તો અહીં એ જ કહેવા માગીએ છીએ કે 'સોડહમ્' માં કેટલો બધો ભાવ ને તત્વજ્ઞાનનો સાર ભરેલો કે સમાયેલો છે. ઓમ્ બીજું કાંઈ નહિ પણ એ જ 'સોડહમ્' નું ટૂંકું રૂપ છે, 'સોડહમ્'માંથી પહેલો સ ને વચલો હ કાઢી નાખ્યા એટલે ઓમ્ રહ્યું. આપણે જેનો વિચાર કરીએ છીએ તે મંત્ર ઓમ્ છે, ને એની જ ભાવના આપણે કરવાની છે.

આટલી વિચારણા પરથી હવે ઓમ્ નો અર્થ તદ્દન સ્પષ્ટ થઈ ગયો હશે. ઓમ્કારમાં કેટલો વિશાળ ભાવ ભરેલો છે તે પણ બરાબર સમજાઈ ગયું હશે. ઓમ્કાર વેદ ને ઉપનિષદની વિટામિનની ગોળી છે. તે ગોળીનું સેવન કરનારનાં બધા દુઃખદર્દ દૂર થાય છે. શાંતિ, સમૃદ્ધિ તેમજ આત્મોન્નતિની એ અકસીર બુટી છે. તેના જપ જરાય ઉતાવળ વિના, સમજપૂર્વક ને ખૂબ શાંતિથી કરવાના છે ને ભાવના કરવાની કે હું પરમાત્મા સ્વરૂપ છું. એ ઉપરાંત, આવી ભાવના પણ કરી શકો છો કે હું આનંદસ્વરૂપ છું, પ્રેમસ્વરૂપ છું. મને કોઈ પ્રત્યે દુશ્મનાવટ કે દ્વેષભાવ નથી ને કશાનો શોક નથી. હું મારા પ્રેમના તરંગો સૌ પ્રત્યે વહેતાં મૂકું છું. સૌ જીવો એકમાત્ર પરમાત્માના સ્વરૂપ જેવા છે. માટે સૌની સુખાકારીની ભાવના હું વ્યક્ત કરું છું. સૌની અંદર પરમાત્માનો પ્રકાશ જોવાથી હું નિર્ભય છું. સંસારમાં મને કશાનો ભય નથી. મને શોક નથી, મોહ નથી, રાગ નથી, દ્વેષ નથી ને કોઈ જાતના બંધન નથી. હું પરમપવિત્ર, પ્રકાશરૂપ તેમજ મંગલ છું, ને ધારું તે બધું જ કરી શકું છું.

એવી ભાવના કરતાં કરતાં 'ઓમ્'ના જપ કરવાથી અથવા જપ સિવાયના બીજા વખત દરમ્યાન પણ એવી ભાવના કરવાથી ઘણો લાભ થશે તેમજ આનંદ થશે. જપ કેવળ જડ કે યાંત્રિક બનવાને બદલે સુંદર સાધનારૂપ થઈ પડશે. કોઈએ એમ ના માનવું કે એવી ભાવનાઓ કરવાથી શું થાય ? એવી ભાવના એક મહામોંઘી થાપણરૂપ થઈ પડશે. તે પ્રમાણે જીવવાનું અથવા તેમને જીવનમાં સાકાર કરવાનું પણ મન થશે, ને પરિણામે જીવન નવું તથા વધારે સુંદર ને બળવાન બનશે. માણસ જેવા વિચાર કરે છે તેવો વત્તેઓછે અંશે થાય છે એ વાત સૌ સ્વીકારે છે. ભાવના પ્રમાણેનું જીવન જીવવા બનતું બધું જ કરી છૂટવું. તે જીવન કેટલું સરસ ને અનેરું હશે તેની કલ્પના સહેજે કરી શકાય છે.

સાધકોને આપણે એક બીજી સૂચના પણ કરી લઈશું. તે એ કે દુઃખ કે શોકને વખતે હિંમત હારીને રડવાને બદલે 'ઓમકાર'નો ધ્વનિ કરીને યાદ કરો કે તમે પરમાત્મા સ્વરૂપ ને આનંદરૂપ છો. પરમાત્મા તમારી સદા સંભાળ રાખે છે એટલે દુઃખ ને શોકથી પ્રભાવિત થવાનું કોઈ કારણ નથી. કોઈ નિંદા કરે કે કોઈ પ્રલોભનનો સામનો કરવો પડે ત્યારે પણ હતાશ કે નિરાશ થવાને બદલે એ જ 'ઓમકાર'ને યાદ કરો ને વિચારો કે તમે નિંદાસ્તુતિ તથા પ્રલોભનથી પર પરમાત્મા છો. તમને બળ મળશે ને તમે તરત નિર્ભય તથા પ્રસન્ન બની જશો. ગમે તેવા પ્રલોભનો કે ભયસ્થાનમાંથી સહીસલામત પસાર થવાની તમને શક્તિ મળશે. અભિમાન થાય, ભેદભાવ જાગે કે કોઈ કુકર્મનાં વિચારમાં મન લાગે, ત્યારે પણ એ જ આશીર્વાદ સમા 'ઓમ્' ને યાદ કરો ને તમારા ને પરમાત્માના સંબંધનો ખ્યાલ કરો. પરમાત્મા સર્વવ્યાપક છે ને સંસારના વિવિધ રૂપોમાં રમી રહ્યા છે એવું સ્મરણ કરો. પરિણામે ભેદભાવ, અભિમાન ને કુવિચાર દૂર થશે ને નમ્રતા, સમતા તથા પવિત્રતાની પ્રાપ્તિ થશે. જીવનને મધુમય ને ઉત્તમ બનાવવામાં એ રીતે 'ઓમકાર'નો વિચાર ભારે મદદરૂપ થઈ પડે છે. એવી રીતે એનો બીજો પણ ઉપયોગ કરી શકાય. ગીતામાં ભગવાન કૃષ્ણે કહ્યું છે કે 'ઓમકાર' પરમાત્માનું રૂપ છે. એને જપતા તથા પરમાત્માને યાદ કરતાં જે શરીરનો ત્યાગ કરે છે તે ઉત્તમ ગતિની પ્રાપ્તિ કરે છે. એ વાત તો સાચી જ છે. પરંતુ મૃત્યુ પછીની ગતિની વાત બાજુએ મુકીએ તો પણ કહી શકીએ કે 'ઓમ'ના જપ, 'ઓમ'ની ભાવના ને એ દ્વારા પરમાત્માનું સ્મરણ કરનાર તથા પરમાત્મા સાથે સંબંધ બાંધનાર મૃત્યુ પહેલાંના આ ચાલુ જીવનમાં જ ઉત્તમ ગતિને મેળવે છે, ને જીવનની સફળતાના સંતોષથી ધન્ય બને છે.

'ઓમકાર'ની મદદથી આગળના માર્ગની સફળ સફર પણ કરી શકાય છે 'ઓમકાર'નું ચિંતન મનન કરતાં પ્રસન્ન ને મધુમય થયેલું મન ધ્યાનમાં આગળ ને આગળ વધતું છેક શાંત થાય છે, ને શરીરનું ભાન ભૂલી જઈને પરમાત્મામાં મળી જાય છે. મતલબ કે સમાધિના મંગલ મંદિરના દ્વાર સાધકને માટે ઊઘડી જાય છે ને અંદર રહેલા દેવતાનું તેને દર્શન થાય છે. એ અનુભવનો આનંદ કેવી રીતે કહી બતાવાય ? શબ્દોની શક્તિ એ બાબત છેક સીમિત છે છતાં પણ આનંદથી ઓતપ્રોત થઈને અનુભવી પુરુષોએ એનો ઓછોવત્તો ચિતાર અવશ્ય આપ્યો છે. એકલા ઓમના જપથી જ એવી અલૌકિક અવસ્થા અનુભવી શકાય છે એમ નથી. ભાવ ને રસપૂર્વક કોઈ પણ મંત્રનો આધાર લઈને ધ્યાન કરવામાં આવે તો એવો અનુભવ થઈ શકે છે. અહીં 'ઓમકાર'ની વાત છે એથી આપણે એનો જ ઉલ્લેખ કરી રહ્યા છીએ.

જપનું એ ફળ છે કે મન સંસારનું ભાન ભૂલી પરમાત્માના પરમાનંદમાં લીન બની જાય છે. પરંતુ ભક્તોએ એક બીજી વાત પણ યાદ રાખવાની છે. જપ કરતાં કરતાં તેમના દિલમાં ક્રમે ક્રમે પ્રભુ પ્રેમ વધતો જશે, ને આખરે આતુરતાનો અતિરેક થતાં તેમને પ્રભુનું સમાધિમાં કે સાક્ષાત્ દર્શન ઉઘાડી આંખે પણ થઈ શકશે. જેવી તેમની ઈચ્છા કે ભાવના. જપ એ પ્રકારના સાકાર ઈશ્વરદર્શનમાં પણ મદદરૂપ થઈ પડશે.

**[૨૯] એવા અભ્યાસનું ફળ**

કોઈને પૂછવાનું મન થશે કે 'ઓમકાર'ના જપ ને ચિંતનમનનથી એવી સાધના કરનારને પોતાને તો લાભ થાય ને એવા લાભનું વર્ણન આગળ પર કરેલું જ છે, તેમાં તો કશી શંકા જ નથી. પરંતુ તેથી બીજા કોઈને કશો લાભ થાય ખરો ? સમાજને તેથી શી મદદ મળે ?

એ પ્રશ્નમાં ઉત્તર પણ આપણે છેક સહાનુભૂતિપૂર્વક આપીશું. સમય અત્યારે એવો છે કે દરેક વસ્તુથી સમાજને કે બીજાને શો લાભ થાય એવા પ્રશ્નો બુદ્ધિવાદી માણસ સહજ રીતે જ પૂછે છે. કોઈ પણ વિષય કે વસ્તુની કસોટી કરવાનો કે કિંમત આંકવાનો એ એક ગજ થઈ પડ્યો છે. માણસો એ રીતે બીજાના લાભની વાતનો વિચાર કરવા માંડ્યા છે એ એક સારી નિશાની છે.

આપણે સમજી લેવું જોઈએ કે જીવનમાં બીજી વસ્તુઓની જેમ ધર્મ ને તત્વજ્ઞાનનું પણ મહત્વનું સ્થાન છે. એનો આધાર લેનાર એ સંબંધી કેટલીક જરૂરી માહિતી પૂરી પાડે છે. એનો રસ કેળવીને જે કોઈ સાધના કરે છે તે પોતાના સ્વાનુભવના આધાર પર, એ સંબંધી વિશેષ પ્રકાશ પાડે છે. સાધનાના ક્ષેત્રનું સંશોધન કરીને તેનાં સત્યોને તે નવેસરથી રજૂ કરે છે. એ સેવા ધર્મ, તત્વજ્ઞાન કે સાધના ને સંસ્કૃતિની દૃષ્ટિએ ઓછી અગત્યની નથી. બધા માણસોને એવી સેવાનો એટલો અવકાશ નથી. કેમ કે કરોળિયાના જાળાની જેમ તે તેમના સાંસારિક પ્રશ્નોમાં એટલા બધા અટવાયા હોય છે કે વાત નહિ. તેમાંથી બહાર નીકળવાનું તેમને માટે મુશ્કેલ હોય છે. તેમને માટે એવા અનુભવી મહાપુરુષો મહાન માર્ગદર્શકરૂપ થઈ પડે છે. ધર્મ ને તત્વજ્ઞાન તથા સાધનાના પ્રવાહને તે જ જતન કરીને જાળવી રાખે છે. એક બીજી વાત પણ સમજવા જેવી છે. પોતાની જાતની શુદ્ધિની સાધના કરનારા એવા સાધકો સમાજમાં શુદ્ધિની ભાવના પેદા કરે છે ને શુદ્ધિ તેમજ ઉન્નતિના પ્રવાહને પ્રકટાવે ને પ્રસરાવે છે. તે ઉપરાંત સાધના દ્વારા આગળ વધવા માગનારાં બીજા અનેકને તે શાંતિ આપે છે, ને પ્રેરણા પૂરી પાડે છે, ને સફળ તથા પ્રભુમય જીવનના સોપાન પર ચઢાવે છે. એ રીતે બીજાને મારફત મળતી મદદ કાંઈ ઓછી નથી.

'ઓમકાર'નું રટણ કેટલાક માની બેઠા છે તેમ જડ નથી પણ જોમ લાવનાર તથા જીવન પેદા કરનારું છે. 'ઓમ'ના જપ કરનાર જાણે કે પોતે પરમાત્મારૂપ છે, પણ શું તેમ જાણીને તે જીવનભર કોઈ નદીતટ કે પર્વતીય પીંજરમાં બંધ થઈને તદ્દન નિષ્ક્રિય બનીને બેસી રહે છે ? પરમાત્માનો પ્રત્યક્ષ અનુભવ કરવા માટે બનતી બધી જ રીતે પૂરી કોશિશ કરે છે. તેની સાથે સાથે, પરમાત્માના એવા અનુભવ પહેલાં ને પછી પણ સમજે છે કે પરમાત્મા તો સમસ્ત વિશ્વમાં વ્યાપક છે. જુદા જુદા રૂપમાં એ જ છે. એટલે પરમાત્માના વિશ્વરૂપનો પણ એ અનુભવ કરે છે. એવો અનુભવી પુરુષ બીજાને માટે મદદરૂપ થયા વિના બેસી રહે જ કેવી રીતે ? બીજાને સુખી કરવા, શાંતિ આપવા, પ્રકાશ પહોંચાડવા ને પ્રેમથી પરિપ્લાવિત

કરીને પ્રભુમય જીવનનો માર્ગ બતાવવા તે તૈયાર ના થાય તે બને જ કેમ ? સાધનાની વચગાળાની દશામાં તે શાંત રહે ને સાધનાપરાયણ બનીને બેસી રહે તે સમજી શકાય તેમ છે; પરંતુ સાધના પૂરી થયા પછી પણ તે બીજાને મદદરૂપ થવા માટે કશું જ ના કરે તે માની શકાય તેવું નથી. સાધનાની સંપૂર્ણતાએ પહોંચેલા એવા પુરુષોમાંથી જ પયગંબરો પ્રકટે છે, ધર્મસ્થાપકો ને શાંતિનાં સંદેશવાહકો જન્મે છે. પછી તે દેવદૂત જેવા બનીને દુનિયામાં જીવે છે ને વિચરણ કરે છે. તેમનાથી બીજાને લાભ નથી થતો એમ માનવાની ને મનાવવાની જરૂર નથી. એવી માન્યતા ભૂલભરેલી છે. બીજાને લાભ પહોંચાડવાની પદ્ધતિમાં ફેર જરૂર હોઈ શકે, પણ લાભ પહોંચાડવાની મૂળભૂત વાતમાં ફેર નથી હોતો એ નક્કી છે.

મહર્ષિ પતંજલિ યોગદર્શનના રૂપમાં કરેલી સેવા કેટલી કીમતી છે ! વરસો થયાં તો પણ એનો પ્રકાશ ને પ્રભાવ જરા ઓછો નથી થયો. લાખોના જીવનઘડતરમાં એણે ફાળો આપ્યો છે. એમની ને એમના જેવા બીજા સમર્થ સંતોની શુભાશિષથી આપણે એની વિચારણા કરતાં કરતાં આટલે સુધી આવી પહોંચ્યા. એમની કૃપાને યાદ કરીને હજી આગળ વધીએ. મહર્ષિ કહે છે કે 'ઓમ'ના જપ ને ચિંતનમનનથી બધી જાતનાં વિઘ્નો દૂર થાય, આત્માનું વાસ્તવિક જ્ઞાન થાય છે, ને મુક્તિની મહાદશા પણ સહેજે મળી જાય છે.

### [૩૦] નવ જાતનાં વિઘ્નો

કોઈ પણ સારું ને મોટું કામ કરીએ એટલે વિઘ્નો તો આવવાનાં જ. તે કામની સંપૂર્ણતાએ છેક સરળતાથી પહોંચી શકાશે એવી ખાત્રી કોઈ ભાગ્યે જ આપી શકે. આત્મિક ઉન્નતિની સાધનાને એ વાત વધારે સારી લાગુ પડે છે. સાધનાની સાથે માણસે પોતાનાં વ્યવહારિક કે સાંસારિક પ્રશ્નોનું પણ ધ્યાન રાખવું પડે છે. પોતાના ને પોતાની સાથે સંકળાયેલાં બીજાના ભરણ-પોષણનો વિચાર પણ કરવો પડે છે ને તેને માટે કોઈ ને કોઈ નાની કે મોટી પ્રવૃત્તિમાં મન પરોવવું પડે છે, તથા આહાર, વિહાર ને સાધનાનાં અમુક ચોક્કસ નિયમોનું ધ્યાન રાખવું રહે છે. એને લીધે સાધનાની મહાયાત્રા જેટલી લાગે છે તેટલી સરળ નથી થતી. તેમાં જુદી જુદી જાતનાં વિઘ્નો આવે છે અથવા અંતરાયો ઊભા થાય છે. કેટલાક વિઘ્નો પોતાની મેળે ઊભાં થયેલા હોય છે. પોતાની જ પ્રવૃત્તિની કોઈક કમી કે નબળાઈને લીધે, કોઈક જૂની વિરોધી ટેવને લીધે, દુર્ગુણ, દુર્વિચાર કે વ્યસનને લીધે એમની ઉત્પત્તિ થઈ હોય છે. એક જાતનાં વિઘ્નો તો એવાં છે. બીજી જાતનાં વિઘ્નો બહારના હોય છે. તે ઉપરાંત, ત્રીજી જાતનાં કેટલાક કુદરતી વિઘ્નો હોય છે. કુદરતની આકસ્મિક ઘટનાઓને લીધે તે ઊભાં થાય છે, તથા એમની આગળ માણસ વત્તેઓછે અંશે લાચાર બની જાય છે. એમ વિઘ્નો મુખ્યત્વે ત્રણ જાતનાં હોઈ શકે છે. છતાં પણ તેમનાથી ડરવાનું કોઈ કારણ નથી. સાધકની અંદર અખૂટ હિંમત હોવી જોઈએ, ને અદમ્ય ઈચ્છાશક્તિ તથા અનંત ઉત્સાહથી સારી પેઠે સજ્જ થઈને તેણે આગળ વધવું જોઈએ. વિઘ્નો તો આવવાનાં જ. પણ આપણાં આત્મબળ કે ઉત્કર્ષને એ અટકાવે નહિ એનું જ ધ્યાન રાખવાનું છે.

બીજી જરૂરી વાત ઈશ્વરમાં અસીમ શ્રદ્ધા રાખવાની છે. જેણે ઈશ્વરના હાથમાં પોતાના જીવનની લગામ સુપ્રત કરી, ને જે ઈશ્વરનો જ થઈને બેસી ગયો, તેણે કોઈયે કારણે નિરાશ થવાની જરૂર જ નથી. તે તો સદાને માટે સલામત છે. તે સારી પેઠે સમજે છે કે ઈશ્વર તેની ડગલે ને પગલે સંભાળ રાખે છે ને

માતાથીયે વધારે માયાળુ થઈને માવજત કરે છે. પોતાના જીવનની પળેપળનું તે ધ્યાન રાખે છે, ને તેને યોગ્ય દિશામાં બરાબર આગળ વધારે છે. એવો વિશ્વાસ જેના હૃદયમાં વાસ કરે છે તેણે કોઈ જાતની ચિંતા કરવાની ને કશાથી ડરવાની જરૂર નથી. ના, વિઘ્નોથીયે નહિ. તે તો સમજે છે કે વિઘ્નો ગમે તેટલાં ભારે હોય તો પણ ઈશ્વરની શક્તિ એથીયે ભારે છે. એવાં સર્વસમર્થ ઈશ્વરનું પોતે શરણ લીધું છે, એટલે વિપત્તિ ને વિઘ્નોથી ડરવાનું કોઈ કારણ નથી. વિઘ્નોનાં વાદળ એ સર્વશક્તિમાન ઈશ્વરની કૃપાથી દૂર થઈ જશે ને જીવનનું આકાશ તદ્દન સાફ થશે.

ઈશ્વરના નામ ને પ્રેમમાં અજબ શક્તિ છે. તે શક્તિની સમજ બહુ ઓછા લોકોને છે. તેથી તે દુઃખ, ભય, રોગ ને અશાંતિમાં અટવાયા કરે છે. ઈશ્વરના નામના સતત સ્મરણ ને ઈશ્વરના પ્રેમના નિરંતર સેવનથી એ સૌનો અંત આવે છે ને જીવન બધી રીતે સુખી, શાંત ને ધન્ય બને છે. પરંતુ એવી સમજ ને શ્રદ્ધા કોઈક વિરલામાં જ જોવા મળે છે. એટલે મોટા ભાગનાં માણસો દુઃખ, દર્દ, વિપત્તિ ને વિઘ્નોથી ગભરાય છે, રડે છે, ને હતાશ થઈને કોઈ વાર જીવનનો અંત આણવા કોશિશ કરે છે. આપણે તેમને પ્રેમપૂર્વક ભલામણ કરીશું કે તદ્દન નિરાશ ને નાસીપાસ થાવ તે પહેલાં બીજા ઉપાયોની સાથે સાથે દુઃખ-દર્દ ને દૂર કરવા માટે ઈશ્વરના નામ ને પ્રેમનો પણ આધાર લો; ને ઈશ્વરની પ્રાર્થનાનો ચમત્કાર પણ અજમાવી જુઓ. આપણે એવા માણસોને બીજા ચાલુ ઉપાયોની સાથે સાથે ઈશ્વરસ્મરણ ને ઈશ્વર પ્રેમનો ઉપાય કરવાનું કહીએ છીએ; કેમ કે બહારના બધા જ ઉપાયોને મૂકી દઈને છેક ઈશ્વરપરાયણ થવાનું કે ઈશ્વરને આધારે બેસી રહેવાનું કામ સૌને માટે સહેલું નથી ને જરૂરી પણ નથી. બહારના જે ઉપાય થાય તે ઈશ્વર સુઝાડે છે ને ઈચ્છે છે માટે જ થાય છે, એમ માનીને તે કરતા રહેવાની ને સાથે સાથે જીવનને પ્રભુમય કરવાની પદ્ધતિ વધારે સારી છે. તે પદ્ધતિ સફળ નહિ થાય એવો અવિશ્વાસ કેળવવાની જરૂર નથી. ઈશ્વર દયાળુ છે, સર્વસમર્થ છે. તે આપણને મદદ કરશે જ. બહારનાં બધા પ્રયાસ છોડી દઈને જે એને આધારે બેસશે તેને પણ મદદરૂપ થશે જ. કોઈનો પોકાર ને પ્રયાસ નકામો નહિ જાય.

કોઈ કહેશે કે, 'ઈશ્વરની કૃપાથી શું મોટા ને અસાધ્ય રોગ પણ મટી શકશે ?' આપણે કહીશું કે જરૂર. એના નામ, પ્રેમ ને એની કૃપાનો પ્રભાવ એવો ભારે છે કે તે શું ના કરી શકે ? એ જ પ્રશ્ન છે. મતલબ કે બધું જ કરી શકે. તેને માટે કશું જ મુશ્કેલ કે અશક્ય નથી. તે રોગ પણ મટાડી શકે છે, નિર્ધનને ધન, નિર્ગુણને ગુણ ને પદ વિનાનાને મોટી પદવી આપી શકે છે, નિરક્ષરને જ્ઞાની કરી શકે છે, ને પ્રારબ્ધને જોતજોતામાં પલટાવી નાખે છે. પણ તમે તેનું શરણ લેવા, તેને અંતરના અંતરતમમાંથી પ્રેમ કરવા અને સારાંનરસાં બધા જ સંજોગોમાં વળગી રહેવા તૈયાર છો ? એવી અજાયબીમાં નાખી દેનારી ઘટનાઓ તો ત્યારે જ બની શકે. કોઈ કહેશે કે 'તો શું અમારે કોઈ દર્દની દવા ના લેવી ?' આપણે એવું કહીએ છીએ પણ ક્યાંક જરૂર જણાય તો તેટલી દવા જરૂર લો. જ્યાં સુધી ઠીક લાગે ત્યાં સુધી દવા લેવામાં કાંઈ જ હરકત નથી. પણ ઈશ્વરનું સ્મરણ ચાલુ રાખો. દવા ઈશ્વરે જ કરેલી ને ઈશ્વરની ઈચ્છાથી જ મળેલી છે એમ માનીને તેનું સેવન કરો તો કોઈ શંકા કે ભ્રમણા નહિ થાય. ને દર્દ મટે ત્યારે દવા કે ડૉકટરને જ બધો યશ આપવાને બદલે તેમને તો કેવળ નિમિત્ત માનીને, બધો યશ ઈશ્વરને જ આપો. દવા ને ડૉકટરોથી ઈશ્વરની શક્તિ મોટી છે.

તેમનામાં તેની જ શક્તિ કામ કરી રહી છે ને તે નિષ્ફળ જાય છે ત્યારે પણ તે જ ઈશ્વરીશક્તિ સંપૂર્ણપણે સફળ થાય છે.

એટલે તન ને મનનાં બધાં જ દર્દો ને કુદરતી વિઘ્નો ઈશ્વરનાં નામ ને પ્રેમથી મટી શકે છે. મહર્ષિ પતંજલિએ સાધનાનાં વિઘ્નોના નવ પ્રકાર કહ્યાં છે. તેનો વિચાર હવે ક્રમશઃ કરી લઈએ.

૧, ૨) વ્યાધિ અને આહારવિહાર : સાધનાના સૌથી પહેલા વિઘ્ન તરીકે મહર્ષિ પતંજલિ વ્યાધિનો ઉલ્લેખ કરે છે. તન, મન કે અંતરના રોગને વ્યાધિ કહેવામાં આવે છે. આપણે ત્યાં એક માન્યતા એવી છે કે રોગ કોઈ પાપને લીધે થાય છે પરંતુ તે માન્યતા તદ્દન સાચી નથી લાગતી. રોગનાં કારણ બીજાં ઘણાં હોય છે. આહારવિહારનાં દોષથી અથવા તો અશુદ્ધ હવાપાણીના પ્રભાવથી પણ જુદાં જુદાં રોગ થતા હોય છે. આરોગ્યશાસ્ત્રનું અજ્ઞાન પણ કેટલીક વાર રોગને આમંત્રણ આપતું હોય છે. જરૂરી સાત્વિક ખોરાકના અભાવથી પણ રોગ થાય છે. તે ઉપરાંત કેટલીક વાર રોગ માતાપિતા તરફથી વારસામાં પણ મળે છે. સાધકોને સાધનાની કોઈ અવ્યવસ્થાથી પણ રોગ થતા હોય છે. એટલે બધે જ વખતે એક માત્ર પાપને જ રોગનું કારણ માનવું બરાબર નથી. રોગનું કારણ પાપ જ હોય છે એમ માનવાથી રોગનો ભોગ થઈ પડનાર પ્રત્યે પ્રેમ ને સહાનુભૂતિ થવાને બદલે તિરસ્કાર થવાનો સંભવ વધારે રહે છે. એ પણ માન્યતા સુધારવા જેવી છે. મન, વચન ને કાયાથી પવિત્ર રહેનાર પુરુષ વધારે પ્રમાણમાં પ્રકૃતિને અનુકૂળ ન આવે તો પણ મરચાં ખાય તો તેનું પેટ બગડે જ. વળી અતિશય ઠંડી જગ્યામાં જરૂરી સાધન વિના રહેવા જાય તો પણ તેનું શરીર સારું ના રહી શકે એ સહેજે સમજી શકાય તેમ છે. એટલે આહારવિહારના એવા દોષને લીધે શરીર બગડ્યું છે એમ કહેવાને બદલે કોઈ પાપને લીધે બગડ્યું છે એમ કહેવું બરાબર નથી લાગતું. બધાં જ પરિણામ કે કર્મફળોને પહેલાંના કોઈને કોઈ પુણ્ય કે પાપની સાથે જોડી દેવાથી આ જીવનમાં કોઈ નવા કર્મને અવકાશ જ નહિ રહે, એટલે એવી વૃત્તિ હાનિકારક જ થશે ને કોઈયે જન્મમાં કોઈ નવા કર્મ ને તેના ફળનો સંભવ નહિ રાખે.

યોગના સાધકે આહારવિહારમાં અત્યંત સાવધાન ને ચોક્કસ રહેવાનું છે. મસાલા, અથાણાં, મરચા, આમલી જેવાં ખાટાં પદાર્થો ને તેલનો પણ તેણે ત્યાગ કરવો પડે છે. ષટક્રિયા, પ્રાણાયામ ને મુદ્રાનો અભ્યાસ કરનારે કેવળ દૂધ ને ભાત કે રોટલી ને દૂધ જ ખાવું પડે છે. એવો આહાર શ્રેષ્ઠ આહાર ગણાય છે. આગળની સાધનાની સફળતા ખાતર જરૂર જણાતાં કેવળ દૂધ પર પણ રહેવું પડે છે. એવા સાધકે સંપૂર્ણ સ્વાદજય કર્યો હોવો જોઈએ. જીભને જેણે જીતેલી ના હોય તે યોગની સાધનામાં ભાગ્યે જ સફળ થઈ શકે. આહાર જેમ તદ્દન સાત્વિક તેમ સૂક્ષ્મ પણ હોવો જોઈએ. પેટને કોઠી માનીને જે તેમાં વારંવાર ને પ્રચુર પ્રમાણમાં અનાજ નાખતા હોય, મતલબ કે જે ખાવાને માટે જ જીવતા હોય, તે યોગી ના થઈ શકે. તે જ નિયમ વિહારના સંબંધમાં પણ લાગુ પડે છે. અત્યંત શ્રમ યોગસાધનામાં હાનિકારક છે. તે ઉપરાંત, ખૂબ ઊંઘવું ને છેક જ ના ઊંઘવું અથવા હદ ઉપરાંત ઉજાગરા કરવા એ બંનેનો સાધકે ત્યાગ કરવાનો છે. સંયમનું પાલન કરી શક્તિને વ્યર્થ વહી ને વેડફાઈ જતી બચાવવાની છે. આહાર ને વિહારના એવા નિયમોનું ઉલ્લંઘન કરવાથી તન ને મન શિથિલ બને છે, બગડે છે, ને રોગ ઘર કરે છે.

કેટલાક સાધકો શરૂઆતમાં ભારે ઉત્સાહી હોય છે, બહુ જ થોડા સમયમાં તે સાધનાની સફર પૂરી કરવાની કામના રાખે છે. તેમની નસેનસમાં થનગનાટ હોય છે. એથી પ્રેરાઈને તે હદ ઉપરાંત આસન ને પ્રાણાયામ કરવા માંડે છે, કેટલાક ધ્યાનની જ પાછળ આદું ખાઈને પડે છે. કેટલાક કેવળ પુસ્તકો વાંચીને, કોઈનાય સીધા માર્ગદર્શન સિવાય, આસન, પ્રાણાયામ, ષટક્રિયા તેમજ મુદ્રાની સાધના કરે છે. કેટલાક માની લીધેલા કેટલાક રૂઢ વૈરાગ્યના ખોટા ખ્યાલોને લીધે શરીરની સંભાળ માટે મળતાં જોઈતાં સાધનોનો ઉપયોગ નથી કરતા. એ બધાં રોગને કંકોત્રી લખે છે એમ કહ્યા વિના નથી રહેવાતું.

રોગની એ અવસ્થા કોઈયે કારણે આવી મળી હોય તો પણ સાધકને માટે હાનિકારક ને સાધનામાં મોટા અંતરાયરૂપ છે એની ના નથી. નિરોગીપણું એક મહામૂલા આશીર્વાદરૂપ છે, ને તેની પ્રાપ્તિ માટે આપણે પ્રભુને જરૂર પ્રાર્થના કરીશું. સૌને તે પ્રાપ્ત થાય એવું ઈચ્છીશું.

૩) સ્ત્યાન : સંસારમાં એવી જાતના માણસો પણ મોટી સંખ્યામાં જોવા મળે છે જે જીવનના રૂઢ ને રોજિંદા ચક્રમાં જ જીવે છે. તેમાંથી બહાર આવીને કોઈ નવું ને વધારે સારું જીવન જીવવાની તેમને ઈચ્છા જ નથી થતી. પોતાના લાંબા વખતથી પકડી રાખેલાં ને જતન કરીને જાળવેલાં જૂના વિચારોનો ત્યાગ કરીને નવા ને વધારે સારા વિચારો ગ્રહણ કરવાનું મન જ તેમને નથી થતું.

તેમની આજુબાજુની બધી દુનિયા ક્રાંતિ કરશે ને સુધરશે પણ તે પોતાની જાતમાં ક્રાતિ કરવા તેમજ સુધારાનું તત્વ દાખલ કરવા તૈયાર જ નહિ થાય. તે તો તેમના વિચાર, ભાવ ને જીવનક્રમને જળોની જેમ વળગી રહેશે. એવી અવસ્થાને આપણે માનસિક જડતાની અવસ્થા પણ કહી શકીએ.

સામાન્ય માણસોની જેમ સાધકો પણ કેટલીક વાર એવી જડ અવસ્થાની અસર નીચે આવી જાય છે. તે વખતે તેમને સાધના કરવાનું જરા પણ નથી ગમતું. તે આખો દિવસ સાધનાની દૃષ્ટિએ જોતાં, અકર્મણ્ય બનીને બેસી રહે છે. કેટલીક વાર અમુક પ્રકારની થોડી કે વધારે સાધના કર્યા પછી પણ એવી અવસ્થા આવી મળે છે. એ અવસ્થાના અનુભવથી સાધક પોતાના સાધારણ અથવા અસાધારણ એવાં અનુભવોને છેવટના માની  લે છે. આપવું ઘટે તેથીયે ઘણું વધારે મહત્વ આપી દે છે, ને હવે કાંઈ જ કરવાનું બાકી નથી એમ માની-મનાવીને પોતાને સિદ્ધ તરીકે ઓળખાવે છે. એ વૃત્તિ ભારે ભયંકર તેમજ નુકસાનકારક છે. સાધકોએ એથી સાવધાન રહેવાની જરૂર છે.

માનસિક જડતાની એ અવસ્થાથી સમજુ સાધકે સદા ચેતતા રહેવાનું છે. એ અવસ્થામાં સાધકને જ્યાં હોય ત્યાંથી આગળ વધવાની ઈચ્છા નથી થતી. પોતાના જ તૈયાર કરેલાં કુંડાળામાં તે હાથે કરીને કેદ થઈ જાય છે. કેટલાક સાધકો એવા છે જે થોડાંક આસન, ષટક્રિયા ને પ્રાણાયામ શીખ્યા પછી પોતાની જાતને સિદ્ધ યોગીમાં ખપાવે છે. એનાથી આગળ વધવાની વૃત્તિ જ તેમને નથી થતી, તેમને ખબર નથી કે આસન ષટક્રિયા ને પ્રાણાયામ તન-મનને મદદરૂપ છે, ને યોગ-સાધનામાં સ્થાન ધરાવે છે, તો પણ તે કાંઈ પૂર્ણ યોગ નથી. યોગની સાધના તો ઘણી મોટી છે. તેની સંપૂર્ણ સફળતા સારું ધ્યાનાદિ કરવાની તેમજ પરમાત્માના પરમ પ્રકાશને ઓળખવાની જરૂર છે. તે માટે સતત સાધના કરવાની જરૂર છે. તે વિના સિદ્ધાવસ્થા કે પરમાત્મા સાથેના યોગનો આનંદ એકદમ અસંભવ છે. કેટલાક ભક્તો પણ એવા છે જે લોકરંજન કે આજીવિકાના સાધન તરીકે કથાકીર્તન કર્યા કરે છે ને પોતાને મહાન ભક્તરાજ કહેવડાવે છે

તેમને ખબર નથી કે ભક્તિ તો કોઈ જુદી જ વસ્તુ છે ને ભક્ત બનવું પણ એટલું સહેલું નથી. તે માટે તો હૃદયમાં પ્રભુની પ્રતિષ્ઠા કરવી જોઈએ. પ્રભુમાં જ પ્રેમ પ્રકટાવવો ને વધારવો જોઈએ. પ્રભુમાં જ રમવું ને પ્રભુને જ માટે રાત-દિન પ્રાર્થવું, તપવું, તલસવું ને રડવું જોઈએ. પ્રભુના દર્શન સિવાયની બીજી બધી જ ઈચ્છા, લાલસા તથા વૃત્તિને ગૌણ જાણીને દિલની દુનિયામાંથી દેશવટો આપવો જોઈએ. પ્રભુની પરમકૃપાના ચાતક બનીને પ્રભુના દર્શન માટે આકુળવ્યાકુળ બની જવું જોઈએ. પ્રભુનો એવો પ્રખર પ્રેમ ભક્તિ કહેવાય છે ને તેથી સંપન્ન હોય તે ભક્ત. ભક્ત થવું કાંઈ રમત વાત નથી. બે-ચાર ભજન ગાયાં, કીર્તન કર્યું, ને સરસ આખ્યાન કર્યું તથા પોતાના નામની પાછળ ભગત શબ્દ લગાડ્યો એટલે કાંઈ ભક્ત નથી થવાતું. પ્રભુને પ્રસન્ન કરવા માટે એના તન, મન ને અંતરમાંથી અખંડ કીર્તન થયા કરતું હોય છે. તેનું સમસ્ત જીવન પ્રભુના પ્રેમથી પરિપ્લાવિત તથા પ્રભુની પૂજારૂપ હોય છે. વિરહના ભાવમાં તે નિરંતર ડૂબેલો રહે છે, ને પ્રભુનું દર્શન કરીને જ સંતોષ મેળવે છે, શાંતિમાં સ્નાન કરે છે, ને ધન્યતાનો અનુભવ કરે છે. એવા અનુભવ વિના પોતાના વિકાસના ભ્રામક વિચારોનું સેવન કરીને અધવચ્ચે બેસી રહેવાય જ કેવી રીતે ? તેવી રીતે બેસી રહેવું બરાબર નથી. એવું કામ તો પોતાનો વિકાસ પોતાની મેળે જ અટકાવી દેવા જેવું અથવા આત્મઘાતક છે.

આના પરથી કોઈએ એમ નથી સમજવાનું કે કથા ને કીર્તન જરૂરી નથી. તેની જરૂર છે જ. પોતાને તેમજ બીજાને તેનાથી ઘણી મોટી મદદ મળે કે લાભ થાય છે. લોકોનું ધ્યાન તેના તરફ વધારે ને વધારે પ્રમાણમાં ખેંચાતું જાય છે તે પણ રાજી થવા જેવું છે. પરંતુ એટલામાં જ સંપૂર્ણ ભક્તિ સમાઈ જાય છે એમ માનીને જીવનભર બેસી રહેવું બરાબર નથી એ જ આપણે કહી રહ્યા છીએ. પૂજા ને સેવાની બધી પદ્ધતિ તેમજ જ્ઞાન ને યોગનાં વિવિધ સાધન ઈશ્વરને ઓળખવા માટે તથા જીવનને વધારે ને વધારે શુદ્ધ, સંયમી, સાત્વિક તેમજ ઈશ્વરમય બનાવવા માટે જ છે. એ જ આપણે કહી રહ્યા છીએ. તે યાદ રાખવાની જરૂર છે. એ યાદ રાખવાથી જીવનમાં શું કરવાનું છે તેનું સદાય ધ્યાન રહેશે. પોતાનો પ્રવાસ કેટલો થયો ને કેટલો બાકી છે તેનો પણ ખ્યાલ રહેશે. ખોટો સંતોષ; વિકાસનું ખોટું સમાધાન અથવા કહો કે માનસિક જડતા દૂર થશે, તથા અકર્મણ્યતા તેમજ આળસ કરવાની વૃત્તિનો પણ અંત આવશે.

એવી જડતા સ્થિતિસ્થાપકતા કે અકર્મણ્યતાને સ્ત્યાન પણ કહે છે. સાધનામાં એ પણ વિઘ્ન છે. એવી જડતા તમારા જીવનમાં જામી ગઈ છે ? પ્રગતિના પ્રકાશમય પંથને ભૂલી જઈને તમે પણ શું કોઈ કારણે અધવચ્ચે જ અટકી ગયા છો ને તમારે હાથે જ તમારી પ્રગતિમાં બારણાં બંધ કરીને બેસી રહ્યા છો ? જો તેમ હોય તો હજી પણ તક છે. વખત હજી વહી નથી ગયો. ઘરમાં જે જૂનાં જાળાં જામી ગયાં છે તેને સદ્‌બુદ્ધિની સાવરણીથી સાફ કરી દો ને બારીબારણાં ઉઘાડી દઈને નવા તાજગી ભરેલા પ્રકાશ તથા પવનને આવવા દો. હજી પણ સમય છે ને નિરાશ થવાનું કોઈ જ કારણ નથી. જાગ્યા ત્યાંથી સવાર સમજીને આગળ વધશો ને ભૂલ્યા ત્યાંથી ફરી ગણશો તો જે ધારો તે બધું જ કરી શકશો. જરૂર કરી શકશો.

સાધારણ જેવી સફળતા મેળવીને બેસી રહેવાની વૃત્તિ આવકારદાયક નથી, ને સાધકે તેમાંથી બચવું જોઈએ. પોતાના ધ્યેયને કોઈએ હાથે કરીને નાનું કરી દેવાની જરૂર નથી. ધ્યેય જેટલું બને તેટલું વિશાળ જોઈએ. સંસારમાં કેવા કેવા સમર્થ સંતો થઈ ગયા છે તેમનો વિચાર કરવો જોઈએ. તેમના જેવા ને

તેમનાથી પણ અનેરા થવાની તમન્ના રાખવી જોઈએ. એ માટે ભારે જાગૃતિ, આત્મનિરીક્ષણ ને સુધારની જરૂર પડે છે. જીવનમાં જરૂરી પરિવર્તન કરવા પ્રયાસ કરવો પડે છે. એકની એક પરિસ્થિતિમાં જીવનનો સ્વભાવ છોડવો પડે છે. સાધકો એ ગુણ કેળવે તે જરૂરી છે. માણસોને આપણે મળીએ છીએ પણ તેમનામાં એવો ગુણ ભાગ્યે જ દેખાય છે. પરમાત્મા જેમ સંસારના સઘળા આઘાત પ્રત્યાઘાતથી પર છે, તેમ તે પણ સર્વ પ્રકારની પ્રગતિ તેમજ પરિસ્થિતિની અસરથી પર રહે છે. કેટલાક માણસોમાં વ્યક્તિપૂજાની ભાવના દેખાય છે. બીજાની મહત્તાથી પ્રભાવિત થઈને તે તેમને માને છે, વખાણે છે, ને પૂજે છે. પરંતુ એથી આગળ વધીને, એવા ઉત્તમ ગુણોને વિકસાવીને મહત્તાની મૂર્તિ બનવા તૈયાર નથી થતા. પરિણામે તે બહુ બહુ તો પૂજક બને છે પણ પૂજ્ય નથી બની શકતા, ને પૂજ્ય થવા માટેની યોગ્યતા મેળવવાનું સ્વપ્નું પણ નથી સેવી શકતા. મહત્વાકાંક્ષાનો મહેરામણ તેમના મનમાં ઉછાળા નથી મારતો એ એક આશ્ચર્ય છે. સાધકોએ સાધનાના ક્ષેત્રમાં આગળ ને આગળ વધવા ને સિદ્ધિના એક પછી એક અવનવા શિખર સર કરવા મહાન, મહત્વાકાંક્ષી તથા અત્યંત નમ્ર બનવાની જરૂર છે. રામકૃષ્ણદેવના જીવનમાં સાધનાના કેવા કેવા અનુભવોનું આપણને દર્શન થાય છે ! ઈશુ ને શંકરના જીવનમાં પણ કેટલી મહાનતા જોવા મળે છે ! શ્રીકૃષ્ણ ને સાંઈબાબામાં વિકાસની કેવી પરિસામાનું દર્શન થાય છે ! છતાં તે કેવા સરળ તેમજ નમ્ર હતા ! તેમના જીવન નિરંતર નજર સામે રાખીને, તેમાંથી પ્રકાશ ને પ્રેરણા પામીને આગળ ને આગળ વધવાની જરૂર છે.

પોતાની જાતમાં ને પોતાની શક્તિમાં જેને વિશ્વાસ ના હોય તે શું કરી શકે ? આત્મવિશ્વાસ એક અત્યંત અદ્ભુત, અમુલખ ને આવશ્યક વસ્તુ છે. તેના વિના સાધના ભાગ્યે જ સફળ થઈ શકે. પ્રગતિના પંથ પર પગલાં પણ ભાગ્યે જ ભરી શકાય. આ વાતનો વિચાર એક બીજી રીતે પણ કરી શકાય છે. સાધક જો ઈશ્વરને પોતાનું સર્વ સમર્પણ કરી દે તો પછી તેને કોઈ પ્રકારની શંકા રાખવાનું કારણ નથી રહેતું. પોતાની શક્તિ ભલે અત્યંત અલ્પ હોય; ઈશ્વરની શક્તિ અનંત છે; ઈશ્વર પોતાની સંભાળ રાખે છે. તેથી ડરવાનું, નાસીપાસ થવાનું ને કોઈ વાતને અસંભવિત માનવાનું કોઈ કારણ નથી. એમ સમજીને તે પ્રસન્ન રહેશે, તેમજ સુઝાડે તેમ આગળ વધશે. તેને લીધે તેને પુરુષાર્થમાં ને સાધનાના ફળમાં પણ શંકા નહિ થાય. તેનું મન પછી ચલાયમાન નહિ બને.

૪, ૫) પ્રમાદ ને આળસ : પતંજલિએ કહેલું સાધનાનું એક વિઘ્ન પ્રમાદ છે. ગીતામાં કહ્યા પ્રમાણે જેમ શંકાશીલ માણસને બધી રીતે નુકસાન થાય છે ને છેવટે સર્વનાશની પ્રાપ્તિ થાય છે, તેમ પ્રમાદી માણસનું પણ સમજી લેવાનું છે. પ્રમાદ વિકાસને માટે સદાય નડતરરૂપ છે. પ્રમાદના અર્થ અહીં સાધના કરવામાં નિયમિત કે ચોક્કસ ના રહેવું તથા બેપરવા બનવું એવો કરવાનો છે. 'હોતી હૈ, ચલતી હૈ' સ્વભાવના લોકો સંસારમાં કંઈ ઓછા નથી હોતા, તેવા લોકો કોઈયે કામ મન લગાડીને ચોક્કસ સમયે તથા ધાર્યા પ્રમાણે નથી કરી શકતા. સાધનાનું જવાબદારી ભરેલું કામ તો તે કરી શકે જ કેવી રીતે ? સાધનામાં તો પ્રમાદ નહિ પણ ચોક્કસતા તથા દક્ષતા જોઈએ. મુકરર કરેલા વખતે ને ચોક્કસ પ્રમાણમાં રોજરોજ સાધના અથવા તો અભ્યાસ કરવાની વૃત્તિ જોઈએ. લાંબા સમય સુધી તેને માટે એકધારો નિયમિત પુરુષાર્થ કરવો પડે છે. ત્યારે ટીપે ટીપે સરોવર ભરાય તેમ સિદ્ધાવસ્થાનો અનુભવ થાય છે. એટલે આ જરાક જેટલા

ઝડપી જીવનમાં જે સાધના કરીને કાંઈક મહત્વનું મેળવવા માંગે છે તેને પ્રમાદી થવાનું જરાય પોષાય જ કેવી રીતે ?

જીવન એક તો છે જ ટૂંકું ને ત્વરિત ગતિવાળું. તેમાં વળી અર્ધા જેટલો વખત તો નિદ્રા ને બીજા કામમાં જાય છે. બાકીના વખતનો મોટો ભાગ આજીવિકા માટેની મહેનતમાં ને રોગ, વૃદ્ધાવસ્થા તથા બાળપણમાં જાય છે. જુવાનીના મદમાં, મોહમાં, ને ગેરસમજ અથવા તો અજ્ઞાનમાં પણ કાંઈ વખત નથી જતો ? કુદરતી ઉત્પાતની અસરમાં પણ અમુક કાળ પસાર થાય છે. એ બધાનો વિચાર કરતાં આ અમૂલ્ય કહેવાતા જીવનનો કેટલો થોડો વખત બાકી રહ્યો તે બાદબાકી કરીને શોધી કાઢો. મતલબ કે વિકાસને માટેનો સમજપૂર્વકનો સમય જીવનમાં ઘણો જ ઓછો રહે છે. હવે એટલા અલ્પ અથવા અત્યંત અલ્પ સમયનો કોઈ સદ્‌ઉપયોગ ના કરે ને પ્રમાદી બનીને બેસી રહે તો તે શું કરી શકે છે ? સહેલાઈથી સમજી શકશો કે જીવનની જે થોડીક મહત્વની સમજણની ક્ષણો આપણને આવી મળી છે, કે જેમાં ધારીએ તો આપણે કાંઈક કામનું કરી શકીએ, તે કેટલી કિંમતી છે, ને તેને વ્યર્થ રીતે વેડફી દેવામાં કેટલું મોટું નુકસાન છે ! એ નુકસાનનો હિસાબ રૂપિયા–આના–પાઈમાં કાઢી શકાય તેમ નથી. માટે જ વિવેકી સાધકો જીવનની ક્ષણે ક્ષણને રૂપેરી, સોનેરી ને તેથી પણ કીમતી માનીને પોતાની પ્રગતિ માટે વાપરવામાં પાછી પાની નથી કરતાં. દિવસ ને રાત એક કરીને, અનંત ઉત્સાહ ને ઈચ્છાશક્તિથી સજ્જ થઈને તે ધીરા છતાં મક્કમ ડગલે આગળ વધે છે, ને એક ધન્ય દિવસે સિદ્ધિનું શ્રેષ્ઠ શિખર સર કરી લે છે. એથી ઊલટું જો કેટલાક નિષ્ફળ ગયેલા અથવા અધૂરા રહેલા સાધકોનાં ઈતિહાસને તપાસીએ તો જણાય છે કે કોઈને કોઈ કારણે તે પ્રમાદી થયા હતા, ને પોતાને મળેલી તક, સમજ, સંગતિ તથા શક્તિનો ગર્વ, ગફલત કે બીજા કોઈ કારણે તેમણે કરી શકાય તેટલો ને તેવો ઉપયોગ કર્યો ન હતો. કેટલાકને એ ચાલુ જીવનને માટે ઘણો સારો છતાંયે મોડો હતો. એ રીતે પસ્તાવાનો વખત ના આવે તે માટે આપણે અત્યારથી જ સાવધાન રહેવાની ને નિયમિત થવાની જરૂર છે.

પ્રમાદની પેઠે આળસ પણ નુકસાનકારક છે ને એના શિકાર ના થવાય તે માટે પણ સાધકે ધ્યાન રાખવાનું છે.

૬) અવિરતિ : કેટલાક સાધકો શરૂઆતમાં ખૂબ ખૂબ આશાસ્પદ દેખાય છે. એમની અંદર કોઈ વિશેષ શક્તિનું દર્શન થાય છે. એમ લાગે છે કે ઘણા થોડા વખતમાં ને ખૂબ જ આગળ વધી જશે. તેમની સહનશક્તિ, તેમનો વૈરાગ્ય ને ઉત્સાહ અત્યંત અસાધારણ હોય છે. સાધનાના વેગની દૃષ્ટિએ પણ તે ગેરસપ્પાના ધોધ જેવા હોય છે. મેઈલ ગાડીની પેઠે તે સાધારણ વિષયોનાં સ્ટેશનોમાં મન લગાડ્યા વિના ઝડપથી આગળ વધ્યે જાય છે. તેમને મળીએ ત્યારે આપણને ખરેખર આનંદ થાય છે. તેમનો સમાગમ કોઈને માટે પ્રેરક નીવડે છે. તેમને જોઈને આપણને એમ થાય છે કે થોડા વખતમાં તો તે સિદ્ધિના અવનવા શિખરને સર કરી લેશે ને પોતાનો પ્રવાસ પરિપૂર્ણ કરશે. પરંતુ અમુક વખત બાદ તેમને ફરી મળીએ ત્યારે તેમનામાં ભારે પરિવર્તન આવેલું દેખાય છે. તેમની ગાડી તદ્દન ધીમી પડીને વધારે ભાગે કોઈ એક વચગાળાના સ્ટેશન કે સ્ટેશન વિનાની કોઈ વચગાળાની જગાએ અટકી પડેલી દેખાય છે. એમ કહો કે તેમનું

બધું જ ઠંડુ ઠંડું થઈ ગયું હોય છે. એમ નથી સમજવાનું કે તેમણે પૂર્ણતાની પ્રાપ્તિ કરી લીધી હોય છે તેથી તે શાંત થયા હોય છે. અપૂર્ણતાની અવસ્થામાં જ એમની એવી અવસ્થા થઈ હોય છે.

એવા સંતો ને સામાન્ય માણસો બીજા ઘણાં મળે છે. એમની સંખ્યા ઘણી વધારે છે. પહેલાંનો વૈરાગ્ય ઓછો થતાં કે તદ્દન મટી જતાં તેમને માટે પછી ઘરેડિયું જીવન જ બાકી રહે છે. તેવા જીવનમાં નથી હોતી ચમક, નથી હોતી પ્રગતિ ને શાંતિ તો હોય જ ક્યાંથી ? વૈરાગ્ય એ અવસ્થામાં કાં તો ઓછો થઈ જાય છે કે પછી તદ્દન મરી જાય છે. એને 'અવિરતિ' કહે છે. સાધનામાં બીજી કેટલીક વસ્તુઓની પેઠે એ પણ વિઘ્નરૂપ જ છે. સાધકે એનાથી ચેતતા રહેવાનું છે.

એના પણ બે પ્રકાર છે. એક પ્રકાર કંઈક અંશે સારો છે. તેમાં માણસને પોતાની ત્રુટિનું નિરંતર સ્મરણ રહે છે. તેનો ડંખ પણ થયા કરે છે. પોતે શું ખોયું છે ને ક્યાં ભૂલ ખાધી છે તેનું તેને ભાન હોય છે. તે માટે એને અફસોસ પણ થયા કરે છે. ફક્ત પોતાની નબળાઈને લીધે કે કોઈક બીજા કારણથી તે ત્રુટિને તે દૂર કરી શકતો નથી એટલું જ. એના દિલમાં પોતાની ભૂલનો ડંખ છે એ એક સારું ચિહ્ન છે. એ ડંખ એને માટે કોઈ વાર આશીર્વાદ થઈ પડશે, ને સમય, સંજોગો તથા સંગ બદલાતાં ઉન્નતિના માર્ગે આગળ લઈ જવામાં મહત્વનો ભાગ ભજવશે. પરંતુ બીજો પ્રકાર એથી જરા જુદો હોય છે. તેમાં અવિરતિની અવસ્થા માણસને પ્રિય લાગે છે ને પચી જાય છે. તેમાંથી બહાર આવવાનું તેને મન જ નથી થતું. તેને તે ઉત્તમ માને છે ને વખાણતો થાય છે. એવા માણસને માટે, સારી અવસ્થાના અનુભવ માટે એનું અંતર આક્રંદ નથી કરી ઊઠતું ત્યાં સુધી, કોઈ જ ઉજ્જવળ આશા નથી આપી શકાતી.

માણસ કોઈક કારણે ભુલો પડે તે સમજી શકાય છે. પરંતુ ભુલને ભુલ ના માને તો એને સુધરવાનો અવકાશ જ ક્યાં રહે છે ? ભુલને ભુલ તરીકે સ્વીકારનાર આજે નહિ તો કાલે ને કાલે નહિ તો પરમ દિવસે પણ સુધરી શકશે. તેમને તિરસ્કારવાની કે અપમાનિત કરવાની ટેવ ખરાબ છે. તેથી એમની સહેજ પણ સેવા થતી નથી. તેમની પ્રત્યે જરા વધારે સારું સહાનુભૂતિભર્યું વર્તન કરી બતાવવાની જરૂર છે. તેમને મીઠા શબ્દોમાં બની શકે તો આગળ વધવાની પ્રેરણા પૂરી પાડવાની છે. જરા વધારે લાગણીપૂર્વક તેમની પીઠ પર હાથ ફેરવી તેમનો મરી પરવારેલો ઉત્સાહ તાજો કરવાનો છે. તે રીતે જ તેમને લાભ પહોંચાડી શકાય. તે સંતપુરુષને મેં એટલા જ માટે કહ્યું કે તમે આટલી બધી સરળતા ને નમ્રતાથી મારી પાસે તમારી પ્રગતિનું પૃથક્કરણ કર્યું તે જોઈને મને આનંદ થાય છે. પ્રભુને પ્રાર્થના કરો તો તે તમારી અંદર શક્તિસંચાર કરશે. તેની કૃપાથી તમારા સંજોગો સુધરી શકશે, ને જતું રહેલું યૌવન તમે પાછું મેળવશો. એ ઉત્સાહ ને વૈરાગ્યની મંદ પડી ગયેલી જ્યોતિ તમારા અંતરમાં પાછી જાગ્રત થઈ જશે. તેનો પ્રકાશ તમને પૂર્વવત ને એથીયે વધારે પ્રસન્ન કરી દેશે.

'અવિરતિ'ની એવી અવસ્થાનાં કારણ કેટલાંય હોઈ શકે, વિષયોની મંદ પડેલી લાલસા કોઈ વાતાવરણના પ્રભાવથી પ્રબળ બને તો વૈરાગ્યની જ્યોતિથી પણ ઓલવાઈ જાય છે. વિવેકની શક્તિ ઓછી થવાથી એવું થવાનો સંભવ વધારે રહે છે. લાંબા વખત લગી થોડીઘણી મહેનત કર્યા પછી પણ ધારેલી સિદ્ધિ ના મળે તો તેથી પણ કોઈ વાર સાધકનો વિશ્વાસ ડગી જાય છે, ઉત્સાહ ઓસરી જાય છે, ને વૈરાગ્યનો વેગ ઓછો થઈ શકે છે. કોઈ વાર એવું પણ બને છે કે કોઈ સારો કે અનુકૂળ સંગ મળવાથી સાધકની સુષુપ્ત

શુભ શક્તિને મદદ મળે છે, પરંતુ તેવો સંગ છુટી જતાં તેના પગ ઢીલા પડી જાય છે, ને કોઈ વાર તે વિપથગામી પણ બની જાય છે. તેવા સંગનો લાભ લઈને તેણે પોતાની જાતની જરૂરી તૈયારી કરી લીધી હોય તો પ્રતિકૂળ સંગ કે વાતાવરણ તેને પોતાની નિષ્ઠામાંથી કદી પણ ડગાવી શકતાં નથી. પછી તો અમુક ભૂમિકાએ પહોંચ્યા પછી તે કાયમને માટે નિર્ભય બની જાય છે. પરંતુ પોતાની જરૂરી તૈયારી ના કરી હોય તો તેને માટે એક યા બીજી જાતની બીક રહ્યા કરે છે. માટે જ સાધનાની અમુક શરૂઆતની કે વચગાળાની દશા દરમ્યાન સાધકે કોઈ સદ્ગુરૂ અથવા સારા સ્વાનુભવી પુરુષની પાસે રહેવું એવી ભલામણ કરવામાં આવી છે. એવો સત્સંગ તેની ભાવનાઓને નિરંતર પાણી પાયા કરશે, ને વૈરાગ્યરૂપી વાડીને નીરસ થતી ને સુકાઈ જતી અટકાવશે.

અમુક ચોક્કસ પ્રકારનો સાધનાનો કાર્યક્રમ ના હોય તો પણ લાંબે વખતે વૈરાગ્યનો વેગ ઓછો થઈને ઉપર કહેલી અવિરતિની અવસ્થા ઉત્પન્ન થાય છે. કામ વિનાનું મન બીજું કરે પણ શું ? ક્યાં સુધી તે પોતાનો ઉત્સાહ ને જુસ્સો ટકાવી રાખે ? આખરે અમુક વખતે એમાં ઓટ આવે જ. પછી મન બીજા વિષયોમાં વળે ને રસ લેતું થઈ જાય. માટે મનને સદા સાધનામાં લગાડેલું રાખવાની જરૂર છે. તે કોઈ ને કોઈ ખોરાક માગે છે; ને તેને માટે તે ઉત્તમ પ્રકારનો ખોરાક પુરવાર થશે. અમુક વિચારો, ભાવનાઓ અને આદર્શોને કેવળ યાદ કરવાથી તેની ભૂખ ભાગ્યે જ મટી શકશે. વૈરાગ્યના વિચાર નિરંતર તાજા રાખવાની જરૂર પણ એટલી જ છે. જીવન શાને માટે છે ને પોતાનો શો આદર્શ છે તેનું સતત સ્મરણ કરી જીવનને સુરક્ષિત રાખવા બનતું બધું જ કરી છૂટવાનું છે. આસક્તિ, અહંકાર, મોહ-મમતા ને રાગદ્વેષના શિકાર ના થવાય તે માટે નિરંતર આત્મનિરીક્ષણ કરતા રહેવાનું છે. એ રીતે સંપૂર્ણપણે સલામત રહી શકાશે ને ઈચ્છાનુસાર આગળ વધી શકાશે.

૭) ભ્રાંતિદર્શન : ગયે વરસે હરદ્વારમાં મને એક સંન્યાસી મળેલા. ગંગાકિનારે મારી સાથે તેમણે થોડી વાતો કરેલી. વાતવાતમાં તેમણે કહ્યું કે હવે તો મને જીવનમાં કાંઈ કરવાની ઈચ્છા જ નથી થતી. કાંઈ કરવા તથા મેળવવા જેવું છે એમ લાગતું જ નથી. બસ, શાંતિથી બેસી રહું છું ને થાય તે થવા દઉં છું. મેં કહ્યું : તમને પૂર્ણ શાંતિ મળી ગઈ છે કે પરમાત્માની પ્રાપ્તિ થઈ છે ? અથવા એમ લાગે છે કે આત્મોન્નતિની અંતિમ અવસ્થાએ તમે પહોંચી ગયા છો ને મેળવવા જેવું છે જ શું ?

તે કહે, પરમાત્માની પ્રાપ્તિ ને આત્મોન્નતિ બધી વાતો હવાઈ છે. તેમાં કશો જ સાર નથી. મને શાંતિ જ છે. તે પછી તે કહેવા લાગ્યા કે મને તો કોઈ મહાપુરુષમાં વિશ્વાસ જ નથી. રમણ મહર્ષિ ને એવા બીજા સંતોને બધા મહાન સમર્થ કહે છે પણ મને તો તેમનામાં પણ કાંઈ નથી દેખાતું. એમ કહીને તેમણે રમણ મહર્ષિની ભારે શબ્દોમાં નિંદા કરવા માંડી.

મને લાગ્યું કે એ ભાઈના મનમાં પરમાત્માની પ્રાપ્તિ, શાંતિ તેમજ સાધુતાના સંબંધમાં પણ કોઈ ભારે ગેરસમજ ઉત્પન્ન થઈ છે. પરંતુ તેમની સાથે વધારે ચર્ચા માટે અવકાશ ન હતો. તેવી ચર્ચાથી કોઈ લાભ થાય એમ પણ ન હતું. તેથી અમે એ વિશે વિશેષ ચર્ચા કર્યા વિના જ છૂટા પડ્યા.

પોતાની જાતના વિકાસની તેમજ સાધનાની ગેરસમજ એવી રીતે કેટલાય પુરુષોમાં ઉત્પન્ન થયેલી જોઈ શકાય છે. કોઈ કારણથી કોઈ વાર બુદ્ધિભ્રમ પણ થતો હોય છે. તેને લીધે સાધકની શ્રદ્ધા ઓસરી જાય

છે. શરૂઆતમાં સાધક ભારે ઉત્સાહપૂર્વક સાધના કરે છે. પરંતુ ઘણી મહેનત કરે તો પણ અમુક જાતના અનુભવ ના થાય તો એવા અનુભવોમાંથી એની શ્રદ્ધા જ ડગી જાય છે. એવા અનુભવ પોતાને કે બીજાને થઈ શકે તેમ છે જ નહિ. એટલું જ નહિ, પણ એવા અનુભવ જ આધાર વિનાના ને મિથ્યા છે એવું તે માનવા ને મનાવવા માંડે છે. અમુક અનુભવની અવસ્થાએ ના પહોંચવાનું કારણ પોતાની નબળાઈ કે કમી છે એમ માનવાને બદલે એવા અનુભવની સત્યતામાંથી જ તે શ્રદ્ધા ખોઈ બેસે છે. તેવા માણસો વિચાર નથી કરતા કે એવા અનુભવ જો અસત્ય જ હોત તો બીજાને ના થઈ શકત. પરંતુ બીજા અનેકને એ થયા છે તે બતાવે છે કે એમને છેક ઉડાવી દેવા જેવા નથી, પરંતુ એ રીતે વિચારવાને બદલે તેવા વિચારદોષને લીધે ઉત્પન્ન થયેલા વિચાર તે પોતાની વાણી કે કલમમાંથી વહેતા મૂકે છે. પરિણામે બીજા ઊગતા સાધકોને નુકસાન થાય છે ને સાધનાને પણ અન્યાય. જો તેવા માણસોનું નામ સમાજમાં જાણીતું હોય ને બીજા પર તેમનું વજન પડતું હોય તો તો લોકો તેમને અત્યંત રસપૂર્વક વાંચે છે, સાંભળે છે, ને તેમના વિચાર તથા અનુભવોને અંતિમ અથવા પ્રમાણભૂત માની લે છે. એવા વિચાર જ્યાં જ્યાં જાય છે ત્યાં એક જાતની અશ્રદ્ધાની હવા ફેલાવ્યા કરે છે. કાચાપોચાને તેનો ચેપ લાગ્યા વિના રહેતો નથી, સ્વતંત્ર રીતે વિચાર કરવાની શક્તિ બહુ જ ઓછાની અંદર જોવા મળે છે. એટલે મોટા ભાગના માણસો તેના પ્રભાવમાં તરત તેમજ પ્રબળપણે આવી જાય છે. સાધનાની એવી ગેરસમજને ભ્રાંતિદર્શન કહેવામાં આવે છે. સાધનામાં એ પણ અંતરાયરૂપ બને છે ને આગળ વધતાં અટકાવે છે.

કેટલીક વાર એમ બને છે કે સાધના કરવાથી જુદી જુદી જાતના દર્શનના અનુભવ થાય છે. સાધનામાં એવી શ્રદ્ધા થાય છે, ને આગળ વધવાના ઉત્સાહ પણ જાગે છે. પરંતુ એમાં એક ભયસ્થાન પણ છે. એને પરિણામે એક જાતની ગેરસમજ પેદા થવાનો સંભવ પણ રહે છે. એવા વચગાળાના અનુભવોને સાધક કેટલીક વાર ઘણું વધારે પડતું મહત્વ આપી દે છે ને આખરી માની કૃત્યતકૃત્ય બનીને બેસી જાય છે. પરિણામે સાધનાનો અંતિમ આદર્શ ભુલાઈ જાય છે. એવી ભ્રાંતિમાં ના પડાય તે માટે પણ ખૂબ ખૂબ વિવેકી ને જાગ્રત રહેવાની જરૂર છે. સાધના થતાં સિદ્ધપુરુષો તેમજ દેવતાના દર્શનથી પોતાનો પ્રવાસ પૂરો થયો છે એમ માનીને બેસી જવાની વૃત્તિથી સાધકે બચવાનું છે. તેના પરિણામે ને કોઈ બીજા કારણે ઉત્પન્ન થનારી ભ્રાંતિધારણાઓમાં પણ ના પડાય તેનું બરાબર ધ્યાન રાખવાનું છે. એ રીતે જ સાધનાના મંગલ માર્ગે સફળતાપૂર્વક આગળ વધી શકાય.

૮) અલબ્ધભૂમિકત્વ : પોતાને માટેના વધારે પડતા અથવા અતિશયોક્તિવાળા આધાર વિનાના તકલાદી કે હવાઈ ખ્યાલોના મોહમાંથી પણ સાધકે બચવાનું છે. પોતાના સ્વાભાવિક વિકાસને પરિણામે જે આત્મવિશ્વાસ પ્રકટે છે તેમજ ઉત્તમ પ્રકારના ભાવ, વિચાર કે ખ્યાલ પેદા થાય છે તેની વાત આપણે નથી કરતા. તેની જાત તો જુદી જ હોય છે. તે તો આત્મિક વિકાસને માર્ગે આગળ વધવાની સાથે સહજ રીતે જ પેદા થાય છે, પોષણ પામે છે ને પ્રબળ બને છે. તે બધી રીતે કલ્યાણકારક છે. આપણે તો અનુભવથી વંચિત રાખનારાં, આગળ વધતા અટકાવનારાં ને અહંભાવને વધારનારાં ને એ રીતે બધી રીતે બરબાદ કરનારાં ખ્યાલોની જ વાત કરી રહ્યા છીએ. એવાં ખ્યાલોના શિકાર ના થવાય તે માટે સાધકે સદાય જાગ્રત રહેવાનું છે, પોતે પોતાના પરીક્ષક થવાનું છે.

જે જાગ્રત છે તે સદાય સલામત છે. સાધક જાગ્રત હોય છે, સલામત હોય છે, તથા મિથ્યા ખ્યાલોમાંથી મુક્તિ મેળવી ચૂક્યો હોય છે. વળી તે મન મૂકીને નિયમિત રીતે સમજપૂર્વકની સાધના કરે છે. તો પણ કેટલીક વાર તેને વિકાસની ધારેલી ભૂમિકાની પ્રાપ્તિ નથી થતી એવું પણ બને છે. એને 'અલબ્ધભૂમિકત્વ' કહેવામાં આવે છે. એ પણ સાધનામાં વિઘ્નરૂપ બની શકે છે. સાધકનો ઉત્સાહ એથી શમી જાય છે. કોઈ વાર એની અસર એના પર એટલી બધી ઊલટી થાય છે કે એ નાસ્તિક પણ થઈ જાય છે. સાધના, સિદ્ધિ, ઈશ્વર, સંત ને શાસ્ત્ર સઘળું મિથ્યા છે એમ માનવા માંડે છે ને સૌની શ્રદ્ધા ખોઈ બેસે છે. શાસ્ત્રોને અરબી સમુદ્રમાં પધરાવી દેવા પણ તૈયાર થાય છે. કેટલીક વાર એથી આગળ વધીને નીતિ તેમજ સંયમનો માર્ગ મૂકીને તે વિપથગામી પણ બની જાય છે. કુમાર્ગે ચઢીને જીવનને બરબાદ કરનારાં એવાં સાધકો કોઈ કોઈ વાર જોવા મળે છે ત્યારે આપણને ભારે ખેદ થાય છે.

આત્મિક ઉન્નતિનો માર્ગ અત્યંત ઉત્તમ છે. છતાં એ માર્ગના મુસાફરે સમજી લેવું જોઈએ કે એ માર્ગ ધારવા જેટલો સરળ ને ટૂંકો નથી. અલબત્ત, ઉત્તમ કોટિની યોગ્યતાવાળા મુસાફરો એ માર્ગે સહેલાઈથી ને અત્યંત ઓછા સમયમાં આગળ વધી શકે છે. બાકી અધૂરી ને ઓછી યોગ્યતાવાળાને ઘણો વિલંબ લાગે છે. એ તો જીવનભરની આહુતિ માગે છે. એટલે મંઝિલ ના આવે ત્યાં સુધી મુસાફરી અધૂરી માનીને દિનપ્રતિદિન આગળ ને આગળ વધવું તે જ બરાબર છે. ત્યાં સુધી કોઈ પણ કારણે ઉત્સાહ, શ્રદ્ધા, આશા ને પુરુષાર્થ મૂકી દેવાની જરૂર નથી.

સાધકે અસીમ આત્મશ્રદ્ધાથી સંપન્ન બનવું ને જરૂર માનવું જોઈએ કે પોતે જે ચાહે છે ને મેળવવા માંગે છે તે તેને મળશે જ. ભૂલે ચૂકે કોઈ કારણે તેમાં વિલંબ થાય તો પણ પોતાની ધારેલી સિદ્ધિ તો તેને મળવાની જ છે. એવી અસીમ શ્રદ્ધાથી એણે આગળ વધવું જોઈએ. નિરાશા ને નિષ્ફળતાની ક્ષણોમાં બીજા સફળ મહાપુરુષોના જીવનને યાદ કરીને તેણે બળ મેળવવું જોઈએ. એ રીતે તેનો માર્ગ સફળ બની શકશે. ધારેલી સિદ્ધિ સત્વર ના મળવાનાં કારણ ઘણાં હોય છે. ગીતામાં કર્મની સિદ્ધિ માટે પાંચ જરૂરી સાધન કહી બતાવ્યા છે. તેમાંથી કોઈયે સાધનની કચાશ હોય તો સિદ્ધિ મળતાં વાર થાય છે. માટે નિરાશ થવાને બદલે પોતાની કચાશ કાઢી નાખી આગળ વધવું જ બરાબર છે. કોઈ કારણ કે કચાશની સમજ ના પડે તો પણ પ્રભુની કૃપાથી આજે નહિ તો કાલે પણ પોતાને સિદ્ધિ મળશે જ ને કરેલો પુરુષાર્થ નકામો નહિ જાય એવું દૃઢતાપૂર્વક માનવાની જરૂર છે. 'અલબ્ધભૂમિકત્વ'ના વિઘ્ન સામે એવી માન્યતા અદ્‌ભુત ઓસડનું કામ કરી શકશે અથવા તો અંગરક્ષક બનીને ઊભી રહેશે. કેટલીક વાર એવું બને છે કે ઉતાવળિયા સાધકો બહુ જ થોડા વખતમાં સિદ્ધિ મેળવવાનાં મનોરથ કરીને સાધનાનો આરંભ કરે છે. પછી થોડા વખતમાં સિદ્ધિ ના મળતાં અશ્રદ્ધાળુ બની જાય છે. તેમણે સમજી લેવું જોઈએ કે સાધના ઉતાવળું કામ નથી. વળી તેમાં બધું પોતાના ટાઈમટેબલ પ્રમાણે નથી બનતું. માટે ધીરજ કેળવવાની જરૂર છે.

૯) અનવસ્થિતત્વ : હવે પતંજલિના કહેવા પ્રમાણેના એક બીજા છેલ્લા વિઘ્ન વિશે જોઆએ. પતંજલિ એને અનવસ્થિતત્વને નામે ઓળખાવે છે. એ અનવસ્થિતત્વ વળી શું છે ? એનો વિચાર હવે કરી લઈએ. ધારો કે સાધના કરવાથી સાધકને અમુક ઉત્તમ અવસ્થાની પ્રાપ્તિ થઈ ને અમુક સુંદર આનંદદાયક અનુભવો મળ્યા. તેથી તેને શાંતિ પણ મળવા માંડી. પરંતુ અનુભવ, શાંતિ, આનંદ ને ઉત્તમ ભૂમિકાની એ

અવસ્થા કાંઈ કાયમ રહે છે કે ? સાધનાની સંપૂર્ણતાએ પહોંચ્યા પછી અથવા તે ઈશ્વરને ઓળખ્યા પછી તે કાયમ થઈ જાય છે એ સાચું છે, પણ વચગાળાની દશામાં એવી અવસ્થા કાયમને માટે નથી રહેતી. પરિણામે સાધક પર કેવી અસર થાય છે ? જ્યારે કોઈ ઉત્તમ દર્શન કે સમાધિનો અનુભવ થાય છે ત્યારે એને આનંદ થાય છે તેમજ ઊંડી શાંતિ મળે છે. પરંતુ જાગૃત દશામાં અમુક વખત પછી એવા અનુભવથી વંચિત રહેવાનું થતાં, એની શાંતિ ને આનંદ ઊડી જાય છે, ને મનની સ્થિરતાનો પણ ભંગ થાય છે. એ તો કોમળ નાના ઉગતા છોડ જેવી વાત છે. તેને સાચવીએ ત્યાં સુધી તે સલામત રહે, ને પોષણ-સંભાળ છોડી દઈએ એટલે કરમાવા માંડે. અથવા તો પેલા ફુગ્ગા જેવું. ફુગ્ગાને ફુલાવીને દોરીથી બાંધેલો રાખીએ ત્યાં સુધી તે ફૂલેલો રહે, પણ દોરી છોડી દઈએ એટલે તદ્દન બેસી જાય. એવી અવસ્થાને કોઈ અંતિમ અથવા આદર્શ અવસ્થાનું નામ ના આપી શકાય. કાયમને માટે એક સરખી રહેનારી, શાંતિ ને આનંદનો અનુભવ આપનારી, સ્થિરતા તથા સંયમને સાચવી રાખીને એ સૌને સહજ કરી રોજિંદા જીવનમાં જડી ને વણી દેનારી ચોક્કસ અવસ્થા જ આદર્શ છે ને એ જ આપણને જોઈએ છીએ.

મેં આગળ કહ્યું તેમ પૂર્ણતાની પ્રાપ્તિ અથવા ઈશ્વરની અનુભૂતિ વિના એવી એકરસ અવસ્થા મળવી મુશ્કેલ છે. ત્યાં સુધી જીવનમાં ભેદ રહેવાનો. ચઢાવ-ઉતારના જુદા જુદા પડદા પણ પડ્યા કરવાના પણ એથી કોઈએ દુઃખી કે નિરાશ થવાનું નથી. પણ ધ્યેયને નિરંતર નજર સામે રાખીને આગળ વધવાનું છે. ભય, નિરાશા ને અશ્રદ્ધા તે કાંઈ પોષવાં જેવાં નથી, તે સદા યાદ રાખવાનું છે.

અનુકૂળ સાથ ને સંજોગોમાં તો ગાડાં બરાબર ચાલે છે ને બધું બરાબર રહે છે. પણ સાથ ને સંજોગો બદલાઈ જાય એટલું જ નહિ પણ પ્રતિકૂળ થાય ત્યારે બધું બદલાઈ જાય છે. યોગ્યતા ને નિષ્ઠાની સાચી કસોટી ત્યારે જ થાય છે. તેમાંથી પાર ઊતરવાનું કામ કઠિન હોય છે. પ્રતિકૂળ સંજોગો ને વ્યવહારમાં સાધના કરીને મહામહેનતે મેળવેલી ધૃતિ, મતિ, શાંતિ તથા પ્રસન્નતાનો કેટલીક વાર ભંગ થાય છે. અભેદની વાતો કરનાર એવે વખતે ભારે ભેદનો ભોગ બને છે. ઉત્તમ પ્રકારની ભુમિકામાં નિરંતર સ્થિતિ રહેતી નથી. એ અવસ્થા પણ અંતરાયરૂપ છે. એના ઉપાય તરીકે અનુકૂળ સાથ ને સંજોગોની વચ્ચે વધારે રહેવાની, પ્રાર્થના તેમજ આત્મનિરીક્ષણનો આધાર લેવાની ને ધીરે ધીરે પોતાની જાતનું ઘડતર કરવાની જરૂર છે. કોઈ પણ વિઘ્ન એવું નથી જે યોગ્ય ઉપાય ને ઈશ્વરકૃપાથી દૂર ના થઈ શકે. માટે કોઈ પણ કારણે નિરાશ થવાની જરૂર નથી.

### [૩૧] પાંચ બીજા વિઘ્નો

હા, પતિત કહેવાતા કે વિપથગામી થયેલા ને માર્ગ ભુલેલા સાધકોએ પણ નાહિંમત નથી થવાનું. એમ ભૂલેચૂકે પણ નથી માનવાનું કે તેમનું જીવન કાયમને માટે બરબાદ બની ગયું ને મટી ગયું. એવો તબક્કો કોઈ વાર કોઈના જીવનમાં કદાચ આવે તો પણ શું ? તેવા લોકોને આપણે તો એમ જ કહીશું કે વિવેકની મંદ પડેલી જ્યોતિને જગાવો ને તે જ્યોતિ સારી પેઠે જાગે તે માટે પ્રાર્થનાનો આધાર લો.

પ્રાર્થના એ બાબતમાં ભારે અગત્યનો ભાગ ભજવે છે. પ્રભુને સાચા દીલથી પ્રાર્થના કરો તો કાંઈ જ અસંભવ નહિ રહે. તે કૃપાળુ પોતાનાં કૃપાકિરણ ઢાળીને તમારા જીવનમાં નવો પ્રકાશ પાથરશે, પ્રેરણાનું નવું સુધાસિંચન કરશે, ને તમારો હાથ પકડીને અંધકારના આવરણમાંથી બહાર કાઢશે.

જીવનની સલામતી ને આધ્યાત્મિક ઉન્નતિ માટે બુદ્ધિ જોઈએ છે. બુદ્ધિનો વિકાસ ઉપયોગી છે ને એના તરફ કોઈ આંખમીંચામણાં ના કરી શકે. બુદ્ધિ સંશયોને છેદવામાં ને સુરક્ષિત રાખવામાં તલવારનો ભાગ ભજવે છે. પરંતુ તલવારની પેઠે કેટલીક વાર તે ઘાતક પણ નીવડે છે. બુદ્ધિ જ્યારે એકલી પડે છે ને તેની પાછળ ભાવના કે લાગણીનું પીઠબળ નથી રહેતું ત્યારે તે ઉલ્કાપાત કરે છે કે ભારે હાનિકારક પુરવાર થાય છે. એટલા માટે આપણે એકલી બુદ્ધિને થાબડવા નથી માગતા. માણસને હૃદય પણ છે ને તેનું સ્થાન પણ મહત્તવનું મનાય છે. તે ઢાલનું કામ કરે છે. પરંતુ તે પણ જો અનિયંત્રિત બની જાય તો કેટલીક વાર બરબાદીનું કારણ બની શકે છે. કેમ કે માણસને તે કેવળ લાગણીવશ કરી નાંખે છે. તર્કશક્તિના તટને કેટલીક વાર તે પોતાના ઘોડાપૂરના પ્રભાવથી તોડી નાખે છે. એટલે ઉત્તમ પ્રકારની સાધના ને જીવનસિદ્ધિને માટે બુદ્ધિ ને હૃદય બંનેને પોતાનું જરૂરી સ્થાન પૂરું પાડવાની, બંનેની માવજત કરવાની કે બંનેનો વિચારપૂર્વકનો સમન્વય સાધવાની જરૂર છે. એવો સમન્વય અસંબદ્ધ ના હોવો જોઈએ. તેથી જ 'વિચારપૂર્વકનો સમન્વય' એવા શબ્દો વાપર્યા છે. એવા સમન્વયમાં બુદ્ધિ લાગણીને ને લાગણી બુદ્ધિને મર્યાદા બહાર જતી ને વિનાશક થતી અટકાવશે. મગજ ને હૃદય અથવા તો બુદ્ધિ ને લાગણીનો એવો સમન્વય વ્યક્તિ ને સમષ્ટિને માટે મંગલકારક થઈ પડશે. સાધનાની સિદ્ધિમાં તે ભારે મહત્વનો ભાગ ભજવશે.

યોગદર્શનના છેલ્લા સૂત્રમાં સાધનામાં આવતાં નવ પ્રકારનાં વિઘ્નોનો ઉલ્લેખ કરીને હવેના સૂત્રમાં પતંજલિ બીજાં પાંચ પેટા-વિઘ્નોનો ઉલ્લેખ કરી રહ્યા છે.

૧) દુઃખ : પાંચ પ્રકારનાં સાધનાનાં પેટા વિઘ્નોમાં સૌથી પહેલું વિઘ્ન દુઃખ છે. શરીર, મન ને સંસારના કોઈ બાહ્ય દુઃખની અસર સાધક પર શરૂઆતમાં જરૂર થાય છે. કોઈક વાર તો એ અસર એવી ગાઢ થાય છે કે થોડા વખતને માટે સાધનાનો નિયમિત ક્રમ બંધ પડી જાય છે. સાધના થાય છે તો પણ સાધનામાં મન લાગતું નથી. એટલું જ નહિ એવી અસરને લીધે કોઈ વાર સાધના સદાને માટે છૂટી જાય છે પણ ખરી. ધારો કે કોઈ રોગની તકલીફ ઊભી થઈ અથવા તો કોઈ કારણે શરીર નિર્બળ બની ગયું તો તેવે વખતે સાધના કરવાનું કામ કઠિન થઈ પડે છે. કોઈ સ્વજન કે પ્રિયજનના વિરહ ને મરણની અસર પણ મન પર એવી જ ભારે થતી હોય છે. લોકાપવાદ ને નિંદાનો આઘાત પણ કેટલીક વાર એવું પરિણામ લાવી શકે છે. કોઈ બીજા લોકો કે દુકાળ, અતિવૃષ્ટિ, યુદ્ધ જેવાં કુદરતી પ્રસંગોને લીધે પણ કેટલીક વાર જીવનમાં અણધારી આફત ઊભી થાય છે ને સાધનામાં અંતરાય ઊભો થાય છે.

વાતાવરણ અનુકૂળ ના હોય અથવા પરિસ્થિતિ બધી રીતે પ્રતિકૂળ હોય ત્યારે, કોઈક ગેરલાભને લીધે અથવા કોઈ પ્રકારના પ્રલોભન ને ક્લેશને લીધે પણ મનમાં ક્ષોભ થાય છે. ચંચળતા, ક્ષોભ કે અશાંતિની એવી અવસ્થામાં પણ મનને પ્રાર્થના, જપ ને ધ્યાન જેવી શાંત સાધનામાં લગાડવાનું કામ કઠિન થઈ પડે છે. કોઈક અકસ્માત થવાથી પણ એવું જ થાય છે. એવી બીજી અનેક પ્રકારની આપત્તિ આવે ત્યારે

પણ મનને શાંત ને પ્રભુપરાયણ નથી રાખી શકાતું એમ નહિ. પરંતુ એવી શક્તિ કોઈ વિરલ ને અત્યંત આગળ વધેલા સાધકોમાં જ હોય છે. સાધારણ કોટિના સાધકોમાં સંયમ, અનાસક્તિ ને શાંતિની એવી શક્તિ નથી હોતી. તેવી શક્તિ તો લાંબા વખતની તાલીમ તેમજ સાધનાને અંતે આવે છે. અહીં તો આપણે શરૂઆતનાં ને વચગાળાનાં સાધકોની વાત કરી રહ્યા છીએ. એવાં સાધકોની સાધના તો કોઈ વાર માથું દુઃખે, તાવ આવે કે ઝાડા થાય, ને એવી કોઈ બીજી ઉપાધિ ઊભી થાય તો પણ અટકી પડે છે. એવી રીતે સાધનાનો કેટલોય સમય નકામો જાય છે. વૃદ્ધાવસ્થાની અસર પણ કેટલીક વાર એવી જ પ્રતિકૂળ થઈ પડે છે. દુઃખ એટલા માટે જ ઈચ્છનીય નથી ને સૌ સુખને ચાહે છે.

જીવનના નિભાવ કે નિર્વાહની મુશ્કેલી હોવી એ પણ દુઃખ છે. તેને લીધે પણ કેટલાક લોકો સાધનાને માર્ગે આગળ નથી વધી શકતાં. બહુ ઉત્તમ મનોબળવાળાં કે સંસ્કારી માણસો તો તકલીફનો સ્મિત સાથે સામનો કરીને પણ સાધનાના ક્રમને ને ઈશ્વરને વળગી રહે છે. પરંતુ સૌને માટે તેવું નથી થતું. ઘરમાં ખાવા માટે પૂરતી સગવડ ના હોય ને અનેકનું ભરણપોષણ કરવાનું હોય, મહેનત કરવા છતાં પૂરતું મળતું ના હોય, ને વધુમાં કુટુંબજનોની દવા, કેળવણી ને એવી બીજી વાતો સંભાળવાની હોય. ત્યારે મન સાધનામાં લગાડવું કે પ્રભુપરાયણ કરવું કપરું થઈ પડે છે. જો મન થોડીક વાર સાધનામાં લગાડવામાં આવે છે તો પણ તેની સામે તે જ ચિત્રો ઊભાં થાય છે. એ તો જેને અનુભવ હોય તે જ સમજી શકે; છતાં દુઃખ ને પ્રતિકૂળતાની પરિસ્થિતિમાં પણ બનતી સાધના કરવાની ને પ્રભુપરાયણ થવાની જ ભલામણ આપણે તો કરીશું. દુઃખને માટે તે પણ એક અકસીર દવા બનશે. પ્રભુની કૃપાથી સંજોગો સુધરશે ને દુઃખ, ચિંતા તેમજ મુસીબતનો અંત આવશે.

તો શું સુખને વિઘ્નરૂપ ના કહી શકાય ? સંસારમાં કેટલાય સુખી છે. તેમને આજીવિકાની કે બીજી ચિંતા નથી. છતાં તેમાંના બધા સાધનાપરાયણ બને છે કે પ્રભુમય જીવન જીવે છે ખરા ? સુખ કે સંપત્તિ સારી વસ્તુ છે. પણ તેની સાથે સદ્‌બુદ્ધિ પણ જોઈએ. તો જ તે સાધનામાં કે પ્રભુની પ્રાપ્તિમાં મદદરૂપ થઈ શકે. નહિ તો તેના પ્રભાવથી માણસ અહંકારી બની જાય, કુમાર્ગે કે કુસંગે ચઢી જાય, ને બરબાદ થાય. સુખ કે દુઃખના દિવસો દરમ્યાન વિવેકની જ્યોતિ જાગ્રત રહે ને મન નિર્મળ રહે તે ખૂબ જ જરૂરી છે. તેમ થાય તો જીવન સમૃદ્ધ, સાધનામય ને સુખી બની શકે એ નક્કી છે.

૨) દૌર્મનસ્ય : સાધકની ઈચ્છા કાંઈ દરેક વખતે, ઈચ્છા પ્રમાણે તથા ઈચ્છા પ્રમાણેના સમયે પૂરી થાય છે કે ? ઈચ્છાઓ સારી ને નરસી અનેક જાતની હોય છે. સાધક જેને સારી માનતો હોય તેવી ઈચ્છા પણ ઈશ્વરને સારી ના લાગતી હોય તો અમુક વખતે ભાગ્યે જ સફળ થાય છે. તે ઉપરાંત કેટલીક વાર વારંવાર ને વધારે પડતી મહેનત કરવા છતાં અમુક અનુભવો નથી થતાં અથવા તો અમુક ઉત્તમ ભૂમિકાની પ્રાપ્તિ પણ નથી થતી. તેવે વખતે સાધકના મનમાં ક્ષોભ થાય છે. તેને દૌર્મનસ્ય કહેવામાં આવે છે. એ પણ સાધનામાં વિઘ્નરૂપ થઈ શકે છે. કેમ કે એથી મન ચંચળ તેમજ અશાંત થાય છે. વળી એનો અતિરેક થવાથી કેટલીક વાર સાધના મૂકી દેવાનું મન પણ થાય છે, તેમજ ઈશ્વરમાં અશ્રદ્ધા જાગે છે. સાધનાની વાત કોરે રાખીએ તો પણ કેટલીક વાર માણસ લૌકિક ઈચ્છાઓનું સેવન કરતો હોય છે. અમુક વિષયો ને વસ્તુઓને ચાહતો તથા તેમને માટે આકાશપાતાળ એક કરતો હોય છે. તે બધા વિષયો કે વસ્તુઓની પ્રાપ્તિ

તેના હિતમાં નથી પણ હોતી. તેવે વખતે ઈશ્વર કૃપા કરે છે ને તેની સલામતી માટે તેને તેનાથી વંચિત રાખે છે. પરંતુ શરૂઆતની કાચી અવસ્થામાં એને ઈશ્વરની એવી કૃપાની સમજ નથી પડતી. તેથી તે રડે છે, કકળે છે, ને આકુળવ્યાકુળ બની જાય છે. જીવનનો રસ ને ઈશ્વરની શ્રદ્ધાને પણ કોઈ વાર ખોઈ બેસે છે. એવી અવસ્થા પણ અંતરાયરૂપ થઈને સાધનામાં વિક્ષેપ કરનારી થઈ પડે છે. એવો વિક્ષેપ ના થાય ને શ્રદ્ધા અડગ રહે તે માટે સાધકે સમજવું જોઈએ કે ઈશ્વર જે કાંઈ કરે છે ને કરશે તે પોતાના હિત માટે જ છે તથા હશે. તે જે ઠીક માનશે કે પસંદ કરશે તે જ થશે. માટે તેની પસંદગીને શાંતિ સાથે વધાવી લેતાં શીખવું જોઈએ. સર્વસમર્પણનું રહસ્ય જ એ છે. એમાં પોતાની નહિ પણ ઈશ્વરની ઈચ્છા પ્રમાણે જીવવાનું ને ઈશ્વરની ઈચ્છાને અનુકૂળ થવાનું હોય છે. એવી કળાને કેળવવી પડે છે. એવી કળામાં કુશળ થનાર સદાયે સલામત રહે છે.

૩) અંગમેજયત્વ : પતંજલિએ કહેલું ત્રીજું પેટા વિઘ્ન અંગમેજયત્વ છે. અંગમેજયત્વ એટલે અંગમાં કંપ થાય તે. અંગમાં કંપ થવાનાં કારણ કેટલાય હોઈ શકે છે. અતિશય ધ્યાન કરવાથી કોઈ વાર મસ્તકમાં ગરમી વધી જાય છે ને તેને લીધે મસ્તક કંપે છે. જેમને વધારે પ્રમાણમાં જપ કરવાની ટેવ છે તેમના હાથમાં આંગળાં કેટલીક વાર માળા પર કે બીજી રીતે જપ ના ચાલતા હોય ત્યારે પણ જપની આદતને લીધે આપોઆપ હાલતાં જ રહે છે. મગજની નબળાઈ, અશક્તિ કે અસંયમને લીધે પ્રાણાયામ કરતી વખતે પણ મુશ્કેલી લાગે છે, ને થોડોક વધારે વખત થતાં મૂંઝવણ ને કંપન થાય છે. તેની વૃત્તિ બહિર્મુખ થાય છે તથા મનને એકાગ્ર કરવાનું કામ અસંભવ થઈ જાય છે. શારીરિક નબળાઈ, ખરાબ કે અતિશય ઠંડી હવા ને વૃદ્ધાવસ્થાને લીધે પણ શરીરમાં કંપ થઈ શકે છે.

સાધનામાં સારો વિકાસ થઈ જાય ને મન સંયમી તથા પ્રભુપરાયણ થાય પછી તો શરીરનો કંપ ખાસ વિક્ષેપરૂપ નથી થતો. પછી તો મનને એવી ટેવ પડે છે ને તાલીમ મળે છે કે ધ્યાન કે જપ જેવી અંતરંગ સાધનામાં એ આપોઆપ તથા છેક સરળતાથી લાગી જાય છે. પરંતુ શરૂઆતમાં સંભાળવું પડે છે. તે માટે શરીરનું જરા વધારે ધ્યાન રાખવાની જરૂર છે. શરીર તરફ બેદરકાર રહેવાની ટેવ સાધનામાં બધી રીતે હાનિકારક છે.

૪, ૫) શ્વાસ પ્રશ્વાસ : શ્વાસ ને પ્રશ્વાસનાં બીજા બે વિઘ્નો પણ સાધનાને સંગીનતાથી આગળ વધતાં અટકાવે છે. શ્વાસ ને પ્રશ્વાસ એટલે પૂરક ને રેચક. શ્વાસને અંદર લેવામાં તેમજ બહાર કાઢવામાં ને રોકી રાખવામાં મુશ્કેલી પડે એવી અવસ્થા પણ અંતરાયરૂપ થઈ શકે છે. કેટલીક વાર કોઈ કારણથી સળેખમ ને ખાંસી, ઉધરસ તથા દમ જેવાં નાનામોટાં દર્દો ઉત્પન્ન થાય છે. તેવે વખતે શ્વાસોશ્વાસ લેવામાં ને પ્રાણાયામ જેવી બીજી સાધના કરવામાં ખૂબ મુશ્કેલી પડે છે. મન બેચેન રહે છે, ને બધો કાર્યક્રમ અનિયમિત થઈને અટકી પડે છે. પરિણામે તાવ જેવી બીજી ઉપાધિ પણ ઉત્પન્ન થાય છે. અયોગ્ય આહાર ને વિહારને લીધે પણ પ્રાણવાયુ મલિન ને ઉષ્ણ બને છે. પ્રાણાયામના અભ્યાસીને એથી તકલીફ પડે છે. માટે જ પ્રાણાયામના પ્રારંભે પ્રાણની શુદ્ધિ સારું નાડીશોધનની ક્રિયાનો અભ્યાસ આવશ્યક માનવામાં આવ્યો છે.

આવાં આવાં અનેક વિઘ્નો સાધકોના જીવનમાં આવી શકે છે. પરંતુ એનો અર્થ એવો નથી કે જે જે સાધના કરે છે તે સૌને આ વિઘ્નોનો સામનો કરવો જ પડે છે. કોઈને કોઈ એકાદ કે વધારે વિઘ્ન આવે તો

કોઈને ના પણ આવે. વિઘ્નો અનિવાર્ય અથવા તો ફરજીયાત છે એમ કોઈ ના માની લે. તેમ માનીને કોઈ ભયભીત પણ ના બને તથા લાચારી ને નિરાશાની વૃત્તિ પણ ના કેળવે. જેમના જીવનમાં કોઈ વિઘ્ન હોય તે પણ ડરે કે ડગે તો નહિ જ. ગમે તેમ કરીને આગેકૂચ તો કરવાની જ છે. માટે હિંમત હારીને બેસી રહેવાથી કાંઈ નહિ વળે. ગમે તેવા સંજોગોમાંથી પણ રસ્તો કાઢીને આગળ તો વધવું જ પડશે. એ માટે ખૂબ ખૂબ ધીરજ, હિંમત ને અતૂટ નિશ્ચયબળની જરૂર છે, એ ના ભૂલવું જોઈએ.

**[૩૨] વિઘ્નોનો ઉપાય**

દરિયામાં ન્હાવા પડ્યા એટલે મોજાં તો આવવાનાં જ.. દરિયામાં ન્હાવું અને મોજાથી ડરવું એ બંનેનો મેળ કેવી રીતે થાય ? મોજાને નિર્ભયતાથી ભેટી શકે તેને જ ન્હાવાનો લ્હાવો મળી શકે. લડવા ગયા એટલે ઘા તો વાગે જ. ઘાથી ડરનાર લડાઈના મેદાનમાં ભાગ્યે જ જઈ શકે. એ રીતે વિઘ્નો ક્યાં નથી ? જીવનના જટિલ જંગલમાં પણ નાનાંમોટાં અનેકવિધ વિઘ્નો આવ્યાં કરે છે. કોઈનો રસ્તો પહેલેથી જ ને છેક છેવટ સુધી ભાગ્યે જ એકસરખો સાફ હોય છે. તેમાં કાંટા-કાંકરા તથા ચઢાવ-ઉતાર આવ્યા જ કરે છે. પરંતુ તેનો વિચાર કરીને ડરી જવાય ખરું કે ? નકામી ચિંતા વધારીને કાંઈ હાથ જોડીને બેસી રહેવાય પણ ખરું કે ? જેણે રસ્તો કાપવો છે તેણે તો ગમે તે રીતે આગળ વધવું જ જોઈએ. મુસીબત કે વિઘ્નોથી ડરવાની વૃત્તિ તેણે છોડ્યે જ છૂટકો છે.

સાધકના જીવનમાં એવાં વિઘ્નો અનેક આવે છે. તે વિઘ્નો આવે જ નહિ અથવા આવે તો પણ સાધકની નિષ્ઠા, શ્રદ્ધા, નિર્ભયતા ને વિકાસને માટેની સાધનામાં વિક્ષેપ પાડે નહિ તેનું ધ્યાન રાખવાનું છે. તે માટે સાધકે પોતાની જાતને તૈયાર કરી હોવી જોઈએ. મહર્ષિ પતંજલિ એ માટે 'એક તત્વ' ના અભ્યાસની સૂચના કરી રહ્યા છે. 'એક તત્વ' નો અભ્યાસ એટલે કોઈ પણ એક પદાર્થમાં - જડ કે ચેતનમાં, મનને એકાગ્ર કરવાની સાધના, કોઈ પણ ઈષ્ટ વસ્તુની અંદર મનને જોડવાની સાધના. એ માર્ગનો તેમણે નિર્દેશ કર્યો છે, એ સાધનાનો વધારે ઉલ્લેખ આગળ પર આવશે. હાલ પૂરતું તો આપણે એટલું જ કહીશું કે એકાગ્રતાનો એ અભ્યાસ ધ્યાનનો ને ભક્તિનો બંને પ્રકારનો હોઈ શકે છે; કેમ કે તે બંનેમાં કોઈપણ એક પદાર્થ કે પ્રતીકને પસંદ કરીને તેમાં મનને સ્થિર ને શાંત કરવાનો પ્રયાસ કરવામાં આવે છે.

પદાર્થો તો નાનામોટા જડ ને ચેતન બીજા ઘણા છે; પરંતુ પરમાત્માથી કોઈ શ્રેષ્ઠ નથી. પરમાત્મા તત્વ બધાં તત્વોમાં શ્રેષ્ઠ છે. એ પરમાત્માનું શરણ લેવાની, સ્મરણ-મનન કરવાની ને ધ્યાન ધરવાની જરૂર છે. તેથી મનોબળ વધે છે. પરમાત્માની સાથે સતત અનુસંધાન થાય છે ને વિઘ્નો મટે છે. વિઘ્નોનો સ્મિત સાથે તથા સફળતાથી સામનો કરવાની શક્તિ પણ સાંપડી શકે છે. વિઘ્નો ઘણાં ભારે છે એ સાચું છે; પરંતુ પરમાત્માની શક્તિ એથી પણ વધારે મોટી છે. એ પરમાત્માના ચરણે જે પોતાની જાતને સોંપી દે છે તે નિર્ભય બની જાય છે. તેને પછી કાળથી પણ ડરવાનું નથી રહેતું. પ્રભુ તેની બધી રીતે સંભાળ રાખે છે ને રક્ષા કરવા તૈયાર રહે છે. પોતાને ચરણે જેણે સર્વસમર્પણ કરી દીધું તે ભક્તની ચિંતા પ્રભુને થયા કરે છે. એવા ભક્ત કે સાધકની દશા નાના બાળક જેવી છે. નાના બાળકને કયે વખતે શું કરવું તેની ખાસ ખબર નથી હોતી. તેની બધી માવજત તેની માતા કરે છે. માતા તેને યોગ્ય વખતે સુવાડે છે, ઉઠાડે છે, નવડાવે છે,

ખવડાવે છે ને તેની બધી જરૂરત પૂરી પાડે છે. ભૂલથી કોઈ વાર અંગારા પકડવા દોડી જાય કે કોઈ સાપની પાસે જાય તો પણ, માતા તેને તરત પકડી લે છે ને ભાવિ ભયથી બચાવે છે. માતા તેને પોતાના જીવની જેમ જાળવે છે. એ અવસ્થા કેટલી અદ્ભુત છે ! પોતાનાં બાળકને ટાઢ, તાપ ને વરસાદની સામે સુરક્ષિત રાખવાની જવાબદારી પણ માતાની જ હોય છે. માતા પ્રેમ ને કરુણાની અલૌકિક મૂર્તિ છે ને પોતાના પ્રેમ ને પોતાની અપરંપાર કરુણાથી બાળકને તરબતર કરી દે છે. માટે જ માતાને દેવતાનું બિરૂદ પણ અપાયું છે. પરમાત્માનો પોતાના ભક્તો માટેનો પ્રેમ પણ એવો ને એથીયે વધારે અનેરો છે. માતાના વ્યવહારમાં જે જોવા મળે છે તે પ્રેમ તો પરમાત્માના પરમ પ્રેમસાગરમાંથી ભરાયેલી એકાદ ગાગર બરાબર જ છે. ભક્તોને માટે પરમાત્માના પ્રાણમાં જે પ્રેમ પારાવાર ભરેલો છે તેની બરાબરી તો કોઈનાથી પણ કરી શકાય તેમ નથી. તે તો અનન્ય ને અજોડ છે. તેથી તેની કોઈ ઉપમા જ નથી. પરમાત્માના પ્રેમમાં ઘણી વિશેષ શક્તિ છે. તેમની કરૂણા ખૂબ ખૂબ આગળ વધીને તેમને મુક્તિના મહારસનો આસ્વાદ આપે છે, ને પોતાના પ્રત્યક્ષ પરિચયનો લાભ આપીને બધી રીતે ધન્ય કરી દે છે. એટલી કરુણા ને એવી શક્તિ સંસારમાં બીજા કોઈની નથી તો પછી એવા પ્રેમના ભંડાર જેવા પરમાત્માનું શરણ શા માટે ના લેવું ? ને એવા પરમાત્મામાં મન પણ શા માટે ના લગાડવું ? વિવેકી માણસ તો જીવનની પળેપળનો ઉપયોગ એ પરમાત્માને માટે જ કરશે એમાં શંકા નથી.

પરમાત્મા બધી રીતે આપણી રક્ષા કરશે. જીવનમાંથી કાંટા-કાંકરાને કાઢી નાખશે, ને ચઢાવ તેમજ ઊતારમાં પોતાની વિશેષ કૃપાથી પ્રેરાઈને, આપણી આંગળી પકડીને સહીસલામત આગળ વધારશે તથા પાર ઉતારશે. આપણે પછી બધી રીતે નિર્ભય બની જઈશું. પરંતુ ખાસ આવશ્યક્તા તેના થવાની ને તેને પોતાના જીવનની જવાબદારી સુપ્રત કરવાની છે. જીવનનું મુખત્યારનામું તેના હાથમાં ધરી દેવાની જરૂર છે. અહંકાર હોય તો એ વાત ભાગ્યે જ થઈ શકે, તેથી જ અભિમાની સાધકને એકલે હાથે જ આગળ વધવું પડે ને વાર પણ લાગે છે. તેની સફળતાની કોઈ સીલબંધ બાંયધરી ના આપી શકાય. પરંતુ શરણાગત, નમ્ર ને ભક્તિભાવથી ભરેલો સાધક તો સદાય સલામત છે. તેની સફળતા અથવા અંતિમ સફળતા નક્કી જ છે. પોતાનો ભાર તેણે પ્રભુને સોંપ્યો છે, ને પ્રભુએ ઉપાડેલો છે. એવા ભક્તની સંભાળ પ્રભુ સાચે જ રાખે છે. ના રાખે તો તે પ્રભુ કહેવાય નહિ.

**[૩૩] ચિત્તની શુદ્ધિ માટેની ભાવના**

ગયા પ્રકરણમાં આપણે કહ્યું કે ભક્તની સંભાળ પ્રભુ જરૂર રાખે છે ને ના રાખે તો તે પ્રભુ કહેવાય નહિ તે સાચું છે. આજ સુધી એ વાતનો અનુભવ અનેકે કરી જોયો છે. એટલે એ સંબંધી કોઈ પણ પ્રકારની શંકા સેવવાનું કોઈ કારણ નથી. જે પ્રભુને સ્મરે છે ને ભજે છે તેનું બધી રીતે ધ્યાન રાખવાની પ્રભુની ફરજ છે. કેમ કે તેમની તેવી પ્રતિજ્ઞા છે. અથવા વધારે સારા શબ્દોમાં કહેવું હોય તો એમ કહી શકાય કે એમનો એવો સ્વભાવ છે. ભક્ત જેમ ભગવાનને ભજ્યા વિના રહી શકતો નથી. તેમ ભગવાન પણ ભક્તની સંભાળ રાખે છે. પ્રેમ અથવા આકર્ષણ ને ધ્યાન એ રીતે સાથે સાથે જ થયા કરે છે. ભક્તના પ્રેમ કરતાં ભગવાનનો

પ્રેમ અનેકગણો વધારે છે, તેથી ભક્તને માટે તે પ્રેમ અનંત બનીને વહ્યા કરે છે, ને ભક્તને પરમ સુખ, શાંતિ તથા પ્રસન્નતાથી ભરી દે છે.

સુખ શબ્દ કેટલાકને નથી ગમતો. કેમ કે સુખ તરફ તે સૂગ ધરાવે છે. તેમને મન જગત છેક દુઃખમય છે ને દુઃખ વિના તેમાં કાંઈ હાથ નથી લાગતું. 'બધું દુઃખમય છે' એમ માનીને બેસી રહેવું ને જીવનને વધારે ને વધારે દુઃખદ કરવું એ પદ્ધતિ બરાબર નથી.

૧) અનાસક્તિ : દુઃખવાદનો ઉપદેશ અનેક ઠેકાણે જોવા મળે છે. પરંતુ એ ઉપદેશ અકર્મણ્ય બનીને બેસી રહેવા માટે નહિ પણ અનાસક્તિ ને નિર્મળતા કેળવી પરમ સુખની પ્રાપ્તિ માટે પુરુષાર્થ કરવાની પ્રેરણા આપવા હતો. જીવનના કેટલાક કડવા અનુભવોનો એમાં પડઘો હતો. તે ઉપરાંત, પરમાત્માની સાથે સંબંધ બાંધ્યા વિના પરમ સુખ છેક જ અસંભવ છે એ વાત અત્યંત અસરકારક રીતે કહી બતાવવા માટે પણ એવી ઉપદેશ પદ્ધતિનો આધાર લેવામાં આવ્યો હતો. બાકી માનવ મૂળભૂત રીતે તો સુખ, શાંતિ, મુક્તિ ને આનંદરૂપ છે. સાચી અવસ્થા એ જ છે. જેણે પરમાત્માની સાથે સંબંધ બાંધી દીધો તેને દુઃખ કેવું ? ભય કેવો ? ને શોક પણ કેવો ? એને તો આઠે પહોર આનંદ ને આનંદ જ છે. પરમાત્મા એને અનંત આંખે રક્ષે છે, અનંત હાથે આપે છે, ને અનંત મસ્તકની મદદથી મંગલમય કરવા વિચારે છે, અનંત કાળે એની પ્રાર્થના ને એના પોકાર સાંભળે છે, ને અનંત વદને ઉત્તર આપી અનંત પગે એની પાસે લેશ પણ વિલંબ કર્યા વિના પહોંચી જાય છે. પરમાત્માને અનંત મુખ, હાથ, પગ કાનવાળા કહ્યા છે તેનું રહસ્ય એવું પણ છે. એ રહસ્યને જાણનારનું જીવન સાચા અર્થમાં સુખી ને ધન્ય બની જાય છે.

જીવનની એવી ધન્યતાના અનુભવ માટે અથવા કહો કે ચિત્તની શુદ્ધિ માટે; પતંજલિ સાધકને માટે પાળવાના થોડાક વ્યવહારિક નિયમો સૂચવે છે. સંસારમાં ભિન્ન ભિન્ન પ્રકૃતિ ને ભાતભાતનાં લોકો છે. તેમની સાથે વ્યવહાર કરવાનો પ્રસંગ ઊભો થાય ત્યારે કેવી રીતે વર્તવું ? અથવા તેમના તરફ કેવી વૃત્તિ રાખવી ? એવો પ્રશ્ન સહેજે ઊભો થાય છે ને પતંજલિ એનો ઉત્તર આપતાં કહે છે કે જે સુખી મનુષ્યો હોય તેમનામાં મિત્રતાની ભાવના રાખવી. વાત ઘણી જ કામની ને સુંદર છે, છતાં લોકો તેને વારંવાર ભૂલી જાય છે. એવા લોકો પણ જોઈએ છીએ જે સુખીને જોઈને બળે છે, ઈર્ષા કરે છે, ને તેમનું સુખ મટી જાય તેવી ઈચ્છા તથા પ્રવૃત્તિ કરે છે. તેવાં મનુષ્યો કોઈ કારણે દુઃખી થાય તો તે રાજી થાય છે. એવી વૃત્તિ સારી નથી ને સાધકને માટે તો ભારે હાનિકારક કે કલંકરૂપ છે. આપણે ત્યાં કહેવત છે કે 'આપણને નહિ તો આપણા પડોશીને પણ હજો.' એનો અર્થ બહુ ઉત્તમ ને કામનો છે. આપણે કોઈ કારણે દુઃખી હોઈએ તો પણ બીજાનું સુખ જોઈને બળવાનું કે ઈર્ષા કરવાનું કોઈ કારણ નથી. બીજાનું સુખ જો સાચેસાચ જ હશે તો, કોઈ વાર આપણે અથવા બીજાને પણ કામનું છે એમ માનીને તેને જોઈને પ્રસન્ન થવાની જ જરૂર છે. વળી સુખી જોઈને મિત્રતાની ભાવના કેળવવાની છે. જે સુખી, શ્રીમંત કે સંપન્ન છે તેમને આપણે અત્યંત પ્રેમપૂર્વક મિત્રભાવે કહી શકીએ કે તમારા હાથમાં એક ઉત્તમ ને અનેરો અવસર આવ્યો છે. એનો ઉપયોગ કરીને બીજાનું દુઃખ દૂર કરવા ને બીજાને સુખી કરવા બને તેટલો પુરુષાર્થ કરો. તો તમે સુખ, સંપત્તિ સાધનનો સદુપયોગ કર્યો એમ કહેવાશે.

સુખી ને સમૃદ્ધ લોકોએ પણ એ વાત યાદ રાખીને બીજાને મદદરૂપ થવા સદાય તૈયાર રહેવાનું છે. પોતે સમાજના વિશાળ શરીરના એકાદ સમૃદ્ધ અંગ જેવા છે એ વાતને ભૂલવાની નથી. બીજાં નબળાં

અંગની ને એ રીતે સમસ્ત સમાજની તેમણે સેવા કરવાની છે. તે માટે પોતાની જાતને સંરક્ષક જેવી સમજવાની છે. પોતાનાં જ એશઆરામ ને વૈભવવિલાસમાં ડૂબેલા રહેવાને બદલે બીજાને મદદરૂપ થવા તેમણે બધી રીતે તૈયાર રહેવાનું છે. તેમ કરવાથી બીજા પણ તેમને ઉપયોગી સમજી માનની નજરે જોશે ને તેમને બધી રીતે મદદરૂપ થશે. તેમનાં સુખની ઈર્ષા કરવાનું ને તેમની પડતી ચાહવાનું કોઈને પછી કોઈ કારણે નહિ રહે. તે માટે અહંકાર, સ્વાર્થ, ભેદભાવ, વિલાસ ને સંઘરાખોરીની ભાવનાનો ત્યાગ કરવો પડશે ને સૌને પોતાના કુટુંબ જેવા માનવાની ટેવ પાડવી પડશે. દુર્ગુણી, વિલાસી, અધર્મી ને એકલપેટા શ્રીમંતોને માટે જ ઈશુએ કહ્યું છે કે 'સોયના નાકામાંથી ઊંટ પસાર થઈ શકે તો પણ તેમને માટે સ્વર્ગનું બારણું ના ઊઘડી શકે.' ધનના નશામાં ડુબેલા ને અવળે માર્ગે ચઢેલાં માણસોને માટે એ વાત સાચી છે, પરંતુ વિવેકી, નમ્ર ને સેવાભાવી માણસોએ તેથી ડરવાની જરૂર નથી. તે તો આ સંસારમાં બધે સ્વર્ગની સ્થાપના કરવાની મહેનત કરશે તથા પોતાના હૃદયમાં જ સ્વર્ગસુખને અનુભવશે.

શ્રીમંતોને નાશ કરવાની ઈચ્છા આપણે નથી રાખતાં. કોઈકે તો શ્રીમંત બનવું જ પડશે. છેવટે રાજ્યે પણ. એટલે શ્રીમંતાઈ તો ચાલુ રહેવાની જ. ધ્યાન રાખવાની વાત એટલી જ છે કે શ્રીમંતાઈ સડારૂપ ના બનવી જોઈએ. તે કેવળ વ્યક્તિગત સ્વાર્થને પોષનારી ને બીજી બદી ઉત્પન્ન કરનારી ના હોય, પરંતુ પરમાર્થની પ્રેરણાવાળી ને સમાજની સેવા-ભાવથી ભરેલી હોય. ધન એકાદ બે કે વધારે ઠેકાણે એકઠું થઈને બેસી ના રહે. પણ ફર્યા કરે ને બીજાને ઉપયોગી થવામાં કે સમાજની કાયાપલટ કરવામાં મદદ કરે તે જોવાનું છે. તેમ થશે તો તે ઈર્ષા ને અનર્થનું કારણ નહિ બને પણ ઉપયોગી ને આશીર્વાદરૂપ થઈ પડશે.

૨) કરુણા : સુખી મનુષ્યોની સાથે કેટલાંક દુઃખી મનુષ્યો પણ દુનિયામાં છે. એમ કહો કે એમની સંખ્યા ઘણી મોટી છે. તેમને જોઈને દયાની ભાવના કેળવવાની જરૂર છે. મતલબ કે તેમના દુઃખને જાણવાની ને એથીયે આગળ વધીને તે પોતાનું હોય તેમ જાણવાની જરૂર છે. શરીરના કોઈ અંગને કોઈ દુઃખ થાય છે તો તે સમસ્ત શરીરનું મનાય છે. એવી રીતે વિવેકી ને સેવાભાવી સમસ્ત સમાજને અથવા સંસારને પોતાનું વિશાળ શરીર સમજે છે. તેમાં શ્વાસ લેતાં કોઈ પ્રાણીને-મનુષ્યેત્તર પ્રાણીને પણ દુઃખ થાય તો તેને તે પોતાનું દુઃખ માને છે, ને તેને દૂર કરવા બનતો પ્રયાસ કરે છે. નરસિંહ મહેતાએ કેટલી સરસ રીતે ગાયું છે કે 'વૈષ્ણવજન તો તેને રે કહીએ જે પીડ પરાઈ જાણે રે.' પરંતુ બીજાની પીડને કેવળ જાણીને બેસી રહેવા માત્રથી જ કાંઈ પ્રભુના સાચા ને પાકા પ્રેમી નથી થવાતું. બીજાના દુઃખની કાંઈ અસર જ ના થાય તેવી જડ દશા કરતાં બીજાના દુઃખને જાણવાની કે તેનાથી પ્રભાવિત થવાની દશા હજાર દરજ્જે સારી છે. પરંતુ તે કાંઈ સર્વોત્તમ નથી, ને એટલાથી જ કાંઈ બધો હેતુ નથી સરી રહેતો. બીજાના દુઃખને જાણીને દૂર કરવા બનતો બધો જ પ્રયાસ કરવાની જરૂર છે. દુઃખને જાણવાનો સાચો અર્થ ત્યારે જ ઠરી શકે. નરસિંહના મનમાં એ વાત રમી રહી છે. માટે તે બીજી પંકિતમાં 'પર દુઃખે ઉપકાર કરે તોયે મન અભિમાન ન આણે રે' એમ કહી દે છે.

પરંતુ એ વિશે પણ એક મુદ્દો બરાબર વિચારી લેવાનો છે. બીજાનું દુઃખ દૂર કરવા કાંઈક કરી છૂટીએ કે બીજાની સેવા કરીએ એટલે કોઈએ મોટો ઉપકાર કરી નાખ્યો એમ માનવાની ભૂલમાં નથી પડવાનું. કોઈને સેવાની જરૂર છે. આપણી પાસે સેવાની શક્તિ તથા સામગ્રી છે ને તેની મદદથી આપણે કોઈની સેવા

કરીએ છીએ એમાં કાંઈ કોઈ નાનો કે મોટો ઉપકાર નથી કરી નાખતાં. ઉપકાર જો માનવો હોય તો તો એ વ્યક્તિનો માનવાનો છે જેણે આપણને સેવા કરવાની તક પૂરી પાડી છે, ને તેના દુઃખના દર્શનથી દુઃખી ને અશાંત થયેલા આપણા અંતરને સુખી ને શાંત કરવાની કૃપા કરી છે. એ રીતે સમજીને જો બીજાની સેવા કરીએ તો તેવી સેવા દંભ, ઘમંડ કે અભિમાનને ઉત્પન્ન કરનારી કદી પણ નહિ થાય. તે તો સેવા કરનારને નમ્રાતિનમ્ર બનાવી દેશે. તેની સેવા, સરિતાના સુંદર પ્રવાહની પેઠે સરસ બનીને છેક સરળતાથી વહ્યા કરશે. સેવાની ભાવના એ રીતે સહજ બની જવી જોઈએ. રોમેરોમ ને શ્વાસોશ્વાસમાં મળી જવી જોઈએ. સહાનુભૂતિ, પ્રેમ કે દયામાંથી સાકાર બનીને કર્મની અંદર મૂર્તિમંત બનવી જોઈએ.

૩) મુદિતા : એટલે કોઈના વખાણ કે કોઈની સારી વાત સાંભળીને દુઃખી થવાનો સ્વભાવ સાધકે છોડી દેવો જોઈએ. સંસારમાં સૌ સુખી થાય, શાંતિ મેળવે ને ઉત્તરોત્તર વધારે ને વધારે ઉન્નતિ કરે એ માટે તો તેની પ્રાર્થના છે. એટલે એવી પ્રાર્થના પૂરી થતી દેખાય ત્યાં એણે પ્રસન્ન થવું જોઈએ. દુઃખી થવાનું તેને માટે કોઈ જ કારણ નથી. તેજોદ્વેષની ટેવમાંથી તેણે મુક્તિ મેળવવી જોઈએ તથા ઈર્ષા, નિંદા ને સંકુચિતતાનો ત્યાગ કરવો જોઈએ. બધાની અંદરથી સાર કાઢવાની કળામાં કુશળ થઈને પ્રસન્ન બનવું જોઈએ. મહાન ઉત્તમ પુરુષોને જોઈને કોઈએ કાદવ ઉછાળવાની જરૂર નથી. જરૂર તો છે તેમની સંગતિ ને સેવા કરવાની, તેમના થવાની ને બની શકે તો એમનાથી પણ આગળ વધવાની.

જે પુણ્યશાળી છે તેમણે પોતાની પવિત્રતા તથા પોતાના પુણ્યનું અભિમાન કરવાની જરૂર નથી. તેમણે તો નમ્રતા જ કેળવવાની છે. ને જે સાચા અર્થમાં પવિત્ર, પુણ્યશાળી ને મહાન છે તે તો નમ્ર જ હોય છે. પુણ્યનો ગર્વ કે ઘમંડ નકામો છે; કેમ કે પુણ્યની કોઈ સલામતી નથી. ને સલામતી હોય તો પણ, ગર્વ ને ઘમંડ વિનાશક છે. કેટલાક લોકો અનુકૂળ સંજોગોને લીધે તથા પ્રતિકૂળ સંજોગોના અભાવને લીધે જ પવિત્ર ને પુણ્યશાળી રહી શક્યા હોય છે. પ્રતિકૂળ સંજોગોએ તેમનો ઘાટ કદાચ જુદો જ ઘડી દીધો હોત. સંજોગોની ઉપરવટ થઈને પવિત્ર ને પુણ્યશાળી રહેવાની યોગ્યતા કે શક્તિ બહુ જ ઓછા મનુષ્યોમાં હોય છે. એવી શક્તિવાળાએ પણ કાયમને માટે નમ્રતાની મૂર્તિ જ બની રહેવાનું છે.

૪) ઉપેક્ષા : પુણ્યનો ગર્વ ના રાખો તેમ પતિત કે પાપીનો તિરસ્કાર ના કરો. તિરસ્કાર બુદ્ધિ પાપ પ્રત્યે હોઈ શકે, પાપી પ્રત્યે નહિ. માણસ પરમાત્માનો પ્રતિનિધિ ને પરમાત્માના પરમ પ્રકાશે પ્રકાશિત હોવાથી મૂળભૂત રીતે પાપી કે પતિત નથી જ. તે તો પવિત્રતા ને પુણ્યનો ભંડાર છે. પરંતુ સંજોગોને લીધે અથવા એવી પોતાની ભુલચૂક કે નબળાઈને લીધે પતિત થાય છે ને પાપ કરે છે. પાપને આપણે વધારે સારી રીતે સમજવા કુકર્મ પણ કહી શકીએ. કેટલાક લોકો કુસંગને લીધે પણ કુકર્મ કરતાં થાય છે. કેટલાક સંજોગોના શિકાર થયાં હોય છે ને તેમાંથી છૂટવાની કોશિશ કરવા છતાં પણ છૂટી શકતા નથી. તો કેટલાકને કુકર્મમાં ખરેખર આનંદ આવતો હોય છે. કેટલાક એવા પણ હોય છે, જેમને થોડીક તક મળવાથી તે છૂટી શકે ને વધારે સારું જીવન જીવતાં થઈ જાય. તેમનો તિરસ્કાર કરવાથી તેમની કોઈ વિશેષ સેવા નથી થતી. તિરસ્કાર કરવામાં અહંકાર ને દ્વેષભાવ ઉત્પન્ન થાય છે એ જુદું. બની શકે તો તેવા લોકોને મદદ જરૂર કરો પણ ધુતકારો નહિ જ. તેમને જ મોઢે તેમની આપવીતીને પૂરી સહાનુભૂતિ કે શાંતિથી સાંભળો. તેમને હિંમત, ધીરજ, આશા અથવા આશ્વાસનના બે શબ્દો કહો તથા આગળ વધવાનો કોઈ રસ્તો બતાવો. તેવી પદ્ધતિ

તેમને માટે જરૂર મદદરૂપ થશે. બાકી એકતરફી દલીલો, આક્ષેપો ને ધિક્કારના ભાવોથી કોઈ જ ઉપયોગી હેતુ નહિ સરે, ઉલટું વાતાવરણ વધારે વિષમય ને તંગ બનશે.

પતંજલિ કહે છે કે પાપી તરફ ઉપેક્ષા કેળવવી, એટલે કે તેમનો સંગ ના કરવો ને તેમની તરફ બને તેટલા ઉદાસીન રહેવું. સાધનાની શરૂઆતમાં માણસ પાસે એટલું મનોબળ નથી હોતું. સંગનો રંગ તેને જલદી લાગે છે. તેથી પોતાની સુરક્ષાને માટે આ વાત ઉપયોગી છે. જે સાધનામાં મગ્ન છે તેમણે પણ સમય બચાવવા ને વધારે ને વધારે સાધનાપરાયણ થવા એવી વૃત્તિ કેળવવાની છે. એવા કુકર્મી માણસો સાથે સાધકે વધારે સંબંધ ના રાખવો. તેમને માટે રાગ કે દ્વેષની વૃત્તિ કેળવવાને બદલે તેણે તદ્દન તટસ્થ રહેવું. એનો અર્થ એવો નથી કે તેણે તેમનાથી ડરતા રહેવું ને કોઈ વાર તેમને મળવું પણ નહિ. મળવાનું થાય તો તેમને મળવામાં કશી જ હરકત નથી. પણ તેમના છાંટા પોતાને ના ઉડે તેનું બરાબર ધ્યાન રાખવું. તેમની સાથે કરવો પડે તેટલો વ્યવહાર શાંતિપૂર્વક કરવો ને તેમની ઈચ્છા હોય તો તેમને સન્માર્ગ પણ બતાવવો.

યોગદર્શનમાં એ રીતે સાધનાપરાયણ પુરુષને માટેના ચાર વ્યવહારિક નિયમ કહી બતાવ્યા છે. તેમનું પાલન કરવાથી રાગદ્વેષનો નાશ થાય છે ને મન નિર્મળ, શાંતિમય તથા પ્રસન્ન બની જાય છે. વિકાસમાં એથી ઘણી મોટી મદદ મળે છે. સૌએ પોતપોતાની પ્રકૃતિ, રૂચિ તેમજ પસંદગી પ્રમાણે વિકાસ કરવા તૈયાર થવાનું છે. જીવન કોઈ વ્યર્થ ભાર, વિલાસનું સ્થાન કે નિરર્થક પ્રવૃત્તિ નથી પણ એક સાધના છે, મહામુલ્યવંતી મૂડી છે ને પૂર્ણતાની પાવન પગદંડી છે. એમ સમજીને જે કેવળ જીવતા જ નથી પણ સમજપૂર્વક જીવે છે કે જીવવા માગે છે તેમને માટે જ આ માહિતી છે. આ વાતને કહી બતાવવાની જરૂર ભાગ્યે જ હોય.

**[૩૪] પ્રાણાયામથી પણ એકાગ્રતા**

બધા માણસો કાંઈ જીવનનો મહિમા ધ્યાનમાં રાખીને નથી જીવતાં. જીવનની વિશાળ શક્યતાની સૌને ખબર નથી જ. માનવજીવનમાં ઉન્નતિ માટેનો જે વિરાટ ને અસીમ અવકાશ રહેલો છે, મોટા ભાગનાં મનુષ્યો તેનાથી અજાણ છે. કોઈને જાણ છે તો તે જ્ઞાનનો અનુભવનાં ક્ષેત્રમાં એક કે બીજા કારણોને લીધે ઉપયોગ નથી કરતા. પરિણામે તેમનું જીવન એમ ને એમ જ વહી જાય છે. આ જીવનનો જો સમજપૂર્વક સદુપયોગ કરવામાં આવે તો તેનું સ્વરૂપ જુદું જ થઈ જાય. વિવેક, પુરુષાર્થ ને પ્રભુની કૃપાની મદદથી એવી કોઈયે સિદ્ધિ નથી જે માનવને ના મળી શકે. યોગની સાધના પણ જીવનની શક્યતા સમજનારા એવા જ સમજુ તથા પરિશ્રમી શ્રદ્ધાપરાયણ માણસને માટે છે.

એ સાધનાની રજૂઆત કરતાં મહર્ષિ પતંજલિ હવે પ્રાણાયામની પ્રક્રિયાનો ઊડતો ઉલ્લેખ કરે છે. પ્રાણાયામની પ્રક્રિયા પ્રાણને અંદર લઈ જવાની, બહાર કાઢવાની તથા રોકી રાખવાની ત્રિવિધ પદ્ધતિ સાથે સંકળાયેલી છે. યોગની સાધનામાં તેનું સ્થાન મહત્વનું છે. પતંજલિ કહે છે કે તેની મદદથી પણ ચિત્તની એકાગ્રતા થઈ શકે છે. વાત સાચી છે. પ્રાણ ને મન પરસ્પર સંકળાયેલા છે એટલે એકની અસર બીજા પર અચૂક પડે છે. પ્રાણાયામની ક્રિયાથી મળદોષ દૂર થાય છે તથા પ્રાણ નિર્મળ બને છે. એવા પ્રાણને વશ

કરવાનું, સ્થિર કરવાનું કે રોકવાનું કામ સરળ થઈ જાય છે, ને પ્રાણાયામ એ રીતે મનની સ્થિરતા અથવા એકાગ્રતામાં ભારે મદદરૂપ થઈ શકે છે.

મનની સ્થિરતા અથવા એકાગ્રતામાં એ રીતે પ્રાણાયામ લાભકારક થઈ પડે છે, પરંતુ તેનાથી મનની શુદ્ધિનું કામ નથી થઈ શકતું. મનની શુદ્ધિ પણ અત્યંત આવશ્યક છે, એ વાત સાધકે કોઈ પણ સંજોગોમાં ભૂલવા જેવી નથી. ચારિત્ર્યના સુધારમાં સહાયક સાધના જ ઉત્તમ ને અનુકરણીય કહી શકાય. તે જ સ્વરૂપને ઓળખાવી શકે, પરમાત્માની સાથે હસ્તમેળાપ કરાવી શકે, ને શાંતિ, ધન્યતા તથા જીવનમુક્તિનો આનંદ આપી શકે. એટલે પ્રાણાયામના અભ્યાસીએ એનું ધ્યાન રાખવાનું છે. પોતાનો અભ્યાસ ગમે તેટલો અગત્યનો ને ઉત્તમ હોય તો પણ યાંત્રિક કે જડ ના બની જાય પરંતુ સર્વાંગ સુંદર બનીને બધી રીતે કાયાપલટ કરાવનારો થાય એ માટે જરૂરી તકેદારી રાખવાની છે. એથી ચારિત્ર્યની શુદ્ધિની સાથે મનની શુદ્ધિના અભ્યાસની ભલામણ પણ આપણે કરીશું.

ચિત્તની વૃત્તિનો નિરોધ કરીને સ્વરૂપનો સાક્ષાત્કાર કરાવનારી જે યોગસાધનાનો ઉલ્લેખ મહર્ષિ પતંજલિ કરી રહ્યા છે તેમાં પ્રાણાયામ સૌને માટે જરૂરી છે જ એવું નથી સમજવાનું. તે સાધનામાં મુખ્ય ને અનિવાર્ય આવશ્યકતા તો ધ્યાન ને સમાધિની છે. પ્રાણાયામનો અભ્યાસ તો ફરજિયાત નહિ પણ મરજિયાત છે. છતાં પણ કેટલાક યોગી તેની ભલામણ કરે છે ને બીજા કેટલાક પોતાની રૂચિ ને પ્રકૃતિને અનુકૂળ આવવાથી એનો આશ્રય લે છે. હઠયોગની પદ્ધતિમાં એની અગત્ય સારી રીતે માનવામાં આવી છે. એવી ભિન્ન રૂચિ ને પ્રકૃતિવાળા સાધકોની સાધના માટે પણ પતંજલિને પ્રેમ તથા માન છે. તેથી જ તે તેની મહત્તા કે ગુણવત્તાનો સ્વીકાર કરીને તેનો ઉમળકાભર્યો ઉલ્લેખ કરી રહ્યા છે. આગળ પર તે પ્રાણાયામની વધારે માહિતી પણ પૂરી પાડે છે. એ શું બતાવે છે ? તેમની મહાન ગુણગ્રાહકતા, વિશાળતા ને સમન્વય શક્તિનો એના પરથી ખ્યાલ આવે છે.

### [૩૫] વિષયવતી પ્રવૃત્તિથી પણ સ્થિરતા

મનને સ્થિર કરવામાં પ્રાણાયામ બહુ મહત્વનો ભાગ ભજવે છે, એનો ઉલ્લેખ કર્યા પછી પતંજલિ હવે મનની સ્થિરતામાં મદદરૂપ એક બીજી વસ્તુનો નિર્દેશ કરી બતાવે છે. હવે પછીનાં થોડાંક બીજાં સૂત્રોમાં પણ તે મનની સ્થિરતાનાં જ સાધન કહી બતાવે છે. આ સૂત્રો સાધકને માટે ભારે મહત્વના છે જ પરંતુ સાધારણ માણસોને માટે પણ જરૂરી નથી એમ માનવાનું નથી. સાધારણ વ્યવહારપરાયણ માણસોએ પણ આ સૂત્રોને સારી પેઠે સમજવા જેવાં છે.

૧) પહેલો અર્થ : પતંજલિ કહે છે કે વિષયવતી પ્રવૃત્તિથી મનની સ્થિરતા થઈ શકે છે. પરંતુ વિષયવતી પ્રવૃત્તિના રહસ્યને સારી પેઠે સમજી લઈએ. આપણે જોઈએ છીએ કે કેટલાક સાધકોના જીવનમાં પૂર્વજન્મના સંસ્કારનું મહાન પીઠબળ હોય છે. તેને લીધે વર્તમાન જીવનમાં નાનપણથી જ તેમનામાં તીક્ષ્ણ બુદ્ધિ, તીવ્ર વૈરાગ્ય તથા ઉચ્ચોચ્ચ પ્રકારની ભક્તિ ને પ્રભુપરાયણતાનું દર્શન થાય છે. ધ્યાનની ને બીજી સાધનામાં પણ તે બીજા કરતાં બહુ ઝડપથી આગળ વધી જાય છે. એમને જોઈને કેટલાયને આશ્ચર્ય થાય છે. કેમ કે એક જ જીવનનાં થોડાં વરસોને ઉપરઉપરથી જોનારી તેમની બુદ્ધિ એવાં અસાધારણ શક્તિવાળા

સાધકોની સિદ્ધિનો ઉકેલ નથી કરી શકતી. શંકર, જ્ઞાનેશ્વર, નરસિંહ ને નાનક તથા અષ્ટાવક્ર ને શુકદેવની શક્તિ એવી આશ્ચર્ય પમાડે તેવી હતી. બીજી કોઈ અલૌકિક વસ્તુ-વિશેષનું દર્શન, સ્વપ્ન, ધ્યાન કે જાગૃતિ દશામાં થવા માંડે છે. એ સાધકોને તો એવા અનુભવ કેટલીક વાર ઈચ્છા ના હોવા છતાં આપોઆપ જ થયા કરે છે. કોઈ વાર તેમને પૂર્વજન્મના જ્ઞાનનો લાભ મળે છે, કુંડલિની જાગ્રત થવાથી નાદનો સત્વર અનુભવ થાય છે, તો કોઈ વાર ભૂત-ભાવિની માહિતી પણ મળે છે. એ બધા અનુભવ છેક સ્વાભાવિક રીતે જ થયા કરે છે. એવા વિશેષ અનુભવવાળી વૃત્તિ વિષયવતી પ્રવૃત્તિ કહેવાય છે. એવા અનુભવ સાધકને માટે ભારે મદદરૂપ થઈ પડે છે, તેને લીધે તેનો ઉત્સાહ વધે છે, તેની શ્રદ્ધા અડગ ને વધારે બળવાન બને છે, તથા સાધનાના અનેરા માર્ગની ગૂઢતા તેમજ સત્યતાની તેને ખાત્રી થાય છે. આગળની સાધનામાં પછી વધારે આનંદ આવે અથવા રસ પડે છે. અનુભવનો એવો અમુલખ ભંડાર એક પછી એક કે ક્રમે ક્રમે ખુલ્લો થતાં મન પ્રસન્ન બને છે ને વધારે ને વધારે શાંતિનો અનુભવ કરે છે. શંકા, અવિશ્વાસ, ભ્રમણા ને ચંચળતા પછી કાયમ માટે મટી જાય છે.

તો પછી શું જેમના પૂર્વસંસ્કાર બહુ પ્રબળ ના હોય એવાં સાધારણ સાધકો એવાં અસાધારણ અનુભવોનો આસ્વાદ નહિ મેળવી શકતા હોય ? તેમને પણ એવા અનુભવોનો આસ્વાદ અવશ્ય મળી શકે છે, પણ તે માટે તેમણે જરા વધારે પરિશ્રમ કરવો જોઈએ ને થોડી વધારે ધીરજ રાખવી જોઈએ. આત્મોન્નતિનો રાજમાર્ગ સૌને માટે ઉઘાડો છે. કોઈને તેમાં વિશેષ અધિકાર નથી અપાયા ને કોઈને પ્રવેશબંધી પણ નથી થઈ. કેટલાક સાધકો વિશેષાધિકારથી સંપન્ન લાગે છે, તેનું કારણ તેમની અત્યાર સુધીની સાધના છે. જે વાવ્યું ને જતન કરીને જાળવ્યું છે, તેનું જ ફળ તે લણી રહ્યા છે. તેમના જેવો કે તેથી વધારે પરિશ્રમ કોઈ પણ કરી શકે છે ને તેમના જેવી કે તેમનાથી આગળની અથવા અનેરી સિદ્ધિની દશા મેળવી શકે છે. એ તો જીવમાત્રનો જન્મસિદ્ધ અધિકાર છે. પણ તે માટે થોડી ધીરજ ને હિંમત પણ રાખવી પડે છે. યોગ્યતા પણ કેળવવી રહે છે.

૨) બીજો અર્થ : વિષયવતી પ્રવૃત્તિનો એક બીજો અર્થ કરી શકાય છે. આપણે જોઈએ છીએ કે મનુષ્યો વધારે ભાગે દુન્યવી પ્રવૃત્તિમાં જ જીવે છે, રમે છે, ને સમય પસાર કરે છે. આપણી આસપાસની દુનિયાનું નિરીક્ષણ કરતાં આ વસ્તુ સહેજે દેખાઈ આવે છે. શબ્દ, રૂપ, રસ, ગંધ ને સ્પર્શમાં એમને આનંદ આવે છે. ધર્મ, સાધના ને ઈશ્વરમય જીવન તરફ એમનું ધ્યાન અત્યંત ઓછું છે. એને પરિણામે મન અનેક ઈચ્છા ને વાસનાથી ભરેલું તથા અતૃપ્ત ને અશાંત રહ્યા કરે છે. તેને બદલે મન ને ઈન્દ્રિયો ધર્મ, સાધના ને પરમાત્મામાં રસ લે એવી પરિસ્થિતિ પેદા કરવાની જરૂર છે. આધ્યાત્મિક ઉન્નતિ ને તેને પોષક પ્રવૃત્તિમાં વધારે ભાગનો નહિ તો સારા પ્રમાણનો સમય પસાર થાય એવી રૂચિ કેળવવાની ને એવો કાર્યક્રમ બનાવવાની જરૂર છે. સત્સંગ, વાંચન ને ચિંતનને વધારવાની જરૂર છે. એવી આધ્યાત્મિક વિષયવાળી પ્રવૃત્તિથી શુભ સંસ્કારોના સંગ્રહભંડારમાં વધારો થશે ને મન સાત્વિક તથા પ્રસન્ન બનશે. એવા મનને જપ ને ધ્યાન જેવી સાધનામાં લાગતાં તેમજ એકાગ્ર થતાં વાર નહિ લાગે. મનની સ્થિરતા માટે જીવનને આધ્યાત્મિક પ્રવૃત્તિથી સભર કરવું જરૂરી છે. લાંબે વખતે તો મન ને ઈન્દ્રિયોને ટેવ જ એવી પડશે કે તે ઈશ્વરનું મનન કર્યા કરશે ને ઈશ્વરના દર્શન ને ઈશ્વરની સેવામાં જ આનંદ માનશે.

**[૩૬] પ્રકાશમય પ્રવૃત્તિથી પણ સ્થિરતા**

મનની સ્થિરતામાં મદદરૂપ એક બીજી વસ્તુનો પતંજલિ હવે ઉલ્લેખ કરે છે. તે કહે છે કે સાધના કરતાં કરતાં સાધકને શોકરહિત પ્રકાશમય પ્રવૃત્તિનો અનુભવ થઈ જાય તો તેથી પણ મનની સ્થિરતામાં મહત્વની મદદ મળી રહે છે. એ વિશોકા કે શોકરહિત પ્રકાશમય પ્રવૃત્તિ એટલે ? આપણે એને કુંડલિની જાગરણની પ્રક્રિયા સાથે જોડી શકીએ. યોગની સાધનામાં કુંડલિની ક્રિયા બહુ મહત્વની મનાય છે. સાધનાની વિવિધ ક્રિયા તથા ગુરુની કૃપા દ્વારા કુંડલિની શક્તિ જાગ્રત થાય છે. તેથી આળસ, અંધકાર ને જડતા તથા તમોગુણ દૂર થાય છે ને સત્વગુણ વિકસે છે. તેને પરિણામે પ્રકાશ, ક્રાંતિ, સ્ફૂર્તિ તથા ઉત્સાહ પેદા થાય છે. ધ્યાન ને જપ જેવી સાધનામાં આનંદ પણ તે પછી જ આવે છે ને મન બરાબર લાગી જાય છે. તે જ સાધના પતંજલિનાં શબ્દોમાં વિશોકા ને જ્યોતિષ્મતી પ્રવૃત્તિ છે. વિશોકા એટલે શોક, મોહ, રાગદ્વેષ ને ભય વિનાની એટલે કે આનંદમય ને પ્રસન્ન એવો વિશાળ અર્થ લઈ શકાય. 'જ્યોતિષ્મતી' નો અર્થ પણ એ જ રીતે પ્રકાશમય, સાત્વિક, ચેતનમય અથવા કુંડલિનીની જાગૃતિના ફળરૂપ તેજોમય અવસ્થા એવો કરી શકાય

કુંડલિનીની જાગૃતિને પરિણામે એવી પ્રસન્ન ને પ્રકાશમય દશાની પ્રાપ્તિ થતાં સાંસારિક પદાર્થોની તૃષ્ણા શમી જાય છે. રોમેરોમમાં ક્રાંતિ ને શાંતિ ફરી વળે છે. તે ઉપરાંત બીજી કેટલીક વિશેષ શક્તિ પણ જાગ્રત થાય છે. સુંદર કવિતા કરવાની ને બોલવાની કળા પ્રાપ્ત થાય છે તથા સિદ્ધપુરુષો ને દેવીદેવતાના દર્શનનો લાભ પણ મળી રહે છે. અંતરંગ અનુભવોની દુનિયાનું અત્યાર સુધી બંધ રહેલું બારણું એથી આપોઆપ ઊઘડી જાય છે, ને સાધનાનો આગળનો વિકાસ સહેલો થાય છે, સહેલાઈથી થઈ જાય છે.

કુંડલિનીની જાગૃતિ થતાં જુદા જુદા અનુભવો જરૂર થાય છે, પરંતુ સૌના અનુભવ એક જ જાતનાં હોય છે ને હોવાં જોઈએ એવું નથી માનવાનું. અંતરંગ અનુભવોમાં કેટલીક વાર ફેર પડે છે; પણ સાત્વિકતા, પ્રકાશ ને પ્રસન્નતાની અનુભૂતિ તો સૌને થતી હોય છે. બીજી ધ્યાન રાખવાની વાત એ પણ છે કે કુંડલિની જાગ્રત થઈ છે એવી ચોક્કસ ખબર યોગના સાધકો સિવાયના બીજા સાધકોને કેટલીક વાર નથી પણ હોતી. ભક્ત ને જ્ઞાની તેની જાગૃતિનો અનુભવ નથી પણ કરતાં. છતાં એમનાં આંતરિક આનંદ, એમની શાંતિ ને પ્રભુપરાયણતા પરથી કહી શકાય છે કે એમને તેની જાગૃતિનો લાભ મળ્યો હોવો જોઈએ. બીજા સાધકોએ પણ તેની જાગૃતિની વધારે ચિંતા કરવાને બદલે સદ્‌ગુણ તથા સાત્વિકતાની વૃદ્ધિની ચિંતા કરવી જોઈએ, ને સાધનામાં મન લાગે તથા ખૂબ ખૂબ આનંદ આવે તે માટે ધ્યાન રાખીને બનતો બધો જ પ્રયાસ કરવો જોઈએ.

**[૩૭] મનની શદ્ધિ**

માણસો કોઈ કોઈ વાર પૂછે છે કે મનની સ્થિરતા સહેલાઈથી કેમ નથી થતી ? તેમને આપણે કહીએ છીએ કે સ્થિરતા ના થવાનાં કારણ કેટલાંય છે. તેની સાથે સાથે મનને સ્થિર કરવાનાં ઉપાય પણ ઘણાં છે. એ ઉપાયમાંથી થોડાક જો અજમાવવામાં આવે તો મન સહેલાઈથી વશ થઈ જાય અથવા સ્થિર કે એકાગ્ર

બની જાય. મહર્ષિ પતંજલિ તે જ વિષયની વાતચીત કરી રહ્યા છે. હવેના સૂત્રમાં એ એક બીજું જરૂરી સૂચન કરે છે. એનો વિચાર આપણે કરી લઈએ.

એ માટે નિરંતર આત્મનિરીક્ષણ કરવાની જરૂર છે. બીજાનાં ગુણદોષ જોવાની ટેવ કેળવવાને બદલે પોતાની જાતને જોવી ને તપાસવાની ટેવ પાડવાની જરૂર છે. માણસો મોટે ભાગે બીજાના કાજી થઈને ફરે છે. એવી ટેવ સાધનાના માર્ગને માટે તંદુરસ્ત ના કહી શકાય. તેને બદલે પોતાના કાજી થતાં શીખવાનું છે. પળેપળે પોતાનું પરીક્ષણ કરવાનું છે ને પોતાની અંદર જે ત્રુટી દેખાય તેને દૂર કરવાની છે. એમ કરતાં કરતાં જીવન સાત્વિક કે સદ્‌ગુણી બની શકશે. મન પણ નિર્મળ થશે.

મન બરાબર નિર્મળ થયું એમ ક્યારે કહી શકાય ? એનો ઉત્તર મેળવવા માટે મનનો મેલ કોને કહેવાય તે શોધી કાઢવું જોઈએ. દુર્ગુણ, દુર્વિચાર, વાસના ને બુરી ભાવના મનનો મેલ છે. મનના સ્વરૂપને તે મલિન કરે છે. અહંતા ને મમતા પણ મેલરૂપ જ છે. તેમાંથી પેદા થતાં રાગદ્વેષ, હર્ષશોક, ભય ને ધિક્કાર તથા ભેદભાવ પણ મનને ગંદુ કરવામાં મોટો ભાગ ભજવે છે. એ સૌને દૂર કરવાથી મન નિર્મળ થતાં એને અપાર આનંદ, શાંતિ કે પ્રસન્નતાની પ્રાપ્તિ થાય છે. પરમાત્માનું દર્શન એનાથી દૂર નથી રહેતું. ખરી રીતે કહીએ તો તે મનની શુદ્ધિ જ એક મોટી ને મહત્વની સ્વતંત્ર કહી શકાય એવી સાધના છે. જપ ને ધ્યાન કે પ્રાણાયામ જેવી બીજી કોઈયે નાનીમોટી પદ્ધતિનો આધાર લીધા વિના પણ કેવળ એની મદદથી શાંતિ મળી શકે છે ને પોતાની અંદર તથા બહાર પ્રભુના પરમ પ્રકાશનો અનુભવ થઈ રહે છે. એનું જરૂરી મહત્વ જોઈતા પ્રમાણમાં ના સમજવાથી જ સાધકોનું મન વર્ષોનાં એકાંતસેવન ને વરસોની સાધના પછી પણ અશાંત રહે છે. એમનો આંતરિક અસંતોષ નથી મટતો તેનું કારણ પણ એ જ છે. મનની શુદ્ધિની સિદ્ધિ કરીને જેણે સ્વભાવની સાત્વિકતા સાધી લીધી તેણે તો પોતાની અંદર જ સ્વર્ગ, વૈકુંઠ ને મુક્તિધામની રચના કરી લીધી એ નક્કી સમજી લેવું. એવા કૃતકામ ને બડભાગી પુરુષના હૃદયમાં રોમેરોમમાંથી રસ, પ્રેમ, આનંદ ને શાંતિના ફુવારા ઊડતાં રહેવાનાં. એના જીવનની ધન્યતા કાંઈક જુદી જ રહેવાની.

**[૩૮] સ્વપ્ન ને નિદ્રાના જ્ઞાનનું અવલંબન**

ગયા સૂત્રની વિચારણા આપણે કરી પણ તે વિચારણા અધૂરી છે. એટલે આજે પણ એનો થોડોક વિચાર કરીશું એ સૂત્રમાં મનની શુદ્ધિની વાત તો કરેલી જ છે, પરંતુ એક બીજા મુદ્દા તરફ પણ આપણું ધ્યાન ખેંચવામાં આવ્યું છે. પતંજલિ કહે છે કે મનને નિર્મળ કરવાની જરૂર તો છે જ. તેના સિવાય તો સાધનામાં આગળ વધાય જ નહિ. પણ જેમનું મન નિર્મળ છે ને જેમના રાગ તથા દ્વેષ દૂર થઈ ગયાં છે તેવાં મહાપુરુષોનું શરણ લેવાથી, ધ્યાન ધરવાથી, સ્મરણ કરવાથી ને તેમનાં સમાગમનો લાભ લેવાથી પણ મનની શુદ્ધિ તથા સ્થિરતામાં મદદ મળે છે ને એ રીતે સાધનાના માર્ગમાં મોટી મદદ મળે છે. મહાપુરુષોનો સંગ ને સ્મરણનો પ્રભાવ એટલો બધો પાવન ને પ્રબળ છે કે એ વિશે વધારે કહી બતાવવાની જરૂર ભાગ્યે જ હોય. એને સૌ કોઈ સહેજે સમજી શકે છે. અર્જુને મહાભારતના યુદ્ધમાં ભગવાન શ્રીકૃષ્ણને સારથિ કરીને વિજય મેળવ્યો. તેવી રીતે જીવનના આ જટિલ જંગમાં ને મહાભારતથીયે વધારે મુસીબતભર્યા મુશ્કેલ મેદાનમાં જે મહાપુરુષનું શરણ લે છે ને મહાન પુરુષોને પોતાના જીવનના સારથિ બનાવી તેમના હાથમાં

પોતાની લગામ સોંપી દે છે, તે સદાને સારું સલામત બની જાય છે. તેનો પરાજય કદી નથી થતો તથા તેણે કોઈનાથી ડરવાનું પણ નથી રહેતું. તેની ચિંતા, મુસીબત, મૂંઝવણ, ભ્રાંતિ ને અજ્ઞાનનો સહેલાઈથી અંત આવે છે.

સ્વપ્નમાં કેટલીક વાર સાધકને ઈશ્વરના દર્શન થાય છે અથવા તો કોઈ દેવી, દેવતા કે સિદ્ધ પુરુષની ઝાંખીનો લાભ મળે છે. કોઈ વાર કોઈને દીક્ષા મળે છે, મંત્રની પ્રાપ્તિ થાય છે, ઉપદેશ મળે છે અથવા સાધનાની કોઈક પ્રક્રિયાની માહિતી પણ મળી રહે છે. કોઈ વાર પૂર્વજન્મનું કે ભૂતભાવિનું જ્ઞાન પણ થતું હોય છે. સાધકને એથી મોટી મદદ મળે છે. જાગ્યા પછી એવાં અનુભવોનું અનુસંધાન કરી એમાંથી ઉન્નતિનો જરૂરી મસાલો મેળવી લઈ, આગળ વધવાથી લાભ થાય છે. કોઈ વાર એવાં અનુભવો જીવનમાં ભારે ક્રાંતિ કરનારા સાબિત થાય છે. જીવનમાં એ શક્તિ ને ઉત્સાહ તથા આશા ને શ્રદ્ધાનો સંચાર કરે છે. સ્વપ્નની અવસ્થામાં થનારાં એવા અનુભવોથી મન સહેલાઈથી ને સત્વર સ્થિર થાય છે.

સ્વપ્ના જ્ઞાનને તો એ રીતે સમજી શકાય છે, પણ નિદ્રાના જ્ઞાનને કેવી રીતે સમજવું ? એ જ્ઞાનનું અવલંબન કેવી રીતે લઈ શકાય ને એવા અવલંબનથી આગળ પણ કેવી રીતે વધી શકાય ? વાત ખરેખર વિચારવા ને સમજવા જેવી છે. નિદ્રા દરમ્યાન કોઈ સ્વપ્ન નથી દેખાતું. પણ એનો અર્થ એવો નથી કે કશું અનુભવાતું જ નથી. એ વખતે સુષુપ્ત દશા ચાલતી હોય છે ને ચિત્તની વૃત્તિઓનો અભાવ થઈ જાય છે. એને લીધે સંકલ્પ-વિકલ્પ વિનાની શાંત અવસ્થાનો અનુભવ થાય છે. જાગ્યા પછી એ અનુભવને યાદ કરવાની ને તેના પરથી નિરોધ અથવા તો સમાધિની અવસ્થાની કલ્પના કરવાની ટેવ પાડવાની જરૂર છે. સુષુપ્તિની એ શાંત દશા પરથી સમાધિનો ખ્યાલ સહેજે આવી શકે છે. સમાધિની દશા જો કે એથી અગત્યની છે, તો પણ એના પરથી વત્તેઓછે અંશે સમજી શકાય છે. એના પરથી વિચાર થાય છે કે સુષુપ્તિની અવસ્થા આટલી બધી આનંદદાયક શાંતિદાયક છે, તો પછી સમાધિની શાંતિ ને સમાધિનો આનંદ તો અસીમ હશે. એ વખતની નિશ્ચલતા કેવી અનેરી હશે ! એ અવસ્થાનો અનુભવ કરવાનું તથા એથી પણ પર થઈને પરમાત્માનો સાક્ષાત્કાર કરવા મન થાય છે. ગીતાના છઠ્ઠા અધ્યાયમાં કહી બતાવેલા સંકલ્પ-વિકલ્પ વિનાના ધ્યાનને કરવાનો પછી પ્રયાસ પણ થાય છે. સુષુપ્તિના સાધારણ અનુભવ પરથી તેને લક્ષ્ય બનાવાય છે. અભાવની એ અવસ્થાને યાદ કરીને પરમાત્માના દર્શનવાળી ભાવાત્મક અવસ્થાનો અનુભવ કરવાથી સાધનામાં ઉત્સાહ તથા ખંતપૂર્વક આગળ વધાય છે. છેવટે એ સાધના સંપૂર્ણ થાય છે ને સમાધિ સહજ બને છે. સ્વપ્ન ને નિદ્રાનું જ્ઞાન અથવા એ જ્ઞાનનું અવલંબન એ રીતે મનની સ્થિરતામાં મદદરૂપ થાય છે.

**[૩૯] ઈચ્છાનુસાર ધ્યાનથી પણ સ્થિરતા**

મનને સ્થિર ને છેવટે પરમ શાંતિથી સંપન્ન કરવા માટે અથવા તો જીવનને સાધનામય કરવા ને આગળ વધારવા માટે જ આ બધી માહિતી છે. મહર્ષિ પતંજલિ અપાર પ્રેમથી પ્રેરાઈને તે પૂરી પાડે છે. પતંજલિએ પણ એટલા માટે જ પોતાના જ્ઞાન અથવા અનુભવનો વારસો યોગદર્શનના રૂપમાં રજૂ કર્યો છે. જેને શ્રેય સાધવું હોય અથવા તો આત્મોન્નતિને માર્ગે આગળ વધવું હોય તે એને સમજે ને બનતા પ્રયત્ને જીવનમાં ઉતારે.

મનની સ્થિરતા માટે પતંજલિએ છેલ્લે છેલ્લે વિતરાગ થવાની વાત કરી. મનને રાગ ને દ્વેષ બંનેથી મુક્ત કરવાનું કહ્યું. પણ એ કામ કઠિન છે ને ધાર્યા જેટલું સહેલું નથી. વેર કે દ્વેષ તો ખરાબ છે જ. પણ ઉપરથી ઉત્તમ ને આકર્ષક દેખાતો રાગ પણ કાંઈ ઓછો ખરાબ નથી. બંને બંધનકારક ને દુઃખદાયક થઈ પડે છે. એક લોઢાની બેડી છે તો બીજી સોનાની. એ બંનેમાંથી છૂટવાની જરૂર છે. દ્વેષ તો તેનાં સઘળાં સ્વરૂપોમાં ખરાબ છે પણ રાગ ઈશ્વરમાં ને ઈશ્વરપરાયણ પુરુષોમાં હોય તો કલ્યાણકારક થઈ પડે છે. સંસારની કોઈ સામાન્ય દેખાતી વસ્તુ કે વ્યક્તિમાં પણ જો ઈશ્વરત્વનું દર્શન થાય તથા ઈશ્વરબુદ્ધિથી રાગ કરી શકાય તો તે કલ્યાણકારક જ થઈ શકે છે. રાગનું એવું સ્વરૂપ મંગલ મનાય છે. બાકીનાં બીજા રૂપોમાંથી મુક્તિ મેળવવી જોઈએ. સામાન્ય માણસના અંતરમાં રાગ ને દ્વેષનાં કેટલાં બધાં ગાઢ આવરણ ફેલાયાં હોય છે ! રાગદ્વેષનાં ચિત્રવિચિત્ર ને અનેક નાનાં મોટાં પડદા એમાં પથરાયાં હોય છે. દંભ ને અહંકાર તથા અનીતિનાં આવરણ પણ કાંઈ ઓછાં નથી હોતાં. છતાં જો ખંતપૂર્વક નિશ્ચયબળ કેળવીને પુરુષાર્થ કરવામાં આવે તો એનો અંત આવતાં વાર ન લાગે. સંકલ્પ, શ્રદ્ધા ને સાધના તથા ઈશ્વરની કૃપાથી બધું જ થઈ શકે છે.

મનની સુધારણા જેમ મનની સ્થિરતામાં સહાયક થઈ પડે છે તેમ ધ્યાન પણ સહાયક થઈ શકે છે. પતંજલિ કહે છે કે સાધકે ધ્યાનની ટેવ પણ પાડવી જોઈએ ને ધ્યાનનો રસ કેળવવો જોઈએ. જેને ધ્યાન ગમે છે ને ધ્યાનમાં આનંદ આવે છે તેણે એકાગ્રતાની ચિંતા કરવાની જરૂર નથી. તેનું મન તો સહેલાઈથી ને આપોઆપ એકાગ્ર થઈ જાય છે. એકાગ્ર થવામાં કોઈ વાર વિલંબ થાય, પણ એકાગ્રતાનો સંદેહ નથી રહેતો.

ધ્યાનનાં ઘણાં પ્રકાર છે પણ મુખ્યત્વે તેને સગુણ ને નિર્ગુણ એમ બે વિભાગમાં વહેંચી નાંખવામાં આવ્યું છે. સગુણ ધ્યાન અનેક જાતનું હોઈ શકે છે. કોઈ સદ્‌ગુરુ કે સંતનું ધ્યાન પણ કરી શકાય છે. કેટલાક સાધકો કોઈ દેવી, દેવતા કે પ્રકાશનું ધ્યાન પણ કરે છે. રામ, કૃષ્ણ, શંકર, બુદ્ધ, ઈશુ, નાનક કે જરથુસ્તનું ધ્યાન પણ કરી શકાય છે. ઓમકાર અથવા તો જ્યોતિનું ધ્યાન કરનારા સાધકો પણ મળે છે. નિર્ગુણ ધ્યાનમાં ગીતાના છઠ્ઠા અધ્યાય પ્રમાણે મનને નિર્વિકાર, નિઃસંકલ્પ કે નિર્વિષય કરવાનું હોય છે. નાસાગ્રે, હૃદયે અથવા શરીરના કોઈ પણ પ્રદેશે ધ્યાન કરી શકાય છે. કોઈ પણ વસ્તુ કે વ્યક્તિ વિરાટ પરમાત્માનું પ્રતીક છે એમ માનીને તેનું ધ્યાન કરવાથી પરમાત્મા સુધી પહોંચી શકાય છે. એટલે નક્કી વિચાર કરીને કોઈ પણ રીતે ધ્યાન કરી શકાય. પોતાની રૂચિ ને પસંદગી પ્રમાણે કોઈ એક પ્રકારની પદ્ધતિનો આધાર લઈ શકાય. પરંતુ જે પણ પદ્ધતિને પસંદ કરવામાં કે પકડવામાં આવે એને કાયમને માટે વળગી રહેવાની જરૂર છે. પદ્ધતિ ના ફાવે તો જરૂર બદલી શકાય છે. પણ ફાવ્યા પછી તેને વળગી રહેવાની જરૂર છે. કેટલાક ચંચળ મનનાં માણસો જીવનપર્યંત સાધનાની પદ્ધતિઓને કોઈ પણ ખાસ કારણ વિના, કેવળ નવાનાં આકર્ષણ ને મોહથી પ્રેરાઈને, બદલતાં જ રહે છે, તેમના પ્રયોગો અપૂર્ણ તથા નિષ્ફળ રીતે જીવનભર ચાલ્યાં જ કરે છે. તેમનો સમય ને શક્તિ વિકાસમાં મદદરૂપ થયા વિના વેડફાઈ જાય છે. સાધનાની સમજ ના પડે તો કોઈ અનુભવીની સલાહ લઈ શકાય છે. પણ પછી તે પ્રમાણે વર્તવું ને તેની સફળતા સારું બનતું બધું જ કરી છૂટવું પડે છે. તો જ કાંઈક મહત્વનું મળી શકે છે ને જીવન ધન્ય પણ ત્યારે જ બને છે.

સામાન્ય રીતે એવું બને છે કે પોતાની પ્રિય પદ્ધતિની જ માણસ ભલામણ કરે છે. પરંતુ પતંજલિના સંબંધમાં એવું નથી. પોતાને ફાવી ગયેલી પદ્ધતિનો લેશ પણ આગ્રહ તે નથી રાખતા. તે તો કહે છે કે પોતાને ઠીક લાગે તે પ્રમાણે, પોતાની વિશેષ રૂચિ, પદ્ધતિ ને પસંદગી પ્રમાણે ધ્યાન કરવું, ને તેવા ધ્યાનથી પણ મન સ્થિર, એકાગ્ર કે વશ થઈ શકે છે. પતંજલિની આ વાત કેટલી ઉત્તમ ને સુંદર છે ! તેમની વિચારધારાને રજૂ કરનારું આ સૂત્ર તેમની વિશાળતા, ઉદારતા ને ઉત્તમ વિવેકશક્તિનો એક મહાન દસ્તાવેજી પુરાવો છે. સંકુચિતતા, કૂપમંડુકતા કે કટ્ટરતાનો તેમાં છાંટો સરખો નથી. લોકોની રૂચિ ભિન્ન છે ને આવકારદાયક છે એ વાતનો એમાં સ્વીકાર છે. એવો સ્વીકાર થાય ને એવી વિશાળ સમજ કેળવાય તો ધાર્મિક ઝઘડા મટી જાય ને કટ્ટરતા દૂર થાય.

**[૪૦] સ્થિરતાનું પરિણામ**

મનને સ્થિર, એકાગ્ર અથવા વશ કરવાની વાત આપણે કરી ગયા. તે માટે જુદાં જુદાં સાધનની વિચારણા પણ કરી ગયા. હવે એક બીજી આગળની વાતનો વિચાર કરી લઈએ. મનને સ્થિર કરવાની સાધના સંપૂર્ણ થઈ જાય છે એટલે સાધક તેને વશ કરવાની કળામાં કુશળ બની જાય છે. સાધક પોતાના મન પર પૂરો અધિકાર કરી લે છે. પછી એક નાના પરમાણુથી માંડીને પરમ મહત્વ સુધીનાં બધાં જ પદાર્થો તેને વશ થઈ જાય છે. એટલે કે સૂક્ષ્માતિસૂક્ષ્મ પદાર્થોથી માંડીને મોટામાં મોટા વિરાટ પદાર્થો સુધી તે મનને સ્થિર કરી શકે છે. ધ્યાનના લાંબા અભ્યાસથી સાધકને એવી શક્તિ મળી જાય છે કે તે બ્રહ્માંડની કોઈ પણ નાની કે મોટી વસ્તુમાં મનને લગાડે કે તે વસ્તુનું ધ્યાન કરે તો તેનું મન તરત લાગી જાય છે ને અત્યંત સહેલાઈથી એકાગ્ર થાય છે. મનનો એ વિજય કાંઈ નાનોસૂનો નથી. મનની એ એક અસાધારણ શક્તિ છે ને એ શક્તિથી સંસારની કોઈ પણ વસ્તુ કે વ્યક્તિ પર અધિકાર થઈ જાય છે.

સાધારણ સાધકો એવી શક્તિથી રહિત હોય છે. તેમનું મન તો ઘણી મહેનત કરવા છતાં પણ સ્થિર થઈને ધ્યાનમાં નથી લાગી શકતું, બીજા ઉત્તમ શ્રેણીના સાધકને અમુક જ પ્રકારનું પોતાની પ્રકૃતિ પ્રમાણેનું રૂઢ ધ્યાન ફાવે છે. બીજી જાતના ધ્યાનમાં તેમને મુશ્કેલી પડે છે. પરંતુ આ તો લાંબા વખતની અંતરંગ સાધના અથવા મનની તાલીમ પછી અસાધારણ શક્તિથી સંપન્ન થયેલા સાધકોની વાત છે. તે તો ઈચ્છા પ્રમાણેના કોઈ પણ પદાર્થનું ધ્યાન કરે કે કોઈયે પદાર્થમાં મન લગાડે કે તેમનું મન લાગી જાય છે, ને પ્રાણીના પ્રબળ પ્રવાહની પેઠે તેમાં એકરૂપ બનીને અસ્ખલિત રીતે વહેવા માંડે છે. અમુક એક પ્રકારના ધ્યાનમાં પણ તે તરત જ લાગી જાય છે.

સ્વામી વિવેકાનંદ વિશે એમ જ કહેવાતું. ગમે તેવા શાંત અથવા અશાંત વાતાવરણમાં તે ધ્યાનમાં બેસતા તો પણ, તેમનું મન તરત જ શાંત, સ્થિર અથવા એકાગ્ર થઈ જતું. એવા પુરુષોનું સંકલ્પબળ એટલું બધું ભારે હોય છે કે વાત નહિ. તેમના મનની શુદ્ધિ, શક્તિ કે યોગ્યતા એટલી બધી ઉત્તમ હોય છે કે તે શરીરની અંદર ગમે ત્યાં ધ્યાન કરી શકે છે, ને શરીરની બહારનાયે ગમે તે દેવ-દેવી કે સિદ્ધપુરુષોમાં પણ સંયમ કરી તેમનોય સાક્ષાત્કાર સહેલાઈથી કરી શકે છે. કોઈ વિષયની માહિતી જલદી મેળવી શકે છે. એ મનોબળનો ઉપયોગ ઈશ્વરના દર્શન અથવા અનુભવ માટે પણ થઈ શકે તેમજ ઈશ્વરની દુનિયાના પદાર્થોની

માહિતી માટે પણ થઈ શકે. એક પ્રકારના ઉપયોગથી જીવન ઉજ્જવળ ને ધન્ય બને, ને બીજી જાતના ઉપયોગી તેવું બનશે જ તેની ખાત્રી કોઈ ના આપી શકે. એ શક્તિનો ઉપયોગ ઈશ્વરના દર્શન અને બીજાની સેવા માટે થાય તો જ સાધકને શાંતિ મળી શકે છે. નહિ તો એનો અહંકાર ને રાગદ્વેષ વધે છે, ને આડીઅવળી અનેક વાસના, લાલસા ને ભ્રમણામાં તે ભમ્યા કરે છે. જેથી જીવનનું મંગલ નથી થતું.

આ સૂત્રમાં આવેલો વશીકાર શબ્દ વૈરાગ્યના અર્થમાં પહેલાં વપરાયેલો છે. એ અર્થને અનુલક્ષીને આ સૂત્રનો બીજો અર્થ પણ કરી શકાય તેમજ આ ઉપર કહેલી વાતને એક બીજી રીતે પણ સમજી શકાય. એમ પણ કહી શકાય કે મન સ્થિર, એકાગ્ર કે વશ થવાથી નાના પરમાણુથી માંડીને વિરાટ વિશ્વના બધા જ પદાર્થોમાં સાધકને વૈરાગ્ય થાય છે. તેનું મન તે પદાર્થોમાંથી આસક્તિ રહિત થાય છે ને ઊઠી જાય છે. બધા જ પદાર્થો ને ભોગો તેને ફિક્કા લાગે છે. તેનું મન પછી કોઈની તૃષ્ણા નથી રાખતું કે કોઈનાથી મોહિત થઈને કશામાં કેદ નથી થતું. આ સંસારનાં ને સ્વર્ગાદિ બીજા ભોગો પણ તેને નીરસ લાગે છે. પ્રકૃતિનાં ગુણોમાં પણ તેને મોહ નથી થતો. 'વશીકાર' નામનો વૈરાગ્ય તેને સહેજે મળી જાય છે. આ વાત સહેજે સમજી શકાય તેમ છે, કેમ કે મન વશ થવાથી ને ધ્યાન જેવી સાધનાની મદદથી પરમાત્માની ઝાંખી થવાથી સર્વોત્તમ સુખ ને રસની પ્રાપ્તિ થાય છે. એ રસની આગળ સંસારના બીજા બધા જ નાનામોટા રસ સાધારણ ને ક્ષુલ્લક લાગે છે. મનનો સ્વભાવ જ એવો થઈ જાય છે કે તે કશામાં બંધાતું જ નથી.

તે ઉપરાંત એક ત્રીજો ભાવાર્થ પણ લઈ શકાય છે. સાધકનું મન વશ થતાં તે જેનું ધ્યાન કરે છે તે ઈષ્ટ અથવા આરાધ્ય દેવની સત્તા એ દેવના અધિકાર અથવા વ્યાપકતાનો અનુભવ તેને સમસ્ત બ્રહ્માંડમાં થઈ જાય છે. પરમાણુથી માંડીને વિરાટ સુધીનાં બધા જ પદાર્થોમાં તેને તે દેવ અથવા ઈશ્વરની અનુભૂતિ થયા કરે છે. તેની સત્તા બધે જ દેખાયા કરે છે. ગીતા કહે છે તેમ સૌ જીવોમાં તે આત્માનો અનુભવ કરે છે. તેની દૃષ્ટિ દૈવી બની જાય છે. અભેદભાવ તેને સારું છેક સહજ બને છે. ગોપી જેમ કહેતી કે 'જિત દેખું તિત શ્યામમયી હૈ' તેમ બધે એક ને અખંડ અલૌકિક તત્વનું દર્શન કરે છે. તેનું જીવન ધન્ય બને છે.

**[૪૧] સમાધિ**

સાધક જો વિવેકી ના હોય તો મૂળ માર્ગને કામચલાઉ વખતને માટે પણ ચૂકી જાય છે. એવો સંભવ કાચા સાધકને માટે જરૂર રહે છે. તેથી જ સાધનાના અભ્યાસના આરંભની અવસ્થાને ખૂબ ખૂબ સંભાળવી પડે છે. એ અવસ્થામાં કોઈક ગુરૂ અથવા અનુભવી પુરુષની પાસે રહેવાની ભલામણ એટલા માટે જ કરવામાં આવી છે. ગુરૂ અથવા તો અનુભવી મહાપુરુષ સાધકની બરાબર સંભાળ રાખે છે, બધી રીતે મદદરૂપ બને છે, ને એને અવળે માર્ગે જતાં અટકાવે છે. મનને સ્થિર કરવાની કળામાં કુશળ થયા પછી તો વિવેક ને સાવધાનીની વધારે જરૂર પડે છે અને પરમાત્મા સિવાયના સંસારનાં બીજા નાનાં મોટાં પદાર્થોમાં મગ્ન બનીને બેસી ના જાય ને છેવટે પરમાત્માથી વિમુખ પણ ના થાય તેનું બરાબર ધ્યાન રાખવું પડે છે. પરમાત્માનો પ્રબળ પ્રેમ પેદા થાય અથવા તો જીવન પરમાત્મામય થાય પછી કોઈ ભય નથી રહેતો. પછી તો આનંદ થઈ જાય છે, શાંતિ મળી જાય છે, ને પરમાત્માનો પ્રકાશ જડ ને ચેતનમાં ચારેકોર દેખાયા કરે છે. નદીના નીરમાં એ જ પ્રભુનો પ્રેમરસ વહી રહ્યો છે એવો અનુભવ થાય છે. સાગરનાં મનહર મોજામાં

માળા પર માળા બનીને એ જ ઈશ્વરી શક્તિ ઉછાળા મારે છે એવું દર્શન થાય છે. પંખીના સ્વરમાં એનું જ સુમધુર સંગીત સાંભળવા મળે છે, ને ઋતુના વિવિધ રંગોમાં એના જ રૂપરંગ દેખાયા કરે છે. જડ ને ચેતન એનું જ એવો અનુભવ આપોઆપ થયા કરે છે. જે એક દેવ કે દૈવી શક્તિવાળા પરમાત્મા સૌ પદાર્થોમાં ગૂઢ રૂપે રહેલા છે, સર્વવ્યાપક ને સૌના અંતરાત્મા છે તેનો અનુભવ થાય છે.

એ રીતે આદરભરી અંજલિ આપીને ઉપનિષદમાં ઋષિએ જેનું વર્ણન કર્યું છે, તે પરમાત્મા ગૂઢ નહિ પણ પ્રકટ ને અવ્યક્ત નહિ પણ વ્યક્ત બનીને બધે ને બધા જ સ્વરૂપે દેખાયા કરે છે. એમ કહો કે તેના વિના કાંઈ બીજું જોવા જેવું રહેતું જ નથી. એ અનુભવદશા જ્ઞાનની ઉત્તમોત્તમ દશા છે. તેની પ્રાપ્તિ થાય એટલે જીવન મંગલમય ને ધન્ય બને છે. તપ, વ્રત, તીર્થાટન, સાધન, યોગાભ્યાસ ને એકાંતવાસ એ જ અનુભૂતિને માટે કરવામાં આવે છે. સાધના અથવા તો હૃદયશુદ્ધિની ચરમ સીમાએ પહોંચ્યા પછી એવી અનુભૂતિ સહજ બને છે ને એને લીધે જીવન પણ આનંદમય બની રહે છે. કરોડો જ નહિ પણ અબજોમાં કોઈ એકાદ વિરલા વિશેષ શક્તિશાળી સાધકને અનુભૂતિની એવી અલૌકિક અવસ્થાની પ્રાપ્તિ થઈ શકે છે. બીજાને એ અવસ્થા નથી મળી શકતી એમ નહિ, પણ એને માટેની યોગ્યતા કોઈકમાં જ હોય છે, માટે એ કોઈક વિરલાને મળે છે એમ આપણે કહ્યું છે. એવી અનુભવની વિશેષ અવસ્થા મળી જાય તો પણ, કોઈ વાર કામચલાઉ વખત પૂરતી કે અમુક ક્ષણ, દિવસ કે ઘડી પૂરતી જ મળે છે. એવી અવસ્થા કાયમ માટે ટકી રહેવી મુશ્કેલ છે. જીવનને માટે એ કાયમી ને અચળ બની જાય તે જરૂરી છે. સાધક એમાં સ્વાભાવિક રીતે જ પ્રતિષ્ઠિત થઈ જાય ને એ એના શ્વાસોશ્વાસમાં ને રક્તના કણેકણમાં ફેલાઈને જીવનનું એક અખંડ ને અવિભાજ્ય અંગ બની જાય તે જરૂરી છે. એને માટે લેશ પણ થાક્યા, કંટાળ્યા કે ઉતાવળા થયા વિના મક્કમ રીતે ધીરજ, હિંમત તથા જાગૃતિપૂર્વક આગળ વધવાની જરૂર છે. એની પ્રાપ્તિ ના થાય ત્યાં સુધી સાધનાના રથને સતત રીતે આગળ ને આગળ લઈ જવાની જરૂર છે.

પૂર્વસંસ્કારના વિશેષ કારણને લીધે કોઈ વાર કોઈક વિલક્ષણ સાધકને બાલ્યાવસ્થાથી જ એવી અવસ્થાની અનુભૂતિ થયા કરે છે. આ શરીરમાં તેમની બાલ્યાવસ્થાનો પ્રવેશ ચાલતો હોય છે બાકી અભિનય તો તેમનો લાંબા વખતથી ચાલતો હોય છે. એના અનુસંધાનમાં જ એમને એવી ઉત્તમ પ્રકારની અનુભવદશા મળી હોય છે. બીજાની વાતની તો મને ખબર નથી, પણ મને બાળપણમાં જ એવો અનુભવ આપોઆપ થયા કરતો, ને બધું ઈશ્વરમય છે એવું લાગ્યા કરતું. પરમાત્માના વિશ્વરૂપનું દર્શન મારે માટે એ રીતે સહજ બની ગયું. પરમાત્માની એ વિશેષ કૃપા જ હતી. તે વિના એવું ના બની શક્યું હોત.

સાધના એ માટે જ છે ને સફળ પણ ત્યારે જ બને છે. મનને નિર્મળ કરવાનું, વશ કરવાનું તથા ધ્યાન ને સમાધિમાં સ્થિર કરવાનું કામ પણ એટલા માટે જ છે. મનને વશ, સ્થિર અથવા એકાગ્ર કરવાના ઉપાયનો ઉલ્લેખ આપણે કરી લીધો. એવી સિદ્ધિની પ્રાપ્તિ થતાં મન સૂક્ષ્માતિસૂક્ષ્મ પદાર્થોથી માંડીને મોટામાં મોટા વિરાટ પદાર્થો સુધી ગમે ત્યાં સ્થિર થઈ શકે છે. એ વાત પણ કરી લીધી. હવે મહાયોગી ને જ્ઞાની પતંજલિ સમાધિનો એક વાર ફરી ઉલ્લેખ કરે છે. મનને ઈચ્છા પ્રમાણે વશ કે સ્થિર કરવાની શક્તિ મળ્યા પછી એવો અજ્ઞાની અથવા અવિવેકી સાધક કોણ હશે જે એ શક્તિનો ઉપયોગ પોતાની જાતના રહસ્યને શોધી કાઢવાને માટે કરવાને બદલે સંસારના બીજા વિષયો ને પદાર્થોની પાછળ પડવામાં, કરવા

તૈયાર થાય ? એ શક્તિની મદદથી પરમાત્માની પ્રાપ્તિ અથવા અનુભૂતિ કરવાને બદલે દુનિયાના બીજા વિષયોની માહિતી મેળવવા કોણ તૈયાર થાય ને મહેનત કરે ? કલ્પવૃક્ષનો ત્યાગ કરીને સાધારણ વૃક્ષનું પોતાની દીનતા દૂર કરવા માટે કયો બુદ્ધિશાળી પુરુષ સેવન કરશે ?

એટલે વિવેકી સાધક તો મનને સ્થિર કરવાની શક્તિનો ઉપયોગ કરીને પોતાના દિલમાં જ ડૂબકી મારશે તથા સ્વરૂપને જાણવાનો ઉત્તરોત્તર વધારે ને વધારે પ્રયાસ કરશે. એવા પ્રયાસથી તેના મનની શી દશા થશે ? સાધનાને લીધે તેનું મન સ્ફટિક મણિ જેવું નિર્મળ બની જશે. તેવું મન ધ્યાનની સાધનામાં ક્રમે ક્રમે એકરસ ને લીન બનીને ડૂબી જશે. સાધક જેનું ધ્યાન કરતો હશે તે ધ્યેય પદાર્થમાં જ તે બીજું બધું જ વિસરી જઈને વહેવા માંડશે. તે સિવાયની બીજી બધી જ વૃત્તિ શાંત થઈ જશે. જે વિષયમાં સાધક તેને લગાડશે તેમાં તન્મય બની તે વહેવા માંડશે. એ રીતે ચિત્તની વૃત્તિ ધ્યાનની મદદથી મંદ પડીને ક્ષીણ જેવી થઈ જાય છે. ત્યારે સ્ફટિકમણી જેમ પાસેના પદાર્થનો રંગ ધારણ કરે તેમ ચિત્ત ધ્યેય વસ્તુમાં એકાકાર બની જાય છે. એ વસ્તુનો અનુભવ કરીને એ દશામાં એ વસ્તુના સ્વાદ તથા જ્ઞાનને તે મેળવે છે. સમાધિની એ અવસ્થાને 'સંપ્રજ્ઞાત સમાધિ' કહેવામાં આવે છે. એનો વિચાર પહેલાં આપણે વિસ્તારથી કરેલો છે એટલે અહીં એના વિસ્તારમાં નહી પડીએ. અહીં તો એટલું જ કહીશું કે સમાધિના અનુભવથી સાધકનું તન, મન ને અંતર પુલકિત થાય છે ને પ્રસન્નતાનો અનુભવ કરે છે. કોઈ મોટી ને મહામોંઘી મિલકત મળી ગઈ હોય એવો એને આનંદ થાય છે.

**[૪૨] સવિર્તક સમાધિ**

'સંપ્રજ્ઞાત સમાધિ'નો આનંદ પણ અજબ છે. સમાધિની સ્થિતિ જ એવી અનેરી છે કે એથી માનવને પરમ સુખ ને શાંતિની પ્રાપ્તિ થાય છે સમાધિ સંપ્રજ્ઞાત કે અસંપ્રજ્ઞાત ને સાધારણ હોય કે અસાધારણ પણ તે સમાધિ છે, ને ગમે તેવી હોય તો પણ સાધકને પરમ રસનો આસ્વાદ આપે છે એની ના નહિ. સમાધિની દશા જ અત્યંત દુર્લભ છે. તેને માટે દિવસો, મહિના ને વરસો સુધી એકધારી મહેનત કરવી પડે છે. સાધનાના કડકમાં કડક નિયમો પાળવા પડે છે. ત્યારે કોઈક બડભાગી સાધકને તેની પ્રાપ્તિ થાય છે. એ દશા એક તો છે જ કષ્ટસાધ્ય કે દુર્લભ ને તેમાં વળી યોગદર્શનમાં એના પ્રકાર પાડી બતાવ્યાં છે. એટલે સાધકના મનમાં શું નું શું થઈ જાય તેમ છે ! તેને એવો વિચાર થવાનો સંભવ છે કે એક તો મહામહેનતે સમાધિની આ દશાની પ્રાપ્તિ થઈ ને પાછી તેના ભેદને સમજવાની ચિંતા તો હજી ઊભી જ છે ! પણ એમ કાંઈ નિરાશ થવાથી કોઈ હેતુ સરશે કે ? સમાધિના માર્ગમાં આગળ વધીને કૃતાર્થ થવું હોય તો સમાધિના પ્રકારને પણ સમજવા જ પડશે. એવી ચોક્કસ સમજથી અધવચ્ચે અટકી નહિ પડાય કે ભળતાં માર્ગે પણ નહિ ચઢી જવાય. વિવેક વિનાના સાધકોનો વિકાસ કેટલીક વાર અધૂરો રહી જાય છે. પોતાની શક્તિ ને પોતાને સાંપડેલા સમયનો સદુપયોગ કરીને તે અંતિમ આદર્શ સુધી આગેકૂચ નથી કરી શકતો.

સંપ્રજ્ઞાત સમાધિમાં ચિત્તની વૃત્તિ ક્ષીણ થાય છે પણ પૂર્ણપણે નથી મરતી. સૂક્ષ્મ મનની લગીર જેટલી વૃત્તિ પણ તે દરમ્યાન જાગતી હોય છે. તેથી તે દશામાં અનુભવાતી વસ્તુના નામ, રૂપ, ગુણ કે જ્ઞાન-વિજ્ઞાનને તે જાણે છે. દર્શન અથવા અનુભવ દ્વારા થતાં આનંદ ને મળતી શાંતિના જ્ઞાનને પણ સમજે છે.

એવું જ્ઞાન ન થતું હોત ને એ જ્ઞાનને જાણનારી વૃત્તિ પણ તે વખતે ના રહેતી હોત તો સમાધિમાંથી જાગ્યા પછી સાધક એમ ના કહી શકત કે મને સમાધિમાં અત્યંત આનંદ થયો કે સુખ મળ્યું અથવા તો અસીમ શાંતિનો અનુભવ થયો. એમ પણ ક્યાંથી કહી શકત કે મને શ્રીરામનું, કૃષ્ણનું, ક્રાઈસ્ટનું, બુદ્ધનું કે બીજી કોઈ વ્યક્તિ કે વસ્તુનું દર્શન થયું ? તેના સ્વરૂપનું વર્ણન પણ કેવી રીતે કરી શકત ? સમાધિના આરંભના અનુભવમાં મુખ્યત્વે ત્રણ વસ્તુ હાજર હોય છે. એક તો મનની સૂક્ષ્માતિસૂક્ષ્મ થયેલી વૃત્તિ અથવા સૂક્ષ્મ મન, દૃશ્ય, વ્યક્તિ કે વસ્તુ ને એ બંનેના સંયોગથી થનારી પ્રતિક્રિયા. તેના પરિણામે થનારો આનંદ અથવા તો બીજા કોઈ જાતનો ભાવ. એ ભાવ કેટલીક વાર અત્યંત અલ્પ અથવા અવ્યક્ત હોય તો પણ દર્શન, અથવા અનુભવની ક્રિયા તો ચાલતી જ હોય છે. નામ ને રૂપ અથવા શબ્દ ને અર્થ પરસ્પર સંકળાયેલાં છે. પાર્વતી ને પરમેશ્વરની એકતાને મહાકવિ કાલીદાસે વાણી ને અર્થની અભિન્નતા સાથે સરખાવી છે તે બરાબર છે. રઘુવંશની શરૂઆતના જ શ્લોકમાં તે ‘વાગર્થા વિવસંપૃક્ત’ કહીને એ વાતને બોલી બતાવે છે. વ્યવહારમાં એ વાત ડગલે ને પગલે અનુભવી શકાય છે. દૂધ શબ્દ સાંભળતાં કે બોલતાં આંખ આગળ તરત દૂધની ધારા આવી જાય છે ને મન તેના રસાસ્વાદનો અનુભવ કરે છે. કોઈ માતાપિતા બાળકને મારીશ કહે છે કે તરત બાળક મારની કલ્પના કરીને માર શું છે તે સમજી જાય છે ને કંપવા તથા રડવા પણ માંડે છે. કેટલીક વાર તો તે ચીસ પણ પાડી ઊઠે છે. સમાધિમાં પણ દેખાતાં પદાર્થનાં નામ ને રૂપનું ભાન રહે ને એના અનુભવનું જ્ઞાન થાય ત્યારે તે સમાધિ સવિતર્ક, સંપ્રજ્ઞાત કે સવિકલ્પ સમાધિ કહેવાય છે. કોઈ ઘટનાની માહિતી પણ તેમાં મળી રહે છે. તે ઘટના વર્તમાન, ભૂત કે ભાવિની પણ હોઈ શકે.

એ સમાધિ દરમ્યાન જીવંત રહેનારી ચિત્તની સૂક્ષ્માતિસૂક્ષ્મ વૃત્તિની કલ્પના કરી શકો છો ? અલબત્ત, એ કલ્પનાનો નહિ પણ અનુભવનો વિષય છે, છતાં થોડો ઘણો સમજી શકાય તેમ છે. કોઈ મરણપથારી પર પડેલા માણસની કલ્પના કરે. બીજાને લાગે છે કે તે મરણ પામ્યો છે. પણ તે નિર્જીવ જેવા દેખાવા છતાં હજી જીવે છે એમ વેદનું કહેવું છે. તેનો જીવ ચાલ્યા ગયા જેવો લાગવા છતાં હજી શરીરમાં જ છે. તેથી તે હજી જીવી પણ શકે છે, એથી આગળની અવસ્થા પણ છે.

છતાં કોઈએ આ સમાધિનું મહત્વ પણ ઓછું નથી માનવાનું. આપણે તો એનો સૂક્ષ્મ વિચાર કર્યો. પણ સમાધિ ગમે તેવી હોય તો પણ ઉપયોગી જ છે. શરીરથી પર થવાનો અનુભવ થોડા વખત પૂરતો ને થોડો આનંદ આપનારો હોય તો પણ આવકારદાયક છે. સાધકના જીવનમાં તે નવી ભાત પાડે છે, નવું જોમ લાવે છે, ને સીમાચિહ્ન સમો બની રહે છે એમાં શંકા નથી.

### [૪૩] નિર્વિતર્ક સમાધિ

સવિર્તક કે સવિકલ્પ સમાધિનો વિચાર કરતી વેળા આપણે કહ્યું કે માણસ મરણપથારીએ પડ્યો હોય પરંતુ તદ્દન મરણ પામ્યો ના હોય તેવી તે દશા છે. નિર્વિતક કે નિર્વિકલ્પ સમાધિમાં એથી આગળનો અનુભવ થાય છે અથવા આગળની અવસ્થાની પ્રાપ્તિ થાય છે. હવે મરણની પાસે પહોંચેલો માણસ સંપૂર્ણપણે મરણને શરણ થાય છે એમ સમજી લેવાનું છે. જીવનમાં બધાં જ લક્ષણો તેના શરીરમાંથી ચાલ્યા જાય છે એટલે એને ચોકામાં લઈએ છીએ. જો કે મરણની દશામાં આભ જમીનનો ફેર છે ને તે બંનેની

સરખામણી ના થઈ શકે. ને આપણે તેમની સરખામણી કરતા પણ નથી. આપણે તો સમાધિ સમજવામાં મદદ મળે તે માટે મરણની વાત કહી રહ્યા છીએ. બાકી સમાધિમાં મરણની જેમ જીવન શાંત નથી થઈ જતું. તે દરમ્યાન શરીર નિષ્ક્રિય જેવું જરૂરી બની જાય છે, પરંતુ તેમાં જીવ ને જીવનશક્તિ તો રહે છે જ.

નિર્વિકલ્પ સમાધિનું એ સ્વરૂપ કેવું હોય છે ? એનું વર્ણન શબ્દોમાં સાંગોપાંગ નહિ કરાય. એ માટેનો પ્રયાસ અધૂરો જ રહેશે. કેમ કે એ અનુભવનો વિષય છે ને અનુભવ કરવાથી જ બરાબર સમજી શકાય તેમ છે. છતાં પણ તેનો થોડોઘણો ખ્યાલ તો અવશ્ય આપી શકાય. એ સમાધિમાં મન પોતાની બધી જ વૃત્તિની સાથે છેક શાંત થઈ જાય છે. એ વખતે મન કોઈ સ્થૂલ કે સૂક્ષ્મ ધ્યેય-પદાર્થને પણ જોતું નથી. પહેલાંની સવિતર્ક, સંપ્રજ્ઞાત કે સવિકલ્પ નામે સમાધિમાં તો સાધક જે સ્થૂલ પદાર્થનું ધ્યાન કરતો તે પદાર્થનું દર્શન થતું અથવા તેની સ્મૃતિ રહેતી. પણ હવે તો તેવી સ્મૃતિ ચાલી જાય છે. મનની વૃત્તિ એટલી બધી એકાગ્ર ને શાંત થઈ જાય છે કે કોઈ પણ દૃશ્ય પદાર્થનાં નામ, રૂપ, શબ્દ ને અર્થનું જ્ઞાન પણ શાંત થાય છે. મન કેવળ સમાધિમાં તન્મય બનીને ટકી રહે છે. એને કોઈ વિશેષ સુખ, શાંતિ કે આનંદનો અનુભવ પણ નથી થતો. બધી જાતનાં વિકલ્પોનો એ વખતે અભાવ થઈ જાય છે. તેથી તેને નિર્વિકલ્પ સમાધિ પણ કહેવામાં આવે છે. સમાધિની એ અવસ્થામાં કોઈયે પ્રકારનો એવો અનુભવ થઈ શકે છે વળી એવી સમાધિમાંથી જાગ્રત થયા પછી પણ, સાધકને શાંતિ તથા સુખ ને પ્રસન્નતાનો અનુભવ થઈ શકે છે. એટલે એવી સમાધિ તદ્દન અભાવાત્મક અથવા જડ ને નકામી છે એમ માનીને તેને છેક સાધારણ સમજી લેવાની જરૂર નથી. સમાધિ ગમે તે પ્રકારની હોય તો પણ એક અસાધારણ અવસ્થા છે એ વાત આપણે આગળ પર કહેલી જ છે તેને સદા યાદ રાખવાની છે.

એક બીજી વાત. આપણે ત્યાં વધારે ભાગે નિર્વિકલ્પ સમાધિને સૌથી શ્રેષ્ઠ માનવામાં આવે છે. તેવી સમાધિ થવાથી જીવન ધન્ય થઈ જાય છે એમ પણ કહેવાય છે, પરંતુ પતંજલિએ તો તેને વચગાળાની સમાધિ કહી છે, ને આગળનાં સૂત્રોમાં એ વાતનું સ્પષ્ટીકરણ કરીને એથીયે આગળ વધવાની સૂચના કરી છે તો તેના પરથી એમ નથી લાગતું કે નિર્વિકલ્પ સમાધિને સર્વશ્રેષ્ઠ માનવાની વાત સુધારવી જોઈએ ? એ સંબંધી થોડું સ્પષ્ટીકરણ કરવાની જરૂર છે. પતંજલિએ યોગદર્શનમાં જે નિર્વિકલ્પ સમાધિ કહી છે, તે પ્રકૃતિના સ્થૂલ પદાર્થોને ધ્યેય બનાવીને કરાતી સવિતર્ક કે સવિકલ્પ સમાધિની આગળની સમાધિ છે. તેમાં મનનો લય થાય છે ને મન શાંત પણ થઈ જાય છે, પરંતુ સ્વરૂપનો અનુભવ નથી થતો. એવા અનુભવની ઈચ્છા પણ સાધકને ખાસ નથી હોતી. એટલે પતંજલિએ એથી આગળ વધવાની સૂચના કરી છે. પરંતુ વધારે ભાગે આપણે ત્યાં સમાધિના બે જ પ્રકાર રૂઢ થયાં, સમજાયાં ને અનુભવાયાં છે. એક તો પરમાત્મા અથવા તો સ્વરૂપને ઓળખાવનારી સમાધિ ને બીજી તેવા જ્ઞાન કે અનુભવ સિવાયની સમાધિ. એટલે નિર્વિકલ્પ સમાધિનો ઉલ્લેખ વધારે ભાગે સ્વરૂપાનુસંધાન કરાવીને સ્વરૂપનો અથવા તો આત્માનો સાક્ષાત્કાર કરાવી જીવનને શાંત, પૂર્ણ ને કૃતાર્થ કરી દેનારી સમાધિ તરીકે જ કરવામાં આવે છે. માટે જ તેને સર્વોત્તમ માનવામાં આવે છે. તે માન્યતા સાચી છે એટલે તેમાં કોઈ સુધારો કરવાની જરૂર નથી. તેનું સ્વરૂપ ભુલાઈ ના જાય તેનું જ ધ્યાન રાખવાનું છે. પતંજલિ પણ એમ જ માને છે. એ વાત આગળ પણ સારી રીતે સમજાશે. પહેલા કે બીજા સૂત્રમાં તેમણે એ જ વાત કહી બતાવી છે. ફક્ત સમાધિને ઓળખાવનારા શબ્દો

જુદા પડે છે એટલું જ. તેને કોઈએ વધારે પડતું, સમજ વિનાનું મહત્વ આપીને ઘર્ષણ નથી જગાવવાનું ને સંભ્રમમાં પણ નથી પડવાનું. વસ્તુના ભાવને યાદ રાખવાનો છે. જુદાં જુદાં નામમાંથી ભાવ કે અર્થની એકવાક્યતાને પકડી પાડતાં શીખી લેવાનું છે. એટલે એ સંબંધી કોઈ શંકા નહિ થાય. થશે તો તેનું સુખદ સમાધાન થઈ જશે.

**[૪૪] સવિચાર ને નિર્વિચાર સમાધિ**

સવિતર્ક ને નિર્વિતક સમાધિની આગળ પર કરેલી વિચારણામાં સવિચાર ને નિર્વિચાર સમાધિની વિચારણા પણ આવી ગઈ અથવા સમાઈ ગઈ છે એમ પતંજલિનું કહેવું છે. સવિતર્ક સમાધિ કોઈ વિશેષ જિજ્ઞાસાથી પ્રેરાઈને કરવામાં આવે છે અથવા તો કોઈ ધ્યેય પદાર્થને લક્ષ્ય બનાવીએ એનો આધાર લેવાય છે પરંતુ સવિચાર સમાધિ પ્રકૃતિના સૂક્ષ્મ પદાર્થોમાં કરવામાં આવે છે અથવા તો વિશેષ વિચાર કે આત્મવિચારને પરિણામે થતી હોય છે. એવી સમાધિમાં ચિત્તની વૃત્તિનો તદ્દન અભાવ નથી હોતો. ચિત્તની સૂક્ષ્મ વૃત્તિ તેમાં જાગતી હોય છે. તે વૃત્તિ ધ્યેય પદાર્થોનો અનુભવ કરતી હોય છે. તેને લીધે તે પદાર્થનું જ્ઞાન પણ તેને થતું હોય છે, વળી વિચાર અથવા આત્મવિચારને પરિણામે એવી સમાધિ થાય તો પણ તેમાં તે વિચાર ને તેની પ્રતિક્રિયા ચાલુ રહે છે, માટે તે સવિચાર સમાધિ કહેવાય છે. નિર્વિચાર સમાધિ એથી એક ડગલું આગળ વધે છે. તેમાં સૂક્ષ્મ ધ્યેય-પદાર્થનું જ્ઞાન પણ શાંત થઈ જાય છે. વિચાર ને તેની પ્રતિક્રિયા પણ તેમાં તદ્દન બંધ પડી જાય છે ને એક જાતની શાંત અભાવ જેવી અવસ્થા કાયમ રહે છે. તેવી સમાધિમાં પહેલાં વિચાર હોય છે, પણ તે પછી તેની સ્મૃતિ કે જ્ઞાન કે વિચારનું અસ્તિત્વ નથી હોતું.

પતંજલિ તેને સૂક્ષ્માવિષયા સમાધિ પણ કહે છે. પ્રકૃતિના સૂક્ષ્મ પદાર્થોમાં કરાતી હોવાથી તેને સૂક્ષ્મવિષયા પણ કહે છે. સાધારણ માણસોને માટે જ નહિ પણ વિદ્વાનોને માટે પણ આ વિષય કઠિન છે. સમાધિને તો સૌ સહેલાઈથી સમજી શકે કેમ કે તેનું સ્વરૂપ જ સાવ સીધું, સરળ તથા સ્પષ્ટ છે. પરંતુ સમાધિના જુદા જુદા ભેદ સમજવાનું કામ ધાર્યા જેટલું સહેલું નથી. તે માટે કુશાગ્ર બુદ્ધિ કે ઊંડી વિચારશક્તિની જરૂર પડે છે, ને થોડીઘણી સાધના પણ તેમાં સહાયક બને છે. મેં આગળ પર કહ્યું છે તેમ, યોગદર્શનમાં કહી બતાવ્યા છે માટે સમાધિના એ બધા ભેદને સમજી લેવા જરૂરી લાગે તો જરૂર સમજી લેવા. બાકી યોગમાર્ગના મુસાફરે અથવા તો સમાધિના અનુભવની ઈચ્છાવાળા સાધકે તેમને જાણવા કે સમજવા જ જોઈએ એવું નથી. સમાધિના સ્વરૂપને તે સમજી લે એટલું પૂરતું છે. તેટલાથી તેને સમાધિની અનેરી અવસ્થાને ઓળખી લેવામાં મદદ મળશે. તેને તો શાંતિ સાથે કામ છે, અક્ષય સુખ સાથે ને અનંત આનંદ સાથે. વળી પરમાત્માના દર્શન અથવા અનુભવની એને ઈચ્છા છે. તેના વિના બીજી કોઈયે રીતે, ગમે તેવી ને ગમે તેટલી સમાધિ થશે તો પણ તેની તરસ નહિ ટળે ને તેને સંતોષ નહિ થાય. એટલે તેણે તો ધ્યાન, ધારણા ને સમાધિની સાધનામાં જ લાગી જવું. હૃદયશુદ્ધિ ને આત્મનિરીક્ષણની પાછળ જ મનને પરોવી દેવું ને પોતાની જાતને પળે પળે જાગ્રત રહીને પૂછવું કે સ્વરૂપનો સાક્ષાત્કાર થયો અથવા પરમ શાંતિની પ્રાપ્તિ થઈ ખરી ? જો તેનો જવાબ હા માં મળે તો તે ઠીક, નહિ તો વધારે ને વધારે વેગ, ધીરજ, હિંમત તેમજ ઉત્સાહથી આગેકૂચ કરતાં રહેવું ને અંતિમ અનુભવે આવીને જ અટકવું. તે પછી ને એથી

આગળ પણ કોઈ અનુભવ કરવા જેવો લાગે ને આત્મિક વિકાસની કોઇ બીજી ભૂમિકાની પ્રાપ્તિ કરવાની ઈચ્છા થાય તો તેને માટે પણ સાધના કરવી.

**[૪૫] સૂક્ષ્મ વિષયની સીમા**

યોગની સાધના એ રીતે પોતાની જાતના સુધારની સાધના છે. પોતાની જાતની શુદ્ધિ, સાત્વિકતા ને ઉન્નતિનો તેમાં સમાવેશ થાય છે. પોતાના દિલમાં ડોકિયું કરીને પોતાની બદી કે ત્રુટિ દૂર કરવાનો ને પોતાની કાયાપલટ કરવાનો તેમાં પ્રયાસ છે. એવા પ્રયાસને પરિણામે જીવનમાં જ્ઞાનની પવિત્ર જ્યોતિ જાગ્રત થાય છે, પ્રેમ ને શાંતિ પથરાઈ જાય છે, મુક્તિના મંગલ મંદિરનાં દ્વાર ખુલ્લા થાય છે. પરમાત્માના પરમ પ્રકાશનો અનુભવ થવાથી ભેદભાવ દૂર થાય છે ને જગતનાં જુદાં જુદાં રૂપોમાં એ પ્રકાશની ઝાંખી થાય છે. અથવા કહો કે એ બધાં રૂપોમાં એક પરમાત્મા જ પ્રકટ થાય છે ને રમી રહ્યા છે એવો અનુભવ થાય છે. જે લોકો રાત-દિવસ બીજાના સુધારની વાતો કરે છે તે બીજાની સાથે પોતાના સુધારની ઈચ્છા પણ કરે ને યોજના બનાવે તે જરૂરી છે. નહિ તો બીજા તો કદાચ સુધરી જશે પણ તેનો પોતાનો સુધાર બાકી રહી જશે.

એના પરથી કોઈ એમ ના માને કે યોગની સાધના બીજાની સેવા ને બીજાના સુધારમાં નથી માનતી. એવું બની શકે જ કેવી રીતે ! સાધના સૌની સેવા ને સૌના સુધારના માટે જ છે. સૌ જો એનો આધાર લે તો સૌનો સુધાર સહેલાઈથી થઈ શકે ને સમસ્ત સંસાર સ્વર્ગથી પણ વધારે સુંદર ને સુખદ બની રહે. વળી સાધના કરનાર તથા સાધના કરીને સિદ્ધિની પ્રાપ્તિ કરી ચૂકેલા પુરુષો પણ બીજાની સેવા કરી શકે છે. તેમની સેવા વધારે અસરકારક, નક્કર ને વિલક્ષણ હોય છે. સાધનાપરાયણ પુરુષો ને સિદ્ધ પુરુષોમાં પોતે જે જમાનામાં જીવતા હોય તે જમાનાને અનુલક્ષીને સેવાની ભાવના પેદા થાય તો તેમની સહજ ને અલિપ્ત સેવા પ્રવૃત્તિ ભારે આશીર્વાદરૂપ ને ચમત્કારિક બની શકે. તે તરફ સૌનું ધ્યાન ખેંચવાની જરૂર છે. એટલે સેવા સદાય સ્વાગત કરવા જેવી છે. આપણે તો એ જ કહીએ છીએ કે બીજાની સેવા ને બીજાના સુધારની ઈચ્છા કરનારે પોતાની પણ સેવા કરવાની ને પોતાની જાતને પણ સુધારવાની જરૂર છે. સાધનાનો હિસ્સો એમાં નાનોસૂનો નથી.

આપણે આગળ પર કહ્યું કે સુવિચાર કે નિર્વિચાર સમાધિને સૂક્ષ્મ વિષયવાળી સમાધિ પણ કહે છે. એ સમાધિ પ્રકૃતિના સૂક્ષ્મ વિષયમાં પણ કરવામાં આવે છે. તે પરથી પ્રશ્ન થાય છે કે 'સૂક્ષ્મ વિષય' એટલે શું ને તેની સીમા ક્યાં સુધી હશે ?' એનો ઉત્તર સંક્ષેપમાં આ રીતે આપી શકાય. પૃથ્વીનો સૂક્ષ્મ વિષય ગંધ, પાણીનો રસ, તેજનો રૂપ, વાયુનો સ્પર્શ ને આકાશનો શબ્દ છે. વળી તે સૌનો સૂક્ષ્મ વિષય, તથા મન સાથે ઈન્દ્રિયોનો સૂક્ષ્મ વિષય, અહંકારનો મહત્વનો સૂક્ષ્મ વિષય પ્રકૃતિ છે. પ્રકૃતિ મહત્તત્વનું કારણ છે. એની આગળ કોઈ સૂક્ષ્મ પદાર્થ નથી. સૂક્ષ્મ વિષયની સીમા એ પ્રમાણે પ્રકૃતિ સુધી છે. તેથી તે બધા પ્રકૃતિના વિષયોમાંથી કોઈને પણ પસંદ કરીને તેમાં અથવા તેને માટે ને તેની મારફત કરેલી સમાધિ સુવિચાર સમાધિ કહી શકાય. આકાશનો વિષય શબ્દ છે એટલે શબ્દ, મંત્ર કે વાક્ય ને વિચારનો આધાર લઈને કરેલી સમાધિ અથવા શબ્દ, મંત્ર વાક્ય કે વિચારનો અનુભવ આપનારી સમાધિ પણ સવિચાર સમાધિ કહી શકાય.

ઋષિઓ સમાધિમાં મંત્રદર્શન કરતાં, આકાશવાણી અથવા આદેશ પણ સાંભળતાં ને કોઈ નવા વિચાર કે જ્ઞાનના રહસ્યને પામતા. આજે પણ કોઈને સમાધિમાં એવાં અનુભવ થતાં હશે. એ અનુભવો પણ 'સવિચાર સમાધિ' અંતર્ગત જ આવી જાય છે. સૂક્ષ્મ વિષયોમાં કરાતી બીજી જાતની સમાધિનો ચિતાર પતંજલિ આગળ પર યોગદર્શનના જુદા પાદમાં આપે છે. **ता एव सबीजः समाधिः ॥४६॥**

**[૪૬] સબીજ સમાધિ**

સબીજ સમાધિનું નામ સાંભળીને કોઈને થશે કે આ શું ? પાછી નવી સમાધિ કયી આવી ? અત્યાર સુધીની સમાધિનાં ભેદ તો જેમ તેમ કરીને સમજી લીધાં. તેમાંથી યાદ રાખવા જેવું યાદ રાખ્યું ને ગાંઠે બાંધવા જેવું ગાંઠે પણ બાંધી લીધું. ત્યાં તો આ એક બીજો નવો ભેદ નીકળ્યો ? પરંતુ 'સબીજ સમાધિ'નું નામ સાંભળીને કોઈએ એવા વિચાર કરવાની જરૂર નથી. 'સબીજ સમાધિ' કોઈ નવી સમાધિ નથી પણ ગયા પ્રકરણોમાં કહેવાયેલી 'સવિકલ્પ', 'નિર્વિકલ્પ', 'સવિચાર' ને 'નિર્વિચાર' સમાધિનું જ બીજું નામ છે. પતંજલિ કહે છે એ બધી સમાધિ 'સબીજ સમાધિ' કહેવાય છે. એ સમાધિ અષ્ટધા પ્રકૃતિમાં કરી શકાય છે. સૂર્ય, ચંદ્ર, તારા, નભ, પાણી, પૃથ્વી, અગ્નિ કે બીજાં પ્રકાશમય પદાર્થો, નાભિચક્ર, કંઠકૂપ અથવા શરીરનાં બીજા ચક્રોમાં એ કરી શકાય છે. એને સબીજ કહેવાનું કારણ એ છે કે એમાં કોઈ ને કોઈ ધ્યેય પદાર્થને વિષય કરનારી ચિત્તવૃત્તિ બીજ રૂપે કાયમ રહે છે. વૃત્તિઓનો પૂરેપૂરો નિરાધ ના થવાને લીધે એવી સમાધિને પરિણામે કૈવલ્ય દશાની પ્રાપ્તિ નથી થતી. ને બધી પ્રકૃતિની સીમામાં રમનારી ને પ્રકૃતિના કોઈ પદાર્થ અથવા વિષયને લક્ષ્ય કરીને કરાતી સમાધિ છે. પ્રકૃતિથી પર થઈને પુરુષ અથવા પરમાત્માને પામનારી નથી, તેથી તે પૂર્ણતાની પ્રાપ્તિ નથી કરાવતી અથવા સ્વરૂપનો સાક્ષાત્કાર કરાવીને મુક્ત દશાનો મહારસ પણ નથી ચખાડતી.

એવી સમાધિને લીધે આનંદ જરૂર થાય છે, ને બીજા પણ નાનામોટાં અનેક લાભ થાય છે છતાં પણ તેને લીધે મનની અહંતા, મમતા, ઈચ્છા કે વાસના તદ્દન મરી નથી જતી. વિષયોની રસવૃત્તિ પણ છેક શાંત નથી થતી. એટલે નવી સમાધિ સુધી પહોંચેલા સાધકે પણ સાવધાન રહેવું પડે છે. કેમ કે પુરુષને બદલે પ્રકૃતિમાં વધારે રસ જાગવાનો તથા પ્રકૃતિની મમતા ને પ્રકૃતિની વધારે આસક્તિ થવાનો સંભવ રહે છે. વિષયોની મંદ પડેલી રસવૃત્તિ જાગ્રત થવાનો તથા ફરી પ્રબળ બનવાનો એમાં અવકાશ રહે છે. એને લીધે, એવું થાય તો બનેલું કામ બગડી જાય છે. જીવન વિલાસી, લાલસાવાળું ને વિપથગામી બની જાય છે. ને સાધકની દશા દયાજનક થાય છે. યોગના મંગલ રાજમાર્ગ પરથી ભ્રષ્ટ થઈને નીચે પડવાનો ભય પણ માથે ભમ્યા કરે છે, ને જરાક પ્રમાદી બને કે ગફલતમાં પડે ને ભાન ભૂલે એટલી જ વાર છે. એટલે એવી સમાધિનો અભ્યાસ કરનારા સાધકે ખૂબ જ જાગ્રત રહેવું જોઈએ ને પળેપળે પોતાના કડક પરીક્ષક થઈને સહીસલામત રીતે આગળ વધવું જોઈએ. તેનો વૈરાગ્ય ને વિવેક સોળે કળાએ ખીલી ઊઠેલો હોવો જોઈએ. મિથ્યા આડંબર, દંભ ને અહંકારના શિકાર ન થવાય ને એક ઈશ્વર વિના કોઈનીયે મમતા અથવા આસક્તિ ને તૃષ્ણામાં કેદ ના થવાય તેનું ધ્યાન રાખવું જોઈએ.

પોતાનું જીવન શાને માટે છે ? તેની મારફત શું મેળવવાની પોતાની ઈચ્છા છે ? ને તે માટે પોતે કેવા સંકલ્પ કર્યા છે ને નિયમો લીધા છે, પોતાના ધ્યેયને માર્ગે, પોતાના કરેલા જીવનના આદર્શને સિદ્ધ કરવા, પોતાના પ્રવાસમાં પોતે કેટલો આગળ વધ્યો છે ? ક્યાં ને શા માટે અટક્યો છે, ને હજી પ્રવાસ કેટલો બાકી છે ? તેનો વિચાર નિરંતર કરતા રહેવાની જરૂર છે. એ વસ્તુ એને માટે અંગરક્ષક જેવી બનશે, ને એને ડગલે ને પગલે સંસારના અનેકવિધ વાતાવરણમાંથી અલિપ્ત રાખીને આગળ વધારશે. એક ધન્ય ઘડીએ અંતિમ આદર્શ પર પણ પહોંચાડી દેશે.

ઉપર કહેલી સમાધિમાં મનની વૃત્તિ ક્ષીણ જરૂર થાય છે પરંતુ તદ્દન શાંત નથી થતી. તે એકદમ અનેરી અલૌકિક કે મંગલ નથી બનતી. પાછળથી તે વિકારી બનીને અથવા વિકૃત થઈને પતનનું કારણ પણ થઈ શકે છે. સાધકને યોગભ્રષ્ટ કરીને, વાસનાયુક્ત કરીને જન્મમરણના ચક્રમાં પણ લાવી શકે છે. એ માટેનું બીજ એમાં રહેલું છે. માટે પણ તે સબીજ સમાધિ કહેવાય છે. બીજમાંથી વૃક્ષને થતાં કાંઈ વાર નથી લાગતી. વળી વાસના અથવા અહંતા-મમતાનું એક નાનું સરખું બીજ પણ સાધકને માટે ભારે દુઃખદાયક ને અશાંતિકારક થઈ પડે છે.

ચાંગદેવ મહાન યોગી હતો. સિદ્ધિઓ તેની સેવા કરતી, જે ધારે તે કરવાની તેની શક્તિ હતી. સમાધિમાં પણ તે પારંગત હતો. સાપ ને વાઘને તેણે વશ કર્યા હતાં. પણ મનને વશ નહોતું કર્યું. પરમાત્માનો પ્રકાશ અનુભવીને પરમાત્માના ઝાંખી જગતમાં બધે તેણે નહોતી કરી. પોતાની યોગસિદ્ધિનું તેને ભારે અભિમાન હતું. પરિણામે તેને જીવનમાં કાંઈક કમી જેવું લાગ્યા કરતું. એનું અંતર અશાંત રહેતું હતું. એ અશાંતિનો અંત લાવવા એણે સમર્થ સંત જ્ઞાનેશ્વરનું કેવી અસાધારણ રીતે શરણ લીધું તે આપણે જાણીએ છીએ. અશાંતિનું બીજ એ સંતપુરુષના શરણથી ત્યારે બળી ગયું.

ભરત ઋષિની ચિત્તવૃત્તિ પણ સાધના દ્વારા ક્ષીણ થયેલી હતી. પણ પૂરી મરેલી-પલટાયેલી કે નિર્બીજ બનેલી નહિ. તેથી તે મૂળ માર્ગ ભૂલી ગયા. તે વાત પ્રસિદ્ધ જ છે.

એટલે સાધકે સલામતી સારું સાવધાન રહેવું પડે છે. પરમાત્માને જે પોતાનો ભાર સોંપી દે છે તેને વિશેષ લાભ એ થાય છે કે તેને વધારે બળ મળે છે, ને પરમાત્મા તેની સર્વ રીતે સંભાળ રાખીને તેને સુરક્ષિત રાખે છે. એટલે પરમાત્માનો પ્રેમ જગાવવાની પણ જરૂર છે આગળ ને આગળ વધવાની અદમ્ય ઈચ્છા ને અધવચ્ચે ક્યાંય ને કોઈયે કારણે ના અટકવાની ચીવટ પણ સૌએ રાખવી જોઈએ. સાધનાની સફર ને સાધનાનો વિકાસ એથી સરળ બની રહેશે ને સંપૂર્ણ થશે.

### [૪૭] નિર્વિચાર સમાધિના લાભ

નિર્વિચાર સમાધિ પ્રકૃતિની સીમાની અંદર રહીને કરવામાં આવતી હોય તો પણ નકામી નથી. એની અગત્ય પણ ઓછી નથી આંકવાની. શાંતિની અનુભૂતિ કરાવનારી સમાધિની એ અવસ્થાનો અનુભવ જેમ જેમ વધતો જાય છે તેમ તેમ જીવનમાં ફેરફાર થતો જાય છે ને મનના સ્વરૂપમાં પણ સુધાર થાય છે. આગળ પર કહી બતાવેલી સબીજ સમાધિ બધી રીતે લાભકારક જ થઈ પડે છે. ધીરે ધીરે મન નિર્મળ બનતું જાય છે, રાગ ને દ્વેષ પણ મંદ પડે છે અથવા મટે છે, પ્રકૃતિના રહસ્યનું બરાબર જ્ઞાન થઈ જવાથી પ્રકૃતિ

પરથી મન ઉપરામ બનતું જાય છે તથા આંતરિક પ્રસન્નતા કે સુખનો અનુભવ થાય છે. ગીતા કહે છે કે જેના રાગદ્વેષ દૂર થઈ ગયા હોય ને પોતાની ઈન્દ્રિયોને જેણે વશ કરી હોય તે યોગી ઈન્દ્રિયોને જરૂરી વિષયોમાં લગાડે તો પણ, પ્રસન્નતાની પ્રાપ્તિ કરી શકે છે. એવી આત્મિક પ્રસન્નતાના પ્રભાવથી બધી જાતના દુઃખ દર્દ દૂર થાય છે.

જુઓ ગીતાના બીજા અધ્યાયના એ શ્લોકઃ-

रागद्वेषवियुक्तैस्तु विषयानिन्द्रियैश्चरन् ।
आत्मवश्यैर्विधेयात्मा प्रसादमधिगच्छति ॥२-६४॥
प्रसादे सर्वदुःखानां हानिरस्योपजायते ।
प्रसन्नचेतसो ह्याशु बुद्धिः पर्यवतिष्ठते ॥२-६५॥

એને પ્રસાદ કહો, પ્રસન્તા કહો કે આત્માનો આનંદ કહો. બધું સરખું જ છે. ચિંતા ને શોકમાં ડૂબેલા સાધકે સાધનાની મદદથી એ રીતે અંતરના અનેરા આનંદને મેળવવાની મહાયાત્રા કરી લીધી. કેટલા બધા આનંદની વાત છે ! કહેનાર અને સાંભળનારને પણ આટલો બધો આનંદ થાય છે તો મેળવનારને અથવા અનુભવનારને કેટલો બધા થતો હશે તેની કલ્પના કરી લેજો. એ આનંદ, પ્રસન્નતા અથવા શાંતિના ભંડારને હાથ કરવાની ઈચ્છા છે ? કોને તેવી ઈચ્છા નહિ હોય ને નથી ? પરંતુ બધાનો પુરુષાર્થ સમજ વિનાના ને જુદી જુદી દિશામાં થયા કરે છે. પરિણામે સમય તથા શક્તિ વેડફાઈ જાય છે ને કાંઈ જ કામનું હાથ નથી લાગતું. એટલે જ શાંતિ, સમૃદ્ધિ ને આનંદની ઈચ્છાવાળા માનવોને આપણે કહીએ છીએ કે આવો ને જીવનને ઉજ્જવળ કરવાની કે પલટાવવાની સાધનાના મંગલ મંદિરમાં પ્રવેશ કરો. અંતરના દેવ ને દેવોનાયે દેવની આરાધના ને પૂજા કરો. જીવનને સુખ-શાંતિ ને આનંદમય તથા પ્રભુમય બનાવવાનો એ સિવાય બીજો કોઈ રસ્તો નથી.

**[૪૮] ઋતંભરા પ્રજ્ઞા**

બીજા ઉપાયો કે ભોગોથી જીવનને કામચલાઉ વખતને માટે કદાચ સુખશાંતિ ને આનંદવાળું બનાવી શકાય, પરંતુ પૂર્ણ, મુક્ત, તદ્દન નિર્ભય તથા પ્રભુમય ના બનાવી શકાય અથવા પરમાત્માના પ્રેમપ્રકાશથી પ્રકાશિત ના કરી શકાય. તેના વિના કોઈને સંપૂર્ણ શાંતિ, સુખ ને આનંદ પણ ના મળી શકે. માટે જ જીવનને શુદ્ધ, સંયમી ને પ્રભુમય બનાવવાની જરૂર છે. તે માટે જ સાધના છે. જીવનને ઉજ્જવળ કરવાની ઈચ્છાવાળો કોઈયે વિવેકી માનવ તેના તરફ દુર્લક્ષ ના કરી શકે કે ઉદાસીન પણ ના રહી શકે. સાધનાનો રસ તેણે જગાવવો જ રહ્યો. સાધનાના અનુરાગી અથવા પ્રેમી પુરુષો જેમ જેમ વધારે ને વધારે પ્રમાણમાં પેદા થશે ને વધતા જશે તેમ તેમ સંસારનું સ્વરૂપ વધારે ને વધારે બદલાતું જશે ને સાત્વિક બનશે. સાધનાની જેમને રૂચિ છે તે સંસારની સાચી ને મોટી સેવા કરી રહ્યા છે. તેમણે રસપૂર્વક પોતાની બધી જ શક્તિ કામે લગાડીને, નિરંતર સાધના કરવાની છે. કોઈ કારણે કોઈ નાના મોટા વચગાળાનાં સ્ટેશને અટકી જવાય નહિ તે માટે તેમણે સાવધાન રહેવાનું છે. પોતાની જાતના સ્વામી બનીને બધી રીતે કૃતાર્થ થવા તેમણે તૈયાર થવાનું છે.

સાધનાની મદદથી મન નિર્મળ થતાં આંતરિક સુખ-શાંતિ ને પ્રસન્નતાની પ્રાપ્તિ થાય છે એ વાત આપણે આગળ પર કરી લીધી છે. એના અનુસંધાનમાં યાદ રાખવા જેવી એક બીજી વાત પણ કરી લઈએ. તેનું મહત્વ ઘણું છે. મન નિર્મળ થાય એટલે યોગીની બુદ્ધિ પણ નિર્મળ થાય છે. તેને સદ્‌બુદ્ધિ અથવા સૂક્ષ્મ વિવેકશક્તિની પ્રાપ્તિ થાય છે. સાધનાની મદદથી તેનું મન જેમ જેમ નિર્મળ બનતું જાય છે ને તેની વૃત્તિ વધારે ને વધારે અંતર્મુખ થાય છે. તેમ તેમ પરમાત્માના પરમ પ્રકાશની તે વધારે ને વધારે નજીક આવતો જાય છે. તે પ્રકાશ તેની મુખાકૃતિ, વાણી, આંખ, વિચારધારા તથા બુદ્ધિમાં જોવા મળે છે. તેના અંગમાં ને રોમેરોમમાં તેની ઝાંખી કરી શકાય છે. એ પ્રકાશને લીધે તેની બુદ્ધિ ઋતંભરા બની જાય છે. અથવા એમ કહો કે તેને ઋતંભરા પ્રજ્ઞાની પ્રાપ્તિ થાય છે. ઋતંભરા એટલે સત્યપરાયણ વસ્તુના સાચા સ્વરૂપને ગ્રહણ કરનારી.

એ ઋતંભરા પ્રજ્ઞા કાળે કરીને ને આપોઆપ પોતાની અંદરથી જ પ્રાપ્ત થાય છે. શંકરનું ત્રીજું નેત્ર તે જ છે. તેને દિવ્યચક્ષુ પણ કહી શકાય, તે ભોમિયાનું કામ કરે છે ને સાધકને સહીસલામત રીતે આગળ વધારે છે. તેથી સાધક સત્યાસત્યની સાચી સમજ મેળવીને આગળ વધે છે ને છેવટે સ્વરૂપનો સાક્ષાત્કાર કરી અથવા તો પરમાત્માને પામી લે છે. મન તેની મદદથી છેક મંગલ તેમજ નિર્વાસનિક બની જાય છે. હવે તેને વાસના કે વિકાર ને વિકૃતિના વિચાર નથી સતાવતા. હવે તે બધી રીતે નિર્ભય બની જાય છે. ઋતંભરા પ્રજ્ઞા તેની દિન-રાત ચોકી કરે છે. તે તેનું પતન થવા દેતી નથી ને તેને ખોટે માર્ગે પણ નથી જવા દેતી. ભય, પ્રલોભન, પ્રમાદ, અહંતા, મમતા, આસક્તિ ને સિદ્ધિઓની સામે તે જ તેનું રક્ષણ કરે છે. સંસારના વિરોધી કે પ્રતિકૂળ વાતાવરણમાં પણ તે જ શક્તિ આપે છે, વિકાસની રસવૃત્તિને જાગ્રત રાખે છે, ને સફળતાપૂર્વક સામનો કરવાનું બળ પૂરું પાડે છે.

ઋતંભરા પ્રજ્ઞાની પ્રાપ્તિ ના થઈ હોય ત્યાં સુધી સાધકે ખૂબ ખૂબ સાવધ રહેવું પડે છે ને એકાંત કે શાંત અનુકૂળ વાતાવરણમાં રહીને સાધના કરવી પડે છે. વિવેકની જ્યોતિ તે દરમ્યાન અત્યંત મંદ હોય છે પણ તેને જતન કરીને જાળવવી પડે છે. પ્રતિકૂળતાના પવનથી તે જ્યોતિને શાંત પડી જતાં વાર નથી લાગતી. વળી એકાંતમાં રહેવાનું મળે તો પણ ત્યાં રહીને સાધનાપરાયણ જીવન જીવવાનું મુશ્કેલ થઈ પડે છે. એટલા માટે જ એકાંતમાં રહેનારા સાધકો શરૂઆતમાં ઉત્સાહી, શક્તિશાળી ને ભારે નિર્મળ બની જાય છે પણ પછી તેમનું જીવન નીરસ, જડ, સ્થિતિસ્થાપક કે યાંત્રિક, ભારરૂપ ને કંટાળાજનક થઈ જાય છે. પરંતુ ઋતંભરા પ્રજ્ઞા પ્રગટ થયા પછી તેવું નથી બનતું. પછી તો ઉત્સાહ અથવા આનંદરૂપી અર્ણવના હજારો, લાખો કે કરોડો તરંગો અંતરમાં ઉછાળવા માંડે છે ને જીવન અવનવા રસથી રંગાઈ જાય છે. ક્ષણે ક્ષણે ને પળે પળે જીવનમાં નવી ચેતના, સ્ફુરણા ને નવી સુંદરતા તથા દીપ્તિની ઝાંખી થાય છે. શાંતિ ને પ્રસન્નતાના ફુવારા પ્રાણના પ્રત્યેક પરમાણુમાંથી ઉડ્યા કરે છે. જીવનમાં ધન્યતાના કોઈ મંગલ મહોત્સવનો આરંભ થાય છે. સત્યરૂપી પ્રકાશની પવિત્ર જ્યોતિ તેના તન, મન ને અંતરને પ્રકાશિત કરતી સદા પ્રકાશ્યા કરે છે.

એવી પ્રજ્ઞા આજે અત્યંત આવશ્યક છે. જીવનને નમ્ર ને નિર્મળ કરવા ને સન્માર્ગે દોરવા ને સંસારને સત્યતા તથા સુખ, શાંતિ સેવા ને સ્વતંત્રતાની હવાથી ભરી દઈને સ્વર્ગીય કરવા તે ખૂબ જ જરૂરી છે.

સાધકને તો તેની જરૂર છે જ, પરંતુ સામાન્ય માણસને અને જેમના હાથમાં સમાજની ગતિવિધિના સૂત્રો છે, સૌને માટે તે એટલી જ આવશ્યક છે. એ પ્રજ્ઞાને કેળવવાથી જ સંસારમાં ન્યાય, નીતિ, સમભાવ, સહકાર ને શાંતિની સ્થાપના થઈ શકશે. માનવસમાજ સૌના હિત માટે શ્વાસ લેશે ને યુદ્ધ, ઘર્ષણ, કટુતા, કુસંપ, શોષણ, અન્યાય, અત્યાચાર ને અશાંતિના ઓળા કાયમને માટે દૂર થશે.

**[૪૯] ઋતંભરા પ્રજ્ઞા–૨**

સાધનાની મદદથી મન નિર્મળ થાય ને સમાધિની સર્વોત્તમ અવસ્થાનો અનુભવ કરે એટલે 'ઋતંભરા પ્રજ્ઞા'ની પ્રાપ્તિ થાય છે. અનુભવી સાધકને તે આપોઆપ અથવા સહજ રીતે જ આવી મળે છે. તેને માટે કોઈ વિશેષ મહેનત નથી કરવી પડતી. વળી સાધકના સ્વભાવની સાથે સંમિશ્રિત થઈને એ એનું એક અવિભાજ્ય અંગ બની જાય છે. એટલે એક વાર પ્રાપ્ત થયા પછી તેનો નાશ થતોય નથી. તે પામ્યા પછી સાધકની દૃષ્ટિ દિવ્ય બની જાય છે. એને કોઈ મહાન સંપત્તિની પ્રાપ્તિ થઈ હોય એવો સંતોષ થાય છે. એ અક્ષય ધનની કિંમત કાંઈ ઓછી નથી આંકવાની. માણસને એ સાચા અર્થમાં ધનવાન ને સુખી બનાવે છે. એને મેળવીને સાધક જડ ને ચેતનમાં પ્રભુના પ્રકાશની ઝાંખી કરતાં શીખે છે, જગતની ઉપલક દૃષ્ટિએ દેખાતી અનેકતામાં એકતાનું દર્શન કરે છે. બધે પરમાત્માની પરમ ને એકમાત્ર સત્તાનો એને અનુભવ થાય છે. એવા અનુભવથી એના ભેદભાવ મટી જાય છે, રાગદ્વેષ શમી જાય છે, ને પ્રેમ ને શાંતિનો પ્રવાહ એના અંતરમાંથી નિરંતર વહેતો થાય છે. એકતાના એવા અનેરા અનુભવથી એનું અંતર ઉછળી પડે છે ને બોલી ઊઠે છે કે

'અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રી હરિ, જૂજવે રૂપે અનંત ભાસે,
દેહમાં દેવ તું, તેજમાં તત્વ તું, શબ્દ થઈ વ્યાપી રહ્યો આકાશે.'

ખરું છે. પવનમાં, પ્રાણીમાં, પૃથ્વીમાં, વનસ્પતિમાં તથા પશુપંખીમાં, અરે, પત્થર ને ધુળમાં પણ એનો જ પ્રકાશ દેખાય છે. પરમાત્મા એ રીતે બધે જ વ્યાપક છે. સર્વત્ર જ નહિ પણ સર્વમય છે. પરંતુ માનવને તેનું દર્શન દુર્લભ થઈ ગયું છે. કેમ કે તેની પાસે મનની શુદ્ધિ નથી, સાધના નથી, ભાવના નથી, પ્રભુમય જીવનની રસવૃત્તિ નથી, ને તે સૌનાં પરિણામે પ્રાપ્ત થનારી પ્રજ્ઞા નથી. માટે જ એ અશાંતિ અનુભવે છે ને બંધનમાં બંધાય છે. તેનું જીવન ભેદભાવથી ભરેલું પણ તેથી જ છે. તેના મૂળ ધન ને વૈભવને હાથે કરીને ખોઈ બેઠો છે. તેના સ્વભાવસહજ ને જન્મસિદ્ધ અધિકારથી વંચિત રહ્યો છે. એ દુઃખદ પરિસ્થિતિમાંથી મુક્તિ મેળવવાનું તેના જ હાથમાં છે. ફક્ત તેણે પુરુષાર્થ કરવો જોઈએ.

શ્રુતિ, શાસ્ત્ર કે સંતની મદદથી મળેલું જ્ઞાન જુદું છે. તે દ્વારા મળેલી માહિતી કે બુદ્ધિ 'શ્રુતિબુદ્ધિ' કહેવાય છે. અનુમાન સ્વરૂપનો જે નિશ્ચય થાય છે તે અનુમાન બુદ્ધિ છે. એ બંને પ્રકારના જ્ઞાનનો ઉલ્લેખ આગળ પર આરંભમાં આવી ગયો છે પણ તેટલું જ્ઞાન જીવનની શાંતિ પૂર્ણતા કે મુક્તિને માટે પૂરતું નથી. તે જ્ઞાન જીવનમાં હજમ થવું, ઊતરવું કે પચી જવું જોઈએ અનુભવ વિનાનું જ્ઞાન કેટલીક વાર ભારરૂપ અથવા અશાંતિજનક થઈ પડે છે. જે જ્ઞાન મગજમાં કે વાણીમાં છે તે ત્યાં જ રહેવાને બદલે રોમેરોમમાં ને જીવનના પ્રત્યેક પાસામાં ઊતરી ને પ્રસરી જવું જોઈએ. તો જ તે લાભકારક થઈ શકે ને જીવનને નવી પ્રેરણા, નવો

પ્રકાશ, નવો રસ ને નવા રંગથી ભરી શકે, શાંતિ પણ ત્યારે જ મળી શકે. પ્રજ્ઞા એ હેતુ પૂરો કરે છે, કેમ કે તેને કેવળ મગજ કે વાણી સાથે નહિ પણ અનુભવ ને જીવનના પરિવર્તનની સાથે સીધો સંબંધ છે. શ્રુતબુદ્ધિ ને અનુમાનબુદ્ધિ કરતાં પ્રજ્ઞા એ રીતે જુદી પડે છે અથવા આગળ વધે છે. જીવનને સંપૂર્ણ ને સુખમય તથા સફળ કરવામાં મોટો ભાગ ભજવે છે.

ઈશ્વર, આધ્યાત્મિકતા, સમાધિ, શાંતિ, સિદ્ધિ ને સાક્ષાત્કાર મુખ્યત્વે અનુભવના વિષય છે. માટે શાસ્ત્રજ્ઞાનના સંકુચિત કે વિશાળ ગમે તેવા વર્તુળમાંથી બહાર નીકળીને અનુભવને માટે સાધનાની દુનિયામાં પ્રવેશ કરવો જોઈએ. ઋષિઓ એવા અનુભવી હતા, માટે જ તે છાતી ઠોકીને હિંમતપૂર્વક કે નિખાલસતાથી કહેતાં કે અમે પરમાત્માને જાણીએ છીએ. 'વેદાહમેતં પુરુષ મહાન્તમ્' સ્વામી વિવેકાનંદે પણ રામકૃષ્ણદેવને પૂછેલું કે તમે ઈશ્વરને જોયા છે ? ત્યારે રામકૃષ્ણદેવે તરત કહેલું કે હા, મેં જોયા છે ને તને પણ બતાવી શકું તેમ છું. તેવી રીતે સમય પર આપણી અંદર કહેવાની શક્તિ હોવી જોઈએ. અભિમાનને પોષવા કે પૂજાવા નહિ-તેવી વૃત્તિ તો અનુભવી મહાપુરુષમાં ઉત્પન્ન જ ના થઈ શકે-પરંતુ સત્યના પ્રકાશ ખાતર, પ્રામાણિકપણે આપણે એવા નિશ્ચયાત્મક ઉદ્ગાર કાઢી શકીએ એવી આપણી શક્તિ હોવી જોઈએ. ધર્મ ને ઈશ્વરવાદ કેવળ વાચન, મનન, લેખન અને પ્રવચનનો વિષય નથી. તે જીવનમાં જડાઈ જવો જોઈએ. અનુભવપૂર્ણ જ્ઞાન ને પ્રજ્ઞા ત્યારે જ પ્રકટી શકે. ધર્મના આચરણથી પ્રાપ્ત કરેલો વિવેક પણ પ્રજ્ઞા છે. તેની વિશેષતા ને મહત્તા ઘણી મોટી છે. ऋतंभरा तत्र प्रज्ञा ॥४८॥

**[૫૦] પ્રજ્ઞાનો પ્રભાવ**

અમદાવાદની જાણીતી સંસ્થા 'સસ્તું સાહિત્યવર્ધક કાર્યાલય'ના સંસ્થાપક અખંડાનંદ પુસ્તકોના નિવેદન અથવા ઉપોદ્ઘાતને અંતે એક અગત્યનું વાક્ય લખતા. 'બોલે તેટલું પાળે નહિ છતાં પણ પરોપદેશે પાંડિત્ય જેવું લખે તેથી ગાળોના દાવનો ખરાબ ભિક્ષુ અખંડાનંદ.' અખંડાનંદ તો નમ્રતાથી પ્રેરાઈને એ પ્રમાણે લખતા. તે તો બોલે કે લખે એટલું પાળનારા હતા, પરંતુ આજના મોટા ભાગના માણસોના માનસનું પ્રતિબિંબ એ શબ્દોમાં પડે છે. માણસોની દશા આજે મોટે ભાગે આવી જ છે. તે કહે છે કાંઈ ને કરે છે કાંઈક. તેમના વિચાર, તેમની વાણી ને તેમના વર્તનમાં ભારે ભેદ દેખાય છે. તેમની વચ્ચે કદી મેળ જ નથી ખાતો. જેમને જીવનનું શ્રેય કરાવાની ઈચ્છા છે તેમને એવા વિસંવાદમાંથી છૂટવું જ જોઈએ. વિચાર, વાણી ને વર્તન વચ્ચે તેમને મેળ કરવો જ રહ્યો. કેટલાક માણસોની મનોદશા દુર્યોધનની મનોદશા જેવી છે. તે ધર્મના રહસ્યને જાણે છે ને તેની ચર્ચા-વિચારણા પણ કરે છે, પરંતુ ધર્મમાં તેમની પ્રવૃત્તિ થતી નથી. જીવનને ધર્મમય કરવા તે તૈયાર જ થતા નથી. અધર્મના રહસ્યને પણ તે બરાબર જાણે છે છતાં અનીતિ ને અધર્મને છોડી નથી શકતાં. તો પછી એવું જ્ઞાન શા કામમાં આવી શકે ? જ્ઞાન જો જીવનને ઉજ્જવળ બનાવવામાં ને બુરાઈથી મુક્ત કરવામાં લેશ પણ કામ ન લાગે તો તે હોય કે ના હોય બધું સરખું જ છે. જે ધર્માધર્મ કે સારા ને નરસાના મર્મને જાણતો નથી, તેમની સ્થિતિ તો કાંઈક સમજાય તેવી છે. તેમને આપણે કોઈ ખાસ ઠપકો આપી શકીએ તેમ નથી. પરંતુ જે વિવેકી કે સમજુ હોવા છતાં વિવેક કે સમજને જીવનમાં ઉતારી શકતાં નથી, અથવા ઉતારવા માગતાં પણ નથી; તેમની દશા ખરેખર

દયાજનક ને કફોડી છે. તેમની દશા ત્રિશંકુ જેવી છે, ને તેવી દશા ખરેખર ખરાબ છે. કહો કે કરુણ છે. એવી આત્મઘાત દશામાંથી છૂટવા માટે તૈયાર થવાની ને સાધના કરવાની જરૂર છે. 'ઋતંભરા પ્રજ્ઞા' એવી સાધનાને પરિણામે જ પ્રાપ્ત થઈ શકે

'ઋતંભરા પ્રજ્ઞા' ને પરિણામે પેદા થનારા સંસ્કાર પહેલાંના પેદા થયેલા ને હવે પછી પેદા થનારાં કર્મોના મિલન ને પ્રતિકૂળ સંસ્કારને દૂર કરી દે છે. માણસ જે જે કર્મ કરે છે કે અનુભવે છે, તેના સારાનરસાં સંસ્કાર તેના અંતકરણમાં અથવા તો મનમાં એકઠા થાય છે. તેને કર્માશય કહેવામાં આવે છે. તેના નાશથી જ માણસને મુક્તિ મળી શકે છે. એનો નાશ ના કરી શકાય તો પણ એને પલટાવવાની જરૂર છે. એના સ્વરૂપને વધારે સારૂં, સાત્વિક ને ઉત્તમ બનવાની જરૂર છે. 'ઋતંભરા પ્રજ્ઞા' એમાં મદદરૂપ થાય છે, એની મદદથી એ કામ આપોઆપ ને અત્યંત સહેલાઈથી થઈ જાય છે. જે કર્મો રાગ-દ્વેષ ને અહંતા-મમતા તથા લાલસા, વાસના કે તૃષ્ણાથી પ્રેરાઈને થાય છે તે જ બંધનકારક થાય છે એ યાદ રાખવાનું છે. તેનાથી મુક્ત થઈને જે તટસ્થ ને સહજ રીતે કરવામાં આવે છે તે તો મંગલકારક જ થાય છે-પોતાને માટે તથા બીજાને માટે. એટલે તટસ્થભાવે કર્મ કરવાની કળા હસ્તગત કરી લેવી જોઈએ. વળી સારાં ને પોષક કર્મોની કળાનો અભાવ છે. તેથી તે અહંતા, મમતા તથા સુખ ને દુઃખમાં ઝુલે છે ને રાગદ્વેષના સંકજામાં સપડાય છે. જીવન-મુક્તિનો મહારસ એને એટલા માટે જ નથી મળી શકતો. જો માણસ શુભ કર્મોમાં જ રસ લે ને પ્રવૃત્ત થાય તો મનમાં શુભ સંસ્કારોનો જ સંગ્રહ થાય, જીવનમાં શુભ સંસ્કારનું બળ વધે. ને અશુભ તથા પ્રતિકૂળ સંસ્કાર દૂર થાય. શરૂઆતમાં તે માટે તેણે સાવધાન રહેવું પડે, પણ પછી તો તેવી સાવધાનીની જરૂર પણ ના પડે. કેમ કે તેનો સ્વભાવ જ એવો થઈ જાય કે સારું જ કરે ને સારું જ વિચારે તથા અનુભવે. ખરાબ તરફ તેનું મન જાય જ નહિ, ને અધર્મ કે અનીતિ એનાથી થાય જ નહિ.

પ્રજ્ઞા માનવમનને નવા પ્રકાશથી ભરી દે છે ને નવા વિવેકનું દાન દે છે. તેને લીધે તે સમજે છે કે 'યદ્બભૂમા સત્સુખ નાલ્પે સુખમલ્પતિ' એટલે કે પરમાત્મા જ પરમ ને સર્વોત્તમ સુખ તથા સંપૂર્ણ શાંતિ છે ને બીજે નહિ. આજે જગતમાં દેખાય છે કે અનુભવાય છે તે પરમાત્માનું જ પ્રતિરૂપ છે. આ સુંદરતા, મધુરતા, પ્રેમ, જ્ઞાન ને શક્તિ પ્રભુના પડછાયા જેવી છે. કહો કે નદીમાંથી નાની સરખી નહેર કાઢી હોય તેવી છે. પ્રભુના સૌન્દર્ય, માધુર્ય, પ્રેમ, જ્ઞાન ને સામર્થ્યના વિરાટ સાગરના એ એક સહસ્ત્રાંશ બરાબર પણ નથી. છતાં તે માણસને આનંદ આપે છે ને સુખ-શાંતિનો અનુભવ કરાવે છે, તો પછી પ્રભુની પ્રાપ્તિ અથવા અનુભૂતિમાં કેટલો બધો આનંદ, કેટલું બધું સુખ ને કેટલી અસીમ ને સનાતન શાંતિ હશે ! પ્રજ્ઞાની મદદથી એવો વિવેક થાય છે, ને પરિણામે વૃત્તિ તથા પ્રવૃત્તિ આપોઆપ બદલાઈ જાય છે. માનવની ભાવના ને દૃષ્ટિમાં આભજમીનનો ફેર પડી જાય છે ને ખરી કિંમત તેની જ છે.

એટલે જ્ઞાન થતાં તે પ્રજ્ઞાની પ્રાપ્તિ થતાં મન તદ્દન નિર્મળ ને પ્રભુમય બની જાય છે. અંતરની આંખ અલૌકિક અંજને અંજાઈ જાય છે. પ્રકૃતિમાંથી પેદા થયેલા જગત પર છેક વૈરાગ્ય થઈ જાય છે અથવા તો ઉપરામતા આવી જાય છે. પરવૈરાગ્ય એ રીતે સ્વાભાવિક થઈ જાય છે. પછી કોઈ તરફ રાગદ્વેષ, મમતા કે આસક્તિ થતાં નથી. તટસ્થા અથવા અલિપ્તતા આવી જાય છે. મન વશ થાય છે. પહેલાં તો ધ્યાન, જપ ને બીજી સાધના કરતાં પહેલાંના સારાનરસાં સંસ્કાર બળવો કરતાં, પણ હવે તો તે જરા પણ સતાવતાં નથી

ને સંપૂર્ણપણે શાંત થાય છે. કેવળ સ્વરૂપને જાણવાનો અથવા પરમાત્માને પામવાનો એકમાત્ર ઉત્તમ સંસ્કાર મન, અંતર ને રોમેરોમમાં રમવા માંડે છે. તેવી સમજ શ્વાસોશ્વાસમાં સમાઈ જાય છે. પ્રકૃતિનાં ગુણોમાંથી પણ મમતા ને રસવૃત્તિ છૂટી જાય છે. એકદમ ઉદાસીનતા ને ઉપરામતા જાય છે. હૃદયમાં એક જ રાગ, વિચાર ને અભિલાષા રહે છે. પરમાત્માના પ્રત્યક્ષ અનુભવનો એક જ નિરધાર બાકી રહે છે. સ્વરૂપનો સાક્ષાત્કાર કરીને પૂર્ણ શાંતિ, મુક્તિ ને અખંડ આનંદનો અનુભવ કરવાનો જ સંકલ્પ શેષ રહે છે. બીજા બધા જ સંકલ્પ શમી જાય છે કે શાંત થાય છે. ભક્તિને લીધે પણ હૃદય શુદ્ધ થાય છે. એવો ભાવ દૃઢ થઈ જાય છે. આંખ ઈશ્વરના દર્શન માટે આતુર બની જાય છે. દિલ દીવાનું થાય છે. બધી ભાવનાથી નિવૃત્ત થઈને એક ઈશ્વરના સાક્ષાત્કાર, સ્પર્શ ને સુમધુર શબ્દના શ્રવણની જ ભાવના બાકી રહે છે. એકાંત ઘરને ઉજ્જવળ કરતા દીપકની જેમ એક પ્રેમની જ્વલંત જ્યોતિ જ ભક્તના દિલમાં જાગી જાય છે. યોગની સાધનાનું, પણ એવું જ થાય છે. સાધનાનાં નામ જુદાં પણ તેમનાં રહસ્ય મોટે ભાગે મળતા જ આવે છે.

**[૫૧] નિર્બિજ સમાધિ**

ઋતંભરા પ્રજ્ઞાને પરિણામે પેદા થયેલી સંસ્કારવૃત્તિ કે સમજ એ રીતે સાધકને કેવળ ઈશ્વરાભિમુખ કે કૈવલ્યાભિમુખ કરી દે છે. તેની બીજી બધી જ મમતા, વાસના, આસક્તિ કે ભ્રાંતિ દૂર થાય છે. હવે ફક્ત સ્વરૂપનો સાક્ષાત્કાર અથવા પરમાત્માનું દર્શન બાકી રહે છે. ત્યાં સુધી હજી સાધકની સંપૂર્ણ સલામતી થઈ નથી. પરમાત્માના દર્શન પછી જ તેવી સલામતી થઈ શકશે. પછી તો મન સંપૂર્ણપણે પલટાઈ જશે. પ્રભુમય બનશે ને વિષયોની રસવૃત્તિનો નાનો સરખો અંકુર પણ નાશ પામશે. પછી નહિ રહે કોઈ ભય, કોઈ પ્રલોભન કે પતન. સમસ્ત જીવન પછી તો અલૌકિક, અનેરૂં કે દૈવી બની જશે. પણ તે માટે હજી ધીરજ ને હિંમતપૂર્વક વિવેક અથવા પ્રજ્ઞાથી સજ્જ થઈને આગળ વધવું પડશે. હજી તો બાળક મા ના હાથમાં રમે છે. પણ મા ને મૂકીને તેણે પોતાના પગ પર ઊભા રહેતાં ને ચાલતાં શીખવાનું છે. જ્ઞાન-માર્ગની દૃષ્ટિએ કહીએ તો તેને 'અસક્તિ' ને 'પદાર્થાભાવિની'ની ભૂમિકા મળી. પણ હજી છેલ્લી 'તુર્યાવસ્થા' બાકી છે. એટલે હાથમાં લીધેલું કામ પતી ગયું કે શરૂ કરેલો પૂર્ણતાનો પ્રવાસ થઈ ગયો એમ ના કહી શકાય; પણ મોટા ભાગનો પંથ કપાઈ ગયો તેની ના નહિ.

સરિતામાં સ્નાન કરવાની ઈચ્છાથી પ્રેરાઈને સરિતાની છેક પાસે આવી પહોંચ્યાં. હવે ફક્ત બે ડગલાં આગળ વધીને, નીચા નમીને, આચમન લેવાનું કે સ્નાન કરવાનું જ બાકી છે. બદરીનાથ જેવા તીર્થની યાત્રાએ નીકળેલો યાત્રી અનેક કષ્ટો સહન કરીને દિવસોના પરિશ્રમ પછી ઠેઠ મંદિરના પગથિયાં પાસે આવી પહોંચ્યો. પગથિયાં પરથી પસાર થઈને સામે ઊભેલા મંદિરના પ્રાંગણમાં પ્રવેશ કરવાનું જ હવે બાકી છે. તે ભાવનાને મારી ના નાખે તો એ કામ તેને માટે મુશ્કેલ નથી. દેવની મૂર્તિ સામે જ છે. ફક્ત એકાદ નેહભરી નજર નાખવાની જ વાર છે. ગાડી હવે છેક સ્ટેશન પર આવીને ઊભી રહી છે. નીચે ઊતરીને બહાર નીકળવાની જ વાર છે. શહેરનો વૈભવ ને ઘર સામે જ દેખાશે.

કોઈ વાર કારણથી સ્ટેશન પર આવેલો માણસ બીજી વળતી ગાડીમાં પાછો ફરે છે અથવા તો તીર્થમાં આવેલો યાત્રી મંદિરના દર્શન વિના કે સરિતા પાસે પહોંચી ચુકેલો સરિતાના આચમન કે સ્નાન

સિવાય જ પાછો વળે છે. સાધનાની યાત્રાનું એવું ના થાય, ને થોડીક વાતને માટે બધી બાજી બગડી કે અટકી ના જાય તેનું ખૂબ ખૂબ ધ્યાન રાખવાનું છે. ઋતંભરા પ્રજ્ઞા એવે વખતે સાધકની સંભાળ રાખશે, ને કુશળ સંરક્ષકની જેમ ગંતવ્યસ્થાન સુધી સહીસલામત રીતે પહોંચાડી દેશે. પ્રજ્ઞા એ રીતે સાધકને માટે કેટલા મહાન અથવા ઉપકારક આશીર્વાદરૂપ છે તેનો ખ્યાલ આવશે.

બસ ત્યારે. આગળ પર કહ્યું તેમ, મન હવે પ્રકૃતિની પકડમાંથી, પ્રકૃતિના રસાસ્વાદ, રંગ, બંધન ને મોહમાંથી મુક્તિ મેળવવા માંગે છે, કેમ કે તેને સંપૂર્ણ મુક્તિ જોઈએ છે. હવે તે પરમાત્મા તરફ પ્રયાણ કરી, અંતિમ મહાપ્રસ્થાન કરી, પરમાત્માને મળવા માંગે છે. સરિતા સિંધુને મળવા ને સિંધુની અખંડ સોડમાં સમાવા ઘેલી થઈને દોડે તેવી તેની દશા છે. ઋતંભરા પ્રજ્ઞા તેને પ્રાપ્ત થઈ છે એટલે જુવાની આવી મળી છે ને તેના રોમેરોમમાં જ્ઞાનવિજ્ઞાન ને વૈરાગ્યની વસંતે વાસ કર્યો છે. અનુભવના અનેરા આનંદથી તે મહેંકી ઊઠ્યું છે, ને વધારે અક્ષય આનંદની એને ભૂખ લાગી છે. પોતાની જાતને સંપૂર્ણપણે શણગારીને સ્વયંવરમાં ઊભેલી કન્યાની જેમ હાથમાં માળા લઈને પ્રિયતમને સુશોભિત કરવા ને સ્વામીથી સુશોભિત થવા તે ઊભું રહ્યું છે. હસ્તમેળાપની છેલ્લી વિધિ જ હવે બાકી છે. જીવ ને શિવનો યોગ હવે પાસે છે. એ મંગળ મેળાપ થશે એટલે યોગની સાધના સફળ ને સંપૂર્ણ થશે. યોગ એવા મહાન યોગને માટે જ છે. પ્રજ્ઞા પુરોહિત બનીને સાધકને 'સંસિદ્ધિ'ના શિખર પર બેસાડી દેશે અથવા કહો કે જીવ ને શિવનું લગ્ન કરાવી દેશે. સાધકને સ્વરૂપનો સાક્ષાત્કાર થઈ જશે.

અને...એવો સાક્ષાત્કાર થઈ ગયો. સમાધિની દૈવી દશામાં સાધકનું મન સંપૂર્ણપણે ડૂબી ગયું. નિર્વિકલ્પ ને નિર્સંકલ્પ બનીને સમાઈ ગયું. પરિણામે તેને આનંદ આનંદ થઈ ગયો. પરમસુખ ને સનાતન શાંતિની પ્રાપ્તિ થઈ. પરમતત્વરૂપે રહેલા પરમાત્માનો એણે સંપૂર્ણ શાંત થતાં પહેલાં અનુભવ કરી લીધો. પ્રજ્ઞાનો છેલ્લો તરંગ અથવા પરપોટો પણ શાંત થઈ ગયો. કહો કે પરમાત્માની સંપૂર્ણતાના સાગરમાં શમી ગયો. સર્વ સંસ્કારોનો નિરોધ થઈ ગયો. અહંતા, મમતા, રાગદ્વેષ ને વાસનાનાં બધાં જ બીજ સંપૂર્ણપણે બળી ગયાં. તેથી તેને 'નિર્બીજ સમાધિ'ના નામે ઓળખવાની પ્રથા પણ ચાલુ થઈ. તે જ 'કૈવલ્યદશા' કે 'મુક્તિ' કહેવાય છે. સાધકને એનો આસ્વાદ મળી ગયો ને તેથી સાધના સફળ થઈ.

એવા ઉત્તમોત્તમ અનુભવ પછી જ્ઞાની કે યોગીમાં અહંના ને મમ ના ભાવ દેખાય છે, પણ તે તેમને કોઈ પણ રીતે બંધનકારક નથી. તે તો વ્યાપાર પૂરતા જ હોય છે. શરીર છે ને વ્યવહાર પણ ચાલે છે ત્યાં સુધી હું ને મારું તથા તું ને તારું એવા ભાવના શબ્દપ્રયોગો કરવાં જ પડે છે, કેમ કે તેના વિના વ્યવહાર ચાલે નહિ. માટે તે કરે છે. પણ સ્વરૂપના સંપૂર્ણ જ્ઞાનની, પરમાત્માના અનુભવની ને અલિપ્તતાની જ્યોતિ એના અંતરમાં એવી જ અબાધિત, અખંડ કે કાયમ રહે છે. એને પરિણામે જે અહં ને મમ રહે છે તે નામનાં જ હોય છે. સામાન્ય માનવનાં અહં ને મમ માં આભ-જમીનનો તફાવત હોય છે. એટલે એટલા જ પરથી એવા અનુભવી મહાપુરુષોને ઓળખવાની કોઈએ ભૂલ કરવાની નથી.

એક બીજી વાત- નિર્વિચાર અથવા નિર્વિકલ્પ સમાધિને જીવનને કૃતાર્થ કરનારી છેલ્લી સમાધિ કહેવામાં હરકત નથી. કેમ કે મનની પ્રસન્નતા ને ઋતંભરા પ્રજ્ઞા તેને પરિણામે જ પ્રાપ્ત થાય છે ને તે પ્રજ્ઞાની મદદથી જ જીવન ધન્ય બને છે. પતંજલિએ કહેલી કૈવલ્યદશા કે નિર્બીજ સમાધિ એથી જ આવી

મળે છે. એટલે નિર્વિકલ્પ સમાધિને સર્વોત્તમ માનવાની જે પદ્ધતિ આપણે ત્યાં મોટા મોટા સંતો ને પંડિતોમાં પણ પ્રચલિત છે તે કાંઈ ખોટી નથી જ.

મહર્ષિ પતંજલિના યોગદર્શનનો પહેલો અધ્યાય સમાધિપાદ હવે સંપૂર્ણ થાય છે. મેં પહેલેથી જ કહ્યું છે કે હું કોઈ નાનો કે મોટો પંડીત નથી. મારી મતિ અલ્પ છે, છતાં પણ યોગદર્શન પ્રત્યેના પ્રેમથી પ્રેરાઈને મારા પોતાના આનંદ માટે, ઈશ્વરની કૃપાથી, આ કામ કર્યું છે. તેમાંથી કોઈ બીજાને પણ લાભ થશે એવી આશા છે. વિચારમાં વીતેલો મારો વખત તો સુખદ ને સફળ જ થયો છે ને કોઈ બીજા રસિકજનનો સમય પણ એ જ રીતે સુખદ ને સફળ થશે તો મને ખરેખર આનંદ થશે. આપણે ત્યાં ને બીજે બધે જ સાહિત્ય વધતું જાય છે. પણ ગંભીર રીતે વિચારવાની ટેવ ઘટતી જાય છે. ચિંતનપ્રધાન સાહિત્ય વાંચવા વિચારવાનો રસ ઓછો થતો જાય છે. એથી આનંદ પામવા જેવું નથી. સ્વતંત્ર ને સમૃદ્ધ બનેલી ને બનવા માગતી પ્રજાએ ચિંતન ને મનનની રસવૃત્તિ કેળવવી જ જોઈએ. સાધકે તો એવી વૃત્તિને વિકસાવવી જ રહી. સાધકોને આપણે અત્યંત પ્રેમપૂર્વક કહીશું કે સંસાર પરિવર્તનશીલ છે. એમાં આસક્તિ ના રાખો. એક પરમાત્મા જ સનાતન ને સંપૂર્ણ છે. માટે તેને જ પ્રેમ કરો. તેને મેળવવા ને જાણવા તૈયાર થાવ. કમર કસીને મહેનત કરો. આ સંસારમાં તમારે ફાળે આવેલો જીવનનો પાઠ પૂરો થાય ને તમે વિદાય થાવ તે પહેલાં બને તેટલી સાધના કરીને આ કામ કરી લો ને કૃતાર્થતાનો કાયમ માટે અનુભવ કરો. મહાપુરુષોનાં વિચાર કે અનુભવ તમારી પ્રેરણા ને તમારા પથપ્રદર્શન માટે ખુલ્લાં છે. અનુભવી મહાપુરુષો પણ હયાત છે. તેમનો બધાં પ્રકારના પૂર્વગ્રહ છોડીને લાભ લો. જીવનને ધન્ય કરો. મુક્ત કરો, ને બીજાની ધન્યતા, પૂર્ણતા કે મુક્તિના મહાન કાર્યમાં તમે પણ પ્રમાણમાં મદદરૂપ બનો.

## ॥ સમાધિપાદ સંપૂર્ણ ॥

# ॥ ૨. સાધનપાદ ॥

**[૧] ક્રિયાયોગની સમજ**

યોગદર્શનના સમાધિપાદની વિચારણા આપણે પ્રભુની કૃપાથી પૂરી કરી. એમાં મોટા પ્રમાણમાં સમાધિની માહિતી પૂરી પાડવામાં આવી છે એટલે એને સમાધિપદનું નામ આપવાનું કામ બરાબર ને બંધબેસતું જ છે. નિર્વિકલ્પ સમાધિ કે કૈવલ્ય દશાની એવી અનુભૂતિ કરવાનું કામ શું સહેલું છે કે ? એકલે હાથે આગળ વધીને એ કામ ભાગ્યે જ કરી શકાય. જન્માંતરના અત્યંત પ્રબળ સંસ્કાર ને આ જન્મે ભારે તૈયારી હોય તો જ કોઈક અસાધારણ પ્રતિભાવાળો વિરલ સાધક, સાધનાના આ અટપટા માર્ગમાં પોતાની મેળે આગળ વધી શકે, બાકી બીજા મોટા ભાગનાં માણસોને તો બહારનું માર્ગદર્શન જોઈએ. એમને માટે ગુરૂ અથવા પથદર્શકની જરૂર રહેવાની જ. એ વાતનો આપણે ઈન્કાર નથી કરી શકતાં. યોગની વિકટ સાધનામાં તો ગુરૂ જોઈએ જ. તે વિના રસ્તો કાપવાનું મુશ્કેલ થઈ પડે. ગુરૂની મદદ એ રીતે આજ સુધી અનેકે લીધી છે, ને ગુરૂએ પોતાના જીવનના વિકાસમાં ભજવેલા મહત્વના ભાગ બદલ ગદ્‌ગદ્ ને કૃતજ્ઞ થઈને એમને અંજલિ પણ આપી છે. મહાન જ્ઞાની, અનુભવી ને વેદાંતી કવિ અખાએ ગુરૂના ગુણ અથવા ઉપકારને યાદ કરીને પોતાના અંતરના ઉમળકાને કેવી સરળ ને સચોટ રીતે રજૂ કર્યા છે ! જુઓ એનું એક પદ:

અમને વૈદ મળ્યા ગુરૂદેવ, ગોળી રે આપી જ્ઞાનની.
પંચ વિષયનો રોગ ભારી, ને બગાડશું શરીર સારું;
અમને ગુરૂ મળ્યા પરમાર્થી રે, નાડી જોઈને કર્યો વિસ્તાર ... ગોળી રે.
નામ નસ્તર મૂકિયાં ને માંય ઓસડ વાટ્યાં વૈરાગ્ય;
ચરી પળાવી રહેણી રાતદિવસની, તેમાં કબુએ ન લાગે ડાઘ ... ગોળી રે.
અનુભવ ઓસડ આરામ થવા, ને ધ્યાન ધનંતર વૈદ;
પંચરોગી મટી નીરોગ થાય રે, પછી અમર રહ્યા અદ્વૈત ... ગોળી રે.
શૂન્યમાં મહા શહેર વસાવ્યું, ને વસ્તી કીધી ઉજાડ;
કાળ ઊભો સ્તુતિ કરે, પછી જખ મારે જમ જાળ ... ગોળી રે.
બ્રહ્માનંદનો ભ્રમ ભાગીને જાગ્યો અનુભવ સાર;
અમને વૈદ મળ્યા ગુરૂદેવ, ગોળી રે આપી જ્ઞાનની.

ગુરૂ ખરેખર એવા જીવનનું સાફલ્ય કરી દેનારા વૈદ જ છે. ભૂત, ભવિષ્ય અને આજે અસ્તિત્વ ધરાવનારા સદ્‌ગુરૂને પ્રણામ કરી, એમના આશીર્વાદ માગીને, આપણે વધીએ છીએ. એમની કૃપાદૃષ્ટિ આપણું ને સૌનું કાયમને માટે કલ્યાણ જ કરશે.

આગળ આપણે જેની વિચારણા કરી લીધી એ સમાધિપાદ યોગમાર્ગના મુખ્ય સિદ્ધાંતોનું શાસ્ત્ર છે. યોગ સાધનાનો ટૂંકસાર, નિષ્કર્ષ અથવા ઉપોદ્‌ઘાત એમાં આવી જાય છે. ખેડૂત જેમ ઉત્તમ પ્રકારનાં બીજને

સાચવી રાખે છે તેમ મહર્ષિ પતંજલિએ એમાં સાધનાના અનુભવનાં ઉત્તમ બીજનો સંગ્રહ કર્યો છે. એ દૃષ્ટિએ એનું મહત્વ ઘણું છે. યોગ શું છે ? યોગથી શું કરવાનું છે, ને કેવી રીતે કરવાનું છે, તેનો ખ્યાલ એના પરથી સહેજે આવી જાય છે. એ રીતે જોઈએ તો યોગના સુંદર વિષયનો તાગ મેળવવા એકલા સમાધિપાદનો વિચાર પૂરતો થઈ પડે તેમ છે. હવે આપણે સાધનપાદનો વિચાર કરી રહ્યાં છીએ. સાધનપાદ એક પ્રકારની પ્રયોગશાળા છે, ને તેનો વિચાર એ પ્રયોગશાળાનો પરિચય કરવા જેવો છે.

શરીરમાં મુખ્યત્વે ત્રણ અંગો છે : મસ્તક, હૃદય ને ચરણ. શરીરને ધારણ ને પોષવા માટે તે ત્રણે જરૂરી છે. તે ત્રણે અનુક્રમે વિચાર અથવા ચિંતન કે મનનનાં, ઉર્મિનાં ને કર્મનાં કેન્દ્ર કે પ્રતિક છે. સફળ ને સંપૂર્ણ જીવનને માટે એ ત્રણેનો સમન્વય જરૂરી છે. એ ત્રણે પોતપોતાના સ્થાનમાં અત્યંત અગત્યનાં હોવાથી એમાંથી એકેની અવગણના ના થઈ શકે. યોગ અથવા યોગની સાધનાના પણ પતંજલિ મુખ્યત્વે ત્રણ અંગો કહી બતાવે છે. એ ત્રણેને તે ક્રિયાયોગને નામે ઓળખાવે છે. એ ત્રણેના વિકાસ તથા સમન્વય પર ભાર મૂકે છે. એવો સમન્વય સાધનામય જીવનને માટે મંગલકારક છે એમ તેમનું માનવું છે. ને એવી માન્યતા કાંઈ નકામી ને નિરાધાર નથી એની પાછળ અનુભવનું પીઠબળ ને ઊંડી વિચારશક્તિ છે.

જેણે આગળ વધવું છે તેણે સ્વતંત્ર રીતે ચિંતન ને મનન કરવાની ટેવ કેળવવી જ જોઈએ. તેને માટે સ્વાધ્યાયનો રસ કેળવવો જ રહ્યો. કેમ કે સ્વાધ્યાયથી કેટલીક જરૂરી વાતો સમજાય છે, વિવેક ને વિચારશક્તિનો વિકાસ થાય છે, ને છેવટે સ્વતંત્ર રીતે વિચારવાની ને નિર્ણય પર પહોંચવાની શક્તિ મળે છે. જ્ઞાનયોગનું શરૂઆતનું ફળ એ જ છે. જ્ઞાન અથવા માહિતી વિના જીવનમાં શું કરવાનું છે, કેવી રીતે કરવાનું છે, ને શા માટે કરવાનું છે, તે કેવી રીતે સમજી શકાય ? માટે પણ સ્વાધ્યાયની જરૂર છે. છતાં સ્વાધ્યાયની ને સ્વતંત્ર રીતે વિચારવાની પદ્ધતિ આપણે ત્યાં અત્યંત ઓછા પ્રમાણમાં પ્રચલિત છે એ એક હકીકત છે ને ખરેખર ખેદજનક હકીકત છે. વિચારશક્તિને કેળવવાની ને સત્યાસત્યને કે શુભાશુભને શોધી કાઢવાની કળા સૌને માટે ઉપયોગી છે. સાધકને માટે ખૂબ જ. કેમ કે તે વિના સાધનાનો અટપટો માર્ગ સરસ ને સાંગોપાંગ રીતે પાર ના જ કરી શકાય. જે પ્રજા વિચાર કરવાની શક્તિ ખોઈ નાખે છે તેનો વિકાસ અટકી જાય છે. તે ધીરે ધીરે દરિદ્ર બને છે ને બરબાદીને માર્ગે આગળ વધે છે.

પરંતુ એકલા અધ્યયન ને ચિંતન-મનનમાં સંતોષ માનીને બેસી રહેવાનું નથી, એથી આગળ વધવાનું છે. એ બધું જીવનને ઉજ્જવળ કરવા માટે છે એ યાદ રાખીને જીવનને એની અસરથી ભરી દેવાનું છે. જે સારું છે તે જીવનમાં ઊતરે ને પચે તથા જે ખરાબ છે તે જીવનમાંથી બાદ થાય એનું ધ્યાન રાખવાનું છે.

માણસને હૃદય પણ છે, ભાવના, લાગણી ને પ્રેમ છે, ને તેનો વિકાસ પણ સાધનામાં જરૂરી છે. ભાવના, લાગણી ને પ્રેમના સ્વરૂપને શુદ્ધ બનાવીને તેમને પરમાત્મા માટે ને પરમાત્માની તરફ વહેવડાવતાં શીખવું જોઈએ. ભક્તિની સાધના એ માટે જ કરવામાં આવે છે. જ્ઞાન ગમે તેટલું ગહન હોય તો પણ ભાવના ને પ્રેમ વિના નીરસ ને ભારરૂપ થઈ પડે છે. વળી ભાવના ને પ્રેમભક્તિ જરૂરી વિવેક વિના વેવલી, જડ ને વિલાસીતા તરફ લઈ જનારી થઈ જાય છે. માટે જ જ્ઞાનને ભક્તિ અથવા મગજ ને હૃદયના સમન્વયની જરૂર છે. સંસારી પ્રેમના પ્રવાહને જો પ્રભુ તરફ વાળતાં શીખી લઈએ કે પ્રેમને પ્રભુમય કરી દઈએ તો તે

પ્રેમ કલ્યાણકારક થઈ પડે છે. ભક્તિનો મર્મ એ જ છે. ભક્તોની કોઈ વાતમાં વાંચવા મળે છે કે અમુક ભક્તે કામવાસનામાંથી મુક્તિ મેળવવા આંખો ફોડી નાંખી, તેથી કાંઈ જોવાનું ને કોઈના પ્રત્યે આકર્ષવાનું રહે જ નહિ. તેવી વાતોમાં ભક્તિની ભાવના સારી છે. પોતાની જાતને સુધારવાની તીવ્રતાનું તેમાં દર્શન થાય છે. પણ તે માટેની પદ્ધતિને સારી કે આદર્શ ના કહી શકાય. બીજા કોઈને તેવી પદ્ધતિનું અનુકરણ કરવાની ભલામણ ભૂલેચૂકે પણ ના કરી શકાય. કોઈ ભક્તને કોઈક કારણસર એવી પદ્ધતિનો આધાર લેવો પડ્યો હોય તો પણ, એ પદ્ધતિ આદર્શ ને અભિનંદન આપવા જેવી નથી જ. આદર્શ ને અભિનંદનીય પદ્ધતિ તો આંખ ને  અંતરને પલટાવવાની ને વધારે ને વધારે નિર્મળ તથા પ્રભુમય કરવાની જ છે. સાધક, ભક્ત કે સામાન્ય માનવને માટે તે જ કલ્યાણકારક છે. ભાવના કે લાગણી સાથે જો વિવેક ભળે તો આ વાત સહેલાઈથી સમજી શકાય. એ સમજનો સદુપયોગ કરીને જીવનને નિર્વિકાર ને ધન્ય પણ બનાવી શકાય.

પતંજલિએ કહેલી ત્રીજી જરૂરી વસ્તુ તપ છે. તપને નામે આપણે ત્યાં ભાતભાતનાં ને જાતજાતનાં વિચારો પ્રચલિત છે. પણ તપનો મુખ્ય સાર તન, મન ને વચનનો સંયમ. તપ મુખ્યત્વે એટલા માટે જ છે. તે માટે મદદરૂપ થઈ પડતી જુદી જુદી ક્રિયાઓનો પણ તેમાં સમાવેશ થાય છે. પણ માણસનો સ્વભાવ જ એવો છે કે, સમય જતાં તે વસ્તુને પકડી રાખવા ખાતર પકડી રાખે છે ને તેના હેતુને ભુલી જાય છે; તપના સંબંધમાં કંઈક અંશે એવું જ થયું છે. તેથી તપની પ્રવૃત્તિ રૂઢ, જડ, નામ માત્રની, વિવેક વિનાની ને વિકાસમાં ફાળો ના આપનારી થઈ ગઈ છે. તેમાં સંશોધન કરવાની જરૂર છે. તે માટે ગીતામાં કહેલાં ત્રણ પ્રકારનાં તપનો વિચાર કરવાનો છે. યોગદર્શનમાં કહેલી સાધનાની જુદી જુદી પ્રક્રિયાઓ પણ તપની અંદર જ આવી જાય છે.

તપ, સ્વાધ્યાય ને ઈશ્વરની શરણાગતિ કે ભક્તિ ત્રણેનો ક્રિયાયોગમાં સમાવેશ થાય છે. આદર્શ યોગીમાં એ ત્રણેનો સુયોગ્ય સમન્વય હોવો જોઈએ. એમાંથી એકે તરફ સૂગ રાખવાનું કે બેદરકાર બનવાનું નકામું છે. **समाधिभावनार्थः क्लेशतनूकरणार्थश्च ॥२॥**

**[૨] ક્રિયાયોગનું મુખ્યકામ**

ત્રિવેણીસંગમનો મહિમા આપણે ત્યાં ઘણી સારી રીતે ગાવામાં આવ્યો છે. એ સંગમનું દૃશ્ય અનેરું જ છે. ખરી રીતે કહીએ તો બે કે ત્રણ નદી જ્યાં ભેગી થતી હોય તે સ્થાનની શોભા કોઈ અજોડ ને અનેરી જ હોય છે. પ્રયાગરાજને એટલા માટે જ તીર્થરાજ કહેવામાં આવે છે.

ક્રિયાયોગનો વિચાર કરતી વખતે આપણને એ તીર્થરાજનું સ્મરણ થાય છે. ક્રિયાયોગમાં ગંગા, જમના ને સરસ્વતીની જેમ તપ, સ્વાધ્યાય ને ભક્તિનો સુખદ સમન્વય થાય છે, ને તેને પરિણામે જીવન કૃતાર્થ થાય છે. પ્રયાગના પેલા ત્રિવેણી સંગમ કરતાં પણ આ સમન્વયનો સાધના સંગમ વધારે ઉત્તમ ને અગત્યનો છે. કેમ કે પ્રયાગના સંગમમાં સ્નાન કરવાથી કામચલાઉ શક્તિ મળે છે ને મનને તાત્કાલિક આરામ; પરંતુ સાધનાના આ સંગમમાં સ્નાન કરવાથી તો જીવન તદ્દન જુદું જ બની જાય છે ને અલૌકિક થાય છે. તન, મન ને અંતરના બધાં અણુ-પરમાણુ પલટાઈ જાય છે. જીવનને પરમ શાંતિ ને મુક્તિના મહિમાથી એ ભરી દે છે. એ માટે એનાં જેટલાં ગુણગાન ગાઈએ એટલાં ઓછાં છે.

કોઈ પણ કર્મ કોઈ પણ પ્રકારના ઉદ્દેશ વિના તો થતું જ નથી. નાના ને મોટા બધી જાતનાં કર્મોનો કોઈ ને કોઈ હેતુ હોય જ છે. સાધનાનું મહાન કર્મ પણ કોઈ પણ પ્રકારના હેતુ વિનાનું કેવી રીતે હોઈ શકે ? ઉપર કહેલા ક્રિયાયોગનાં બે હેતુ પતંજલિ કહી બતાવે છે. એક હેતુ સમાધિની પ્રાપ્તિનો ને બીજો જુદા જુદા ક્લેશોને હળવા કરવાનો છે. યોગની સાધનામાં સમાધિનું મહત્વ ઘણું મોટું છે. એટલા માટે તો યોગદર્શનની શરૂઆતમાં જ સમાધિપાદની રચના કરવામાં આવી ને સમાધિની સમજૂતી આપવામાં આવી છે. સમાધિ, સ્વરૂપનો સાક્ષાત્કાર તથા તે દ્વારા મળતી જીવનમુક્તિની મહાદશાને લક્ષ્ય કરીને જ યોગનાં આસન, પ્રાણાયામ, ધારણા ને ધ્યાન જેવી સાધના કરવામાં આવે છે. સમાધિ એ યોગની સર્વોત્તમ અવસ્થા છે ને વિકાસને માટે ખૂબ ખૂબ મહત્વની છે. તેને માટે ભારે પુરુષાર્થ ને શાતિપૂર્વકની એકધારી કે સતત સાધના કરવામાં આવે છે ત્યારે તેની પ્રાપ્તિ કોઈ ધન્ય ઘડીએ ને લાંબે વખતે થઈ શકે છે. એ પણ એટલું જ સાચું છે કે સમાધિની અનુભૂતિ થયા પછી જ સાધકને શાંતિ ને સંતોષ મળી શકે છે. તેના વિના એનાં અસંતોષનો અંત નથી આવતો.

**[3] પાંચ ક્લેશ**

હવે એક બીજા પ્રશ્નનો વિચાર કરી લઈએ. કોઈ જિજ્ઞાસુ પૂછે છે, 'સમાધિ સાધકને માટે ખરેખર જરૂરી છે, ને તેના વિના ના ચાલે અથવા જીવનનું શ્રેય ના સાધી શકાય ?'

એ પ્રશ્નના ઉત્તરમાં આપણે કહીશું કે યોગમાર્ગની સાધનામાં સમાધિનું સ્થાન ખૂબ ખૂબ મહત્વનું છે. તેના વિના પરમાત્માનું દર્શન કે સ્વરૂપનો સાક્ષાત્કાર તદ્દન અસંભવ થઈ પડે છે. યોગદર્શનની અત્યાર સુધી વિચારણાનું ધ્યાન રાખનાર એ વાત સહેલાઈથી સમજી શકે તેમ છે. એટલે યોગમાર્ગે આગળ વધવાની ઈચ્છાવાળા સાધકે તેની સિદ્ધિ કરવી જ જોઈએ. તેને તેના વિના ન જ ચાલી શકે. જ્ઞાનીને માટે પણ આત્માની અપરોક્ષ એવી અનુભૂતિને માટે નિર્વિકલ્પ સમાધિની અનુભૂતિ આવશ્યક છે, એવો શ્રી શંકરાચાર્યનો ચોક્કસ અભિપ્રાય છે. તે વિના જ્ઞાની પરમાત્માના પ્રત્યક્ષ અનુભવથી ને પરમાત્માની નિષ્ઠાથી વંચિત રહી જાય છે એ નક્કી છે. વિષયોની રહી સહી રસવૃત્તિ સંપૂર્ણપણે શાંત થવાનું તેના વિના મુશ્કેલ બની જાય છે. એટલે જ્ઞાનમાર્ગના મુસાફરે પણ સમાધિનો અનુભવ કરવો જ રહ્યો. સમાધિ કોઈ સાધ્ય વસ્તુ તો નથી જ. પણ સાધ્ય વસ્તુની સિદ્ધિમાં મદદરૂપ હોવાથી જ એનો આધાર લેવાનો છે એ ભૂલવાનું નથી.

હવે રહી ભક્તની વાત. તો ભક્તને પણ જો ધ્યાનની મદદથી પોતાના પ્રિયતમ પ્રભુના દર્શનની ઈચ્છા હશે તો તેણે ધ્યાનથી સાધના કરવી પડશે. ધ્યાનની રુચિ કે રસવૃત્તિ પણ કેળવવી પડશે ને છેવટે પ્રભુની ઝાંખી સમાધિમાં કરવી રહેશે. પણ જો ભક્તની ઈચ્છા ઉઘાડી આંખે અથવા જાગૃત દશામાં જ પ્રભુનું દર્શન કરવાની હોય તો તેને સમાધિમાં પ્રતિષ્ઠિત થવાની જરૂર નહિ રહે. તે તો ઉઘાડી આંખે થતાં ઈશ્વરના અલૌકિક દર્શનમાં જ સંતોષ પામશે. આનંદ મેળવશે ને જીવનની ધન્યતાનો અનુભવ કરશે. ધ્યાન, ધારણા, પ્રાણાયામ, મુદ્રા કે સમાધિ જેવી કોઈયે યોગક્રિયાની તેને જરૂર નહિ રહે. પ્રેમ તથા ઈશ્વરના મંગલ દર્શનને માટેની આતુરતા અથવા તો વ્યાકુળતા પર રચાયેલો તેનો ક્રિયાયોગ કોઈ જુદી જ જાતનો હશે. તે તો ઈશ્વરના સ્વરૂપનું ઉઘાડી આંખે જ દર્શન કરવા, ઈશ્વરના શ્રીમુખમાંથી નીકળેલા સુધામય શબ્દો સાંભળવા

તેમજ ઈશ્વરના શીતળ સ્પર્શના અલૌકિક આનંદનો અનુભવ કરવા માટે જ તલપાપડ બનીને શ્વાસ લેતો હશે. ઈશ્વરના દર્શનને પરિણામે આનંદમાં મગ્ન બનીને તે થોડીવારને માટે ને સહજ રીતે શરીરનું ભાન ભૂલી જશે. યોગની ક્રમિક સાધના કરીને સમાધિની સિદ્ધિ કરવાની જરૂર તેને નહિ રહે. તેવી સિદ્ધિ વિના તેને સહેજે ચાલી શકશે.

ક્રિયાયોગ ક્લેશને દૂર કરવા માટે પણ છે એ વાત પતંજલિએ આગળના સૂત્રમાં કહી દીધી છે. હવે તે ક્લેશના પાંચ પ્રકાર કહી બતાવે છે. તેમના કહ્યા પ્રમાણે પાંચ જાતના ક્લેશ આ પ્રમાણે છે :- અવિદ્યા, અસ્મિતા, રાગ, દ્વેષ ને અભિનિવેશ. સાધકે એ પાંચે ક્લેશની પકડમાંથી છૂટવા પ્રયાસ કરવાનો છે.

**[૪] ક્લેશનું સ્વરૂપ**

એ પાંચે પ્રકારના ક્લેશ ભાર અશાંતિદાયક છે ને કષ્ટકારક છે. તેથી તેમને ક્લેશના ખાસ નામથી ઓળખવામાં આવે છે. જીવનમાં જો તે સ્થાયી થઈ જાય તો વિસંવાદ ઊભો કરે છે ને જીવનને અનેક પ્રકારનાં બંધન તેમજ દુઃખની આવૃત્તિમાં નાખી દે છે. એટલે સાધકે એમનાથી સતત ને સારી પેઠે સાવધ રહેવું પડે છે. અવિદ્યા એ સૌની માતા છે. એના વિના બીજા ક્લેશનું અસ્તિત્વ એકદમ અસંભવ થઈ પડે છે. વિદ્યા અથવા તો જ્ઞાનનો પ્રકાશ થતાં, સૂર્યનો ઉદય થતાં જેમ અંધકાર દૂર થાય તેમ, તે દૂર થાય છે. આત્મજ્ઞાનનો ઉદય થાય એટલે તે ટકી જ ના શકે. અજ્ઞાનરૂપી અંધકાર હોય ત્યાં જ તે ઘર કરે છે. એટલે જ અવિદ્યાને એ સૌથી જનેતા કહેવામાં આવે છે. જ્ઞાનનો પાવન પ્રકાશ થયો એટલે અહંકાર અથવા અભિમાન ટકે જ કેવી રીતે ? સૂર્યનાં સોનેરી કિરણ બધે ફેલાયાં એટલે અંધકાર આપોઆપ અદૃશ્ય થઈ જાય જ. જુદા જુદા અહંકાર, રાગ ને દ્વેષ પણ જ્ઞાનનો પાવન પ્રકાશ થતાં દૂર થઈ જાય છે. મૃત્યુનો ને બીજો ભય પણ અજ્ઞાની અથવા અવિવેકીને જ હોઈ શકે. વિવેક કે જ્ઞાનની પ્રાપ્તિ થતાં તે ભય દૂર થાય ને માણસ સંપૂર્ણપણે નિર્ભય બની જાય છે, એ વાત તદ્દન સાચી છે. જ્ઞાન જ સૌ ક્લેશોને દૂર કરનારી એક માત્ર અલૌકિક ઔષધિ છે. પ્રભુનો પરમ પ્રેમ ને પ્રભુની ભક્તિ પણ એવી જ અકસીર ઔષધિનું કામ કરી શકે છે. પ્રભુની કૃપા પણ બધા જ ક્લેશ શાંત થઈ જાય. પરંતુ પ્રભની કૃપા, ભક્તિ, પ્રીતિ કે શરણાગતિની ભૂખ વિવેક અથવા તો સમ્યક્ જ્ઞાન વિના લાગવી મુશ્કેલ છે. એટલે, એ અર્થમાં જ્ઞાનને ક્લેશો નષ્ટ કરનારી એક માત્ર ઔષધિ કહી શકાય.

પતંજલિ કહે છે કે અવિદ્યા સિવાયના બીજા ચાર ક્લેશ ચાર સ્વરૂપે રહે છે. (૧) પ્રસુપ્ત (૨) તનુ (૩) વિછિન્ન ને (૪) ઉદાર. એમનો વિચાર પણ કરવા જેવો છે.

ક્લેશ મનમાંથી નિર્મુળ ના થયો હોય, મનમાં હયાત તો હોય જ, પણ પોતાનું કામ દેખીતી રીતે ના કરે ત્યારે તેને પ્રસુપ્ત કહેવામાં આવે છે. પ્રસુપ્ત એટલે સૂતેલો, મોઢે, માથે, પગે ઓઢીને સૂઈ ગયેલો. સુષુપ્તિમાં ચારે ક્લેશ પ્રસુપ્ત દશામાં હોય છે. જાગૃતિમાં કે સામાન્ય વ્યવહારમાં પણ કેટલીક વાર કોઈક કારણથી તે શાંત થયેલાં દેખાય છે. પરંતુ તે તદ્દન મર્યા નથી ને બીજ રૂપે કાયમ હોય છે. સંગ અથવા અનુકૂળ સંજોગ ને વાતાવરણ મળતાં તે પાંગરે છે ને પ્રબળ બનીને દર્શન દે છે. ત્યારે જ આપણને ને બીજાને તેમની હાજરીની ખબર પડે છે. તેમને ભૂગર્ભમાં રહેનારાં ને લાગ મળતાં સમય સાધીને બહાર

આવીને ઉપદ્રવ કરનારાં વિદ્રોહી જેવાં કહી શકાય. તેમની દશા સદાને માટે જોખમકારક છે. તે ક્યારે ને કેટલા પ્રમાણમાં ઉપાધિકારક થઈ પડે છે, તે વિશે કાંઈ ચોક્કસ ના કહી શકાય. બાળકમાં ક્લેશ નથી હોતા ? હોય છે ખરા પણ સૂતેલી દશામાં. તેવી રીતે કેટલાક વિદ્વાન ને ત્યાગી પુરૂષોમાં પણ તે સંતાકૂકડી રમતા હોય તેમ છુપાઈને પડ્યા હોય છે. કોઈ વાર તક મળતાં તે બહાર આવે છે. રાગ, દ્વેષ ને ભયના સંબંધમાં પણ એવું સમજી લેવાનું છે. માણસ આમ તો નિરહંકારી દેખાય ને રાગ, દ્વેષ તથા ભયથી રહિત લાગે, પણ અમુક પ્રતિકૂળ સંજોગોમાં કસોટી થતાં તેનું સ્વરૂપ એથી જુદું જ દેખાય છે. તે પરથી જાણી શકાય છે કે ક્લેશ એની અંદર પ્રસુપ્ત દશામાં પડેલાં હતાં.

ક્લેશનું બીજું રૂપ તનુ છે. તનુ એટલે સુક્ષ્મ. સાધના કરવાથી ક્લેશોની ક્લેશકારક શક્તિ ઓછી થાય છે ને ક્લેશ મંદ પડે છે. સાધકના પર એ પછી કોઈ ખાસ નોંધપાત્ર અથવા પ્રતિકૂળ પ્રભાવ નથી પાડી શકતાં. સાધકોને તે ચંચળ બનાવીને અશાંતિ તથા સર્વનાશને રસ્તે નથી લઈ જતાં, ત્યારે તેમને તનુ, સૂક્ષ્મ કે હળવા કહેવામાં આવે છે. પાતળાં પડી ગયેલાં પણ કહી શકાય. પહેલાં જ્યારે ત્યારે ને જેના તેના પર રાગ તથા દ્વેષ થયા કરતો, ભય પણ વારંવાર લાગતો, હવે એવો અભ્યાસ થઈ જાય છે કે કોઈના પરને નાછૂટકે જ રાગદ્વેષ થાય છે, કોઈક વાર જ અહંકાર જાગે છે ને લાગે છે. તે પણ જાગીને મનને વધારે વિચલિત કર્યા વિના કે ઊલટી અસર પહોંચાડ્યા વિના તરત ને આપોઆપ શાંત પણ થઈ જાય છે તથા મોટે ભાગે શાંત જ રહે છે. તે દશા પણ સારી છે. પણ તેમાંયે ક્લેશ તદ્દન નિર્મૂળ થતો નથી. તેથી તે દશાથી પણ આગળ વધવાનું છે. એવી અવસ્થાએ આવી પહોંચવાનું છે કે ક્લેશ થાય જ નહિ. એ અવસ્થાને આદર્શ ને ઉત્તમ કહી શકાય. વિવેક, પુરૂષાર્થ ને પ્રભુની કૃપાથી એવી અવસ્થા પણ મળી શકે છે.

હવે ક્લેશના ત્રીજા સ્વરૂપ વિશે. ત્રીજી જાતના ક્લેશને વિચ્છિન્ન ક્લેશ કહેવામાં આવે છે. વિચ્છિન્ન એટલે વહેંચાયેલ. અનેક વસ્તુ કે વ્યક્તિમાં વહેંચાયેલો ક્લેશ. તે ઉપરાંત છિન્નભિન્ન થયેલ અથવા વિશાળ કે વ્યાપક બનેલો. ક્લેશની એ અવસ્થામાં વાતાવાતમાં ને વારંવાર અહંકાર થાય છે. હાલતાં ચાલતાં કોઈની અંદર રાગ ને કોઈના તરફ દ્વેષભાવ થાય છે, તથા અત્યંત પ્રબળપણે થાય છે. મન એથી સ્થિર ને શાંત રહી શકતું નથી. મનોબળમાં પણ ઘટાડો થાય છે. એ અવસ્થા સાધકને માટે તો જરાય સારી ના કહી શકાય. સામાન્ય માણસને માટે પણ એ હાનિકારક છે. માણસોને અનેકાનેક સારી-નરસી વસ્તુનો રાગ હોય છે. તેમનું મન તે વસ્તુ તથા વ્યક્તિમાં આસક્ત થયું ને પૂરેપુરું બંધાઈને પરવશ થઈ ગયું હોય છે. તેના વિના તેમને ચેન જ નથી પડતું ને શાંતિ પણ નથી મળતી. તે વસ્તુ, વ્યક્તિ કે વિષય દૂર થવાથી તે તદ્દન બેબાકળા બની જાય છે, ને જીવનનો રસકસને ખોઈ બેસે છે. મમતા, રાગ અથવા આસક્તિની એ અવસ્થા એમને એકદમ અપંગ કરી દે છે ને કોઈવાર ભારે આપત્તિમાં મૂકી દે છે. એવી અવસ્થા બહુ સારી ન કહી શકાય. દ્વેષ પણ માણસોને જુદી જુદી જાતનો ને જુદાં જુદાં માણસો પર હોય છે. કેટલાકનું જીવન જ વેર, વિખવાદ નિંદા ને બીજાને હાનિ પહોંચાડનારાં કર્મોથી ભરેલું હોય છે. એમની આંખમાં ને એમના અંતર તથા અણુએ અણુમાં એનાં પરમાણુ રમી રહ્યાં હોય છે. સાધના, આત્મિક ઉન્નતિ ને સાંસારિક સુખાકારીને માટે એવી અવસ્થા જરા પણ સારી ના કહી શકાય. પોતાની ને સમાજની સુખાકારી, શાંતિ ને ઉન્નતિ માટે માણસે રાગ ને દ્વેષના એ વિષવર્તુળમાંથી મુક્તિ મેળવવી જ જોઈએ. સૌની સાથે સ્નેહનો સબંધ રાખવો જોઈએ ને સૌનું

સારું તાકવું જોઈએ તથા સારું થાય તેવો પ્રયાસ પણ કરવો જોઈએ. પણ તે બધું મમતા અથવા આસક્તિ વિના તદ્દન તટસ્થતાથી ને અલિપ્ત ભાવે થવું જોઈએ. એવી કળામાં કુશળ થવાની જરૂર છે. જીવનના રંગમંચ પરના એવા આવશ્યક છતાં અલિપ્ત અભિનયમાં સફળ થઈ શકાય તો જીવન સાચેસાચ સફળ થાય ને જીવનમુક્તિનો આનંદ એક વાસ્તવિક ને સહજ વસ્તુ બની જાય.

ક્લેશની વિચ્છિન્ન દશા દૂર કરવાનો એક ઉપાય ક્લેશને વિશાળ અથવા છિન્નભિન્ન બનતા અટકાવવાનો ને એકાગ્ર કરવાનો છે. ક્લેશને કોઈ એક જ વસ્તુ કે વિષય કે વ્યક્તિમાં સ્થિર કે કેન્દ્રિત કરવાની જરૂર છે. કોઈનો ક્લેશ એક જ વસ્તુ પર એકાગ્ર થયેલો હોય છે. તુલસીદાસને રાગ હતો ને ગાઢ અનુરાગ હતો. પણ તે પોતાની જ સ્ત્રીમાં હતો. બિલ્વમંગળનું પ્રેમપાત્ર પણ એકાદ-બે જ હતું, ચંડીદાસને રામી ધોબણમાં ને મેનાવતીને વિદ્યાપતિમાં જ રાગ હતો. પ્રતાપને કુળનું ગૌરવ હતું. કંસ અને રાવણને રામ પ્રત્યે જ દ્વેષભાવ હતો. એવી રીતે જ બીજાના સંબંધમાં પણ સમજી લેવાનું છે. એવી રીતે ક્લેશને કોઈ ઠેકાણે સ્થિર કરો અથવા ઈશ્વરને માટે વહેતો કરો. તેમના પ્રવાહને પરમાત્મા તરફ પલટાવો. તો તે બાધક નહિ પણ સાધક ઠરશે ને સાધકને માટે અમંગલ નહીં પણ મંગલકારક થઈ રહેશે. દરેક વસ્તુનો સારો તથા નરસો બંને જાતનો ઉપયોગ કરી શકાય છે. જો સારો ઉપયોગ કરતાં આવડે તો તે વસ્તુ ઉપયોગી થઈ શકે છે. રાગ ઈશ્વરમાં ને ઈશ્વરના પ્રેમી પુરુષોની સંગતિમાં કરો. સત્કર્મોનો રાગ પણ શરૂઆતમાં કરી શકાય. ગૌરવ રાખવું જ હોય તો ઉત્તમ ગુણોનું ને સંસ્કારોનું રાખો. ભય કુકર્મોનો કે કુવિચારોનો રાખો. દ્વેષભાવ ઈશ્વરમાં એટલા પૂરતો ધારણ કરો કે તેને કહી શકાય કે તું અમને દર્શન કેમ નથી દેતો ? તું સર્વસમર્થ, શાંતિસ્વરૂપ છે ને અમે અલ્પ ને અશાંત કેમ છીએ ? બીજાના પર તેં કૃપા કરી છે ને અમારા પર કેમ નથી કરી ? ઈશ્વરના થવામાં તથા રહેવામાં જ ગૌરવ લો તેમજ ભક્તિ, જ્ઞાન, સાધના ને કથામાં રાગ કરો.

વિછિન્ન ક્લેશનો બીજો અર્થ પણ છે. કોઈમાં રાગ થાય ત્યારે દ્વેષ તેના તરફ કામ ના કરે. તે દ્વેષની વિછિન્ન દશા થાય છે. તે વખતે દ્વેષ દબાઈ જાય છે કે દેખાતો બંધ થાય છે. પણ રાગ તૂટી જતાં તે કામ કરે છે. તેથી નક્કી થાય છે કે તે હૃદયમાં હતો જ. નહિ તો તે પ્રગટ થાય નહિ. તેવી રીતે સલામતી ને સત્સંગતિ હોય ત્યારે ભય, રાગ કે અભિમાન કામ ના કરે. મકાન પર ચોકીપહેરો હોય કે દિવસ હોય ત્યારે ભય ના લાગે. પણ અંધારૂં થતાં કે એકલાં પડતાં ભય લાગે. તે વખતે તે ક્લેશ પ્રકટ થઈને કામ કરતો દેખાય છે એટલું જ. બાકી મનમાં તેનું મૂળ તો હોય છે જ. પણ અનુકૂળતા અથવા પોષણના અભાવે તેનું દર્શન નથી થતું એટલું જ.

ક્લેશનું ચોથું સ્વરૂપ 'ઉદાર' છે. ઉદાર એટલે શું ? જે વખતે જે ક્લેશ જોરમાં હોય ને પોતાનું કામ પૂરેપૂરી શક્તિથી કરતો હોય તે વખતે તે ક્લેશને 'ઉદાર' કહેવામાં આવે છે. વધારે ઉદાર માણસ જેમ વધારે ભલમનસાઈ બતાવે ને મદદ કરે તેમ 'ઉદાર' થયેલો ક્લેશ માણસને પૂરી રીતે પરવશ કરી દે છે. રાગની એવી ઉદાર દશામાં માણસની આંખ આંધળી બને છે, ને તે વિવેક ખોઈ બેસે છે. ફાવે તેમ બોલે છે, ને મનમાન્યું કરવા માંડે છે. કોઈને તે પોતાના માની લીધેલા સાધારણ સ્વાર્થ ને લાભને માટે નુકશાન પહોંચાડે છે. દ્વેષ, ભય ને અભિમાનના સંબંધમાં પણ એવું જ સમજવાનું છે. પ્રેમ ને રાગમાં ઘણો ફેર છે. પ્રેમ કહે છે - 'જીનકી સાથ કિયા હૈ પ્રેમ, ઉનકો છોડ ચલો સપ્રેમ.'

રાગ કહે છે કે, 'ઉનકો છોડ ન ચલો.' છોડવાનું થતાં તે રડે છે, ક્લેશ ને કકળાટ કરે છે, બેચેન બને છે ને શાંતિ ગુમાવે છે. ક્લેશોની ઉદારતા જરા પણ ઈચ્છવા જેવી નથી. તેને વિદાય કરવા કે જડમૂળથી નાબૂદ કરવા પતંજલિએ કહી બતાવેલો ક્રિયાયોગનો આધાર લેવાની જરૂર છે. તો જ ધારેલું કામ સિદ્ધ થઈ શકશે ને શાંતિ મળી જશે.

**[૫] અવિદ્યા વિશે**

અવિદ્યાનું સ્વરૂપ સહેલાઈથી સમજી શકાય તે માટે પતંજલિ અવિદ્યાના ચાર પ્રકાર કહી બતાવે છે. તે કહે છે કે અનિત્ય, અપવિત્ર, દુઃખ ને અનાત્મામાં નિત્ય પવિત્ર સુખ ને આત્મભાવની જે પ્રતીતિ થાય છે એ અવિદ્યાને લીધે છે, ને એ અવિદ્યા જ કહેવાય છે. એટલે એ અનુભવી મહાપુરુષના કહેવા પ્રમાણે અવિદ્યા મુખ્યત્વે ચાર પ્રકારની છે.

(૧) અનિત્યમાં નિત્ય બુદ્ધિ (૨) અપવિત્રમાં પવિત્ર બુદ્ધિ (૩) દુઃખને સુખ માનવાની વૃત્તિ ને (૪) અનાત્મ પદાર્થને આત્મા માની લેવો ને તે પ્રમાણે વ્યવહાર કરવો તે.

એ ચારે પ્રકારની અવિદ્યાથી માણસ સામાન્ય રીતે બંધાયેલો છે. એની અસર નીચે આવીને એ અભિમાની બને છે, રાગ ને દ્વેષનો અનુભવ કરે છે તથા મૃત્યુના ને બીજી વસ્તુના ભયનો ભોગ બને છે. દુઃખ, દર્દ, બંધન ને અશાંતિ એને લીધે જ ઉત્પન્ન થાય છે ને વધે છે. સારાં નરસાં કર્મ પણ એથી પ્રેરાઈને થાય છે. માનવને જન્મ ને મરણની ગાડીમાં તેથી જ બેસવું પડે છે. એ અવિદ્યાનો અંત આવતાં જીવન ભેદભાવ ને રાગદ્વેષથી રહિત, શાંત ને મુક્ત બને છે. આમ અવિદ્યાનું મહત્વ એટલું મોટું છે. માટે જ આપણે ઉપર કહેલા એના પ્રકારને ટૂંકમાં છતાં સારી પેઠે સમજી લઈએ.

૧) અનિત્યમાં નિત્ય બુદ્ધિ : મનુષ્ય શરીર તથા આ દેખાય છે કે અનુભવાય છે એ જગત શું નિત્ય છે ? સદાને સારું એ એકસરખું રહેનારું છે કે ? બિલકુલ નહિ. પરિવર્તન પ્રકૃતિનો પ્રધાન સૂર છે. તેમાંથી પ્રકટ થયેલાં ને થતાં પદાર્થોનું પણ એવું જ છે. પદાર્થો ઉત્પન્ન થાય છે, વધે છે, વિકારને વશ થાય છે ને છેવટે એમનાં વર્તમાન રૂપમાં દેખાતા બંધ થાય છે. કળીમાંથી ફૂલ, ફૂલમાંથી ફળ ને છેવટે તેની સમાપ્તિ. ચંચળતાની ચકડોળ એ રીતે રાતદિવસ ચાલ્યા જ કરે છે. મનુષ્ય શરીર પણ એવું જ અસ્થાયી છે ને ? તે પણ જન્મે છે, વધે છે, ગુણદોષથી સંપન્ન કે વેરવિખેર થઈ જાય છે. માટે જ એને ક્ષણભંગુર કહે છે. એની અવસ્થા એકસરખી નથી રહેતી. તેનો નાશ નક્કી છે.

સામે જે જંગલ દેખાય છે તેમાં કહે છે કે પહેલાના જમાનામાં ઘણી વસ્તી હતી, ને સામે ઊભેલા ખંડેરોને સ્થાને મોટા મકાનો હતા. ગંગામાં એક વાર મોટું પૂર આવ્યું ને મકાનો તૂટી પડ્યાં. પાટલીપુત્ર, વૈશાલી, તક્ષશિલા, લંકા ને સોનાની દ્વારિકા આજે ક્યાં છે ? એવું તો ન જાણે કેટકેટલું કાળના કરાળ પ્રવાહમાં વિલીન થઈ ગયું છે ! જગત એવું જ અનિત્ય છે. શરીર પણ કાયમ માટે રહેનારૂં નથી. છતાં પણ કેટલાક લોકો તેમને નિત્ય કે સનાતન સમજીને એમાં જ રચ્યાપચ્યાં રહે છે, એ એક જાતનું અજ્ઞાન જ છે. એ બધું અનિત્ય છે એ વાતને યાદ રાખવાથી વૈરાગ્યમાં મદદ મળે છે ને મમતા, અહંકાર ને આસક્તિનો અંત આવે છે.

૨) અપવિત્રમાં પવિત્ર બુદ્ધિ : અપવિત્રમાં પવિત્ર બુદ્ધિ અવિદ્યાનું બીજું રૂપ છે. એવી બુદ્ધિ સંસારમાં ઘણાને હોય છે. શરીરના સંબંધમાં આ વાત વધારે સારી રીતે લાગુ પડે છે. શરીરનો વાસ્તવિક રીતે વિચાર કરીએ તો સમજાય છે કે શરીર બહારથી પવિત્ર ને સુંદર લાગે છે પરંતુ અંદરથી તો તદ્દન અપવિત્ર છે. એટલા માટે તો એને 'ગંદકીનું ઘર' પણ કહેવામાં આવ્યું છે. એની બહારની શોભા કે સુંદરતા જોઈને માણસ ભુલાવામાં પડે છે, અંધ બને છે, એને માટે લાલાયિત બને છે, ને છેવટે બરબાદીને માર્ગે પણ પગલાં ભરે છે. શરીરની સાચી પરિસ્થિતિનો વારંવાર વિચાર કરવામાં આવે તો એ પ્રમાણે ના બની શકે. જો કે શરીરની મલિનતાનાં મોટા મોટા ચિત્રો ને શબ્દચિત્રો દોરી બતાવનારા પણ શરીરના રસાસ્વાદમાં ડૂબેલાં દેખાય છે. તો પણ તેમાંથી છૂટવાની જેને તીવ્ર ઈચ્છા હોય તેને માટે તો અપવિત્રતાનો એવો વિચાર મદદરૂપ જ થઈ પડે છે.

શરીરના બહારના રૂપને જ જોઈને બેસી નથી રહેવાનું, પણ એની અંદરના પરમાત્માના પવિત્ર પ્રકાશનું દર્શન કરતાં શીખવાનું છે. શરીરનો મહિમા એને લીધે જ છે, ને એને અપવિત્ર છતાં પવિત્ર ને મંગળ માનવામાં આવે છે એ યાદ રાખવાનું છે.

૩) દુઃખને સુખ માનવાની વૃત્તિ : દુઃખને સુખ માનવું એ પણ એક જાતની અવિદ્યા છે. તેને પરિણામે દુઃખમય સંસારમાં સુખ લાગે છે. સંસારમાં અનેક જાતનાં દુઃખો છે. રોગનું, ઘડપણનું, નિર્ધનતાનું, બીજા નાનામોટા ક્લેશો ને ચિંતાનું, કુદરતી આફતોનું ને મરણનું - એવું અનેક પ્રકારનું દુઃખ આ સંસારમાં છવાયેલું છે. સંસારમાં સંપૂર્ણ સુખી ભાગ્યે જ કોઈ દેખાય છે. દરેકને કોઈને કોઈ ઉપાધિ, ચિંતા ને દુઃખ હોય જ છે. સુખ ચાર દિવસની ચાંદરણી જેવું કે ક્ષણિક છે. તે પણ બહારનાં પદાર્થો કે વિષયો દૂર થતાં દૂર થાય છે. પ્રકૃતિ આખી પરિવર્તનશીલ છે. એમાં શાશ્વત સુખી ક્યાંથી ? શાશ્વત સુખ તો એક પરમાત્મામાં જ છે. પણ તે વાત કોઈ વિરલા જ સમજે છે ને યાદ રાખે છે. પ્રકૃતિ આટલી સુખદ ને મોહક લાગે છે તો પરમાત્મા કેટલા બધા મોહક ને સુખદ હશે ! તે તો પ્રકૃતિના સ્વામી છે, સૂત્રધાર કે અધિષ્ઠાતા છે. એ પ્રમાણે વિચાર કરીને સંસારનાં વિષયોમાંથી મનને ઉપરામ કરવાની ને પરમાત્માની નિષ્ઠા કેળવવાની જરૂર છે.

સંસારમાં અનેક પ્રકારનાં દુઃખ છે એ વાત યાદ રાખવાથી સંસાર પ્રત્યે ઉદાસીન રહી શકાશે. પરંતુ એ વાતનો વિચાર કરીને જીવનને નિરસ કરી દેવાની કે ભારરૂપ માનવાની જરૂર નથી. દુઃખ છે પણ તે દુઃખને દૂર પણ કરી શકાય છે. એવી જ રીતે સુખ પણ છે, ને તેની પ્રાપ્તિને માટે પુરુષાર્થ પણ થઈ શકે છે. એટલે સંસારમાં દુઃખ હોય તો પણ જીવનને સાધના દ્વારા સુખમય કરીને સમસ્ત સંસારને સુખમય કરવાનો પ્રયાસ કરી શકાય છે, એ ભૂલવા જેવું નથી.

૪) અનાત્મ પદાર્થને આત્મા માની લેવો તે : અવિદ્યાનું એ ચોથું સ્વરૂપ છે ને તેનું દર્શન ઠેર ઠેર થાય છે. શરીર ને આત્મા બંને અલગ અલગ છે. તો પણ તે બંનેના ભેદને સહેલાઈથી ભુલી જવાય છે, ને પરિણામે શરીરને જે પોતાનું સ્વરૂપ માનીને માણસ સુખદુઃખ ભોગવે તથા બંધનમાં મોક્ષનો અનુભવ કર્યા કરે છે. પોતે આત્મસ્વરૂપ છે એ વાત જો સારી પેઠે સમજી લેવામાં આવે તો માણસને પરમ શાંતિ, સુખ ને મુક્તિનો અનુભવ કરતાં વાર ના લાગે. તે બધું તેને સહેજે મળી જાય. પોતાના મૂળ સ્વરૂપ અથવા મહિમામાં પ્રતિષ્ઠિત થતાં તેને વાર ના લાગે. તે પછી મરણ કે દુઃખથી પણ ડરે નહિ ને રાગદ્વેષ તથા

અહંકારથી પર થઈ જાય. પણ મોટાં ભાગનાં માણસો શરીરને સર્વસ્વ માને છે. શરીરના ધોરણ-પોષણ ને ભોગ માટે પાર વિનાની પ્રવૃત્તિ કરે છે ને આત્માને માટે કાંઈ જ નથી કરતાં. આત્માને ઓળખતાં પણ નથી. તેમનું દેહાભિમાન ઘણું ભારે હોય છે. શરીરની આસક્તિમાં એ અટવાયા કરે છે ને હર્ષશોક અનુભવે છે.

મહાપુરૂષોએ એટલા માટે જ 'હું કોણ ?' નો વિચાર કરવાનું કહ્યું છે. એ વિચાર કેટલાક લોકો માની બેસે છે તેમ કેવળ બુદ્ધિની કસરત કે તર્કનો વિલાસ નથી. એવી રીતે વિચાર કરવાની પદ્ધતિ ત્યારે જ સંપૂર્ણ ને સફળ થાય છે જ્યારે પોતાના મૂળ સ્વરૂપનો અનુભવ કરીને માણસ શરીરથી પર ને શાંત થાય છે તથા સમાધિની અલૌકિક અવસ્થાનો અનુભવ કરે છે. 'હું કોણ'નો એકલો વિચાર કરવાનો નથી પણ અનુભવાત્મક નિર્ણય કરવાનો છે એ યાદ રાખવાનું છે.

**[૬] અસ્મિતા**

આત્મા જેમ શરીરથી અલગ છે તેમ મન ને બુદ્ધિથી પણ અલગ અથવા અતીત છે. તેથી જ પેલા પ્રખ્યાત શ્લોકમાં શ્રી શંકરાચાર્યે ગાયું છે કે હું મન, બુદ્ધિ, અહંકાર તથા ચિત્ત નથી. પણ જ્ઞાન ને આનંદસ્વરૂપ આત્મા છું. 'મનોબુધ્યહંકાર ચિત્તાનિ નાહં' ને 'ચિદાનંદરૂપ શિવોડહં શિવોડહમ્.' પરંતુ અવિદ્યાનો નાશ થાય ને જ્ઞાનનો પ્રકાશ પેદાશ થાય ત્યારે જ એવો અનુભવ થઈ શકે છે. અજ્ઞાનની દશામાં એવો ઉત્તમોત્તમ અનુભવ નથી થઈ શકતો. તેવી દશામાં તો બુદ્ધિ જ આત્મા છે એવું લાગ્યા કરે છે. માણસ પોતે પોતાની બુદ્ધિ ને પોતાના મનના વિકાસ માટે જ મહેનત કરે છે, તથા તેવા વિકાસને જ જીવનનું સર્વકાંઈ માનીને બેસી રહે છે. મન ને બુદ્ધિનો વિકાસ નકામો છે એમ નથી. તેનું મહત્વ પણ પોતાના સ્થાનમાં છે ને ઘણું મોટું છે. પણ તેવો વિકાસ જ જીવનનું સાર સર્વસ્વ નથી. એટલે એથી આગળ વધીને, મન ને બુદ્ધિ જેના આધારે ટકી રહ્યાં છે તે આત્માની અનુભૂતિ પણ કરવી જોઈએ. ત્યારે જ તેમની વચ્ચેના ભેદની ખબર પડે છે. દૃશ્ય શક્તિ અથવા તો દૃષ્ટા પુરુષ ચેતન છે ને દર્શન શક્તિ કે બુદ્ધિ જડ. પરંતુ અવિદ્યાને એ બંનેની એકતા થઈ હોય તેવું લાગે છે. એને જ અસ્મિતા કહે છે. સાધનાની મદદથી અવિદ્યાનો નાશ થતાં એ અસ્મિતા પણ દૂર થઈ જાય છે.

એકલા આત્માને કોઈ અહંભાવ નથી હોતો, પરંતુ બુદ્ધિ સાથે જોડાઈને તે કોઈ દૃશ્ય વસ્તુને જુએ છે અથવા અનુભવે છે ત્યારે જ તે પેદા થાય છે, અથવા પ્રબળ બને છે. એના આઘાત ને પ્રત્યાઘાત રૂપે રાગદ્વેષ મારું તારું તથા સુખદુઃખની અસરો પણ ઉભી થાય છે. એટલે અહંભાવ અથવા અસ્મિતાની કિંમત ઓછી નથી આંકવાની.

જીવનનાં ધારણ, પોષણ ને બીજા વ્યવહારને માટે અસ્મિતાની જરૂર તો પડવાની જ. અહંભાવ વિનાનું જીવન ભાગ્યે જ બની કે ટકી શકવાનું. નિર્વિકલ્પ કે નિર્બીજ સમાધિમાં તે સંપૂર્ણપણે શાત થઈ જાય છે એ સાચું. પણ એવી સમાધિ પૂરી થયા પછી તો તે કામ કરે જ છે કે સ્ફુરે છે. એનો સર્વથા નાશ નથી થતો. પણ એનું સ્વરૂપ તો સમાધિના એવા અનુભવને પરિણામે સંપૂર્ણપણે બદલાઈ જાય છે. પછી એ અસ્મિતા કેવળ વ્યવહાર પૂરતી અથવા નામમાત્રની જ રહે છે. એથી એ અંતરાયરૂપ ને બંધનકારક નથી થતી. બીજો ફેર એ પડી જાય છે કે એ વિરાટ કે વ્યાપક બને છે. સમસ્ત સંસારમાં એનો પ્રસાર થઈ જાય છે.

સંસારમાં જે કાંઈ છે એ બધું આત્મામય જ લાગે છે. પોતાની અંદર જે આત્મા છે એ જ જુદા જુદા પદાર્થોમાં પ્રકટ થયો હોય એવો અનુભવ થાય છે.

અસ્મિતાને સંપૂર્ણપણે શાંત ન કરી શકો તો નવું રૂપ આપો ને વિશ્વવ્યાપક કરી દો. જે કાંઈ દેખાય છે ને અનુભવાય છે તે તમારું જ સ્વરૂપ છે એમ સમજી લો. એમ ના સમજી શકો તો પરમાત્મા તમારામાં ને સૌમાં પ્રકટ છે માટે સૌની સાથે તમે મૂળભૂત ને ગાઢ રીતે સંકળાયેલા છો - એવો એકતાનો અનુભવ કરવાનો પ્રયાસ કરો. એવી અસ્મિતાને વધારીને મિથ્યાભિમાની નથી થવાનું પણ મિથ્યા અહંકાર, ભેદભાવ ને રાગદ્વેષ દૂર કરવાના છે, ને જીવનને નમ્ર, નિષ્કપટ, સરળ ને સેવામય બનાવવાનું છે. એવી રીતે વિશાળ કરેલી અસ્મિતા બાધક બનવાને બદલે સાધક બનશે ને જીવન ધન્ય બનશે. તે બધી રીતે સુંદર, સુવાસિત ને કલ્યાણકારક કરી દેશે.

**[૭] રાગ**

મહર્ષિ પતંજલિએ કહી બતાવેલા પાંચ ક્લેશોમાં ત્રીજો ક્લેશ રાગ છે. રાગ પ્રેમ અથવા સ્નેહથી જુદો પડે છે. પ્રેમ ને સ્નેહ તો કલ્યાણકારક અથવા આશીર્વાદરૂપ થઈ પડે છે, પરંતુ રાગના સંબંધમાં તેવું નથી. રાગ અમંગલ, બંધનકારક ને દુઃખદાયક હોય છે, માટે જ તેને ક્લેશ કહેવામાં આવે છે. શરૂઆતમાં કોઈ વસ્તુ કે વ્યક્તિનો સંબંધ થાય છે, પરિણામે તેને માટે પ્રેમ, લાગણી કે સ્નેહ થાય છે. તે વસ્તુ કે વ્યક્તિમાં સુખ લાગે છે ને આનંદ મળે છે. એટલે પ્રેમ, સ્નેહ કે લાગણીમાં વધારો થાય છે. તેમાંથી તે વસ્તુ ને વ્યક્તિ માટેની ગાઢ મમતા અથવા આસક્તિ પ્રકટે છે. તેને જ રાગ કહેવામાં આવે છે.

એવા રાગને પરિણામે મનની દશા કેવી થઈ જાય છે તે જાણો છો ? તદ્દન પરવશ કે પરાધીન. જેમાં રાગ થાય છે તે પદાર્થમાં મન એવું તો બંધાઈ જાય છે કે વાત નહિ. તે પદાર્થ વિના બીજું કશું તેને ગમતું જ નથી. તે પદાર્થમાં તેને સ્વર્ગસુખ લાગે છે ને સંસારના બધા જ રસ એની આગળ ક્ષુલ્લક ભાસે છે. તે પદાર્થ તેનાથી દૂર થતાં તેનો બધો જ રસ ને આનંદ દૂર થાય છે, તે કકળે છે ને આકુળવ્યાકુળ બને છે. પ્રેમ કે સ્નેહમાં પણ એવી લાગણી થઈ શકે છે, પણ વિવેક અથવા સદ્‌બુદ્ધિનો નાશ નથી થતો. વિવેકની જ્યોતિ તેમાં સદાય જાગૃત રહે છે ને માનવનું મંગલ કરે છે. રાગ માણસને સ્વાર્થી ને અંધ બનાવી દે છે.

માણસોને જુદી જુદી વસ્તુમાં રાગ હોય છે. કોઈને શરીરમાં તો કોઈને ઘરમાં, કોઈને સગાંસંબંધીમાં તો કોઈને કોઈ પ્રેમપાત્રમાં, કોઈને ધનવૈભવ ને યશમાં તો કોઈને સત્તામાં ને જ્ઞાનમાં. રાગ એવા અનેક પ્રકારનાં હોય છે. એથી પ્રેરાઈને માણસ સારાં ને નરસાં, કરવાં જેવાં ને ના કરવા જેવાં કેટલાંય કામ કર્યા કરે છે. જેમાં રાગ છે તે વસ્તુ કે વ્યક્તિ અમર રહે તેવું તે ઈચ્છે છે. તેને માટે પોતાની વ્હાલામાં વ્હાલી વસ્તુનો ભોગ આપતાં પણ નથી અચકાતો.

ભર્તૃહરિને પિંગલામાં એવો જ રાગ હતો. એથી પ્રેરાઈને એણે પોતાને માટે મળેલું અમરફળ પિંગલાને આપી દીધું. પોતે અમર થાય તેના કરતાં પિંગલા અમર થાય તો સારું એની ઈચ્છા હતી, કેમ કે પિંગલા વિના પોતે એકલો અમર બનીને શું કરે ? પિંગલા વિનાનું જગત તેને માટે નીરસ થઈ પડે. તેવા જગતમાં તેને જીવવાનું ગમે જ કેવી રીતે ? પિંગલામાં તેને અતિશય અનુરાગ હતો. પરંતુ રાગનો એ પડદો

જ્યારે તૂટી ગયો ત્યારે તેને જબરો ધક્કો લાગ્યો. તેના શોક ને દુઃખનો પાર રહ્યો નહિ. તેને થયું કે એ રાગ નકામો હતો. એવે વખતે માણસ નિરાશ બનીને પોતાનો કે બીજાનો નાશ કરી નાખે. પોતાને જેમાં રાગ છે તે વ્યક્તિમાં બીજાને પણ રાગ થઈ શકે છે એ વાતની કલ્પના પણ તેને ભયંકર લાગે છે. એ વાતને સહન કરવાની શક્તિ તેનામાં નથી હોતી. તેથી તો એવી માહિતી મળતાં તે ભારે ક્રોધી બની જાય છે ને વિવેકને ખોઈ બેસે છે. એ દશામાં તે ના કરવાનું કરી બેસે છે. પણ રાજા ભર્તુહરિની વાત જુદી હતી. તે ભારે જ્ઞાની હતો. તેની પાછળ સત્પુરુષના સંગનું પીઠબળ હતું. એટલે તે વૈરાગ્ય ને યોગસાધનાને માર્ગે વધી ગયો.

રાગનો પડદો તૂટે છે ત્યારે તેની પ્રતિક્રિયા એવી જ પ્રબળ થાય છે. તે સારીયે થાય ને ખરાબ પણ થઈ શકે, વિકાસ પણ કરે ને પતન તરફ પણ લઈ જાય. જેવી બુદ્ધિ, જેવી સંગતિ ને જેવા સંસ્કાર. પરંતુ જે એક ઈશ્વરમાં જ રાગ કરે છે તે સદાય સલામત રહે છે. તેને શોક, દુઃખ કે બંધનનો ભય નથી સતાવતો. રાગ આમ ક્લેશરૂપ છે, પણ ઈશ્વરમાં થાય અથવા કોઈ બીજામાં પણ ઈશ્વરભાવે કરવામાં આવે તો કલ્યાણકારક થઈ પડે છે એ યાદ રાખવા જેવું છે. એક જ વસ્તુ ઔષધિ સાથેના અનુપાનના ભેદથી ઉત્તમ ને અધમ, લાભકારક ને નુકશાનકારક તથા મંગલ ને અમંગલ થઈ પડે છે એ વાત જાણીતી જ છે.

**[૮] દ્વેષ**

રાગની સાથેનો બીજો ક્લેશ દ્વેષ છે. રાગને ધક્કો લાગવાથી અથવા સફળતા ના મળવાથી, જેમાં રાગ હોય છે, તેમાં ને તે રાગની વચ્ચે જે અંતરાયરૂપ બનતા દેખાય છે તે સૌમાં દ્વેષ થાય છે. પરિણામે બધી બાજી બદલાઈ જાય છે. માણસનું આખું સ્વરૂપ જ ફરી જાય છે. જેની તરફ એ અમી નજરે જોતો તેને ઝેર ભરેલી નજરે જોતો થઈ જાય છે. અરે, એના તરફ જોવાનું પણ એને નથી ગમતું. જેના વખાણ કરતાં કે ગુણ ગાતાં તે થાકતો નહિ તેના ગુણ સાંભળતાં પણ તેને કંઈનું કંઈ થઈ જાય છે. એના અપશયમાં, એના પર મનફાવતા આક્ષેપો મૂકવા ને મુકાવવામાં ને એની નિંદા કરવામાં એને આનંદ આવે છે, તથા એ જ એનો સ્વભાવ બની જાય છે. જેને સુખી કરવા તે બનતું બધું જ કરી છૂટતો તે વધારે ને વધારે દુઃખી કેમ થાય, દબાઈ શી રીતે જાય ને તેને વધારેમાં ને વધારે નુકશાન શી રીતે થાય, તે વાતનો જ વિચાર તે કર્યા કરે છે. જેને તે પ્રેમ ને પૂજ્યભાવે પગે લાગતો તેને ધૃણાની નજરે જોયા કરે છે. તેની તરફના તેના વિચાર, વર્તન ને ભાવમાં આભ-જમીનનો ફેર પડી જાય છે. સામેની વ્યક્તિ તો એની એ જ હોય છે છતાં તેનો સ્વાર્થ ને મોહ ઘવાયો છે, એટલે એની તરફ તે દોષદૃષ્ટિથી જ જોયા કરે છે. પ્રેમ, ત્યાગ, બલિદાન કે સમર્પણની મોટી મોટી વાતો કરનાર માણસ કસોટીના એક જ દાવમાં, પ્રતિકૂળતાનો થોડોક પવન લાગતાં જ, બદલાઈ જાય છે. તેની કામુકતા ક્રોધનું ને તેનો રાગ દ્વેષનું રૂપ ધારણ કરે છે. એની અસર નીચે તે ભલો હોય છે તો પણ બુરો બની જાય છે, ન બોલવાનું બોલે છે ને ન કરવાનું કરી નાખે છે. તે વખતે સમજાય છે કે તેનો સંબંધ અથવા સ્નેહ સમજપૂર્વકનો, સાચો ને નિઃસ્વાર્થ ન હતો. તેનું હૃદય પણ સંકુચિત હતું. ઉપરથી દેખાતી માનવતાની અંદર તેના હૃદયમાં દાનવતાનો ભૂગર્ભ પ્રવાહ ચાલી રહ્યો હતો. ફક્ત તે અનુકૂળતાને લીધે બહાર આવતો ન હતો એટલું જ. હવે સંજોગો બદલાતાં પોતાના સંપૂર્ણ સ્વરૂપમાં ખીલી ઊઠ્યો, બહાર નીકળ્યો.

કૈકેયીએ રામને વનવાસ આપ્યો. રામની જગ્યાએ કોઈ બીજો સાધારણ માણસ હોય તો કેટલો દુઃખી થાત, ક્રોધે ભરાત ને બદલો લેવા તૈયાર થાય ! પણ રામની વિશેષતા એમાં જ હતી. તે તદ્દન તટસ્થ ને શાંત જ રહ્યા. કૈકેયી પ્રત્યે તેમને જરા પણ દ્વેષ ના થયો. વિધિની લીલા ને ઈશ્વરની ઈચ્છા એવી જ હશે તો એમાં પણ આનંદ. વનમાં જવું મારે માટે શ્રેયસ્કર હશે ને વન પણ મારે માટે મંગલકારક થશે એમ માનીને તે વનની વાટે વિદાય થયા, એ તેમની મહાનતા. એવી નિર્વૈરતાને કેળવવાનો પ્રયાસ કરવો જોઈએ. દ્વેષ ઈર્ષા ને નિંદાને છોડી તો દો જ પણ તેના શિકાર પણ ના બનો. મતલબ કે કોઈ તમારી નિંદા કરે, ઈર્ષા કરે કે તમારા તરફ વેરભાવ રાખે તો તેથી દુઃખી ને અસ્થિર અથવા ગમગીન થઈને અથવા તો વ્યાકુળ બનીને તેને વધારે પડતું મહત્વ ના આપો. તેને લક્ષમાં જરૂર લો ને તેની સામે જરૂરી નીતિ પણ નક્કી કરો. પણ તેને હસી કાઢતાં શીખો. યાદ રાખો કે વખાણ કરનારા કરતાં કાદવ ઉછાળનારાં ને સારાને બદલે બુરૂં તાકનારાં ને કરનારા જ માણસો વધારે છે. ઘુવડની પેઠે તે કોઈના પ્રકાશને નહીં જોઈ શકે ને કોઈ વાર કાગારોળ પણ કરી મૂકશે. તેને વધારે કે લગીરે મહત્વ ના આપો. હાથીની પેઠે મક્કમ રીતે આગળ વધીને તમારો પંથ કાપ્યે જાવ. જેમને ભસવાની ટેવ પડી છે તેમને ભસવા દો. તેને ખંખેરી કાઢતાં શીખો. તમારો રસ્તો સાચો છે એટલો સંતોષ તમારે માટે પૂરતો છે. નિંદા, ટીકા, ઈર્ષા ને વેરની અસર નીચે આવીને સત્યને છોડી ના દેશો. સૌનું સારું તાકો, સારું કરવાનો પ્રયાસ કરો ને સૌના સારામાં રાજી રહો. કોઈનું સારું ના થઈ શકે તો પણ ખરાબ તો થાય જ નહિ તેનું ધ્યાન રાખો.

**[૯] અભિનિવેશ**

અભિનિવેશ મુખ્યત્વે મરણના ભયને કહેવામાં આવે છે. મરણનો ભય કોને નથી ? મરણનો ભય-અથવા જીવનની ચાહના જે કહો તે એક જ છે ને તે લગભગ વિશ્વવ્યાપક છે. નાનામાં નાના પ્રાણીથી માંડીને મોટામાં મોટા પ્રાણી સુધીનાં સૌ જીવનને પસંદ કરે છે, ચાહે છે, ને મરણથી ડરે છે. મરણનો ભય જુદા જુદા જીવોના અંતરના ઊંડાણમાં પ્રવેશીને રહેલો છે. મૂઢ કે વિવેકી, સાક્ષર ને નિરીક્ષર સૌમાં તેનું દર્શન થાય છે. જાણે કે તે છેક સહજ ને સ્વાભાવિક હોય તેમ લાંબા વખતથી ચાલ્યો આવે છે.

એક નાનકડી કીડી પણ મરણ કરતાં જીવનને વધારે ઈચ્છે છે. તેને પકડવાનો પ્રયાસ કરો તો તે ગમેતેમ કરીને છટકી જવાની કોશિશ કરશે. પશુ ને પંખી સૌ મુક્ત જીવનના આનંદને વધારે પસંદ કરે છે. મસુરીના પર્વતીય પ્રદેશમાં હું ઘણી વાર કતલખાને લઈ જવાતાં બકરાંને જોતો. તેમના શરીર પર લાલ નિશાન દેખાતાં. માલિક તેમને વહેલી સવારે હાંકીને લઈ જતો. પણ તેમને જાણે કે ખબર પડી જતી કે તેમને મારી નાખવા માટે લઈ જવામાં આવે છે. તેથી તે ટોળામાંથી છટકવાનો પ્રયાસ કરતાં ને કોઈ તો બુમાબુમ કરી મૂકતાં. પણ મૂક છતાં મર્મભેદ રીતે થયેલી તેમની દયાની એ અરજી કોણ સાંભળે ? માલિક, ગ્રાહક કે કાપનાર કોઈને પણ એની અસર ના થતી. બહારથી બનીઠનીને ફરનારાં ને પોતાને સુસંસ્કૃત કે સુધરેલાં કહેનારાં સ્ત્રી-પુરૂષો પણ તેથી જરા પણ પ્રભાવિત ના થતાં. તે તો તેમના રસિયાં ને તેમની કતલમાં કારણરૂપ હતાં. કેમ કે તે જો તેમનું માંસ ખરીદતાં ને ખાતાં જ ના હોય તો તેમની કતલ થાત જ શા માટે ? પોતાના જીવનને પ્રિય માનનારાં લોકો બીજાના જીવનની કિંમત સમજતાં હોત તો એવું થઈ

શકત જ કેવી રીતે ? પણ પોતાને શિક્ષિત ને સુધરેલા મનાવતા માણસે હજી એ વાત શીખવાની છે. ત્યારે જ તે બીજાના જીવનની રક્ષા કરવાનું શીખી શકશે ને બીજાનો સીધી અથવા આડકતરી રીતે નાશ કરતાં અચકાશે.

સંસારમાં સૌ કોઈ જીવનને પસંદ કરે છે, ચાહે છે, ને ટકાવી રાખવા માંગે છે, તેમાં કાંઈ નવાઈ પામવા જેવું કે કોયડા જેવું નથી. તેના પરથી સહેજે સમજી શકાય છે કે મૃત્યુ એક વિકાર છે ને જીવની સહજ સ્વાભાવિક અથવા મૂળભૂત અવસ્થા જીવન છે. જીવ મરણધર્મી નહિ પણ અમર છે, તેનો તેથી પુરાવો મળે છે. અમરતા આત્માનું અસલ સ્વરૂપ છે તેથી તેમાં પ્રતિષ્ઠિત થવા ને એને અનુભવવા એ ઝંખે છે. મૃત્યુ કે નાશ તો શરીરનો થાય છે, આત્માનો નહિ. એ વાત આપણે ત્યાં પહેલેથી જ કહેવામાં આવી છે. જીવનની ચાહના એ રીતે સમજી શકાય છે.

જો આત્માની અમરતા અથવા નિત્યતાનો નિશ્ચય થાય તો મૃત્યુનો ભય નથી રહેતો. મૃત્યુ કુદરતી જ છે તો પછી તેનાથી ડરવાનું કોઈ કારણ નથી. જીવન પર તેના દ્વારા પડદો પડે છે એટલું જ. બાકી તેથી કાંઈ જીવનની સમાપ્તિ નથી થતી. નાટકનો એક અંક પૂરો થાય ને જેમ પડદો પડે, પણ તેથી કાંઈ નાટક પૂરૂં નથી થતું. તે પડદો પાછો ઊંચકાય છે ને આગળનો અંક પાછો શરૂ થાય છે. તે રીતે મૃત્યનો કામચલાઉ પડદો પડતાં જીવનના વિશાળ ને અનેકાંકી નાટકનો એક ચાલુ અંક પૂરો થાય છે ને બીજા આગળના અંકના આરંભની તૈયારી થાય છે એટલું જ. એ રીતે જો સમજી લેવામાં આવે તો મૃત્યુનો મિથ્યા ભય દૂર થાય.

મૃત્યુનો ભય દૂર કરવા જેવો છે પણ મૃત્યુનો વિચાર કલ્યાણકારક થઈ શકે છે. મૃત્યુ અવશ્યંભાવિ છે એમ જાણનાર જાણીને બેસી નહિ રહે, પણ તે માટેની જરૂરી તૈયારી કરી લેશે. સંસારની મમતા ને આસક્તિને કાઢી નાખવાનો કે હળવી કરવાનો તથા ઉત્તમ ભાવ, વિચાર ને કર્મનું ભાથું તૈયાર કરવાનો તે પ્રયાસ કરશે. જીવનને ઉજ્જવળ, સાધનામય ને પ્રભુપરાયણ કરવામાં તે તેને મદદ કરશે. ને મૃત્યુને જીતવું કે મારવું હોય અથવા મૃત્યુ પર શાસન કરવું હોય તો પણ, પરમાત્માનું શરણ લેવાથી અથવા સાધના કરવાથી તેમ થઈ શકે છે. તે દ્વારા અમરતાનો અનુભવ થઈ શકે છે. કવિ નરસિંહરાવ દીવેટિયાની કાવ્યપંક્તિને સાર્થક કરીને પછી સસ્મિત કહી શકાય છે કે 'મૃત્યુ મરી ગયું લોલ !'

### [૧૦] ક્લેશનો નાશ કરવો જોઈએ

અસ્મિતા, રાગ, દ્વેષ ને અભિનિવેશનો જ્ઞાનની મદદથી નાશ થઈ શકે છે. માટે આત્મજ્ઞાનનું શરણ લઈને તેમનો નાશ કરવાની જરૂર છે. આત્મજ્ઞાનના પરમ પવિત્ર પ્રકાશની પાસે ક્લેશોનો ઘોર અંધકાર નથી ટકી શકતો. આત્માનું જ્ઞાન જેને થઈ ચૂક્યું છે તે તો કાયમને માટે જાણી લે છે કે પોતે શાંતિસ્વરૂપ, આનંદરૂપ, એક ને અખંડ છે. તે સમજે છે કે તેને રાગ, દ્વેષ, ભય તથા મૃત્યુ પણ નથી. તેથી તેનાથી ડરવાની જરા પણ જરૂર નથી. તેનું જીવન છેક સ્વાભાવિક ને સરળ બની જાય છે. જ્ઞાનને પરિણામે પેદા થયેલી એ સમજ એ રીતે તેના જીવનમાં મોટી મદદ કરે છે.

પતંજલિએ આગળ પર કહ્યું કે તપ, સ્વાધ્યાય ને ઈશ્વર પ્રણિધાનનાં ક્રિયાયોગથી ક્લેશ હળવા થાય છે. ક્રિયાયોગનો એક હેતુ ક્લેશોને હળવા કે સૂક્ષ્મ કરવાનો છે એ વાત આગળ પર આવી ગઈ છે. પરંતુ

ક્રિયાયોગનું કામ કાંઈ એટલાથી જ પૂરું નથી થતું. અંકુરને ઊગી નીકળીને વિશાળ રૂપ ધારણ કરતાં કાંઈ વાર નથી લાગતી. તેમ હળવા કે સૂક્ષ્મ થયેલા ક્લેશ પણ અનુકૂળતા મળતાં વધવા માંડે છે ને વિરાટ રૂપ ધારણ કરે છે. તેમને વશ કરવાનું કામ મુશ્કેલ થઈ પડે છે. એથી કેટલીક વાર સાધક મોટી મુસીબતમાં મુકાઈ જાય છે. સુધરેલું કામ એથી બગડી જાય છે. એ દશામાં જીવનની સંપૂર્ણતા, શાંતિ ને મુક્તિ તથા સલામતીની ખાત્રી કેવી રીતે આપી શકાય ? તેવી ખાત્રી માટે તો ક્લેશોને હળવા બનાવીને બેસી રહેવાને બદલે એથી આગળ વધવું જોઈએ, ને તેમને નિર્બીજ કરીને તદ્દન શાંત કરી દેવાં જોઈએ. બરફવાળા ઊંચા પર્વતો પર જેમ અમુક જાતની વનસ્પતિ ઊગી જ નથી શકતી તેમ, તે કદી ઉત્પન્ન થાય ને મનમાં મૂળ ઘાલીને જામે જ નહિ તેવી પરિસ્થિતિ પેદા કરવી જોઈએ. તેવી પરિસ્થિતિ કેવી રીતે પેદા થઈ શકે ? ભક્તિ તેમાં મદદરૂપ જરૂર બની શકે. તેની વૃદ્ધિ થતાં પ્રભુની કૃપાથી ક્લેશ કાયમને માટે કપાઈ કે નિર્મૂળ બની જાય, એમાંયે લેશ પણ સંદેહ નથી.

પ્રભુ પોતાના પ્રેમી ભક્તના જીવનની બધી જવાબદારી ઉપાડી લે છે ને બધીયે નાની મોટી સરળ કે કઠિન સમસ્યાને ઉકેલી દે છે. તેમના હાથમાં જેણે પોતાનું સુકાન સુપ્રત કર્યું છે તેને ક્લેશની કે બીજી કોઈયે વાતની ચિંતા કરવાની જરૂર નથી. પ્રભુ તેને શક્તિ આપશે, સરળતા પૂરી પાડશે ને તેના જીવનને સંપૂર્ણ, શાંત ને સલામત બનાવી દેશે. પરંતુ યોગીને માટે ક્લેશને નિર્મૂળ કરવાનો ઉપાય નથી એમ નહિ. ક્રિયાયોગનો બીજો હેતુ કહી બતાવીને પતંજલિએ એની સૂચના કરી છે. ક્રિયાયોગ સમાધિને મેળવવા માટે પણ છે. ઉત્તમ પ્રકારની નિર્બીજ સમાધિમાં મન ડૂબી જાય છે ત્યારે મનમાં રહેલા સાધના દ્વારા હળવા થયેલાં ક્લેશ પણ શાંત થાય છે. મન તેમની આધારભૂમિ છે. તે મન પોતે જ શાંત થાય છે એટલે તે પણ શાંત થઈ જાય એ સ્વાભાવિક છે. મન વિના તે ઉત્પન્ન થઈ કે ટકી જ કેવી રીતે શકે ? સમાધિની એ દશામાં તેમનું સૂક્ષ્મ રૂપ પણ શાંત થઈ જાય છે. સ્વરૂપનો અનુભવ થવાથી અવિદ્યાનો અંત આવે છે. આત્માનુભવને પરિણામે પ્રકટ થયેલા આત્મજ્ઞાનની અનુભવસિદ્ધ જ્યોતિ અંતરમાં ને અંગેઅંગમાં પછી પેદા થાય છે. સમાધિમાંથી જાગ્યા પછી પણ એ જ્યોતિ સદાને માટે જાગ્રત રહે છે. મન તદ્દન નિર્મળ બની જાય છે. ક્લેશ પછી તેમાં પેદા થઈ શકતાં જ નથી. મનનું બંધારણ જ બદલાઈ જાય છે. પછી કોઈ જાતની ચિંતા નથી રહેતી. સમાધિની એ અલૌકિક અવસ્થામાં ક્લેશ તદ્દન નિર્બિજ બની જાય છે. એ રીતે વિચારીએ તો પણ, નિર્બિજ સમાધિનું નામ સાર્થક લાગે છે.

**[૧૧] ધ્યાનની મદદથી ક્લેશનો નાશ**

એટલે ખૂબ મન લગાડીને સાધના કરો. યોગની સાધના અથવા ભક્તિમાં મનને પરોવી દો. જીવનનું શ્રેય કરવા તૈયાર થાવ ને આત્મવિકાસની ઉત્તમોત્તમ અવસ્થાએ આસીન થાવ. સાધના દ્વારા શું શું શક્ય છે એનો ઉડતો અહેવાલ પતંજલિના યોગદર્શનનાં આ સૂત્રો પરથી આપણને સહેજે મળી રહે છે. એમના અમલ માટે તૈયાર થાવ તો જ જીવનનો સાચો આનંદ મળી શકશે, ને શાંતિ તથા મુક્તિ કોઈ કલ્પના કે ભાવના નહિ પણ એક નક્કર વાસ્તવિક્તા બનશે. સંપૂર્ણ સ્વાનુભવાત્મક સત્ય થઈ રહેશે. ઊઠો,

કમ્મર કસો ને આજથી જ કામમાં લાગી જાવ. સમય ઘણો થોડો છે ને કરવાનું છે કામ મોટું. માટે આળસ કર્યે નહિ ચાલે.

કોઈ પણ સારું કામ કરવાની શરૂઆત કરી એટલે કેટલાક ટીકાખોર ને તેજોદ્વેષી લોકો તરફથી ટીકા ને નિંદા તો થવાની જ. પણ તેને મહત્વની માનીને તમારા કામને પડતું ના મૂકો. એવી બાબતમાં તમારે સ્વામી વિવેકાનંદનું મનોબળ કેળવવું જોઈએ.

વિવેકાનંદને એક વાર રામકૃષ્ણદેવે પૂછ્યું કે, 'ધાર કે લોકો તારી ટીકા ને નિંદા કરે તો તું શું માને ? તારા પર એની કેવી અસર થાય ?' વિવેકાનંદે તરત ઉત્તર આપ્યો કે 'હું તેને લેશ પણ ના ગણકારું ને સારું કામ કર્યે જાઉ. હું એમ માનું કે હાથીની પાછળ કૂતરા ભસ્યે જાય છે !' રામકૃષ્ણદેવ એ શબ્દો સાંભળીને હસી પડ્યા ને કહેવા લાગ્યા કે 'એટલો બધો આગળ ના વધી જઈશ.' પરંતુ એ શબ્દોની પાછળ જે જુસ્સો, ભાવ ને નીડરતાનો પ્રવાહ હતો તે તેમને ગમ્યો. તેની પાછળનું મનોબળ ખરેખર કદર કરવા જેવું છે. એ મનોબળ વિવેકાનંદને આગળ પર ઉપયોગી થઈ પડ્યું. શિકાગોની સર્વધર્મ પરિષદમાં પ્રખ્યાતિ પામ્યા પછી પણ ભારતના જ કેટલાક સંકુચિત ને સ્વાર્થી લોકોએ દેશ ને પરદેશમાં તેમની વિરૂદ્ધ પ્રચાર કર્યો ત્યારે તે મનોબળ તેમને ખૂબ ખૂબ કામ લાગ્યું. તે મનોબળે તેમને જીવનનાં કેટલાય વિરોધી સંજોગોનો સસ્મિત સામનો કરવાની શક્તિ આપી. એવા નીડર ને સત્યને હિંમતપૂર્વક વળગી રહેવામાં મદદરૂપ થનારા મનોબળને ખીલવવાની જરૂર છે.

ક્લેશોને હળવા કરવા માટે તપ, સ્વાધ્યાય ને ઈશ્વરપ્રણિધાન ત્રણેનો ક્રિયાયોગ તો કહ્યો જ છે, પરંતુ સાથે સાથે એક બીજો ઉપાય પણ કહી બતાવવામાં આવે છે. તે ઉપાય ધ્યાનનો છે. લાંબા વખત લગી નિયમિત ધ્યાન કરવાથી પણ ક્લેશ હળવા બને છે. ધ્યાનને લીધે મન વધારે ને વધારે અંતર્મુખ ને નિર્મળ બને છે. સાધક વધારે ને વધારે વિવેકી પણ થતો જાય છે. તેને લીધે પોતાની જાતની શુદ્ધિ કે સુધારણા કરવા તે તૈયાર થાય છે. અહંતા, મમતા, રાગ, દ્વેષ ને ભયને તે દૂર કરી દે છે. વળી લાંબા વખતના ધ્યાનને પરિણામે છેવટે તેને પહેલાં કહ્યું છે તેમ પ્રજ્ઞાની પ્રાપ્તિ થાય છે. તેથી સાત્વિકતા ને સદ્ગુણની મૂર્તિ બની જાય છે. સ્વભાવની બધી ગંદકી, રહીસહી રસવૃત્તિનો પણ અંત આવે છે.

**[૧૨] દુઃખોનું કારણ**

જુદાં જુદાં જીવોને જુદાં જુદાં દુઃખ શા માટે પડે છે ? જ્ઞાની કહે છે કે આત્માને કોઈ દુઃખ જ નથી ને તે તો કેવળ મનનું કારણ છે. છતાં પણ દુઃખ પડે છે એ નક્કી છે ને એની વત્તીઓછી અસર પણ માણસ પર થાય છે. દુઃખને કોઈ પસંદ નથી કરતું, ચાહતું પણ નથી, છતાં પણ એ આવે છે ને માણસને બેચેન ને અશાંત બનાવે છે. એમ કહેવામાં આવે છે કે કર્મના ફળરૂપે બધું થયા કરે છે ને સારાં કર્મનું સારું ને ખરાબ કર્મનું ખરાબ ફળ મળે છે. જીવનમાં જે સુખ ને દુઃખનો અનુભવ થાય છે તેનું એ પણ કારણ છે. કર્મનો નિયમ એ પ્રમાણે અબાધિત રીતે કામ કર્યા કરે છે. પણ તેમાંયે ઘણી વાર સામાન્ય માણસને જ નહિ પણ મોટા મોટા પંડિતોને પણ સમજ નથી પડતી, ને ગુંચવાડો ઊભો થાય છે. સારાં કર્મ કરનારા કેટલાય લોકો

ઘણી વાર દુઃખી થતાં દેખાય છે, ને અનીતિ કે અધર્મના કામ કરનારા સુખી. તે જોઈને કર્મના નિયમ સંબંધી તે પણ શંકામાં પડે છે.

કર્મનો નિયમ ઘણો ગહન ને સમજવામાં મુશ્કેલ હોવા છતાં કામ કરે છે એવું તો તેમને પણ લાગે છે ને તે પણ માને છે. સંસારની વિવિધતાનો ઉકેલ તેમાંથી જ મળી રહે છે. આ સંસારનું સ્વરૂપ એકસરખું નથી. એમાં ભાતભાતનાં દુઃખ જોવા મળે છે. એ સૌની પાછળ કર્મનો કોઈ ચોક્કસ ને વ્યવસ્થિત નિયમ કામ કરી રહ્યો છે એમ લાગ્યા વિના રહેતું નથી. સુખ ને દુઃખ કોઈ પણ પ્રકારના કર્મની વ્યવસ્થા વિના ફાવે તેને, ફાવે ત્યારે મળે છે એમ માનવાનું બરાબર નથી લાગતું કેમ કે તે વાત બુદ્ધિસંગત નથી. સંસારમાં બીજું બધું જ ચક્ર તદ્દન વ્યવસ્થિત રીતે ચાલ્યા કરે છે. દિન ને રાત, ભરતી ને ઓટ, પૃથ્વી, સૂર્ય ને ચંદ્રની ગતિવિધિ, વિવિધ ઋતુનું પરિવર્તન, સૌની પાછળ કુદરતના ચોક્કસ નિયમો કામ કરી રહ્યાં છે. જીવન ને મરણની ઘટનાની પાછળ પણ નક્કર વ્યવસ્થા કામ કરી રહી છે એવું લાગ્યા વિના નથી રહેતું. એટલે એ બધું જોતાં, વિચારતાં સહેજે સમજી શકાય છે કે સુખ ને દુઃખની આવી ભારે અસરકારક વસ્તુ પણ કોઈ પ્રકારની વિશેષ વ્યવસ્થા વિનાની ના જ હોઈ શકે. તેની પાછળ અમુક ચોક્કસ નિયમો જરૂરી કામ કરતાં હશે. કોઈ પણ કર્મ કોઈ પ્રકારના કારણ વિના તો થઈ જ ના શકે.

કર્મનું ફળ ભોગવવું તો પડે જ ને મળે છે પણ ખરું. પણ તે શું એક જ જન્મમાં મળે છે કે બીજા જન્મોમાં પણ મળી શકે છે ? એ પ્રશ્નો ઉત્તર સાવ સહેલો છે. કેમ કે જો એક વાર આપણે એ વાતનો સ્વીકાર કરી લઈએ કે કર્મનું ફળ મળે જ છે તો પછી તે ના મળે ત્યાં સુધી બીજા જન્મમાંયે તેનો હિસાબ ચાલુ રહેવો જોઈએ એ વાતનો સ્વીકાર કરવામાં આવે છે. તેનાં સારાં-નરસાં ફળ આ જીવનમાં જ મળે છે એવું દરેક વખતે નથી દેખાતું. પણ ફળ મળે છે એ તો સો ટકા સાચું છે. તો પછી બાકી રહેલાં કર્મફળનાં ભોગ માટે બીજો જન્મ પણ લેવો પડવાનો, ને તે જન્મમાં બાકી રહેલા કર્મફળ સમયસર સહજ રીતે જ મળતાં રહેવાનાં, એ વાત આપોઆપ ફલિત કે સિદ્ધ થાય છે. ચાલુ જીવનમાં કોઈ પણ પ્રકારનાં સારાં-નરસાં વિશેષ કર્મ વિના પણ, જે સુખદુઃખ જન્મની સાથે જ વારસામાં અથવા તો જન્મ પછી ક્રમે ક્રમે મળે છે તેનું કારણ તે જ છે. તે જ કારણથી કેટલાંક બાળકો જન્મથી જ ભારે વ્યાધિ, દુઃખ કે સુખ ને ઉત્તમ અથવા સાધારણ બુદ્ધિનાં ભોગ થઈ પડે છે. જીવનમાં જે કુદરતી આફતો આવે છે ને નુકસાન પહોંચાડે છે તે પણ તેને જ લીધે. થઈ ગયેલાં ને થતાં જતાં ભૂત ને વર્તમાન બંને પ્રકારનાં કર્મોનાં નિયમનાં અનુસંધાનમાં એની અસરરૂપે ઘટનાઓ થયા કરે છે. એ કર્મો મિશ્રિત ને ગુઢ હોય છે જેથી તેમનો ભેદ જાણવાનું મુશ્કેલ થઈ પડે છે. કોઈ પૂર્ણ યોગી કે પ્રભુની કૃપા પામી ચૂકેલો ભક્ત જ જો ઈચ્છે તો તેમના રહસ્યને સમજી શકે છે.

પતંજલિએ કહેલાં પાંચ ક્લેશથી પ્રેરાઈને માણસ જુદી જુદી જાતનાં કર્મ કર્યા કરે છે. ક્લેશ દૂર થયા પછી જે કર્મો કરવામાં આવે છે તે અવિદ્યા, અહંતા, મમતા ને ભય, તૃષ્ણા કે દ્વેષ વિનાનાં હોય છે. તટસ્થ રીતે કરાતાં તે કર્મો બંધનકારક નથી થતાં, બાકી ક્લેશથી પ્રેરાઈને જે કર્મો કરવામાં આવે છે તેમનો 'કર્માશય' બને છે. જેના મૂળ આધારરૂપે ક્લેશ છે, એવા આ 'કર્માશય'ને લીધે જ વર્તમાન ને ભવિષ્યના જન્મો થાય છે, ને તે જન્મોમાં પડનારાં દુઃખોનું કારણ પણ તે જ છે. એટલે દુઃખ દૂર કરીને સુખની અનુભૂતિ કરવાની જેમને ઈચ્છા હોય તેમણે એવા 'કર્માશય'નો અંત આણવો જોઈએ ને તેવા 'કર્માશય' બને જ નહિ

તે માટે પતંજલિએ કહેલા પાંચ ક્લેશોના પાશમાંથી મુક્તિ મેળવવી જોઈએ. જીવનને સુખી, શાંત ને ધન્ય થતાં પછી વાર નહિ લાગે.

**[૧૩] 'કર્માશય' નું પરિણામ**

મૂળ જ્યાં સુધી સમુળગું સાફ નથી થતું ત્યાં સુધી એક યા બીજા રૂપે ઊગે ને પ્રકટ થયા જ કરે છે. ક્લેશરૂપી મૂળનું પણ તેવું જ છે. જ્યાં સુધી તે ચાલુ રહે છે ત્યાં સુધી માણસ અહંકાર, મમતા, રાગ, દ્વેષ ને ભયથી પ્રેરાઈને કર્મ કર્યા કરે છે. તે કર્મો ને કર્મોનાં સંસ્કારોનો 'કર્માશય' બને છે. 'કર્માશય' બીજું કશું નહિ પણ કર્મોની તિજોરી અથવા તો ધીરધાર કરનારી એક સદ્ધર બેંક છે. તેની સાથે માણસનો સંબંધ ચાલુ થઈ જાય છે. તે 'કર્માશય'નું ચોક્કસ પરિણામ તેને એક યા બીજા જન્મમાં ભોગવવું પડે છે, એ વાતનો ઉલ્લેખ આપણે આગળ પણ કરી ગયા છીએ. પતંજલિ કહે છે કે એ પરિણામ ત્રણ પ્રકારનું હોય છે : પુનર્જન્મ, આયુ ને ભોગ. એ પ્રમાણે ક્લેશનું ચક્ર ચાલતું જ રહે છે, ને બીજમાંથી વિશાળ વટવૃક્ષ થઈ જાય તેમ તેને પરિણામે અવનવા, અનેકવિધ વિશાળ સંસારનું નિર્માણ થાય છે. એ ક્લેશ-બીજ દૂર થાય તો પુનર્જન્મનો કોઈ સંભવ જ ના રહે, ને જન્મ જ ના થવાથી આયુ ને ભોગ પણ મટી જાય. ક્લેશ દૂર થયા પછી જે જીવન બાકી રહે એ પણ નિર્વિકાર, શાંતિસ્વરૂપ ને આનંદમય બની જાય. કોઈ કારણે કોઈ મહાન ને મુક્ત પુરુષોનો જન્મ થાય તો પણ તેવો જન્મ સામાન્ય લોકોના જન્મ કરતાં તદ્દન અવનવો ને જુદો જ હોઈ તે જન્મ મુક્ત અવસ્થાના અમુલખ ઉત્સવ જેવો જ હોય.

'કર્માશય'નું ઉપર કહેલું ત્રણ પ્રકારનું પરિણામ એની મેળે જ મળે છે ને કામ કરે છે, કે તે પરિણામને નક્કી કરનારી, આપનારી ને ભોગવવા માટે બાધા કરનારી કોઈ શક્તિ છે ખરી ? એ મુદ્દો મહત્વનો છે. તેનો વિચાર બે રીતનો જોઈ શકાય છે. એક વિચાર એવો છે કે કર્મ પોતે શક્તિશાળી છે ને પોતાનું પરિણામ પોતાની મેળે ને અચૂક પેદા કરે છે. કર્મનો એવો સ્વભાવ ને નિયમ જ છે. પૃથ્વી જેમ પોતાની ધરીની આજુબાજુ ને સૂર્યની આસપાસ આપોઆપ ફરે છે તેમ કર્મ પણ પોતાની અસર આપોઆપ ને સ્વાભાવિક રીતે જ પેદા કરે છે. કર્મ થયું એટલે તેનું ફળ મળવાનું જ. સારાનું સારું ને ખરાનું ખરાબ. બીજા વિચારના લોકો એમ કહે છે કે કર્મ તો જડ છે ને પોતાની મેળે ફળ ના આપી શકે. તે ફળની માત્રા, મર્યાદા ને ઘડીને નક્કી કરનારી, તેનો અમલ થતો જોનાર ને માણસની ઈચ્છા વિરૂદ્ધ પણ તે ફળના શુભાશુભ ભોગને માટે તેને બાધ્ય કરનારી, કોઈ વિશેષ ઈશ્વરી શક્તિ હોવી જોઈએ ને છે જ. તેની હાજરીને લીધે ને તેની અધ્યક્ષતા ને સત્તા નીચે રહીને કર્મ પોતાનું કામ કર્યા કરે છે. બાકી સ્વતંત્ર રીતે ફળ આપવાની ને તે ફળ કોઈ ના સ્વીકારે તો તેને તેના ભોગ માટે બાધ્ય કરવાની કર્મમાં શક્તિ નથી. વળી તે કહે છે કે પૃથ્વી, ઋતુ ને રાતદિન એ બધું કુદરત પોતાના નિયમ ને સ્વભાવ પ્રમાણે કરે છે એમ શા માટે માની લેવું ! કુદરત તો જડ છે ને જડ વસ્તુ પોતાની મેળે કામ ના કરી શકે. તે ઈશ્વરી શક્તિ સૌની સૂત્રધાર ને સૌમાં વ્યાપક છે. તેને લીધે જ સંસારની ગતિ, વિધિ કે પ્રવૃત્તિ ચાલી રહી છે. કર્મના ફળનો નિશ્ચય ને અમલ એ જ કરે છે.

એ બંને વિચારધારાનો સમન્વય કરવાનું છેક મુશ્કેલ છે એમ નથી. ફળ આપવું એ કર્મનો સ્વભાવ છે, પણ એવા સ્વભાવને નક્કી કરનાર ને એનો અમલ થતો જોનાર ઈશ્વરીશક્તિ પણ છે, એમ માનવામાં કોઈપણ પ્રકારનો દોષ આવે તેમ નથી. ઈશ્વરીશક્તિ આપણા પોતાના શરીરમાં રહેલી ને વિશ્વમાં બધે વ્યાપેલી છે એ વાત જાણીતી જ છે. એવી શક્તિનો સ્વીકાર બધા જ પ્રમુખ ધર્મો ને સંતોએ કરેલો છે. પતંજલિએ આગળ પર ક્લેશ, કર્મ વગેરેથી રહિત પુરુષવિશેષ ઈશ્વરનો જે ઉલ્લેખ કર્યો છે તેની સાથે એવી માન્યતા તદ્દન બંધબેસતી જ થશે. નિરીશ્વરવાદના પ્રવાહમાં વહી રહેલા માનવને ઉગારવાનું ઉપયોગી કામ પણ તે કરી શકશે. તેથી કોઈ નુકશાન નહિ થાય ને બધી રીતે લાભ જ લાભ થશે.

**[૧૪] જન્મ, આયુ ને ભોગના ભેદનું કારણ**

ગયા સૂત્રમાં કહેવાઈ ગયું કે કર્માશયને લીધે જન્મ થાય છે. આયુષ્ય અથવા તો જીવનની મર્યાદાનો નિશ્ચય થાય છે, ને ભોગ પણ મળ્યા કરે છે. એનો અર્થ એમ થયો કે પહેલાં કરેલાં કર્મોને લીધે તે બધું નક્કી થાય છે ને મળ્યા કરે છે. આયુષ્યનો નિર્ણય પણ એના અનુસંધાનમાં જ થતો હોય છે. એ વાતને જો માની લઈએ તો એમ પણ માનવું પડે કે સંસારમાં ને ચાલુ જીવનમાં કેટલાં વરસ જીવવાનું રહેશે તે પહેલેથી જ નક્કી થઈ જાય છે. કર્માશયને લક્ષમાં લઈને એ વાતનો નિર્ણય કરવામાં આવે છે. એ રીતે આયુ સંપૂર્ણપણે કર્માશય પર આધાર રાખે છે. તો પછી કોઈ રીતે તેમાં વધારો કરી શકાય કે નહિ ? તે પ્રશ્ન સહજ રીતે જ ઉભો થાય છે. એના ઉત્તરમાં આપણે કહી શકીએ કે વધારે ભાગે તો પહેલાંના બાકી રહેલા કર્માશય પરથી જ આયુષ્યનો નિર્ણય થઈ જાય છે, ને તેમાં કોઈ ફેર પડતો નથી. સામાન્ય રીતે તો એવો નિયમ જ કામ કરે છે. પરંતુ એનો અર્થ એવો નથી કે તેમાં કોઈ પ્રકારનો ફેરફાર થઈ શકે જ નહિ. કર્માશય કોઈ સ્થાયી ને અપરિવર્તનશીલ વસ્તુ નથી. તેમાં વધારો ઘટાડો કે સુધાર તથા બગાડ થયા જ કરે છે. ભૂતકાળનાં તેમાં સંગ્રહાયેલાં ને વારસામાં મળેલાં કેટલાંક કર્મો જેમ ભોગવાતાં જાય છે, તેમ ચાલુ જીવનમાં કરાતાં કેટલાંક સ્વતંત્ર નવા કર્મોનો તેમાં ઉમેરો પણ થતો જાય છે. એ નવાં કર્મો કોઈ વાર તરત ફળ આપનારા પણ થઈ પડે છે, તો કોઈ વાર તેમના ફળમાં વિલંબ થાય છે. એટલે કોઈક વાર કોઈ ખાસ કારણથી પહેલાના કર્માશયને લક્ષમાં લઈને નક્કી થયેલા આયુષ્યમાં ફેર પડે ને વધારો કે ઘટાડો પણ થઈ શકે, એ વાત ભૂલવા જેવી નથી. યોગી અથવા ઈશ્વરદર્શી ભક્ત પુરૂષો પોતાની અમોઘ સંકલ્પ શક્તિથી ઈચ્છાનુસાર જીવી ને ધારે ત્યારે શરીર છોડી શકે છે. તેનું રહસ્ય એમાં જ રહેલું છે. બીજા કોઈ વિશેષ ઉપાયથી પણ તેમ કરી શકાય, પણ મોટે ભાગે તો આપણે આગળ પણ કહ્યું તેમ પહેલાંના કર્માશયને લક્ષમાં લઈને આયુષ્યની મર્યાદા બંધાઈ જાય છે. કેટલાક લોકો કહે છે કે સારો ને પૌષ્ટિક ખોરાક લેવાથી તથા શરીરને નીરોગી ને યૌવનવાળું રાખવાથી લાંબું ને ધાર્યા જેટલું જીવી શકાય. પણ તે વાત સંપૂર્ણ સાચી કે સ્વીકારવા જેવી નથી લાગતી. તે વાત સાચી હોત તો તો દીર્ઘ ને મૃત્યુંજય જીવનનો પેચીદો પ્રશ્ન સહેલાઈથી ઉકલી જાત ને પૌષ્ટિક ખોરાક લેનારા, નીરોગી ને યુવાન લોકો ઈચ્છા પ્રમાણે જીવી શકત. પણ શરીરના ભાડૂતી ઘરને ખાલી કરીને વિદાય થવાની ઈચ્છા નહિ રાખનારાં એવાં કેટલાય લોકોને બળજબરીથી જવું પડ્યું છે. કાળ કોઈની જુવાની ને કોઈ ઘડપણને નથી જોતો. પૌષ્ટિક ખોરાક લેનારા ને જુવાન લોકો પ્રત્યે તે દયાળુ

અથવા ઉદાર ને ઘરડા, રોગી ને સત્વ સિવાયનું ખાનાર પ્રત્યે વધારે કઠોર કે ક્રૂર નથી બનતો. તેનું ધારાધોરણ તો કોઈ પણ જાતના ભેદભાવ વિનાનું ને કોઈયે પ્રકારની બાહ્ય પરિસ્થિતિથી પ્રભાવિત થયા સિવાયનું એકસરખું ચાલ્યા કરે છે. તેના નિયમો કોઈ જુદા જ હોય છે. એટલે તો સારામાં સારો પૌષ્ટિક ખોરાક ખાનારો ને જીવનશક્તિ તથા ઉત્તમ પ્રકારના સ્વાસ્થ્યથી સંપન્ન થયેલા કુમારો, યુવાનો ને પ્રૌઢો પણ સંસારમાંથી વિદાય થાય છે, ને નીરસ ને છેક સાધારણ ખોરાક લઈને પણ કોઈ રોગી ને જન્મના રોગી તેમની ઈચ્છા કે અનિચ્છા હોવા છતાં, લાંબુ જીવન જીવતા જોઈ શકાય છે. જેમના જવાની જરા પણ આશા ના હોય ને સંભવિતતા ના દેખાતી હોય તેવા વહેલા વહેલા વિદાય થાય છે, ને જે જવા જેવા ને જવાની તૈયારીવાળા દેખાતા હોય તે લાંબા વખત લગી શ્વાસ લે છે. કર્મનો કોઈ અટળ નિયમ એ સૌની પાછળ કામ કરતો હોય એમ લાગ્યા વિના રહેતું નથી. પહેલાંના કે ગત જન્મના કર્માશયને ધ્યાનમાં રાખીને તેમનો જીવનકાળ નક્કી થતો હશે એમ સહેજે માની શકાય છે.

કર્માશયની વાત ઘણી ગૂઢ છે. સાધારણ તો શું પણ અસાધારણ મનાતા માણસો પણ તેના સ્વરૂપને સાંગોપાંગ રીતે યથાર્થરૂપે ને કાર્યકારણ ભાવ સાથે સમજી શકે તેમ નથી. ફક્ત તેના ઉપલક સર્વસામાન્ય નિયમોને વત્તેઓછે અંશે સમજી શકાય ને તેટલું સમજાય તો પૂરતું છે. જીવનને ઉજ્જવળ કરવા માટે તેની સૂક્ષ્માતિસૂક્ષ્મ વિગતમાં ઊતરવું તદ્દન જરૂરી નથી. જન્મ, આયુ ને ભોગ કર્માશયને પરિણામે મળે છે એ વાત તો સમજાઈ ગઈ. પણ એક બીજી વાત પણ વિચારવા જેવી છે. જન્મ, આયુ ને ભોગ એકસરખાં હોય છે ખરાં ? ના, તે સુખમય પણ હોય છે ને દુઃખમય પણ. સંસારમાં એ બાબત ભારે ભેદ દેખાય છે. કોઈને જન્મથી જ નીરોગી શરીર ને સંપત્તિવાળું ઘર મળે છે, તો કોઈને જન્મની સાથે રોગી શરીર ને દરિદ્ર ઘરની પ્રાપ્તિ થાય છે. કોઈનો જન્મ અજ્ઞાની તો કોઈનો જ્ઞાની કુટુંબમાં થાય છે. કોઈનો જન્મ ઉત્તમ આચાર વિચારવાળા ઘરમાં થાય છે. કોઈને જન્મ સાથે સુખ સગવડ ને સાહ્યબીની પ્રાપ્તિ થાય છે, તો કોઈને ભારે દુઃખ, અગવડ ને કંગાલિયત કે અછતમાં ઊછરવું પડે છે. કોઈના આયુષ્યનો અમુક ભાગ નઠારો, દુઃખ દર્દ ને અશાંતિથી ભરેલો પસાર થાય છે. તે પ્રમાણે ભોગમાં પણ ફેર પડે છે.

કોઈ મનુષ્ય સાથે કોઈને સારું બને છે, વિરોધી વિચારો, ભાવો ને ટેવો હોવા છતાં મૈત્રી તથા ગાઢ સંબંધ થાય છે, ને બીજાની સાથે કોઈનો સંબંધ એકાએક કે અણધારી રીતે કલ્પનામાં ના આવે એટલા પ્રમાણમાં વધી જાય છે, તો કોઈની સાથે દુશ્મનાવટ કે વાતવાતમાં મન ઊંચું થાય છે, ને સંબંધવિચ્છેદ પણ તરત જ થઈ જાય છે. કોઈનો સંબંધ શાંતિદાયક, આનંદદાયક ને લાભદાયક થઈ પડે છે તો કોઈનો એથી એકદમ ઉલટું જ સ્વરૂપ ધારણ કરે છે. કોઈ પ્રગતિમાં મદદરૂપ થઈ પડે છે, તો કોઈ પતન તરફ લઈ જાય છે. પશુ, પંખી, પદાર્થ, ક્રિયા ને સ્થળ કે પરિસ્થિતિની અસર પણ એવી વિરોધી થતી હોય છે. તેમના કેટલાક સંયોગવિયોગ, શાંતિદાયક ને લાભકારક તથા કેટલાક અશાંતિકારક, દુઃખદાયક ને નુકસાનકારક થતા હોય છે. તેનું કારણ શું ? એવો પશ્ન સહેજે ઉત્પન્ન થાય છે. પતંજલિ કહે છે કે એનું કારણ એ જ છે કે કર્માશય સારું ને નરસું બંને જાતનું હોય છે. શુભ ને અશુભ અથવા પુણ્ય ને પાપ કર્મોનું તે સંગ્રહસ્થાન હોય છે. તેથી જ તે સુખકારક ને દુઃખકારક બંને પ્રકારનું બની શકે છે ને માનવજીવનમાં જુદા જુદા ભાવાનુભવ કરાવે છે. જે જન્મ પુણ્ય અથવા ઉત્તમ કર્મના પરિણામરૂપે આવી મળે છે તે સુખ આપે છે, ને જે અશુભ

અથવા પાપકર્મના પરિણામે પ્રાપ્ત થાય છે તે દુઃખદાયક સાબિત થાય છે. તે પ્રમાણે, શુભ કર્મના પરિણામે પ્રાપ્ત થનારો આયુષ્યનો અમુક કાળ સુખદાયક ને અશુભ કર્મના ફળરૂપ ભોગવવો પડતો બીજો ભાગ દુઃખદાયક થઈ પડે છે. વળી જે જે ભોગ એટલે કે મનુષ્ય, પ્રાણી, પદાર્થ, ક્રિયા ને પરિસ્થિતિના સંયોગવિયોગ શુભ કર્મના પરિણામરૂપે થાય છે તે આનંદદાયક કે લાભકારક, ને અશુભ કર્મના ફળ રૂપે આવી મળે છે તે ક્લેશકારક થઈ પડે છે. જન્મ, આયુ ને ભોગના સ્વરૂપ પર એ રીતે કર્માશય અથવા તો સારાં નરસાં કર્મો મહત્વની અસર કર્યા કરે છે.

**[૧૫] ત્રણ પ્રકારનાં દુઃખ**

હવે મહર્ષિ પતંજલિ કહેવા માંગે છે કે જે કર્માશયનું ફળ દુઃખદાયક હોય તેનો જ નાશ કરવાની જરૂર છે એમ નથી માનવાનું. સુખરૂપી ફળ આપનારા કર્માશયનો પણ નાશ કરવાનો છે. કર્માશય સારો કે નરસો, ઉત્તમ કે અધમ ગમે તેવો હોય તો પણ વખાણવા જેવો નથી જ. કેમ કે તે જન્મ ને મરણ તથા સુખ ને દુઃખના અનંત ચક્રનું કારણ થઈ પડે છે. ઉત્તમ કર્માશય ને કદાચ ધન, વૈભવ ને સ્વર્ગનું સુખ અથવા આધિપત્ય મળે તો પણ શું ? તેના ભોગ માટે જન્મ લેવો પડવાનો ને તેવા સુખની સલામતી પણ ક્યાં છે ? તેવું સુખ ને તેવો વૈભવ કાયમને માટે કે યાવત્ચંદ્ર દિવાકરૌ અજર -અમર રહેશે એવી બાંયધરી કોણ આપી શકે ? તે તો કર્માશય પર આધાર રાખે છે. એટલે કર્મ પૂરાં થતાં અથવા જુદાં થતાં તેમાં પણ ફેર પડી જાય છે. વળી સુખ ને વૈભવના રાગને લીધે માણસ મમતા, આસક્તિ, અભિમાન ને કુકર્મમાં પણ પડી જાય છે. તેમાં પડીને મોહાંધ થવાથી તે વિવેકને ખોઈ બેસે છે. શરીર ને ઈન્દ્રિયોનાં સુખોમાં તે એટલો બધો ડૂબી જાય છે કે આત્મજ્ઞાનને મેળવવાનું, સંયમપૂર્ણ સાધના કરવાનું ને પરમાત્માનો સાક્ષાત્કાર કરવાનું મહત્વનું કામ તેને માટે મુશ્કેલ બની જાય છે. સામાન્ય રીતે તેનો સ્વભાવ એટલો બધો ચંચળ ને નિર્બળ છે કે વધારે ભાગે તેવું જ થાય છે. સુખ, સંપત્તિ ને વૈભવની વચ્ચે રહીને પણ આત્મિક વિકાસને રસ્તે આગળ વધવાનું છે ને જનક કે કૃષ્ણની જેમ જળમાં કમળની જેમ અલિપ્ત ભાવે જીવતાં શીખવાનું છે. પણ એ કામ ધાર્યા જેટલું સહેલું નથી ને કોઈ વિરલ જ કરી શકે છે. બીજા વધારે ભાગના લોકો તો ધન, સંપત્તિ, સુખસાહ્યબી ને સત્તાની નીચે આવીને અવિવેકી, વિલાસી ને મોહાંધ બની જાય છે, માટે જ ઈશુએ કહ્યું છે કે સોયના નાકામાંથી ઊંટ પેસી શકે, પણ એક વાર લોકો ઈશ્વરને ન મેળવી શકે. એ વિશે આપણે એક વાર પહેલાં પણ કહી ગયા છીએ. એટલે, અહીં આપણે જે કહેવા માંગીએ છીએ તે એ જ કે સુખરૂપી ફળ પૂરું પાડનારા કર્માશયનો અંત આણવો જોઈએ. સ્થૂળ સાંસારિક સુખ પણ છેવટે તો ક્લેશદાયક જ ને બંધનકારક જ થઈ પડશે. જીવનનો આદર્શ તો પરમાત્માની પ્રાપ્તિનો ને પરમાત્મભાવમાં પ્રતિષ્ઠિત થવાનો છે. તેમાં તે મદદરૂપ નહિ થઈ શકે. સંપૂર્ણ સુખ ને શાંતિ કેવળ પરમાત્માને જાણવાથી જ મળી શકશે. જીવનનું મંગલ પણ પરમાત્મભાવમાં પ્રતિષ્ઠિત થવાથી અથવા સર્વાત્મભાવ કેળવવાથી જ થઈ શકશે. માટે જ જીવનને સાધનાપરાયણ ને પ્રભુમય કરવાની જરૂર છે. પતંજલિ કહે છે કે સારાં ને નરસાં, બધાં કર્માશય છેવટે તો દુઃખમય જ થઈ પડે છે, પરિણામદુઃખ, તાપદુઃખ ને સંસ્કારદુઃખ, ત્રણ પ્રકારનાં દુઃખ સૌમાં રહેલાં છે, તેથી

વિવેકી પુરુષોને માટે બધી જાતનાં કર્મફળ દુઃખમય જ છે. પતંજલિએ કહેલાં એ ત્રણે પ્રકારના દુઃખનો ક્રમિક વિચાર ટૂંકમાં કરી લઈએ.

૧) પરિણામ દુઃખ : પરિણામ દુઃખ એટલે શું ? પરિણામ દુઃખ તેના ભાવાર્થ પ્રમાણે પરિણામે પ્રકટ થાય છે. કેટલાંક ભોગ એવાં હોય છે જે શરૂઆતમાં સુખ આપે છે, પણ પાછળથી દુઃખદાયક થઈ પડે છે. ગીતામાં પણ એવો ઉલ્લેખ આવી જાય છે 'પરિણામે વિશોપમમ્'. ગીતા તેને બીજા નંબરનું રાજસ સુખ કહે છે. આરંભમાં એ અમૃત લાગે છે પણ અંતે વિષરૂપ. શરીર ને ઈન્દ્રિયોના જુદા જુદા ભોગો એવા જ છે. એમને લીધે આરંભમાં તો આનંદ ને સુખનો અનુભવ થાય છે. પણ તેથી યૌવન, બળ, વીર્ય, સ્થિરતા તેમજ સ્મરણશક્તિનો હ્રાસ થાય છે. કેટલીક વાર ભોગોની ઈચ્છા કે તૃષ્ણા વધે છે ને માણસ વ્યસની ને કુમાર્ગગામી પણ બની જાય છે. કર્મના ફળરૂપે મળનારા ઉત્તમ કોટિના ભોગોને ભોગવવાની શક્તિ પણ એની અંદર નથી રહેતી તો પણ તેની તૃષ્ણા ચાલુ જ રહે છે. બહારનાં સુખ છેક નકામાં છે એમ કહેવાનો આશય આપણે નથી રાખતાં પણ તેના પાશ કે કેફમાં પડીને માણસ અંધ ને ઈશ્વરવિમુખ બની જાય તથા ધર્મ ને નીતિનાં જરૂરી મૂલ્યોને તિલાંજલિ આપતો થઈ જાય એવું તો આપણે નથી જ ઈચ્છતા ને કોઈયે નહિ ઈચ્છે.

જે વિવેકી છે તે તો નિરંતર વિચાર કરે છે કે આ સંસારના બધા જ પદાર્થો ને ભોગો અસ્થાયી છે. તે કાયમ માટે એકસરખા રહી શકે તેમ નથી. તેમની માતા -પ્રકૃતિની- પેઠે તે પણ ચંચળ છે. માટે એમનામાં આસક્તિ, રાગ કે મમતા રાખવાનું મિથ્યા છે. જેમની કોઈ સલામતી નથી ને જે સંપૂર્ણ સુખનું દાન કરી શકે તેમ નથી, તેમનામાં મનને સ્થિર કરવાથી શો લાભ ? જો મનને લગાડવું ને સ્થિર કરવું જ હોય તો તો ઈશ્વર, સંત કે પરમાત્મામાં જ શા માટે ના કરવું ? તેમ કરવાથી જ શાંતિ મળી શકે ને જીવન ધન્ય બની શકે છે. એમ માનીને જે રાગ, મમતા ને આસક્તિને એક ઈશ્વરમાં જ કેન્દ્રિત કરે છે તે સદા સુખી થાય છે. પરંતુ સંસારના પદાર્થો ને ભોગોમાં આસક્તિ કરનારના સંબંધમાં તેવું નથી બનતું. તે તો પરિતાપ કે બંધનને દુઃખની કંકોતરી પોતાને હાથે જ લખી નાખે છે. ભોગ કે ભોગ્ય પદાર્થનું બેમાંથી એક પરિણામ આવે છે. કાં તો તે માણસને મૂકીને સમયની નક્કી મર્યાદા પૂરી થતાં ચાલવા માંડે છે કે પછી તેને છોડીને માણસ પોતે જ ચાલી નીકળે છે. એટલે તે બંને પ્રકારના પ્રસંગ દરમ્યાન, સંયમ, સદ્બુદ્ધિ ને અનાસક્તિ ના હોય તો, માણસ દુઃખી જ નહિ પરંતુ ભયંકર રીતે દુઃખી થાય છે. તેનું મન અસ્થિર થઈને તેની બુદ્ધિ બહેર મારી જાય છે. ભોગ કે ભોગ્ય પદાર્થને મૂકીને ક્યાંક જવું પડે કે મરવું પડે તો કંઈનું કંઈ થઈ જાય છે. બેચેની, ચિંતા ને વ્યાકુળતાનો પાર નથી રહેતો, ને શરીરને છોડતાં પહેલાં ભારે અસહ્ય વેદના થાય છે. શરીર છોડ્યા પછી પણ તેમાં વાસના રહી જાય તો દુર્ગતિ થાય છે.

એટલે અનેક પ્રકારનાં ભોગો ને ભોગ્ય પદાર્થોને છોડીને જવું પડે ત્યારે તેમાં મન રહી જાય ને ભારે દુઃખ થાય- તે વખતે ને પાછળથી બંને વખતે દુઃખ થાય એ સમજી શકાય છે. કર્મના ફળરૂપે આવી મળતા ભોગોની પાછળ એવું પરિણામે પ્રાપ્ત થતું દુઃખ રહેતું હોય છે એમ મહાયોગી પતંજલિનું કહેવું છે. તે જ પરિણામ દુઃખ.

એવા પરિણામ દુઃખનો વિચાર કરીને જ વિવેકી પુરુષો ભોગોમાં આસક્ત નથી થતા ને કેટલીક વાર ભોગોનો પહેલેથી જ ત્યાગ કરે છે. કેમ કે તે સમજે છે કે ભોગોને ભોગવવાથી આખરે એમનામાં આસક્તિ થશે જ. કેટલાક લોકો એમ કહે છે કે પરિણામ દુઃખનો વિચાર કરીને બેસી રહેવાની, ભોગોનો પહેલેથી જ ત્યાગ કરવાની ને એ રીતે જીવનને હાથે કરીને નિરસ કરી દેવાની જરૂર નથી. ભોગવવાનો જે સમય મળ્યો છે તે દરમ્યાન ભોગને ભોગવી લઈએ, આનંદ કરીએ. પછી જ્યારે તેમનો ત્યાગ કરવાનો વખત આવશે ત્યારે જોઈ લેવાશે. વધારે ભાગના લોકો એવું કહે છે. પણ ભોગો તેમની તન ને મનની શક્તિનો હ્રાસ ના કરે તે તેમણે ખાસ જોવાનું છે. વળી ભોગોની રસવૃત્તિ વધતી જવાથી તેમનો ત્યાગ કરવાનો વખત આવતાં ચિંતા, ભય, બેચેની ને વેદનાના શિકાર ના થવાય તેવી તાલીમ પણ તેમણે મેળવવાની છે. તો જ તેવી માન્યતા કાંઈક અંશે વજનદાર, સારી ને મદદરૂપ થઈ શકે. નહિ તો પરિણામ ભારે બંધનકારક ને દુઃખરૂપ થાય એમાં શંકા નથી. પરિણામ દુઃખની કલ્પના કરીને જીવનમાં જે થોડોઘણો રસ છે, ને રસ તથા આનંદ મળી શકે તેમ છે, તેને આપણે મારી નાંખવા નથી માંગતા. તેનાથી કોઈને વંચિત કરવાની આપણી ઈચ્છા નથી ને ના જ હોય. પરંતુ માણસ છેક અવિવેકી ને અંધ બનીને ભોગની ભૂલભુલામણીમાં પડીને બધું ભુલી જાય, ભોગને જ જીવનનું સર્વસ્વ સમજે ને જીવનની પૂર્ણતાના આદર્શને કોરે મૂકે, તે આપણે કદી પણ પસંદ ના કરી શકીએ ને કોઈ વિવેકી પુરુષ પસંદ ના કરી શકે.

પરિણામ-દુઃખનો વિચાર માણસને કવખતે ને પહેલેથી જ નિરસ ને દુઃખી કરવા માટે નથી, પરંતુ જાગ્રત કરવા, સાવધાન બનાવવા, ભવિષ્યનો વિચાર કરીને નિર્મમ ને નિર્લેપ કરવા, સંકુચિતને બદલે વિશાળ દૃષ્ટિકોણ કેળવવામાં મદદ કરવા ને ભોગોમાં ડૂબીને-ભાન ભૂલતો બચાવવા માટે છે એ યાદ રાખવું જોઈએ. વળી યોગ્ય પદાર્થોનો સમજપૂર્વક ત્યાગ કરીને જે સાધના કરે છે ને પ્રભુમય જીવન જીવે છે તેનું જીવન નીરસ ને આનંદ વિનાનું બની જાય છે કે તેના રસકસ સૂકાઈ જાય છે એમ માનવાની પણ જરૂર નથી.એ તો ઊલટું પરમ રસ ને આનંદનો અનુભવ કરે છે. સ્વેચ્છાપૂર્વકના ત્યાગ ને સંયમમાં પણ એક જાતનો અલૌકિક રસ ને આનંદ રહેલો છે. વળી પરમાત્મા પરમ રસ, સંપૂર્ણ સુખ ને આનંદના ભંડારરૂપ છે. તેમની સાથે જે સંબંધ બાંધે છે તે નિરસ કેવી રીતે બની જાય ? તે તો આનંદ, સુખ તથા શાંતિનો સ્વામી બની જાય છે. ભર્તૃહરિ વૈરાગ્યશતકના પેલા શ્લોકમાં કેટલી સુંદર રીતે કહી બતાવે છે કે ‘વિષયો કે ભોગપદાર્થો ઘણા લાંબા વખત લગી રહીને પણ છેવટે તો વિદાય થાય છે જ. તો પછી જે તેમને સ્વેચ્છાથી છોડે છે તેમના ત્યાગમાં શી વિશેષતા છે ? એ જ કે તે પોતે પોતાની મેળે માણસનો ત્યાગ કરે છે તો પરમ પરિતાપ કે પીડાનું કારણ થઈ પડે છે. પણ જો તેમને સમજ ને સ્વેચ્છાથી છોડી દેવામાં આવે તો સંયમથી પેદા થનાર પાર વિનાના પરમ સુખનો અનુભવ કરાવે છે. માટે જ જ્ઞાની પુરુષો તેમને સ્વેચ્છાથી છોડી દે છે.’

૨) તાપદુઃખ : ભોગ અથવા સઘળી જાતનાં સુખ એક દિવસે તો નાશ પામવાનાં જ છે. એવા વિચારને લીધે, તેના ભાવિ વિયોગની કલ્પના કરવાથી પણ, માણસને મૂંઝવણ, કંપ ને બેચેની થાય છે. એવા વિચારથી કોઈ વાર તે ભારે શોકમાં પડી જાય છે ને ઉદાસીનતાને વશ થાય છે. વળી બીજા વધારે સુખી, વિષયી કે ભોગી માણસોને જોઈને પણ કેટલીક વાર દુઃખ થાય છે ને તૃષ્ણા તથા ઈર્ષ્યાનો અગ્નિ

પ્રજ્વલિત બને છે. વધારે ને વધારે ભોગ્ય પદાર્થોને પ્રાપ્ત કરવાની ઈચ્છા થાય છે, તેને માટે પ્રબળમાં પ્રબળ પુરુષાર્થ કરવાનું મન થાય છે, ને તે પુરુષાર્થ નિષ્ફળ જતાં ક્લેશ થાય છે, અશાંતિ જાગે છે ને ભારે આઘાત લાગે છે. ભોગ્ય પદાર્થોનાં સંબંધમાં થનાર એવા દુઃખને તાપદુઃખ કહી શકાય.

૩) સંસ્કારદુઃખ : સંસ્કારદુઃખ વળી શું છે ? માણસે ભોગવેલાં બધાં ભોગોનાં સંસ્કાર તેના મનની અંદર રહી જાય છે. તે સંસ્કારને લીધે ભોગ્ય પદાર્થ ના હોય તેવે વખતે તેમની દ્વારા મળેલા સુખ તથા રસાસ્વાદનો વિચાર કરીને તે દુઃખી થાય છે. એ સંસ્કારોનું સ્મરણ આમ તો સુખકારક પરંતુ ઊંડે ઊંડે ભારે દુઃખદાયક થઈ પડે છે. કેટલાય લોકોને એ રીતે માત્ર વિખૂટી પડેલી વસ્તુનું ને એ રસાસ્વાદનું સ્મરણ કરીને આંસુ સારતાં તેમજ દુઃખી થતાં જોયા છે. ભોગ્ય પદાર્થોની પાછળ રહેલું એ દુઃખ જ સંસ્કારદુઃખ, તેમના રહી ગયેલા સંસ્કારથી ઉત્પન્ન થતું દુઃખ છે.

તે ઉપરાંત, ગુણોની જુદી જુદી વૃત્તિમાં પણ વિરોધ છે. ગુણ ને તેમની વૃત્તિ પણ દુઃખરૂપ જ થઈ પડે છે. સત્વગુણ સુખ ને શાંતિ તથા જ્ઞાનને આપનારો કહેવાય છે. પણ તેની વૃત્તિ કાંઈ કાયમને માટે એકસરખી નથી રહેતી. જીવનમાં રજોગુણ ને તમોગુણની વૃત્તિ પણ કામ કરે છે, ને તેને પરિણામે દુઃખ, શોક, ભય ને અશાંતિ પ્રકટે છે. વળી ગુણ ને સમજ તથા દૃષ્ટિકોણમાં ભેદ હોવાથી ને ફેર પડવાથી પણ, આજે જે સુખમય થઈ પડે છે, જેમાં રાગ હોય છે, તેમાં જ સમય સંજોગો ને સમજ બદલાતાં દ્વેષ પણ થાય છે ને જેમાં દ્વેષ હોય છે તેમાં રાગ. પતંજલિ કહે છે કે વિવેકી પુરુષને માટે એ રીતે બધું ચંચલ, પરિવર્તનશીલ ને દુઃખમય જ છે. કર્મનાં બધાં જ ફળ, શરૂઆતમાં સારાં દેખાય તો પણ, છેવટે તો દુઃખમય જ થઈ પડે છે, માટે તેમાંથી મનને પાછું વાળી લેવું તે જ બરાબર છે.

**[૧૬] આવનારું દુઃખ દૂર કરવું જોઈએ**

પતંજલિના કહેવા પ્રમાણે બધી જાતનાં કર્મો છેવટે દુઃખરૂપ જ થઈ પડે છે. અહંતા ને મમતાનો ત્યાગ કરીને તદ્દન તટસ્થ રીતે ઈશ્વરના હાથમાં હથિયાર થઈને જે કર્મો કરવામાં આવે છે તેમની વાત જુદી છે. બાકી બીજાં બધાં જ કર્મો છેવટે તો દુઃખનો અનુભવ કરાવનારાં છે. પરિણામ-દુઃખ તથા બીજાં દુઃખનો વિચાર કરીને બધી જાતનાં કર્મોને દુઃખમય માનવાની વિચારસરણી ભારતમાં વધારે ને વધારે પ્રમાણમાં ફેલાતી ગઈ છે. ભર્તૃહરિએ પણ પોતાના વૈરાગ્યશતકમાં એ વિચારસરણીનો પડઘો પાડતાં કહ્યું છે કે 'સંસારનું કોઈ પણ કર્મ, સારું ને સુખમય તથા સલામતી ભરેલું નથી દેખાતું. ઉત્તમ અથવા પુણ્યકર્મોનું ફળ તો વધારે ભયજનક લાગે છે.'

દુઃખના ને સંસારની અસારતાના એવા વિચારો જીવનને નિરસ, નિરાનંદ, નિષ્ક્રિય એદીખાનાં જેવું બનાવવા માટે નથી. તેનો બોજો વધારીને તેના તરફ તિરસ્કાર ને સૂગ ઉત્પન્ન કરવા પણ નથી. તો પણ એનો ઉપયોગ જાણ્યે કે અજાણ્યે તે માટે જ થયો છે ને એવું પરિણામ પેદા કરનારું નીવડ્યું છે એ ખરેખર ખેદજનક છે. એનાં ભાવોમાં 'કોઈનું કોઈ નથી', 'સંસાર બધો સ્વાર્થમય છે' વગેરે બીજા ભાવો ભળવાથી એક જુદું જ રેખાચિત્ર ઊભું થયું છે. એની અસર પણ વધારે ભાગની પ્રજા પર ધાર્યા કરતાં ઘણી ઊલટી થાય છે. એ વિચારો ખરી રીતે ઊંડા ચિંતન ને મનનમાંથી ઉત્પન્ન થયેલા ને સંસારની જે કઠોર વાસ્તવિકતા

છે એને અનુલક્ષીને ઘડાયેલાં તથા સ્વાનુભવના સારરૂપ હતાં. તેમની મદદ લઈને નિર્મળ તથા તૃષ્ણા ને આસક્તિથી રહિત કરીને પ્રભુપરાયણ બનાવવાનું હતું. તેનો મહત્વનો ઉપયોગ એ જ હતો, છે ને એ જ હોઈ શકે. પરંતુ પરિણામ આવવું જોઈએ એથી ઊલટું જ આવ્યું છે. જીવનમાંથી અહંતા, મમતા, વેરઝેર, વિખવાદ, સ્વાર્થ ને અનીતિ દૂર કરીને જીવનને વધારે ને વધારે નિર્મળ, પ્રેમમય, સેવાભાવથી સંપન્ન, નીતિમય, સાધનારત ને પ્રભુપરાયણ બનાવવાને બદલે, એવા ભાવોએ માણસને શરીર, ઘરબાર, સ્વજન, સમાજ ને સંસાર તરફ નફરત કરતો કરી દીધો છે, ઉદાસીન બનાવી દીધો છે. વૈરાગ્ય ને ત્યાગના મિથ્યા માળખામાં રમતો કરી દીધો છે ને જીવનમાં જે થોડો ઘણો રસ, ઉમંગ, આનંદ ને તરવરાટ હતો તેને પણ સૂકવી નાખ્યો છે. જીવનમાં કટુતા, પ્રમાદ ને કર્તવ્યો તરફની બેપરવા વૃત્તિ અથવા ઉદાસીનતાને ઉત્પન્ન કરવામાં તેણે ભારે મોટો ભાગ ભજવ્યો છે. માણસ જો ધારે તો એના ઉપયોગથી જીવનમુક્ત બની શકે ને પોતાનું ને બીજાનું મંગલ કરી શકે તથા અનાસક્ત રહી શકે. પણ તેવી રીતે તેનો ઉપયોગ નથી થયો એ એક હકીકત છે ને ભારે ખેદ ઉત્પન્ન કરે એવી હકીકત છે. જેમણે પોતાના જીવનનું મંગલ કરવું છે તેમણે આ વાતને સારી પેઠે સમજી લેવી જોઈએ ને પોતાના વિચાર, ભાવ, દૃષ્ટિકોણમાં જરૂરી સુધારો કરવો જોઈએ.

બધું દુઃખમય જ છે, કર્મ માત્ર અસાર ને દુઃખમય છે, દુઃખ જ સૌનું પરિણામ છે - એ વિચારોને જરૂર કરતાં વધારે મહત્વ આપવાની જરૂર નથી. જેમનામાં અજ્ઞાન છે, મમતા છે, ને આસક્તિ છે તેને માટે જ બધું દુઃખરૂપ છે. જ્ઞાન કે વિવેક, નિર્મળતા ને પ્રભુપ્રેમથી સંપન્ન પુરુષને માટે કશું જ દુઃખરૂપ નથી, બલ્કે બધું જ સુખરૂપ છે. સંસાર પણ તેમને મન તો પરમાત્માના પ્રતિરૂપ જેવો હોવાથી નંદનવન જેવો કે સ્વર્ગસમો સુખદ છે. એ જ ભાવના ને અનુભૂતિ ઉત્તમ ને સાચી છે. તેની પ્રાપ્તિ ના થાય ત્યાં સુધી જ માણસ દુઃખની ભાવનામાં રમ્યા કરે છે ને દુઃખનો અનુભવ કરે છે. બાકી પરમાત્મા તો પરમાનંદ ને પરમસુખના સ્વામી છે. એમને અનુભવનાર પણ એવો જ થઈ જાય છે. એ તો સદાને સારું સુખની સરિતામાં જ સ્નાન કર્યા કરે છે.

એટલે દુઃખનો અનુભવ થાય છે તો પણ દુઃખ અમર નથી, અવિચળ કે અટલ નથી. તે તો એક વિકાર છે. તેથી તે ગમે તેટલો નાના કે મોટા પ્રમાણમાં હોય તો પણ બેસી રહેશે ને યાવચ્ચંદ્રદિવાકરૌ રહેશે એમ માની લેવાની જરૂર નથી. તે દૂર થઈ શકે છે ને તેને દૂર કરવાનો પ્રામાણિક તથા સમજપૂર્વકનો પુરુષાર્થ કરવો જ જોઈએ. પતંજલિ પણ એ જ વાતનો નિર્દેશ કરી રહ્યા છે. તેઓ કહે છે કે ભવિષ્યમાં આવનારાં જે દુઃખ છે તેમનો ઉપાય અત્યાર સુધીમાં જ કરી લો. જે દુઃખ પૂરાં થયા છે તે તો પૂરાં થઈ ગયાં. જે ચાલી રહ્યાં છે અથવા તો અત્યારે ભોગવવાં પડે છે તે પણ ભોગવવાથી શાંત થઈ જશે. પરંતુ વતર્માનકાળ હજી તમારા હાથમાં છે, તેનો બરાબર ઉપયોગ કરીને ભાવિ જીવનને વધારે ને વધારે શાંતિમય, સુખરૂપ કરી શકો છો. હજી વખત કાંઈ વહી નથી ગયો. બાજી તમારા હાથમાં છે. ભૂતકાળ ને વર્તમાનનો શાંતિથી વિચાર કરો. તેમાંથી જરૂરી સાર ગ્રહણ કરો. નવા જીવનનો નવો નકશો નવેસરથી તૈયાર કરો ને તેને સાકાર કરવા મન મૂકીને મહેનત કરો તો જે ધારશો તે કરી શકશો ને બાકીના જીવનને સર્વોત્તમ તથા સંપૂર્ણ સુખમય કરી દેશો. માટે વખતને બરબાદ ના કરો. ઊઠો, વિચાર કરો, નિશ્ચયબળ કેળવો ને પુરુષાર્થના પ્રગતિપથ પર મક્કમતાથી પગલાં ભરો. જે સમય છે તે સોનેરી છે, ને હાથમાં આવેલો

એ સોનેરી સમય ક્ષણેક્ષણે વહી કે ઘટી રહ્યો છે ને પૂરેપૂરો વહી જાય તે પહેલાં જે કરવાનું છે તે કરી લો. મહર્ષિ પતંજલિ આવો વિશાળ સંદેશો આપે છે.

**[૧૭] હેયનું કારણ**

એ સાચું છે કે આ સુંદર છતાં ટૂંકા જીવનમાં જેને કાંઈક મહત્વનું મેળવવાની ઈચ્છા છે તેણે વેળાસર જાગીને સમજપૂર્વક પોતાની પ્રગતિ માટેના પુરુષાર્થમાં મન પરોવ્યા વિના ચાલે તેમજ નથી. જે પળો પસાર થઈ રહી છે તે સોનેરી છે ને વહી ગયેલી પળો કોઈ પણ પ્રકારની નાનીમોટી કિંમત ચૂકવવાથી પણ કાંઈ પાછી આવે છે ? પંખીનાં ઊડી ગયેલા ટોળાંને કોઈ રીતે પાછાં લાવી શકાય ? પસાર થઈ ગયેલી પવનની મીઠી લહરીને પણ કદાચ તેની પહેલાંની જગ્યાએ એકઠી કરી શકાય, પણ વહી ગયેલાં વખતને પાછો લાવવો તદ્દન અસંભવ છે. જે પળો પસાર થઈ તે તો પસાર જ થઈ ગઈ. તેમના પુનરાગમનની આશા કોઈ પણ સંજોગોમાં નથી રહેતી. એટલે તો પેલા ભક્ત કવિએ ઢોલ વગાડીને કહ્યું છે કે -

ગઈ પળ પાછી ફેર ન આવે, મૂરખ મૂઢ ગમાર !<br>
ભવસાગરની ભૂલવણીમાં વીતી ગયા જુગ ચાર ... ફેરા ફરીને.<br>
મળ્યો મનુષ્ય જનમ અવતાર માંડ કરીને !

પરંતુ એનો અવાજ માણસ સાંભળે ત્યારે ને ? એટલા માટે તો વધારે ભાગનાં માણસો તદ્દન જડ નીરસ ને રગસિયા ગાડા જેવું જીવન જીવી રહ્યાં છે. તેમનામાં નથી દેખાતી કોઈ ચમક, સ્ફૂર્તિ, નવા ને ઉત્તમ આદર્શોની ભાવના, પ્રેરણા કે મહત્વાકાંક્ષા, સાધના ને આત્મોન્નતિની આગેકૂચ. મોટા ભાગના માણસો સ્થિતિસ્થાપક દશામાં જીવ્યાં કરે છે. જીવનનું મૂલ્ય ને જીવનની શક્યતા તથા શક્તિને તે નથી સમજતાં. જે સમજે છે તેમાંના પણ કેટલાક પ્રમાદી બનીને જીવનની પ્રાપ્ત થયેલી પળોનો વધારે ને વધારે સારો ઉપયોગ કરી શકતા નથી. તેમનો ઉત્સાહ ને તેમની તાલાવેલી ને પલટાવવાનો જોઈએ તેટલો તરવરાટ તેમનામાં નથી દેખાતો. તેથી તેમની ગાડી અત્યંત ધીમી-ગોકળગાયની ગતિથી ચાલે છે, ને જીવનનો સુંદરમાં સુંદર ઉપયોગ કરીને તે બનતો વધારે વિકાસ નથી કરી શકતાં.

એ વિચારસરણી વૈરાગ્યની કમી, આત્મોન્નતિની તીવ્ર ઈચ્છા ને મહત્વાકાંક્ષાની અછત ને પ્રમાદને કહી બતાવે છે. જેના અંતરમાં વિકાસનો ઉત્સાહ ઉછળે છે ને તનમનાટ ને થનગનાટ થઈ રહ્યો છે તે એવા વિચાર કદી નહિ સેવે ને નહિ કહી બતાવે. તે તો એક જ જન્મમાં અને બનતી વહેલી તકે વિકાસની ચરમ સીમાએ પહોંચવાની ઈચ્છા રાખશે ને તેની પૂર્તિ માટે પુરુષાર્થ કરશે.

બધી જાતના દુઃખોનો નાશ કરવાની જરૂર છે. એ વાત આપણે આગળ કહી ગયાં છીએ. ગીતાના છઠ્ઠા અધ્યાયમાં પણ ભગવાને દુઃખોને દૂર કરવાની સાધનાને યોગનું નામ આપ્યું છે. પણ દુઃખોનો આત્યંતિક અંત કેવી રીતે આવે ? તુલસીદાસે રામાયણમાં કહ્યું છે કે 'જડ ને ચેતનની ગ્રંથિ પડી ગઈ છે તે છૂટી જાય તો દુઃખ ને બંધન તથા અશાંતિ દૂર થઈ શકે. અજ્ઞાનને લીધે એ ગાંઠ ઉત્પન્ન થઈને વધારે મજબૂત બની છે. એ અજ્ઞાન દૂર થાય ને પરમાત્માનું અનુભવસિદ્ધ જ્ઞાન થાય તો તે તૂટી જાય અથવા તો પરમાત્માના પવિત્ર પ્રેમના પ્રભાવથી પણ નિર્મળ બનતાં એનો અંત આવે.'

પતંજલિ એ જ વાતને જરા જુદી રીતે કહી બતાવે છે. તે કહે છે કે 'પુરુષ ને પ્રકૃતિનો સંયોગ થઈ ગયો છે ને પ્રકૃતિની અસર એના પર એટલી બધી થઈ છે કે તે પ્રકૃતિના ગુણ, રસાસ્વાદ, પ્રકૃતિની અવસ્થા, પ્રકૃતિમય શરીર ને સંસાર તથા અહંતા, મમતા જેવા ભાવોમાં ડૂબી ગયો છે ને બંધાઈ જઈને પોતાના મૂળ રૂપ ને મહિમાને તદ્દન ભૂલી ગયો છે. પોતાના ઉત્તમ રાજસિંહાસન પરથી તે ભ્રષ્ટ થયો છે ને કંગાળ તથા ભિક્ષુક બનીને ફરી રહ્યો છે. એટલે પ્રકૃતિની પકડ કે પ્રકૃતિના પાશમાંથી જો તે છૂટે તો તેની પરવશતા, પામરતા ને પીડાનો અંત આવે.' બીજો અર્થ એવો પણ કરી શકાય કે પુરુષ ને પ્રકૃતિનો સંયોગ સંપૂર્ણપણે કરી દેવાથી પણ બધી જાતનાં દુઃખ દૂર થઈને પરમ સુખ ને શાંતિની પ્રાપ્તિ થાય. પુરુષને પ્રકૃતિનો પૂરો મેળાપ સમાધિદશામાં જ થઈ શકે છે. પ્રકૃતિ તે વખતે પુરુષમાં સમાઈ જાય છે. તે દશા પછી પણ પુરુષ પ્રકૃતિના પાશમાંથી છૂટી જાય છે. પ્રકૃતિ તેને પરાધીન રાખીને તેના પર શાસન નથી કરી શકતી. પરિણામે એના દુઃખનો અંત આવે છે. જે પરાધીન છે તે સદા દુઃખી જ હોય છે. કહ્યું છે ને કે 'પરાધીન સપનેહુ સુખ નાહીં.'

**[૧૮] દૃશ્ય કેવું છે ?**

દ્રષ્ટા પુરુષ ને દૃશ્ય પ્રકૃતિ બંનેના સંયોગ વિષે આગળ કહેવાઈ ગયું. તે પ્રમાણે પુરુષ પ્રકૃતિનાં ગુણોમાં ને પ્રકૃતિની મદદથી ઉત્પન્ન થયેલાં જુદાં જુદાં નામ ને રૂપવાળા જગતમાં આસક્ત થાય છે. એ આસક્તિને લીધે તે પોતાના મૂળ સ્વરૂપને ભૂલી જાય છે ને તે વિસ્મરણ અથવા સ્વરૂપનું અજ્ઞાન જ તેના દુઃખ, બંધન કે ક્લેશનું કારણ બને છે. પ્રકૃતિ ને પ્રકૃતિમય સંસારનું સ્વરૂપ છે જ એવું મધુર, સરસ ને આકર્ષક કે વાત નહિ. ભલભલા ધીર, વીર, જ્ઞાની ને પંડીત પણ એમાં મોહાઈ ફસાઈને ભાન ભૂલી જાય છે. જેના પર ઈશ્વરની કૃપા હોય છે, સંતપુરુષોની અમી દૃષ્ટિ હોય છે ને જે સદા સાવધાન કે જાગ્રત હોય છે, તે જ એનાથી અલિપ્ત રહી શકે છે. એ માટે જ સંતો ને શાસ્ત્રોએ વારંવાર સાવધ રહેવાની તથા આત્મનિરીક્ષણ કરવાની ભલામણ કરી છે.

સંસારનું સ્વરૂપ કેવું છે ? તેની માતા પ્રકૃતિના જેવું. પ્રકૃતિ જેમ ચંચળ છે, એકસરખી અવસ્થામાં કાયમને માટે નથી રહેતી, તેમ તે પણ ચંચળ કે પરિવર્તનશીલ છે. પ્રકૃતિ ત્રિગુણાત્મક છે, સત્વ, રજ ને તમ નું સંમિશ્રણ છે. સત્વગુણનો મુખ્ય ધર્મ જ્ઞાન અથવા પ્રકાશ છે, રજોગુણનો ક્રિયા ને તમોગુણનો સ્થિતિ અથવા જડતા. પ્રકૃતિ એ ત્રણે ગુણની સામ્યાવસ્થા છે. એટલે પ્રકાશ, ક્રિયા ને સ્થિતિ અથવા જડતાને પ્રકૃતિનો સ્વભાવ કહી શકાય, સંસારનો સ્વભાવ પણ એવો જ છે. સંસારમાં હર્ષ છે, શોક છે, જ્ઞાન છે, અજ્ઞાન છે, ઉત્થાન, પતન, ક્રિયાશીલતા ને જડતા બધું જ છે. સારાં-નરસાં અનેક પદાર્થો, ગુણો ને ભાવોનો તે શંભુમેળો છે. નિત્યનિરંતર ચાલુ રહેનારો એ એક અજાયબી કે વિવિધતાથી ભરેલો મહામેળો છે એમ જ સમજી લો. એવા ભાવને જાગ્રત રાખીને સંસારમાં શ્વાસ લો તો ખરેખર આનંદ આવશે ને તટસ્થતા તથા અનાસક્તિ કેળવાશે. એ મેળાના જુદા જુદા પદાર્થોને જોઈને પરમાત્માના પરમ પ્રકાશનો વિચાર કરો. એમની અંદર રહેલા ને આરપાર નીકળતા પરમાત્માના પ્રકાશનો વધારે ને વધારે અનુભવ કરો તો જીવન

શાંતિમય બની જશે ને આનંદનો અલૌકિક અખૂટ ભંડાર હાથ લાગશે. જીવવાની સાચી કલા પછી જ સમજી શકાશે.

પંચમહાભૂત, પંચ તન્માત્રા, પાંચ કર્મેન્દ્રિયો, પાંચ જ્ઞાનેન્દ્રિયો, મન, બુદ્ધિ ને અહંકાર પ્રકૃતિના કાર્યરૂપ છે. તે તેનું પ્રકટ સ્વરૂપ કહેવાય છે. તેમાંથી ઉત્પન્ન થયેલા શરીર ને સંસારમાં પણ એમનો મહિમા જોઈ શકાય છે.

ત્યારે પ્રકૃતિ ને તેમાંથી પેદા થયેલા ને એને આધારે ટકી રહેલા આ અજાયબઘર જેવા સંસારનો ઉદ્દેશ શો છે ? એ પ્રશ્ન સહેજે ઊભો થાય છે. કે પછી એનો કોઈ ઉદ્દેશ ના હોય તેવું તો બને જ નહિ. કેમ કે એક નાનું સરખું સાધારણ કામ પણ કોઈ હેતુ વિના નથી થતું તો આવી મહાન વસ્તુ ને એવી રચનાનો કોઈ ઉદ્દેશ ન હોય તે બને જ કેવી રીતે ? કોઈ કહે છે કે ખાવું, પીવું, ભોગવવું ને આનંદ કરવો એ જ જીવનનો ઉદ્દેશ છે ને સંસાર પણ એટલા માટે જ છે. પણ મને નથી લાગતું કે એ વિચાર આજના શિક્ષિત ને સુસંસ્કૃત થતા જતા પ્રગતિવાદી જમાનામાં સર્વ સ્વીકાર્ય કે શોભાસ્પદ હોય. જીવનનો ઉદ્દેશ એટલો જ ના હોઈ શકે. તો તો પછી માનવમાં ને પશુમાં ફેર શો ? માનવની બુદ્ધિ કે ચિંતનશક્તિનો ઉપયોગ શો ? માણસને તન, મન, ને અંતર ત્રણે છે ને તે ત્રણેની સમસ્યાઓ સતાવી રહી છે. અજ્ઞાનમાંથી જ્ઞાનમાં, દુઃખમાંથી સુખમાં ને બંધનમાંથી મુક્તિના પ્રદેશમાં પહોંચવાની તેની ઊંડી ઝંખના છે. ખાનારાં, પીનારાં ને ભોગ ભોગવીને આનંદ કરનારાં માનવોને પણ એવી ઝંખના હોય છે. તે પણ બધી રીતે સંપૂર્ણ સુખી નથી હોતાં ને શાંતિ નથી અનુભવતાં. એટલે જીવન તથા સંસાર માત્ર લ્હેર કરવા માટે જ છે એમ માનવું નકામું છે. એનો આનંદ લેવો જ નહિ એમ નથી, પણ એ આનંદને જ સર્વસ્વ માનીને ભાન ભુલી જવાની જરૂર નથી. એના નશામાં નથી પડવાનું, ને ના પડાય તેનું પૂરેપૂરું ધ્યાન રાખવાનું છે. જીવન ને સંસાર એક મંગલ સાધનાભૂમિ છેઃ પૂર્ણતાની સુંદર પ્રયોગશાળા છે : અજ્ઞાન, દુઃખ, દર્દ ભેદભાવ ને અશાંતિમાંથી મુક્તિ મેળવવામાં મદદ કરનાર એક મૂલ્યવાન સાથી ને સંપત્તિ છે. એનો ઉપયોગ કરીને, પરમાત્માનો પ્રત્યક્ષ અનુભવ કરીને મુક્તિ મેળવવાની છે. એટલે પ્રકૃતિ ને એના સુંદર સંસ્કરણ સરખા સંસારના હેતુ બે છે : ભોગ ને મોક્ષ. સાધના દ્વારા સ્વરૂપનું દર્શન થાય એટલે તેનો હેતુ સંપૂર્ણ ને સફળ થાય છે.

**[૧૯] ગુણના ભેદ અથવા ગુણની ચાર અવસ્થા**

પ્રકૃતિ અથવા તો દૃશ્ય જગત બીજું કાંઈ નહિ પણ સત્વ વગેરે ગુણોનો એક જાતનો શંભુમેળો છે ને ગુણોની વિશાળ સૃષ્ટિ અથવા તો અભિવ્યક્તિ છે એમ પણ કહી શકાય. પ્રકૃતિ જાણે કોઈ કુશળ નૃત્યાંગના બનીને એ સંસારના સ્વરૂપમાં રમી રહી છે. પોતાના વિવિધ ને વારંવાર વિરોધાભાસી દેખાતાં ગુણોની મદદથી તે જુદાં જુદાં સ્વાંગ સજીને લીલાનાં જુદાં જુદાં અંકો કરી રહી છે એ પ્રકૃતિની અંદર, બહાર, આગળ ને પાછળ સૂત્રધાર બનીને પરમાત્મા પણ રમી રહ્યા છે. પણ તેમનું દર્શન સૌને સહેલાઈથી નથી થતું, ને કેટલીક વાર તો જાણે પ્રકૃતિ જ સંસારની એક માત્ર શક્તિ ને સંસારનું સારસર્વસ્વ હોય એવું લાગે છે. માણસ એની અંદર જ આસક્ત થાય છે, એનાથી મુગ્ધ બને છે, ને એની અંદર મોહિત થાય છે. જ્ઞાન અથવા ઋતંભરા પ્રજ્ઞાની પ્રાપ્તિ થયા પછી એવું નથી બનતું. પછી તો અજ્ઞાન ને એને પરિણામે ઉત્પન્ન થયેલી

આસક્તિનાં બધાં જ આવરણ દૂર થાય છે. પરમાત્માની ઝાંખી અથવા અનુભૂતિ સહજ થાય છે, ને જીવન મંગલમય બની જાય છે. પછી તો પ્રકૃતિનો રહસ્ય-પડદો પણ તૂટી જાય છે. તે પ્રકૃતિ પરમાત્માની અભિન્ન શક્તિ છે તથા પ્રકૃતિના રૂપમાં પરમાત્મા જ રમી ને વીલસી રહ્યા છે એમ લાગે છે. અનુભવની એવી અવસ્થાની પ્રાપ્તિ પછી જીવન ધન્ય બની જાય છે. એવી અવસ્થા ભારેમાં ભારે પુરુષાર્થ પછી, ને કોઈકને જ પ્રાપ્ત થાય છે.

પ્રકૃતિના ગુણના ભેદ અથવા તો ગુણની અવસ્થા પણ છે. તે ગુણભેદ અથવા તો ગુણની અવસ્થાના પ્રકાર ચાર છે - વિશેષ, અવિશેષ, લિંગમાત્ર ને અલિંગ.

વિશેષ એટલે શું ? પંચમહાભૂત, પાંચ જ્ઞાનેન્દ્રિયો, પાંચ કર્મેન્દ્રિયો ને મન-એ સોળ વસ્તુને વિશેષના નામે ઓળખવામાં આવે છે. ગુણોનાં જે વિશેષ ધર્મો છે એમની અભિવ્યક્તિ એમની દ્વારા જ થાય છે.

પાંચ તન્માત્રા અથવા તો શબ્દ, સ્પર્શ, રૂપ, રસ ને ગંધ - એ સૂક્ષ્મ મહાભૂત તથા છઠ્ઠો અહંકાર - એ સૌને અવિશેષ તરીકે ઓળખવામાં આવે છે. તેમનું સ્વરૂપ ઈન્દ્રિયગોચર નથી.

વિશેષ ને અવિશેષના ક્રમમાં જે બાવીસ તત્વો કહી બતાવ્યાં તેમનું કારણ મહત્તત્વ છે. તે લિંગમાત્ર પણ કહેવાય છે.

ત્રણ ગુણોની સામ્યાવસ્થાવાળી મૂળ પ્રકૃતિ અલિંગ કહેવાય છે. એને અવ્યક્ત પણ કહેવામાં આવે છે. જે ગુણો સામ્યાવસ્થાને પામી ગયાં હોય છે તેમના સ્વરૂપની અભિવ્યક્તિ નથી થતી. તેથી પણ પ્રકૃતિને અલિંગ અથવા તો કોઈ પણ પ્રકારની દેખીતી નિશાની વિનાની કહે છે.

### [૨૦] દ્રષ્ટા વિષે

પ્રકૃતિના ગુણોની ગયા પ્રકરણમાં કહ્યા પ્રમાણે પહેલી અવસ્થા વિશેષ છે. ગુણો તે વખતે વિશેષ અથવા તો વધારે પડતાં પ્રબળ બનીને કામ કરતાં હોય છે. ત્રણે ગુણો એક સાથે પ્રબળ બનીને કામ કરે એમ નથી સમજવાનું. કોઈ વાર ત્રણે ગુણ, કોઈ વાર બે ગુણ, તો કોઈ વાર એક ગુણ પ્રબળ બનીને પ્રકટ થાય છે ને કામ કરે છે. પ્રકૃતિના ગુણની એ વિશેષ અવસ્થા છે. એવી જ રીતે બધા જ ગુણ ને તેમના ધર્મો સામાન્ય રીતે કામ કરતા હોય ને તે ગુણનું કામ શાંત હોય અથવા તો અસાધારણ રીતે ના ચાલતું હોય ત્યારે એ ગુણો અવિશેષ અવસ્થામાં છે એમ કહી શકાય. કેટલી વાર એવું બને છે કે સાધનાની મદદથી ગુણો શાંત થઈ જાય છે. તે તદ્દન નિર્મળ કે શાંત થયેલા નથી હોતા. પણ તેમનું સ્વરૂપ અત્યંત સૂક્ષ્મ બની જાય છે. સવિકલ્પ સમાધિની દશામાં એવું જ થતું હોય છે, તે વખતે ગુણો તથા ગુણધર્મો નામ માત્રના રહી જાય છે. એથી એ અવસ્થામાં એમને લિંગમાત્ર કહી શકાય. સમાધિમાંથી જાગ્યા પછી પણ ગુણોની એવી સૂક્ષ્માતિસૂક્ષ્મ અવસ્થા કેટલીક વાર કાયમ રહે છે. પરંતુ નિર્વિકલ્પ સમાધિનો અનુભવ થવાથી મન પોતાની સમસ્ત શક્તિ ને ચેતના સાથે પરમાત્મામાં મળી જાય છે અથવા તો પરમાત્માની સાથે શાંત થાય છે. તે હયાતિ ધરાવે છે કે નહિ તે પણ નથી સમજાતું ને એનું અલગ અસ્તિત્વ નથી રહેતું. ગુણોની એ અવસ્થાને અલિંગના નામથી ઓળખાવી શકાય. સંસારના જુદાં જુદાં પદાર્થોમાં પણ પ્રકૃતિના ગુણધર્મો ક્યાંક

પ્રબળપણે તો ક્યાંક છેક સામાન્ય રીતે, ક્યાંક તદ્દન સૂક્ષ્મ સ્વરૂપે તો ક્યાંક સમજી અથવા તો ઓળખી ના શકાય એવા રહસ્યમય ગૂઢ સ્વરૂપે પ્રકટ થતા હોય છે. એ રીતે પણ એમના ભેદને સમજી શકાય છે.

પતંજલિ હવે આપણને દ્રષ્ટા વિશે સંક્ષેપમાં સમજાવી દે છે. તે કહે છે કે આત્મા છે તે દ્રષ્ટા છે. તે સંપૂર્ણપણે શુદ્ધ, નિર્વિકાર તથા નિર્ગુણ છે. પરંતુ એ આત્માનો પ્રકૃતિ ને તેના ગુણોની સાથે અત્યંત ગાઢ સંબંધ થયેલો છે. અવિદ્યાને લીધે જ એ સંબંધ ઉત્પન્ન થયો છે ને પોષાઈ તેમજ ટકી રહ્યો છે. તેથી તેની દશા પરવશ જેવી બની ગઈ છે. પ્રકૃતિના લાંબા વખતના ઉપભોગ ને ગુણોની ઊંડી આસક્તિને લીધે તે હર્ષ, શોક, સુખ ને દુઃખ તથા બંધનનો અનુભવ કર્યા કરે છે. પ્રકૃતિની પરવશતાને લીધે તે પોતાના શુદ્ધ, બુદ્ધ, મુક્ત ને નિત્ય સ્વરૂપનો અનુભવ સહેલાઈથી નથી કરી શકતો. તે તો ઠીક, પણ બુદ્ધિ સાથે એકાકાર બનીને તથા બુદ્ધિથી પ્રભાવિત થઈને બુદ્ધિ જેમ ચલાવે તેમ તે ચાલે છે. બુદ્ધિ, ચિત્ત અથવા તો પ્રકૃતિનો આનંદ લઈને તે દોરે તેમ દોરાય છે. પોતાના સ્વભાવ ને મહિમામાં સ્થિતિ કરવાને બદલે તે પ્રકૃતિના રંગથી રંગાઈ જાય છે. તે દ્રષ્ટા, કર્તા ને ભોક્તા બને છે.

એટલે દુઃખ, દર્દ, આસક્તિ ને બંધનમાંથી મુક્તિ મેળવવા જીવાત્મા પ્રકૃતિની પકડમાંથી કાયમને માટે મુક્તિ મેળવે તે જરૂરી છે. પ્રકૃતિની પકડમાંથી છૂટીને તે પોતાના મૂળ સ્વરૂપમાં સ્થિતિ કરે અથવા પોતાના મૂળ સ્વરૂપનો અનુભવ કરે એટલી જ વાર છે. પછી તેની ધન્યતાનો પાર નહિ રહે. તેના બધાં બંધન ને તેની સઘળી સમસ્યાઓનો અંત આવશે. સમાપ્તિની અલૌકિક અવસ્થા એટલા માટે જ છે. દ્રષ્ટ આત્મા તે દરમ્યાન પોતાના અસલ સ્વરૂપમાં સ્થિતિ કરે છે. એ વાત યોગદર્શનના ત્રીજા સૂત્રમાં આવી જ ગઈ છે ત્યાં આપણે એનો વિસ્તારથી વિચાર પણ કર્યો છે. એટલે એ વિશે અહીં વધારે વિસ્તારમાં નહિ પડીએ તો પણ ચાલશે.

**[૨૧] દૃશ્ય દ્રષ્ટાને માટે જ છે**

પ્રકૃતિના પાર વગરના પાશમાંથી છૂટવામાં જ પુરુષનું કલ્યાણ છે. પુરુષનો પ્રખર પુરુષાર્થ અત્યાર સુધી અન્વેષણનાં નાનાંમોટાં અનેક ક્ષેત્રોમાં ખપ લાગ્યો છે, વપરાયો છે, ને એણે અજાયબીમાં નાખી દે એવા ચમત્કાર કરી બતાવ્યા છે. માનવ ને માનવસમાજનું તેથી હિત થયું છે. એ પ્રબળ પુરુષાર્થને માટે કોઈ પણ વિવેકી પુરુષ ગૌરવ જરૂર લઈ શકે છે. કોઈક વાર પુરુષાર્થની એ વૃત્તિ ને પ્રવૃત્તિ હિંસા કે સર્વનાશના ભયંકર માર્ગે પણ આગળ વધતી રહી છે ને પાર વિનાનું નુકસાન પણ પહોંચાડી ગઈ છે. પરંતુ પુરુષાર્થની એ ભાવના ઘણી નોંધપાત્ર છે તેની શંકા નહિ. છતાં પણ બહારની દુનિયામાં પુરુષાર્થના વિજયડંકા વગાડનારો માનવ પોતાની તદ્દન નજીકની કે અંદરની દુનિયાને જીતવામાં સામાન્ય રીતે પાછળ જ રહ્યો છે ને મોટે ભાગે પંગુ સાબિત થયો છે એમ કહીએ તો કાંઈ ખોટું નથી. તેને તેની પોતાની જ પ્રકૃતિ બાંધીને પડકાર કરી રહી છે. તેની પકડમાંથી તેણે છૂટવાનું છે. તેને માટે તેણે પુરુષાર્થ કરવાનો છે. પોતાના સ્વભાવને ઉત્તરોત્તર નિર્મળ, સંયમી તથા સ્થિર ને શાંત બનાવીને પરમાત્માની અનુભૂતિના આનંદમાં એણે ઓતપ્રોત બનવાનું છે. તન, મન ને સંજોગો એના પર શાસન ના કરે પણ પોતાનું શાસન એમના પર ચાલ્યા કરે એવી સ્થિતિ એણે ઊભી કરવાની છે. એમ કરીને એણે પોતાને કપાળે લાગેલું કલંક ધોઈ

નાખવાનું છે, પોતાની ત્રુટિ દૂર કરવાની છે. સમસ્ત સંસારમાં ને બહારના અવકાશમાં બધે જ સિદ્ધિ મેળવવા મહેનત કરનારો માણસ પોતાના દિલની દુનિયામાં ડોકિયું પણ નથી કરતો એ એક મોટામાં મોટું આશ્ચર્ય ને એક ભારેમાં ભારે કરુણતા છે. એ કરુણતામાંથી છૂટીને પોતાની પ્રકૃતિને વશ કર્યે જ છૂટકો છે. માનવના ગૌરવની પ્રતિષ્ઠા માટે એ જરૂરી છે.

આપણી આજુબાજુ દૃષ્ટિપાત કરવાથી સહેજે જણાય છે કે પ્રકૃતિને પલટાવવા, ઉત્તમ કરવા ને પ્રકૃતિના પાશમાંથી મુક્તિ મેળવવા માટે મહેનત કરનારાં માણસો અત્યંત ઓછી સંખ્યામાં છે. મોટા ભાગનાં માણસોનું એ તરફ ધ્યાન જ નથી. એ માટે એમને રસ પણ નથી. સંસ્કૃતિના ગૌરવમાં માનનારી પ્રજાને માટે એક મોટી કમનસીબી છે, ને તે માટે તેણે શરમાવું જોઈએ.

પ્રકૃતિ પુરુષને માટે જ છે. તેનો ઉપયોગ કરીને પુરુષે વિકાસને માર્ગે આગળ વધવાનું છે, ને જીવનનું શ્રેય સાધી લેવાનું છે. એ વાતનો ઉલ્લેખ આ પહેલાં પણ અઢારમાં સૂત્રમાં આવી ગયો છે, ને તે જ વાતને પતંજલિ અહીં એક વાર ફરીથી સમજાવી રહ્યા છે. સંસારમાં જે કાંઈ છે તે ને સમસ્ત સંસાર માનવને આગળ ને આગળ વધવામાં મદદરૂપ થવા માટે છે. તેનો લાભ લઈને તે પૂર્ણ જીવનના પવિત્ર પંથ પર પ્રસ્થાન કરી શકે છે ને પૂર્ણતામાં પ્રતિષ્ઠિત પણ થઈ શકે છે. એ વસ્તુ સદાને માટે યાદ રાખવાની છે. કેમ કે તેનું વિસ્મરણ થવાથી જીવન અર્થ વગરનું, કોઈ પણ પ્રકારના ઉત્તમ આદર્શ વિનાનું થઈ જશે. જીવનને પ્રાપ્ત કરીને એમ કહી શકાય કે માણસ એક મોટા સીમાચિહ્ન પાસે આવીને ઊભો છે. ત્યાંથી તે કાં તો આગળ ગતિ કરે કે પછી પાછળ હઠે. આગળ ગતિ કરીને મનની શુદ્ધિ ને સાધનાની મદદથી તે દેવતાતુલ્ય બની શકે કે એથી પણ વધીને પ્રભુમય થઈ શકે છે ને પીછેહઠ કરીને દાનવતુલ્ય. એ રીતે પોતાને ને બીજાને માટે નુકસાનકારક તથા દુઃખદાયક પણ થઈ શકે છે. એટલે માનવજીવનનો તે કેવી રીતે ઉપયોગ કરે છે તેના પર તેના સુખ ને દુઃખનો તથા ઉત્થાન ને પતનનો આધાર છે. જીવન કેટલી બધી મૂલ્યવાન ને સુદીર્ઘવતી અસર પહોંચાડનારી વસ્તુ છે તે આના પરથી સહેજે સમજી શકાશે. સાધનામય જીવનની જરૂર પણ કેટલી છે તેનો સારી પેઠે ખ્યાલ આવશે. માટે જ સૌ સાધનાપરાયણ બને અથવા તો જીવનને સાધનામય બનાવે એમ આપણે ઈચ્છીએ છીએ.

### [૨૨] પ્રકૃતિ નિત્ય છે

પ્રકૃતિ પુરુષની પ્રગતિ તથા સુખાકારી માટે છે એ વાતનો વિચાર કરી લીધો. પુરુષે તેની મદદ મેળવીને જીવનને સુખમય ને રસાળ બનાવવાની સાથે સાથે મુક્તિના મંગલ માર્ગના મુસાફર પણ થવાનું છે ને જીવનને મંગલમય ને મુક્ત કરવાનું છે. એ વાતને આપણે સારી પેઠે સમજી લીધી. હવે એક બીજી વાતનો વિચાર કરી લઈએ. પ્રકૃતિના પતંજલિએ કહી બતાવેલા ભોગ ને મોક્ષના બંને હેતુ પૂરા થાય પછી પ્રકૃતિનું અસ્તિત્વ રહે છે કે પ્રકૃતિનો સમૂળગો નાશ થઈ જાય છે ? પતંજલિ તે પ્રશ્નનો ઉત્તર સંક્ષેપમાં છતાં પણ સચોટ રીતે આપી દે છે. તે કહે છે કે જેમણે પ્રકૃતિનો સદ્ઉપયોગ કરીને પોતાના જીવનને ઉજ્જવળ, અલૌકિક ને મુક્ત કર્યું છે તેવા મહાપુરુષોને માટે પ્રકૃતિનો અભાવ થઈ જાય છે. સમાધિની દશામાં ને શરીર છોડીને પરમાત્મામાં મળી જાય છે ત્યારે તેમને માટે પ્રકૃતિ નથી રહેતી. તે પ્રકૃતિથી પર બની જાય છે.

પરંતુ એનો અર્થ એવો તો નથી જ કે પ્રકૃતિનો સદાને માટે ને સમૂળગો નાશ થઈ જાય છે. સમાધિની દશા દરમ્યાન પ્રકૃતિનો લય થઈ જાય છે એટલું જ. અથવા બીજા શબ્દોમાં કહેવું હોય તો એમ કહી શકાય કે પ્રકૃતિ શાંત થઈ જાય છે. પણ સમાધિની દશા પૂરી થતાં તે રહે છે જ ને સાધકની અંદર ફરી કામ કરે છે. તેનું રૂપ પલટાયું ને વધારે પવિત્ર ઉત્તમ કે અલૌકિક થયું હોય છે એટલું જ. બાકી એનો આત્યંતિક નાશ નથી જ થતો.

શરીર જ્યારે છૂટી જાય ત્યારે સાધકની સંપૂર્ણ પ્રકૃતિ ને ચેતના, સૂરજનાં કરોડો કિરણો જેમ સૂરજમાં મળી જાય તેમ, પોતાના મૂળાધાર પરમાત્મામાં મળી જાય છે. તે વખતે તે સંપૂર્ણપણે શાંત થઈ જાય છે. તો પણ તેનો નાશ થઈ જાય છે એમ નહિ કહી શકાય કેમ કે સંસારના અણુ ને પરમાણુમાં તે ક્રીડા કરી રહી છે. સંસારના નાના કે મોટા પ્રત્યેક પદાર્થમાં તે તાણા ને વાણાની પેઠે પ્રસરી ગઈ છે. એટલે પરમાત્માને ઓળખી ને મુક્તિ મેળવી લેનારા કોઈ વિરલ એકાદ મહાપુરુષને માટે એનો અભાવ થઈ જતો હોય તો પણ, સંસારની બીજી બધી જ વ્યક્તિ ને વસ્તુમાં તો તે રહે છે જ. એકાદ બે સ્થળે ને એકાદ બે બડભાગીને માટે એનો અંત આવી જાય છે એમ કહેવું હોય તો ભલે, પણ એનો સંપૂર્ણ નાશ તો નથી જ થતો. જ્યાં એનો નાશ થાય અથવા અંત આવતો દેખાય છે ત્યાં પણ એનું રૂપાંતર અથવા ઊર્ધ્વીકરણ જ થાય છે. બીજા લાખો લોકો, પ્રાણી, પશુ, પંખી ને પદાર્થો એ પ્રકૃતિના રસ, ગુણ ને વિષયોનો અનુભવ કરે છે. પ્રકૃતિની અસર ને પ્રકૃતિની સત્તા એમના પર એકસરખી રીતે ચાલ્યા કરે છે. માટે જ પ્રકૃતિ પરિણામી ને પરિવર્તનશીલ હોવા છતાં પણ અનાદિ ને નિત્ય છે.

પ્રકૃતિ પરમાત્માની જ અભિન્ન શક્તિ છે. તે પરમાત્માની સાથે જ રહે છે. પ્રકૃતિ પરમાત્માના આશ્રયે રહે છે. એટલે પ્રકૃતિ ને પરમાત્મા બે જુદાં જુદાં તત્વો નથી. પરમાત્મા એક ને અનન્ય છે. એટલે પ્રકૃતિના રૂપમાં પણ તે જ પ્રકટ થયા છે. તેથી, પ્રકૃતિનો નાશ થાય છે એમ કહીએ તો પરમાત્માનો નાશ થાય છે એવું કહ્યા બરાબર થઈ જાય ને તત્વજ્ઞાનનાં સિદ્ધાંતોની દૃષ્ટિએ જોતાં મોટો દોષ આવે. એટલે પણ પ્રકૃતિ કામચલાઉ સમય સારું શાંત થતી હોય તો પણ કાયમને માટે ને સંપૂર્ણપણે નષ્ટ થઈ જાય છે એમ માનવું ને મનાવવું બરાબર નથી. પતંજલિએ એ વાતની અહીં ચોખવટ કરી છે.

### [૨૩] સ્વશક્તિ તે સ્વામીશક્તિ

હવે પતંજલિ પોતાના યોગદર્શનમાં બે નવા શબ્દોનો પ્રયોગ કરી બતાવે છે. તે શબ્દો છે સ્વશક્તિ ને સ્વામીશક્તિ. સ્વશક્તિ ને સ્વામીશક્તિના શબ્દપ્રયોગ દ્વારા પતંજલિ શું સૂચવવા માંગે છે ? એમના કહેવાનો આશય એવો છે કે પુરુષ સ્વામી છે ને પ્રકૃતિ પુરુષને આધીન છે અથવા અધીન થઈ શકે છે, ને પુરુષની પોતાની વસ્તુ છે. પુરુષના પોતાના જ ભોગ ને મોક્ષના અથવા વધારે સારા શબ્દોમાં કહીએ તો આનંદ ને સ્વરૂપના સાક્ષાત્કાર દ્વારા પ્રાપ્ત કરેલી પ્રકૃતિના બેવડા પ્રયોજન માટે જ એનું અસ્તિત્વ છે. અથવા તો એમ કહો કે એના અસ્તિત્વનો લાભ લઈને કોઈ પણ વ્યક્તિ એ બેવડા પ્રયોજનને સિદ્ધ કરી શકે છે. પ્રકૃતિ ને એનો આખો અનંત ભંડાર પુરુષને માટે જ છે. માટે જ પુરુષ તેનો સ્વામી ને તે પુરુષની સ્વશક્તિ કહેવાય છે.

પ્રકૃતિ ને પુરુષનો મૂળ સંબંધ તો એવો જ છે. પરંતુ આપણી આજુબાજુ નજર નાખતાં આજે એનું રૂપ જુદું જ દેખાય છે. પ્રકૃતિ પુરુષની આશ્રિતા દાસી છે તેને બદલે આજે વધારે ભાગે પુરુષ પ્રકૃતિનો આશ્રિત અથવા આજ્ઞાંકિત દાસ બની ગયો છે. પ્રકૃતિથી પરવશ થઈ ગયો છે, ને પ્રકૃતિની ઈચ્છા પ્રમાણે ચાલી રહ્યો છે. પોતાની અંદરની ને બહારની પ્રકૃતિમાં તે આસક્ત થયો છે, ભાન ભૂલ્યો છે, ને ડૂબી ગયો છે. પ્રકૃતિ તેને પ્રેરે તેમ પ્રેરાય છે ને નચાવે છે તેમ નાચે છે. ગુણ, ધર્મ, ઊર્મિ, લાગણી, ભાવ ને વિચાર તથા શરીર ને મનની દુનિયા તથા એની આજુબાજુની આકર્ષણ ને રસમય બીજી દુનિયા-એ સૌથી એ એક યા બીજી રીતે પ્રભાવિત થયો છે ને એમાં બંધાયો છે. એટલે સ્વામી હોવા છતાં પણ આજે એ સ્વામીત્વના અનુભવથી વંચિત છે. કહેવાને ખાતર તેને સ્વામી કહીએ તે ભલે, પણ વાસ્તવિક્તાની દૃષ્ટિએ તો તે સેવક છે ને પ્રકૃતિ જ તેની સ્વામિની બની બેઠી છે. એટલે પરિસ્થિતિ અથવા તો હકીકત બધી રીતે એથી ઊલટી છે. તેના સંતાપ, દુઃખ, બંધન ને એની અશાંતિનું કારણ એ જ છે. પરાધીન દશા બધી રીતે દુઃખદાયક જ હોય છે. એટલા માટે પણ દુનિયામાં માનવ મોટે ભાગે દુઃખી છે. પ્રકૃતિનો વિવેકી સ્વામી બનવાને બદલે તે પોતાની પ્રકૃતિનો આજ્ઞાંકિત અનુચર બની ગયો છે. પ્રકૃતિનું રમકડું બનીને તે રમ્યા કરે છે. પ્રકૃતિનો રસ લેવામાં કશી જ હરકત નથી. પણ રસ લેતાં લેતાં એ આસક્ત બની ગયો છે ને ઉન્મત્ત થયો છે. જેમને તેના રસાસ્વાદની સાથે સીધો કે સંપૂર્ણ સંબંધ નથી તે, પોતાની માનસિક નબળાઈને લીધે તે હાથના હાથા બનીને રમ્યા કરે છે. એટલે સાધનાની મદદથી માણસે પોતાની નબળાઈને કાઢી નાખવાની છે ને પોતાના સ્વામી ભાવમાં પ્રતિષ્ઠિત થવાનું છે. સ્વામી ભાવના અભિમાનનું પોષણ તો ભૂલેચૂકે પણ નથી થવા દેવાનું, પણ સ્વામીભાવની યોગ્યતા મેળવવાની છે.

પ્રકૃતિ ને પુરુષનો સંયોગ સાધનાની મદદથી દૂર થશે, ને પુરુષ તથા પ્રકૃતિ બંને અલગ થશે. સાધના કરીને પુરુષ સ્વરૂપનો સાક્ષાત્કાર કરી લેશે. પછી એ સંયોગ મટી જશે. સાચી શાંતિ તથા સાચા, સહજ ને સંપૂર્ણ આનંદનો અનુભવ એ વખતે જ થઈ શકશે. પછી સાધકની અવસ્થા કેટલી બધી અનેરી થઈ રહેશે !

**[૨૪] આસક્તિનું કારણ અવિદ્યા**

એવી અવસ્થાના અનુભવ પછી એને લાગશે કે મેળવવા જેવું મહત્વનું બધું જ મેળવાઈ ગયું છે ને હવે કાંઈ બાકી નથી. જે લાભ એને મળ્યો છે એથી વિશેષ કોઈ લાભ નથી, એવું એને લાગ્યા કરશે. એની બધી જ ચંચળતા ટળી જશે, અશાંતિ મટી જશે, ને એનું જીવન ઉજ્જવળ ને અવનવું બની રહેશે. સવારનો સમય કેટલો બધો સુખમય, સુંદર, શાંત ને સુમધુર લાગે છે ! મીઠો મીઠો પવિત્ર પવન ચારે તરફ ફરે છે ને પંખી એમનાં સુધામય સ્વરે વાતાવરણને પ્રસન્ન કે પુલકિત કરે છે. જીવન પણ પછી એવું જ પ્રસન્ન, પુલકિત ને ધન્ય ધન્ય બની રહે છે. આનંદમય અવસ્થાની અનુભૂતિ માટે કોને ઈચ્છા નહિ થતી હોય ?

ગઈ કાલે હું એક શાંત ને એકાંત સ્થળમાં કલકલ સ્વરે વહી રહેલા એક ઝરણાની પાસે બેઠો હતો ત્યારે મને આ વિચાર આપોઆપ આવી ગયો. પર્વતીય પ્રદેશમાંથી પસાર થતું ને શાંતિ તથા પ્રસન્નતાથી આગળ વધતું એ ઝરણું મને ખરેખર ગમી ગયું. મને થયું કે સ્વરૂપનો સાક્ષાત્કાર કરી ચૂકેલા મુક્ત પુરુષનું

જીવન પણ આવું ને આથી પણ વધારે પાવન પ્રસન્ન હોય છે ને ? એ ઝરણાની સાથે મેં સામાન્ય માણસના જીવનના પ્રવાહને સરખાવી જોયો તો મને ભારે વિરોધાભાસ લાગ્યો. મને થયું કે સંસારમાં શ્વાસ લેનારા સામાન્ય માણસનું જીવન આજે લગભગ કૃત્રિમ ને નિરસ બની ગયું છે તથા પોતાના સ્વાભાવિક રસાસ્વાદ ને આકર્ષણને ખોઈ બેઠું છે. તેની મુશ્કેલી, વેદના, ચિંતા, ચંચળતા ને પીડાનો પાર નથી. મને થયું કે એ પ્રતિકૂળ પરિસ્થિતિનો અંત લાવવો જોઈએ. જીવન વધારે ને વધારે સુંદર, રસમય, આકર્ષક ને આશીર્વાદરૂપ બને તે માટે પ્રમાણિક તથા પૂરેપૂરો પ્રયાસ થવો જોઈએ. તેવો પ્રયાસ બહારની સાંસારિક પરિસ્થિતિને પલટાવીને પણ થઈ શકે ને તે ઉપરાંત, વધારે ઉત્તમ તથા અસરકારક રીતે કરવો હોય તો માનવ પોતાની દૃષ્ટિ ને વૃત્તિને ઉત્તમ બનાવીને એના દિલની દુનિયામાં ડોકિયું કરવાની કળા દ્વારા પણ કરી શકે. એને જ સાધના કહી શકાય. એવી અતરંગ સાધના વિના જીવન ભાગ્યે જ ઉત્તમ બની શકે, પૂર્ણ પણ ના થઈ શકે.

હવે વિચાર એ થાય છે કે પુરુષ પોતે નિર્વિકાર, શુદ્ધ ને ચેતન છે. સંતો ને શાસ્ત્રો એ વાતને પોકારી પોકારીને કહે છે. તે પુરુષ પ્રકૃતિની અંદર આસક્ત કેમ થયો ને આસક્તિ કરીને ભાન પણ કેમ ભૂલ્યો ? પતંજલિ કહે છે કે જુદી જુદી દૃષ્ટિએ જોતાં તેનાં નાનાંમોટાં અનેક કારણ હશે, પરંતુ તેનું સૌથી મોટું ને મહત્વનું કારણ અવિદ્યા છે. પોતાના સ્વરૂપના અજ્ઞાનને લીધે જ પુરુષ તદ્દન પરવશ છે, દુઃખી છે, અશાંત છે, ને મમતા અથવા તો આસક્તિમાં અટવાયા કરે છે. તે પોતાના અસલ સ્વરૂપને જાણે ને એ સ્વરૂપમાં સ્થિતિ કરે તો તેની પીડા ને પરવશતાનો અંત આવી જાય. બીજો કોઈ એટલો અકસીર ઉપાય નથી. પુરુષની ગુલામીનું કારણ એનું સ્વરૂપનું અજ્ઞાન જ છે. જો તે સ્વરૂપનો પ્રત્યક્ષ અનુભવ કરી લે તો તેને સતાવતી કે બેચેન બનાવથી બધી સમસ્યાનો અંત આવી જાય.

એટલે આત્માના અનુભવસિદ્ધ જ્ઞાનની જરૂર કેટલી મોટી છે તેની સમજ આટલી વિચારણા પરથી સહેજે પડી જાય છે આત્મજ્ઞાન પર આટલો બધો ભાર મૂકવાનું કારણ પણ એ જ છે. એ એક અમોઘ, અકસીર, અલૌકિક રસાયન છે ને બધી જાતનાં આંતરિક દર્દો પર કામ કરે છે. યોગની સાધના પણ એ માટેના જ અગત્યના સાધન રૂપ છે. સ્વરૂપનો સાક્ષાત્કાર કરાવી દેવો તેમજ અજ્ઞાનનો કાયમને માટે નાશ કરવો એ જ એનો મુખ્ય આદર્શ છે. એથી જીવ કૃતાર્થ થાય છે.

**[૨૫] ઈશ્વર ખાય છે ખરા ?**

કોઈ વાર માણસો તરફથી મને પૂછવામાં આવે છે કે ઈશ્વર ખાય છે કે ખાઈ શકે ખરા ? પ્રશ્ન બહુ સારો ને વિચાર કરવા જેવો છે. ભગવાન શ્રીકૃષ્ણે તો એનો ઉત્તર આપતાં ગીતામાં કહ્યું છે કે જે મને ભક્તિભાવે પ્રેરાઈને પત્ર, પુષ્પ, ફળ કે છેવટે પાણી પણ અર્પણ કરે છે તેમની અર્પણ કરેલી તે વસ્તુ હું જરૂર ગ્રહણ કરું છું અથવા જમું છું. ભગવાને ગીતામાં ‘અશ્નામિ’ શબ્દનો પ્રયોગ કર્યો છે. એનો અર્થ જમું છું. અથવા આરોગું છું એવો થાય છે. એટલે એ બાબત કોઈ શંકા સેવવાનું કારણ નથી. ભક્તની ભક્તિભાવે અપર્ણ કરેલી બધી જ વસ્તુનો ભગવાન સ્વીકાર કરે છે. ઈશ્વર શું ખાય છે ? એવા પ્રશ્નના પ્રત્યુત્તરમાં કબીર કહે છે કે અહંકાર ખાય છે. કબીરે બહુ સુંદર ને સમજવા જેવો જવાબ આપ્યો છે. પણ આપણી આગળ

ઉપસ્થિત થયેલો મુદ્દો અહંકારનો નથી. પૂછનારા માણસોને એ જાણવાની ઈચ્છા હોય છે કે ભગવાનની આગળ સેવાપૂજા કર્યા પછી જે ભોગ ધરવામાં આવે છે તે ખરેખર ભગવાન ખાય છે કે ખાઈ શકે ખરા ? ગીતામાં આપેલો ખુલાસો ટૂંકમાં કહી બતાવીએ તો તેમને સંતોષ નથી વળતો.

તેમના પ્રશ્નનો ઉત્તર આપતાં મારે તેમને કહેવું પડે છે કે ભાઈઓ, ઈશ્વર તમે અર્પણ કરેલા પદાર્થને જરૂર ગ્રહણ કરે છે ને ખાઈ શકે છે. પણ તમે તેમને ખવડાવવા માગો છો ખરા ? તે ખાય ને તેમણે ખાવું જોઈએ, એવું તમે અંતરમાંથી ઈચ્છો છો ખરા ? ને તેવી ઈચ્છાની પૂર્તિ માટે મહેનત પણ કરો છો ? જો તમે તેવી ઈચ્છા ખરેખર રાખો ને તેની પૂર્તિ માટે પ્રામાણિક પ્રયાસ પણ કરો તો ઈશ્વર તમારી ઈચ્છા જરૂર પૂરી કરે ને તમે તેમને ખાતાં જોઈ શકો. મુખ્ય જરૂરી વસ્તુ પ્રેમ છે, પ્રમાણિકતા ને નિખાલસતા તથા અતૂટ શ્રદ્ધા છે. એથી સંપન્ન થઈને તમે ઈશ્વરને ખરેખર ખવડાવવા માગશો ને તે ખાય એવો આગ્રહ રાખશો તો તે જરૂર ખાશે એમાં કોઈ પ્રકારની શંકા કરવાનું કારણ નથી. શ્રદ્ધા, પ્રેમ ને સત્યતાથી પ્રેરાઈને માણસ જે ધારે તે બધું કરી શકે છે, ને જે કઠિન લાગે તેને પણ તે સફળ કરી દે છે.

પ્રેમ ને શ્રદ્ધાની શક્તિ એવી અસાધારણ ને અજબ છે. પરંતુ માણસની અંદર એ શક્તિ હોવી જોઈએ. એથી પ્રેરાઈને તેણે પરમાત્માને પોકાર પાડવો ને પ્રાર્થવું જોઈએ, તો તેની વાત પરમાત્મા જરૂર સાંભળે. ભૂતકાળમાં ભક્તની વાત એવી રીતે ભગવાને વારંવાર સાંભળી છે ને તેમની ભાવના પૂરી કરી છે. નરસિંહ મહેતા ને મીરાં જેવા ભક્તોનાં જીવન એવાં ઉદાહરણથી ભરપૂર છે. જેનામાં શ્રદ્ધા ને ભક્તિનો સદંતર અભાવ હશે તેને એવા ઉદાહરણો ઉપજાવી કાઢેલાં લાગશે. પણ એવા પ્રસંગો પણ બની શકે છે ને તે મિથ્યા નથી. કોઈ કોઈ વાતોમાં કોઈ ઠેકાણે અતિશયોક્તિ થઈ હોય તેવું બની શકે, પરંતુ તેવી વાતો તદ્દન આધાર વિનાની ને અસંભવ છે એમ માની લેવાનું કોઈ કારણ નથી. માણસની પ્રેમ, ભક્તિ શ્રદ્ધા ને સાધનાની પાંખ કપાઈ ગઈ છે એટલે તે એવું માની લે છે પણ તેમ માનવું-મનાવવું બરાબર નથી.

ભગવાન ભાવ ને ભક્તિને વશ થઈને ખરેખર પ્રકટ થાય છે ને ભક્તની સમર્પિત કરેલી વસ્તુ સ્વીકારે છે એ વાત સાચી છે. નામદેવના જીવન પરથી એની સમજ સહેલાઈથી પડી જાય છે. કહે છે કે નામદેવ નાના હતા ત્યારે તેના પિતા બહારગામ ગયેલા. ઘરમાં પ્રસ્થાપિત કરેલા ભગવાન વિઠોબાના શ્રીવિગ્રહને રોજના નિયમ પ્રમાણે, પોતે બહારગામથી પાછા ના ફરે ત્યાં સુધી, ભોગ ધરવાનું કામ તેમણે નામદેવને સોંપેલું. તે પ્રમાણે નામદેવે બીજા દિવસે સવારે વિઠોબાની આગળ ખૂબ જ પ્રેમ ને ઉત્સાહથી પ્રેરાઈને દૂધનો વાડકો મૂક્યો. તેમને થયું કે હવે ભગવાન કેવા પ્રેમથી મારું દૂધ પીવા માંડશે ! પણ વિઠોબા તો હાલ્યા જ નહિ ત્યારે તેમને ભારે નવાઈ લાગી ને દુઃખ થયું. વારંવાર પ્રાર્થના કર્યા છતાં પણ વિઠોબા એવા જ અચળ રહ્યા ત્યારે તેમની પીડાનો પાર ના રહ્યો. તેમને થયું કે ભગવાન આજે દૂધ નથી પીતા તો જરૂર મારી કોઈ ભૂલ થઈ હશે ને તેમણે ગદ્‌ગદ્‌ સ્વરે પ્રાર્થના કરી કે પ્રભુ મારી કોઈ ભૂલ થઈ હોય ને મારામાં કોઈ ત્રુટિ હોય તો પણ તમે તેના તરફ જ ના જોશો. તમે તો પ્રભુ છો. આ દૂધ પીવા માંડો. તમે નહિ પીવો તો હું પણ કશું ખાવાનો કે પીવાનો નથી.

પ્રભુ પણ આખરે તો પ્રભુ છે. પ્રેમમૂર્તિ છે. સાચા દિલના પ્રમાણિક ને પ્રબળ પ્રેમની ઉપેક્ષા તે કેવી રીતે કરી શકે ? નામદેવનો પ્રેમ ને ભક્તિભાવ જોઈને તે સાક્ષાત્‌ થયા ને હાથમાં વાડકો લઈને દૂધ પીવા

લાગ્યા. પછી તો નામદેવનું દૂધ તે રોજ રોજ પીવા માંડ્યા. નામદેવના પિતા બહારગામથી પાછા ફર્યા ત્યારે તેમને બધી વાત સાંભળીને નવાઈ લાગી. એ જ નામદેવ પાછળથી એક સમર્થ સંત થઈ ગયા. તેમની જેમ જે પ્રભુ ખરેખર ખાય એવું ઈચ્છે ને તેને માટે પ્રાર્થના કરે કે પ્રયાસ કરે, તે પ્રભુને જરૂર જમાડી શકે. પણ એવી ઉત્કટ ઈચ્છા ને ભાવના જ ક્યાં છે ? તેવો પ્રયાસ પણ કોણ કરે છે ?

ઘણે ઠેકાણે ભગવાનને ભોગ ધરતી વખતે થાળ બોલવાનો રિવાજ છે. ગીતની રચનામાં જુદાં જુદાં મિષ્ટાન્નો, વ્યંજનો, અથાણાં ને બીજા પદાર્થોનું વર્ણન કરવામાં આવે છે. તે વર્ણન સામાન્ય માણસના મોંમા પાણી ઉત્પન્ન કરે એવું ને કેટલીક વાર તો તદ્દન ખોટું હોય છે. જે વસ્તુ તૈયાર નથી થઈ તે ભગવાનને ધરાવેલી છે એમ કહેવામાં આવે છે. ભગવાને તો તે વસ્તુની સુવાસ લેવાની પણ નથી રહેતી. મને થાય છે કે માણસો ના બનેલી ને ના ધારેલી વસ્તુનું વર્ણન કરનારાં એવાં ખોટાં ગીતો શા માટે બોલતાં હશે ? એ પદ્ધતિમાં સારી પેઠે સુધારો કરવાની જરૂર છે. વળી એ પદ્ધતિ જડ, નીરસ, રગસિયા ગાડા જેવી ને દેખાદેખીથી થનારી નકલી ના હોવી જોઈએ, પરંતુ તેની પાછળ પ્રેમ, વિશ્વાસ ને વિવેકનું પીઠબળ હોવું જોઈએ, એ ખાસ યાદ રાખવાનું છે. તો જ તે સજીવ બને, સાર્થક થઈ શકે.

હવે મહર્ષિ પતંજલિ જેને 'હાન' કહે છે તેનો ઉલ્લેખ કરીએ. આગળના સૂત્રમાં કહેવાઈ ગયું છે કે પુરુષ પ્રકૃતિના જુદા જુદા પદાર્થો ને વિષયોમાં આસક્ત થાય છે અથવા અવિવેકી બનીને ડૂબીને ભાન ભૂલી જાય છે તેનું મુખ્ય કારણ અજ્ઞાન છે. એ અજ્ઞાનની સંપૂર્ણ ને સદાને માટેની નિવૃત્તિ ક્યારે થાય ? આત્મા અથવા તો પરમાત્માનો પ્રત્યક્ષ અનુભવ થાય ત્યારે. પુરુષ ને પ્રકૃતિનો સંયોગ પછી મટી જાય છે, ને આત્મા પોતાના સ્વરૂપમાં સ્થિતિ કરે છે. પછી જન્મ ને મરણ ને બીજાં બધાં જ દુઃખોનો કાયમને માટે અંત આવે છે. તેને જ 'હાન' કહેવામાં આવે છે. તેની પ્રાપ્તિ થયા પછી સાધક પરમ તથા સનાતન શાંતિની મૂર્તિ બને છે. પરમાનંદનો ભાગી થાય છે, ને ધન્ય બની જાય છે. એના અંગેઅંગ અથવા રોમેરોમમાંથી રસના ફુવારા ઉડ્યા કરે છે. એવી અલૌકિક અવસ્થાનું વર્ણન કોણ ને કેવી રીતે કરી શકે ? તે મુખ્યત્વે વર્ણનનો નહિ પણ અનુભવનો વિષય છે, એટલે સ્વાનુભવથી જ તેનો સ્વાદ સમજાય તેમ છે. કોઈ વિરલ ને બડભાગીને જ તેનો સ્વાદ મળી શકે છે. કેમ કે તેને માટેની મહેનત પણ કોઈક જ કરે છે.

**[૨૬] 'હાન'નો ઉપાય**

આપણા જગતની એ એક મોટામાં મોટી જરૂરત છે. જુદા જુદા દોરવણી આપનાર નેતાઓ આજે વધારે ભાગે લડાઈના અનુભવવાળા અથવા સૈનિક કોટિના છે. શાસન કે સત્તાનાં સૂત્ર વધારે ભાગે તેમના જ હાથમાં છે. તે પરિસ્થિતિને પલટાવી દેવાની જરૂર છે. તેના બદલે જુદા જુદા દેશોનું સુકાન વિશાળ મન ને અંતરના, વિવેકી, પરમાત્માપ્રેમી, માનતાવાદી, સેવાભાવી યોગી પુરુષોને સુપરત કરવાની જરૂર છે. સૈનિકો ને સૈનિક કોટિના માણસો બીજી હરોળમાં તેમના દેશના સલાહકાર ને સંરક્ષક તરીકે જમાનાની જરૂર પ્રમાણે ભલે રહે, પણ પહેલી હરોળમાં તો નહિ જ. પહેલી હરોળમાં તો યોગી, તત્વજ્ઞાની કે એક ભક્ત જ જોઈએ. યોગી, જ્ઞાની ને ભક્ત એટલે કોઈ સંપ્રદાયની ખેંચતાણ કરનારા, લાગણીવશ થયેલા ને વિતંડાવાદ કે ચર્ચામાં જ સર્વ કાંઈ સમજીને બેસી રહેનાર માણસો નહિ, પણ જીવનને વધારેને વધારે નિર્મળ, સાત્વિક,

દૈવી સંપત્તિવાળું, નિષ્કપટ ને પરિપૂર્ણ, મુક્ત, પૂર્ણ કે પરમાત્મદર્શી બનાવનારાં સાધકો. જેમની રગેરગમાં સેવાની ભાવના પણ ભરી હોય તેવા મહામાનવો. એવા મહામાનવો જુદાજુદા દેશોની પ્રજાના ભાગ્યના વિધાતા ને નીતિના ઘડવૈયા બનીને આગળ આવે તો સંસારની સિકલ ફરી જાય. દેશ ને વિદેશની નીતિ તો જ શાંતિકારક ને માનવતાવાદી બને, તથા અશાંતિના નાનાં ને મોટાં બધાં આવરણ દૂર થાય. આ વાત મેં પહેલાં પણ કહી છે ને ઘણી મહત્વની હોવાથી આજે પણ કહી રહ્યો છું. આજની ને ભાવિ પ્રજાના જીવનની મને એ એક અનિવાર્ય આવશ્યક્તા લાગે છે. તેની સાથે સાથે આપણે પ્રજાને પણ ઘડીને સંસ્કારી બનાવવી પડશે ને તેનું માનસ માનવતાપ્રેમી ને આધ્યાત્મિક થાય તેનું ધ્યાન રાખવું પડશે. તે માટે પ્રયાસ કરવા યોજના ઘડવી રહેશે.

એ વિચારધારાના અનુસંધાનમાં વિચારો તો મારી એક વાત તમે સમજી શકશો. એક જાણીતા નેતાએ જ્યારે એમ કહ્યું કે ભારતના રાષ્ટ્રપતિએ રાષ્ટ્રપતિપદનો ત્યાગ કરીને સર્વોદય કે ભૂદાનની પ્રવૃત્તિમાં ભાગ લેવો જોઈએ ને અમારી સાથે કામ કરવું જોઈએ ત્યારે મને તે સૂચન ગમ્યું ન હતું ને ડહાપણ ભરેલું ના લાગેલું તે એથી જ. રાજકારણ, સમાજસેવા, વેપાર, કેળવણી ને જીવનનાં નાનાં મોટા બીજાં બધાં જ ક્ષેત્રો છે એમ સમજી લેવાની જરૂર છે. તે બધાં ક્ષેત્રોમાં સારાં ને સર્વોત્તમ માનવો જ જોઈએ છે. એકલા ભૂદાન ને સર્વોદયમાં જ તેવા નથી જોઈતાં. માણસ જ્યાં છે ત્યાં રહીને જે તે કરતાં કરતાં સર્વહિતનું જ કામ કરે છે એ સમજી લેવાની જરૂર છે. રાષ્ટ્રપતિ તરીકે રહીને ને વડાપ્રધાન થઈને પણ એ જ કામ કરવાનું છે ને કરી શકાય છે. તે માટે તે સ્થાનને છોડી દેવાની જરૂર નથી. રાષ્ટ્રપતિ, પ્રધાનમંડળનાં ને ધારાસભાનાં સભ્યો સૌ સારા ને પ્રથમ પંક્તિના હોય એવું જ આપણે ઈચ્છીએ છીએ. કચરો તો ક્યાંય પણ નથી જોઈતો. એટલે કેટલાંક સારાં ને સેવાભાવી માણસો એ સ્થાન પર રહીને પોતાની રીતે પ્રજાને માટે કામ કરતા હોય તો તે પણ દેશની સેવા જ કરી રહ્યાં છે. તે ત્યાંથી છૂટા થશે ને બીજાના કહ્યા પ્રમાણે બીજાને ગમતાં કામ કરશે તો જ સેવક મનાશે એમ માની લેવાની જરૂર નથી. આટલી વાત બરાબર સમજાઈ જાય તો મિથ્યા ખેંચતાણનો અંત આવી જશે.

ગયા પ્રકરણની વાત સારી પેઠે સમજાઈ ગઈ ને ? તેમાં કહ્યું છે કે 'હાન'ની વિશેષ દશામાં બધી જાતનાં દુઃખ ને અશાંતિનો અંત આવી જાય છે, જ્ઞાન ભારે મદદરૂપ થાય છે. તેને વિવેકજ્ઞાન પણ કહી શકાય. એ વિવેકજ્ઞાન એટલે શું ? પ્રકૃતિ ને તેના કાર્યનું બરાબર જ્ઞાન થઈ જાય ને પુરુષના યથાર્થ સ્વરૂપનું પણ જ્ઞાન થઈ જાય ત્યારે વિવેકજ્ઞાન થયું એમ કહેવાય છે. તેવા અનુભવસિદ્ધ જ્ઞાનના પ્રભાવથી બધી જાતનાં ક્લેશનો નાશ થઈ જાય છે. જીવનમુક્તિનો અનુભવ ને આનંદ એથી સહજ બને છે ને જીવન ધન્ય થાય છે. **तस्य सप्तधा प्रान्तभूमिः प्रज्ञा ॥२७॥**

**[૨૭] સાત પ્રકારની પ્રજ્ઞા**

નિર્મળ ને શાંત વિવેકજ્ઞાન જીવનની ઉન્નતિ, શાંતિ ને સુખાકારી માટે કેટલું કીમતી છે તે સહેલાઈથી સમજી શકાય તેમ છે. તેવા જ્ઞાન વિના સાધનાનો રથ ધારેલા ધ્યેય પર ના પહોંચી શકે.

પતંજલિ કહે છે કે એ જ્ઞાન સમાધિમાં સહજ સ્થિતિ થવાથી પરિપકવ થઈ જાય છે, પછી તે પૂર્ણ ને પવિત્ર બને છે. સંજોગો સાનુકૂળ ના હોય ને વાતાવરણ ગમે તેવું વિપરીત હોય તો પણ જ્ઞાનનો નાશ નથી થતો. તે પછી શ્વાસોચ્છવાસની જેમ સ્વાભાવિક બની જાય છે. એવા જ્ઞાનને અનુભવસિદ્ધ જ્ઞાન કહી શકાય. એ જ્ઞાનની પ્રાપ્તિ પછી યોગી પોતાની અંદર ને સંસારમાં સર્વત્ર રહેલા પરમાત્મા તત્વનો અનુભવ કરે છે. તેના ચિત્તની બધી ચંચળતા શમી જાય છે; તે પરમ શાંતિની મૂર્તિ બની જાય છે. એ પછી તેનું જ્ઞાન કેવળ બૌદ્ધિક નથી રહેતું પણ સ્વાનુભવને પરિણામે પ્રકટ થયેલી પ્રજ્ઞામાં પલટાઈ જાય છે. જ્ઞાનને તેણે વધારે સૂક્ષ્મ ને સારી રીતે અનુભવ્યું માટે તેને પ્રજ્ઞા કહેવામાં આવા છે. એ પ્રજ્ઞા વિશે અથવા ઋતંભરા પ્રજ્ઞા વિશે આપણે આગળના પ્રકરણમાં વાત કરી ગયા છીએ એટલે અહીં તો તેના જે સાત પ્રકાર પાડી બતાવ્યા છે તેનો જ વિચાર આપણે કરી લઈએ.

પતંજલિએ કહેલી સાત પ્રકારની પ્રજ્ઞામાં પહેલી ચાર પ્રકારની પ્રજ્ઞાને 'કાર્યમુક્તિ' પ્રજ્ઞા ને બીજી ત્રણ પ્રકારની પ્રજ્ઞાને 'ચિત્ત વિમુક્તિ' પ્રજ્ઞા કહેવાય છે. જુદી જુદી પ્રજ્ઞાને સારી રીતે સમજવા ખાતર જ પ્રજ્ઞાને એવા સાત વિભાગમાં વહેંચી નાંખવામાં આવી છે. કાર્યમુક્તિ પ્રજ્ઞાના ચાર ભેદ દર્શાવ્યા પ્રમાણે સમજી શકાય છે (૧) જ્ઞેયશૂન્ય દશા (૨) હેયશૂન્ય દશા (૩) પ્રાપ્યપ્રાપ્ત દશા (૪) ચિકીર્ષાશૂન્ય દશા.

૧) જ્ઞેયશૂન્યદશાની પ્રજ્ઞા કેવી હોય છે અથવા તેવી દશા દરમ્યાન યોગીને કેવો અનુભવ થાય છે ? તે પ્રજ્ઞાની પ્રાપ્તિ થતાં યોગીને લાગે છે કે જે જાણવા જેવું હતું તે બધું જ મેં જાણી લીધું ને જાણવા જેવું હવે કંઈ બાકી નથી રહ્યું. એનો અર્થ એવો નથી કે એવી અવસ્થાએ પહોંચેલો યોગી સંસારના સઘળાં પદાર્થો ને વિષયો વિશે બધું જ જાણી ચૂક્યો ને જાણતો હોય અથવા જે માગીએ તે બધી જ માહિતી ધરાવતો હોય. સંસારનાં સઘળાં કે થોડાઘણાં પદાર્થોનું જ્ઞાન યોગીને માટે કોઈ જરૂરી શરત નથી. તેવું જ્ઞાન જીવનને પૂર્ણ ને મુક્ત કરવાની સાધનામાં અનિવાર્ય નથી. કોઈને તેની પ્રાપ્તિ કરવાની ઈચ્છા થાય તો તેવી પ્રાપ્તિ કરી શકે છે. બાકી તે ફરજિયાત નથી. ફરજિયાત જ્ઞાન તો એક જ ને તે આત્માનું; પોતાના મૂળ સ્વરૂપનું અનુભવાત્મક જ્ઞાન યોગીને થઈ જાય એટલે સંસારનું રહસ્ય પણ એની આગળ ઉકલી જાય છે. નામ ને રૂપની વિવિધતાવાળા આ વિશાળ વિશ્વની અંદર જ નહિ પણ આ વિશાળ વિશ્વના રૂપમાં એક જ પરમાત્મતત્વનું પ્રાકટ્ય થઈ રહ્યું છે ને એક જ અલૌકિક અસાધારણ શક્તિ કામ કરી રહી છે એવું તેને ભાન ને જ્ઞાન થાય છે. એવો અનેરો અનુભવ એને સારું સહજ બની જાય છે. એ સત્યસ્વરૂપ, સર્વવ્યાપક, સર્વરૂપ ને સર્વના સારરૂપ પરમાત્મા જ જાણવા જેવા છે, ને તેમને જાણવાથી જ જીવન પૂર્ણ ને મુક્ત બની શકે છે. એ પરમાત્માને જેણે જાણી અથવા અનુભવી લીધા તેણે જાણવા જેવું બધું જ જાણી લીધું. સાધકને માટે જાણવા જેવી સારી વસ્તુ આ જ છે.

જગતના બધા જ પદાર્થોની માહિતી તેણે મેળવી લીધી હોય, ભૂત, ભાવિ ને વર્તમાનને તે સ્પષ્ટ રીતે જોઈ શકતો હોય, ને અનેક જાતના જ્ઞાનનો ભંડાર બની ગયો હોય પણ પોતાને જ ના જાણતો હોય અથવા તો પોતાના અસલ સ્વરૂપને ના ઓળખતો હોય તો તે જ્ઞાન શું કામનું છે ? તેનાથી તેની પૂર્ણતા, પરમ શાંતિ ને મુક્તિની સમસ્યા નહિ ઉકલે ને ભેદભાવ ને બંધનમાંથી પણ તે નહિ છૂટી શકે. તે માટે તો તેણે જ્ઞાનના કેવળ સંગ્રહસ્થાન કે માહિતીના ભંડાર બની રહેવાને બદલે પોતાની પ્રકૃતિ ને સ્વભાવનું

આમૂલ પરિવર્તન કરવું જોઈએ. જીવનમાં સમૂળી ક્રાંતિ કરનારી અતરંગ સાધનાનો આધાર લેવો જોઈએ. તેની મદદથી જ તે પરમાત્માનો પ્રત્યક્ષ પરિચય કરી શકે ને પ્રજ્ઞાની જ્ઞેયશૂન્ય દશાએ પહોંચી શકે. જાણવા જેવું પોતાનું મૂળ રૂપ તે જાણી લે. એવો પરમ પુરુષાર્થ કરનારા માનવો ને સાધનો પણ ઘણાં ઓછા છે. કહો કે કો'ક જ છે. મોટા ભાગના તો પોતાની આસપાસની દુનિયામાં જ અટવાયા કરે છે ને આત્મોન્નતિને માર્ગે આગળ વધવાની ઈચ્છા ને મહેનત પણ નથી કરતા.

જાણવા જેવું બધું જ જાણી લીધું. હવે કાંઈ પણ જાણવાનું બાકી ના રહ્યું : એવી જ્ઞેયશૂન્ય અવસ્થાનો અનુભવ કોઈ મિથ્યા આડંબર અથવા અહંકારનો અનુભવ નથી. દંભ ને અભિમાનની સાથે તેને કાંઈ નથી લાગતું વળગતું. સહજ વિકાસ ને તેને પરિણામે પ્રાપ્ત થનારા અનુભવની એ તો એક ગૌરવભરેલી છતાં શાંત, સરલ અવસ્થા છે. એ રીતે જ એને સમજવાની છે, ને એને સમજવામાં કોઈ ભૂલ ના થાય તેનો ખાસ ખ્યાલ રાખવાનો છે.

૨) પ્રજ્ઞાની એવી જ્ઞેયશૂન્ય દશા સારી પેઠે સમજાઈ ગઈ હશે તો બીજી ત્રણ દશાને સમજતાં વાર નહિ લાગે. પ્રકૃતિની આસક્તિનો પણ એ દશામાં અંત આવી જાય છે ને પુરુષ પોતાના મૂળ સ્વરૂપનો અનુભવ કરે છે. એટલે જે દૂર કરવા જેવો હતો તે દ્રષ્ટા ને દૃશ્ય અથવા પ્રકૃતિ ને પુરુષનો સંયોગ દૂર થાય છે કે મટી જાય છે. એને લીધે હવે કશાનો ત્યાગ કરવાનો, અંત લાવવાનો ના રહ્યો : કશાનો નાશ કરવાનો ના રહ્યો. એવો અનુભવ યોગીને નિરંતર થયા કરે છે. એવી અનુભવ દશાને પ્રજ્ઞાની હેયશૂન્ય દશા કહેવામાં આવે છે.

૩) પ્રજ્ઞાની ત્રીજી દશા પ્રાપ્યપ્રાપ્ત દશા છે. તે કેવી હોય છે ? તે દરમ્યાન યોગીને એવો અનુભવ થાય છે કે જીવનમાં જે મેળવવા જેવું હતું તે બધું જ મેળવી લીધું ને મેળવવા જેવું હવે કાંઈ જ બાકી નથી રહ્યું. આત્મતૃપ્તિની અવસ્થા સ્વરૂપના સાક્ષાત્કાર અથવા તો પરમાત્માના દર્શન પછી આવી શકે છે. મેળવવા જેવા એક પરમાત્મા જ છે. જો કે તે સહજ રીતે મળેલા જ છે તો પણ, તેમનો પરિચય ના થવાથી સાધક તેમને મેળવવા જેવા માને છે. તે પરમાત્માના સાક્ષાત્કારથી તેને શાંતિ થાય છે. મેળવવા જેવું બધું જ મળી ગયું ને હવે કોઈ વિશેષ લાભ બાકી ના રહ્યા એવું એને લાગ્યા કરે છે.

૪) હવે 'ચિકીર્ષાશૂન્ય દશા' વિશે. તે દશા દરમ્યાન યોગીને એમ લાગે છે કે જે કાંઈ કરવા જેવું હતું તે બધું જ કરી લીધું ને નિર્મળ ને શાંત વિવેકજ્ઞાન પણ મેળવી લીધું. ત્યારે સાધક આનંદ માને છે, તૃપ્ત થાય છે, ને આત્મામાં મગ્ન બનીને અત્યંત શાંતિપૂર્વક, જીવનના સંપૂર્ણ સંતોષ સાથે જીવન જીવ્યાં કરે છે. એવી પ્રજ્ઞાને પ્રાપ્ત થયેલા યોગીના તન, મન, તે અંતરમાંથી ધન્યતાના ફુવારા ઊડ્યા કરે છે.

ગીતાના છઠ્ઠા અધ્યાયના પેલા પ્રસિદ્ધ શ્લોકોમાં ટુકડે ટુકડે આ ચારે પ્રકારની પ્રજ્ઞા વિશે ઊડતો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ રહ્યા એ શ્લોકોના શબ્દપ્રયોગો : તેમને પ્રજ્ઞાનો ઉપર કહેલા ચાર પ્રકાર સાથે સરખાવી જુઓ : બંને વચ્ચે કેવી સુંદર સમાનતા લાગે છે !

यत्र चैवात्मनात्मानं पश्यन्नात्मनि तुष्यति ॥६-२०॥
यं लब्ध्वा चापरं लाभं मन्यते नाधिकं ततः ।
यस्मिन्स्थितो न दुःखेन गुरुणापि विचाल्यते ॥६-२२॥

तं विद्याद्दुःखसंयोगवियोगं योगसंज्ञितम् ।

પહેલી લીટીમાં પૂર્ણ સંતોષ ને આનંદનો ઉલ્લેખ છે, બીજીમાં આત્માનુભવના સર્વોત્તમ લાભનો, ત્રીજીમાં સનાતન સુખનો ને ચોથીમાં પ્રકૃતિના સંયોગ ને વિયોગના નિર્દેશ કરવામાં આવ્યો છે. ચાર પ્રકારની પ્રજ્ઞાની એ રીતે એમાં છાપ છે.

કાર્યવિમુક્તિ પ્રજ્ઞાના ચાર ભેદની જેમ બીજી જાતની પ્રજ્ઞા - ચિત્તવિમુક્તિ પ્રજ્ઞાના પણ ત્રણ ભેદ પાડી શકાય છે. એ બધા ભેદ સમજણની સરળતાને ખાતર છે. ચિત્તવિમુક્તિ પ્રજ્ઞાના ભેદ મુખ્યત્વે ચિત્તને જ લક્ષ્ય કરીને અથવા ધ્યાનમાં રાખીને પાડેલા છે. તે ભેદ જો કે કહેવા પૂરતા ને ઉપલકિયા છે તો પણ તેમનો વિચાર સંક્ષેપમાં કરી લઈએ.

૧) ચિત્તની કૃતાર્થતા : ભોગનો અનુભવ તથા મોક્ષની સાધના કરીને ચિત્તે પોતાનું કામ પૂરું કરી લીધું. તે તદ્દન પ્રશાંત ને ધન્ય બની ગયું. પ્રજ્ઞાની એવી દશાને 'ચિત્તની કૃતાર્થતાની દશા' કહેવામાં આવે છે.

૨) ગુણલીનતા : બીજા પ્રકારની પ્રજ્ઞાને ગુણલીનતા કહે છે. તે દરમ્યાન ચિત્તનું કોઈ ખાસ કામ બાકી ના રહેવાથી તે પોતાના મૂળ કારણરૂપ ગુણોમાં લીન થવા માંડે છે.

૩) આત્મસ્થિતિ : ગુણથી પર થયેલો પુરુષ છેવટે પોતાના અસલ સ્વરૂપમાં સ્થિતિ કરે છે. પરિણામે તે બધી રીતે કૃતકૃત્ય થાય છે. પ્રજ્ઞાની એ અવસ્થાને આત્મસ્થિતિ કહેવામાં આવે છે.

ઉપર કહેલી સાતે પ્રકારની પ્રજ્ઞાનો અનુભવ કરનારો યોગી ઉત્તમ પ્રકારનો કુશળ ને જીવનમુક્ત કહેવાય છે. ચિત્ત જ્યારે શરીરનો ત્યાગ કરીને પોતાના મૂળ કારણમાં લીન થઈ જાય છે ત્યારે તે ઉત્તમ પ્રકારનો કે 'કુશળ વિદેહમુક્ત' કહેવાય છે.

કોઈને સ્વાભાવિક રીતે પૂછવાનું મન થશે કે આટલી ઉચ્ચોઉચ્ચ અનુભૂતિ પછી પણ સાધના રહે ખરી ? આપણે એના ઉત્તરમાં કહીશું કે પરમાત્માદર્શન થયું એટલે આત્મોન્નતિની સાધનાની ઈતિશ્રી આવી ગઈ. જીવનની શાંતિ, મુક્તિ ને ધન્યતાને માટે એટલી સાધના પૂરતી છે. પરંતુ તે છતાં પણ, અમુક પેટા સાધના રહી શકે છે, ને એનો આધાર સાધકના દૃષ્ટિકોણ ને આદર્શ પર રહે છે. કોઈ સાધકો ઈશ્વરના સાકાર દર્શનની ઈચ્છાવાળા પણ હોય છે, તો કોઈ તન ને મનનું સંપૂર્ણ રૂપાંતર કરી અલૌકિક શક્તિના સ્વામી બનવાની ઈચ્છા પણ રાખતા હોય છે. પરમાત્માનો અનુભવ તદ્દન સહજ બને ને સમાધિમાં પણ ઈચ્છાનુસાર પ્રવેશ થઈ શકે તેવી તેમની ઈચ્છા હોય છે. તેમને માટે સાધનાનું એક મહત્વનું પાસું પૂરું થઈ જાય તો પણ, બીજી આનુષંગિક સાધના રહી શકે ખરી. ને રહેતી દેખાય તો તેને પક્ષાપક્ષીથી પર રહીને અત્યંત પ્રેમ, આદર, વિવેક ને સહાનુભૂતિથી સમજવાની જરૂર છે. તેવા યોગીને અધકચરા અધૂરા માની લઈને તેમની ટીકા કે નિંદા કરવાની ને તેમની તરફ મોં મચકોડવાની જરૂર નથી. જે સદાય ગુણગ્રાહી છે ને ગુણગ્રાહી થવાનો આગ્રહ રાખે છે તે એવી ભૂલ નહિ જ કરે ને કદીક કરશે તો પણ સત્વર સુધારી લેશે.

### [૨૮] યોગાભ્યાસનું ફળ

યોગના અભ્યાસનો સૌથી પહેલો તથા મહત્વનો લાભ અશુદ્ધિના નશાનો છે. અશુદ્ધિ તનની ને મનની બંનેની છે. બંને જાતની અશુદ્ધિમાંથી કોઈના પણ પ્રત્યે આંખમીંચામણાં ના કરી શકાય. યોગનાં જે જુદાં જુદાં સાધન છે તેમની મદદથી શરીર ને મન બંને નિર્મળ ને મજબૂત બને છે. આગળની વિશેષ ઉપયોગી સાધનામાં બધું કામ મનની નિર્મળતા, સ્થિરતા ને મનના સંયમ પર છે. તે સાધનામાં અત્યંત અનિવાર્ય બની જાય છે. તેમના વિના અનુભવનો આગળનો માર્ગ મોકળો થઈ શકે જ નહિ. કેટલાય સાધકો એવા છે જેમની પાસે એવી જાતની તૈયારી કે સાધનસંપત્તિ અત્યંત ઓછા પ્રમાણમાં અથવા નહિ જેવી હોય છે. તેમને આગળ વધતાં બહુ જ મુશ્કેલી પડે છે. એવી તૈયારી ખરેખર જરૂરી છે. એટલે ઊગતા, શરૂઆતનાં સાધકો તેનું જેટલું પણ ધ્યાન રાખે એટલું ઓછું છે.

એક ભાઈએ મને પ્રશ્ન પૂછ્યો છે કે 'સ્ત્રીઓથી યોગસાધનાને માર્ગે આગળ વધી શકાય ખરું ? મને લાગે છે કે વિવેક, વિચાર કે કેળવણીની દુનિયામાં હવે તો લોકો એટલા બધા આગળ વધ્યા છે ને વધતા જાય છે કે એ પ્રશ્ન હવે મૂંઝવણ ભરેલો રહ્યો જ નથી. સ્ત્રીઓ યોગસાધનાને માર્ગે સફળતાપૂર્વક આગળ વધી શકે છે એ સીધી સાદી વાતમાં કોઈ સંદેહ કરવાનું કારણ નથી. સાધના માટેની ઉત્કટ ઈચ્છા જેના મનમાં જાગી ને તેને માટેની તૈયારીના કામમાં જે મન મૂકીને પ્રમાણિકતાથી લાગી જાય છે તે બધાં જ સાધના કરી શકે છે. એવી રીતે સાધના કરીને કેટલીય સ્ત્રીઓએ સિદ્ધિનાં સર્વોત્તમ શિખરો સર કરેલાં છે. ઉપનિષદ કાળમાં ગાર્ગી ને યોગાવસિષ્ઠમાં ચુડાલા જેવી કેટલીયે સ્ત્રીઓ એનાં ઉદાહરણરૂપ છે. પશ્ચિમના દેશોમાં પણ એવી સ્ત્રીઓ અનેક થઈ છે. વિષ્ણુપ્રિયાદેવી, શારદાદેવી ને મીરાંની પરંપરામાં આજે પણ કેટલીયે મહાન સાધિકાઓ દેશમાં જોઈ શકાય છે. એટલે સ્ત્રી કે પુરુષ કોઈપણ આત્મિક ઉન્નતિની સાધના કરી શકે છે. આજે આપણે દિવસોથી જોઈ રહ્યાં છીએ કે આપણા સત્સંગના કાર્યક્રમોમાં સ્ત્રીઓની સંખ્યા ઘણી મોટી હોય છે. બીજે ઠેકાણે પણ સંતપુરુષોની સેવા ને સત્સંગમાં સ્ત્રીઓ ઘણો આગળ પડતો ભાગ લઈ રહી છે. સ્ત્રીઓ જ વરસોથી એક રીતે ને પોતાની વિશેષ રીતે ધર્મ કે સંસ્કૃતિને ટકાવી રહી છે એમ કહીએ તો ચાલે. એવી સ્ત્રીઓને ધર્મ ને સાધનાના ક્ષેત્રમાંથી બાકાત કેવી રીતે કરી શકાય ? તેમ કરવાનો વિચાર પણ કેમ થાય ? તેવો વિચાર ખરેખર બાલિશ છે ને તેનો બધી રીતે વિરાધ કરવો જોઈએ. તો પણ ખેદની વાત છે કે કેટલાય સાધુપુરુષો ને પોતાને ધર્મના ટેકેદાર માનતા આચાર્યો એ જ જૂની પુરાણી ભેદભાવની પદ્ધતિ પકડી રાખે છે ને તેનો આજે પણ પ્રચાર કરે છે. જેણે ઋષિ બનીને વેદમંત્રનો ઉદ્‌ઘોષ કર્યો છે તે દેશને માટે એ વસ્તુ સાચે જ શરમજનક કહેવાય.

યોગ સાધનાને પરિણામે મન નિર્મળ થાય છે ને છેવટે પ્રકાશની પ્રાપ્તિ થાય છે. યોગીને પોતાની અંદર ને બહાર બધે જ પરમાત્માનું દર્શન થાય છે. તે વખતે તેનું જીવન પ્રશાંત ને ધન્ય બની જાય છે. એ પ્રશાંતિ ને ધન્યતાનો અનુભવ દેશ, કાળ કે જાતિના ભેદભાવ વિના સંસારનો સભ્ય કરી શકે છે, એ આપણને કહી દેવા ને સૌને સારી પેઠે સમજી લેવા દો.

**[૨૯] યોગનાં આઠ અંગ**

યોગની સાધનાની વિચારમાળા કેટલી બધી સુંદર ને વ્યવસ્થિત રીતે આગળ વધતી જાય છે ! પતંજલિ તે મનહર મંગલ માળાના માળી છે. તે માળામાં હવે તે એક બીજા પરિમલ ભરેલા પુષ્પને પરોવી દે છે ને કહે છે કે યોગની સાધના મુખ્યત્વે આઠ અંગોની બનેલી છે : યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન ને સમાધિ. એ આઠ અંગોને લીધે જ યોગની સાધનાને અષ્ટાંગયોગની સાધના કહે છે.

યોગની સાધનાનાં એ આઠે અંગ એક લાંબી સાંકળનાં આઠ અંકોડા જેવા અતૂટ છે. એટલે એ આઠે અંગ એકમેકથી અલગ નથી પરંતુ પરસ્પર સંકળાયલાં છે. બધાં જ અંકોડા એકઠા થઈને સાંકળને તૈયાર કરે છે ને સુદૃઢ બનાવે છે તેમ યોગની સાધનાને એ મજબૂત બનાવે છે ને પરિપૂર્ણતાએ પહોંચાડે છે. એમાંથી કોઈયે અંગની અવગણના ના કરી શકાય. બધાં જ અંગો એક મોટી નિસરણીમાં જુદાં જુદાં પગથિયાં જેવાં છે. નિસરણીના કોઈ પણ પગથિયાને કામ વિનાનું કહી શકાય ખરું કે ? કોઈ પણ પગથિયું જરૂરી નથી ને તેથી જ કાઢી નાખવા જેવું છે એવી સલાહ કોઈને આપી શકાય ખરી કે ? એવી સલાહનો કોઈ સ્વીકાર પણ કરે કે ? પ્રત્યેક પગથિયું પોતપોતાના સ્થાનમાં જરૂરી છે, ત્યાં રહીને પોતાને ફાળે આવેલી જરૂરી સેવા કરી રહ્યું છે, ને એ રીતે નિસરણીની નક્કરતામાં મદદરૂપ થાય છે, એ વાત સહેજે સમજી શકાય તેવી છે. યોગનાં જુદાં જુદાં અંગોનું પણ એવું જ છે. પ્રત્યેક અંગ માળાના મણકાની પેઠે યોગસાધનાની સંપૂર્ણતાનું પોષક છે.

આ વાતને સાધકો સારી રીતે સમજી લે તે જરૂરી છે, ને તો તેમને વિવેકની પ્રાપ્તિ થશે. યોગને નામે આપણે ત્યાં વરસોથી કેટલીક ભ્રાંત ધારણા, માન્યતા ને કલ્પના ચાલી રહી છે. યોગના મૂળ કે મુખ્ય માર્ગથી છૂટા પડીને મોટા ભાગના માણસો આઠ માર્ગે પડી ગયા છે ને તેને જ યોગ માની બેઠા છે. યોગને નામે દેહદમનના પ્રયોગો ને જાદુવિદ્યાના ચમત્કારો વધી પડ્યાં છે. તેવા પ્રયોગો ને ચમત્કાર કરનારને યોગી તરીકે માનનારા ને પૂજનારા પણ નથી એમ નહિ. તેમણે સાચી સમજને મેળવવા માટે યોગનાં આઠે અંગને શાંતિપૂર્વક સમજી લેવાની જરૂર છે.

**[30] પાંચ યમ**

યોગનાં જે આઠ અંગ છે તેમાંના પહેલા અંગ યમના પાછા પાંચ પ્રકાર છે. એટલે કે યમ પાંચ છે. અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય ને અપરિગ્રહ.

પાંચ યમના પાલનથી જ માણસ મહાન બની શકે છે. એટલો બધો વિકાસનો, આદર્શ જીવનનો મસાલો એમાં ભરી દીધો છે કે વાત નહિ. પછી શાંતિને માટે કોઈ ખાસ સાધનાની જરૂર નથી રહેતી. યમનું સારી પેઠે પાલન કરવામાં આવે તો સ્વરૂપદર્શનનું આગળનું કામ અત્યંત સહેલું બની જાય છે. એવી છે એની શક્તિ. પણ આપણી આજુબાજુ અવલોકન કરવાથી જણાય છે કે મોટા ભાગના માણસો યમના શરૂઆતના ને અત્યંત અગત્યના પાલનમાં જ પામર ઠરે છે ને નબળા નીવડે છે. સદ્‌ગુણો ને સાત્વિકતાનું વર્ચસ્વ તેમના જીવનમાં જોઈએ તેવું કે તેટલું નથી દેખાતું. કેટલાય લોકોને તો આત્મિક ઉન્નતિ, મુક્તિ કે ઉત્તમ જીવનને માટે ઈચ્છા જ નથી. સાંસારિક પદાર્થોની પ્રાપ્તિ ને સુખસાહ્યબી માટેની ઈચ્છાનો અંત જ નથી, ને તે ઈચ્છા દિનપ્રતિદિન વધતી જ જાય છે.

ગીતાનો અગિયારમો અધ્યાય વિશ્વરૂપના દર્શનનો છે. તેમાં ભગવાન શ્રીકૃષ્ણે અર્જુનને જે વિશ્વરૂપ બતાવ્યું એનો ઉલ્લેખ આવે છે. એ વિશ્વરૂપ કેવું વિશાળ હતું ! એને અનેક હાથ, પગ ને મુખ હતાં. તેનું પેટ પણ પાર વિનાના પારાવાર જેવું હતું. તેમાં જે નાખો તે બધું જ સ્વાહા થઈ જાય તેમ હતું. આકાશ ને પાતાળમાં પ્રસરેલું એ રૂપ કેટલું બધું અમીમય હતું ! માણસની ઈચ્છા, તૃષ્ણા, વાસના કે લાલસા પણ એવી જ અમર્યાદિત બનેલી છે. તેનો પણ ક્યાંય અંત નથી દેખાતો. જેની પાસે છે તે પણ ઈચ્છા કરે છે ને નથી તે પણ કરે છે. જેમની પાસે છે તે વધારે ને વધારેની પ્રાપ્તિ કરવાની હોડમાં પડે છે, ને નથી તે જેટલી પણ બને તેટલી પ્રાપ્તિ ઝંખે છે ને મહેનત કરે છે. એ હોડ ચાલ્યે જ જાય છે. એવી હોડ કદાચ કોઈ કારણે જરૂરી પણ લાગતી હશે; પણ હૃદયશુદ્ધિ ને આત્મોન્નતિનો મહત્વનો મુદ્દો એમાં ભુલાઈ જાય છે ને ભુલાઈ જાય તે બરાબર નથી. એવા બાહ્ય પદાર્થો ને સુખસાધનોની લાલસાથી માનવનું મંગલ નથી થવાનું ને શાંતિ નથી મળવાની. શાંતિ મેળવવા ને પોતાનું મંગલ કરવા માગનાર માણસે પોતાના દિલમાં પણ ડોકિયું કરવાની ને દિલને વધારે ને વધારે વિશુદ્ધ કરવાની જરૂર છે. સ્વભાવ શુદ્ધ ને સાત્વિક ને જીવનને પ્રભુમય બનાવ્યા વિના જીવનમાં શાંતિ પેદા થવાનું ને સંવાદ જાગવાનું મુશ્કેલ છે. તે તરફ માનવસમાજનું ધ્યાન જેટલું પણ ખેંચવામાં આવે એટલું ઓછું છે.

આજના જગતમાં જે કેટલીક અવ્યવસ્થા, અસમાનતા ને વિચાર કે વર્તનની વિસંવાદિતા કે વિકૃતિ દેખાય છે, તેની મોટા ભાગની દવા તેથી થઈ જશે. આજની ને ભવિષ્યની પ્રજાને તેથી લાભ થશે. આપણું જગત ને તેના પરનું જીવન આજે દેખાય છે તેનાથી વધારે સરસ, સરળ ને ઉત્તમ બની રહેશે. એવા જીવનને જગતને માટે તો આપણો મનોરથ છે. સંસારમાં મોટા ભાગના બધા જ માણસો અહિંસા, સત્ય, અસ્તેય, સંયમ ને ઓછામાં ઓછી સંગ્રહવૃત્તિના વ્રતનું પાલન કરતા થઈ જાય ને તે વ્રતને જીવનમાં તાણા ને વાણાની પેઠે વણી લઈને સ્વાભાવિક કરી દે તો સંસારનું સ્વરૂપ કેટલું બધું પલટાઈ જાય તેની કલ્પના તો કરી જુઓ ! તે કલ્પના જ કેટલી બધી રોમાંચક ને રસભરી લાગે છે ! તે જો સાચો સાચ સાધક બને તો તો કેટલો બધો આનંદ થાય ! પણ માણસે પોતાના અજ્ઞાન, સ્વાર્થ ને પોતાની નબળાઈને લીધે તેને માટે જોઈતો પરિશ્રમ જ નથી કર્યો. બે-ચાર કે પાંચ જણે કરેલા પરિશ્રમ કેટલોક ટકી શકે ને સફળ થઈ શકે ? સંસારની મોટા ભાગની પ્રજા જ્યારે એવો સંયુક્ત પરિશ્રમ કરવા માંડે ત્યારે જ સંસારનું સ્વરૂપ સુધરી શકે. એને માટે કોઈ મુહૂર્ત જોવાની જરૂર નથી. પ્રત્યેક સ્ત્રી કે પુરુષ જે કરે છે તે કરવાની સાથે સાથે જ્યાં છે ત્યાં રહીને, એ મહત્વનું કામ કરી શકે છે. એ એક પોતાની ને બીજાની સેવાનું કામ છે, યજ્ઞનું કામ છે, ને કર્યા વિના છૂટકો જ નથી એમ માનીને કરવું જોઈએ.

**[૩૧] મહાવ્રત**

આગળ ઉપર જે યમની વાત આવી ગઈ ને હવે પછી આગળ સૂત્રમાં જે નિયમની વાત આવવાની છે તે યમ ને નિયમ બીજું કાંઈ જ નહિ, પણ ગીતામાં જેને દૈવી સંપત્તિ કહી છે તેના જ સારરૂપ છે. એની પ્રાપ્તિ આદર્શ, સુખી ને શાંતિમય જીવનને માટે ખૂબ જ જરૂરી છે. એના વિના જીવનમાં કાંઈ સાર ના રહે, ને વ્યક્તિ તથા સમષ્ટિનું કલેવર કલુષિત બની જાય, તેમનો વિકાસ અટકી જાય. આત્મિક સાધનાને માર્ગે પણ

તેના વિના ભાગ્યે જ આગળ વધી શકાય. જીવનને ઉજ્જવળ કરવાની જેને ખરેખર ઈચ્છા છે તેણે દૈવી સંપત્તિની પ્રતિષ્ઠા જીવનમાં કરવી જ રહી ને આસુરી સંપત્તિના સંકજામાંથી છૂટવું જ રહ્યું. સાધકોએ આ વાત ખાસ યાદ રાખવાની છે, ને અંતરના અંતરતમમાં અંકિત કરવાની છે. કેમ કે બીજી રીતે તે સાધનાનો ગમે તેવો પ્રામાણિક ને પ્રબળ પુરુષાર્થ કરશો તો પણ અંતરમાં અડ્ડો નાખીને પડેલી આસુરી સંપત્તિ તેનું બધું જ કામ માટીમાં મેળવશે ને સંપૂર્ણપણે સફળ નહિ થવા દે.

અમદાવાદના પેલા માણેકનાથ બાવા વિશે કહેવાતું કે તે દિવસ ભર સાદડી ગૂંથતો ને રાત પડ્યે તેને ઉકેલી નાખતો. તેવી રીતે કરામત કરીને ને દિવસભરના ચણાઈ ચૂકેલા કોટને કાઢી નાંખતો, તોડી પાડતો, ને બીજાની બધી બાજી ધૂળમાં મેળવતો. કોટની બાંધણી તેને ગમતી જ નહિ. એટલે એ આવો કીમિયો કર્યા કરતો. દિવસો સુધી એણે એ રીતે જ કર્યા જ કર્યું. આસુરી વૃત્તિનું પણ એવું જ સમજી લેવાનું છે. તે બહાર નહીં પણ માનવીની અંદર છે, ને અંદર રહીને કામ કર્યા કરે છે, એટલો જ ફેર છે. બાકી નુકસાન તો તેટલું ને તેનાથી પણ વધારે કરે છે. સાધકને આગળ વધતો અટકાવી તેના વિકાસને તે ભયમાં મૂકી દે છે એટલે એનાથી પુષ્કળ પ્રમાણમાં સાવધાન રહેવાની જરૂર છે. દૈવી સંપત્તિનું વર્ચસ્વ વધવા માંડશે એટલે એની અસર આપોઆપ ઓછી થતી જશે.

યમ ને નિયમનું પૂરેપૂરું પાલન કાંઈ એક બે દિવસમાં નહિ થાય. તે માટે તો ભારે હિંમત ને ધીરજ સાથે મનને મક્કમ રાખીને દિવસો, મહિના ને વરસો સુધી મહેનત કરવી પડશે. તે કામમાં તો મનની સાથે કામ લેવાનું છે ને મન કેવું તોફાની ને જક્કી છે તે તો સૌ જાણે છે. મોટા મોટા પંડિતો ને મુનિઓને પણ તેની સાથે કામ લેવામાં મુશ્કેલી પડે છે. તો પણ કામ કેટલું બધું મહત્વનું ને મંગલકારક છે તેનો ખ્યાલ રાખીને આગળ વધ્યે જ છૂટકો છે.

હવે મહર્ષિ પતંજલિ એવી જ એક બીજી મહત્વની વાત કહી બતાવે છે. તે કહે છે કે અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, ને અપરિગ્રહ એ પાંચ યમનું કોઈ પાલન કરે તો તે વ્રતનું પાલન કરે છે એમ કહી શકાય. તેમનું પાલન જો જાતિ, દેશ, કાળ ને નિમિત્તનો વિકલ્પ રાખ્યા વિના, બધે જ વખતે ને બધે સ્થળે કરવામાં આવે તો તે મહાવ્રત થઈ જાય છે. એનો અર્થ એમ થયો કે યમનું પાલન બે રીતે કરવામાં આવે છે. એક તો જાતિ, દેશ, કાળ ને નિમિત્તનો વિકલ્પ રાખીને ને તેવો વિકલ્પ રાખ્યા વિના. પહેલા પ્રકારના યમના પાલનને વ્રત કહેવામાં આવે છે, ને બીજા પ્રકારના પાલનને કેવળ વ્રત નહિ પણ મહાવ્રત.

ઋષિકેશમાં ગયા આસો મહિનામાં માતાજીને એક વસ્તુની ખરીદી કરવી હતી એટલે અમે બજારમાં ગયાં. બે ત્રણ દુકાને તપાસ કર્યા પછી એક દુકાને અમારું મન ઠર્યું એટલે અમે ભાવ નક્કી કરવા માંડ્યા. દુકાનદારે ભાવ બતાવીને તેની પરંપરાગત પુરાણા પદ્ધતિ પ્રમાણે કહેવા માંડ્યું, જે ભાવ કહી બતાવું છું તે સાચો જ છે. માટે જરા પણ વિચાર કર્યા વિના માલ લઈ લો. અત્યારે દીવાબત્તીનો ટાઈમ છે એટલે હું ખોટું નહિ બોલું.'

મેં કહ્યું : 'તમારી કહેવાની વાત કદાચ સાચી હશે, પણ દીવાબત્તીનો ટાઈમ છે માટે ખોટું નહિ બોલું એમ કેમ કહો છો ? ખોટું બોલવાનું ખરાબ જ હોય તો તો એકલા દીવાબત્તીના ટાઈમે નહિ પણ બધા જ ટાઈમે ખરાબ હોવું જોઈએ. તેમાં કાંઈ છૂટછાટ ના હોય. સાચું બધી જ વખતે બોલાવું જોઈએ. ત્યારે તેણે

કાંઈ ઉત્તર ના આપ્યો. તેની દુકાનની બાજુમાં બેઠેલા કોઈ સંન્યાસી મહારાજ મારા શબ્દો સાંભળીને હસવા લાગ્યા. પતંજલિએ કહેલા મહાવ્રતને સમજવા માટે કામ લાગે એટલા માટે જ આ પ્રસંગનો ઉલ્લેખ હું કરી રહ્યો છું. દીવાબત્તીનો ટાઈમ છે તેથી ખોટું નહિ બોલું એમ કહેનાર ને તે પ્રમાણે ચાલનાર બધી જ વખતે સત્યને બોલવાનો આગ્રહ નથી રાખતો. સત્ય બોલવાની વાતને તે અમુક કાળ પૂરતી ને વિશેષ કાળ પૂરતી મર્યાદિત રાખે છે. તે રીતે જોતાં એમ કહી શકાય કે સત્યનું પાલન બધી જ વખતે કરવાનો વિચાર-આગ્રહ ના રખાયો એટલે સત્ય એક મહાવ્રત ન બન્યું.

દુકાનદારના શબ્દોને ગંભીરતાથી લેવાની કે વધારે પડતું મહત્વ આપવાની જરૂર નથી. દુકાનદારો વધારે ભાગે એવી રીતે બોલવાને ટેવાઈ ગયા હોય છે, તેઓ દીવાબત્તીના કે બીજા સમયે પણ સત્યનું વ્રતપાલન નથી કરતા. આ તો મહાવ્રતને સમજવામાં મદદ મળે તે માટે મેં આ દ્રષ્ટાંત પૂરું પાડ્યું છે. તેને ગંભીરતાથી લઈએ તો પણ ખાસ નુકસાન નહિ થાય. એથી ઊલટું આગળની વાતને સમજવામાં મદદ મળશે. અમુક વખતે તો ગમે તેવું પરિણામ આવે પણ સાચું બોલીશ જ એવો સંકલ્પ કરનાર એ સંકલ્પમાંથી ઉત્સાહ મેળવીને આગળ વધી, બની શકે તો તેટલા બધા જ વખતે ને પછી જીવનની પળેપળે, સાચું બોલવાનો આગ્રહ રાખે છે. એ રીતે ક્રમે ક્રમે જો આગળ વધાય તો સાચું બોલવાની મર્યાદિત ટેવ પણ લાંબે વખતે લાભદાયક જ થઈ પડે છે. સત્ય મહાવ્રતનું પાલન એ રીતે સહજ થઈ જાય છે ને ધારો કે સત્ય કે અહિંસા અથવા અસ્તેય જેવા વ્રતનું થોડું ઘણું જ પાલન થઈ શકે ને તેવા વ્રતને મહાવ્રતમાં પલટાવી ના શકાય તો પણ શું ? જેટલું ન્હાયા તેટલું તો પુણ્ય જ છે. જેનું પાલન કરવા જેવું છે તેનું પૂરેપુરું ના થાય ને થોડુંક પાલન થાય તો પણ લાભદાયક જ છે.

એટલે દીવાબત્તી વખતે તો સાચું બોલીશ જ, બીજે વખતે નહિ, એમ માનનાર સત્યના યમનું પાલન કાળનો વિકલ્પ રાખીને કરે છે એમ કહી શકાય. એવું જ બધા યમના સંબંધમાં સમજી લેવાનું છે.

કૈલાસની યાત્રામાં પણ કાંઈક એવું થતું. તે યાત્રામાં લૂંટફાટ થતી. ત્યાંના કેટલાક લુંટારા જેવા લોકો હથિયાર સાથે યાત્રાળુઓ પર તૂટી પડતા. પરંતુ યાત્રાળુની મંડળીમાં જો કોઈ સંત મહાત્મા દેખાતા તો તેવી મંડળીને તે જરા પણ હેરાન ના કરતા ને સહીસલામત જવા દેતા. એમને સંત મહાત્મા પ્રત્યે આદરભાવ હતો ને સંત મહાત્માના આશીર્વાદમાં એ માનતા. એમની એવી વિશેષતાનો ખ્યાલ રાખીને યાત્રાળુની કેટલીય મંડળીઓ પોતાની સાથે એક કે બે સંતસાધુને રાખતા. પોતાની સાથે એવી રીતે એક બે સંતસાધુને લઈ જવા એ સલામતી અથવા તો સુખશાંતિનો વીમો ઊતરાવવા બરાબર ગણાતું ને તેથી જ તેવો વીમો ઊતરાવવાનું, જેમને તેની માહિતી હતી તે સૌ પસંદ કરતા.

એ વાત અસ્તેયના વ્રતને સમજવામાં મદદ કરશે. એ જાતિનો વિકલ્પ રાખીને પાળેલું અસ્તેય કહી શકાય. ગીતાના પહેલા અધ્યાયમાં વર્ણવેલી અર્જુનની અહિંસાની ભાવના પણ એવી જ હતી. અર્જુન અહિંસાને સારી સમજતો હતો. પણ તેનું કારણ એવું ન હતું કે એ અહિંસાનો અનુરાગી હતો. કૌરવપક્ષે જે સંબંધી ને સ્નેહીજનો યુદ્ધના મેદાનમાં ભેગા થયા હતા તેમને જોઈને જ તેને શોક થયેલો ને એ અહિંસાનું જયગાન ગાતો હતો. એટલે એની અહિંસા જાતિના વિકલ્પવાળી હતી. સામે પક્ષે જો તેનાં સ્નેહીજનો ના હોત તો કોઈ પણ પ્રકારની દલીલ કર્યા વિના જરૂર લડવાનું શરૂ કરત.

બ્રહ્મચર્યનો કોઈ પક્ષપાતી એમ નક્કી કરે કે દિવસે બ્રહ્મચર્ય પાળવું ને રાતે નહિ, તો બ્રહ્મચર્યનું એ વ્રત કાળનો વિકલ્પ રાખીને નક્કી કરેલું વ્રત કહેવાય. એથી ઊલટું, કોઈપણ પ્રકારના અપવાદ વિના, દરેક વખતે બ્રહ્મચર્યનું પાલન થાય તો તે મહાવ્રત બને છે ને વધારે ફળ આપે છે અથવા તો લાભકારક સાબિત થાય છે.

અપરિગ્રહના સંબંધમાં પણ એવું જ સમજવાનું છે. અપરિગ્રહનું પાલન પણ કોઈ વિશેષ પ્રસંગ કે પરિસ્થિતિને લીધે કરવામાં આવે છે ત્યારે તે મર્યાદિત બને છે ને મહાવ્રતને બદલે સાધારણ વ્રત બને છે. કોઈને કોઈક કારણસર વનમાં જવું પડે. તેને થાય કે વન તો ઘર જેવું નથી. એ તો નિર્જન અથવા એકાંત છે. ત્યાં સલામતી પણ ઓછી. એટલે અમુક નજીવી, સાધારણ, ખૂબ જ જરૂરી હોય એવી થોડી ચીજોથી જ ચલાવવું એવા વિચારથી પ્રેરાઈને અપરિગ્રહી થવાનો સંકલ્પ કરે ને થોડામાં થોડી વસ્તુ સાથે રહેવાનો નિર્ણય કરીને વનમાં રહે. પણ વનમાં રહેવાનો કાળ પૂરો થતાં અપરિગ્રહની એ અવસ્થાનો અંત આવે એ અપરિગ્રહનું કામચલાઉ પાલન કહી શકાય.

મુંબઈમાં એક યુવાન છે, તેમને કોઈ બેન પ્રત્યે મમતાની મીઠી લાગણી હતી. તે બેનનું એકાએક મૃત્યું થયું. એથી એમને ત્યારે આઘાત લાગ્યો ને બેનની સ્મૃતિ માટે તેમણે થોડાઘણા સંકલ્પ કર્યા. તે પ્રમાણે તેમણે બને તેટલા અપરિગ્રહી થઈને જીવવાનું શરૂ કર્યું. આજે પણ એ જ રીતે જીવે છે. પગમાં ચંપલ કે બુટ નથી પહેરતા. રેશમી વસ્ત્ર ને કોટ પણ નથી પહેરતા. મિષ્ટાન્નનો તેમણે ત્યાગ કર્યો છે. તે બેને તેમને ઘણો પ્રેમ બતાવેલો ને ભોગ આપેલો તેથી તેમની સ્મૃતિમાં અમુક અચોક્કસ સમય સુધી તેમણે એવી રીતે જીવવાનો સંકલ્પ કર્યો છે. કહે છે કે એમને એથી આનંદ આવે છે ને શાંતિ મળે છે, પરંતુ તેમની પત્નીને એથી અશાંતિ થઈ છે. જો કે તેમને બને તેટલી બધી રીતે સહકાર આપે છે પણ અંતરની એ અશાંતિ નથી મટતી. તે સ્ત્રીએ પણ તે ભાઈને પ્રસન્ન કરાવવા, પોતાનો મૂક પોકાર સંભળાવવા ને પોતાની પ્રત્યે વધારે ધ્યાન આપતા કરવા અપરિગ્રહના એવા કેટલાક કઠોર નિયમો પાળવાનું શરૂ કર્યું છે. પેલા ભાઈ તેથી પીગળીને પોતાના નિયમો છોડી દે તો તે પણ છોડી દે. મનમાં એવી શરત, આશા અથવા આકાંક્ષા છે. એવી આકાંક્ષાથી પ્રેરાઈને અમુક વિશેષ પરિસ્થિતિમાં તેમણે એ વ્રત શરૂ કર્યું છે એટલે બંનેનું એવું અપરિગ્રહનું વ્રત મર્યાદિત બની જાય છે, ને એથી જ એ મહાવ્રત નહિ પણ સાધારણ વ્રત કહેવાય છે.

મહાવ્રત તો જાતિ, દેશ, કાળ ને નિમિત્તનો વિચાર કર્યા વિના બધે વખતે ને બધે સ્થળે કરાતું હોય છે. સત્ય, અહિંસા, બ્રહ્મચર્ય, અસ્તેય ને અપરિગ્રહનું પાલન જ્યારે એક વ્રત તરીકે સર્વ સ્થળે ને સઘળાં સંજોગોમાં કરવામાં આવે ત્યારે તે મહાવ્રત બની જાય છે.

**[૩૨] પાંચ નિયમ**

પતંજલિએ યોગની સાધનાના મુખ્ય પાયા જેવા પાંચ યમનો ઉલ્લેખ કરી બતાવ્યો. તે યમને 'મહાવ્રત' ક્યારે કે કયા સંજોગોમાં કહી શકાય તે પણ તેમણે સમજાવી દીધું. હવે તે પાંચ નિયમની વાત કરે છે. યમ ને નિયમ એક જાતના જોડિયા ભાઈ જેવા છે. સાધકના જીવનમાં એ બંનેનું મહત્વ છે. બંનેનું પાલન કરવાનો સાધકે આગ્રહ રાખવો જોઈએ.

એ પાંચ નિયમો કયાં છે ? આ રહ્યાં તેમના નામ : શૌચ, સંતોષ, તપ, સ્વાધ્યાય ને ઈશ્વરની ભક્તિ અથવા તો શરણાગતિ. એમને તમે નિયમ તરીકે ઓળખો કે પેટા યમ કહો, બધું એક જ છે. રથનાં પૈડાંની પેઠે સાધનાને સુદૃઢ કરવામાં તે અત્યંત અગત્યનો ભાગ ભજવે છે ને તેથી જ તેનું ધ્યાન સાધક જેટલું પણ વધારે રાખે એટલું ઓછું છે.

એ નિયમોનો વિસ્તારથી વિચાર તો આગળ પણ થશે. હાલ તો આપણે એટલું જ કહીશું કે યોગની સાધના કરનારા મોટી સંખ્યાના સાધકો જેમ યમના પાલનનું ધ્યાન બરાબર નથી રાખતા તેમ નિયમના પાલન પ્રત્યે પણ બેદરકાર રહે છે. ને તેથી જ, યોગની સાધનામાં આગળનાં અગત્યનો સોપાન સર કરવાનું તેમને માટે મુશ્કેલ બની જાય છે. બીજી વાત પણ એ સમજવા જેવી છે કે યમ ને નિયમનું જો ઝીણવટથી ને બરાબર પાલન કરવામાં આવે, તો જીવન ઉજ્જવળ બને છે, અલૌકિક બને છે, ને જરૂરી શાંતિ મળી જાય છે. જીવન જીવવાના અનેરા આનંદનો એથી અનુભવ થાય છે; ને સ્વરૂપદર્શન અથવા પરમાત્માના સાક્ષાત્કારના મંગલ મંદિરનાં દ્વાર સહેલાઈથી ઉઘડી જાય છે. યમ નિયમનું મહત્વ કેટલું બધું મોટું છે તે આના પરથી સહેજે સમજાશે.

યમ ને નિયમમાંથી કોઈ એકનું પણ બરાબર પાલન કરવામાં આવે તો માણસ ધર્માત્મા બની જાય છે ને મહાત્માપદે પહોંચી જાય છે. જીવનને શાંત કે કૃતાર્થ કરવાનો પૂરતો મસાલો તેને તેમાંથી મળી રહે છે, તેનું જીવન સફળ ને ચમકદાર બની જાય છે. એક સત્યને જ, એક અહિંસાને જ, બ્રહ્મચર્યને, તપને, સ્વાધ્યાયને કે ભક્તિને જીવનમાં ઊતારવાથી કે એકાકાર કરવાથી પણ જીવનની કાયાપલટ થઈ જાય છે. એથી ઉલટું એમ પણ બને છે કે પ્રાણાયામ, જપ, ધ્યાન ને જ્ઞાનની પ્રાપ્તિ માટેની બીજી સાધના ચાલતી હોય, પણ જો યમ ને નિયમની દૃષ્ટિએ કોઈનું જીવન નબળું હોય, તો તેને શાંતિ નથી મળતી. સાધના ને જુદી જુદી સાધનાના અનુષ્ઠાનથી તેને કદાચ મોટામાં મોટી સિદ્ધિ મળે તો પણ, તેનું જીવન આદર્શ નહિ બનવાનું. અહંતા, મમતા ને રાગદ્વેષથી રહિત નહિ થવાનું, ને તેને પૂર્ણતા, શાંતિ ને મુક્તિનો આનંદ પણ નહિ આપવાનું. છતાં પણ ભારે ખેદ સાથે કહેવું પડે છે કે સાધકો જેટલું ધ્યાન સાધનાની પાર વિનાની ક્રિયાપ્રક્રિયા પર આપે એટલું ધ્યાન યમ ને નિયમ પર આપતા નથી. એટલે મોટા ભાગના સાધકો ઉત્તમ સ્વભાવ, સદ્ ગુણ અથવા તો સત્વસંપત્તિની દૃષ્ટિએ પાંગળા દેખાય છે. તેમાંના કેટલાકના સંસર્ગમાં આવવાનું થાય છે ત્યારે આપણને શાંતિ માટેનો કોઈ અકસીર ઉપાય પણ પૂછે છે. પણ તેમને ખબર નથી કે યમનિયમના પાલનની ત્રુટિ એ જ તેમની મોટામાં મોટી નબળાઈ છે. તેમના દર્દની અકસીર દવા એક જ છે ને તે યમનિયમનું યથાર્થ પાલન. યોગની - પછી તે કોઈ પણ પ્રકારના યોગની સાધના કરનારે આ વાત ડગલે ને પગલે યાદ રાખવાની છે.

### [33] યમ અને નિયમ વિષે વધારે

યમ ને નિયમનું પાલન કરનારનો માર્ગ કાંઈ કાયમને માટે મોકળો થઈ જાય છે ખરો કે ? યમ ને નિયમને વ્રત અથવા મહાવ્રત તરીકે સ્વીકારીને આગળ વધનારને પણ કેટલીક વાર મુસીબત તો પડે જ છે. એવી મુસીબત પોતાની અંદરની ને બહારની બંને જાતની હોય છે. માણસને પોતાની જાતનું જ પરિવર્તન

કરવું પડે છે, ને પોતાની જાતની સામે જ લડવું પડે છે. અત્યાર સુધીના પોતાના પરંપરાગત સ્વભાવની સામે મોરચો માંડવો પડે છે. એ કામ ધાર્યા જેટલું સહેલું નથી. તેમાં તેની પોતાની જ પ્રકૃતિ વચ્ચે આવે છે. જે જૂની ટેવો, રસવૃત્તિઓ, લાલસાઓ ને જૂના વિચારો ને ભાવોનું તેના પર વર્ચસ્વ હોય છે તે જ તેની સામે બળવો કરે છે. તેનો સામનો કરી શકવા જેટલી તથા તેમની ઉપરવટ થવા જેટલી શક્તિ કે બુદ્ધિ તેનામાં નથી હોતી તો તેનું કામ કપરું થઈ પડે છે, તેને નિષ્ફળતા મળે છે ને તે નિરાશ ને નાસીપાસ થઈને પોતાના પ્રયાસ અધવચ્ચે પણ મૂકી દે છે. પુરુષાર્થ ને પરીક્ષાની એ પળો ભારે મહત્વની હોય છે. દૃઢ સંકલ્પશક્તિ, મજબૂત મનોબળ ને અવરિત આત્મનિરીક્ષણવાળો સાધક પરીક્ષાની એ કટોકટીભરી કપરી પળોમાંથી પણ સહીસલામત રીતે પસાર થઈ જાય છે. એટલે પોતાની અંદરની પ્રકૃતિ તરફથી જે મુસીબતો ઊભી થાય છે તેનો સફળતાપૂર્વક સામનો કરીને કોઈ આત્મોન્નતિને માર્ગે આગળ નથી વધી શકતું એવી ગાંઠ વાળી લેવાની, એવો સર્વ સામાન્ય સનાતન સિદ્ધાંત બાંધી દેવાની ને નાહિંમત થવાની જરૂર નથી. અંદરની પ્રકૃતિ પ્રબળ છે પણ માણસનો આત્મા, તેનો સંકલ્પ તેમજ તેનો પુરુષાર્થ વધારે પ્રબળ છે ને વિજય છેવટે તો તેનો જ થાય છે. તેના બધા મહિમા સાથે જયજયકાર તેનો જ થાય છે, એ વાતને સદા રાખવાની છે ને સાધનાની શરૂઆતમાં જ ભાંગી નથી પડવાનું.

હવે બીજી મુસીબત વિશે. એ મુસીબત બહારની છે. બહારના વિઘ્નો ને બહારના અંતરાયો પણ ઘણી વાર સાધકને એના નિયમમાંથી ડગાવી દે છે. એના અંતરમાંથી અશાંતિ ઊભી કરે છે, ને એને આગળ વધતો અટકાવે છે. તેનો સામનો કરતાં પણ તેણે શીખી લેવાનું છે. તેનાથી પણ તેણે ડરવાનું તો નથી જ. ભયથી તો તેણે સંપૂર્ણપણે મુક્તિ મેળવવાની છે. મુસીબત અંદરની હોય કે બહારની, તે દરમ્યાન તેનો ઉત્સાહ, ખંત, અદમ્ય આત્મવિશ્વાસ ને પુરુષાર્થ કાયમ રહેવો જોઈએ. વિજયની તેની અતૂટ શ્રદ્ધા કોઈ પણ કાળે ને કારણે જરાયે કરમાવી ના જોઈએ. એ સદા યાદ રાખવાનું છે.

તે માટે ભારે તૈયારી જોઈએ. ઊંડું આત્મનિરીક્ષણ ને પોતાની જાત તરફની સતત સાવધાની કે જાગૃતિ જોઈએ. આળસુ સ્વભાવ સાધનાના કલ્યાણકારક કામમાં ના ચાલે. સ્ટેશનો પર ક્યાંક લખેલું હોય છે તે ખબર છે ? ‘કીપ ધ વેહીકલ્સ મુવીંગ’, ‘કીપ ધ વેગન્સ મુવીંગ’, ‘ડબ્બાઓને સતત કામમાં રાખો’. તે રીતે સાધકે પણ પોતાનાં તન ને મનને કોઈને કોઈ કામમાં જોડી દેવાનાં છે ને બેકાર બેસવા દેવાનાં નથી. શરીર, મન ને ઈન્દ્રિયોથી કોઈ ને કોઈ કલ્યાણકારક સાધના થવી જ જોઈએ. નહિ તો પેલા રેલના ડબ્બાની જેમ તે આળસુ બની જાય ને ખોટે કામે પણ લાગી જાય. માટે જ સાધકો પોતાની નજર સામે આ મંત્રને જીવતો રાખે એવું આપણે ઈચ્છીએ - ‘કીપ ધ વેગન્સ મુવીંગ’. ઉપનિષદ કહે છે તેમ ‘ચરૈવેતિ ચરૈવેતિ’ વિકાસને માર્ગે આગળ વધો, આગળ વધો, ને નિરંતર આગળ વધો

યમ ને નિયમના વ્રતના પાલનમાં એક બીજી વાત પણ યાદ રાખવાની છે. કોઈ વાર પુરાણી રસવૃત્તિને લીધે, વાતાવરણની અસરથી, સંગદોષથી, પોતાની જ માનસિક નબળાઈને લીધે કે બીજા કોઈયે કારણથી, યમ તથા નિયમનો અમુક વખત પછી ત્યાગ કરવાનું મન થાય છે. તે વખત સાધકના જીવનમાં ખાસ સંભાળવા જેવો કે કટોકટીનો હોય છે. તે વખતે જો જરા પણ ગાફેલ રહેવાય તો કામ બગડી જાય છે. તેવે વખતે સાધકે પોતાની જાતના સંરક્ષક બનીને પોતાની જાતને સંભાળી લેવી જોઈએ. જે વિચારો પોતાને

પોતાના નિયમો ને સિદ્ધાંતોમાંથી ભ્રષ્ટ કરે છે ને ભ્રાંતિ ઊભી કરે છે, તે વિચારોનું તેના પર વર્ચસ્વ ના થાય તે માટે તેમની વિનાશકતા, વિપરીતતા કે તેમના દોષનો તેણે વારંવાર વિચાર કરવો જોઈએ.

દાખલા તરીકે અસ્તેય વ્રતનો ભંગ કરીને ચોરી કરવાની ઈચ્છા થઈ અથવા તો અહિંસાના સુંદર માર્ગને મૂકી દઈને હિંસાના કામમાં શામેલ થવાની વૃત્તિ થઈ ગઈ અથવા તો જૂઠું બોલવાની, અસત્યનો આશ્રય લેવાની કે બ્રહ્મચર્યના નિર્ધારિત નિયમનો ભંગ કરવાની ઈચ્છા થઈ. તેવા નિયમભંગને લીધે કદાચ તાત્કાલિક ને તત્કાળ સુખ, શાંતિ ને સમૃદ્ધિ પણ મળવાનો સંભવ હોય તો પણ તેવા નિયમભંગને લીધે, લાંબે વખતે થનારા નુકસાનનો વિચાર કરીને, તેમાંથી બચવાનો બને તેટલો બધો જ યત્ન કરવો જોઈએ. તે જ પ્રમાણે શૌર્ય, સંતોષ, તપ, સ્વાધ્યાય ને ઈશ્વરની ઉપાસનાના સંબંધમાં પણ સમજી લેવાનું છે. તેમને માટે પણ સાધકને કોઈ વાર અણગમો થાય, અને તેમનો ત્યાગ કરીને તેમનાથી ઊલટી વસ્તુને ગ્રહણ કરવાનું ને વિરોધી છાવણીમાં ભળી જવાનું મન થાય, ત્યારે તેવા ત્યાગની અંદર જે જોખમો રહેલાં છે તેનો બરાબર ને વારંવાર વિચાર કરીને તેના સંકજામાં ના સપડાવાય તેનું ધ્યાન રાખવાનું છે. ગુણ તથા દોષ અથવા લાભ ને હાનિનો ખ્યાલ આપનારી એ વિવેકશક્તિ જ સાધકની સાચી થાપણ છે, સંપત્તિ છે, ને તેનું જતન જીવની જેમ કરવાની જરૂર છે. તે સંપત્તિ જેણે સાચવી છે ને જે તેને સારી પેઠે સાચવી જાણે છે, તે સદાને માટે સલામત થઈ જાય છે.

પહેલાંના વખતમાં વનમાં વસતા ઋષિમુનિમાંનાં કેટલાંક પોતાનાં આશ્રમનાં સ્વચ્છ આંગણામાં અખંડ અગ્નિ રાખતા તેની તમને ખબર છે ? કહે છે કે તેનાથી યજ્ઞનો હેતુ તો જળવાતો જ પણ બીજા કેટલાક હેતુ પણ આપોઆપ સચવાતા. જંગલી જનાવરો એમના આશ્રમમાં આવતાં નહિ ને ઝેરી જંતુનો નાશ થઈને વાતાવરણની વિશુદ્ધિ પણ થઈ રહેતી. વિવેકનો અગ્નિપણ એવો જ છતાં એથીયે વધારે પ્રબળ ને આશીર્વાદરૂપ છે. સાધકે અથવા પોતાનું શ્રેય સાધવા માંગનારા દરેક માણસે પોતાના અંતરના એકાંત આંગણમાં એ અગ્નિને જીવતો રાખવા જોઈએ. એ અગ્નિ એને વિરોધી વિચારવૃત્તિ ને વાતાવરણની વિનાશક અસરથી સુરક્ષિત રાખશે, ને એની સાધનાની મંગલમય મહાયાત્રાને સરળ ને સુખકારક કરી દેશે.

યમ ને નિયમને તોડી પાડનારા વિરોધી વિચાર જ્યારે ઉત્પન્ન થાય ત્યારે તેમનો સફળતા સાથે સામનો કરવા માટે બીજા બળવાન, સારા ને સહાયક વિચાર ઉત્પન્ન કરવાં. યમ ને નિયમના પાલનને પરિણામે જે શારીરિક, માનસિક ને આંતરિક અથવા તો આત્મિક લાભ થાય છે ને પાર વિનાના લાભ થાય છે તેનો વારંવાર વિચાર કરવો. તેવા વિચારને લીધે ઉત્સાહ આવશે, તાકાત પેદા થશે, ને તેથી વિરોધ તથા તોફાનોની સામે અડગ પણ રહી શકાશે. પોતે કયો માર્ગ અપનાવ્યો છે, ને કયે માર્ગે જવાનો સંકલ્પ કર્યો છે, તે માટે પોતાની શી ફરજ છે, ને તે માટે પોતે કેવા નિયમ, વ્રત કે સિદ્ધાંતોનું પાલન કરવું જોઈએ અથવા તો કેવું જીવન જીવવું જોઈએ તે વાત નિરંતર તેની નજર સામે હોવી જોઈએ. તેનું તેણે રટણ કરવું જોઈએ. તેના જપ તેના રોજિંદા જીવનમાં ચાલુ રહેવા જોઈએ. તે તેને માટે મજબૂત ઢાલ બનશે ને ઉત્તમોત્તમ વફાદાર ચોકીદારનું કામ કરશે. સારાં ને સરસા સઘળાં સંજોગોમાં તે તેની રક્ષા કરશે, તેને ટટ્ટાર રાખશે.

વધારે ભાગનાં સાધનાના યાત્રી વિરોધી વાતાવરણમાં અટવાઈ જાય છે તથા અધવચ્ચે અટકી પડે છે તેનું કારણ એ પણ હોય છે કે વિરોધી વૃત્તિ કે રસવૃત્તિઓ એમની અંદર સુષુપ્ત રીતે કાયમ હોય છે; તે

સંજોગો મળતાં તેમની નબળાઈનો લાભ લઈને બહાર આવે છે, ને તે એમના અપનાવેલા આદર્શને ગમે તે કારણે પણ ભુલી જાય છે.

એક બીજી વાત પણ યાદ રાખવાની છે. યમ ને નિયમમાં બરાબર દૃઢ રહીને ઈચ્છા પ્રમાણેનું આદર્શ જીવન જીવી શકાય તે માટે યમ ને નિયમને પાળી ચૂકેલા અથવા તો પાળનારા મહાપુરુષોનું સદા સ્મરણ કરવું ને તેમની પ્રેરણામયી મંગલ મનહર મૂર્તિ શરીરમાં ધારણ કરવી. એ આપણે માટે આશીર્વાદરૂપ થશે. કહો કે દીવાદાંડીનું કામ કરશે. જીવનની નાવને સદાય સલામત રીતે આગળ ને આગળ હંકારવાની શક્તિ પૂરી પાડશે. તેમાંના કેટલાંય મહાપુરુષોએ માનસિક નબળાઈનો નાશ કરી વિરોધી વાતાવરણનો સફળતાપૂર્વક સામનો કરી સિદ્ધિનું શિખર સર કર્યું હશે. તો બીજા કેટલાયે છેક સાધારણ મૂડીથી શરૂઆત કરીને સાધનાને ધીરે ધીરે ખીલવીને, સંપત્તિ કે સુખસાહ્યબી મેળવી હશે. તેમને પણ શરૂઆતમાં સામાન્ય માણસના જેવા જ પ્રશ્નો સતાવતા હશે. તેમને પાર કરીને એ કેવી રીતે આગળ વધ્યા, એનું ચિંતન ખરેખર પ્રેરણાત્મક ને શક્તિપ્રદાયક પુરવાર થશે. તેવા ચિંતનને માટે પણ આપણે જરૂર ભલામણ કરીશું.

**[૩૪] વિતર્ક વિષે**

એવા અનુભવી મહાપુરુષો ચાલુ જમાનામાં જીવનારા અથવા આપણી આજુબાજુના સંસારમાં આપણી સાથે જ શ્વાસ લેનારા હોઈ શકે અથવા તો વરસો પહેલાં પણ થઈ ગયા હોય. એ વાત મેં વારંવાર કહી બતાવી છે. બંને અવસ્થામાં એ એટલા જ ઉપયોગી છે. નવા, જૂના કે જામેલા બધી જાતનાં સાધકોને તેમનાથી મોટી મદદ મળશે, તેમને માટે ધ્રુવતારક થઈ પડશે. મને પોતાને તો તેમનાથી મહત્વની મદદ મળી છે, તેમણે મારે માટે માતાપિતાનું કામ કર્યું છે. તે મારે માટે બ્રહ્મા ને વિષ્ણુ કરતાં પણ વધારે કીમતી થઈ પડ્યા છે. તેમનો ઉપકાર મારાથી ભૂલી શકાય તેમ નથી. મને જેવો છું તેવો બનાવવામાં તેમનો ફાળો પણ કાંઈ ઓછો નથી. ચિંતા, વેદના ને મુસીબતના કપરા દિવસોમાં તે જ મારા માટે શાંતિ, પ્રેરણા ને આશ્વાસનરૂપ થઈ પડ્યા છે. વિરોધી વાતાવરણમાં તેમણે જ મને બળ આપ્યું છે, સફળતાપૂર્વક સ્મિત સાથે સામનો કરવાની શક્તિ પૂરી પાડી છે, ને ધીરજ, હિંમત ને સહનશક્તિનું દાન કર્યું છે.

સાધનાના ભારે અટપટા કામમાં તેમના સાથ ને સહકારથી મેં જે સફળતા મેળવી છે તે પેલા કવિના શબ્દોમાં કહીએ તો : 'ઊંડા અંધારેથી પ્રભુ, પરમ તેજે તું લઈ જા' ને 'તું હીણો હું છું તો તું જ દરશના દાન દઈ જા'.. એવી મારી તેમને દ્વારે થયેલી પ્રાર્થના જ્યારે પણ થઈ છે ત્યારે નકામી નથી ગઈ. એનો ઉત્તર જરૂર મળ્યો છે. તેને પરિણામે પરમ પ્રકાશ ને દર્શનનો દેવી લહાવો જરૂર મળ્યો છે. માટે જ તેમને માટે મારા દિલમાં આટલો બધો ભાવ, પ્રેમ કે ઉમળકો છે, ને આ તથા બીજી આવી અનેક રીતે તેમને પ્રકટ કરી રહ્યો છું. એ એટલા માટે કે બીજા પણ તેમને સમજે ને તેમનો લાભ લે.

(૧) કોઈને એવી શંકા થવાનો સંભવ છે કે 'અનુભવી સંત કે મહાપુરુષો આટલા બધાં આશીર્વાદરૂપ થઈ પડે છે ને જીવનની વિરોધી કપરી કસોટીરૂપ ક્ષણોમાં મદદરૂપ કરે એ તો સાચું ને સમજી શકાય તેવું છે. પણ શું તેવી રીતે ઈશ્વર મદદરૂપ નથી થઈ શકતા ? તો એનો ઉલ્લેખ તમે કેમ નથી કરતા ? તેમના સમાધાનમાં મારે કહેવું જોઈએ કે વાત મારી નજર બહાર નથી, ને એનો ઊડતો ઉલ્લેખ હું હવે કરવાનો જ

હતો. મહાપુરુષોનો જે ઉલ્લેખ કર્યો છે તેની જ પૂર્વભૂમિકારૂપ છે. ઈશ્વરની પાસે પહોંચતાં ને વાત કરતાં જરા વાર લાગે છે. તેમાં ભારે ભક્તિની જરૂર પડે છે. પરંતુ આપણી વચ્ચે અથવા તો આજુબાજુ વસનારા સંતોનાં દર્શન એટલાં બધાં દુર્લભ નથી. તેમના સમાગમ ને તેમની સાથેના સંભાષણનો લાભ સહેજે મળી રહે છે તેથી તેમનો ઉલ્લેખ મેં પહેલાં કર્યો છે. બાકી તો ઈશ્વર તો તેવી મદદ કરી જ શકે છે, ને તેથી પણ વધારે મદદ કરી શકે છે. એ સંબંધી કોઈ પણ પ્રકારની શંકાને સ્થાન જ ક્યાં છે ? સંત પુરુષો તો ઈશ્વરના મહાન પ્રામાણિક પ્રતિનિધી છે. તેમની શક્તિ તથા સહાયતા આટલી અપાર અથવા કીમતી છે, તો પછી તેમના ને સારાયે સંસારના સ્વામી એવા ઈશ્વરની શક્તિ વિશે તો કહેવું જ શું ?

જીવનમાં કોઈ કષ્ટ, ચિંતા, વેદના કે મુસીબત આવે ત્યારે ઈશ્વરનું શરણ લો. વિપત્તિ ને વિરોધી વાતાવરણનાં વાદળ જ્યારે ચારે તરફ ઘેરાઈ જાય ને ગડગડાટ કરી ઊઠે, ત્યારે ધીરજ, હિંમત, આશા ને શ્રદ્ધા સાથે તે દયાળુનું દાન માગો; તે પ્રેમસાગરને પ્રાર્થના કરો. પ્રલોભનો, ભયસ્થાનો ને અંતરાયોની અંદર અટવાઈ જવાનો સંભવ હોય, ત્યારે તે પરમેશ્વરને પોકાર કરો. પ્રાણના પ્રત્યેક પરમાણુમાંથી પ્રેમભર્યો પોકાર કરો ને તેની કૃપાની કામના કરો. માર્ગ જ્યારે મળે નહિ, દિશા સૂઝે નહિ ને આડમાર્ગે અટવાઈ જવાય; ધારેલું કામ ના થાય, પાસાં બધાં જ પ્રતિકૂળ પડે, ને સુધરતી જતી બાજી પણ બગડી જાય, ત્યારે પણ હતાશ કે નાસીપાસ થવાને બદલે તે સર્વેશ્વરનું શરણ લો. એનું શરણ સાધો ને એ અંતર્યામીને અડગ અનુરાગ ને વિશ્વાસથી વળગી રહો. જુઓ પછી એની શક્તિ ને એનો ચમત્કાર. પછી તમારે મારે માટે કાંઈ જ કઠિન નહિ રહે, અશક્ય નહિ રહે.

એ સર્વ સમર્થ છે એ સમજ ને શ્રદ્ધાને કદી પણ ના છોડતા, તો તમે ન્યાલ થઈ જશો, તે તેમને કૃતાર્થ કરી દેશે. જીવનના આ જટિલ જંગમાં ને સાધનાના સંગ્રામમાંથી તમે સફળતાના સંતોષ સ્મિત સાથે બહાર નીકળશો, બાજી તદ્દન બગડી ગઈ હશે તો પણ ઈશ્વર તેને સંપૂર્ણપણે સારી પેઠે સુધારી દેશે. માર્ગ નહિ મળતો હોય ને અંધારૂ આજુબાજુ છવાઈ ગયું હશે તો પણ માર્ગ ખુલ્લો કરશે ને તમારી દૃષ્ટિ, વૃત્તિ ને સૃષ્ટિને પોતાના અવનવા પાર વિના પ્રેમળ પ્રકાશે ભરી દેશે. પ્રલોભનો, ભયસ્થાનો ને અંતરાયોની તાકાત તેનાથી વધારે નથી. પ્રકૃતિ આખી તેની દાસી છે, ને તેની ઈચ્છાનુસાર, તેની આંખના ઈશારા પ્રમાણે નાચે છે. તે પ્રકૃતિ ને તેના પદાર્થોથી ડરવાની જરા પણ જરૂર નથી. પ્રકૃતિને તો તે પરમેશ્વર ઠીક કરી દેશે. તેમની દૈવી ઈચ્છાશક્તિથી તે તમારે માટે અનુકૂળ થઈ જશે ને તમારી સહચરી બની રહેશે. માટે ઈશ્વરમાં શ્રદ્ધા રાખો, ઈશ્વરનું શરણ લો. ઈશ્વરના અનુરાગી અથવા તો કૃપાપાત્ર બનો. બીજાને આધારે બેસી રહેવાને બદલે, બીજાની તરફ તૃષ્ણાથી પ્રેરાઈને તાકવાને બદલે, ને તમારાં દુઃખ, દર્દને દુર્દૈવનું કરુણ વેદનાગીત બીજાની પાસે નિરર્થક રીતે ગાવાને બદલે, આવો, ને કાયમને માટે તમારા ને તમને ઉત્તર આપવા ને બનતી બધી રીતે મદદ કરવા તૈયાર એવા આ સર્વેશ્વરનું શરણ લો. આ પરમાત્માની પાસે પહોંચો. તે તમારી નબળાઈનો નાશ કરશે ને તમને બધી રીતે મદદરૂપ થશે.

(૨) યમ ને નિયમમાં જેની ગણતરી કરવામાં નથી આવી ને જે યમ ને નિયમથી વિરૂદ્ધ છે તે વિતર્ક કહેવાય છે. હિંસા, અસત્ય, ચોરી, અશુદ્ધિ ને ઈશ્વરવિમુખતા જેવી વસ્તુઓનો સમાવેશ વિતર્કમાં થાય છે. પતંજલિ તેના ત્રણ પ્રકાર પાડી બતાવે છે. અથવા એમ કહો કે તેને ત્રણ વિભાગમાં વહેંચી નાખે છે. (૧)

પોતાની મેળે કરેલા વિતર્ક (૨) બીજાના કહેવા કે કરવાથી કરેલા ને (૩) કોઈના સમર્થન કે કોઈની મદદથી કરેલા વિતર્ક.

વિતર્ક ગમે તે કારણે થયા હોય તો પણ છે તો અમંગલ જ. જેના જીવનમાં તે પ્રકટે તેને આપણે શાબાશી નહિ જ આપી શકીએ. કોઈ વાર ક્રોધે ભરાઈને, કોઈ વાર લોભને લીધે તો કોઈ વાર મોહથી પ્રેરાઈને માણસ તેનો શિકાર બનતો કે તેમના સંકજામાં સપડાતો હોય છે. આજે એક કારણ હોય છે તે કાલે બીજું કારણ અથવા તો કોઈ વાર બધા કારણ અથવા નિમિત્ત એક સાથે ભેગાં થઈ ગયાં હોય છે. ગીતામાં પણ એ જ વાત કહી બતાવવામાં આવી છે ને ?

**काम एष क्रोध एष रजोगुणसमुद्भवः ।** 'રજોગુણમાંથી પેદા થતા કામ ને ક્રોધ મનુષ્યના મનમાં બૂરા વિચાર ને ભાવ પેદા કરે છે. તે જ તેને કુકર્મમાં પ્રેરે છે; ને મનુષ્યના સાચા શત્રુ પણ તે જ છે. તે ભારે અમંગલ છે. તેમનું પેટ કદી ભરાતું નથી. તે મનુષ્યના મનમાં અડ્ડો નાખીને પડેલા છે. તેમનો યુક્તિપ્રયુક્તિપૂર્વક નાશ કરવો જોઈએ.' ગીતા આ રીતે આ જ ઉપયોગી વસ્તુનો સંદેશ આપે છે.

હિંસા, અસત્ય, અસંયમ જેવા બૂરા કે વિરોધી વિચારો ને ભાવોની માત્રા કાંઈ એકસરખી થોડી જ હોય છે ? કોઈ વાર તેમનું સ્વરૂપ છેક સાધારણ તથા વિશાળ પટ પર ચમકીને વિલીન થઈ જનારી વીજળી જેવું ક્ષણિક હોય છે, તો કોઈ વાર તે મધ્યમ સ્વરૂપ, જરા વધારે બળવાન બનીને ને થોડું લાંબુ જીવન લઈને પણ પ્રકટ થાય છે, ને કોઈ વાર કોઈ અસાધારણ સંજોગોમાં કે ખાસ કેસોમાં માઝા મૂકી દે છે. તે વખતે તેમનું સ્વરૂપ જાણે કે આકાશ જેવું અનંત ને ભારે ભયંકર બની જાય છે - શ્રીકૃષ્ણે અર્જુનને બતાવેલા વિશ્વરૂપ જેવું જ બિહામણું કે ભયંકર. ગમે તે રૂપમાં તે પ્રકટ થાય તો પણ, છે સદા નુકસાનકારક ને પોતાને ને બીજાને માટે તે ભારે દુઃખદાયક ને અશાંતિકારક છે. તેમના સંકજામાં સપડાઈને પુરુષ પરવશ ને પામર બની જાય છે, સુધબુધ ખોઈ દે છે, ને ના બોલવાનું બોલી તથા ના કરવાનું કરી નાંખે છે. તેથી જ પોતાનું શ્રેય સાધવાની ઈચ્છાવાળા સાધકોને આપણે તેમના નાના કે મોટા, સાધારણ કે અસાધારણ, મૃદુ, મધ્યમ કે વિશાળ પાશમાંથી મુક્તિ મેળવવાની ભલામણ કરીએ છીએ. તે માટે સૌ કોઈ મન મૂકીને મહેનત કરે એવું ઈચ્છીએ છીએ.

તેમની ભયંકરતાનો વારંવાર ખ્યાલ કરવાની જરૂર છે, નુકસાનકારકતાનો વિચાર કરવાની જરૂર છે. તે ઉપરાંત, તેમની સામે સતત સાવધાન ને જાગ્રત રહેવાનું છે. રોજિંદા જીવનનું નિત્ય નિરંતર નિરીક્ષણ કરવાનું છે. તેમાં જો તેમની નિશાની દેખાય તો તેને બારીકાઈથી પકડી પાડીને દૂર કરવાની કોશિશ કરવાની છે. તેમના દોષનો ને તેમની વિરોધી વિનાશક અસરનો વારંવાર વિચાર કરવાનો છે. તેમ કરવાથી મોટી મદદ મળી શકશે. કોઈયે સંજોગોમાં ને કોઈયે કારણે એમ તો ન જ માની લેતા કે એ બધા વિતર્ક તમારા કરતાં વધારે બળવાન છે ને તેમને વશ કરી શકાય તેમ નથી જ નથી. ના, ના, એવા પામર વિચારો કરીને તમારા પ્રાણ ને પગને ઢીલા કરી ના નાખતા. મહત્વાકાંક્ષી બનો. દૃઢ વિચાર ને સંકલ્પથી સંપન્ન બનો. પામર, બાલિશ ને માયકાંગલા વિચાર તથા મનોબળનો ત્યાગ કરો. પ્રભુને પ્રાર્થના કરો. તમારી જાતને વિશુદ્ધ ને વશ કરવાના પ્રામાણિક પુરુષાર્થમાં તેની પ્રેરણા ને કૃપાની કામના કરો. તમે જરૂર વિજયી થશો, ધન્ય બનશો. વિજય, સફળતા ને ધન્યતા એવા મનોબળવાળા બહાદુર પુરુષોને જ મળી શકે છે.

**[૩૫] અહિંસાનું ફળ**

વિતર્કનો સામનો કરવા માટે વારંવાર વિરોધી વિચારો કરવા તેને પ્રતિપક્ષીય ભાવના કહે છે. તેવી ભાવના કરવાની ભલામણ ગયા સૂત્રમાં પતંજલિ કરી ગયા, ને ભાવનાનો આધાર લઈને સાધકે આગળ વધવાનું છે. આ બધી માહિતી સાધક થવું છે તેમને માટે છે. માણસો મને વારંવાર કહે છે કે આ જમાનામાં સાધક થઈ શકાય તેવું જ નથી. તેમને માટે એક જ વાત કહેવાની હોય છે કે એવા નબળા ને વિઘાતક વિચારોને છોડી દો. એવા વિચારો તમારું કે કોઈનું કલ્યાણ નહિ કરે ને કોઈને બળ, પ્રેરણા ને ઉત્સાહ નહિ ધરે. અરે ભાઈ, સાધના તો બધા જ જમાનામાં થઈ શકતી હતી તેમ આ જમાનામાં પણ થઈ શકે છે, ને હવે પછીના ગમે તે જમાનામાં પણ થઈ શકશે. તમે નિર્બળતા છોડો, એવું મનોબળ કેળવો ને એમના જેવો ને એમનાથી પણ વધારે પુરુષાર્થ કરો, તો સાધના કરી શકશો તથા સફળતા કે સિદ્ધિના ધારેલા શિખર પર પ્રતિષ્ઠિત પણ થઈ શકશો. ગમે ત્યાં રહીને પણ જમાના કે વાતાવરણની હવાને દોષ કાઢ્યા વિના આગળ વધી શકશો.

જુઓને, યોગદર્શનની વિચારણાની શરૂઆત આપણે મસુરીમાં કરી ! લોકો કહે છે કે મસુરી તો કેવળ હવા ખાવાનું સ્થળ, ભોગભૂમિ છે, પરંતુ આપણે માટે તે યોગભૂમિ થઈ પડી છે. આપણે માટે એ આધ્યાત્મિક હવા ખાવાનું સ્થળ થઈ પડ્યું છે. યોગદર્શનની વિચારણા ને સાધનાનો આરંભ આપણે અહીં જ કર્યો છે. જ્યાં બહારનાં વિલાસ, ભોગ ને ઠાઠમાઠનો પાર નથી, અનેક પ્રકારના રંગનું જ્યાં દર્શન થાય છે, ને લોકોનું જીવન વધારે ભાગે વિલાસી લાગે છે, ત્યાં સાધનાની આ શીતળ, સુધામય, સ્વર્ગીય સરિતા આપણે શરૂ કરી છે. ભોગમાં યોગનું દર્શન ને યોગથી સાધના, માણસે એવી વૃત્તિ કેળવવી પડશે ને એટલી લાયકાત મેળવવી જ રહેશે. પછી તેને જમાનાની સાથે લડવું કે ઝઘડવું નહિ પડે, ને દેશ કે કાળનો દોષ કાઢવાનો નહિ રહે. તે જ્યાં જશે ને જીવશે ત્યાં પોતાનો જમાનો બનાવી લેશે, પોતાની સાથે પોતાનો વિશિષ્ટ જમાનો લેતો જશે, ને સાધનાપરાયણ બનશે.

પતંજલિએ જે પાંચ યમ કહી બતાવ્યા છે તેમાં પહેલું સ્થાન અહિંસાનું છે. તેના ફળનો પતંજલિ હવે નિર્દેશ કરી રહ્યા છે. તે વિચાર કરીએ તે પહેલાં એના જ અનુસંધાનમાં, અહિંસાનો થોડો વિચાર કરી લઈએ તો તે અસ્થાને નહિ કહેવાય.

અહિંસા ભારતના મહાન ઋષિવરોની જ નહિ, પણ સંસારના સઘળાં સંસ્કૃત ધર્મોના પ્રણેતા તથા ઉપદેશકોની મુખ્ય શિક્ષા છે. અહિંસાનો ટૂંકો અર્થ એટલો જ છે કે કોઈની હિંસા ના કરવી અથવા કોઈને પીડા ના પહોંચાડવી. તેના પાછા ત્રણ ભેદ છે. શરીરની અહિંસા, મનની અહિંસા ને વાણીની અહિંસા. શરીરથી કોઈને નુકસાન ના કરવું તે શરીરની અહિંસા. મનથી કોઈનું બૂરું તાકવું નહિ, બૂરા વિચાર કે ભાવ ના સેવવા ને કુકર્મની કલ્પના ના કરવી તે મનની અહિંસા ને અસત્ય, જરૂર વિનાની, વધારે પડતી, કઠોર વાણી ના બોલવી તે વાણીની અહિંસા. અહિંસાના એવા સ્વરૂપ વિશે ઘણે ઠેકાણે ને ઘણું ઘણું કહેવામાં આવ્યું છે એટલે અહીં એના વધારે વિસ્તારમાં નહિ ઊતરીએ તો ચાલશે. અહીં તો એક બીજી વાતનો ઉલ્લેખ કરી લઈએ, તે એ કે અહિંસાને આપણે પ્રેમ પણ કહી શકીએ. પ્રેમના કબીરે કહેલા ‘ઢાઈ અક્ષર’માં અહિંસાના સારતત્વને

આપણે સમાવી શકીએ. પ્રેમ એ અહિંસાનો ને અહિંસા પ્રેમનો અર્ક છે. પ્રેમ વિના અહિંસા થાય જ નહિ. પ્રેમ વિના તેનો જન્મ ને ઉછેર જ ના થઈ શકે. એટલે આપણે અહિંસાને બદલે તેના જ ભાવની અભિવ્યક્તિ કરવા, પ્રેમનો ઉપદેશ પણ આપી શકીએ.

એ પ્રેમ આપણી આસપાસની દુનિયામાં જોવા મળે છે ને મનાય છે તેવું સ્વાર્થ, શરીરની લાલસા ને મમતાનું કોઈ ગંધાતું ખાબોચિયું નથી. તે તો આત્માનો સમજપૂર્વકનો શુદ્ધ નિઃસ્વાર્થ સંબંધ છે. તેનું મૂળ માણસની પોતાની અંદર આત્મામાં અથવા કહો કે પરમાત્મામાં રહેલું છે. શરીરની અંદર જ એ આસક્ત કે કેદ થઈને સમાપ્ત નથી થતો, પણ શરીરની આરપાર ખૂબ ખૂબ ઊંડે, પ્રાણના પ્રત્યેક પરમાણુમાં ઊતરીને ધમનીના ધડકારમાં કે શ્વાસના ધબકારમાં ભળી જાય છે. એનું નામ જ પ્રેમ છે ને પ્રેમની એવી પવિત્રતા, સૂક્ષ્મતા ને વિશાળતા લીધે જ તેને પ્રભુમય કહીને ઈશ્વરના આસન પર બેસાડવામાં આવે છે.

અહિંસાને વધારે સારી રીતે સમજવા માટે આપણે પ્રેમના બીજા નાના છતાં સુંદર નામે પણ ઓળખાવી શકીએ. એ પ્રેમ જેની અંદર પેદા થાય છે તેને માટે અહિંસાનું આચરણ છેક સહેલું બની જાય છે. કેમ કે તેવો માણસ પ્રેમના પવિત્ર પ્રભાવથી સૌની સાથે આત્મીયતા અથવા એકતાનો અનુભવ કરે છે. સૌની સાથે એટલે એકલી મનુષ્યજાતિ સાથે જ નહિ પરંતુ જડ ને ચેતનના શંભુમેળા જેવા આ સમસ્ત સંસારની સાથે. એવો માણસ પછી ભૂલેચૂકે પણ કોઈને પીડા કે નુકસાન નહિ કરી શકે, સૌના મંગલમાં, સુખમાં, સૌની સમૃદ્ધિ ને ઉન્નતિમાં જ તે તો રાજી રહેશે, ને સૌને સહાયક થવા પોતાનાથી બનતું બધું જ કરી છૂટશે.

માણસની અંદર જો આત્મજ્ઞાનનો ઉદય થાય તો પણ તેને પરિણામે પવિત્ર પ્રેમ ને અહિંસા આપોઆપ આવે છે. આત્મજ્ઞાન તેને શીખવે છે કે દોરામાં પરોવાયેલા મણકાની પેઠે આ આખુંયે જગત તેના નાનામોટા બધા જ પદાર્થોની સાથે એક પરમાત્મામાં પરોવાયેલું અથવા તો ઓતપ્રોત છે. પરમાત્માના સર્વવ્યાપકપણાનો એ અનુભવ કરે છે. એને લીધે સમસ્ત સંસારની સાથે પોતાના ગાઢ, સનાતન ને અવિચ્છેદ્ય સંબંધને અનુભવે છે. એ જ્ઞાન તેને સૌની અંદર બહાર, વધારે સાદા શબ્દોમાં કહીએ તો સૌના રૂપમાં રહેલા પરમાત્માનું દર્શન કરતાં શીખવે છે. પરિણામે તેનો સ્વભાવ ને દૃષ્ટિકોણ જ પલટાઈ જાય છે. તે કોઈનું ખરાબ તાકી શકતો નથી ને સૌનું સારું કરવા તૈયાર રહે છે. અહિંસાની ભાવના એમાંથી આપોઆપ પ્રકટ થાય છે. એવી ભાવનાવાળા પવિત્ર હૃદયમાં સર્વના હિત ને સૌનીયે સુખાકારીની ભાવના રાતદિવસ રમ્યા કરતી હોય છે.

સમાજની શાંતિ, સમૃદ્ધિ, સુદૃઢતા ને સુખાકારી, સલામતી તથા સુવ્યવસ્થાને માટે દરેક વ્યક્તિએ બીજાને પ્રેમભાવે જોતાં શીખવાની જરૂર છે. વળી દરેકે પોતાની રીતભાત ને પોતાનો વ્યવહાર એવી રીતે રાખવાની જરૂર છે કે પોતાને લીધે કોઈને શોષવું કે સહન કરવું ના પડે, ને પોતાનું જીવન બીજાને માટે પીડા કે યંત્રણારૂપ ના બને. એ રીતે વિવેકી બનીને જો સમાજના સઘળા અથવા મોટા ભાગના પણ સભ્યો વર્તવા માંડે તો સમાજની કાયાપલટ થઈ જાય. સંસારની સિકલ ફરી જાય. જે સુખ ને જે શાંતિની કામના કરોડો માણસો વરસોથી કરી રહ્યા છે તે શાંતિ સફળ કે સાકાર થાય. માણસ પોતે જેનો સભ્ય છે તે સમાજ ને સંસારનું હિત વિચારીને પણ એ રીતે વર્ત્યા વિના છૂટકો નથી.

પતંજલિ કહે છે કે જે અહિંસાનું બરાબર પાલન કરે છે ને અહિંસાની મૂર્તિ બને છે તેની પાસે બધાં પ્રાણી વેરભાવનો ત્યાગ કરી દે છે. તેવો પુરુષ પ્રેમની મૂર્તિ બની જાય છે. એટલે તેના તન, મન ને અંતરમાંથી પ્રકટ થનારાં પ્રેમનાં પરમાણુની તેની પાસેના ને આજુબાજુનાં જીવોને અસર થાય છે. માનવીની અંદર જ નહિ, પણ પશુપંખી ને વનસ્પતિની અંદર પણ તે પ્રવેશ કરે છે, તે સૌનો સંપર્ક સાધે છે, ને તેમના અંતરના તારને ઝંકૃત કરે છે. એવા પ્રેમી અથવા અહિંસક પુરુષની પાસે જે જીવો વાસ કરે છે, તે પણ તેના પવિત્ર, પ્રબળ, પાવનકારી પ્રેમથી પરિપ્લાવિત થઈને વેરભાવ ભૂલી જાય છે, ને વધારે ને વધારે પ્રેમાળ તથા શાંત બને છે. તેના પ્રેમની અસર જ એવી અદ્ભુત, અલૌકિક અથવા અનેરી હોય છે. સંસારના સાધારણ માણસોને આની સામે શંકા થશે કે એવું તે કાંઈ બની શકે ખરું ? ને તેવું ના બની શકે ને નથી બન્યું તે બતાવવા કેટલાંક દૃષ્ટાંતો પણ તે તાકી બતાવશે. કહેશે કે જુઓને ઈસુ ને ગાંધી જેવા મહાન પુરુષોની પાસે આવ્યા છતાં તેમના વિરોધીઓનો વેરભાવ ક્યાં દૂર થયો ? તેવા વિરોધ ને વેરભાવને લીધે તેમના મહામૂલ્યવાન જીવનનો કેવી કરુણ રીતે અંત આવ્યો એ આપણે ક્યાં નથી જાણતા ? વાત બરાબર છે. તેની ના પડાય તેમ નથી. પરંતુ તેમના જીવનના બીજા પ્રસંગો પણ વિચારવાની જરૂર છે. તે પ્રસંગોમાં તેમણે બીજા કેટલાક વિરોધી કે વેરી જીવોને પલટાવ્યા તેના પડઘા નથી પડતા એમ નહિ. મહાપુરુષો તો પ્રેમ કે અહિંસાનું બને તેટલું વધારે ને વધારે પાલન કરે છે, તેમાં જ તેમની કૃતાર્થતા છે, ને તે રીતે જ તેમની કિંમત કરવાની છે. પતંજલિએ તો પોતાના વિચાર ને અનુભવ પ્રમાણે એક આદર્શ કહી બતાવ્યો છે. એ આદર્શની સિદ્ધિ એ કોટિના મહાપુરુષોના જીવનમાં વત્તાઓછા પ્રમાણમાં થાય છે ને થવી જોઈએ એટલું જ યાદ રાખવાનું છે.

પતંજલિના આ સૂત્રના સાકાર સ્વરૂપમાં ઋષિઓ પ્રાચીન ભારતમાં હતા એ વાતની પ્રતીતિ આપણને શાસ્ત્રો પરથી સહેજે થઈ રહે છે. તેવા ઋષિના આશ્રમોનાં વર્ણન પણ જાણીતાં છે. સિંહ, વાઘ, ગાય ને હરણ જેવાં પ્રાણી વેરભાવ ભુલીને એમના આશ્રમના આંગણામાં ફરતાં, એવાં વર્ણન ને વર્ણનની રજૂઆત કરતાં ચિત્રો પણ નથી મળતાં એમ નહિ. ઋષિઓ એવા પ્રેમાળ ને અહિંસક હતા છતાં પણ ઘણાં ઋષિઓના કામ વિરોધી રાક્ષસો બગાડી નાખતા ને તેમને બનતી બધી રીતે હેરાન પણ કરતા. કૃષ્ણ ને રામનો વિરોધ કરનાર ને તેમની સામે સારી રીતે ઝઝૂમનાર કંસ ને રાવણની કોને ખબર નથી ? છતાં તે પ્રેમમૂર્તિ ન હતા કે પૂર્ણ અહિસંક નહોતા એવી વાતોથી પ્રભાવિત કે દોરવાઈ જઈને તેમનું મહત્વ ઓછું કરવાની જરૂર નથી.

અગ્નિની અંદર અગ્નિ નાખવાથી અગ્નિ શમી શકે છે ખરો ? કદાપિ નહિ. જે બળતું હોય તેમાં વધારે બળતણ નાખવાથી બળતું કાંઈ ઓછું નથી જ થતું. તેવું વેરનાં સંબંધમાં પણ સમજી લેવાનું છે. વેર વેરથી શમતું નથી પણ પ્રેમથી જ શમી શકે છે. વેરને લીધે તો વેર વધતું જ જાય છે. આ વાત છેક સ્વાભાવિક ને સીધી સાદી છે છતાં પણ વધારે ભાગની પ્રજા તેને નથી સમજી શક્તી એ એક હકીકત છે. માણસે વધારે ને વધારે વિવેકી ને પ્રેમાળ થવાની જરૂર છે. તેની ના પાડી શકાય તેમ નથી. આપણી આસપાસની, પાસેની, દૂરની દુનિયાનાં દુઃખોને દૂર કરનારી એ એક અત્યંત અમૂલખ અક્સીર ઔષધિ થઈ પડશે. દુનિયાને એ અમૂલખ ઔષધની વધારે ને વધારે પ્રમાણમાં જરૂર છે.

પ્રાણના પ્રત્યેક પરમાણુમાં પ્રેમ પ્રકટશે એટલે અહિંસા તો આપોઆપ આવી જશે, ને સંપૂર્ણ જીવન અથવા તો પ્રત્યેક પ્રવૃત્તિ અહિંસક બનશે. સ્વભાવની સિતાર પરથી સ્નેહનું સ્વર્ગીય સંગીત પછી સદાને સારું છૂટ્યા કરશે. એને લીધે માણસની આંતરિક અવસ્થા કેટલી બધી અલૌકિક થઈ રહેશે તે સમજવામાં પતંજલિનું આ સૂત્ર આપણને ભારે મદદ કરે છે. પતંજલિના આ સૂત્રનો અર્થ આપણે જરા જુદી રીતે કરીએ છીએ. એવો અર્થ પરંપરાગત નથી. પરંપરાગત રીતે જે અર્થ કરવાની આપણને ટેવ છે તેના કરતાં તેનો ધ્વનિ જરા નવો છે. છતાં જે વિવેકી ને ગુણગ્રાહી છે એમને એથી આનંદ મળશે, એમ માનીને એ અભિનવ જેવા અર્થનો અહીં ઉલ્લેખ કરી રહ્યો છું.

**अहिंसाप्रतिष्ठायां तत्सन्निधौ वैरत्यागः ।** એ સૂત્રને બે વિભાગમાં વહેંચી શકાય છે. એક તો **अहिंसाप्रतिष्ठायां तत्सन्निधौ** ને **वैरत्यागः** એ બે નો અર્થ ક્રમે ક્રમે સમજી લઈએ. પ્રેમ કે અહિંસાથી જે પોતાના જીવનને મધુમય બનાવે ને સુશોભિત કરે તે પરમાત્માની સંનિધિ મેળવે છે અથવા તો પ્રેમના પૂર્ણ પ્રતિક જેવા પરમાત્માની પાસે પહોંચી શકે છે. પ્રેમથી પરિપ્લાવિત પ્રાણવાળો પુરુષ પરમાત્માનો પ્રકાશ જલદી પામી શકે છે. પ્રેમમાં એવી શક્તિ છે. મીરાં સુરદાસ, તુકારામ તથા નરસિંહ જેવા ભક્તો પોતાના પવિત્ર પ્રામાણિક પ્રબળ પ્રેમથી જ પરમાત્માના કૃપાપાત્ર થઈ શક્યા. તે જ પ્રમાણે તેમના જેવો પ્રેમ જે આજે પણ કેળવે તે પરમાત્માની કૃપા મેળવી શકે છે એમાં લેશ માત્ર પણ શંકા નથી. પ્રભુમય જીવનમાંથી જો પ્રેમ અથવા અહિંસાને બાદ કરો તો તેમાં કશું જ સત્વ નહિ રહે. તેનો સારભાગ જતો રહેશે, ને પ્રાણ વિનાના પંખી જેવી તેની દશા થઈ જશે. પ્રેમમય જીવન અહિંસક જીવન છે ને એ જ પ્રભુમય જીવનનું સારસર્વસ્વ છે, માટે જ સંતો તથા શાસ્ત્રોએ તેવા જીવનને કેળવવા માટે આટલો બધો ઉપદેશ આપ્યો છે.

સંપૂર્ણપણે પ્રેમમય અથવા અહિંસક માણસ પ્રભુનો પ્રતિનિધિ અથવા પરમાત્માતુલ્ય જ છે. પરમાત્માનો પ્રકાશ એની અંદર પૂરી રીતે પ્રકટ થાય છે. એવા મહાપુરુષના જીવનમાં વેરની વિષમય વૃત્તિને તો સ્થાન જ ક્યાંથી હોઈ શકે ? તેના તનમાં, મનમાં, વચનમાં, નયનમાં, અંતરમાં ને અંતરના અંતરતમમાં પ્રેમ વિના બીજું કાંઈ જ નથી હોતું. પ્રેમનો પવિત્ર પ્રવાહ ત્યાં વહી રહ્યો હોય છે ને પ્રેમનો જ સુમધુર ધ્વનિ ત્યાં થયા કરે છે. એના અંગ ને આત્માના અણુ-પરમાણુમાં ક્યાંય પણ વેરભાવને સ્થાન નથી રહેતું. તેના સંસર્ગમાં આવનારા જીવોએ વેરભાવનો ત્યાગ કર્યો જ હોય છે. તેવા ત્યાગને માટે તેને કોઈ વિશેષ પરિશ્રમ નથી કરવો પડ્યો હોતો. તેવો ત્યાગ તો પ્રેમના વધવાની સાથે સહજ રીતે જ, સ્વભાવના નક્કી નિયમને અનુસરીને જ થયો હોય છે. કોઈ વાર પ્રારંભમાં તેણે થોડો ઘણો પરિશ્રમ કર્યો હોય છે તો પણ તે ગૌણ જ હોય છે. એવો મહાપુરુષ જગતના બધા જીવોમાં પ્રિયતમ પરમાત્માના પ્રકાશનું જ દર્શન કરે છે. તે કોઈને મિત્ર નથી માનતો ને કોઈને શત્રુ પણ નથી સમજતો. રાગ ને દ્વેષ બંનેથી તે દૂર રહે છે. એ રીતે તદ્દન તટસ્થ રીતે, કેવળ આત્મામાં આસીન થઈને, એકદમ અલિપ્ત રહીને તે આ મહામહિમાવાન જીવનનો પોતાના ફાળે આવેલો અગત્યનો અભિનય કર્યા કરે છે. કશામાં તે બંધાતો કે કેદ પણ નથી થતો તથા ક્યાંક અટકી પણ નથી જતો. જીવનનો સાચો આનંદ એ અહર્નિશ અનુભવ્યા કરે છે.

આ છે પતંજલિના અહિંસાના ફળ વિશેના સૂત્રનો બીજો નવો અર્થ. એ નવો છે એટલા માટે જ એની અવગણના નથી કરવાની. તેમાંથી જે કામનું મળે એ અપનાવવાનું છે. જીવનને એથી સમૃદ્ધ ને ઉજ્જવળ

કરવાનું છે. એવા આદર્શ જીવનની જ કાંઈક કિંમત છે. સાધકો આ વાત ખાસ કરીને યાદ રાખશે ને કોઈયે સંજોગોમાં નહિ ભૂલે એવી આશા છે. એના પર તો એમના જીવનનો આધાર છે. જીવનને સરસ, સફળ ને સંપૂર્ણ બનાવવાની પ્રેરણા તે તેમાંથી જરૂર મેળવી શકશે. अहिंसाप्रतिष्ठायां तत्सन्निधौ वैरत्यागः ।

**[૩૬] સત્યનું ફળ**

પતંજલિ હવે સત્યની વાત કરી રહ્યા છે. સત્યનો અર્થ સાચું બોલવું એવો જ નથી, પરંતુ જરા વધારે ઊંડો ને વિશાળ છે. સત્ય એ બીજું કાંઈ નહિ પણ પરમાત્માનું જ બીજું નામ છે. પરમાત્મા સત્યસ્વરૂપ છે, ને પરમ સત્ય તરીકે એમને અનેક વાર ઓળખાવવામાં આવ્યા છે. જીવનને એ પરમાત્માના પ્રેમ, પ્રકાશ કે જ્ઞાનથી ભરી દેવું એ જ પ્રભુમય જીવન છે ને સત્યમય જીવન પણ એ જ છે. પરમાત્માની પ્રતિ તથા પરમાત્મામાં પ્રતિષ્ઠા થઈ ચૂકી એટલે સત્યમય જીવન પણ જીવાઈ ગયું ને થઈ ચૂક્યું.

સામાન્ય રીતે માણસ સત્યરૂપી પરમાત્માને ભૂલ્યો છે ને એનાથી ઉલટા એવા સંસારના વિષયોને બે હાથે પકડીને વળગી રહ્યો છે, એમાં ગળાબૂડ ડૂબી ગયો છે. આંખથી દેખાતા તથા ઈન્દ્રિયોથી અનુભવાતા સંસારને જ સર્વકાંઈ સમજે છે. ફૂલમાં જેમ ફોરમ તેમ તે બધા જ પદાર્થોમાં ને તેની પોતાની અંદર પણ જે પરમાત્મતત્વ છે તેને ભૂલી ગયો છે. તેની સાથે તેનો સંબંધ દેખીતી રીતે કપાઈ ગયો છે, વધારે નવાઈ ને કરુણતાની કથા તો એ છે કે એનો ઈન્કાર કરતાં પણ એ અચકાતો નથી. આજના ને કોઈયે કાળના માનવજીવનની આ જરૂર છે. એ કરુણતા આજના જગતની એક જેવી તેવી જટિલ સમસ્યા નથી. એનો ઉકેલ કર્યે જ છૂટકો છે. તેના વિના આપણી બીજી સમસ્યાઓ ને આપત્તિઓનો સંપૂર્ણપણે ને સદાને માટે ઉકેલ થઈ શકે તેમ નથી જ.

એટલે સત્યમય જીવનનો અથવા તો સત્યમાં પ્રતિષ્ઠિત થવાનો અર્થ સમસ્ત જીવનને પરમાત્મામય કરી દેવું એવો થાય છે. એ અર્થને ‘સાચું બોલવું’ એ બે શબ્દોમાં સમાવી દઈને છેક સીમિત કરી દેવાની જરૂર નથી. સત્યનું સામ્રાજ્ય અથવા તો પરમાત્માનું પ્રેમરાજ્ય તન, મન, વચન ને અંતર બધે જ ફરી વળવું જોઈએ. અંતરમાં પરમાત્માની જ સેવા, પૂજા ને પ્રતિષ્ઠા થાય, મન તે પરમાત્માનું જ મનન કે રટણ કરતું થાય. વાણી તેના દૈવી ગુણાનુવાદ ગાય ને સત્યનું વહન કરતી થાય તથા તનથી તે પરમાત્માની જ પ્રસન્નતા ને તેના સંસારની સેવાની પ્રવૃત્તિ અથવા સાધના થાય, તેનું નામ જ સત્યમય કે પ્રભુમય જીવન. તેવા જીવનવાળા માનવના જીવનમાં પરમાત્માનું જ વર્ચસ્વ હોય. તેના પ્રત્યેક પાસામાં તેના જ પડછંદા પડી રહ્યા હોય. સાચું બોલવું એ તો જીવનનો એક સામાન્ય સ્વભાવ ને એક પાતળો પડઘો છે.

સમાજનો વ્યવહાર સારી રીતે ચાલે ને પરસ્પર વિશ્વાસ, પ્રેમ ને પ્રામાણિકતાનું વાતાવરણ કાયમી બને તે માટે સમાજમાં સત્યની પ્રતિષ્ઠા થાય તે જરૂરી છે. માનવના પોતાના જીવનના શ્રેય સાથે સામાજિક જીવનનું પણ તેમાં શ્રેય છે. એ વાતને સારી પેઠે સમજી લઈને સૌએ સાચું બોલવાની, સાચું જોવાની, ચોપડા કે હિસાબમાં સાચું લખવાની, સાચી સાક્ષી આપવાની ને સાચી રીતે વર્તવાની જરૂર છે. અસત્યની છાવણી છોડીને સૌએ સત્યને પક્ષે ઊભા રહેવાની તાકાત કેળવવાની છે. તેના વિના, માનવમનના એવા શુદ્ધિકરણ વિના, માનવજાતિ સંપ, સુખાકારી ને શાંતિનું સ્વપ્ન ભાગ્યે જ સિદ્ધ કરી શકશે.

જેના જીવનમાં સત્યની પ્રતિષ્ઠા થઈ ચૂકી છે તેવા મહાપુરુષને કેવીક શક્તિની પ્રાપ્તિ થાય છે ? મહર્ષિ પતંજલિ કહે છે કે તે શક્તિ બે જાતની હોય છે. એક તો પોતાને માટેની ને બીજી, બીજાને કામ લાગનારી. પોતાને માટેની શક્તિ કેવી હોય છે ? યોગી તેને લીધે જે જે કર્મ કરે તેના ફળના આશ્રય જેવાં બની જાય છે. તેનો સંકલ્પ જરૂર ફળે છે કેમ કે તે તદ્દન શુદ્ધ હોય છે. તેનો કોઈયે સંકલ્પ મિથ્યા નથી થતો. તેનું નાનું મોટું કોઈયે કર્મ નિષ્ફળ નથી નીવડતું. તેનું મનોબળ એટલું બધું બળવાન બની જાય છે.

ક્રિયાઓના ફળનો આશ્રય બનાવવાનો એક બીજો ભાવ પણ છે. ક્રિયાઓનું સાચું સંપૂર્ણ ફળ શું છે ? પરમ શાંતિ, પરમાત્મ-દર્શન કે જીવનમુક્તિ. યોગી તે ફળના આશ્રય જેવો બની જાય છે એટલે એથી સંપન્ન થઈ જાય છે એમ પણ સમજવાનું છે. કર્મના પરિણામ કે ફળરૂપે માણસે પૂર્ણતા કે જીવનમુક્તિની એવી અલૌકિક અવસ્થાએ પહોંચવાનું છે. કર્મ એટલા માટે જ છે. કર્મનું અંતિમ ફળ એ જ છે. એની મદદ મેળવીને જીવનને સિદ્ધિના સર્વોત્તમ શિખર પર પહોંચાડી દેવાનું છે.

સત્યમાં પ્રતિષ્ઠિત થવાથી યોગીને બીજાને કામ લાગનારી શક્તિ પણ આવી મળે છે. એ વાતનો ઉલ્લેખ આપણે આગળ પર કરી ગયા છીએ. એ શક્તિ કેવી હોય છે ? એ શક્તિને લીધે યોગીનો સંકલ્પ એકદમ શુદ્ધ થઈ જાય છે. તેથી એ કોઈને આશીર્વાદ, શાપ કે વરદાન આપે છે, તો તે ફળે છે. કોઈએ દેખાતી રીતે વિશેષ કર્મ ના કર્યું હોય તો પણ, તે કર્મનું અથવા બીજું ફળ પોતાની સ્વતંત્ર ઈચ્છાથી તે તેને આપી શકે છે. તેની શક્તિ એટલી બધી બળવાન બની જાય છે.

એ વાતને એક બીજી રીતે પણ સમજી શકાય, તે એ કે પ્રભુમય જીવન જીવનારો યોગી પોતે જેવી જીવનમુક્તિ, શાંતિ કે સિદ્ધિ મેળવે છે તે તરફ બીજાને પણ લઈ જાય છે. કર્મના ફળ રૂપે બીજાને પણ તેવી મુક્તિ, શાંતિ કે સિદ્ધિની દશા મેળવવામાં તે મદદરૂપ થઈ શકે છે. તેના માર્ગદર્શન, આશીર્વાદ ને સંકલ્પ બળથી બીજા પણ કર્મના ફળરૂપ જે જીવનની સર્વોત્તમ સિદ્ધિ છે - મનની શાંતિ, મુક્તિ કે પરમાત્મદર્શન- એનો અનુભવ કરી લે છે અથવા તો એના આશ્રય જેવી બની રહે છે.

**[૩૭] અસ્તેયનું ફળ**

અસ્તેયનો સામાન્ય અર્થ તો ચોરી ના કરવી એવો થાય છે. પણ મોટા ભાગના માણસો માને છે તેમ ચોરી કાંઈ કોઈના ઘરમાં પેસવાથી, કોઈનું ખિસ્સું કાપવાથી જ કે કોઈને લૂંટી લેવાથી જ નથી થતી. તે બધા ચોરીના પ્રકાર જરૂર છે, પણ ચોરીની વૃત્તિ ને ચોરીનું ક્ષેત્ર ખૂબ વિશાળ છે. તેને મુખ્યત્વે મનની સાથે સંબંધ છે. પહેલાં સંકલ્પના સૂક્ષ્મ સ્વરૂપમાં તે મનમાં પેદા થાય છે, પછી કર્મમાં એનો અનુવાદ કરાય છે. એટલે જ્યાં જ્યાં બીજાની સાથે છળ કે કપટ કરવાની વૃત્તિ છે, બીજાને નુકસાનમાં ઊતારવાનો ને બીજાની સાથે પ્રપંચની રમત રમવાનો પ્રયાસ છે, બીજાનું બગાડવાની મનોદશા કે દાનત છે, ત્યાં ત્યાં ચોરી થઈ રહી છે, અથવા તો ચોરીને માટેની ભૂમિકા તૈયાર થઈ ગઈ છે. એ રીતે જોતાં ચોરી કોઈના ઘરની બહાર રહીને પણ થઈ શકે છે.

તે ઉપરાંત, એક બીજી જાતની ચોરી પણ છે. બીજાના અધિકાર પર તરાપ મારવી, પોતાના હક્કનું જે ના હોય તેની ઈચ્છા કરવી, તે લેવાનો પ્રયાસ કરવો, તેમજ સ્વાર્થી કે એકલપેટા થવું ને સંસારના

પદાર્થોમાં માલિકીપણાની ભાવના રાખવી, એ બધી એક યા બીજી રીતે કરાતી ચોરી છે. એ રીતે જોઈએ તો આ સંસારમાં સર્વત્ર ચોરી થઈ રહી છે. આપણી આગળ ને પાછળ, ઉપર ને નીચે ચોરીનું જ સામ્રાજ્ય વ્યાપી રહ્યું છે. ક્યાંક વૃત્તિના રૂપમાં તો ક્યાંક વર્તનના, ક્યાંક કલ્પનાના રૂપમાં તો ક્યાંક કર્મના, બધે જ એની બોલબાલા છે. જે ચોર તરીકે પંકાય છે તેના જીવનમાં જ નહિ, પણ શેઠ ને શાહુકાર મનાતા માણસોમાં પણ તેણે પોતાનો પગદંડો જમાવ્યો છે. ચોરીનું ક્ષેત્ર એ રીતે માણસ માને છે એના કરતાં ઘણું જ વ્યાપક છે.

ત્યારે ચોરીનું કલંક કાઢી નાખવા માણસે શું કરવું ? અથવા તો જે અસ્તેયની મૂર્તિ બનવા માગે છે તેણે કેવી રીતે જીવન જીવવું ? અથવા તો બધી જાતની ચોરીનો ત્યાગ કરનારા ને અસ્તેયની મૂર્તિ બનનારા માણસનું જીવન કેવું હોય ? અત્યાર સુધીની ચર્ચાવિચારણા પરથી જે વિવેકી છે તે તેનો જવાબ સહેજે મેળવી શકશે. તો પણ આપણે છેલ્લા પ્રશ્નને લઈને થોડીક વાતચીત કરી લઈએ. ઉપરની વિચારણા પરથી તદ્દન સ્પષ્ટ છે કે તેવો માણસ જે પોતાના હક્કનું નથી તે લેવાની ઈચ્છા નહિ રાખે ને પ્રવૃત્તિ પણ નહિ કરે. છળ, કપટ, અન્યાય, અધર્મ, સ્વાર્થ અથવા એકલપેટા વૃત્તિનો તે ત્યાગ કરશે. પોતાના જ સુખની ઈચ્છા પણ તે રાખતો હશે ને તે માટે બનતી કોશિશ પણ કરતો થશે. ખોટું જોખવું, ચોપડામાં ખોટું લખવું, ખોટા હિસાબ રાખવા ને પોતાના ઓછા કે વધારે લાભ માટે બીજાનાં ગળાં કાપવાં, એ બધી ને એને મળતી બીજી વૃત્તિ કે પ્રવૃત્તિમાંથી તે મુક્તિ મેળવશે. આ સંસારમાં જે કાંઈ છે તે બધું પરમાત્માનું જ છે એમ માનીને તેના પર પોતે કોઈયે કાળે કે કોઈ પણ માલિકીપણાની મહોર નહિ મારે. પોતે તેના સંરક્ષક તરીકે જ રહેશે ને કશાની અંદર મમતા અથવા તો આસક્તિ નહિ રાખે.

એવો માનવ સાચા અર્થમાં માનવ ને એથીયે આગળ વધીને મહામાનવ બને તથા સુખ, શાંતિ, સંતોષ, અનાસક્તિ, નિર્મમતા, નિર્મળતા, સત્યતા તથા પ્રભુપરાયણતાની મૂર્તિ બને એમાં કાંઈ આશ્ચર્ય જેવું છે ખરું ? અસ્તેયની એ ભાવનાને ખીલવવાથી માણસ મહાન બને છે ને એની અંદર અનેક પ્રકારના સદ્‌ગુણ પ્રકટ થાય છે. એ સદ્‌ગુણો રત્નો જેવા જ છે. માનવજીવનને તે સાચા અર્થમાં ઉજ્જવળ ને ધની, સમૃદ્ધ ને સુખી બનાવે છે. રત્નોથી પણ એની કિંમત ઘણી વધારે છે. માટે જ પતંજલિ કહી રહ્યા છે કે અસ્તેયની મૂર્તિ બનવાથી માણસની પાસે બધી જાતનાં રત્નો આવી જાય છે. રત્નોનો અર્થ સામાન્ય રીતે સંપત્તિ કરવો હોય તો પણ કોઈ ખાસ હરકત નથી. ઉપર કહ્યા પ્રમાણે જીવનમાં જે અસ્તેય વ્રત ધારણ કરે છે તેને પોતાના જીવનના યોગક્ષેત્ર માટેની જરૂરી સંપત્તિ આપોઆપ મળી જાય છે. તેની અંદર પવિત્રતા, નિઃસ્વાર્થતા, નિષ્કપટતા ને નિર્મળતાની જે સૃષ્ટિ થાય છે તે તેના સમાગમમાં આવનારાં સૌના આકર્ષણ ને આદરનું કારણ થઈ પડે છે. તેનાથી તેની પ્રતિષ્ઠા બંધાય છે, તેના સંકલ્પ શુદ્ધ ને બળવાન બને છે, તેને માટે કાંઈ પણ મુશ્કેલ નથી રહેતું. શ્રી ને સંપત્તિ તેનાં ચરણોની દાસી થાય છે ને તે તેનો સ્વામી. તેને માટે દુનિયામાં કશું દુર્લભ નથી રહેતું.

અસ્તેય વ્રતની એવી મૂર્તિ બનવા માટે શરૂઆતમાં ચોરીનો જે સામાન્ય ખ્યાલ લોકોમાં પ્રચલિત છે તેમાંથી મુક્તિ મેળવવી જોઈશે ને પછી ક્રમે ક્રમે આગળ વધીને, ચોરીના નાનામોટા બધા પ્રકારોમાંથી છૂટવું જોઈશે. બધા જ માણસ એવા પ્રામાણિક પ્રયાસ કરે તો બદી દૂર થાય ને સમાજ તથા સંસારની સિકલ ફરી જાય, વધારે સુંદર થાય.

**[૩૮] બ્રહ્મચર્યનું ફળ**

બ્રહ્મચર્યના બે અર્થ છે. એક એનો પ્રચલિત અર્થ ને બીજો એનો ગૂઢ અથવા તો વધારે વિશાળ અર્થ. પહેલા અર્થ પ્રમાણે બ્રહ્મચર્ય એટલે સંયમ અથવા તો વધારે સારા શબ્દોમાં કહીએ તો કામવાસનાનો કાબૂ. એવી સમજ પ્રચલિત છે ને તે બરાબર છે. તે સમજ બધી રીતે કલ્યાણકારક છે. લોકો એનો વધારે ને વધારે પ્રમાણમાં અમલ કરે તે જરૂરી છે. જે સાધના કરીને જીવનમાં કાંઈક મહત્વનું મેળવવા માગે છે, ને સાધના સાથે જેમને સીધો સંબંધ નથી પણ જે જીવનમાં જોમ, મનના બળ ને શરીરના સ્વાસ્થ્યને જાળવી રાખવા માગે છે, તેમને પણ બ્રહ્મચર્યનો એ અમલ અત્યંત આવશ્યક છે.

આજે લોકો વધારે ભાગે ઈન્દ્રિયલોલુપ બનતાં જાય છે, શરીરનાં આકર્ષણ, રસાસ્વાદ ને વિલાસની અસર નીચે વધારે ને વધારે પ્રમાણમાં આવતાં જાય છે. તે કામવાસનાનો કાબૂ કરવાનો પરિશ્રમ કરવાને બદલે કામવાસનાના ગુણગાન ગાય છે ને તેના સ્મિત સાથે શિકાર થાય છે. સુધરેલી મનાતી માનવજાતિ માટે આ પરિસ્થિતિ સાચેસાચ શરમજનક છે ને તેમાંથી બહાર નીકળવાના જેટલા પ્રયાસ થાય તેટલા લાભકારક છે. સાધકોએ તો તેમાંથી મુક્તિ મેળવવી જ જોઈએ.

બ્રહ્મચર્ય અથવા તો શરીરના સંયમની સાચી સફળતા કુવિચાર અથવા વિષયવાસનાનો વિચાર ના ઊઠવામાં છે. મન પણ નિર્મળ થઈ જાય કે વાસનારહિત બની જાય તે જરૂરી છે. વાસના તેમાં ઊઠે જ નહિ એ એક દશા છે, ને ઊઠ્યા પછી જામે કે જોર પકડે નહિ તે બીજી દશા કરતાં પહેલી દશા વધારે સારી, આગળની, આવકારદાયક ને ઉત્તમ છે. તેની પ્રાપ્તિથી સંયમની સમસ્યા પૂરી થાય છે.

એની પ્રાપ્તિ કરનારા માણસો કાંઈ વધારે પ્રમાણમાં ના હોય. એટલે જ બીજા ભાગના માણસોને માટે કામવાસનાની શાંતિ માટે લગ્નજીવનની વ્યવસ્થા કરવામાં આવી છે. પરંતુ લગ્નજીવનનો ઉદ્દેશ કેવળ કામવાસનાની શાંતિનો નથી, કામવાસનાની શુદ્ધિ પણ કરવાની છે ને છેવટે તેની નિવૃત્તિ. કામવાસનાની શાંતિ સારું જીવનભર વિલાસમાં ડૂબી જવાની જરૂર નથી. તેની નિવૃત્તિ ને શુદ્ધિ અથવા તેના સંયમ માટે બનતો પુરુષાર્થ કરવાનો છે. આ વાત ખાસ યાદ રાખવાની છે.

બ્રહ્મચર્યનો બીજો ગૂઢ કે વિશાળ અર્થ પરમાત્માની પ્રાપ્તિ માટેનો જરૂરી કાર્યક્રમ-તે માટેની જરૂરી પ્રવૃત્તિ-એવો પણ થાય છે. તેવી પ્રવૃત્તિ તથા તેવા કાર્યક્રમમાં પણ મન ને ઈન્દ્રિયોનો સંયમ તો સમાઈ જાય છે જ, પરંતુ તે ઉપરાંત, તેમાં કેટલોક બીજો અભ્યાસ પણ આવી જાય છે. એ રીતે જો વિચારીએ તો બ્રહ્મચર્યની પૂર્ણતા, સિદ્ધિ કે સફળતા શરીર, મન કે ઈન્દ્રિયોના સંયમમાં જ નહિ પણ એથીયે આગળ પરમાત્માની પ્રાપ્તિ અથવા અનુભૂતિમાં છે. એ પરમાત્માની પ્રાપ્તિ જ જીવનની નાનીમોટી બધી જ પ્રવૃત્તિઓનું અંતિમ પૂર્ણવિરામ છે. જીવનને સાચા અર્થમાં શાંત, સુખી કે કૃતાર્થ તે જ કરી શકે છે.

બ્રહ્મચર્યના ભંગથી વીર્ય કે શક્તિનો નાશ થાય છે તે કોણ નથી જાણતું ? વીર્ય શરીરની સમૃદ્ધિ તથા પુષ્ટિ માટે અત્યંત ઉપયોગી વસ્તુ છે. તેના ભંગથી તેનો ખજાનો ખાલી થાય છે. કેટલીક વાર તો તેની અતિશયતાથી ભારે અસાધ્ય એવા રોગ પણ થાય છે ને વૃદ્ધાવસ્થા તદ્દન પાસે ને અકાળે આવી પહોંચે છે. એની સૌને ખબર છે, છતાં કેટલીક વાર લોકો કહે છે કે અમને બ્રહ્મચર્યના ભંગથી આનંદ મળે છે ને શાંતિ

થાય છે, ત્યારે એમના અજ્ઞાનથી આપણને અચરજ થાય છે. આપણે એમને કહીએ છીએ કે ભાઈઓ, જેના ભંગથી તમને આનંદ મળે છે ને શાંતિ થાય છે તેના સંયમથી, સંરક્ષણથી, સંગ્રહથી કેટલો બધો અનેરો આનંદ મળે ને કેટલી અસીમ શાંતિ થાય તેની જરા ત્રિરાશીનો સાધારણ દાખલો માંડીને કલ્પના તો કરી જુઓ. બ્રહ્મચર્યના સમ્યક પાલનથી તમારી અંદર વીર્યનો સંચય થાય, એનું ઓજસ થાય, ને તમારા તન, મન ને અંતરમાં અપૂર્વ બળ, ઉત્સાહ, શાંતિ ને યૌવનનો સંચાર થઈ જાય. પતંજલિ એ જ વાત કહી રહ્યા છે કે બ્રહ્મચર્યનું સારી પેઠે પાલન કરવાથી તન, મન, ઈન્દ્રિયો તથા બુદ્ધિમાં અસાધારણ શક્તિ પ્રકટી ઊઠે છે. એવી અસાધારણ શક્તિની બરાબરી કોઈ બીજા સાધારણ માણસથી નથી થઈ શકતી.

સંયમનું સંપૂર્ણપણે અથવા તો સારી પેઠે પાલન કરનારને ઊંડી શાંતિ ને અનંત શક્તિની પ્રાપ્તિ થાય છે. તેનું આત્મબળ પણ અનેકગણું વધી જાય છે. એવા આત્મબળથી સંપન્ન થઈને તે પોતાના ને બીજાનાં મંગલનાં મોટાં કામ કરી શકે છે. શંકરાચાર્ય, ઈશુ, વિવેકાનંદ ને ગાંધીજી જેવા મહાપુરુષો એવા શક્તિના સમુચ્ચયરૂપ હતા. વિલાસી માણસો પણ પાછળથી સંયમી થવાથી જ પરમ શક્તિશાળી તથા સફળ ને સાચા સાધક થઈ શક્યા હતા એ યાદ રાખવાનું છે. મહર્ષિ પતંજલિ એ સત્યની સ્મૃતિ કરાવતા કહે છે:

**ब्रह्मचर्यप्रतिष्ठायां वीर्यलाभः ॥३८॥**

**[૩૯] અપરિગ્રહનું ફળ**

હવે પતંજલિ અપરિગ્રહના ફળનો ઉલ્લેખ કરી રહ્યા છે. તે કહે છે કે અપરિગ્રહનું પૂરેપૂરું પાલન કરવાથી અથવા તો અપરિગ્રહની મૂર્તિ બનવાથી મન નિર્મળ થાય છે ને તેને લીધે પૂર્વજન્મ તથા વર્તમાન જન્મનાં રહસ્યોનું જ્ઞાન થઈ જાય છે. પૂર્વજન્મમાં પોતે ક્યાં હતો, શું કરતો હતો, કેટલો ને કેવો વિકાસ કરેલો, આ જન્મમાં પોતે શા માટે જન્મ્યો છે કે જીવન દ્વારા શો વિશેષ હેતુ સિદ્ધ કરવાનો છે, તે બધું તેને જણાઈ જાય છે. એવા જ્ઞાનથી એનો ઉત્સાહ ને એનું આત્મબળ વધે છે, તેમજ સાધનાના મંગલમય માર્ગમાં આગળ વધવાની તેને પ્રેરણા મળે છે.

પતંજલિના આ સૂત્ર પરથી સમજી શકાય છે કે પૂર્વજન્મના સિદ્ધાંતને તે માને છે. આગળ પર સમાધિપાદમાં વિદેહ અથવા પ્રકૃતિલય યોગીની વાત આવે છે ત્યાં પણ એ વાત સાફ થઈ છે. યોગદર્શનના કહેવા પ્રમાણે પ્રકૃતિભોગ ને મોક્ષના બે પ્રદાન હેતુ સિદ્ધ ના થાય ત્યાં સુધી તેને તેની લીલાભૂમિ જેવું જીવન રહે જ. પુનર્જન્મની વિચારસરણી એ રીતે સહેજે સમજી શકાય તેવી છે. પતંજલિ અહીં એના જ અનુસંધાનમાં કહી રહ્યા છે કે વીતી ગયેલા જન્મનું જ્ઞાન પણ હોઈ શકે છે ને તે સાચું છે.

એ પરથી એમ નથી સમજવાનું કે અપરિગ્રહનું પાલન કરનારા સૌ કોઈને તેમના પૂર્વજન્મનું જ્ઞાન થતું હોય છે અથવા તો થવું જ જોઈએ ને ના થયું હોય તો એમનો અપરિગ્રહ કાચો છે. જેમને તેવું જ્ઞાન થયું હોય છે તે બધા અપરિગ્રહી જ હોય છે એમ પણ નથી સમજવાનું. માત્ર એટલું જ કે સાધક જો અપરિગ્રહ વ્રતનું પાલન કરતો હોય ને જાણવા માગે તો બીજા કરતાં ઘણી સહેલાઈથી પુનર્જન્મનું જ્ઞાન મેળવી શકે છે.

એ માટે અપરિગ્રહને સારી પેઠે સમજી લેવાની જરૂર છે. અપરિગ્રહ એટલે સંગ્રહનો અભાવ એમ મોટે ભાગે માનવામાં આવે છે, ને તેથી મોટા ભાગના લોકો માને છે કે અપરિગ્રહ કોઈ ત્યાગી કે સંન્યાસીનું લક્ષણ

છે. પરંતુ ખરેખર તેવું નથી. અપરિગ્રહ એટલે સંગ્રહનો અભાવ એટલો જ અર્થ કરીને બેસી નથી રહેવાનું. પણ અપરિગ્રહ એટલે જીવનની જરૂરતોને બને એટલી ઓછી કરવી એવો સર્વમાન્ય અર્થ કરવાનો છે. અર્થ સંન્યાસી ને સંસારી બંનેને એકસરખો ઉપયોગી થઈ પડશે.

અપરિગ્રહના વ્રતનું પાલન બહારની વસ્તુઓને લક્ષમાં લઈને જ નથી કરવાનું, પણ મનની વૃત્તિને ને જીવનની દૃષ્ટિને પણ એથી સુધારવાની છે. એ રીતે એ વ્રત માનવની અંદરનું અથવા માનસિક પણ બની જાય છે ને બનવું જોઈએ. માલિકીપણાની ભાવના, અહંતા, મમતા તથા આસક્તિનો જેણે ત્યાગ કર્યો તે અપરિગ્રહી. ઈશ્વર પર શ્રદ્ધા રાખીને તે જીવતાં શીખ્યો એ અપરિગ્રહી, ને જેણે મનની મલિનતાને દૂર કરી દૈવી સંપત્તિની પ્રાપ્તિ કરી એ પણ અપરિગ્રહી. એવા મહાપુરુષનું મન નિર્મળ બને છે, સ્થિરતા ધારણ કરે છે, ને તેની મદદથી તે ધારે તો પૂર્વજન્મની માહિતી જરૂર મેળવી શકે છે.

**[૪૦] શૌચનો લાભ**

શૌચનો અર્થ શુદ્ધિનો છે. શુદ્ધિ એટલે બહાર ને અંદરની બંને જાતની શુદ્ધિ. બંને જાતની શુદ્ધિ સાધકના જીવનમાં જરૂરી છે. બહારની શુદ્ધિ એટલે શરીર, ઘર અથવા આશ્રમની શુદ્ધિ. અંદરની શુદ્ધિ મુખ્યત્વે મનની છે. દુર્ગુણોને દૂર કરવા ને સદ્‌ગુણોની વૃદ્ધિ કરવી, બૂરા વિચારને બદલે સારા વિચાર વધારવા તથા સદ્‌ભાવનાને કેળવી એ બધી મનની શુદ્ધિ છે. કેટલાક જિજ્ઞાસુ તરફથી પૂછવામાં આવે છે કે ‘એકલી અંદરની અથવા મનની શુદ્ધિથી ના ચાલે ? શાંતિના અનુભવ તથા વિકાસને માટે એટલી શુદ્ધિ પૂરતી છે તો પછી બહારની શુદ્ધિ પર આટલો બધો ભાર શા માટે મૂકો છો ? બહારની શુદ્ધિ ના હોય તો શું ના ચાલે ? એમને આપણે કહીએ છીએ કે શુદ્ધિ બધી બાજુથી જરૂરી છે. પછી તે બહારની હોય કે અંદરની. જેને શુદ્ધિનો રસ ને શુદ્ધિની રુચિ છે તે કાંઈ શુદ્ધિની વચ્ચે ભેદભાવની દીવાલ નહિ ઊભી કરે. બધી જાતની શુદ્ધિને મહત્વની માનીને તે એમને માટે એકસરખો પ્રેમ ને આદર કેળવશે.

મનની શુદ્ધિ મહત્વની છે એ સાચું, પણ શરીરની શુદ્ધિ ને બીજી બહારની શુદ્ધિ પણ ઓછી મહત્વની નથી એ ધ્યાનમાં રાખવાનું છે. કોઈ વિશેષ કારણને લીધે ને અમુક ખાસ સંજોગોમાં કોઈ વાર ને અમુક કામચલાઉ વચગાળાના વખત માટે બહારની શુદ્ધિનું બરાબર ધ્યાન ના રખાય તે સમજી શકાય તેમ છે. પરંતુ તેના તરફ કાયમને માટે દુર્લક્ષ સેવવું કે ઉદાસીન રહેવું બરાબર નથી. એવા દુર્લક્ષ ને એવી ઉદાસીનતાને વખાણવાની ને સદ્‌ગુણમાં ગણવાની વૃત્તિ પણ બરાબર નથી. તેવી પદ્ધતિમાં જરૂરી પરિવર્તન કરવાની જરૂર છે. મોટા ભાગની પ્રજા એવી આધ્યાત્મિકતાને નામે પોતાની વૃત્તિ તથા પદ્ધતિથી પીડાય છે. શાંતિપૂર્વક વિચાર કરો તો સમજાશે કે ભારતની શુદ્ધિની પ્રાચીન દૃષ્ટિ આપણે કહીએ છીએ તેવી જ હતી. પાછળથી તે ભુલાઈ છે ને તેનું સ્વરૂપ બદલાઈ ગયું છે એટલું જ. પ્રાચીન કાળમાં કેટલાંક વર્ણનો વાંચો તો સમજાશે કે ઋષિમુનિના આશ્રમ એકદમ સ્વચ્છ રહેતા. તેમનું બહારનું વાતાવરણ પણ એટલું જ સુંદર હતું. એ ઋષિઓ પરમાત્માને સત્ય, શિવ ને સુંદર માનતા. એટલે એમના આદર્શ આરાધક તરીકે પોતાના જીવન પણ એવાં જ કરવાની કોશિશ કરતા. ભારતીય સંસ્કૃતિ એ રીતે કોઈ પણ પ્રકારની ગંદકીને પોષણ નથી આપતી. તન, મન, વચન ને અંતર તથા બહારના વાતાવરણને બને તેટલું વિશુદ્ધ ને અમૃતમય તથા

અલૌકિક કરવામાં તે પહેલેથી જ માને છે. તેના શૈશવકાળથી જ તેણે તે માટેના મંત્રો વહેતા મૂક્યા છે ને સાધનાના નિયમો બનાવ્યા છે. એટલે એને નામે કોઈ વ્યક્તિ, સમષ્ટિ કે સંપ્રદાય અશુદ્ધિનું પોષણ કે સમર્થન કરશે તો તે આપણે ચાલવા નહિ દઈએ. એનો બનતી બધી જ રીતે ઉત્તર આપીશું ને વિરોધ કરીશું.

કેટલાક માણસો બોલી ઊઠશે કે બહારની શુદ્ધિની વધારે ચીવટ રાખવાથી તો શરીરની ને બહારની મમતા વધી જશે, શરીરનો અહંકાર થશે ને શરીરના આકર્ષણ, લાલન–પાલન ને શરીરની આસક્તિમાં ડૂબી જવાશે. પરંતુ તેવી શંકા રાખવાનું કારણ નથી. તેવો ભય નકામો છે. તેવી શંકા ને ભયની ભાવનાથી પ્રેરાઈને શુદ્ધિના વિચાર તરફ વૈરાગ્ય જગાવવાની જરૂર નથી. શુદ્ધિનું પરિણામ જો ઉપર કહ્યું એવું જ આવતું હોય તો તો શુદ્ધિની વૃત્તિ, વિચારસરણી ને પદ્ધતિમાં કાંઈક દોષ છે કે ભૂલ થાય છે એમ જ સમજવું. શુદ્ધિની ક્રિયા કોઈ જડ ક્રિયા નથી. તે તો એક વિવેકપૂર્વકની સજીવ, વિકાસમાં મદદ કરનારી ક્રિયા છે. તેવી ક્રિયા તરીકે જો તે જળવાઈ રહેશે ને એનો આધારે લેવાશે તો ઉપર કહેલી શંકા ને ભયની વૃત્તિને સ્થાન નહિ રહે. કેમ કે એની અસર જુદી જ થશે.

બહારની સ્વચ્છતાનું જે નિરંતર ધ્યાન રાખે છે તે જાણી લે છે કે શરીર કાંઈ બહારથી દેખાય છે એટલું સાફ ને સુંદર નથી. એની અંદરખાને તો ગંદકી જ ભરી છે. એની રચના એવી છે કે એ ગંદુ જ રહે. એ રીતે શરીરની અપવિત્રતાનું ભાન થવાથી એમાં આસક્તિ નથી થતી ને તેના તરફ વૈરાગ્યબુદ્ધિ અથવા તો ઉપરામતા થાય છે. શરીરનું આકર્ષણ પછી એવા માણસને ચંચળ નથી કરી શકતું, ને શરીરના ઉપભોગથી પણ એ પર થઈ જાય છે. શૌચની સાધના કરનાર સાધક ધીરે ધીરે એ ભૂમિકાએ પહોંચી જાય છે, ને એ ભૂમિકાએ પહોંચે તેમાં તેની શોભા છે. એ ભૂમિકાએ એણે પહોંચવું જ રહ્યું.

**[૪૧] અંદરની શુદ્ધિનો લાભ**

હવે પતંજલિ અંદરની શુદ્ધિ વિશે પોતાના વિચારો રજૂ કરે છે. બે જાતની શુદ્ધિમાં અંદરની શુદ્ધિ ખૂબ જ અગત્યનો ભાગ ભજવે છે. બહારની શુદ્ધિ, એના પૂરેપૂરા પ્રમાણમાં સચવાતી હોય તો પણ, જો અંદરની શુદ્ધિ તરફ ઉદાસીન રહેવાતું હોય તો એથી જોઈએ તેવો ને તેટલો લાભ નથી થતો.

અંદરની શુદ્ધિ બીજું કાંઈ નહિ પણ દુર્ગુણોની નિવૃત્તિ ને સદ્‌ગુણોની વૃદ્ધિ છે. એનો આધાર લેનાર સાધક પોતાની જાતનો ચોકીદાર બને છે ને સફાઈ કરનારો પણ. ચોકીદાર બનીને સતત સાવધાની સાથે તે પોતાની નાનામાં નાની ત્રુટિ, બદી ને પોતાના છેક સાધારણ એવા દુર્ગુણને શોધી કાઢે છે ને તેને સફાઈ કરનાર બનીને સાફ કરે છે. અંદરની શુદ્ધિની એવી વૃત્તિ ને પ્રવૃત્તિ સિવાય સાધક સાચા અર્થમાં સાધક નથી થઈ શકતો, સાધનામાં સફળતાપૂર્વક આગળ પણ નથી વધતો, ને શાંતિ તથા સિદ્ધિનો સ્વામી પણ નથી બનતો. તે જુદી જુદી જાતની સાધના કરે છે, પણ તેમની પોતાની જ અંતરંગ નબળાઈને લીધે એ સાધના કર્યાનો સંતોષ ને આનંદ એને નથી મળતો.

અંદરની શુદ્ધિની સહાયતાથી સાધકનું સ્વરૂપ બદલાઈ જાય છે, ને એ વધારે ઉત્તમ ને અલૌકિક બને છે. એની મદદથી સાધક ક્રમે ક્રમે રાગ, દ્વેષ ને અભિનિવેશ તથા અહંકાર જેવી વિકૃતિથી મુક્તિ મેળવે છે. તેનું મન આખરે એકદમ નિર્મળ બની જાય છે, ચંચળતા મટી જાય છે ને નીરસતા પણ નથી રહેતી. એવા

નિર્મળ થયેલા અથવા થઈ રહેલા મનની અંદર પ્રસન્નતાના ફુવારા ફૂટે છે, શાંતિનો વરસાદ વરસે છે, ને સુખનો અનોખો ને અમર અભિષેક થવા માંડે છે. એવા સાધકનું જીવન પરમ રસમય થઈ જાય છે. એના તન, મન ને અંતરના પ્રત્યેક પરમાણુમાંથી પવિત્રતા ટપકવા માંડે છે. જીવનના સાચા આનંદનો એને અનુભવ મળે છે.

એવા સાધકની સામે મન તથા ઈન્દ્રિયોના સંચયની વાત એક અઘરી સમસ્યા બનીને નથી ઊભી રહેતી. મન તથા ઈન્દ્રિયોનો સંયમ તેને સારું છેક સ્વાભાવિક થઈ જાય છે. નિરોધની દશાના અનુભવ અથવા તો પરમાત્માની પ્રાપ્તિ માટે તેનું મન પછી તૈયાર છે કે યોગ્યતા મેળવે છે. તેવા સાધકને યોગ અથવા તો બીજી કોઈયે જાતની સાધનાના આગળના અંતરંગ વિકાસમાં કોઈ પણ પ્રકારની મુશ્કેલી નથી પડતી. તેનો રસ્તો સરળ ને સીધો થઈ જાય છે.

संतोषाद् अनुत्तमः सुखलाभः ॥४२॥

**[૪૨] સંતોષનો લાભ**

સંતોષના સમ્યક સેવનથી શું થાય છે ? મન શાંત થાય છે, સંકલ્પવિકલ્પ ઓછા થાય છે, તેમજ તૃષ્ણા તથા ભ્રમણાનો પણ અંત આવે છે. વળી પરાવલંબન મટી જાય છે. બીજાના પર આધાર રાખવાની વૃત્તિનો અંત આવે છે. એ સૌને પરિણામે ઉત્તમ પ્રકારના સુખનો સ્વાદ મળે છે.

એ સુખનો સૂર્યોદય પોતાની અંદરથી જ થાય છે. બહારના વિષયો ને પદાર્થો પર એનો આધાર નથી રહેતો, એ એની વિશેષતા છે. જેનામાં અસંતોષ છે એ એવા સર્વોત્તમ સુખથી વંચિત રહે છે. અસંતોષી માણસનું પેટ વિશ્વરૂપ જેવું વિશાળ હોય છે. તેમાં જે પણ નાખવામાં આવે તે સ્વાહા થઈ જાય છે. એકેકથી અનેરી ને ચડિયાતી એવી તૃષ્ણાઓ તેમાં પેદા થયા જ કરે છે, તે તૃષ્ણાનો કદી અંત નથી આવતો. તેમની તૃપ્તિ માટે તેને બીજાની સામે તાકવું પડે છે, લાચારી ભોગવવી પડે છે, ને હવાતિયાં મારવાં પડે છે. જ્યારે પણ જોઈએ ત્યારે તેનું મન દુઃખી જ હોય છે. એવી હોય છે અસંતોષની અસર.

આત્મિક વિકાસની વાટે વળેલા સાધકે તો સંતોષનું સેવન કરવું જ રહ્યું. સંતોષની કેળવણી તેને માટે ઘણી ઉપયોગી થઈ પડશે. એવા સાધકના જીવનની જરૂરતો થોડી હોય ને તેવી થોડી જરૂરતો તેને સહેલાઈથી પ્રાપ્ત થઈ શકતી હોય તેવી પરિસ્થિતિ પેદા કરવાની જરૂર છે. તેવી પરિસ્થિતિ તેને માટે ખૂબ ખૂબ મદદરૂપ થઈ પડશે. સાધક જો સંસારના વિષયો, પદાર્થો, જુદાં જુદાં સુખો ને સંપત્તિનો સંચય કરવાની હરીફાઈ શરૂ કરે, તો તેનું જીવન જટિલ બની જાય, અશાંત થઈ જાય, ને પોતાનો મૂળ માર્ગ ભૂલીને બીજે ક્યાંક અધવચ્ચે જ અટવાઈ જાય. એટલે એવી અંધ હરીફાઈમાં એણે ના પડવું જોઈએ. એનું ધ્યેય તો એક જ હોય-પરમાત્માની પ્રાપ્તિ ને પ્રભુમય જીવન. એ આદર્શ નિરંતર એની સામે હોય ને એ માટે જ એનો પરિશ્રમ હોય. એ માટે અત્યંત આવશ્યક અથવા તો મદદરૂપ હોય એવી સાંસારિક જરૂરતો માટે તે જરૂર મહેનત કરે. બાકી તેમની પાછળ દિવાના બનીને દોડાદોડ ના કરે કે તેમાં ડૂબી પણ ના જાય.

કેટલાક માણસો માને છે તે સંતોષ કોઈ બે હાથ જોડીને બેસી રહેવાની પ્રમાદપૂર્ણ જડ ક્રિયા નથી. સંતોષી થવાનો અર્થ એવો નથી કે પુરુષાર્થ કરવો જ નહિ. માણસે પુરુષાર્થી તો થવું જ જોઈએ, આગળ પણ

વધવું જોઈએ, પરંતુ પુરુષાર્થ કરતાં કરતાં જે પરિસ્થિતિ આવી મળે કે પેદા થાય તેમાં સમાધાન કરતાં ને મનને બને તેટલું સ્થિર ને શાંત રાખતાં શીખવું જોઈએ. સંતોષનું સાચું રહસ્ય એ જ છે.

આજે તો આપણી આજુબાજુ નજર નાખતાં શું દેખાય છે ? અસંતોષનો અગ્નિ ચારેકોર વધી પડ્યો છે. જ્યાં જુઓ ત્યાં લાલસા, વાસના ને તૃષ્ણા. ભૂખ ને ભૂખ. જેની પાસે પાર વિનાનું છે તેને પણ એ જ, ભૂખ, ભૂખ ને ભૂખ. એ ભૂખમાં માનવનું જીવન જટિલ બની ગયું છે, અસ્થિર ને અશાંત થઈ ગયું છે, ને એની સ્વાભાવિક એવી ચમક ખોઈ બેઠું છે.

એવી જ ભૂખ જો આત્મિક વિકાસને માટે લાગી કે જાગી જાય તો જીવન કૃતાર્થ થઈ જાય. તેને શાંત કરવા એ આકાશપાતાળ એક કરે ને વધારે ને વધારે વિકાસ કરે તો તેવી ભૂખ તેને માટે કલ્યાણકારક થઈ પડે. પણ તે બાબતે તો તે સંતોષનો શ્વાસ લઈને બેઠો છે. કરવાનું બધું જ કરી લીધું હોય એમ માનીને તે જડની જેમ ઘોર તમોગુણમાં જીવી રહ્યો છે. કોઈ વાર જાગે ને કાંઈક કરવા લાગે છે તો પણ થોડું ઘણું કામ કરીને, જરીક જેટલું કંઈ મળે છે એટલે એ અધવચ્ચે જ ક્યાંક અટકી જાય છે. એવી છે એની અવસ્થા. એ અવસ્થાનો અંત આણવાની ને એનાથી ઊલટું કરવાની જરૂર છે. આત્મિક માર્ગના વિકાસની ભૂખ બને તેટલી પ્રબળ બનાવવાની જરૂર છે. આત્મિક વિકાસનાં ઉચ્ચોચ્ચ શિખરો સર કરવાની ધગશ જગાવવાની ને તે માટે મહેનત કરવાની જરૂર છે. મહેનત સફળ ના થાય ત્યાં સુધી સંતોષનો શ્વાસ નથી લેવાનો ને નિરાંતે બેસવાનું પણ નથી. એટલું યાદ રાખવાની જરૂર છે.

**[૪૩] તપનો લાભ**

પતંજલિ હવે તપથી મળતા વિશેષ લાભનો ઉલ્લેખ કરી રહ્યા છે. તેનો વિચાર કરવાની સાથે સાથે તપનો વિચાર પણ કરી લઈએ. કેટલાક લોકો તપ એટલે કષ્ટ સહન કરવું એમ સમજે છે. શિયાળાની ઋતુમાં રાતે ગંગા જેવી ઠંડી નદીના પાણીમાં ઊભા રહેવું, ઉનાળામાં તીખા તાપમાં તપવું, બાવળના કાંટા પર અથવા તો ખીલાની પથારી પર પડ્યા રહેવું, હાથ ઊંચો કરીને વરસો સુધી ફર્યા કરવું, મકાનનો આશ્રય લીધા વિના ઝાડની નીચે રહેવું, કરપાત્રી થઈને જ ખાવું ને એવી બીજી ક્રિયાપ્રક્રિયાને તપ કહે છે. તે તપ હોઈ પણ શકે ને ના પણ હોઈ શકે. તપની મુખ્ય કસોટી તેને નામે ચાલનારી કોઈ ક્રિયાને જોઈને, તે ક્રિયાના બહારના સ્વરૂપ પરથી જ નથી કરાતી. તેની પાછળની ભાવના કે સમજણનો વિચાર કરવો પડે છે ને તે માનવના સ્વભાવ તથા જીવન પર કેવી સારી-નરસી છાપ પાડે છે, તેને ધ્યાનમાં લેવું પડે છે. તપ બહારથી એનો આધાર લેનારની રુચિ, પ્રકૃતિ કે પસંદગી પ્રમાણે ગમે તે પ્રકારનું હોય તે જુદી વાત છે. કોઈક વાર તે વ્રત અથવા ઉપવાસ ને અનુષ્ઠાનને નામે પણ ચાલે છે. પરંતુ યાદ રાખવાની ને જોવાની વાત તો એ છે કે મનની ઉત્તરોત્તર શુદ્ધિ થાય છે ખરી ? મન સાત્વિક થાય છે ખરું ? દુન્યવી લાલસાઓથી મુક્તિ મેળવીને પરમાત્માનો પરિચય કરીને શાંતિ ને મુક્તિ મેળવી લે છે ખરું ? તે મેળવવા તૈયાર પણ થાય છે ? એ પ્રશ્નોના ઉત્તર જો 'હા'માં મળતા હોય તો તપ બરાબર છે એમ સમજી લેવું ને 'ના'માં મળતાં હોય તો તપમાં ક્યાંય ત્રુટિ છે એમ માનીને જરૂર સુધારણા કરવા તૈયાર થવું.

તપ કોઈ આંખ મીંચીને કરાતી બળજબરી કે જડ ક્રિયા નથી, પણ વિકાસમાં મદદરૂપ થનારી સમજપૂર્વકની સાધના છે એ યાદ રાખવાનું છે ને એ રીતે જ એનો આધાર લેવાનો છે. તો જ તે ઉપયોગી થઈ શકશે. યોગની સઘળી સાધના ને બીજી બધી જ નાનીમોટી સાધના એક ઊંડા વિચારપૂર્વકની સાધના છે એ વાત ભૂલેચૂકે પણ નથી ભૂલવાની.

સમજપૂર્વકની તથા પોતાના વિકાસને માટે કરાતા તપથી તન ને મન બંનેને મદદ મળે છે. તન નિર્મળ કે નીરોગી બને છે ને મન પણ પોતાની મલીનતા અથવા આસુરી સંપત્તિનો ત્યાગ કરીને સ્થિરતા ધારણ કરે છે. તેવા મનને વશ થતાં પછી વાર નથી લાગતી. પછી તો તપને લીધે યોગીને તન ને મનની કેટલીક વિશેષ શક્તિની પ્રાપ્તિ પણ થાય છે. તેને સિદ્ધિ કહે છે. મોટા કે નાના બનવું, અદ્દશ્ય થવું તથા દૂરદર્શન ને દૂર શ્રવણ જેવી સિદ્ધિ, પછી વિકાસના નિયમરૂપે આપોઆપ જ આવી મળે છે. તપને લીધે જે તન ને મનની શુદ્ધિ થાય છે તે પણ એક મોટી સિદ્ધિ જ છે.

**[૪૪] સ્વાધ્યાયથી ઈષ્ટનો સાક્ષાત્કાર**

સ્વાધ્યાય જુદી જુદી જાતનો હોઈ શકે છે. પ્રકૃતિ, રુચિ ને પસંદગી પ્રમાણે સ્વાધ્યાયના પ્રકાર પણ જુદા જુદા હોઈ શકે છે. જ્ઞાનની પ્રાપ્તિ માટે પુસ્તકોનો અભ્યાસ, જપ, ધ્યાન, પ્રાર્થના તથા સાધનાની જુદી જુદી ક્રિયાઓને સ્વાધ્યાય કહે છે.

સ્વાધ્યાયમાં ઘણી ઘણી શક્તિ છે. તે જીવનને વધારે ને વધારે સુંદર, સર્વોત્તમ બનાવવા માટે છે, ને એ હેતુથી પ્રેરાઈને જ એનો આધાર લેવો જોઈએ. એ હેતુ જો ભુલાઈ જાય તો સ્વાધ્યાય એક રૂઢિ બની જાય, યંત્રવત્ થઈ જાય. કેટલીક વાર તે અહંકારને પોષવાનું સાધન થાય, ને ચર્ચા કે વિતંડાવાદનો અખાડો પણ બની જાય. તે ઉપરાંત સ્વાધ્યાય હંમેશા સમજીને કરવાનો આગ્રહ રાખવો જોઈએ. જે બોલીએ, વાંચીએ કે કરીએ તે સારી પેઠે સમજાઈ જાય ને તેના જરૂરી સાર ભાગને જીવનમાં ઊતારવાનો બનતો પ્રયાસ થાય તેનું ધ્યાન રાખવાનું છે.

સ્વાધ્યાયથી મુખ્યત્વે શું થાય ? મનની શુદ્ધિ. એટલે એનો આધાર લેનારે મનની શુદ્ધિ માટે ખાસ પ્રયાસ કરવાનો ને આગ્રહ રાખવાનો છે. સ્વાધ્યાયથી જીવનનું રૂપ બદલાતું જાય તેનું ધ્યાન રાખવાનું છે. તે માટે વિવેક કે સદ્‌બુદ્ધિ જોઈએ. નહિ તો પછી સાધકની દશા અખાએ પેલા પ્રખ્યાત પદમાં કહ્યું છે તેવી થાય છે :

તિલક કરતાં ત્રેપન વહ્યાં ને જપમાળાનાં નાકાં ગયાં,
તીરથ ફરી ફરી થાક્યાં ચરણ, તોય ન પહોંચ્યા હરિને શરણ.'

સ્વાધ્યાયનું બીજું મહત્વનું કામ માણસને હરિને ચરણે કે શરણે લઈ જવાનું છે. એનો આધાર લેનારના જીવનમાં એવી અવસ્થા આવી પહોંચશે કે જ્યારે તે હરિનો થશે, તેનું જીવન હરિમય બનશે, ને હરિને માટે જ તે જીવતો હશે. તેના ઉરમાં પરમાત્માનો પ્રેમ સદા ઉછાળા મારશે, ને પરમાત્માનો પરિચય કરવા તે તલપાપડ થશે. એવું હશે તેનું જીવન. તેનો શ્વાસોચ્છ્‌વાસ ને તેની ગતિવિધિ પરમાત્માને માટે જ ચાલ્યા કરશે.

એવા સાધકને પોતાના ઈષ્ટ દેવતાનો સાક્ષાત્કાર અથવા પરમાત્માનું દર્શન સહેજે થઈ જાય છે, ને એવા દર્શન કે સાક્ષાત્કારમાં જ સ્વાધ્યાયની સફળતા છે. પતંજલિ એ જ વાતનો અહીં ઉલ્લેખ કરી રહ્યા છે. તે કહેવા માગે છે કે બધી જાતના સ્વાધ્યાય છેવટે તો ઈષ્ટ દેવતા કે ઈશ્વરનો મેળાપ કરાવી દેનારા હોવા જોઈએ. તેવા મેળાપમાં જ તેમની સફળતા છે ને હોવી જોઈએ. સ્વાધ્યાયના રસિયા સાધકો આ વાત ના ભૂલે તે જરૂરી છે.

પતંજલિ ઈષ્ટ દેવતા કે પરમાત્માના સાક્ષાત્કારમાં માને છે ને કોઈ જડ નિરીશ્વરવાદી યોગી નથી એ વાતના સમર્થન માટે આથી વધારે સુંદર ને સચોટ બીજું કયું સૂત્ર હોઈ શકે ? આ તો મહાન દસ્તાવેજી પુરાવો છે, ને તેમણે આ સંબંધી આજ સુધી પ્રકટ કરેલા વિચારોમાં મહત્વનો ને મહામૂલ્યવાન ઉમેરો કરે છે. વિદ્વાનો એ વાતને સારી રીતે સમજી શકશે. આ રહ્યા એ મહત્વના સૂત્ર :

**स्वाध्यायाद् इष्टदेवतासंप्रयोगः ॥४४॥ समाधिसिद्धिरीश्वरप्रणिधानात् ॥४५॥**

### [૪૫] ઈશ્વરપ્રણિધાનનો લાભ

ઈશ્વરપ્રણિધાન અથવા ઈશ્વરની ભક્તિ આત્મોન્નતિના મંગલ માર્ગમાં કેટલી બધી ઉપયોગી છે એ વાત આ પહેલાં પણ કહેવાઈ ગઈ છે. તે વખતે, તેની મદદથી પણ મનનો નિરોધ થઈ શકે છે એ વાતનું સ્પષ્ટીકરણ સારી પેઠે થઈ ગયું છે. એ જ વાતને જરા જુદી રીતે પરંતુ અહીં ફરી કહેવામાં આવે છે. સૂત્રનો અર્થ એવો છે કે ઈશ્વરપ્રણિધાન અથવા તો ભક્તિની મદદથી સમાધિની સિદ્ધિ થઈ જાય છે.

નિરોધ કહો કે સમાધિ, બધું એક જ છે ને ભક્તિથી એનો અનુભવે સહેજે થઈ શકે છે. ભક્તિને લીધે મન ધીમે ધીમે નિર્મળ થાય છે, સાત્વિક બને છે, ને ઈશ્વરના પવિત્ર પ્રેમથી પાવન થાય છે. એવા મનને પછી સ્થિર, એકાગ્ર ને શાંત થતાં વાર નથી લાગતી. ભક્તને જો ધ્યાનમાં રસ હોય તો ધ્યાનની સાધનામાં એટલા જ માટે એ બહુ જ જલદી આગળ વધી શકે છે ને સમાધિનો આનંદ મેળવી પોતાના ધ્યેયને સહેલાઈથી પ્રાપ્ત કરી લે છે. ઈશ્વર તેની નાનીમોટી બધી જ ઈચ્છા વધારે ભાગે પૂરી કરે છે, જેમ મા બાળકનું બધું ધ્યાનમાં રાખે ને તેના બધા લાડકોડ પૂરા કરે છે, ને તેના જીવનવિકાસમાં બધી રીતે મદદરૂપ બને છે. તે વાતમાં શંકા કરવાનું કારણ નથી.

જે ઈશ્વર પોતાના પ્રેમી પર પ્રસન્ન થઈને તેને પોતાનું દર્શન આપી શકે છે ને સિદ્ધિ તથા મુક્તિ આપે છે તે બીજું શું ન આપી શકે ? સમાધિ જેવી સાધારણ વસ્તુને આપવાનું કામ તેને માટે લેશ પણ મુશ્કેલ નથી. તે તો સર્વસમર્થ છે ને ધારે તે બધું જ કરી શકે છે. ભક્ત, જો તે ઈશ્વરને, સમાધિના અંતરંગ અનુભવ માટે પ્રાર્થના કરે તો તે પણ જરૂર સફળ થશે એ નક્કી છે. આટલી વાત પરથી કોઈએ એમ નથી સમજવાનું કે જે ભક્ત હોય તેને સમાધિનો અનુભવ થાય જ ને થવો જોઈએ. ભક્ત જ્યારે ભક્તિભાવે ડૂબી જાય છે ત્યારે પોતાના શરીરનું ને આજુબાજુના વાતાવરણનું ભાન ભુલી જાય છે. તેને થતી એવી સમાધિને ભાવ-સમાધિ કહે છે. યોગદર્શનની સમાધિ એથી જરાક જુદી છે. પણ ભક્તની ઈચ્છા હોય તો ઈશ્વરની કૃપાથી તેને તે પણ મળી શકે છે. ભક્તનું ધ્યાન મોટે ભાગે સમાધિને મેળવવા પર નહિ પણ ઈશ્વરના દર્શન પર લાગેલું હોય છે. તેની ભક્તિ સમાધિ જેવી કોઈ વિશેષ અવસ્થાની પ્રાપ્તિ માટે નહિ પણ ઈશ્વરના દર્શન માટે હોય

છે. ઈશ્વરનું દર્શન તેને મન સૌથી વધારે મૂલ્યવાન હોય છે ને ગમે તેવી સમાધિ કે સિદ્ધિને નામે પણ તેને તે ગૌણ નથી ગણતો.

ભક્તિની મદદથી સમાધિ, સિદ્ધિ, ઈશ્વરદર્શન કે બીજું જે કાંઈ મેળવવું હોય તે મળી શકે છે. પણ તે માટે અખંડ ને અનંત ઉત્સાહ, અડગ ધીરજ, હિંમત, શ્રદ્ધા ને પ્રબળ તથા સતત પુરુષાર્થ તેમજ મજબૂત ઈચ્છાશક્તિ જોઈએ છે. તેને મનોબળ પણ કહી શકાય. સંસારમાં જુદી જુદી સિદ્ધિના જે જુદા જુદા ઈતિહાસો છે તે ટૂંકમાં કહીએ તો મજબૂત મનોબળવાળા માણસોના જ ઈતિહાસો છે. માનવની લોખંડી ઈચ્છાશક્તિનું જયગાન ગાતા તે આજે પણ પ્રેરણા આપે છે. પ્રેરણાની અંદર રહેલા વિકાસના વેગને ઉત્કટ વેગનું નામ પણ આપી શકાય. આત્મિક સાધનામાં પણ એવું મનોબળ ને એવા વેગ હોય છે ને તેનું વર્ણન આગળ પર સમાધિપાદમાં આવી ગયું છે. માનજાતિના આધ્યાત્મિક ઈતિહાસમાં એવા વેગનું દર્શન કોઈ વાર કોઈ ધન્ય ઘડીએ થયું છે પણ ખરું. પાંચ વરસનો નાનો બાળક ધ્રુવ નગર મૂકીને મધુવનની વાટે વિદાય થયો ને તપ કરવા લાગ્યો ત્યારે તે દર્શન થયું હતું. વળી જ્યારે પેલો લૂંટફાટ કરનાર રત્નાકર 'મરા મરા' કરતાં પાવન થવાને પ્રભુદર્શન કરવા પલાંઠી વાળીને બેઠો ત્યારે પણ તે દર્શન થયેલું. ભગવાન બુદ્ધના ગૃહત્યાગ વખતે, પ્રહ્લાદના જીવનમાં, ને યુવાન મીરાંએ જ્યારે મહેલ મૂકીને કૃષ્ણપ્રેમે રંગાઈને વૃંદાવનમાં ઈશ્વરને માટે પલાંઠી વાળી ત્યારે તે વેગનું દર્શન થયેલું ને તે તેથી ધન્ય થયેલી. બીજા પણ એવા અનેક ઉદાહરણ આપી શકાય. એવા પૂર્ણતમ કે પરમાત્માને પામીને જ સંતુષ્ટ થનારા પ્રબળ વેગની જરૂર છે. તો જ જીવન સફળ ને ધન્ય બની શકે ને ઈચ્છા પ્રમાણે આકાર લઈ શકે.

માણસોમાં એવો વેગ હોય છે ખરો પણ મોટે ભાગે સાંસારિક વિષયોને માટે. દુન્યવી લાલસા કે ઈચ્છાઓની પૂર્તિ કે તૃપ્તિ માટે જ તે વધારે ભાગે વપરાતો હોય છે. એનો અધિષ્ઠાતા દેખાતો નથી હોતો. ઈશ્વરની જગ્યાએ એના આદર્શ તરીકે કોઈ બીજી જ વસ્તુ બેઠી હોય છે. એ પરિસ્થિતિને પલટાવવામાં આવે કે એમાં થોડોક જરૂરી સુધારો થાય તો જીવન જોમવંતુ બને ને મંગલ થાય. એ વેગને બીજી બધી વસ્તુમાંથી પાછો વાળી, એકત્ર કરીને, સાધનાના સુંદર ક્ષેત્રમાં વહેતો કરવાની જરૂર છે. એને એની પૂરેપૂરી ગતિથી પરમાત્મા પ્રત્યે વહેતો કરવાની જરૂર છે. તો આત્મોન્નતિના એકેકથી ચડિયાતા મહાન ચમત્કારો થઈ શકે એમાં કોઈ પણ પ્રકારનો સંદેહ નથી. જીવન એથી ઉજ્જવળ ને ધન્ય બની શકે.

**[૪૬] આસન વિશે**

યમ ને નિયમ એટલે શું તે વિશે બને તેટલી સારી રીતે તથા સમજપૂર્વકના તેના પાલનથી જે મોટો અથવા મહામૂલ્યવાન લાભ થાય છે તેનો વિચાર પણ આપણે કરી લીધો. હવે આગળ વધીએ ને આસન વિશે વિચાર કરી લઈએ.

યોગના સાધક, રસિક, અભ્યાસી આસનના નામથી ભાગ્યે જ અજાણ હશે. યોગની સાધનામાં જ આસન વખણાય છે. તેમાં વળી અમુક થોડાંક આસન વધારે ઉપયોગી કે કામનાં છે. શીર્ષાસન, પદ્માસન, પશ્ચિમોત્તાનાસ, એ બધાં આસન શરીરને સુધારવામાં ને આરોગ્ય જાળવવામાં મદદરૂપ થાય છે, એ સાચું છે. પરંતુ તેમનું કાર્યક્ષેત્ર એથી પણ ઘણું વિશાળ છે ને એટલામાં જ પૂરું નથી થતું એ યાદ રાખવાનું છે. એમની

અસર એકલા શરીર પર નહિ પણ મન પર પડે છે. શરીર ને મનને છેક નજીકનો સંબંધ હોવાથી તે બંનેને એકમેકની અસર પહોંચે છે. કોઈ કારણથી ધારો કે એ અસર બરાબર પહોંચતી ના દેખાતી હોય તો પણ એવી અસર પહોંચાડવાનો ઉદ્દેશ તો હોવો જોઈએ. આસનના અભ્યાસી આટલી વાત યાદ રાખે ને તનની પેઠે મનને પણ સુંદર ને સ્વસ્થ તથા સાત્વિક કરવાની કોશિશ કરે. આસનની સાધના કેવળ શરીરની સુધારણાની કોઈ સૂકી વ્યાયામશાળા નથી. શરીરનો સુધાર કરી, મનને પણ મંગલ બનાવી, તે દ્વારા પરમાત્માનો પરિચય કરીને જીવનને પૂર્ણ, મુક્ત ને કૃતાર્થ કરનારી એક વિશાળ સાધનાનો એ તો આરંભનો એક નાનો સરખો અંક છે.

જપ ને ધ્યાનની એક ઠેકાણે બેસીને કરાતી સાધના માટે મહ્ત્વના ત્રણ આસન માનવામાં આવે છે. પદ્માસનનો પ્રચાર વધારે દેખાય છે. જેને એ આસન ના ફાવે તે સ્વસ્તિકાસન કે સિદ્ધાસનમાં બેસી શકે. આરંભમાં અર્ધો કલાક, પછી કલાક, પછી દોઢ કલાક ને એમ ક્રમે ક્રમે બેથી અઢી કલાક લગી એક આસન પર એકધારું બેસી શકાય તે માટે કોશિશ કરવી જોઈએ.

પતંજલિ આસનની વ્યાખ્યા બહુ ટૂંકમાં જ આપી દે છે. તે કહે છે કે સ્થિરતાપૂર્વક ને વિશેષ હલનચલન વિના, સુખપૂર્વક બેસવું એ આસન છે. સાધક પોતાની પસંદગી પ્રમાણે બેસવા માટે કોઈપણ પ્રકારની પદ્ધતિનો આધાર લઈ શકે છે. પતંજલિ એ માટે કોઈ ખાસ આસનનું નામ નથી આપતા, ને એ જ આસન કરવું જોઈએ એવો કોઈ દુરાગ્રહ પણ નથી રાખતા. તેમના હૃદયની વિશાળતાનું ને એમની સ્વતંત્ર વિચારધારાનું એમાં દર્શન થાય છે. એટલે તમારી ઈચ્છા, રુચિ કે અનુકૂળતા પ્રમાણે તમે ગમે તે આસનમાં બેસી શકો છો. ઉપર કહેલા ત્રણ આસન પણ ના ફાવે તો સુખાસનમાં પણ બેસી શકો છો. ફક્ત તે દરમ્યાન તમારે શાંતિપૂર્વક બેસતાં શીખવું જોઈએ. એવી રીતે બેસીને પ્રાણાયામ, ધ્યાન કે જપ જેવી આગળની સાધના કરવી જોઈએ. આસનનો રસ એ માટે જ જગાવવાનો ને વધારવાનો છે.

### [૪૭] પ્રયત્નની શિથિલતા

આસનમાં મોટે ભાગે શરીરને સ્થિર રાખીને સુખપૂર્વક બેસવાનું હોય છે. એ વાતનો ઉલ્લેખ આપણે આગળ પર કરી લીધો. પરંતુ તેવી રીતે લાંબા વખત લગી બેસી શકાય તે માટે શરીર સાથે સંબંધ ધરાવતી કેટલીક ક્રિયાઓનો તેટલા વખત પૂરતો ત્યાગ કરી દેવો જોઈએ. ખાવાની, પીવાની, સૂવાની ને મળમૂત્રનો ત્યાગ કરવા જેવી ક્રિયાઓ કાં તો આસનમાંથી ઊઠ્યા પછી કે પહેલાં જ પતાવવી જોઈએ. એવી ક્રિયાઓને માટે આસન પરથી અવારનવાર ઊઠવાનું થયા કરે તો આસન સ્થિર ના થઈ શકે ને તેમાં વિક્ષેપ પડે. વહેલી સવારે ને સાંજે આસનનો અભ્યાસ કરવાનું એટલા માટે પણ અનુકૂળ થઈ પડે છે. તે વખતે મન શાંત, સ્ફૂર્તિવાળું ને પ્રસન્ન હોય છે. શરીર સાથે સંબંધ ધરાવતી બીજી ક્રિયાઓ તરફ તે વખતે મન મોટે ભાગે નથી જતું એટલે ખૂબ ખૂબ પ્રસન્નતા ને સુખપૂર્વક આસન પર બેસી શકાય છે.

લાંબા વખત લગી સ્થિરતા ને સુખપૂર્વક એક આસને બેસવાનું કામ ધાર્યા જેટલું સહેલું નથી. અમુક વખત પછી પગ દુઃખવા માંડે છે, કમર દુઃખે છે, ને કંટાળો પણ આવે છે. એટલે સુખપૂર્વક આસન પર બેસવાનો વખત પોતાની શક્તિ પ્રમાણે ધીરે ધીરે વધારવો તે જ બરાબર છે. આસનની સિદ્ધિ કાંઈ ઉતાવળ

કરવાથી એક-બે દિવસમાં નથી થતી. તે માટે તો દિવસોની એકધારી સતત મહેનત જોઈએ. આસનને સિદ્ધ કરવાની કે લાંબા વખત લગી એક આસન પર બેસવાની જેને ઈચ્છા હોય તેણે શરીરને સ્વસ્થ ને નીરોગી કરવા તરફ ખાસ ધ્યાન આપવું જોઈએ. પેટ પણ હલકું ને સાફ રાખવું જોઈએ. પેટ જો ભારે હશે ને શરીર રોગી તથા અસ્વસ્થ રહ્યા કરતું હશે, તો આસન સહેલાઈથી નહિ થાય ને લાંબા વખત લગી બેસવામાં પણ મુશ્કેલી પડશે.

કેટલાક સાધકો આસન પર લાંબા વખત લગી બેસી રહેવાને માટે બળજબરી પ્રયાસ કરે છે. એવો પ્રયાસ પણ બહુ મદદરૂપ નહિ થઈ શકે. જે કાંઈ કરવાનું છે તે ઉતાવળથી કે બળજબરીથી નહિ પણ ધીરે ધીરે, ક્રમે ક્રમે, પ્રસન્નતાપૂર્વક ને શાંતિથી કરવાનું છે. એટલે આસનની સિદ્ધિ માટે પણ બળજબરી કરવાની જરૂર નથી. પગ દુઃખે ત્યારે પગને થોડી વાર લાંબો કરવો ને પદ્માસન જેવું આસન ચાલુ હોય તો તેને ખોલી નાખવું. દુઃખાવો કે થાક દૂર થાય એટલે આસન પાછું ચાલુ કરવું. એ રીતે કરવાથી થોડીક રાહત મળશે ને શરીર ધીરે ધીરે કેળવાતું જશે. આસન કરતી વખતે એક બીજી વાત પણ યાદ રાખવાની છે. જમીન પર ગાદી કે કોઈ સ્વચ્છ જાડું કપડું રાખીને તેના પર બેસવાથી પગ જલદી નહિ દુઃખે ને લાંબા વખત લગી સુખપૂર્વક બેસી શકાશે. આ સૂચના ખાસ કરીને શરૂઆતના સાધકોને માટે જ છે. આગળ વધેલા અભ્યાસી સાધકો તો નીચે કાંઈ પણ પાથર્યા વિના ખુલ્લી જમીન પર બેસીને પણ આગળ વધી શકશે.

એટલે, આસનની સિદ્ધિ સહજ રીતે જ થવા દેવી ને તે માટે પોતાની જાત સાથે કોઈ જાતની બળજબરી ના કરવી. તેને પ્રયત્નની શિથિલતા કહે છે. આસનની સાધના દરમ્યાન શરીર સાથે સંબંધ ધરાવતી બહારની બીજી ક્રિયાઓનો ત્યાગ કરવો. તે પણ પ્રયત્નની શિથિલતા છે. એથી આખરે આસનની સિદ્ધિ થઈ જાય છે.

આસનની સિદ્ધિમાં એક બીજી વસ્તુ પણ મહત્વનો ભાગ ભજવે છે. પરમાત્માની પ્રીતિ થઈ જાય ને મનને પરમાત્મામાં જોડી દેવાનો કે સ્થિર કરવાનો પ્રયાસ થાય તો પણ આસનની સિદ્ધિ સહજ બને છે. પરમાત્માનું પ્રેમપૂર્વક સ્મરણ ને મનન કરતાં તથા ધ્યાન ધરતાં જે સાધના શરૂ કરે છે તેનું મન કેટલીક વાર આપોઆપ એકાગ્ર થઈ જાય છે. કોઈ વાર તો તે શરીરનું ભાન ભૂલી જાય છે. એક આસને કેટલા વખત લગી બેસાયું તેનો ખ્યાલ પણ તેને નથી રહેતો. દેહના દુઃખાવા ને દર્દથી પણ તે પર થઈ જાય છે. એ રીતે પરમાત્માનો પ્રેમ અથવા તો પોતે પસંદ કરેલી ધ્યાન જેવી સાધનાનો પ્રેમ આસનાસિદ્ધિને સ્વાભાવિક તથા સરળ બનાવી દે છે. સાધકે એટલા માટે પણ, સાધનાનો પ્રેમ પ્રકટાવવાની ને વધારવાની જરૂર છે.

**[૪૮] આસનસિદ્ધિનો લાભ**

ધ્યાન જેવી સાધનામાં રસ લાગવાથી અથવા તો પરમાત્માનો પ્રેમ વધારે ને વધારે પ્રમાણમાં પેદા થવાથી લાંબા વખત લગી એક આસન પર બેસવાનું સહજ થઈ પડે છે, એ વાતનો ઉલ્લેખ આપણે ગયા પ્રકરણમાં કરી લીધો. તેની સાથે એક બીજી વાતને પણ યાદ રાખવાની છે. તે એક આસન પર કોઈ પણ પ્રકારના વિશેષ પરિશ્રમ વિના, લાંબા વખત લગી ધ્યાન ને જપ જેવી સાધના કરી શકાય છે. એવી એક ધારી સાધના જો રસપૂર્વક ને એકાગ્રતાપૂર્વક થાય તો ઘણો લાભ થાય ને આનંદ મળે. એક આસન પર જે

વધારે વખત સુધી બેસી શકે છે, તેને પોતાની રુચિ તથા પસંદગીની સાધના કરવાનો વખત પણ વધારે મળે છે.

આસનો અનેક છે. એમાંના થોડાંક જો નિયમિત કરવામાં આવે તો આરોગ્યની દ્રષ્ટિએ મોટા લાભ થાય છે. શરીર સુંદર ને સ્વસ્થ બને છે. દુર્બળતા દૂર થઈને નવી શક્તિ પેદા થાય છે. તેને લીધે ટાઢ ને તાપ જેવા દ્વંદ્વોને સહન કરવામાં મુશ્કેલી નથી પડતી. સાધકનું શરીર એવું કેળવાઈ જાય છે કે વધારે પડતા ઠંડા ને ગરમ પ્રદેશમાં કોઈ વાર રહેવું પડે તો પણ, ઠંડી ને ગરમીની અસરથી સાધના અટકી પડતી નથી. વાતાવરણની અસરથી ચિત્તમાં ચંચળતા નથી થતી.

અહીં આપણે દ્વંદ્વોનો અર્થ ટાઢ તાપ જેવા બહારના દ્વંદ્વો જ કરવાનો છે; માન ને અપમાન, સ્તુતિ ને નિંદા જેવા દ્વંદ્વો નહિ. કેમ કે માન ને અપમાન તથા હર્ષ ને શોક અથવા સુખ ને દુઃખ જેવા બીજા દ્વંદ્વોમાં સ્થિર ને શાંત રહી શકાય તથા તેમને સહન કરી શકાય તે માટે તો મનની કેળવણી જોઈશે. એકલી શરીરની તાલીમ, શરીરની સ્વચ્છતા તેમજ સુદૃઢતા તેમાં નહિ ચાલે, મનને પણ સાથે વશ કરવું, જીતવું કે સુધારવું પડશે. એટલે જ આપણે મનની તાલીમ પર પહેલેથી જ ભાર મૂકીએ છીએ, ને સાધક શરીરની શક્તિ મેળવીને બેસી ના રહે પણ મન પર કાબૂ કરવાનો પ્રયાસ પણ કર્યા કરે એવું વારંવાર સૂચવીએ છીએ. એવો કાબૂ કરનાર જ પોતાના જીવનને અલિપ્ત, આનંદમય ને અનેરૂં બનાવી શકે.

પતંજલિ ના આ સૂત્રનો અર્થ એવો નથી કરવાનો કે આસનની સિદ્ધિવાળા સાધકને ઠંડી કે ગરમીની અસર જ નથી થતી. યોગની બીજી કેટલીક ક્રિયાની મદદથી શરીરની શક્તિ એટલી ખીલવી શકાય છે ખરી. બાકી એકલા આસન સુધી પહોંચેલા સાધકને તો ઠંડી-ગરમીની અસર થાય પણ ખરી. ઘણી ઠંડી ને ગરમી સહન કરવી તેને માટે મુશ્કેલ પણ બને. પણ એક વાત સાચી, શંકા વિનાની ને અત્યંત અગત્યની છે કે ઠંડી કે ગરમીની અસર એના પર એટલી બધી નથી થતી કે એથી એ આળસુ થાય ને પોતાની સાધના ચૂકી જાય. ઠંડી ને ગરમી એને એના પુરુષાર્થ ને સાધના માર્ગમાંથી ડગાવી શકતી નથી. એટલું જ સમજવાનું ને યાદ રાખવાનું છે. દ્વંદ્વોનો એટલો કાબૂ પણ કાંઈ ઓછો નથી. મહર્ષિ પતંજલિ કહે છે :

**ततो द्वन्द्वानभिघातः ॥४८॥**

### [૪૯] પ્રાણાયામ વિશે

આસનની સિદ્ધિ પછી પ્રાણાયામની સાધના છેક સહેલી થઈ પડે છે. સ્વરૂપનું દર્શન અથવા પરમાત્માની પ્રાપ્તિ કરવાની ઈચ્છાવાળા દરેકે પ્રાણાયામની સાધના કરવી જ જોઈએ એવો કોઈ નિયમ નથી. પ્રાણાયામ બીજી અનેક રીતે ઉપયોગી છે, પરંતુ એની સાધના સાધકની રુચિ પર અવલંબે છે. કોઈને ના પણ હોય.

પ્રાણાયામથી પ્રાણની શુદ્ધિ થવાની સાથે મનની સ્થિરતામાં પણ મોટી મદદ મળે છે. શરીરને નીરોગી તથા સુદૃઢ કરવામાં તે મોટો ભાગ ભજવે છે. કેટલાક રોગો પણ અમુક પ્રકારના પ્રાણાયામથી દૂર થાય છે. એક ભાઈને વારંવાર શરદી થયા કરતી. તેમને મેં પ્રાણાયામની કેટલીક પ્રારંભિક ક્રિયાઓ કરવાનું કહ્યું. તેને લીધે થોડા જ વખતમાં તેમને શરદી મટી ગઈ. તે રોજ પ્રાણાયામ કરે છે, ને હવે તેમને શરદી

થતી જ નથી. પ્રાણાયામથી શરીરમાં નવી ને ચોકખી હવાનો પ્રવેશ થાય છે, જીવનશક્તિ વધે છે, ને બીજા અનેક લાભ થાય છે.

સામાન્ય રીતે પ્રાણવાયુ શરીરની અંદર જ્યારે પ્રવેશે છે ત્યારે તે 'શ્વાસ' કહેવાય છે, ને જ્યારે તે શરીરમાંથી બહાર નીકળે છે ત્યારે 'પ્રશ્વાસ' કહેવાય છે. શ્વાસ ને પ્રશ્વાસની એટલે કે પ્રાણવાયુને અંદર લઈ જવાની ને બહાર કાઢવાની બંને ક્રિયા જ્યારે બંધ થઈ જાય અથવા તો અટકી જાય ત્યારે તેને પ્રાણાયામ કહેવામાં આવે છે. તે બંને ક્રિયા ચાલુ હોય ત્યારે પણ પ્રાણાયામને નામે જ ઓળખાય છે.

પ્રાણાયામનો અભ્યાસ કરનારે આહાર ને વિહારનું ખાસ ધ્યાન રાખવું પડે છે. શરીર, મન ને ઈંદ્રિયોના સંયમના પ્રેમી થવું પડે છે. પોતાની શક્તિ ખોટે માર્ગે વેડફાઈ ના જાય તે માટે તેણે ખૂબ જ જાગ્રત રહેવું પડે છે. સાદો, સાત્વિક ને જરૂર જેટલો ખોરાક લેવો પડે છે. ખાટા, ખારા ને તીખા પદાર્થો તથા મરીમસાલાનો ત્યાગ કરવો પડે છે. આગળ પર અભ્યાસ વધતાં, દૂધ ને ફળ પર પણ રહેવું પડે છે. જીભના સ્વાદનો સંયમ કરવાની તૈયારી ના હોય તે પ્રાણાયામની અટપટી સાધનામાં ભાગ્યે જ સફળ થઈ શકે.

પ્રાણાયામ ઉછળતા ઉત્સાહવાળા, નીરોગી ને યુવાન માણસોને માટે છે. રોગી ને વૃદ્ધ એનો આધાર લઈને ભાગ્યે જ આગળ વધી શકે. બીજી યાદ રાખવાની વાત એ છે કે પ્રાણાયામ કોઈ અનુભવી માર્ગદર્શકની મદદ વિના ભાગ્યે જ થઈ શકે. આસનની ચિત્રોવાળી ચોપડીમાં જોઈને કેટલાક આસનનો અભ્યાસ કરતા હોય છે. એ રીતે આસનનો થોડો કે વધારે અભ્યાસ કરી શકાય ખરો. પણ પુસ્તક પરથી પ્રાણાયામનો અભ્યાસ કરવામાં મુશ્કેલી પડે છે, ને કોઈ વાર ભૂલ થાય છે ને રોગના ભોગ પણ થવું પડે છે. એટલે કોઈ અનુભવી માણસનું માર્ગદર્શન મેળવવું સારું છે. તેવું માર્ગદર્શન જો ના જ મળે તો શરૂઆતની પ્રાણાયામની ક્રિયાઓ પોતાની મેળે છતાં ખૂબ ખૂબ સંભાળ રાખીને કરવી.

**[૫૦] ત્રણ પ્રકારનો પ્રાણાયામ**

પ્રાણવાયુ શરીરની અંદર જાય છે ને શરીરમાંથી બહાર આવે છે. પ્રાણવાયુની એ ક્રિયા સૌના શરીરમાં સ્વાભાવિક રીતે ચાલ્યા જ કરે છે. પણ એ ક્રિયાનો જ્યારે કાબૂ કરવામાં આવે ને તેનું પાલન ચીવટપૂર્વક ને જાગૃતિ સાથે કરવામાં આવે ત્યારે તે ક્રિયા શાસ્ત્રીય બની જાય છે ને સાધનાનું સ્વરૂપ ધારણ કરે છે.

પ્રાણાયામની એવી શાસ્ત્રીય સાધના મુખ્યત્વે ત્રણ પ્રકારની છે : બાહ્યવૃત્તિ, અભ્યંતર વૃત્તિ તથા સ્તંભવૃત્તિ. તે દેશ, કાળ ને સંખ્યાનું ધ્યાન રાખીને કરી શકાય છે, તથા દીર્ઘ ને સૂક્ષ્મ થઈ શકે છે. એ ત્રણ પ્રકારનાં પ્રાણાયામને પૂરક, રેચક તથા કુંભક કહે છે. તે ત્રણે પ્રકારને ટૂંકમાં સમજી લઈએ.

૧) બાહ્યવૃત્તિ અથવા રેચક : રેચક પ્રાણાયામમાં પ્રાણવાયુને બહાર કાઢીને જેટલા સમય સુધી સુખપૂર્વક રોકી શકાય તેટલા સમય સુધી બહાર રોકી રાખવાનો હોય છે. તે વખતે પ્રાણને ક્યાં રોક્યો, કેટલા વખત સુધી રોક્યો, ને પ્રાણની સહજ ગતિની કેટલી સંખ્યા સુધી રોક્યો, તે જાણી કે સમજી શકાય છે. જેમ જેમ એનો અભ્યાસ વધે તેમ તેમ તે વધારે વખત સુધી કરી શકાય છે, ને છેવટે સૂક્ષ્મ અથવા તો સહજ પણ થઈ શકે છે.

પ્રાણાયામનો વખત ધીરે ધીરે વધારવાનું ધ્યાન રાખવું. તે બાબત કોઈ પણ પ્રકારની ખોટી ઉતાવળ કે બળજબરી ના કરવી. ધીરે ધીરે છતાં ચોક્કસ ને મક્કમ રીતે થતો વિકાસ જ લાભકારક થઈ પડે છે ને લાંબો વખત ટકી શકે છે.

૨) અભ્યંતર વૃત્તિ અથવા પૂરક : પૂરક પ્રાણાયામમાં પ્રાણવાયુને શરીરની અંદર લઈ જઈને બને તેટલા વખત સુધી રોકી રાખવાનો હોય છે, અંદરના પ્રદેશમાં પ્રાણવાયું ક્યાં રોકાય છે, કેટલા વખત લગી રોકાય છે, ને પ્રાણની સહજ ગતિની કેટલી સંખ્યા સુધી રોકાય છે, તે જાણી શકાય છે. જેમ જેમ અભ્યાસ વધતો જાય તેમ તે લાંબા સમય સુધી ટકનારો તથા સહજ બની શકે છે.

૩) સ્તંભવૃત્તિ અથવા કુંભક : હવે પ્રાણાયામના ત્રીજા પ્રકાર વિશે. પ્રાણવાયુને બહાર કાઢવાનો અથવા અંદર લઈ જવાનો પ્રયાસ બંધ કરીને, જે દશામાં ને જ્યાં હોય ત્યાં ને તે જ દશામાં તેની ગતિને રોકી દેવી તેને કુંભક કહે છે. તે વખતે પણ, કેટલા સમય સુધી ને પ્રાણ સ્વાભાવિક ગતિની કેટલી સંખ્યા સુધી રોકાય છે તે જાણી શકાય છે. જેમ જેમ અભ્યાસ વધતો જાય તેમ તેમ તે પણ દીર્ઘ કાળ સુધી ટકનારો ને સહજ બને છે.

પ્રાણાયામ કરતી વખતે મંત્રના જપ કરવાનું વિધાન છે. તેવા જપ પ્રાણાયામને નિયમિત બનાવવામાં ને પ્રાણાયામને નિશ્ચિત સમય પૂરતા મર્યાદિત બનાવવા ખાસ ભાગ ભજવે છે.

પ્રાણાયામના સાધના સારી રીતે થઈ શકે તે માટે નાડીશોધનની ક્રિયા પણ કરવી જોઈએ. શ્વાસને ધીરેથી બને તેટલા વધારે પ્રમાણમાં અંદર લઈને જોરથી બહાર કાઢી નાખવો. અંદર ને બહાર બંને નાકમાં ધમણની જેમ ચલાવવો, ને એક નાકમાંથી ધીરેથી અંદર લઈને બીજા નાકથી જોરથી કાઢી શ્વાસની શુદ્ધિ થાય છે. વહેલી સવારે કે સાંજે ખૂલ્લી હવામાં શાંતિપૂર્વક બેસીને એ ક્રિયા કરવી જોઈએ. એને પરિણામે મન શાંત ને સ્ફૂર્તિવાળું બની જશે, ને નસેનસમાં નવી હવા ને શક્તિ દોડવા માંડશે.

પ્રાણાયામના સાધના શાંતિપૂર્વક બેસીને કરવાની સાધના છે. ઋષિકેશમાં ગંગા કિનારે કેટલાંક એવા પંડિતો ને સાધુ આવે છે જે ગંગાના પાણીમાં ઊભા રહીને ઉતાવળમાં નાક પકડે છે, દોડે છે, ને પ્રાણાયામ પૂરા કરીને પાછા ફરે છે. એ પદ્ધતિ ખરેખર ખોટી છે. તેથી લાભને બદલે નુકસાન જ વધારે થાય છે, એ યાદ રાખવાનું છે.

**[૫૧] ચોથો પ્રાણાયામ**

આગળ કહેલા ત્રણ પ્રકારનાં પ્રાણાયામથી જરાક જુદો એક ચોથો પ્રાણાયામ પણ છે; ને હવે પતંજલિ એનો ઉલ્લેખ કરી રહ્યા છે.

એ પ્રાણાયામ આપોઆપ થાય છે, એટલે કે એમાં બીજા પ્રાણાયામની પેઠે નાક નથી પકડવું પડતું. નાકનો આધાર લીધા વિના જ તે થયા કરે છે. તે ઉપરાંત, તે વખતે દેશ, કાળ ને સંખ્યાનું જ્ઞાન નથી રહેતું. મન એટલું બધું એકાગ્ર ને એકાકાર બની ગયું હોય છે. તેવા પ્રાણાયામમાં પ્રાણની ગતિ સ્વાભાવિક રીતે જ અટકી પડે છે. એ રીતે બીજા પ્રાણાયામ કરતાં એ પ્રાણાયામની અંદર વિશેષતા છે.

બહારના ને અંદરના વિષયોનું ચિંતન ઓછું થાય, મટી જાય, ને મન પ્રભુપરાયણ થાય, તો પ્રાણની ગતિ સહજ રીતે જ અટકી પડે છે એટલે એ પ્રાણાયામ સહજ બને છે. પ્રભુપરાયણતા કે પ્રેમમાં એવી શક્તિ છે. રામાયણમાં એનો ઊડતો ઉલ્લેખ આવી જાય છે. વાનરસેનાના સૈનિકો રાક્ષસો સામે આખો દિવસ લડતાં ને થાકી જતાં પણ સાંજ પડ્યે શ્રી રામની પાસે પહોંચતાં જ તેમનો થાક ઊતરી જતો. રામ તેમની તરફ સ્નેહભરી નજરે જોતાં ત્યાં જ તેમનું બધું દુઃખ દૂર થઈ જતું, ને તેમને નવજીવન મળતું. રામના શ્રીમુખ તરફ તેઓ એકીટશે તલ્લીનતાથી જોયા કરતાં, તે વખતે તેમને ઊંડી શાંતિ મળતી, સ્વર્ગસુખનો સ્વાદ મળતો, ને તેમનું મન બહારના ને અંદરના બીજા પદાર્થોમાંથી પાછું વળીને રામના મુખમાં મળી જતું, તેમનો શ્વાસ પણ એ વખતે અટકી જતો. એ અવસ્થા કેટલીક બધી અનેરી હશે તેની કલ્પના કરી શકાય છે ? પ્રેમને પરિણામે પ્રાપ્ત થનારી એવી અવસ્થાનો અનુભવ તમારામાંથી ઘણાંને થયો હશે. શ્રીકૃષ્ણની પાસે પહોંચનારી ગોપીની અવસ્થા પણ કંઈક અંશે એવી જ થઈ જતી. પ્રેમમાં એવી શક્તિ છે. પરમાત્માનું ચિંતન, મનન ને ધ્યાન કરનાર ભક્તની અવસ્થાનું પણ કંઈક એવું જ સમજવાનું છે. તેને નાક પકડીને પ્રાણાયામ કરવાની જરૂર નથી રહેતી. તેનો પ્રાણાયામ તો સહજ રીતે જ થઈ જાય છે.

એક બીજી વાત પણ યાદ રાખવાની કે જુદા જુદા પ્રાણાયામમાં એક પ્રાણાયામ કરનાર એવો પણ છે જે નાક પકડ્યા વિના જ કરાય છે, એ પ્રાણાયામ કરનાર ભક્ત ના હોય ને યોગી પણ હોઈ શકે, એ પ્રાણાયામના અભ્યાસથી પણ, પ્રાણની ગતિ સૂક્ષ્મ થાય છે ને આખરે એકદમ અટકી જાય છે. એવા પ્રાણાયામમાં ઈષ્ટનું ધ્યાન નથી થતું, પણ કેવળ પ્રાણની શુદ્ધિ ને પ્રાણનાં સંયમની સાધના જ થાય છે.

**ततः क्षीयते प्रकाशावरणम् ॥५२॥**

**[૫૨] પ્રાણાયામનો લાભ**

એ બધા પ્રાણાયામથી શો લાભ થાય છે ? પ્રાણની શુદ્ધિનો લાભ તો થાય છે જ. મનની ચંચળતા પણ મટી જાય છે. સ્થિરતા ને એકાગ્રતા પણ વધે છે. જીવન નવી સ્ફૂર્તિ, નવી તાજગી ને નવા તરવરાટથી ભરાઈ જાય છે એ પણ ખરું. આરોગ્યની પ્રાપ્તિ ને પ્રાપ્ત થયેલા આરોગ્યની જાળવણીનો લાભ પણ સહેજે થઈ જાય છે. પરંતુ એની સાથે સાથે એક બીજો પણ મોટો મહામૂલ્યવાન લાભ થાય છે, ને પતંજલિ હવે એનો ઉલ્લેખ કરી રહ્યા છે. તે કહે છે કે સાધકની અંદર જે અજ્ઞાનનું આવરણ છે તે પ્રાણાયામથી દૂર થાય છે.

એ આવરણને લીધે જ સાધકનું અંતર અશાંત છે. ક્લેશ, દુઃખ ને બંધન પણ એને લીધે જ ઉત્પન્ન થાય છે ને વધે છે. પ્રાણાયામથી અજ્ઞાનનું એ આવરણ પૂરેપૂરું નષ્ટ ના થઈ જાય તો પણ, મોટા પ્રમાણમાં દૂર થઈ જાય છે. મનની મલિનતા મટવા માંડે છે, દુર્ગુણ, તમોગુણ ને સાંસારિક વિષયોની અભિરુચિ ઓછી થાય છે. તેને લીધે પરમાત્માનો પ્રત્યક્ષ અનુભવ સહેલો બને છે. પરમાત્મા પ્રકાશ સ્વરૂપ છે. એ માનવની અંદર ને તદ્દન નજીક છે. પરંતુ માનવના મનમાં અથવા તો અંતરમાં અનેક પ્રકારનાં નાનાં મોટાં આવરણ હોવાને લીધે પરમાત્માનું દર્શન તેને નથી થતું. પ્રાણાયામનો અભ્યાસ એ બધાં આવરણનો અંત આણવામાં

મદદરૂપ થાય છે. એ અભ્યાસ જેમ જેમ વધતો જાય છે તેમ તેમ સાધકના કર્મ, સંસ્કાર તથા ક્લેશનો પડદો દૂર થતો જાય છે.

એ પડદો દૂર થતાં આત્માનું જ્ઞાન તેના સંપૂર્ણ સ્વરૂપે ખીલવા માંડે છે. એના અનુભવથી સાધકનું જીવન ખરેખર શાંતિમય થાય છે, ને નવા પ્રકાશ તથા નવી પ્રેરણાથી ભરપૂર બને છે. આ લાભ ચારે પ્રકારનાં પ્રાણાયામનો અભ્યાસ કરવાથી થઈ શકે છે. પ્રાણાયામના અભ્યાસી એવા લાભથી વંચિત રહેતા હોય તો પણ હિંમત હાર્યા વિના, મક્કમતા ને મહત્વાકાંક્ષાથી પોતાની જાતનું નિરીક્ષણ કરતાં નિરંતર આગળ ને આગળ વધતા રહે તો એક દિવસ એ ધન્ય દશાએ જરૂર પહોંચી શકશે. જે કૃતનિશ્ચયી ને પુરુષાર્થી છે તેને માટે કશું જ અસંભવ નથી.

**[૫૩] પ્રાણાયામનો બીજો લાભ**

મનને કોઈ પણ એક પદાર્થમાં જોડવાનું, લગાડવાનું કે સ્થિર કરવાનું કામ કેટલું બધું કપરું છે ? સાધકો એ વાત સારી પેઠે સમજી શકે છે. મન ગીતામાં કહ્યું છે તેમ ચંચળ, પ્રમાદી, તોફાની, બળવાન ને વશ કરવું મુશ્કેલ છે. તેનો સંયમ ખરેખર કઠિન છે. તે કામ લોઢાના ચણા ચાવવા જેવું છે. એ કામ મોટા ને સારા સાધકોને માટે પણ સમસ્યારૂપ થઈ પડે છે. છતાં એ સમસ્યા એવી નથી કે એનો ઉકેલ થાય જ નહિ. સંસારમાં કોઈયે વસ્તુ અશક્ય નથી. મનને નિર્મળ ને વશ કરવાના પ્રયાસ આજ સુધી થયા છે ને તે પ્રયાસ સફળ પણ થયા છે. પોતાની અંદરની દુનિયાને ભલે થોડા માણસોએ પણ જીતી છે; ને તેને જીતવાના સાધન પણ તેમણે રજૂ કર્યા છે. તે સાધનોની મદદથી મનને નિર્મળ ને વશ કરવાનું કોઈને માટે પણ સહેલું થઈ પડે છે.

પ્રાણાયામનું સાધન પણ એવું જ ઉપયોગી છે. મનની આગળનું તમોગુણનું આવરણ દૂર થઈને મન તેની મદદથી નિર્મળ થાય છે જ, પરંતુ એથી આગળ વધીને, મનને સ્થિર કરવાની કલા પણ સિદ્ધ બને છે. મનની ભૂમિકા કે યોગ્યતા જ એવી થઈ જાય છે કે એને ગમે તે વસ્તુમાં એકાગ્ર કરી શકાય છે. શરીરની બહારનાં કે અંદરના કોઈયે સ્થળે એને સ્થિર કરી શકાય છે. સાધારણ માણસો એ રીતે પોતાના મનને સહેલાઈથી સ્થિર કરી શકતાં નથી. કેમ કે તેમનું મન મલિન ને ચંચળ હોય છે. પરંતુ પ્રાણાયામના અભ્યાસીએ મનને થોડું ઘણું સ્થિર ને શુદ્ધ કર્યું હોય છે, એટલે તે બાબત તેને કોઈ ખાસ મુશ્કેલી નથી પડતી. પછી તો જે ધારે તે પદાર્થોમાં મનને જોડી કે સ્થિર કરી શકે છે. શાસ્ત્રીય ભાષામાં તેવી શક્તિને ધારણાની યોગ્યતા' કહેવામાં આવે છે. પ્રાણાયામથી મળતી એ એક વિશેષ ઉપયોગી સિદ્ધિ છે.

**[૫૪] પ્રત્યાહાર**

યોગનાં મુખ્યત્વે આઠ અંગ છે. એમાંથી ઘણા ખરાં અંગની વિચારણા આપણે કરી ગયા. હવે પ્રત્યાહારની વિચારણા શરૂ થાય છે.

ઉપનિષદમાં એક ઠેકાણે કહ્યું છે કે ઈન્દ્રિયો બહિર્મુખ છે ને સ્વાભાવિક રીતે જ બહારના પદાર્થો કે વિષયોમાં દોડ્યા કરે છે. બહારના પદાર્થો કે વિષયોનો રસ લઈને તે પોષણ મેળવે છે ને બળવાન બને છે.

તે મનને પણ પોતાની રસવૃત્તિથી રંગીને પોતાની સાથે લઈ જાય છે. વિષયો એમનો આહાર છે એમ કહીએ તો ખોટું નથી, એ આહારનો આસ્વાદ લેવામાં મન પણ તેમની સાથે જોડાય છે, એટલે એમાં અહંતા, મમતા, આસક્તિ ને સુખ-દુઃખ તથા હર્ષ-શોક જેવા વિકારનો ભાવ પેદા થાય છે. એ વિકાર ને ભાવ જ માનવના મન અંતર પર અધિકાર કરે છે ને એમની અસર નીચે આવીને માનવ કોઈક કઠપૂતળી પેઠે નાચ્યા કરે છે. તે વધારે ભાગે પરવશ ને દુઃખી થઈ જાય છે.

પ્રત્યાહાર, ટૂંકમાં કહીએ તો, એ પરવશતા ને દુઃખમાંથી મુક્તિ મેળવવાનું એક અકસીર સાધન છે. સાધક વિકાર ને ભાવની બેડીને તેની મદદથી તોડી નાખીને અધિપતિ બને છે, વિજેતા થાય છે, ને અલિપ્ત રીતે પોતાને ફાળે આવેલા જીવનનો અભિનય કરતાં સંસારમાં શ્વાસ લે છે.

પ્રત્યાહાર પ્રાણાયામ પછીની ને ધારણા તથા ધ્યાન પહેલાંની ક્રિયા છે. તેમાં ઈન્દ્રિયોની બહારના પદાર્થો કે વિષયોમાં વહેનારી વૃત્તિને પાછી વાળીને મનમાં વિલીન કરવાનો પ્રયાસ કરવો પડે છે. તેને પોતાની અદંરના જગતમાં અથવા દિલની દુનિયામાં વહેતી ને રમતી કરવી ને છેવટે ત્યાં જ સ્થિર કરી દેવી તેને પ્રત્યાહાર કહે છે. પ્રત્યાહારનું મૂળ પ્રયોજન તે જ છે. એમાં સફળતા મળે તો જ ધારણા ને ધ્યાનની આગળની સાધના થઈ શકે.

એટલે સ્વાભાવિક રીતે જ, મન ને ઈન્દ્રિયો પોતાની ચંચળતા ને બહારની રસવૃત્તિનો ત્યાગ કરીને પોતાની અંદરની દુનિયામાં પ્રવેશ ના કરે ત્યાં સુધી પ્રત્યાહારની સાધના સંપૂર્ણ પણે સફળ થઈ એમ ના કહેવાય. સૂર્યાસ્તનો સમય થતાં સૂર્યનાં સોનેરી કિરણો જેમ સૂર્યની દિશામાં પાછાં વળે છે, પંખી પોતાના માળા તરફ ને ગાયો ઘર તરફ વિદાય થાય છે, તેમ પ્રત્યાહારની સાધનામાં મન ને ઈન્દ્રિયોની બધી જ વૃત્તિઓ શાંત થવી જોઈએ.

બહારના પદાર્થો કે વિષયોની રસવૃત્તિ વધારે અથવા ઓછા પ્રમાણમાં જ્યાં સુધી મનમાં જીવતી હોય ત્યાં સુધી એ કામ સારી રીતે ના થઈ શકે. એટલે તે રસવૃત્તિને ઓછી કરવાની ને છેવટે એકદમ નિર્મળ કરી દેવાની જરૂર છે. એ માટે વિવેક ને વૈરાગ્યની જરૂર પડે છે. તે બંને ના હોય તો પ્રત્યાહારનું કામ આગળ ના વધી શકે. વૈરાગ્ય પર આટલો બધો ભાર મૂકવમાં આવે છે તે એટલા માટે જ.

સાધનામાં આગળ વધતાં ને વિવેક તથા વૈરાગ્ય પ્રબળ બનતાં, પ્રત્યાહાર સહજ થઈ જશે. તેને માટે પરિશ્રમ નહિ કરવો પડે. મન ઈન્દ્રિયોની વૃત્તિની સાથે પોતાની અંદર જ રહેવા માંડશે. પછી કોઈ ભય નહિ રહે. પ્રત્યાહારની એવી સહજ દશા ખરેખર આદર્શ ને અભિનંદનીય છે.

**ततः परमा वश्यतेन्द्रियाणाम् ॥५५॥**

**[૫૫] પ્રત્યાહારનો લાભ**

પ્રત્યાહાર વિશે ગયા પ્રકરણમાં આપણે જે વિચારણા કરી ગયા તેના પરથી વિવેક વૈરાગ્યની જરૂર જીવનમાં કેટલી બધી મોટી છે તે સહેલાઈથી સમજી શકાશે. એટલે જ આપણે સાધકોને એથી સંપન્ન અથવા સજ્જ થવાનું કહીએ છીએ. એકલા યોગમાર્ગમાં જ નહિ પણ બીજી બધી જ જાતની સાધનામાં તેમની તાલીમ લેવી પડે છે, ને તે તાલીમ સાધનાની સફળતામાં ખૂબ ખૂબ મદદરૂપ થઈ પડે છે.

પ્રત્યાહારની સાધનામાં જે સફળ થાય તે યોગીની દશા કેવી થઈ જાય છે ? તેને કેવો લાભ થાય છે, અથવા તો તેનામાં કેવી જાતની શક્તિ આવે છે ? પતંજલિ કહે છે કે તેવો યોગી પોતાની ઈન્દ્રિયો પર પૂરેપૂરો કાબૂ કરી લે છે. ઈન્દ્રિયોની ગુલામીમાંથી તે મુક્તિ મેળવે છે. તેનું મન ને તેની ઈન્દ્રિયો તેની મરજી મુજબ વર્તે છે. તેમના પર તેનો સંપૂર્ણ અધિકાર થઈ જાય છે. ઈન્દ્રિયો ને મનના કાબૂ માટે કોઈ બીજા સાધનની જરૂર પછી તેને નથી રહેતી.

પ્રત્યાહારની પરિપક્વતા થઈ જતાં ધ્યાનને માટેની ભૂમિકા બરાબર તૈયાર થઈ જાય છે. સાધકનો માર્ગ પછી મોકળો બની જાય છે. પરંતુ પ્રત્યાહારને સિદ્ધ કરવા માટે કેટલીક વાર તો લાંબા વખત લગી, ધીરજ ને હિંમત હાર્યા વિના, સતત પુરુષાર્થ કરવો પડે છે. તેવા પુરુષાર્થ માટે સાધકે તૈયાર થવું જોઈએ. મન ને ઈન્દ્રિયોને વશ કરતાં ને પ્રભુપરાયણ બનતાં કેટલીક વાર દિવસો ને મહિના જ નહિ પણ વરસો વીતી જાય છે. એટલે કાળ ગમે તેટલો લાંબો લાગે તો પણ કોઈ સંજોગોમાં નિરાશ થઈને માર્ગ મૂકી દેવાની જરૂર નથી.

મન ને ઈન્દ્રિયોને જીતનારે આખા જગતને જીતી લીધું એમ જ માની લેવું. જગતને જીતવા માટે જે શક્તિ જોઈએ છે તેથી વધારે શક્તિ પોતાની જાતને જીતવા કે વશ કરવા જોઈએ છે. સાચી શાંતિ પણ એથી જ અથવા એને પરિણામે જ મળી શકે છે. એ શાંતિનો અક્ષય ભંડાર માણસની પોતાની અંદર જ પડેલો છે. પરંતુ તેને મેળવવાની મહેનત કરવાને બદલે, તેને ભુલીને, તે પોતાની બહારની દુનિયામાં ફર્યા કરે છે ને ફાંફાં મારે છે. પરિણામે તે નાસીપાસ થાય છે, નિષ્ફળ જાય છે, ને અશાંતિનો અનુભવ કરે છે. બહારની દુનિયાની સાથે સાથે, એથી જરા પણ ઊતરતી, રહસ્યભરી ને નવીનતાવાળી નહિ એવી અંદરની દુનિયા-પોતાના દિલની દુનિયા છે, ને તેની માહિતી પણ મેળવવા જેવી છે, એ વાત માણસે નિરંતર યાદ રાખવી જોઈએ. એ યાદ રાખવામાં તેનું શ્રેય સમાયેલું છે અથવા તો એ યાદી તથા શ્રેયનું સરસ સાધન થઈ શકે તેમ છે એ નક્કી.

આવો ત્યારે, મન ને ઈન્દ્રિયોના એવા સંયમને માટે આપણે મહેનત કરીએ, ને એ મહેનતમાં વત્તે ઓછે અંશે સફળતા મેળવીને જીવનને ઉજ્જવળ ને ધન્ય કરીએ. જીવન થોડું ને કરવાનું કામ ઘણું મોટું છે. માટે આવો, આજથી ને અત્યારથી જ આપણે એ કાર્યનો આરંભ કરીએ.

# ॥ સાધનપાદ સમાપ્ત ॥

# ॥ ૩. વિભૂતિપાદ ॥

**[૧] ધારણાની સમજ**

યોગદર્શનની વિચારણામાં આપણે આગળ ને આગળ વધી રહ્યાં છીએ. કેટલી બધી ચોક્કસ ને વ્યવસ્થિત ક્રમપૂર્વકની છે એ વિચારણા ! સમાધિપાદ એ વિચારણાના મંગલ મંદિરનો પાયો છે, સાધનાપાદ તેનો પહેલો માળ. હવે તેના બીજા માળ વિભૂતિપાદનું વર્ણન શરૂ થાય છે. એ વર્ણન પણ ખરેખર આનંદ આપે એવું ને સરસ છે.

વિભૂતિપાદમાં મુખ્યત્વે શું તે તેના નામ પરથી સહેજે સમજી શકાય છે. વિભૂતિ એટલે શક્તિ. તેને સિદ્ધિ પણ કહે છે. યોગની સાધના કરનારા સાધકને કેવી કેવી વિશેષ શક્તિ ને સિદ્ધિ મળે છે તેનું વર્ણન બને તેટલી સ્પષ્ટ રીતે વિભૂતિપાદમાં કરવામાં આવ્યું છે. તેવી શક્તિ શારીરિક, માનસિક કે આત્મિક પણ હોય છે, ને તે વિશે આ પાદમાં વિગતવાર સમજાવવામાં આવ્યું છે. એવી શક્તિ શું કરવાથી અથવા તો કેવી સાધનાથી મળી શકે છે એની સમજ પણ સાથે સાથે પૂરી પાડવામાં આવી છે. એ રીતે જોતાં, આ આખોયે પાદ અત્યંત અગત્યનો છે. એનો વિચાર કરવાથી સમજાય છે કે યોગની સાધના, જો સમજપૂર્વક ને સંગીન રીતે કરવામાં આવે તો, માણસની બધી રીતે કાયાપલટ કરી નાંખે છે. એનો લાભ લઈને માણસ અસાધારણ શક્તિથી સંપન્ન ને અલૌકિક બની જાય છે. એ શક્તિ કેવી કેવી ને કયા પ્રકારની છે તેનું વર્ણન આ પાદમાં ખૂબ જ સુંદર રીતે કરવામાં આવેલું છે. એનો અર્થ એ કે મહર્ષિ પતંજલિ પોતે એ શક્તિમાં માને છે ને એનો અનુભવ કરી ચૂક્યા છે.

એ રીતે જોતાં યોગની સાધનાની મારફત માણસ શું મેળવી શકે છે તેનો વિભૂતિપાદ નામનો આ નવો પાદ એક મહાન દસ્તાવેજી પુરાવો છે. આજની દુનિયાના મોટા ભાગના લોકોને આ પાદનાં કેટલાંક સૂત્રો આશ્ચર્યમાં નાખી દેનારાં ને ના માનવાં જેવાં લાગશે. કેટલાંક તેમને ટાઢા પહોરનાં ગપ્પાં જેવાં પણ માની લેશે, પરંતુ તે બધાં સાચાં છે. સંપૂર્ણપણે સાચાં છે, ને એક યોગસિદ્ધ મહાપુરુષના સ્વાનુભવના પડઘા જેવાં છે એ ભૂલવાનું નથી. એ મહાપુરુષે પોતાના જીવનમાં જે વિચાર્યું, જોયું અથવા અનુભવ્યું તે યોગદર્શનનાં રૂપમાં રજૂ કર્યું છે. એટલે યોગદર્શન અથવા તો એનાં સૂત્રો કોઈ કલ્પનાવિલાસ કે વિનોદ નથી. શેખચલ્લીનાં તરંગોયે નથી પરંતુ જીવનની અનુભવભાષા છે, સ્વાનુભવની સુંદર સામગ્રી છે, ને એ રીતે જ એને મૂલવવાની છે. ભારતના ભવ્ય ભૂતકાળની યાદ આપતાં એ સૂત્રો માનવની વિકાસયાત્રાની શક્યતા ને સિદ્ધિ સૂચવતાં આજે પણ એવાં જ આદરણીય બનીને ઊભાં રહ્યાં છે.

ગયા પાદમાં પ્રાણાયામના વિચાર દરમ્યાન ધારણાનો ઊડતો ઉલ્લેખ આવી ગયો છે. હવે પતંજલિ આ નવા પાદના પ્રારંભમાં ધારણાનો નવેસરથી ને સ્વતંત્ર રીતે ઉલ્લેખ કરે છે. પહેલા સૂત્રમાં તે ધારણાની વ્યાખ્યા આપે છે અથવા તો સમજ પૂરી પાડે છે. તે કહે છે કે તે ચિત્તની વૃત્તિને બહાર અથવા તો શરીરની અંદરના કોઈ પણ દેશ અથવા તો પદાર્થમાં જોડી દેવાની ક્રિયા અથવા સાધના ધારણા કહેવાય છે.

ચિત્તની વૃત્તિને શરીરની અદંરના કોઈ પણ ભાગમાં જોડી દેવી અથવા તો જોડી દેવાની કોશિષ કરવી તેનું નામ ધારણા. અંદરના કોઈ ભાગમાં એટલે બે ભ્રમરની મધ્યમાં, હૃદયમાં અથવા તો યોગમાં વર્ણવવામાં આવેલાં છ ચક્રોમાંના કોઈ પણ એક ચક્રોમાં. એ બધાં ભાગને શરીરની અંદરના દેશ કહે છે. બીજા બહારના દેશ કે ભાગ છે. જેમ કે કોઈ મંત્ર, શબ્દ, છબી, મૂર્તિ, સૂર્ય, ચંદ્ર, સદ્ગુરૂ, દેવી દેવ કે એવો જ કોઈ બીજો પદાર્થ, એવા અને બીજા બહારના અથવા અંદરના કોઈ પણ પદાર્થમાં ચિત્તની વૃત્તિને લગાવી શકાય છે. એવા અભ્યાસને ધારણા કહે છે.

**देशबन्धश्चित्तस्य धारणा ॥१॥ तत्र प्रत्ययैकतानता ध्यानम् ॥२॥**

**[૨] ધ્યાનની સમજ**

સાધના સફળતાપૂર્વક ને સાંગોપાંગ રીતે ક્યારે પૂરી થાય ? તેની અંદર જ્યારે મનની બધી જ વૃત્તિને જોડી દેવામાં આવે, તેને માટે જરૂરી ભોગ આપવામાં ને જીવનની ક્ષણે ક્ષણે એને અત્યંત ઉત્સાહપૂર્વક કરવામાં આવે ત્યારે જ તે સમૃદ્ધ થાય ને શાંતિ આપે. એ માટે ખૂબ ખૂબ ધીરજ, હિંમત ને જાગૃતિ જોઈએ. સાધકે પોતાની સાધનાનો આદર્શ નિરંતર નજર સામે રાખવો જોઈએ. પ્રત્યેક પળે યાદ રાખવું જોઈએ કે પોતાનું જીવન શાને માટે છે. પોતાના જીવનમાં પોતે શું કરવાનું છે તે વાતને તેણે કોઈ પણ સંજોગોમાં ના ભૂલવી જોઈએ. એવી યાદી તેને સંસારના સારાં નરસાં પ્રલોભનો તથા ભયસ્થાનોથી સુરક્ષિત રાખશે, વિરોધી વાતાવરણમાં પણ પ્રેરણા પાશે, ને આગળ વધારશે. સાધક કોઈ ભળતા વિષય કે કોઈ ભળતી વસ્તુમાં પડી, અટવાઈ જઈને, પોતાના મૂળ ને મુખ્ય માર્ગને મૂકી ના દે અથવા તો ચૂકી ના જાય તે અત્યંત અગત્યનું છે. કેટલાક સાધકોની ગાડી એ રીતે અટકી ગઈ છે અથવા તો મુખ્ય માર્ગ પરથી ઉથલી પડી છે. પોતાની દશા પણ એવી કંગાળ કે કફોડી ના થાય તે સાધકે ખાસ જોવાનું છે.

એ માટે એણે આત્મનિરીક્ષણ ને પ્રાર્થનાનો આધાર લેવો જોઈએ. એ બંને વસ્તુ એની સાધનાની સફરમાં સાચેસાચ સહાયક થઈ પડશે. પોતાના સંકલ્પ, વિકલ્પ, ભાવો ને વિચારોનું અધ્યયન અથવા બારીક પરીક્ષણ કરવાની તેથી ટેવ પડશે. જીવન ઉત્તરોત્તર નિર્મળ ને જોમવંતુ બનતું જશે ને બુરાઈઓથી બચી જશે. પ્રાર્થનાની મદદ પણ એ કલ્યાણ કામમાં ઘણી મોટી હશે. તેની મારફત પોતાની અંદર ને બહાર રહેલા પરમાત્મા સાથે તેનો સીધો સંબંધ બંધાશે, ને તેનું સમસ્ત જીવન તેની નાની કે મોટી, સાધારણ કે અસાધારણ, સાધના સાથે સફળ બનશે.

આત્મનિરીક્ષણ ને પ્રાર્થના જેવાં બીજા સાધનની મદદથી સાધકે ધારણા સુધીની સાધના કરી લીધી એટલે એનો મોટા ભાગનો માર્ગ કપાઈ ગયો. ધારણાની ઉપલક વિચારણા આપણે ગયા પ્રકરણમાં કરી ગયા છીએ. તેની સાથે એટલું યાદ રાખવાનું છે કે કેટલાક સાધકો ધારણામાં મદદ મળે તે માટે ત્રાટક પણ કરતા હોય છે. ત્રાટકના અભ્યાસથી એકાગ્રતા કેળવાય છે ને મનની ચંચળતા મટે છે. એ અભ્યાસનો આધાર જેને જરૂરી લાગે તે લઈ શકે છે.

ધારણા પછી ધ્યાન આવે છે. ધ્યાન કોને કહે છે ? ધારણાના એકધારા અભ્યાસથી ચિત્તની વૃત્તિ જે વસ્તુમાં લાગી હોય તેમાં બરાબર જોડાઈ જાય, ને પાણીના પ્રવાહની પેઠે એકાતાનતાથી વહેવા માંડે તેને

ધ્યાન કહે છે, ધ્યાન એ રીતે જોતાં ધારણાનું પરિપક્વ અથવા આગળનું સ્વરૂપ છે. ચિત્તની વૃત્તિનો પ્રવાહ જ્યારે ધ્યેય પદાર્થની અંદર એકાગ્ર બનીને સતત અથવા અસ્ખલિત રીતે વહેવા માંડે ત્યારે ધ્યાન થયું એમ કહી શકાય છે.

ધ્યાનની સાધના એ રીતે છે તો અત્યંત આનંદદાયક ને સુંદર. એનો આસ્વાદ મળતાં જીવન ધન્ય બની જાય છે, શાંતિમય થાય છે ને પરમાનંદમાં પ્રતિષ્ઠિત થાય છે. પરંતુ તેની સફળતા તથા સિદ્ધિ સારું ખૂબ ખૂબ ધીરજ રાખવી પડે છે, ને હિંમત રાખી તથા મન લગાડીને લાંબા વખત લગી ભારે મહેનત કરવી પડે છે. તેને માટે ચંચળતાનો ત્યાગ કરીને સ્થિરતાથી એક ઠેકાણે બેસવું પડે છે. અસ્થિર મનના માણસને માટે એ કામ જરા કઠણ છે.

ધ્યાન શરૂઆતમાં ગમે તે પ્રકારનું હોય, સાકાર કે નિરાકાર, પણ ઉપયોગી છે ને લાંબે વખતે કલ્યાણકારક થઈ પડે છે એ નક્કી. ધ્યાન ગમે તે જાતનું હોય, પણ એનો આધાર અત્યંત ઉત્સાહપૂર્વક લેવાવો જોઈએ. આત્માના ઉદ્‌ઘાટનના કોઈ અમુલખ ને અલૌકિક કાર્યક્રમમાં શામેલ થઈ રહ્યા હોઈએ કે મુક્તિ ને પૂર્ણતાના મહામૂલ્યવાન પાવન પ્રવાસની પગદંડી પર પગ મૂકી રહ્યા હોઈએ એવા આનંદ ને ભાવ સાથે તેને શરૂ કરવું ને વધારતા જવું જોઈએ. એમ કરવાથી તે થોડા વખતનું હશે તો પણ આનંદ આપશે ને શાંતિ પૂરી પાડશે. એ એક ભારેખમ, નિરસ, કંટાળાજનક, જડ ક્રિયા નહિ બને પણ સુખદ ને ઉત્સવરૂપ થઈ પડશે. તેમાંથી ઊઠ્યા પછી મન પ્રસન્ન ને પ્રફુલ્લ બની રહેશે. સરિતામાં સ્નાન કરવાથી જેમ તન ને મન થોડા વખતને માટે શીતળ બને છે, તેમ તેની મદદથી શીતળતા ને શાંતિ મળશે. તાપે તપેલા માણસને વડ કે લીમડાની છાયા મળતાં કેટલો આનંદ થાય ? તરસ્યાને પાણીનો પ્રવાહ મળવાથી પણ કેવું ઉત્તમ ઊંડું સુખ મળે છે ? તેવી રીતે તેને સર્વોત્તમ સુખની ને શાંતિની પોતાની અંદર પ્રાપ્તિ થશે. પરિણામે તેનું સમસ્ત જીવન, તેના જીવનનું પ્રત્યેક પાસું અસાધારણ અથવા તો અવનવું બનશે.

**[3] સમાધિની સમજ**

વનના વિહારે નીકળેલું પંખી સાંજનો સમય થતાં પાછું ફરે ને માળામાં પ્રવેશ કરે. તથા દૂરના દેશથી પાછો ફરેલો પ્રવાસી પોતાના ઘરમાં લાંબા વખત પછી પ્રવેશ કરે, અથવા તો એમ કહો કે અનેક પ્રકારનાં પ્રદેશોમાંથી પસાર થનારી કોઈક નદી એક ધન્ય દિવસે છેવટે મહોદધિને મળે, તેવી રીતે સંસારના બીજાં બધા જ બાહ્ય વિષયોને છોડીને મન શાંત થાય ને પોતાના મૂળ સ્વરૂપમાં ભળી જાય, ત્યારે સાધકને કોઈક અનેરી અવસ્થાનો અનુભવ થાય છે. એ અવસ્થાને સમાધિ કહેવામાં આવે છે. લાંબા વખતના, એકધારા ઉત્સાહપૂર્વકના ધ્યાન પછી એની પ્રાપ્તિ સહજ બને. એની પ્રાપ્તિ થતાં જ જીવન શાંત તથા સફળ બને છે ને અવનવા આનંદે ભરાઈ જાય છે.

સમાધિનો એવો ઉલ્લેખ આપણે આગળ પર સમાધિપાદમાં પણ કરી ગયા છીએ. તે વખતે સમાધિ ને તેના ભેદની સમજ આપણે વિસ્તારથી પૂરી પાડી છે. એટલે એના વિસ્તારમાં ઊતરવું અહીં અસ્થાને છે. છતાં પણ સમાધિનો ઉલ્લેખ પતંજલિ અહીં ફરી એક વાર કરી રહ્યા છે ત્યારે, આપણે એના અનુસંધાનમાં

એટલું જરૂર કહીશું કે સમાધિ એક ઉત્તમ, સુખમય ને જીવનને સફળ કરનારી અવસ્થા છે. જેને તેની પ્રાપ્તિ થાય છે તે ખરે જ ધન્ય બની જાય છે,

સમાધિ ધ્યાનનું પરિપકવ ફળ છે. કહો કે ધ્યાનની સંપૂર્ણતા કે સફળતા છે. ધ્યાન જ્યારે વધતાં વધતાં અત્યંત ગાઢ બની જાય છે ત્યારે ચિત્ત પોતાના ધ્યેય પદાર્થમાં ડૂબી જાય છે. પોતાના સ્વરૂપને તદ્દન ભૂલી જાય છે ને કેવળ ધ્યેયની જ સત્તા બાકી રહે છે. એવી દશાને સમાધિ કહેવામાં આવે છે. અથવા તો ધ્યાતા, ધ્યાન ને ધ્યેય જ્યારે એક થઈ જાય છે ત્યારે એકતાની એ અવસ્થાને સમાધિનું વિશેષ નામ આપવામાં આવે છે.

**[૪] સંયમ**

સમાધિ એ રીતે ખૂબ ખૂબ આગળની અવસ્થા છે, ને તેની પ્રાપ્તિ થતાં જીવન એક પ્રકારની અનેરી શાંતિનો અનુભવ કરે છે. એની સિદ્ધિ માટે મહેનત પણ વધારે કરવી પડે એ સહેજે સમજી શકાય તેવું છે. માણસોનું મન મોટે ભાગે બહિર્મુખ છે, ને બહારના વિષયોમાં જ ભમ્યા કરે છે. બહારના વિષયો જ એના આરાધ્ય દેવ થઈ પડ્યા હોય છે. એમાંથી જ સુખશાંતિ મેળવવાના એના પ્રયાસ હોય છે. એ મનને નિર્મળ કરવું, સાત્વિક બનાવવું, પોતાની અંદર રોકવું અથવા એકાગ્ર કરવું પડે છે. સાધારણ અથવા તો નબળાં મનોબળવાળા માણસોને માટે એ કામ અત્યંત કઠિન અથવા તો અસંભવ થઈ પડે છે.

છતાં પણ જો ગણતરીપૂર્વકનો નિયમિત ને વ્યવસ્થિત પુરુષાર્થ કરવામાં આવે તો એ કામ સરળ ને સહેલું થઈ પડે છે. પણ એવી રીતે પુરુષાર્થ કરનારા આ વિશાળ સંસારમાં કેટલા ? આ સંસારના મોટા ભાગના માણસો તો આંખો મીંચીને જ જીવન જીવતા હોય છે. કેટલાક જીવનના જટિલ સંગ્રામમાં મશગૂલ બની ગયા હોય છે ને તેમાંથી ઊંચા જ નથી આવતા. કેટલાક બીજા વળી એક અથવા બીજી જાતની લૌકિક લાલસામાં જ લપટાઈ ગયા હોય છે. કેટલાક બધી રીતે સંતુષ્ટ ને સુખી હોય છે, ત્યારે તેમના મનમાં આત્મોન્નતિ અથવા તો પરમાત્માના સાક્ષાત્કારની ઈચ્છા નથી હોતી. એ રીતે જોતાં, બહુ જ થોડા માણસો આત્મિક વિકાસના માર્ગે આગળ વધી શકે છે. સમાધિ સુધી પહોંચનારા તો એથી પણ થોડા હોય એ સહેજે સમજી શકાય તેવું છે. ધારણા, ધ્યાન ને સમાધિ ત્રણેનો વિચાર એકીસાથે કરવામાં આવે ત્યારે તેને સંયમ કહેવામાં આવે છે. ત્રણે વસ્તુ એકીસાથે સંયમના સંયુક્ત નામે ઓળખાય છે. પતંજલિએ એ રીતે અહીં સંયમ શબ્દનો વિશેષ અર્થ કરી બતાવ્યો છે. કોઈ પણ પ્રકારના પદાર્થની અંદર જ્યારે ધારણા કરવામાં આવે, ધ્યાન થાય ને એમ કરતાં કરતાં સમાધિનો અનુભવ થાય, ત્યારે તે પદાર્થની અંદર સંયમ થયો એમ કહેવાય છે. સંયમ એ રીતે ધારણા, ધ્યાન ને સમાધિનું સંમિશ્રિત, સમન્વયકારક સ્વરૂપ છે. સંયમનો એ અર્થ સારી પેઠે સમજી લેવાની જરૂર છે કેમ કે હવે પછી આવનારાં કેટલાંક સૂત્રોમાં પતંજલિ એનો ઉલ્લેખ અવારનવાર કરવાના છે, એ દૃષ્ટિએ આ સૂત્ર અત્યંત અગત્યનું છે : **त्रयम् एकत्र संयमः ॥४॥**

**[૫] સંયમનું ફળ**

સવારનો સમય કેટલો બધો શાંત, સુંદર, સરસ અને ખુશનુમા લાગે છે ? પ્રકૃતિ આખીયે વખતે કોઈક યોગિની બનીને પોતાની અંદર તન્મય બની બેઠી હોય છે. પવનની શીતળ લહરી વાતાવરણને પ્રસન્ન કરતી એ વખતે વહેતી હોય છે. માણસનું મન એ વખતે એકદમ શાંત ને પ્રસન્ન થઈ જાય એવી પરિસ્થિતિ હોય છે. છતાં પણ મોટા ભાગના માણસો એ પરિસ્થિતિનો લાભ નથી ઉઠાવતા ને પ્રમાદી બનીને બેસી રહે છે, એ ખરેખર ખેદજનક છે.

સવારનો એ સમય પ્રાર્થના ને ધ્યાન જેવી સાધના કરવાનો છે. એ સમય દરમ્યાન કરેલી સાધનામાં મન મશગુલ ને મસ્ત બની જાય છે. મન એ વખતે પ્રસન્ન ને તાજગીથી ભરેલું હોય છે. એટલે એવી સાધનામાં જોડાય છે પણ જલદી. એ વખતે કરેલી સાધનાની અસર લાંબા વખત લગી ને કોઈક વાર તો આખા દિવસ સુધી રહે છે. ને વહેલી સવારનો એ શરૂઆતનો સમય પસાર થઈ જાય તો પણ શું ? સાધના જો સાચેસાચ કરવી જ હોય તો તે પછીનો સમય પણ ઘણો જ અનુકૂળ હોય છે. એ સમય સૂર્યોદયનો છે. સૂર્યનો ઉદય થાય પછી સૂર્યનાં તાજાં કિરણો બધે ફરી વળતાં હોય ત્યારે કોઈક ખુલ્લી, સુંદર જગ્યાએ બેસો ને આંખ બંધ કરીને પરમાત્માનું સ્મરણ, મનન ને ધ્યાન કરો તો અજબ આનંદ આવશે. મનના બીજા સંકલ્પ વિકલ્પ આપોઆપ શાંત થઈ જશે ને મન સહેલાઈથી એકાગ્ર થશે. સવારના એ થોડાક સુંદર કલાકોનો સાધના સારું સદ્દુપયોગ કરવામાં આવે તો જીવન ખરેખર મંગલમય બને. સાધકો એ મહામૂલ્યવાન વખતને વેડફી ના નાખે એટલું જ આપણે ઈચ્છીશું.

ગયા પ્રકરણમા આપણે સંયમનો ઉલ્લેખ કરી ગયા. સાધક જ્યારે સંયમ પર વિજય મેળવી લે છે, ત્યારે જે વસ્તુમાં કરવાની ઈચ્છા કરે તેમાં સહેલાઈથી સંયમ કરી લે છે. સંયમ કરવાની સહજશક્તિ તેને પ્રાપ્ત થાય છે. એ વસ્તુની ચોખવટ આપણે આગળ પર કરી ગયા છીએ. સંયમની એવી શક્તિને લીધે યોગી પોતાના મનને ધારે તે વિષય પર સહેલાઈથી એકાગ્ર કરી શકે છે. મનને ઈચ્છાનુસાર એકાગ્ર કરવાની જે સમસ્યા બીજા સાધારણ સાધકોની આગળ અટપટું રૂપ ધારણ કરીને ઊભી હોય છે તે તેની આગળ સરળ, સચોટ, સીધી ને સાફ થઈ જાય છે.

સંયમની એ શક્તિ કે સિદ્ધિનું બીજું મહત્વનું પણ ફળ છે. એવી શક્તિ કે સિદ્ધિથી સંપન્ન યોગીની બુદ્ધિ તદ્દન નિર્મળ, સત્યવતી અથવા પતંજલિનાં શબ્દોમાં કહીએ તો ઋતંભરા તેમજ પરમાત્માના પરમ પાવન, અલૌકિક પ્રકાશથી પ્રકાશિત બની જાય છે. મોહ, મમતા ને અહંતા તથા આસક્તિમાંથી તે મુક્તિ મેળવે છે. તેનું જીવન અત્યંત નિર્મળ, નિર્વિકાર અને આનંદમય બની જાય છે. જીવનની શાંતિ, સફળતા ને ધન્યતા તેના સારુ સહજ બને છે.

**[૬] સંયમ વિશે વધારે**

સંયમ સુધીની સાધના કરી ચૂકેલા યોગીએ પોતાના મોટા ભાગનો મહત્વનો સાધનાપ્રવાસ પૂરો કરી દીધો. સાધનાનો જટિલ જંગ તેણે મોટે ભાગે જીતી લીધો. તેના ક્લેશ કપાઈ ગયા, બંધન ટળી ગયાં. પોતાનું મન ને પોતાની ઈન્દ્રિયોને જીતીને તેણે સમસ્ત જીવનને જીતી લીધું. તેની સાધના પરિપક્વ ને સફળ બની ગઈ. સાથે સાથે, એવી શક્તિ અથવા તો અવસ્થાવિશેષની એને પ્રાપ્તિ થઈ કે જેનો ઉપયોગ

કરીને એ કેટલીક લોકોત્તર શક્તિ મેળવી શકે ને કેટલી અસાધારણ, અલૌકિક વસ્તનું જ્ઞાન પણ પ્રાપ્ત કરી શકે. આટલી સાધનાની સિદ્ધિ પાછળ પડેલા પરિશ્રમની કલ્પના સહેજે કરી શકાય છે. મુસાફરીનો આટલો માર્ગ કાપતાં યોગીને અંદરની ને બહારની જે અસંખ્ય મુસીબતો ને પાર વિનાની પ્રતિકૂળતાનો સામનો કરવો પડ્યો છે ને એકની એક લગન, ધગશ ને ચિંતા લઈને લાંબા વખત લગી એકધારું તપવું પડ્યું છે, તેનો હિસાબ કોણ કેવી રીતે કાઢી શકે ? તેના મજબૂત મનોબળને પણ કોણ સમજી કે મૂલવી શકે ? એવો ઉત્સાહ, દૃઢ સંકલ્પ ને પુરુષાર્થ કોણ કરી શકે ? એ બધું કલ્પનાતીત છે. તો પણ અત્યાર સુધી આપણે જે યોગની ચર્ચાવિચારણા કરી ગયા તેના પરથી તેની સાધારણ જેવી ઝાંખી થઈ શકે છે.

એટલે યોગની સાધના સાધારણ નહિ પણ મજબૂત મનોબળવાળા માણસોને માટે છે. તેમાં ઉછળતા ઉત્સાહવાળા, સતત પરિશ્રમથી નહિ ડરનારાં, અખંડ ને અમાપ આશા શ્રદ્ધાથી સંપન્ન એવાં જુવાન સ્ત્રી-પુરુષોની જરૂર પડે છે. યુવાનીનો કાળ એ જ સાધનાનો સાચો ને અનુકૂળ સમય છે. એ વખતે જ મનને સહેલાઈથી ગમે ત્યાં વાળી શકાય છે, કોઈ મનપસંદ ઉત્તમ વસ્તુ કે વિષયમાં જોડી શકાય છે, ને પ્રખરમાં પ્રખર પુરુષાર્થ કરીને સર્વોત્તમ સિદ્ધિને મેળવી શકાય છે. માટે જ આપણે યુવાવસ્થાને સાધનામય કે પ્રભુપરાયણ કરવાનું કહીએ છીએ.

સામાન્ય રીતે સંયમ શબ્દ જે અર્થમાં વપરાય છે તેમાં ને પતંજલિએ એને જે રીતે વાપર્યો છે તેમાં ઘણો ફેર છે. પતંજલિ જેને સંયમ કહે છે તે ધારણા, ધ્યાન ને સમાધિની એક સર્વોત્તમ અવસ્થા છે. તે ત્રણેનું સંયુક્ત સ્વરૂપ છે અથવા એમ કહો કે યોગની એવી અંતરંગ સાધનાનો ત્રિવેણી સંગમ છે. જે યોગીને સંયમની એ શક્તિ પ્રાપ્ત થાય છે તે પોતાની ઈચ્છા પ્રમાણે સંસારના સ્થૂળ કે સૂક્ષ્મ વિષયોમાં, એ રીતે ક્રમે ક્રમે આગળ વધે છે. પ્રકૃતિના સ્થૂળ વિષયોનું વર્ણન આપણે આગળ પર સમાધિપાદમાં કરી લીધું છે. એટલે અહીં એનો વિશેષ વિસ્તાર નહિ કરીએ.

**[૭] અંતરંગ અંગો**

યોગની સાધના અત્યંત વ્યવસ્થિત રીતે, ક્રમે ક્રમે ને ધીરે ધીરે, શાંતિપૂર્વક કરવી જોઈએ. ધીરે ધીરે છતાં પણ ચોક્કસ રીતે એક દિવસ અથવા એકાદ મહિનામાં યોગનાં આઠે અંગનો અભ્યાસ કરી નાંખીને કોઈ મહાન સિદ્ધ, યોગી કે સમ્રાટ થઈ જવાની ઉતાવળી વૃત્તિ રાખે તો વધારે ભાગે નિરાશા જ પેદા થશે, ને કોઈ વાર યોગની સમસ્ત સાધના કે સફળતામાં જ અશ્રદ્ધા થઈ જશે. તેને પરિણામે, પોતાની જ નબળાઈને લીધે સાધના પ્રત્યે એક પ્રકારનો એવો પૂર્વગ્રહ પ્રકટશે કે વાત નહિ. કેટલાય સાધકો ને સારા સાધકોના સંબંધમાં એવું થયેલું છે. માટે જ આપણે કહીએ છીએ કે સાધનામાં નિરર્થક ઉતાવળ નહિ ચાલે. સાધના એક ધીરજ ને ઉત્સાહપૂર્વકની શાંત તથા શિસ્તબદ્ધ સુવ્યવસ્થિત પ્રક્રિયા છે, ને તે તેવી જ રહેવી જોઈએ. હા, તેને વહેલામાં વહેલી તકે પૂરી કરવાની ધગશ જરૂર રાખે, તે માટે બને તેટલો ઝડપી ને વધારે પરિશ્રમ પણ જરૂર કરે, સાથે સાથે તેની ગહનતા ને ગંભીરતાનું ધ્યાન પણ રાખે, એટલી સૂચના આપણે અવશ્ય આપીશું. એમ થશે તો તેને કોઈયે કારણે ને કોઈયે સંજોગોમાં નિરાશ ને અશ્રદ્ધાળુ નહિ થવું પડે.

યોગની સાધનામાં બહિરંગ ને અંતરંગ એવાં બે અંગો મનાય છે. યમ, નિયમ, આસન, પ્રાણાયામ ને પ્રત્યાહારનો સમાવેશ બહિરંગ સાધનામાં કરી શકાય. જો કે સૌ જીવનમાં અંતરંગ વિકાસમાં મદદ તો કરે જ છે ને એ રીતે એમને તદ્દન બહિરંગ ના કહી શકાય. તો પણ, બહિરંગ ને અંતરંગ એવા સાધનાના બે વિભાગ પાડવા હોય તો, ઉપર કહ્યા પ્રમાણે જરૂર પાડી શકાય.

પરંતુ એવા વિભાગ કેવળ સમજવા પૂરતા જ છે. એને પરિણામે કોઈ પ્રકારની ચડસાચડસી ના થવી જોઈએ. યમ, નિયમ, આસન, પ્રાણાયામ ને પ્રત્યાહારનો દરજ્જો એથી ઓછો આંકવાની જરૂર નથી. એ બિનજરૂરી છે એમ પણ નથી સમજવાનું. યોગનું દરેક અંગ ઉપયોગી છે, ને તેને પોતાનું આગવું સ્થાન ને કામ છે, ને તે રીતે બધાં જ અંગો માનવાના. આધ્યાત્મિક વિકાસમાં ને સાધનાની સંપૂર્ણતામાં તે પોતપોતાનો કીમતી ફાળો આપે છે, માટે એકસરખાં અગત્યનાં ને આદરણીય છે, એનું ધ્યાન રાખવાનું છે. એક નિસરણીને આઠ પગથિયાં હોય...તેનો ઉપયોગ કરીને કોઈ આગળ વધે ને અગાસીમાં પહોંચે તો તે કોઈ એક જ પગથિયાને તેનો યશ આપે કે ? યોગ સાધનામાં જુદાં જુદાં અંગોનું પણ એમ જ સમજી લેવાનું છે.

છતાં પણ એક મહત્વનો મુદ્દો સદા યાદ રહે તે જરૂરી છે. સાધકે સારી પેઠે સમજી લેવું જોઈએ કે યોગસાધનાની સંપૂર્ણતા, જીવનની ધન્યતા ને જીવનમુક્તિના આનંદના અનુભવ અથવા આસ્વાદને માટે ધ્યાન, ધારણા ને સમાધિની અંતરંગ સાધના કરવી જ પડશે. એ અંતરંગ અભ્યાસનો આધાર લીધા વિના પૂર્ણતા કે પરમ શાંતિ ભાગ્યે જ મળી શકે, પરમાત્માનો સાક્ષાત્કાર પણ ભાગ્યે જ થઈ શકે ને જાગૃતિ દશામાં સાધકને જે સર્વોત્તમ દર્શનનો અનુભવ થાય છે તે પણ ભાગ્યે જ થઈ શકે. અંતરંગ સાધનાનું મહત્વ એટલા પૂરતું વધારે છે એ યાદ રાખવાનું છે, ને યાદ રાખીને એ સાધનાનો પ્રેમ વધારવાનો છે.

**[૮] અગત્યનું અંતરંગ સાધન**

યોગના અંતરંગ ને બહિરંગ સાધનોનો વિચાર આપણે કરી લીધો. ધારણા, ધ્યાન ને સમાધિને અંતરંગ સાધન કહેવામાં આવે છે તે પણ સમજી લીધું. હવે એક સરળ સાદી છતાં મહત્વની વાત સમજી લઈએ.

ધારણા ધ્યાન ને સમાધિ અંદરના વિકાસમાં મદદરૂપ હોવાથી અંતરંગ સાધના કહેવાય છે. પરંતુ તે પણ, આપણે આજ સુધી અનેક વાર કહ્યું છે તેમ સાધ્ય નથી, પરંતુ સાધન જ છે. એટલે સાધકે એમની અંદર અટવાઈ જઈને બેસી ના રહેવું પણ એમનો ઉપયોગ કરીને આગળ વધવું જોઈએ. યોગદર્શનના પહેલા અધ્યાયમાં આપણે વિચારીને નક્કી કર્યું છે તેમ, ધારણા, ધ્યાન ને સમાધિનો અવારનવાર અભ્યાસ કરીને, યોગીએ છેવટે નિર્બીજ સમાધિની પ્રાપ્તિ કરવી જોઈએ. ત્યારે જ તે પૂર્ણપણે નિશ્ચિંત બને છે ને તેનું જીવન સફળ થાય છે. તેની સાધના પણ ત્યારે જ સર્વાંગસુંદર ને સંપૂર્ણ બની શકે છે. એ નિર્બીજ સમાધિના અનુભવ પછી યોગીના જીવનમાં કાંઈ અનુભવવાનું બાકી નથી રહેતું. એટલે સૌથી મોટું ને મહત્વનું સાધ્ય એ જ છે. એ સર્વોત્તમ અંતરંગ અનુભવને માટે ધારણા, ધ્યાન ને બીજી સાધારણ શ્રેણીની સમાધિ તો સાધના માત્ર છે. ને એ રીતે જોતાં, એમને એ ઉત્તમોત્તમ અનુભવને માટેનાં બહિરંગ સાધન જ કહી શકાય,

અથવા કહેવાં જોઈએ. આટલી વાતને યાદ રાખીને, યોગીએ આત્મિક વિકાસના મક્કમ તથા ચોક્કસ પગલે આગળ વધવું જોઈએ.

એક બીજી વાત. યોગનું મુખ્ય કામ ચિત્તની વૃત્તિઓની શુદ્ધિ ને છેવટે શાંતિ કરવાનું છે. એવી શાંત દશા કોઈ જડ દશા નથી, પણ ચૈતન્ય દશા છે. એ દશા દરમ્યાન પરમાત્માનો પ્રત્યક્ષ અનુભવ થાય છે. પરિણામે યોગીની કૃતકૃત્યતાનો પાર નથી રહેતો. એ અવસ્થાને પરમાત્માનો સાક્ષાત્કાર કહો, સ્વરૂપનું દર્શન કહો, પૂર્ણતાની પ્રાપ્તિ કહો કે નિર્બીજ સમાધિ કહો - એ એક અત્યંત ધન્ય ને અલૌકિક અવસ્થા છે તેની ના નહિ. છતાં પણ સાધનામય સંપૂર્ણ જીવનના સુંદર સિક્કાનું એ એક પાસું છે એ યાદ રાખવાનું છે. તેનું બીજુ પાસું પણ છે ને તે પરિપૂર્ણતાએ પહોંચેલા યોગીના જીવનમાં દેખાય છે. અથવા તો જો કોઈ કારણે ના દેખાતું હોય તો દેખાવું જોઈએ. એ પાસાને યોગીના નિર્બીજ સમાધિ પછીના જાગૃત જીવન સાથે વધારે સંબંધ છે. યોગી એવી સમાધિમાંથી જાગૃતિમાં આવે છે ત્યારે પણ તેને જ્યાં જુએ છે ત્યાં બધે જ પરમાત્માની સહજ અનુભૂતિ થયા કરે છે, ને પરિણામે તેનું મન તદ્દન શાંત ને નિર્વિકાર જ રહે છે. ગીતાના છઠ્ઠા અધ્યાયમાં એ અવસ્થાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે, ને એનો અનુભવ પણ યોગીએ કરવો જોઈએ. યોગ એ રીતે કેવળ નિરોધની સાધના નહિ, જાગૃતિ દશા દરમ્યાન સર્વોત્તમ રીતે પરમાત્મભાવમાં ઓતપ્રોત થઈને જીવવાની સાધના છે એ યાદ રાખવાની જરૂર છે.

### [૯] નિરોધ પરિણામ

ચિત્તની વૃત્તિનો નિરોધ થઈ જાય તે દશા કેટલી બધી આનંદદાયક ને અલૌકિક હોય છે ! એ દશાનો અનુભવ સાધકને જીવનમાં સૌથી પહેલી વાર થાય છે ત્યારે એના આનંદનો પાર નથી રહેતો. જાણે કોઈ મહામૂલું ધન મળી ગયું હોય એવા સંતોષ અને સુખથી એનું અંતર ઊભરાઈ જાય છે. સાધના સારુ જીવનભર ઊઠાવેલી જહેમત ત્યારે જ સફળ થાય છે, ને સફળ થઈ એમ એને લાગે છે. શરીરથી ઉપર ઉઠવાની એ અવસ્થા જ એટલી બધી અદ્દભૂત છે કે એનો અનુભવ થતાં સાધકનાં તન, મન ને અંતરમાંથી પ્રસન્નતા ને શાંતિના ફુવારા છૂટવા માંડે છે.

એ દશાની જેને પ્રાપ્તિ થાય છે તેને ધન્યવાદ ઘટે છે. યોગમાર્ગનાં મુસાફરોને આપણે કહીશું કે એની પ્રાપ્તિ માટે તૈયાર બનો, આતુર બનો, ને નિરંતર પરિશ્રમ કરો. જીવનને ધન્ય કે કૃતાર્થ કરનારી એ અવસ્થા આજ લગી બીજા અનેકને મળી છે તેમ તમને પણ મળી જાય તેને માટે બનતી બધી જ મહેનત કરો. જો મન મૂકીને મહેનત કરશો તો કાંઈ જ મુશ્કેલ નથી. આત્મનિરીક્ષણ કરો, તમારી જાતની શુદ્ધિ કરો, યમ ને નિયમમાં બને તેટલા પાવરધા બનો, સદ્દગુણ ને સદ્દવિચારની તાલીમ લો, ધ્યાન ને ધારણાનો આશ્રય લો, અથવા અભ્યાસ કરો ને એક ધન્ય દિવસે સમાધિના મંગળ મંદિરનાં બારણાં ઉઘાડીને જ શાંતિનો શ્વાસ લો.

ચિત્તની વૃત્તિનો નિરોધ થઈ જાય છે ત્યારે પણ, ચિત્તની અંદર સંસ્કારો તો રહે જ છે. એ સંસ્કારોનો સંપૂર્ણપણે નાશ નથી થતો, એટલે નિરોધની દશા દરમ્યાન, ચિત્તમાં જાગૃતિ ને નિરોધ બંને દશાના સંસ્કારો એકઠા થયા હોય છે. ફક્ત જાગૃતિ દશાના સંસ્કારો દબાઈ જાય છે અથવા તો સુષુપ્તપણે પડ્યા રહે છે

એટલું જ. ચિત્ત આખું બન્યું છે જ ભાવોનું, વિચારોનું, સંસ્કારોનું. તે ચિત્ત જાગૃતિની એક અવસ્થામાંથી સમાધિની બીજી અવસ્થામાં પ્રવેશ કરે એટલું જ. એટલે સમાધિ દશા દરમ્યાન ચિત્તના નિરોધ સંસ્કાર-સમાધિના બીજા સંસ્કાર પ્રકટ થાય છે. તેને ચિત્તનું નિરોધ ધર્મમાં પરિણીત થનારું નિરોધ પરિણામ કહેવામાં આવે છે.

**[૧૦] અવસ્થા-પરિણામ**

ચિત્તના નિરોધ પરિણામનો ઉલ્લેખ આગળના સૂત્રમાં કર્યા પછી, પતંજલિ હવે આ સૂત્રમાં ચિત્તનાં અવસ્થા પરિણામ વિશે કહી બતાવે છે. યોગીનો અભ્યાસ જેમ જેમ વધતો જાય છે તેમ તેમ, તેના મનની અંદર જાગૃતિ દશાના સંસ્કાર શાંત થતા જાય છે ને નિરોધ અથવા તો સમાધિ દશાના સંસ્કાર બળવાન બનતા જાય છે. પછી એ રીતે આગળ વધતાં ને અભ્યાસ મજબૂત બનતાં, એક અવસ્થા એવી આવે છે કે જ્યારે મનની અંદર એકલા નિરોધ સંસ્કારોનો પ્રવાહ ચાલ્યા કરે છે. જાગૃતિ દશાને બદલે સમાધિ દશાના સંસ્કાર જ તે વખતે વધારે ભાગે ને વિશાળ રૂપ ધારણ કરીને વહ્યા કરે છે. હવે તેવું મન કોઈ પણ પ્રકારની વધારે પડતી મુસીબત વગર શાંત થઈ જાય છે ને એકાગ્ર બની જાય છે. એવા મનમાં સાધારણ રીતે સાધકના મનને ચંચળ કરી નાંખનારા સંકલ્પવિકલ્પો નથી ઊઠતા ને એ મન દુન્યવી પદાર્થોમાં દોડતુંયે નથી. યોગી જ્યારે જાગૃતિ દશામાં હોય છે ત્યારે પણ સમાધિ દશાને પરિણામે પ્રાપ્ત થયેલા એ સંસ્કાર કાયમ રહે છે. તેને ચિત્તનું અથવા તે નિરોધ પામેલા ચિત્તનું અવસ્થા-પરિણામ કહે છે.

**[૧૧] સમાધિ પરિણામ**

હવે ચિત્તના સમાધિ પરિણામ વિશે. ચિત્તનું સમાધિ પરિણામ શું છે તે સમજવું મુશ્કેલ નથી. કેમ કે સમાધિ વિશે આપણે આ અગાઉ અનેક વાર વિચાર કરી ગયા છીએ.

સામાન્ય રીતે જાગૃતિદશા દરમ્યાન શું બને છે ? તે વખતે મનમાં અનેક પ્રકારના સંકલ્પવિકલ્પ ઊઠતાં હોય છે; મન ને તેની વૃત્તિ તે વખતે બહારના પદાર્થો કે વિષયોમાં લાગેલી હોય છે. પાણીનો કોઈ પ્રવાહ પૂરજોરથી વહેતો હોય તેવી તેની દશા હોય છે. યોગની સાધનાની મદદથી સાધક મનની એ વૃત્તિને શુદ્ધ કરે છે. સંકલ્પ, વિકલ્પ, ભાવ, લાગણી ને વિચારના એ પ્રવાહને પવિત્ર ને ઉત્તમ કરે છે, ને એ રીતે, તેનું મન સ્થિર થઈ જાય છે. પછી તે કોઈ એક જ ધ્યેય પદાર્થના ચિંતન, મનન કે ધ્યાનમાં પોતાના મનને લગાડી દે છે. શરૂઆતમાં તો મન એ રીતે એકદમ નથી લાગતું, કેમ કે એનો અગાઉનો અભ્યાસ એકદમ જુદો હોય છે. પરંતુ ક્રમે ક્રમે, ધીરે ધીરે શાંતિપૂર્વક અભ્યાસ કરવાથી, એ એમાં એકધારું વહેવા માંડે છે, પછી તો તેનું વહેવાનું પણ બંધ થઈ જાય છે, ને ધ્યેય પદાર્થની સાથે એકાકાર બની જાય છે. એ અવસ્થાને પતંજલિ ચિત્તનું સમાધિ પરિણામ કહે છે. તે વખતે ચિત્ત પોતાની વિક્ષિપ્ત દશામાંથી એકાગ્ર દશામાં આવી પહોંચે છે, અથવા કહો કે પરિણીત થાય છે.

યોગીએ પોતાના જીવનમાં વિકાસ કરીને આખરે એ અવસ્થા પર પહોંચવું પડે છે. સદ્‌ગુણોની પ્રાપ્તિ, સાત્વિકતા અથવા જીવનની શુદ્ધિ, જેમ કેટલાક વિદ્વાનો માને છે તેમ, ઉત્તમ જરૂર છે, ને તેના

સિવાયની ગાડી અટકી જાય તે પણ સાચું. જીવનમાં તેના સિવાય આવશ્યક એવો સર્વાંગસુંદર આધ્યાત્મિક વિકાસ ના થઈ શકે એ પણ સાચું. પરંતુ એમાં જીવનના આત્મિક વિકાસનું પૂર્ણવિરામ નથી આવી જતું એ પણ યાદ રાખવાનું છે. મનની નિર્મળતા ને સાત્વિકતાની પ્રાપ્તિ અત્યંત આવશ્યક હોવા છતાં જીવનના પરિપૂર્ણ વિકાસના સાધનરૂપ જ છે, એ સારી પેઠે સમજી લેવાની જરૂર છે. એ સાધનાની મદદથી આગળ વધીને, ધીરે ધીરે ધારણા, ધ્યાન ને સમાધિની અંદરની દુનિયામાં પ્રવેશ કરવાનો છે, ને પોતાની અંદર ને બહાર બધે જ પરમાત્માનો સાક્ષાત્કાર કરીને, પરમ શાંતિ, પરમાનંદ ને પ્રભુમય જીવનની પ્રાપ્તિ કરવાની છે. માનવજીવનના આધ્યાત્મિક વિકાસનો આદર્શ તો જ પૂરો થઈ શકે. એ અંતિમ આદર્શની સિદ્ધિ ના થાય ત્યાં સુધી, વચગાળાના કોઈ પણ સ્ટેશને ઊતરી પડીને તેને જ જીવનની સફરનું સર્વસ્વ સમજીને, સંતોષ તથા શાંતિનો શ્વાસ લઈને બેસી રહેવાની જરૂર નથી. તેવો ખોટો આત્મસંતોષ લાંબે વખતે અદૃશ્ય થઈ જશે. તે જીવનના વિકાસને માટે ખતરનાક નીવડશે એ નક્કી છે. વિવેકી સાધકે સમજશક્તિનો સદ્ઉપયોગ કરીને એમાંથી મુક્તિ મેળવીને વધારે આગળ વધવું જોઈએ.

**[૧૨] એકાગ્રતા-પરિણામ**

હવે એકાગ્રતા પરિણામ વિશે વિચાર કરી લઈએ. આ બધાં પરિણામ ચિત્તની જુદી જુદી ભૂમિકા અવસ્થા પરથી નક્કી કરવામાં આવ્યા છે. તેમની પાછળ ચિત્તની અવસ્થાઓને વધારે ને વધારે સૂક્ષ્મ રીતે, સ્પષ્ટ રીતે ને સંપૂર્ણપણે સમજવાની દૃષ્ટિ રહેલી છે.

પતંજલિએ આની પહેલાંના સૂત્રમાં જે સમાધિ-પરિણામની વાત કરી છે તે ધ્યાનની ઊંડી દશા અથવા તો સમાધિની શરૂઆતની અવસ્થા છે. તે દશા દરમ્યાન ચિત્તની ચંચળ ને વિક્ષિપ્ત દશાનો અંત આવે છે, ને ચિત્તની અંદર એકાગ્રતા અથવા તો સ્થિરતાનો પ્રવાહ પેદા થાય છે. એટલે કે વિક્ષિપ્ત વૃત્તિ શાંત થાય છે, ને સ્થિર અથવા તો શાંત વૃત્તિનો ઉદય થાય છે. એ પછી શાંત થનારી ને ઉદય પામનારી બંને વૃત્તિઓ એક થઈ જાય, એ બંનેની વચ્ચેનો ભેદ મટી જાય, ને પૂર્ણ એકાગ્રતાનો અનુભવ કરનારી ને એકાગ્રતાને ઓળખનારી વૃત્તિ પણ શાંત થઈ જાય ત્યારે એ અવસ્થાને ચિત્તની એકાગ્રતા-પરિણામનું નામ આપવામાં આવે છે.

સમાધિની દશા વધારે ને વધારે પરિપક્વ થતાં આખરે એનો અનુભવ થાય છે. એને સમાધિની ગાઢ અવસ્થા પણ કહી શકાય. એ અવસ્થાના અનુભવ પછી મન તદ્દન શાંત ને પ્રસન્ન બની જાય છે, ને બધી જાતની ચંચળતા દૂર થાય છે.

**[૧૩] ત્રણ પરિણામની સમજ**

વિભૂતિપાદમાં નવમા ને દસમા સૂત્રમાં નિરોધ સમાધિ દરમ્યાન થનારા ચિત્તના ધર્મ-પરિણામ, લક્ષણ-પરિણામ તથા અવસ્થા-પરિણામનું વર્ણન કરવામાં આવ્યું છે, ને અગિયારમાં ને બારમા સૂત્રોમાં સંપ્રજ્ઞાત સમાધિ દરમ્યાન થનારા ચિત્તના ધર્મ-પરિણામ, લક્ષણ-પરિણામ ને અવસ્થા-પરિણામનું વર્ણન

કરવામાં આવ્યું છે. એટલે એ રીતે પંચમહાભૂત ને બધી ઈન્દ્રિયોમાં થનારા ધર્મ-પરિણામ, લક્ષણ-પરિણામ ને અવસ્થા-પરિણામની વ્યાખ્યા થઈ ગઈ :

૧) ધર્મ-પરિણામ: ધર્મ-પરિણામ કોને કહેવાય ? કોઈ ધર્મોમાં એક ધર્મનો લય થઈને બીજા ધર્મનો ઉદય થાય ત્યારે તેને ધર્મ-પરિણામ કહેવામાં આવે છે. નવમા ને અગિયારમા સૂત્રોમાં એ જ પરિણામનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તે સૂત્રોમાં કહ્યા પ્રમાણે ચિત્તરૂપી ધર્મીના જાગૃતિ દશા દરમ્યાનના સંસ્કારો દબાઈ જાય, ને નિરોધ દશાના સંસ્કારો પ્રકટ થાય ત્યારે ધર્મ-પરિણામ થયું કહેવાય છે. અગિયારમાં સૂત્રમાં સર્વાતારરૂપી ધર્મનો ક્ષય ને એકાગ્રતારૂપી ધર્મનો ઉદય બતાવવામાં આવ્યો છે. સંસારમાં બીજા પદાર્થોને પણ તે નિયમ લાગુ પડે છે. માટીમાં પિંડરૂપ ધર્મનો ક્ષય ને ઘડારૂપ ધર્મનો ઉદય થાય છે. પછી ઘડારૂપી ધર્મનો ક્ષય ને ઠીકરીરૂપી ધર્મોનો ઉદય થાય છે. તેવી બીજી બધી વસ્તુના સંબંધમાં સમજી લેવાનું.

૨) લક્ષણ-પરિણામ: લક્ષણ-પરિણામ ધર્મ-પરિણામની સાથે સંકળાયેલું છે. વર્તમાન ધર્મનો નાશ થઈ જાય તે તેનું અતીત લક્ષણ-પરિણામ છે. અનાગત ધર્મનું પ્રકટ થવું તે તેનું વર્તમાન લક્ષણ-પરિણામ છે. ને પ્રકટ થતાં પહેલાં તે અનાગત લક્ષણથી યુક્ત હોય છે. ત્રણે ધર્મનાં લક્ષણ-પરિણામ છે. અગિયારમાં સૂત્રમાં ચિત્તના સર્વાથતા ધર્મના ક્ષયની વાત કહી છે, તે તેનું અતીત લક્ષણ-પરિણામ છે. વળી તે સૂત્રમાં એકાગ્રતારૂપ ધર્મના ઉદયની વાત પણ કહેવામાં આવી છે તે તેનું વર્તમાન લક્ષણ-પરિણામને રૂપે હાજર હતો. એવું જ બીજી બધી વસ્તુના સંબંધમાં પણ સમજી લેવાનું છે.

૩) અવસ્થા-પરિણામ: અવસ્થા-પરિણામ તેના નામ પ્રમાણે મોટે ભાગે એક અથવા બીજી અવસ્થાને લાગુ પડે છે. કોઈ પણ વસ્તુનો જે વર્તમાન લક્ષણયુક્ત ધર્મ હોય છે. તેમાં નવીનતાને બદલે પ્રાચીનતા આવતી જાય છે. તેમાં ક્ષણે ક્ષણે ફેરફાર થયા કરે છે ને છેવટે વર્તમાન લક્ષણનો ત્યાગ કરીને એ અતીત લક્ષણમાં પ્રવેશ કરે છે. એને લક્ષણનું અવસ્થા-પરિણામ કહેવામાં આવે છે. અગિયારમાં સૂત્ર પ્રમાણે ચિત્તરૂપી ધર્મીનો વર્તમાન લક્ષણવાળો સર્વાથતારૂપી ધર્મ દબાઈ જઈને અતીત લક્ષણને પ્રાપ્ત થાય છે. તે વખતે વર્તમાનકાળમાં તેનો દબાઈ જવાનો જે ક્રમ છે તે તેનું અવસ્થા-પરિણામ છે. તે ઉપરાંત, એકાગ્રતારૂપી ધર્મ અનાગત લક્ષણમાં હોય છે તે વર્તમાન લક્ષણમાં આવે છે. તે વખતે તેનો ઉદય થવાનો જે ક્રમ છે તે અવસ્થા-પરિણામ કહેવાય છે એ રીતે, એક અવસ્થામાંથી બીજી અવસ્થામાં થનારા પરિવર્તનને જ અવસ્થા-પરિણામ કહે છે. એવું અવસ્થા-પરિણામ કાયમને માટે ચાલુ જ હોય છે. પ્રકૃતિનો સ્વભાવ જ એવો છે કે એ એક અવસ્થામાં નથી રહેતી, એમાં ફેરફાર થયા જ કરે છે. તેમાંથી પેદા થયેલા પદાર્થોનું પણ એવું જ સમજી લેવાનું છે. શરીરનો જ વિચાર કરો ને ! તે બાલ્યાવસ્થાથી યુવાવસ્થામાં ને યુવાવસ્થાથી વૃદ્ધાવસ્થામાં પલટાય છે. પરંતુ અવસ્થાનું એ પરિણામ કાંઈ એકસામટું નથી થતું. તેમાં પ્રત્યેક પળે પ્રગતિ થતી હોય છે. ફક્ત તેનો ખ્યાલ બહુ લાંબે વખતે આવે છે એટલું જ.

ધર્મ-પરિણામ, લક્ષણ-પરિણામ ને અવસ્થા-પરિણામમાં બહુ મોટો ભેદ નથી. તેમની અંદર જે ભેદ છે તે અત્યંત સૂક્ષ્મ છે. તેને ટૂંકમાં આ રીતે સમજી શકાય. ધર્મ-પરિણામમાં ધર્મીના ધર્મનું પરિવર્તન થાય છે. લક્ષણ-પરિણામમાં પહેલાંનો ધર્મ અદ્રશ્ય થઈ જાય છે, ને નવો ધર્મ પ્રકટ છે. એ રીતે ધર્મનું લક્ષણ બદલાય છે ને અવસ્થા-પરિણામમાં ધર્મની અવસ્થા બદલાય છે.

**[૧૪] ત્રણ ધર્મો વિષે**

હવે પતંજલિ ધર્મી કોને કહેવાય તે વિશે પોતાના વિચારો રજૂ કરી રહ્યા છે. તે વિશે તે સમજાવે છે કે ભૂત, વર્તમાન તથા ભવિષ્યમાં જે ધર્મો થાય છે તે ધર્મોમાં જે આધારરૂપે અસ્તિત્વ ધરાવે છે, અથવા તો તે ધર્મો જેને આધારે થતાં ને રહેતા હોય, તેને ધર્મી કહી શકાય. કોઈ પણ પદાર્થમાં જે શક્તિઓ રહે છે તે ધર્મના નામથી ઓળખાયું છે ને તે પદાર્થને ધર્મી કહે છે. ધર્મની અંદર પરિવર્તન થયા કરે, પણ ધર્મીનું સ્વરૂપ એવું જ રહે.

કોઈ પદાર્થમાંથી જે કાંઈ બની ગયું હોય, બની રહ્યું હોય, તેમજ જે કાંઈ બનવાનો સંભવ હોય, તેને તે પદાર્થનો ધર્મ કહેવાય છે. એક પદાર્થની અંદર એવા ધર્મ અનેક રહે છે. જુદા જુદા પદાર્થની અંદર એવા ધર્મ અનેક રહે છે, ને જુદા જુદા કારણથી ઉત્પન્ન તેમજ શાંત થયા કરે છે. એ ધર્મના ત્રણ ભેદ અહીં કહી બતાવ્યા છે. (૧) અતીત ધર્મ (૨) વર્તમાન કે ઉદિત ધર્મ ને (૩) અવ્યપદેશ્ય કે ભવિષ્યમાં પ્રકટ થનારા ધર્મ.

૧) અતીત ધર્મ : જે ધર્મ પોતાનું ચાલુ કામ પૂરું કરીને પોતાના ધર્મીમાં મળી જાય છે, તે શાંત થઈ ગયો, ભૂતકાળમાં ચાલ્યો ગયો અથવા અતીત કહેવાય છે. બરફ પાણીમાંથી પેદા થાય છે. તે ઓગળીને પાણીમાં એકરસ થઈને પાણી સાથે એકાકાર બની જાય, તેને અતીત કહેવાય છે. બરફનો અથવા બરફરૂપે રહેલા પાણીનો એ અતીત ધર્મ છે.

૨) વર્તમાન કે ઉદિત ધર્મ : ઉદિત ધર્મ ઉદય પામેલો, ચાલુ અથવા તો વર્તમાન કહેવાય છે. ધર્મ ધર્મીની અંદર મૂળભૂતરૂપે તો રહેલા હોય છે. તે પ્રકટ થાય છે, કામ કરે છે, કે બહાર દેખાય છે ત્યારે વર્તમાન કે ઉદિત કહેવાય છે. બરફનો જ વિચાર કરો તો આ વાત સહેલાઈથી સમજી શકાશે. બરફ પોતાના વર્તમાન સ્વરૂપમાં પ્રગટ થતાં પહેલાં પાણીમાં શક્તિરૂપે હાજર હોય છે જ. બરફ પાણીનો વર્તમાનધર્મ કહી શકાય.

૩) અવ્યપદેશ અથવા ભવિષ્યમાં પ્રકટ થનારા ધર્મ : ભવિષ્યમાં પ્રકટ થનારા ધર્મ હજી પ્રકટ થયા નથી. પરંતુ ધર્મીની અંદર શક્તિના રૂપમાં રહેલા છે. પાણીની અંદર બરફ રહેલો છે. તે પાણીનો અવ્યપદેશ્ય કે ભવિષ્યમાં પ્રકટ થનારો ધર્મ છે.

આવી રીતે પદાર્થના ત્રણ ધર્મો વિશે સમજી લેવાનું છે.

**[૧૫] પરિણામની ભિન્નતા**

પદાર્થ એક જ હોય છે. પરંતુ જે ક્રમમાંથી તે પસાર થાય છે તે ક્રમમાં ભેદ હોય છે. દરેક વખતે તે જુદા જુદા ક્રમમાંથી પસાર થાય છે. એટલે તે ક્રમ મુજબના પરિણામમાં પણ ફેર પડે છે. એક પદાર્થનું પરિણામ એક ક્રમથી જે આવે છે, તેના કરતાં બીજા ક્રમથી જુદું જ આવે છે. ત્રીજા ક્રમમાંથી પસાર થયા પછી તેનું પરિણામ વળી જુદું જ આવે છે. પરિણામની ભિન્નતાનો બધો જ આધાર એ પ્રમાણે ક્રમની ભિન્નતા પર રહેલો છે.

આ વાતને સારી પેઠે સમજવા માટે એક-બે ઉદાહરણ લઈ શકાય તેમ છે. રૂ એક પદાર્થ છે. તેમાંથી વસ્ત્ર બનાવવાનું કામ કરવું હોય છે ત્યારે તેને માટે જુદા જ ક્રમમાંથી પસાર થવું પડે છે. પરંતુ તેમાંથી વસ્ત્રને બદલે જો દીવેટ ને દોરી બનાવવી હોય તો તેનો કાર્યક્રમ જુદો જ હોય છે. તે વખતે, તે સંબંધમાં, તેને તદ્દન જુદા જ ક્રમમાંથી પસાર થવું પડે છે. ક્રમમાં ફેરફાર થવાથી તે પદાર્થનું પરિણામ પણ જુદું આવે છે.

એ વાતને સમજવા માટે એક બીજી પદ્ધતિનો આધાર પણ લઈ શકાય. પાણીમાં ઠંડીની વધારે પડતી અસરથી બરફરૂપી ધર્મ ઉત્પન્ન થાય છે, પરંતુ વધારે પડતી ગરમીની અસર નીચે જો તે આવે, તો તેમાં વરાળ પેદા થવાનો પ્રારંભ થઈ જાય છે. પરિણામની ભિન્નતા એ રીતે પરિસ્થિતિની પ્રગતિના ક્રમ અથવા તો વિકાસના તબક્કા પર આધાર રાખે છે. ક્રમમાં ફેર પડવાથી એક જ ધર્મી અથવા તો એક જ પદાર્થ જુદાં જુદાં નામ ને રૂપથી સંપન્ન બની જાય છે. ફૂલની માળા પણ બને છે ને ફૂલ કરમાઈને માટીમાં પણ મળી જાય છે. એવી જ રીતે બીજા બધા પદાર્થો ને તેમના પરિણામના સંબંધમાં સમજી લેવાનું છે. પ્રકૃતિ આખી છે જ પરિવર્તનશીલ કે ચંચળ. એકરૂપ અથવા એક અવસ્થામાં રહેવું એ એનો સ્વભાવ જ નથી. એમાંથી પેદા થયેલા પદાર્થોનું પણ એવું જ છે. એમની અંદર ફેરફાર થયા જ કરે છે. એમની અંદર જુદાં જુદાં પરિણામોનું દર્શન થયા જ કરે છે.

**[૧૬] ભૂત તથા ભવિષ્યનું જ્ઞાન**

ભૂત તથા ભવિષ્યનું જ્ઞાન થઈ શકે છે ખરું ? જરૂર થઈ શકે છે. એ બાબત શંકા કરવાનું કોઈ જ કારણ નથી. ભૂત તથા ભવિષ્યનું જ્ઞાન ધરાવનારા કેટલાય સંતો આ દેશમાં થઈ ગયા છે, ને આજે પણ એવા સંતોનો એકદમ અભાવ છે એમ નથી. પોતાની શક્તિનો સમજપૂર્વક વિકાસ કરીને એમણે જુદી જુદી સિદ્ધિ મેળવી છે. એવી રીતે આજે પણ કોઈ સાધક તે મેળવી શકે છે. ફક્ત તેને માટે આશા, તમન્ના ને જરૂરી પુરુષાર્થ જોઈએ. સાધારણ સાધકોનું મનોબળ એટલું મજબૂત નથી હોતું. તેથી તેને માટે એવી સિદ્ધિ અથવા તો વિશેષ શક્તિની વાત આકાશના ફૂલ જેવી છેક અસંભવ થઈ પડે છે. તેને એ અસંભવ પણ લાગે છે. પરંતુ એમાં અસંભવ જેવું કશું જ નથી. પોતાની શક્તિને ખીલવીને કોઈ પણ માણસ વિકાસની સાધારણ અથવા અસાધારણ કોઈયે ભૂમિકાએ પહોંચી શકે છે. એમાં કોઈ પણ પ્રકારનો સંદેહ નથી.

બીજી વાત પણ વિચારવા જેવી છે. ભૂત તથા ભવિષ્યનું જ્ઞાન કેવી રીતે થઈ શકે ? એ પ્રશ્ન પણ આપોઆપ ઊઠે છે. ને પતંજલિ આ સૂત્રમાં એનો જ ઉત્તર આપી રહ્યા છે. તે કહે છે કે કોઈપણ પદાર્થનાં ત્રણ પરિણામ હોય છે. ધર્મ-પરિણામ, અવસ્થા-પરિણામ ને લક્ષણ-પરિણામ. તે ત્રણ પરિણામોમાં સંયમ કરવાથી, એટલે કે ધ્યાન, ધારણા ને સમાધિ કરવાથી યોગી કોઈ પણ વસ્તુનું મૂળ કારણ જાણી શકે છે, વર્તમાન દશાના તેના રહસ્યને પણ સમજી શકે છે, ને જુદી જુદી જાતનાં પરિવર્તનોમાંથી પસાર થયા પછીનું તેનું જે ભવિષ્યમાં નક્કી થનારું રૂપ હોય તેને પણ જાણી શકે છે. એ રીતે ભૂત, ભાવિ તથા વર્તમાન રહસ્યનું જ્ઞાન તેને સહેલાઈથી થઈ જાય છે.

ભૂત, ભાવિ ને વર્તમાન પદાર્થો કે પ્રસંગો અથવા તો ઘટનાઓનું જ્ઞાન યોગમાર્ગના ઉત્તમ અવસ્થાવાળા સાધકને તો થાય છે જ, પરંતુ ઉત્તમ પ્રકારના ભક્તને પણ હોઈ શકે છે. ઉત્તમ પ્રકારનો ભક્ત એટલે જેણે ઈશ્વરનો સાક્ષાત્કાર કર્યો હોય ને જીવનને ઈશ્વરમય બનાવ્યું હોય તે ઈશ્વરની વિશેષ કૃપાથી તેવી શક્તિ અથવા તો તેવું જ્ઞાન મેળવી શકે છે. તેની ઈચ્છાને માન આપીને તેને સંતોષ શાંતિ આપવા, ઈશ્વર તેની આગળ તેવું જ્ઞાન ખુલ્લું કરે છે. સ્વપ્ન, ધ્યાન, સમાધિ ને જાગૃતિ દશામાં, અવનવા અનુભવો આપીને, તે જ્ઞાન તે પૂરું પાડે છે. એવી માહિતી ભક્તને માટે લાભકારક થતી હોય તો ઈશ્વર પોતાની કૃપાથી તેની આગળ તે ખુલ્લી કરે છે.

**[૧૭] સઘળાં પ્રાણીની વાણીનું જ્ઞાન**

સિદ્ધિનાં આ બધાં સૂત્રો એક રીતે ખાસ વિચારવા જેવાં છે. માનવની શક્તિ કેટલી હદે વિકસી શકે છે, ને એ શક્તિનો વિકાસ કરીને માનવ આત્મોન્નતિની કેવી ઉચ્ચોઉચ્ચ અવસ્થાએ પહોંચી શકે છે, તેનો દસ્તાવેજી પુરાવો તેમની મારફત મળી રહે છે. પ્રાચીન ભારતમાં યોગની સાધનાએ કેવાં કેવાં સિદ્ધિના શિખર સર કર્યાં હતાં ને આજે પણ સર કરી શકે તેમ છે, તેનો ચોક્કસ ખ્યાલ આ બધાં સૂત્રો પરથી સહેજે આવી શકે છે. માણસ જો તે સમજે ને વિચારે તો તેને ઘણો ઘણો લાભ થાય, ને તે પોતાના આધ્યાત્મિક વિકાસને માટે તૈયાર થાય તથા મહેનત કરે એમાં લેશ પણ શંકા નથી. તે પોતાનો સમય ને પોતાની શક્તિ બચાવે છે, ને તેનો સદ્‌પયોગ કરીને જીવનને વધારે ને વધારે ઉત્તમ અથવા આદર્શ કરવાની કોશિષ કરે.

પતંજલિએ જે જુદી જુદી સિદ્ધિનો ઉલ્લેખ કર્યો છે તે સિદ્ધિની વાત એકલા અનુભવથી જ પૂરેપૂરી રીતે સમજાય તેવી છે. એકલી બુદ્ધિ કે એકલા તર્કથી તેનો સાચો ને સંપૂર્ણ ઉકેલ ના મળી શકે. અનુભવસિદ્ધ યોગી પુરુષો જ તેને સંપૂર્ણપણે સમજી શકે તેમ છે. બુદ્ધિ કે તર્ક તેને સમજવામાં મદદરૂપ જરૂર થઈ શકે, પરંતુ તે માટે અનુભવની જરૂર પડે છે.

આ સૂત્રમાં પતંજલિ હવે બીજી અજબ લાગે અથવા નવાઈમાં નાખી દે એવી સિદ્ધિનું વર્ણન કરે છે. તે કહે છે કે શબ્દ, અર્થ ને જ્ઞાન એ ત્રણેનું, એકમાં બીજાનો અધ્યાસ થવાને લીધે, મિશ્રણ થઈ ગયું છે. તે ત્રણેના વિભાગમાં સંયમ કરવાથી યોગીને જુદી જુદી જાતનાં બધાં પ્રાણીની વાણીનું જ્ઞાન થઈ જાય છે. કોઈ પણ પ્રાણીની ભાષા તે સહેલાઈથી સમજી શકે છે.

**[૧૮] પૂર્વ જન્મનું જ્ઞાન**

બધાં પ્રાણીની વાણીનું જ્ઞાન થવાની સિદ્ધિ કેટલી બધી મોટી ને નવાઈમાં નાખી દે એવી છે ! પરંતુ એવી તો નવાઈમાં નાખી દેનારી સિદ્ધિઓ બીજી કેટલીય છે ને તે સૌનું વર્ણન પતંજલિ ક્રમે ક્રમે કરી રહ્યા છે. સાધનામય જીવનથી જેમનો સંબંધ છૂટી ગયો છે, ને તેવા જીવનની શક્યતાની જેમની સમજ કાચી છે, તેમને તે બધી સિદ્ધિની વાત સાંભળીને નવાઈ લાગે તે સમજી શકાય તેમ છે. પરંતુ સાધકો કે સ્વાનુભવી પુરુષોને તેમાં નવાઈ જેવું કશું જ નહિ લાગે. આ આખો વિષય બુદ્ધિ કરતાં અનુભવનો વધારે છે ને થોડોક પણ અનુભવ હોય તો જ સંપૂર્ણપણે ને સારી રીતે સમજાય તેમ છે. જે અનુભવી યોગી છે તેને તો સિદ્ધિ

અથવા તો વિશેષ શક્તિનાં આવાં વર્ણન વાંચીને આનંદ જ થશે. વિકાસના માર્ગમાં એને આ બધું જ છેક સહજ કે સ્વાભાવિક લાગશે.

પતંજલિ કહે છે કે યોગીને પૂર્વજન્મનું જ્ઞાન પણ થઈ શકે છે. તન, મન તથા ઈન્દ્રિયોથી જે કાંઈ કર્મ કરવામાં અથવા અનુભવવામાં આવે; તેના સંસ્કાર અંતઃકરણમાં એકઠા થાય છે. તે સંસ્કાર બે પ્રકારના હોય છે. એક તો વાસનારૂપ સંસ્કાર ને બીજા ધર્માધર્મરૂપ સંસ્કાર. એક સ્મૃતિના ને બીજા આયુ તથા ભોગના કારણરૂપ હોય છે. એ સંસ્કારોના સંયમ કરવાથી યોગીને પોતાના પૂર્વજન્મનું જ્ઞાન થઈ શકે છે. યોગી પોતાના પૂર્વજન્મને જાણવાનો સંકલ્પ લઈને કે નિશ્ચય કરીને સાધના શરૂ કરે ને ધ્યાનમાં બેસે એટલે થયું. એનું મનોબળ એટલું બધું તીવ્ર ને મજબૂત હોય છે કે થોડા વખતમાં જ તેના મનની સંસ્કારપેટી ઉઘડી જાય છે. મનમાં સૂતેલા કે જાગેલા સંસ્કાર કોઈક કપડાંની ગડી ઉઘાડી થાય તેમ ઉઘડી જાય છે. ભૂતકાળની હકીકત તેના મનની સાધના દ્વારા સૂક્ષ્મ થઈ ગયેલા, પાતળા પડી ગયેલા પડદા પર આવીને ઊભી રહે છે. યોગીએ કરેલા સંકલ્પના પ્રત્યાઘાતરૂપે કે ઈશ્વરની ઈચ્છાને પરિણામે એવું જ્ઞાન આપોઆપ થતું હોય છે.

પોતાના પૂર્વજન્મની પેઠે યોગી બીજા કોઈનો પૂર્વજન્મ પણ, એની ઈચ્છા હોય તો જાણી શકે છે. પતંજલિ એ હકીકત તરફ પણ આપણું લક્ષ ખેંચે છે. પૂર્વજન્મના એવા જ્ઞાનથી યોગીને લાભ જ થાય છે. ગત જન્મના વિકાસનો વિચાર કરીને, તેમાંથી પ્રેરણા મેળવીને, એ આગળ વધી શકે છે, ને પોતાના જીવનને વધારે ને વધારે ઉજ્જવળ બનાવે છે. એવું જ્ઞાન એના માર્ગમાં મદદરૂપ થઈ પડે છે એ નક્કી છે. આ રહ્યું મહર્ષિ પતંજલિનું એ વિશેનું સુંદર સૂત્ર : **प्रत्ययस्य परचित्तज्ञानम् ॥१९॥**

### [૧૯] બીજાના ચિત્તનું જ્ઞાન

બધા જ યોગીઓને પૂર્વજન્મનું જ્ઞાન હોય છે એમ નથી બનતું. બધા યોગી તે માટે મહેનત પણ નથી કરતા ને તેની જરૂર પણ નથી હોતી. જેમને તેની જરૂર હોય છે તેમને તે મળે છે. અલબત્ત, તે માટે મહેનત ઘણી જ કરવી પડે છે, પરંતુ કોઈએ એમ નથી માની લેવાનું કે જેને પૂર્વજન્મનું જ્ઞાન ના થયું હોય તે મહાન યોગી ના કહી શકાય. પૂર્વજન્મના જ્ઞાન સિવાય પણ માણસ મહાન યોગી હોઈ શકે છે, તથા ઈશ્વરદર્શી પણ બની શકે છે. તેનું જ્ઞાન તો એક વચગાળાની સિદ્ધિ છે ને જીવન અથવા પૂર્ણ જીવનનું સારસર્વસ્વ નથી. એનો આધાર લઈને યોગીએ વધારે ને વધારે આગળ વધવાનું છે.

એવી જ એક બીજી સિદ્ધિ અથવા વિશેષ શક્તિનું પતંજલિ વર્ણન કરે છે. તે કહે છે કે જે યોગી પોતાના ચિત્ત પર પૂરેપૂરો સંયમ કરી લે છે તે યોગીને બીજાની ચિત્તનું જ્ઞાન થઈ શકે છે. પતંજલિ કેવી અસાધારણ ને સાધારણ માણસની કલ્પનામાં ના આવે એવી સિદ્ધિનું વર્ણન ક્રમે ક્રમે કરી રહ્યા છે તેનો વિચાર તો કરી જુઓ.

યોગી પોતાની શક્તિનો વિકાસ કરીને સિદ્ધિનાં કેવાં કેવાં શિખર સર કરી શકે છે તેનો ખ્યાલ પતંજલિમાં આ સૂત્રો પરથી સહેજે આવી શકે છે. બીજાના ચિત્તનું જ્ઞાન તેને થઈ જાય છે... એનો અર્થ એવો લેવાનો છે કે જાણી શકે છે. બીજાનું ચિત્ત જે વિષયનું ચિંતન કરે છે તે વિષયનું જ્ઞાન તેને થઈ શકે છે એમ પણ કહી શકાય. તેને માટેનો સંકલ્પ કરી, તેના પર સંયમ કરવાથી, તેને એ જ્ઞાન થઈ શકે છે. એવા

જ્ઞાનથી તેને લાભ થાય છે. એવું જ્ઞાન એની અહંતા-મમતાને પોષનારું તથા એને કુમાર્ગે લઈ જનારું ના થાય એનું ખાસ ધ્યાન રાખવાનું છે, નહિ તો તેને માટે તે ખરેખર ખતરનાક થઈ પડશે. બીજી યાદ રાખવાની વાત એ છે કે એ શક્તિનો ઉપયોગ કરીને તેણે બીજાના દુર્ગુણો, અપરાધો ને દુષ્કર્મોને જ્યાં ત્યાં જાહેર કરવાની જરૂર નથી. એથી પણ કોઈ ઉપયોગી હેતુ નહિ સરે. કોઈ પણ શક્તિ, સરવાળામાં જો પોતાને ને બીજાને લાભદાયક થતી હોય, ને આત્મોન્નતિમાં મદદરૂપ થતી હોય, તો જ તેની કિંમત છે. યોગી એવી શક્તિ મેળવીને જો ધન ને યશની પાછળ પડે તો તેથી તેને નુકસાન જ થાય એ દેખીતું છે.

**[૨૦] અંતર્ધાન થવાની શક્તિ**

પતંજલિ કહે છે કે યોગી જેમ જેમ વિકાસ કરે છે કે આગળ વધે છે તેમ, તેને અંતર્ધાન થવાની શક્તિ પણ મળે છે એટલે એ અદૃશ્ય પણ થઈ શકે છે. પોતાના શરીરના રૂપમાં સંયમ કરી લેવાથી, બીજાની નજરે પડનારા શરીરના બહારના રૂપનો એ અવરોધ કરી શકે છે. તે વખતે બીજાની આંખના પ્રકાશ સાથે તેના શરીરનો સંબંધ નથી થતો.

અંતર્ધાન થવાની શક્તિવાળો યોગી જ્યારે ધારે ત્યારે અંતર્ધાન થઈને પોતાનું શરીર બીજાની આગળ છતું કરી શકે છે. એ શક્તિ પણ એની અંદર સહજ રીતે જ આવી જાય છે.

ભારતમાં એવા યોગી ઘણા થયા છે. આજે પણ એવા યોગી નથી એમ નહિ. એમની સંખ્યા ભલે ઓછી હોય પણ એમનો એકદમ અભાવ નથી જ. યોગની સાધના જ એવી અટપટી છે કે એમાં રસ લેનારા સાધકો જ ઓછા રહેવાના. એ સાધનાને સાંગોપાંગ પાર ઉતારનારા વળી એથી પણ ઓછા રહેવાના. સિદ્ધિને મેળવી ચૂકેલા તો કોઈક વિરલ જ હોય એ સહેજે સમજી શકાય તેવું છે. પરંતુ એવા સિદ્ધ યોગીનો એકદમ અભાવ તો નથી જ.

એક બીજી વાત પણ યાદ રાખવાની છે. એ યોગી અદૃશ્ય થાય છે ત્યારે એકદમ અદૃશ્ય નથી થઈ જતા, પણ ધીરે ધીરે કે ક્રમે ક્રમે દેખાતા બંધ થાય છે. પહેલાં અર્ધા બંધ થાય છે, પછી વળી અર્ધા ને પછી તદ્દન અદૃશ્ય થઈ જાય છે. અનુભવી પુરુષો આ વાત સહેલાઈથી સમજી શકશે.

**[૨૧] મૃત્યુનું જ્ઞાન**

હવે પતંજલિ કહે છે કે યોગીને મૃત્યુનું જ્ઞાન પણ થઈ શકે છે. મૃત્યુના જ્ઞાન જેવું બીજું જ્ઞાન સમાધિ દશામાં પણ થઈ શકે છે. પોતાના મૃત્યુ વિશે માહિતી મેળવવાનો સંકલ્પ લઈને યોગી ધ્યાનમાં બેસી શકે છે. તેનું મન એટલું બધું નિર્મળ બની ગયું હોય છે તથા સ્થિર થવાની કળામાં એટલું બધું કુશળ હોય છે, કે તેને સમાધિની દશાની પ્રાપ્તિ થાય છે, ને તે દશામાં તેને મૃત્યુ વિશેની માહિતી મળી જાય છે. તેવી માહિતી તેની પોતાની જિજ્ઞાસાના જવાબમાં મળતી હોય છે, તે રીતે પોતાનું મૃત્યુ ક્યાં થશે, ને ક્યારે થશે તે વિશે તે જાણી શકે છે. સાથે સાથે, જો તેની ઈચ્છા હોય તો બીજાના મૃત્યુ વિશે પણ જાણી લે છે.

જે ભક્તિમાર્ગના મુસાફર છે તે પોતાના ઈષ્ટદેવ, દેવી કે ઈશ્વરની કૃપાથી જીવન અથવા તો મરણની એવી માહિતી મેળવી શકે છે. કોઈ ત્રિકાળદર્શી સિદ્ધ પુરુષો પણ કેટલીક વાર કોઈક સાધકો પર કૃપા કરીને એવું જ્ઞાન પૂરું પાડે છે.

મૃત્યુની દશા પહેલાં શરીરમાં જે અમુક ખાસ લક્ષણો પેદા થાય છે તે લક્ષણો પરથી પણ કેટલાક એ લક્ષણોને ઓળખનારા અનુભવી પુરુષો મૃત્યુના ચોક્કસ વખત વિશે કહી દે છે. સ્વરોદય શાસ્ત્રના અભ્યાસી પણ મૃત્યુનું એવું જ્ઞાન મેળવી શકે છે.

ભગવાન પતંજલિ આ સૂત્રમાં એક બીજા જ સાધનનો ઉલ્લેખ કરે છે. તે કહે છે કે માણસનું આયુષ્ય બે પ્રકારનાં કર્મો પર આધાર રાખે છે. એક તો સોપક્રમ ને બીજાં નિરુપક્રમ કર્મ. જેમનું ફલ આપવાનું કામ શરૂ થઈ ગયું છે તે સોપક્રમ કર્મ કહેવાય છે ને જે કર્મોએ ફલ આપવાની શરૂઆત નથી કરી, તે કર્મો નિરૂપક્રમ કર્મો કહેવાય છે. તે બંને પ્રકારનાં કર્મો પર સંયમ કરવાથી યોગીને મૃત્યુનું જ્ઞાન થઈ શકે છે.

પરંતુ આના પરથી એમ નથી સમજવાનું કે જેને મૃત્યુનું જ્ઞાન પહેલેથી જ ના થયું હોય તે યોગી ના હોઈ શકે, અથવા તો ઉતરતી કોટિનો હોઈ શકે. મૃત્યુનું જ્ઞાન ના થવામાં પણ કેટલીક વાર યોગીનું મંગળ હોય છે. તેવા સંજોગોમાં ઈશ્વર તેને તેવા જ્ઞાનથી વંચિત રાખે છે અથવા તો તેવા જ્ઞાનની ઈચ્છા પણ તેનામાં ઉત્પન્ન નથી કરતા. મૃત્યુનું જ્ઞાન તો એક વિશેષ શક્તિ કે સિદ્ધિ છે, ને તેના વિના પણ માણસ યોગી હોઈ શકે છે, રહી શકે છે ને મહાન બની શકે છે. એટલું યાદ રાખવાનું છે. માણસની સાચી મહાનતા તેની સાત્વિક્તા ને પ્રભુપરાયણતા પરથી જ અંકાય છે.

**[૨૨] ભાવના અનુસાર શક્તિ**

હવે પતંજલિ જુદી જુદી ભાવનાઓમાં સંયમ કરવાની વાત કરે છે. મૈત્રી, કરુણા ને મુદિતા એ ત્રણે ભાવનાનો ઉલ્લેખ આગળ પર આવી ગયો છે. તે પ્રમાણે જે સુખી મનુષ્યો છે તેમનામાં મિત્રતાની ભાવના કરતાં શીખવાનું છે. તેવી ભાવનાના સંયમ અથવા તો સેવનથી યોગી સૌનો મિત્ર બને છે, ને સૌને સુખ પહોંચાડવાની શક્તિમાં પ્રવિણતા મેળવે છે.

દુઃખી મનુષ્યોને જોઈને કરુણાની ભાવના કરવાની છે. તે ભાવનાનો સંયમ સાધવાથી અથવા તો તે ભાવનાનું સતત સેવન કરવાથી, યોગીનો સ્વભાવ ખૂબ દયાળુ ને કોમળ થઈ જાય છે, તથા એનામાં બીજા જીવોનાં દુઃખ દૂર કરવાની શક્તિ આવે છે.

ત્રીજી ભાવના મુદિતાની છે. તે ભાવના જે પુણ્યશાળી પુરુષો છે તેમનામાં કરવાની છે. તે ભાવનાના સંયમ અથવા તો સેવનથી યોગી રાગદ્વેષથી પર થાય છે તથા પ્રસન્નતાની મૂર્તિ બની જાય છે. ભય ને શોકથી તે સદાને સારું પર થઈ જાય છે. બીજાને પણ તેના સમાગમથી પ્રસન્નતાથી પ્રાપ્તિ થાય છે.

યોગીના સ્વભાવનો વિકાસ જ એવો છે કે આ ભાવનાઓ તેને માટે સહજ થઈ પડે છે. આ ભાવનાઓના સેવન માટે તેને કોઈ વિશેષ પરિશ્રમ કરવો પડતો નથી. આ ભાવનાઓનું સ્થાન જેના જીવનમાં ના હોય તેને સાચો યોગી કહી પણ કેવી રીતે શકાય ? યોગીના જીવનમાં મૈત્રી, કરુણા ને મુદિતાની આ ભાવનાઓ તાણા ને વાણાની પેઠે વણાઈ ગઈ હોય છે.

### [૨૩] બળની પ્રાપ્તિ

પતંજલિ કહે છે કે યોગી જે જાતનું બળ પ્રાપ્ત કરવાની ઈચ્છા કરે તે જાતનું બળ તેને સહેલાઈથી પ્રાપ્ત થઈ શકે છે. હાથી કેટલો બધો બળવાન હોય છે ? જો યોગી ઈચ્છે તો તેના જેવું બળ પણ મેળવી શકે છે. તે માટે તે સંકલ્પ કરે ને હાથીના બળમાં સંયમ કરે તેટલું જ જરૂરી છે.

હાથી સિવાયનાં બીજા પ્રાણી વિશે પણ એમ જ સમજવાનું છે. યોગી જેના બળમાં સંયમ કરે તેના જેવું બળ મેળવી શકે છે. એના શરીરમાં એ બળનો સંચાર થાય છે. પરિણામે યોગી જેવું બળ મેળવવા માગે તેવું મેળવી શકે છે.

ભારતવર્ષના ભૂતકાલીન યોગીપુરુષો વિકાસના કેવા સર્વોત્તમ શિખર પર પહોંચ્યા હતા, ને માનવશક્તિના વિકાસની શક્યતાના કેવા કેવા સફળ પ્રયોગો કરી ચૂક્યા હતા, તેનો થોડો ઘણો ઈતિહાસ આ સૂત્રો પરથી મળી રહે છે. સાધારણ માણસને આ સૂત્રો માનવા જેવાં ના લાગે. બીજા કેટલાક એમને જોઈને આશ્ચર્ય પણ વ્યક્ત કરે. કેમ કે માનવનું જીવન આજે સાધનામય નથી રહ્યું. સાધનામય જીવનમાં તેને રસ ઓછો છે, એટલે સાધના દ્વારા સાંપડતી આ ને બીજી અનેક પ્રકારની શક્તિ તેને માટે આકાશકુસુમ જેવી અસંભવ થઈ પડી છે. બાકી એમાં અસંભવ જેવું કશું જ નથી. માણસ જો આજે પણ જાગે ને યોજનાબદ્ધ વિકાસ કરે તો પોતાના જીવનમાં અવનવા અનુભવો મેળવી શકે એમાં સંદેહ નથી. એ માટે દૃઢ ઈચ્છાશક્તિ, અનંત શ્રદ્ધા ને પાર વિનાનો પુરુષાર્થ જોઈએ. તે હોય તો સફળતા જરૂર મળી શકે.

### [૨૪] ગુપ્ત પદાર્થોનું જ્ઞાન

આ સંસારમાં ને શરીરમાં પણ એવા કેટલાય સૂક્ષ્મ, ગુપ્ત કે ગૂઢ પદાર્થો છે, જેમનું દર્શન દરેક માણસને નથી થઈ શકતું. સંતો ને શાસ્ત્રો કહે છે કે શરીરમાં જીવાત્મા છે, ચક્રો છે, કુંડલિની છે, ને એવી બીજી વસ્તુઓ છે. પરંતુ ઉપર ઉપરથી જોતાં અથવા શરીરની ચીરફાડ કરતાં એ બધી વસ્તુઓ દેખાય છે ખરી ? એ વસ્તુઓ એટલી બધી સૂક્ષ્મ છે કે સ્થૂલ આંખે ભાગ્યે જ દેખાઈ શકે.

કેટલાક પદાર્થો વ્યવહિત એટલે કે છૂપાયેલા કે ગુપ્ત કહેવાય છે. ધરતીની અંદર ધન ને સાગરમાં મોતી છે પણ તે ગુપ્ત છે, એટલે તેમનું દર્શન સામાન્ય રીતે સંભવિત નથી. તેમને માટે મહેનત કરવી પડે છે, ધરતી તથા સાગરમાં ઊતરવું પડે છે.

ત્રીજી જાતના પદાર્થો વિપ્રકૃષ્ટ અથવા તો દૂર પડેલા કહેવાય છે. માણસ દુનિયાના કોઈ એક ભાગમાં રહેતો હોય ને પદાર્થો કોઈ બીજા જ ભાગમાં હોય. તેવા પદાર્થનું દર્શન પણ તે નથી કરી શકતો.

પરંતુ યોગીને ત્રણે પ્રકારના પદાર્થોનું જ્ઞાન થઈ શકે છે. યોગી પોતાની વિશેષ શક્તિથી, સમાધિની મદદથી અથવા તો ઈષ્ટની કૃપાથી એ પદાર્થોને જોઈ શકે છે, ને એમને વિશેની જરૂર માહિતી પણ મેળવી શકે છે. એ રીતે જ ભારતના પ્રાતઃસ્મરણીય ઋષિવરોએ શરીરની અંદરના ને બહારના કેટલાક સૂક્ષ્મ ને સૂક્ષ્માતિસૂક્ષ્મ પદાર્થોની માહિતી મેળવીને તેને સંસારના હિત માટે જાહેર કરી છે. પોતાના દિલમાં ડોકિયું

કરીને ને વધારે ને વધારે ઊંડા ઊતરીને, આજે તેમજ ભવિષ્યમાં પણ કોઈયે સાધક, ભક્ત કે યોગી એવી કક્ષાએ પહોંચી શકે છે, ને સામાન્ય માણસોને માટે અજ્ઞાત એવા અનેક અવનવા પદાર્થોને જાણી શકે છે.

**[૨૫] ચૌદ ભુવનનું જ્ઞાન**

આ અનંત બ્રહ્માંડમાં આપણી આ પૃથ્વી જેવી બીજી કેટલી પૃથ્વી છે તે કોણ કહી શકે ? આખું સર્જન એક ભારે રહસ્ય સ્વરૂપ છે. એના રહસ્યનો ઉકેલ લાવવા વર્તમાન વિજ્ઞાન પોતાની આગવી રીતે મહેનત કરી રહ્યું છે. કેટલાક રહસ્યનો ઉકેલ એણે કર્યો છે, ને બીજા કેટલાકનો ઉકેલ એ વખત વીતશે તેમ કરશે પણ ખરું. ચંદ્રલોક ને મંગળ જેવા ગ્રહોમાં મુસાફરી કરવાના ને ઉતારવાના પ્રયાસ કેટલાય વખતથી થઈ રહ્યા છે. એ પ્રયાસોનાં પરિણામની આશા આપણે ઉત્સુકતાથી રાખી રહ્યાં છીએ.

છેલ્લે છેલ્લે કેટલાક રસિક વૈજ્ઞાનિકોએ જાહેર કર્યું છે કે આ પૃથ્વી સિવાયના જે બીજા ગ્રહો છે તેના પર જીવસૃષ્ટિ નહિ હોય એમ માનવાનું કોઈ કારણ નથી. ઊલટું, સત્યને વફાદાર રહીને એમ કહેવું જોઈએ કે બીજા ગ્રહો પર પણ જીવન હોવાની પૂરેપૂરી શક્યતા છે. હજી તો વિજ્ઞાન એવી પ્રાયોગિક દશામાં છે તો પણ, એ આટલો પ્રકાશ ફેંકી શક્યું છે. એના પરથી એની સામે સંશોધનો માટે કેવું વિશાળ ક્ષેત્ર ખુલ્લું પડ્યું છે, ને નવાનવા સંશોધનોનો એને માટે કેટલો બધો અવકાશ છે, એનું અનુમાન કરી શકાય છે. ભારતના યોગી ને ઋષિઓએ આ સંબંધી પોતાની વિશેષ રીતે સંશોધન કર્યું છે. વરસો પહેલાં એમણે ધ્યાન, ધારણા ને સમાધિના પ્રદેશમાં પ્રવેશ કરીને પોતાના દિલની દુનિયામાં ડોકિયું કર્યું છે ને એ રીતે સૃષ્ટિના રહસ્યનું જ્ઞાન મેળવીને સૌની માહિતી માટે રજૂ કર્યું છે. પ્રાચીન શાસ્ત્રોમાં ચૌદ ભુવનનું વર્ણન આવે છે. સાત લોકનો ઉલ્લેખ પણ અવારનવાર કરવામાં આવ્યો છે. સિદ્ધલોક, ચંદ્રલોક, પિતૃલોક, સૂર્યલોક, યક્ષ-ગંધર્વલોક ને સ્વર્ગલોકના નામ એ બાબતે પ્રસિદ્ધ જ છે.

અંતરંગ સાધનામાં આગળ વધેલા ઊંચી કોટિના સાધકો સારી રીતે જાણે છે કે એમને કેટલાક અવનવા અનુભવ થયા કરે છે. કેટલીક વાર એમને એવી તો સુંદર ગુલાબી શરીરવાળી સ્ત્રીઓનાં દર્શન થાય છે કે એવી સ્ત્રીઓ આ પૃથ્વી પર જોવા જ ના મળે. કેટલાક તેજસ્વી, અખંડ યૌવનથી સંપન્ન મહાપુરુષો પણ દેખાય છે. દેવ-દેવીનું દર્શન પણ થાય છે. એ વખતે વિચાર થાય છે કે એવા અલૌકિક આત્માઓને માટેનો કોઈ લોક કે પ્રદેશ પણ હોવો જોઈએ. આખા બ્રહ્માંડમાં આ પૃથ્વી એ એક જ લોક ના હોઈ શકે.

પતંજલિ કહે છે કે બ્રહ્માંડની અંદર આવેલાં એ બધાં જુદી જુદી જાતના લોકલોકાંતરનું જ્ઞાન સૂર્યની અંદર સંયમ કરનારા યોગીને સહેલાઈથી થઈ શકે છે. એ જ્ઞાન માટે યોગીએ સૂર્યની અંદર સંયમ કરવો.

**भुवनज्ञानं सूर्ये संयमात् ॥२६॥**

**[૨૬] તારાના વ્યૂહનું ને તારાની ગતિનું જ્ઞાન**

એક વિચાર એવો છે કે 'આ બધું બહારનું જ્ઞાન મેળવવાથી શું ? માણસ બીજાના મનની વાત જાણી લે, પાસેના કે દૂરના પદાર્થોની માહિતી મેળવે, ચૌદ ભુવનની સમસ્યાને શોધી કાઢે, કે આખા બ્રહ્માંડને જાણી લે તો પણ શું ? પોતાની જાતને તે જ્યાં સુધી ના ઓળખે અથવા તો ઈશ્વરનો સાક્ષાત્કાર ના કરે ત્યાં સુધી

બધું જ અધૂરું છે. ત્યાં સુધી તેને શાંતિ પણ નથી થવાની. એટલે બીજી બધી જ વાતો કે આડવાતોમાંથી મનને પાછું વાળીને તેણે પ્રભુપરાયણ કરવાની કોશિશ કરવી જોઈએ.'

સાચું છે એ વિચાર અત્યંત અગત્યનો છે ને તેને ગૌણ ગણીને ભૂલવાની જરૂર નથી. એ વિચાર જો ભુલાઈ જાય તો માણસ પોતાની જાતને જ ભૂલી જાય ને બહારની પ્રકૃતિમાં જ રસ લેતો થાય. ને છેવટે બહારની પ્રકૃતિમાં જ ગળાબૂડ ડૂબી જાય એવો ભય રહે છે. એનો અર્થ એવો નથી કે આપણે બહારની પ્રકૃતિની શોધોને તિરસ્કારીએ, અવગણીએ કે ગૌણ ગણીએ છીએ. તે શોધો સારી છે, ને કામની પણ છે. પરંતુ તેના નશામાં પડીને માણસ પોતાના અંદરની ને અત્યંત પાસેની પ્રકૃતિનો વિકાસ કરવાનું ભૂલી ના જાય તે ખૂબ ખૂબ જરૂરી છે. ને તેને માટે આપણે તેને જરૂરી જાગૃત રાખીશું.

બહારના જગતની બીજી એક સિદ્ધિનું વર્ણન મહર્ષિ પતંજલિ હવે કહી રહ્યા છે. તે કહે છે કે કોઈ યોગીને તારાના વ્યૂહનું અથવા તારામંડળના સ્થાનનું જ્ઞાન મેળવવાની ઈચ્છા થાય તો તે ચંદ્રમાની અંદર સંયમ કરે. તેથી તેને તેવું જ્ઞાન પરિપૂર્ણપણે થઈ જાય છે. પતંજલિએ વર્ણવેલી યોગની આ એક વિશેષ સિદ્ધિ છે.

એની સાથે સાથે જ પતંજલિ એક બીજી સિદ્ધિનું વર્ણન કરે છે. તે સિદ્ધિ છે તારાની ગતિના જ્ઞાનની. તે જ્ઞાન કેવી રીતે મળી શકે છે ? તેના ઉત્તરમાં પતંજલિ કહે છે કે ધ્રુવ તારામાં સંયમ કરવાથી. ધ્રુવનો તારો અચળ ગણાય છે. તેની સાથે બીજા બધા જ તારાની ગતિનો ગાઢ સંબંધ છે. તેથી જો કોઈ યોગી એની અંદર સંયમ કરે તો બીજા બધા જ તારાની ગતિ વિશે માહિતી મેળવી શકે છે. કયો તારો, કયા નક્ષત્ર ને કયી રાશી પર, કયે વખતે આવશે તેની માહિતી તેને મળી રહે છે. **नाभिचक्रे कायव्यूहज्ञानम् ॥२९॥**

**[૨૭] શરીરના વ્યૂહનું જ્ઞાન**

ઉપનિષદ ને એના જેવા બીજા ગ્રંથોનું મનન કરનારને એક આશ્ચર્યકારક વસ્તુનો અનુભવ થાય છે. શરીરમાં કેટલી નાડીઓ છે, તે નાડીઓનું શું શું કામ છે, ને શરીરની અંદર બીજી પણ કેવી નવાઈમાં નાખી દે એવી વ્યવસ્થા છે, તેની ચોક્કસ માહિતી તેવા ગ્રંથોની મદદથી સહેજે મળી રહે છે. કોઈ કોઈ વાચકો ને વિચારકોને પ્રશ્ન પણ થાય છે કે 'આટલી ચોક્કસ તથા આધારભૂત માહિતી એ ગ્રંથોના રચયિતા ઋષિઓ ને મહાપુરુષોને મળી ક્યાંથી ?'

ને એ પ્રશ્ન કાંઈ ઓછો અગત્યનો નથી. એ ને એવા બીજા પ્રશ્નો સાધારણ ને અસાધારણ બધી જાતના માનવોના મનમાં પેદા થાય એ સહેજે સમજી શકાય તેવું છે. જે જમાનામાં બાહ્ય વિજ્ઞાન આટલું બધું વિકસ્યું ન હતું તે જમાનામાં પણ શરીરની અંદર ને શરીરની બહારની દુનિયા વિશેની કેટલીક અવનવી શોધો એ મહાપુરુષોએ કરી હતી. તેનું એક માત્ર કારણ એમની અંતરંગ આધ્યાત્મિક સાધના હતું. એની મદદથી જ એ અંદરની ને બહારની દુનિયાના ગૂઢાતિગૂઢ રહસ્યોને શોધી શક્યાં હતાં. પોતાની જાતનો વિકાસ કરીને માનવ શું શું મેળવી શકે એનો આછોપાતળો ખ્યાલ આપણને એ શોધો પરથી આવી શકે છે.

આ સૂત્રમાં આપણને કહેવામાં આવે છે કે શરીરની બધી નાડી નાભિચક્રમાં એકત્ર થઈને રહેલી છે. તે ચક્રમાં જો કોઈ યોગી સારી પેઠે સંયમ કરે તો તેને શરીરના વ્યૂહનું જ્ઞાન થઈ જાય છે. શરીરની અંદર

રહેલી નાડીઓનું જ્ઞાન ઉપરાંત, શરીરની અંદરની વ્યવસ્થાનું પણ તેને પૂરેપૂરું ભાન થાય છે. વૈજ્ઞાનિકોને જે માહિતી બહારની શોધખોળથી ના મળે, તેવી માહિતી પણ તેને મળી રહે છે.

**[૨૮] ભૂખ ને તરસની નિવૃત્તિ, સ્થિરતાની પ્રાપ્તિ**

જે યોગીની કુંડલિની શક્તિ જાગ્રત થાય છે તે યોગીને ભૂખ તથા તરસના વેગ બહુ સતાવતા નથી, એ વાત તો જાણીતી છે જ. પરંતુ પતંજલિ અહીં એક બીજી વાતનો ઉલ્લેખ કરી રહ્યા છે. તે કહે છે કે કંઠકૂપમાં સંયમ કરવાથી ભૂખ તથા તરસની નિવૃત્તિ થઈ જાય છે.

આ 'કંઠકૂપ' વળી શું છે ? જીભની નીચે એક તંતુ છે. તેને જિહ્‌વામૂળ કહેવામાં આવે છે. તેની નીચે કંઠ ને તેની નીચે ખાડા જેવું છે. તેને 'કંઠકૂપ' કહેવામાં આવે છે. તે 'કંઠકૂપ'ની સાથે પ્રાણવાયુ અથડાયા કરે છે. તેને લીધે ભૂખ-તરસ લાગ્યા કરે છે. એ 'કંઠકૂપ'ના વિશેષ સ્થાનમાં સંયમ કરવાથી ભૂખ ને તરસ મટી જાય છે. એ રીતે યોગી ગમે તેટલા લાંબા વખત લગી ભૂખ તથા તરસ વિના રહી શકે છે.

એકાંતમાં રહેનારા, અપરિગ્રહી, ધ્યાનપરાયણ મહાપુરુષોને માટે આ સિદ્ધિ ખાસ ઉપયોગી છે. એની મદદથી એ લાંબા વખત લગી કોઈપણ પ્રકારના બાહ્ય વિક્ષેપ વિના સાધનાપરાયણ રહી શકે છે.

એ 'કંઠકૂપ'ની નીચે એક કાચબાના આકારની નાડી છે. તેને કૂર્મનાડીનું નામ આપવામાં આવ્યું છે. તે નાડીની અંદર સંયમ કરવાથી સ્થિરતાની પ્રાપ્તિ થાય છે અથવા તો એમ કહો કે યોગીનું ચિત્ત ખૂબ જ સહેલાઈથી સ્થિર થઈ શકે છે.

જે યોગીનું મન સાત્વિક અથવા તો નિર્મળ થઈ ગયું હોય અથવા તો સાત્વિક કે નિર્મળ થતું જતું હોય, તે યોગીને સ્થિરતાની પ્રાપ્તિ કરતાં વાર નથી લાગતી. સ્થિરતાની પ્રાપ્તિ માટેનો એ માર્ગ અત્યંત સુંદર ને અકસીર છે. પરંતુ જેમને સંયમમાં રસ હોય તેમને માટે આ બીજો માર્ગ પણ બતાવવામાં આવ્યો છે એમ સમજી લેવાનું છે. સૌએ એ માર્ગનો આધાર લેવો જોઈએ જ એમ નથી. પરંતુ પોતાની પ્રકૃતિ, રુચિ ને પસંદગી પ્રમાણે જેમને તે માર્ગે જવું હોય તો તે માર્ગે જઈ શકે છે. એ માટે જ એ માર્ગનો ઉલ્લેખ અહીં કરવામાં આવ્યો છે.

**मूर्धज्योतिषि सिद्धदर्शनम् ॥३२॥**

**[૨૯] સિદ્ધ પુરૂષોનાં દર્શનનો લાભ**

આ સંસારમાં એવા કેટલાય સિદ્ધ અથવા તો સમર્થ પુરુષો છે જેમના દર્શન ને સમાગમથી જીવન ધન્ય બને છે ને બધી રીતે લાભ થાય છે. કેટલાય અધવચ્ચે અટકેલા સાધકોને એમની દ્વારા માર્ગ મળે છે ને બીજા કેટલાય આગળ વધેલા સાધકોને ઉત્સાહની પ્રાપ્તિ થાય છે. સાધકના જીવન પર તે સદા નજર રાખે છે. તેમને ભયસ્થાનો ને આફતમાંથી બચાવે છે, ને બીજી અનેક રીતે તેમની રક્ષા કરે છે. એવા સમર્થ મહાપુરુષોનું દર્શન પણ કોઈ અનેરા અલૌકિક આનંદનું કારણ થઈ પડે છે. એથી અસીમ શાંતિ મળે છે ને શ્રદ્ધામાં વધારો થાય છે. સાધનાનો વિશ્વાસ એથી અનેકગણો વધી જાય છે. જે સાધકોને એવા દર્શનનો લાભ મળે છે તે ખરેખર ભાગ્યશાળી છે એમાં શંકા નથી.

એવા સિદ્ધ પુરુષો ચાલુ જમાનાના હોય અથવા તો વરસો પહેલાંના પણ હોય. તે સ્થૂળ શરીરે હયાત હોય અથવા ના પણ હોય અથવા તો સૂક્ષ્મ શરીરે પણ અસ્તિત્વ ધરાવતા હોય. તેવા પુરુષો અત્યંત શક્તિશાળી હોય છે, ને સાધકોને બધી રીતે કૃતાર્થ કરી શકે છે. ભૂતકાળના ને વર્તમાનકાળના અનેક સાધકોને એમના દર્શનનો લાભ મળેલો છે. તે વાત તેમના જીવન પરથી જાણી શકાય છે.

પતંજલિ કહે છે કે મસ્તકમાં જે જ્યોતિ છે તેમાં સંયમ કરવાથી એવા સિદ્ધ પુરુષોનાં દર્શન થઈ શકે છે. મસ્તકમાં જે જ્યોતિ છે તેમાં સંયમ કરવાનો અર્થ બે ભ્રમરની મધ્યના પ્રદેશમાં સંયમ કરવો એમ પણ કરી શકાય. એવો સંયમ જ્યારે સિદ્ધ થાય છે ત્યારે, સિદ્ધ પુરુષોના દર્શનના અનુભવોનો આરંભ થાય છે ને સાધકની અંદર એક પ્રકારનો નવો ઉત્સાહ પેદા થાય છે. તેનું જીવન અનેરી શાંતિથી સંપન્ન બની જાય છે.

### [૩૦] બધી વાતોનું ને ચિત્તના સ્વરૂપનું જ્ઞાન

પતંજલિ હવે એક તદ્દન નવો જ શબ્દનો પ્રયોગ કરી રહ્યા છે. તે શબ્દ છે 'પ્રાતિભ જ્ઞાન'. એ પ્રાતિભ જ્ઞાન વળી શું છે અથવા તો પ્રાતિભ જ્ઞાન એટલે આપણે શું સમજવું ? પ્રાતિભ જ્ઞાન યોગીની વિશેષ પ્રતિભાનું અથવા તો યોગીના વિશેષ અનુભવનું જ્ઞાન છે. એને અનુભવસિદ્ધ જ્ઞાનની એક વિશેષ વૃત્તિ અથવા ભૂમિકા પણ કહી શકાય. એ ભૂમિકા પર સ્થિત થયેલો યોગી, પોતાની વિશેષ શક્તિથી પૃથ્વી, કોઈયે પ્રાણી કે પદાર્થની માહિતી મેળવી શકે છે. ટૂંકમાં કહીએ તો જે પણ વસ્તુ વિશે તે જાણવા માંગે છે તે વસ્તુ વિશે તે જાણી લે છે. તે વસ્તુની માહિતી મેળવવા માટે તેમને કોઈ વિશેષ પ્રકારનો સંયમ નથી કરવો પડતો. તેમના મનમાં તેને માટે સંકલ્પ ઊઠે છે ને તે સંકલ્પ સહેલાઈથી પૂરો થાય છે.

એ સિદ્ધિની સાથે પતંજલિ એક બીજી સિદ્ધિ વિશે પણ કહી બતાવે છે. તે કહે છે કે હૃદય-કમળમાં સંયમ કરવાથી ચિત્તનું તેની જુદી જુદી વૃત્તિ સાથે જ્ઞાન થાય છે. ચિત્તના સ્વરૂપ વિશે યોગીને સંપૂર્ણ માહિતી મળી જાય છે. ચિત્ત શું છે ને કેવી રીતે કામ કરે છે, તે વિશે તે સાંગોપાંગ જાણી લે છે.

આ બંને સિદ્ધિઓ મનની મદદથી મળનારી ને મુખ્યત્વે મનની સાથે સંબંધ ધરાવનારી છે. યોગીને તે સિદ્ધિથી લાભ થાય છે. પરંતુ એથી આગળ વધીને અંતરના ઊંડાણમાં પ્રવેશ કરવાથી, ડુબકી મારવાથી ને પરમાત્માનો પરિચય કરવાથી જ જીવનનું શ્રેય થાય છે, એ સારી પેઠે સમજી લેવાની જરૂર છે.

### [૩૧] પુરૂષનું જ્ઞાન

બુદ્ધિ તથા પુરુષ બંને જુદાં જુદાં છે, એ વાતમાં કોઈને શંકા છે ખરી ? વિવેકી પુરુષો એ વાતને સારી રીતે જાણે છે. બુદ્ધિ તથા પુરુષના ભેદનું તેમને ભાન છે. બુદ્ધિ જડ છે, ભોગ્ય છે તથા પરિણામશીલ છે. પરંતુ પુરુષના સંબંધમાં તેવા નિર્ણય પર પહોંચી શકાય તેમ નથી. પુરુષ તો બુદ્ધિથી જુદી જ જાતનાં લક્ષણો ધરાવે છે. પુરુષ ચેતન છે, ભોક્તા છે, અસંગ છે, અપરિણામી છે. એ પ્રમાણે બુદ્ધિ ને પુરુષ બંને અલગ અલગ ને વિરોધી લક્ષણોવાળાં હોવા છતાં, બંને જાણે એક જ હોય એમ કેટલાંક લોકો માની બેઠાં છે. એનું કારણ અજ્ઞાન છે. એ અજ્ઞાનનો અંત આવતાં, બુદ્ધિ તથા પુરુષની વચ્ચે થનારી એકતાની મિથ્યા પ્રતીતિનો પણ અંત આવે છે.

પતંજલિ કહે છે કે બુદ્ધિ ચિત્તની પુત્રી છે. જીવનમાં જે સુખદુઃખ, રાગદ્વેષ, હર્ષશોક ને મોહનો અનુભવ થાય છે તે ચિત્તને જ થાય છે. પરંતુ અજ્ઞાની એમ માને છે કે વિરોધી અસરો ઊભી કરનારા એ અનુભવ ચૈતન્ય પુરુષને થાય છે. એમ માનીને તે ચિત્તની સાથે એકાકાર બની જાય છે અથવા તો એમ કહો કે બધું ભાન ભૂલીને મનના ભોગવિલાસમાં ડૂબી જાય છે. મન અથવા બુદ્ધિના એ ભોગ, રંગરાગ કે સારાં-નરસાં અનુભવ માનવનું મંગલ કરી શકતા નથી. એમની આસક્તિ એને બધી રીતે બેહાલ ને બરબાદ કરે છે.

એ ભોગ, રંગરાગ અથવા તો અનુભવમાં ડૂબી જવાને બદલે, બુદ્ધિમાન માણસે એમાંથી બોધપાઠ લઈને મનને પાછું વાળીને પોતાના જીવનનું શ્રેય સાધવા તૈયાર થવું જોઈએ. મન ને બુદ્ધિના દાસ બનીને બેસી રહેવાને બદલે, મન ને બુદ્ધિને દાસ બનાવવાના ને પોતાના મંગળમાં મદદરૂપ થાય એ રીતે ચલાવવા મહેનત કરવી જોઈએ. પોતાના જીવનનું મંગળ કરવાની ને સ્વરૂપનો સાક્ષાત્કાર કરીને કૃતાર્થ થવાની એવી સ્વાર્થવૃત્તિ અથવા તો પોતાના હિત માટેની વૃત્તિ કોઈક બડભાગી માનવના મનમાં આવે તો, બુદ્ધિ ને મનથી પર જે પુરુષ છે તેનું અનુભવસિદ્ધ જ્ઞાન થઈ શકે છે. ચૈતન્યરૂપ પુરુષનો સાક્ષાત્કાર એવા સંયમથી સહેલાઈથી થઈ શકે છે.

### [૩૨] સિદ્ધિઓની પ્રાપ્તિ

ગયા સૂત્રમાં જેનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે સ્વાર્થવૃત્તિનો સંયમ કરવાથી ચૈતન્યરૂપ પુરુષનો સાક્ષાત્કાર તો થાય છે જ, પરંતુ તેમની સાથે સાથે અથવા તો તે ઉપરાંત પતંજલિના કહેવા પ્રમાણે બીજી છ પ્રકારની સિદ્ધિ પણ મળી શકે છે. બધા જ યોગીઓને એ સિદ્ધિઓ મળે છે એમ નથી, પરંતુ કેટલાકને એ મળે છે પણ ખરી એમ સમજવાનું છે.

એ છ સિદ્ધિઓને સંક્ષેપમાં આ પ્રમાણે સમજી શકાય.

પ્રાતિભ સિદ્ધિ મળતાં ભૂત, ભાવિ ને વર્તમાનનું જ્ઞાન થઈ જાય છે તથા દૂર દેશમાં પડેલી કે ગુપ્ત વસ્તુને જોઈ શકાય છે. શ્રાવણ નામની સિદ્ધિ સાંપડતાં યોગી દૈવી શબ્દને સાંભળી શકે છે. અંતઃપ્રેરણા અથવા તો આકાશવાણીનો અનુભવ પણ એ અવસ્થામાં થઈ જાય છે. વેદન નામની ત્રીજી સિદ્ધિની પ્રાપ્તિ થવાથી યોગીને દિવ્ય એવા સ્પર્શનો અનુભવ થાય છે. આદર્શ સિદ્ધિની પ્રાપ્તિથી યોગીને દિવ્યરૂપનું દર્શન થાય છે. આસ્વાદ સિદ્ધિથી દિવ્ય રસનો સ્વાદ અથવા અનુભવ મળે છે, ને વાર્તા નામની છેલ્લી સિદ્ધિથી દૈવી ગંધનો અનુભવ થાય છે.

### [૩૩] સિદ્ધિઓ વિઘ્નરૂપ છે

આ બધી સિદ્ધિઓનું સ્થાન માનવના આત્મિક ઈતિહાસમાં અથવા તો  માનવના આત્મિક વિકાસના ઈતિહાસમાં ઘણું મોટું ને મહત્વનું છે એની ના નહિ. પોતાના તન, મન ને અંતરની સુષુપ્ત શક્તિઓને જાગ્રત કરી તથા ખીલવીને માણસ, ને કોઈ પણ માણસ, વિકાસના અમુક નિશ્ચિત નિયમ પ્રમાણે ચાલીને, શક્તિ ને વિકાસનાં કેવાં શિખરો સર કરી શકે છે, તેનો ખ્યાલ સિદ્ધિઓના આ વર્ણન પરથી આપણને સહેજે આવી શકે છે.

કોઈ પૂછશે અથવા તો કોઈને પૂછવાનું મન થશે કે 'આવી બધી સિદ્ધિવાળા કોઈ યોગી અત્યારે હશે ખરા ?' એમને ઉત્તર આપતાં આપણે કહીશું કે જરૂર હશે ને છે. સંસારમાં કોઈ વસ્તુ ઓછી માત્રમાં હોય એ સમજી શકાય તેમ છે. પરંતુ કોઈ વસ્તુનો એકદમ અભાવ નથી હોતો; ને એ જ વાત આના સંબંધમાં પણ સમજી લેવાની છે. અત્યારે પણ આવા શક્તિશાળી યોગી છે; ભલે પછી એમની સંખ્યા અત્યંત ઓછી હોય.

પરંતુ એક વાત ખાસ યાદ રાખવાની છે. આ બધી શક્તિ અથવા સિદ્ધિ જીવનના વિકાસમાં મહત્વનો ભાગ ભજવનારી હોવા છતાં પણ જીવનના વિકાસનું છેવટ નથી. એ વાત જો ભુલાઈ જાય તો માણસ સિદ્ધિને જ સર્વકાંઈ સમજી બેસે ને સિદ્ધિઓના મોહમાં પડી જઈને આગળનો વિકાસ ભૂલી જાય. એ રીતે સિદ્ધિઓ અગત્યની હોવા છતાં પણ વિઘ્નરૂપ થઈ પડે છે. એ વાતને સાધકે સારી પેઠે સમજી લેવી જોઈએ.

એક બીજી વાત પણ સમજવા જેવી છે. જે યોગી સમાધિમાં મગ્ન બનીને પોતાની અંદર રહેલા પરમાત્માનું દર્શન કરવાની ઈચ્છા રાખતો હોય તે બીજી બહારની સિદ્ધિઓમાં પોતાના મનને ના પરોવે તે જ સારું છે. કેમ કે તે જો બીજી સિદ્ધિઓની પ્રાપ્તિ માટે મહેનત કરશે તો તેનો સમય ને તેની શક્તિ વહેંચાઈને વેડફાઈ જશે, ને પછી પરમાત્માના સાક્ષાત્કારના મહત્વના કામ માટે તેની પાસે ભાગ્યે જ સમય ને શક્તિ બાકી રહેશે. એ વિચારથી પ્રેરાઈને પણ મહાપુરુષોએ સિદ્ધિઓને વિઘ્નરૂપ કહી છે ને મહર્ષિ પતંજલિ પણ એવું જ કહીને તેમાં પોતાનો સૂર પુરાવી રહ્યા છે. **ते समाधाव् उपसर्गा व्युत्थाने सिद्धयः ॥३७॥**

**[૩૪] બીજાના શરીરમાં પ્રવેશ**

ભગવાન શ્રી આદ્ય શંકરાચાર્યનું જીવન જાણનારને એક વાતની ખબર છે કે તેમણે અમરુ રાજાના મૃત શરીરમાં પ્રવેશ કરીને છ મહિના સુધી તેમાં રહીને રાજા તરીકેનાં બધાં કર્મો કરવા ઉપરાંત, ગૃહસ્થાશ્રમનો અનુભવ અથવા લહાવો પણ લીધો હતો. મંડનમિશ્રની પત્ની ભારતી સાથે શાસ્ત્રાર્થ કરવા માટે એવો અનુભવ અત્યંત આવશ્યક હતો, ને તેથી જ તેમણે પોતાની યૌગિક શક્તિથી એ કામ કરેલું. એ વાત વાંચનાર, જાણનાર કે સાંભળનાર કોઈને સહજ રીતે જ પ્રશ્ન થવા સંભવ છે કે 'યોગીની અંદર એવી શક્તિ હોઈ શકે ખરી ? ને હોય તો તેવી શક્તિનું રહસ્ય શું હશે ?'

પતંજલિ આ સૂત્રમાં એનો ઉત્તર આપી રહ્યા છે. એ ઉત્તર દ્વારા આપણને જાણવા મળે છે કે યોગીની અંદર એવી શક્તિ જરૂર હોય છે, એ શક્તિની મદદથી એ બીજાના મૃત કે જીવંત શરીરમાં પ્રવેશ કરી શકે છે. તે શક્તિને પરકાયપ્રવેશની શક્તિ કહેવામાં આવે છે.

એ શક્તિ કેવી રીતે મળી શકે ? ચિત્તને વશ કરવાથી અથવા તો ચિત્ત પર પૂરેપૂરો કાબૂ રાખવાથી. એ માટે શરૂઆતમાં તો ચિત્તને તદ્દન નિર્મળ કરી દેવું જોઈએ. તેની સાથે સાથે યોગના અભ્યાસ ને છેવટે સમાધિનો આધાર લેવો જોઈએ. સમાધિનો અભ્યાસ જ્યારે આગળ વધે છે ને પરિપકવ બને છે ત્યારે યોગીને પોતાના ચિત્ત પર અથવા તો એમ કહો કે સૂક્ષ્મ શરીર પર પૂરો કાબૂ આવી જાય છે. એવો યોગી પોતાના ચિત્તને અથવા સૂક્ષ્મ શરીરને સ્થૂળ શરીરની બહાર કાઢીને બીજાના મરેલા કે જીવતા શરીરમાં પ્રવેશ કરાવી શકે છે.

એ શક્તિ છે અત્યંત આકર્ષક ને આશ્ચર્યકારક પરંતુ જેટલી લાગે છે તેટલી સહેલી નથી. એની પ્રાપ્તિ અત્યંત મુશ્કેલ છે, ને કોઈક વિરલ યોગી જ તેને મેળવી શકે છે. યોગનો આખોયે માર્ગ અત્યંત અટપટો ને અઘરો છે, ને તે માર્ગે ચાલવાનું તથા આગળ વધવાનું કામ ધાર્યા જેટલું સહેલું નથી. મજબૂત મનોબળવાળા, સતત પુરુષાર્થપરાયણ પુરુષો જ તેમાં સફળ થઈ શકે છે.

એક બીજી વાત. યોગી જ્યારે બીજાના શરીરમાં પ્રવેશ કરે છે ત્યારે તે શરીરમાં રહીને તેનું પોતાનું મન કામ કરે છે. એટલે મૂળ પુરુષ કે સ્ત્રી કરતાં તેના વિચાર, ભાવ ને સ્વભાવમાં ફેર પડે છે. તે વખતે બધી રીતે તેનો કાબૂ હોય છે. તે શરીરનો ત્યાગ કર્યા પછી સ્ત્રી કે પુરુષ પોતાના મૂળ અથવા અસલ વિચાર, ભાવ કે સ્વભાવમાં આવી જાય છે.

**[૩૫] ઉદાનવાયુના વિજયથી સિદ્ધિ**

જુદી જુદી સિદ્ધિવાળા કોઈ કોઈ મહાપુરુષો આજે પણ નથી મળતા એમ નહિ. એમનો એકદમ અભાવ કદી પણ હતો નહિ, છે નહિ ને હશે પણ નહિ. એક યા બીજા રૂપમાં ને વત્તા ઓછા પ્રમાણમાં તે હંમેશાં કાયમ રહેવાના જ. કોઈ ધન્ય ક્ષણે કોઈને તેમનાં દર્શન ને સમાગમનો લાભ મળી જાય ત્યારે જ તેમની માહિતી મળી શકે છે ને તેમની હયાતિની ખાતરી પણ ત્યારે જ થાય છે.

ઋષિકેશમાં થોડાંક વરસ પહેલાં એક ભાઈ ગંગાકિનારે બેઠા હતા. રોજના નિયમ મુજબ તે બેઠા બેઠા જપ કરતા હતા. ત્યાં અચાનક કોઈ સંતપુરુષ આવી પહોંચ્યા ને તેમની સાથે વાતે વળગ્યા. થોડા વખત સુધી વાતો કર્યા પછી તે એકાએક ઊભા થયા ને ગંગાના પાણી પર થઈને ચાલવા લાગ્યા. જોતજોતામાં તો તે ગંગાને પાર કરી ગયા ને ત્યાંથી કોઈ દાતણ જેવું વસ્તુ લઈને પાછા પણ આવી ગયા. પેલા ભાઈની નવાઈનો તો પાર જ ના રહ્યો. એમણે એ સંતપુરુષને પ્રેમથી પ્રણામ કર્યા. પેલા સંતપુરુષે તેમની જિજ્ઞાસાના જવાબમાં તે સિદ્ધિની સામાન્ય સમજ પૂરી પાડી ને પછી વિદાય થયા.

આજે પણ એ અલૌકિક ભૂમિમાં એવા અસાધારણ શક્તિવાળા કોઈ કોઈ મહાપુરુષની મુલાકાત કોઈ ધન્ય ક્ષણે થઈ જાય છે, ત્યારે આપણું અંતર અવનવા આનંદથી ઊભરાઈ જાય છે, ને આપણને ખાતરી થાય છે કે અસાધારણ શક્તિવાળા યોગીપુરુષો આ દેશમાં આજે પણ છે ખરા.

યોગદર્શનમાં યોગીની એવી અસાધારણ શક્તિનો ઉલ્લેખ અત્યંત અસરકારક રીતે કરવામાં આવ્યો છે. તેનો વિચાર આપણે ક્રમે ક્રમે કરી રહ્યા છીએ. એ વિચારના અનુસંધાનમાં હવે કહેવામાં આવે છે કે યોગી જો ઉદાન વાયુનો વિજય કરી લે તો જલ, કાદવ-કીચડ, કંટક વગેરેથી અસંગ રહી શકે છે. તે બધી વસ્તુઓ એને કાંઈ અસર નથી કરી શકતી. તે વસ્તુઓ પરથી તે સહેલાઈથી પસાર થઈ શકે છે. તેનું શરીર તે વસ્તુઓને અડતું નથી. તેવા યોગીનું શરીર રૂ જેવું હલકું થઈ જાય છે એટલે તે ઉપર ઊડી શકે છે, અથવા તો જમીનથી ઉપર સ્થિર કરી કે ચાલી શકે છે.

ઉદાન વાયુ શરીરમાં રહેતા પ્રાણનો એક પ્રકાર છે. પ્રાણના મુખ્યત્વે પાંચ પ્રકાર છે : પ્રાણ, અપાન, વ્યાન, સમાન ને ઉદાન.

પ્રાણ, મુખ ને નાક દ્વારા મુખ્યત્વે ગતિ કરે છે. તેનો પ્રદેશ નાકના અગ્ર ભાગથી હૃદય સુધી ગણાય છે. અપાનનો પ્રદેશ નાભિપ્રદેશથી માંડીને પગનાં તળિયાં સુધીનો ગણાય છે. મળ, મુત્રને ગર્ભ તેના જ વેગથી નીચે ઉતરે છે કે બહાર નીકળે છે. વ્યાન આખા શરીરમાં વ્યાપીને ફરે છે. ઉદાનનું મુખ્ય મથક કંઠ છે, તેની ગતિ મસ્તક તરફ થયા કરે છે. મૃત્યુ વખતે સૂક્ષ્મ શરીર તેના જ બળથી શરીરની બહાર નીકળી જાય છે. સમાનનો પ્રદેશ હૃદયથી માંડીને નાભિ સુધીનો છે. ખાનપાનના રસને તે શરીરમાં બધે ઠેકાણે પહોંચાડી દે છે. તેની ગતિ સમ છે.

**[૩૬] તેજોમય શરીર તથા દૈવી કાનની પ્રાપ્તિ**

યોગી પુરુષનું શરીર બીજા સાધારણ માનવોના કરતાં વધારે નિર્મળ અથવા આરોગ્યવાળું તો હોય છે જ પરંતુ સાધનાની સહાયથી વધારે સુંદર, શક્તિશાળી ને તેજોમય પણ બની જાય છે. ઊંચી કોટિના સાધકોને ખબર છે કે તેમની સામે જે સિદ્ધ મહાપુરુષો પ્રકટ થાય છે તેમનાં શરીર અત્યંત તેજસ્વી ને સુંદર હોય છે. તેમનામાં વ્યાધિ કે વૃદ્ધાવસ્થાનું નામ પણ નથી દેખાતું. કેટલાક મહાપુરુષોના શરીરમાંથી તો જાણે પ્રકાશનાં કિરણો નીકળતાં હોય એમ લાગે છે. આપણને એમ થાય છે કે એમનાં શરીર આટલાં બધાં તેજસ્વી કેવી રીતે થયાં હશે ?

પણ તેમાં નવાઈ પામવા જેવું કાંઈ નથી. યોગની વિશેષ અવસ્થા પર આરૂઢ થવાથી યોગીને એવા અલૌકિક શરીરની પ્રાપ્તિ થઈ શકે છે. યોગદર્શનના આ વિભૂતિપાદમાં એના રહસ્ય વિશે સમજાવવામાં આવે છે. અત્યંત સ્પષ્ટ શબ્દોમાં આપણને કહેવામાં આવે છે કે જ્યારે યોગી સમાન વાયુ પર વિજય મેળવે છે, ત્યારે એનું શરીર અગ્નિના જેવું તેજસ્વી અથવા તો અત્યંત તેજોમય બની જાય છે. યોગી જાણે સ્વરૂપના અંબાર જેવો થઈ જાય છે.

એ પછી આપણને કહેવામાં આવે છે કે કાન ને આકાશના સંબંધમાં સંયમ કરવાથી યોગીને દૈવી કાનની પ્રાપ્તિ થાય છે. દૈવી કાનની પ્રાપ્તિનો અર્થ આપણે એટલો જ સમજવાનો છે કે યોગીનાં કાન અલૌકિક બની જાય છે. તેની અંદર દૂરશ્રવણની શક્તિ આવી જાય છે. તે દૂરના શબ્દોને તથા અત્યંત સૂક્ષ્મ શબ્દોને પણ સાંભળી શકે છે.

સમાધિ સુધી પહોંચેલા યોગી પુરુષોને સમાધિની શરૂઆતની દશામાં અથવા તો ચિત્તના લયની અવસ્થામાં ભૂત, ભાવિ તથા વર્તમાન વિશે કેટલુંક જ્ઞાન મળે છે, તે જ્ઞાન કાનમાં કહેવામાં આવતું હોય એવો અનુભવ એમને થતો હોય છે. અનુભવી પુરુષો આ વાતને સારી રીતે સમજી શકશે. તેને દૈવી કાન કહી શકાય.

નાદાનુસંધાનની સાધનાને પણ કાન ને એની અંદરના આકાશ અથવા અવકાશના સંબંધમાં સંયમ કરવાની સાધના કહી શકાય. તે દ્વારા પણ યોગીને દૈવી તથા સૂક્ષ્મ શબ્દોના શ્રવણની સિદ્ધિ સાંપડી શકે છે.

**[૩૭] આકાશગમનની શક્તિ તથા જ્ઞાનના આવરણનો નાશ**

હવે પતંજલિ બીજી બે સિદ્ધિનું વર્ણન કરી બતાવે છે. પહેલી સિદ્ધિ આકાશગમનની છે. શરીર તથા આકાશના સંબંધમાં સંયમ કરવાથી અથવા તો રૂ જેવી હલકી વસ્તુમાં સંયમ કરવાથી યોગીની અંદર આકાશગમનની શક્તિ આવી જાય છે. એ શક્તિની મદદથી તેનું શરીર છેક હલકું બની જાય છે ને તે ગમે ત્યાં જઈ શકે છે.

આકાશગમનની એ સિદ્ધિ યોગના સાધકો કે રસિકોથી અજાણી નથી. આકાશગમનનો અર્થ કોઈ કોઈ વિદ્વાનો કરે છે તેમ એવો નથી કે આકાશમાં ગતિ કરવી અથવા ઊડવું. આકાશનો અર્થ અવકાશ કરવાનો છે ને તે દ્વારા એટલું જ સમજવાનું છે કે યોગીનું શરીર એટલું તો હલકું થઈ જાય છે કે તે ધરતીના આધાર વિના પણ રહી શકે છે ને એવી અવસ્થામાં આગળ ગતિ કરી શકે છે. આ આખીયે વાત અનુભવની છે, ને અનુભવથી જ સંપૂર્ણપણે સમજી શકાય તેવી છે, એટલે થોડાઘણા અનુભવવાળા સાધકો જ તેને થોડાઘણા પ્રમાણમાં સમજી શકાશે.

આકાશગમનની એ સિદ્ધિની સાથે સાથે પતંજલિ એક બીજી સિદ્ધિનો ઉલ્લેખ કરી રહ્યા છે. તે સિદ્ધિ જ્ઞાનના આવરણના નાશની છે. તે વિશે પણ ઊડતો વિચાર કરી લઈએ.

મન જ્યારે શરીરની બહાર હોય ત્યારે તે દશાને વિદેહ ધારણાના વિશેષ નામથી ઓળખવામાં આવે છે. કેટલીક વાર એવું પણ બને છે કે યોગીનું મન શરીરની અંદર હોય છે, ને મનથી પોતે બહાર હોય તેવી ભાવના જ કરે છે, ત્યારે તે વિદેહ ધારણાની કલ્પિત દશા કહેવાય છે. પરંતુ જ્યારે મન શરીરનો સંબંધ છોડી દઈને શરીરની બહાર સ્થિતિ કરે છે, ત્યારે તે સ્થિતિ અકલ્પિત અથવા તો વાસ્તવિક વિદેહ ધારણાની સિદ્ધિ કહેવાય છે. શરૂઆતમાં કલ્પિત ધારણાનો અભ્યાસ કરવામાં આવે ને છેવટે, એમ કરતાં કરતાં, અકલ્પિત અથવા તો વાસ્તવિક ધારણાની સિદ્ધિ થાય છે. આ સિદ્ધિને મહાવિદેહા કહેવામાં આવે છે.

એ સિદ્ધિથી યોગીના અંતરની આગળ જે અહંભાવ, અજ્ઞાન ને અંગની આસક્તિનું રહ્યું સહ્યું આવરણ હોય છે તે પણ દૂર થઈ જાય છે. શરીરના મોહ ને બંધનમાંથી મુક્તિ મેળવી પોતે આત્મસ્વરૂપ છે એવો અનુભવ કરવાનું કામ તેને માટે સહેલું બની જાય છે. આત્માનુભવના મંગલ મંદિરનાં દ્વાર તેને માટે ઉઘડી જાય છે, ને જીવનની કૃતાર્થતાની પાસે પહોંચી જાય છે. જીવનની એ અવસ્થાનો અનુભવ અત્યંત અનેરો, અલૌકિક ને આશીર્વાદરૂપ હોય છે.

### [૩૮] પંચમહાભૂત પર વિજય

પંચ મહાભૂતોની દરેકની પાંચ અવસ્થા કહેવામાં આવી છે. તે પાંચે પ્રકારની અવસ્થાઓમાં સંયમ કરી લેનાર યોગી પંચ મહાભૂત પર વિજય મેળવી લે છે.

પંચ મહાભૂતોની પાંચ અવસ્થા આ પ્રમાણે છે. (૧) સ્થૂલાવસ્થા, (૨) સ્વરૂપાવસ્થા. (૩) સૂક્ષ્માવસ્થા, (૪) અન્વયાવસ્થા ને (૫) અર્થવત્વાવસ્થા. એ પાંચે અવસ્થા આ પ્રમાણે સમજી શકાય :

૧) ઈન્દ્રિયો દ્વારા પ્રત્યક્ષ અનુભવમાં આવનારા શબ્દ, સ્પર્શ, રૂપ, રસ ને ગંધ - એ પાંચ મહાભૂતની સ્થૂલ અવસ્થા કહેવામાં આવે છે.

૨) પંચ મહાભૂતનાં લક્ષણને તેમની સ્વરૂપાવસ્થા કહેવામાં આવે છે. પૃથ્વીમાં સ્થિરતા, પાણીમાં પ્રવાહી કે ભીનાપણું, અગ્નિમાં ઉષ્ણતા કે પ્રકાશ, વાયુમાં કંપ કે ગતિ ને આકાશની અંદર અવકાશ - તે દરેકની સ્વરૂપાવસ્થા કહેવાય છે.

૩) પંચ મહાભૂતની કારણ અવસ્થા તેની સૂક્ષ્મ અવસ્થા કહેવાય છે, તેનું નામ તન્માત્રા કે સૂક્ષ્મ મહાભૂત પણ છે. પૃથ્વીની સૂક્ષ્માવસ્થા ગંધતન્માત્રા, પાણીની રસતન્માત્રા, અગ્નિની રૂપતન્માત્રા, વાયુની સ્પર્શતન્માત્રા ને આકાશની શબ્દમાત્રા.

૪) પંચ મહાભૂતની અંદર પ્રકાશ, ક્રિયા ને જડતા કે સ્થિતિરૂપે રહેલો ત્રણ ગુણોનો જે સ્વભાવ તેને તેમની અન્વયાવસ્થા કહે છે.

૫) પંચ મહાભૂત પુરુષના ભોગ ને મોક્ષને માટે છે. તે જ તેનું પ્રયોજન, તેનો હેતુ કે તેનો અર્થ છે. માટે તેને અર્થવત્વાસ્થા કહેવામાં આવે છે.

યોગીએ પંચ મહાભૂતની એ પાંચે અવસ્થામાં સંયમ કરતાં શીખવાનું છે. એવા સંયમથી તેને પંચ મહાભૂત પર વિજય મળી જાય છે. **ततोऽणिमादिप्रादुर्भावः कायसंपत् तद्धर्मानभिघातश्च ॥૪૫॥**

**[૩૯] અષ્ટ સિદ્ધિની પ્રાપ્તિ**

આગળ કહ્યા પ્રમાણે જે યોગી પંચ મહાભૂતો પર વિજય મેળવી લે છે, તે યોગીને અણિમાદિ અષ્ટ સિદ્ધિની પ્રાપ્તિ થાય છે, શરીરસંપત્તિની પણ પ્રાપ્તિ થાય છે. તેને પંચમહાભૂતના ધર્મો બાધક થતા નથી. ને ધર્મો પર તેનો વિજય થઈ જાય છે.

પંચમહાભૂતોના ધર્મો યોગીને બાધક નથી થતા એનો અર્થ એવો સમજવાનો છે કે એને અગ્નિ પણ બાળી શકતો નથી, પાણી પલાળી કે ડૂબાડી શકતું નથી, પવન પણ એની ઈચ્છા પ્રમાણે કામ કરે છે, પૃથ્વીની અંદર એ સહેલાઈથી પ્રવેશ કરી શકે છે. સ્થૂળભાવ પૃથ્વીનો ધર્મ છે, ને તે ધર્મ એને કોઈ પણ રીતે નડતર રૂપ નથી થતો. એવો યોગી પંચમહાભૂત પર શાસન કરી શકે છે, ને પાંચે મહાભૂત એની ઈચ્છા અથવા તો આજ્ઞા પ્રમાણે વર્તે છે.

અષ્ટસિદ્ધિને સંક્ષેપમાં આ પ્રમાણે સમજી શકાય :

૧) અષ્ટસિદ્ધિમાં પહેલી સિદ્ધિ અણિમા છે. 'અણિમા' નામે સિદ્ધિવાળો યોગી અણુ જેવું સૂક્ષ્મ રૂપ લઈ શકે છે. હનુમાને લંકા પ્રવેશ વખતે તથા શંકરાચાર્યે મંડનમિશ્રના ઘરમાં પ્રવેશ કરતી વખતે એવું રૂપ લીધું હતું.

૨) બીજી સિદ્ધિ 'મહિમા' છે. મહિમા નામની સિદ્ધિવાળો યોગી શરીરને મોટું કરીને ધારે તેટલું મોટું સ્વરૂપ ધારણ કરી શકે છે.

૩) 'લઘિમા' નામે ત્રીજી સિદ્ધિવાળો યોગી શરીરને હલકામાં હલકું કરી શકે છે. એવી રીતે શરીરને હલકું કરીને યોગી આકાશગમન કરી શકે છે, ને પાણી, કાદવ તથા કંટકાદિ પરથી પસાર થઈ શકે છે.

૪) શરીરને ઈચ્છા પ્રમાણે ભારે કરી દેવાની સિદ્ધિને 'ગરિમા' કહે છે.

૫) પાંચમી સિદ્ધિ 'પ્રાપ્તિ' છે. પ્રાપ્તિ એટલે જેની ઈચ્છા થાય તે પદાર્થ સંકલ્પમાત્રથી પ્રાપ્ત થઈ જાય એવી શક્તિ.

૬) પછી ‘પ્રાકામ્ય’ નામની સિદ્ધિ આવે છે. તે સિદ્ધિવાળો યોગી સાંસારિક પદાર્થોની કામનાની કોઈયે પ્રકારના અંતરાય વિના પૂર્તિ કરી શકે છે.

૭) સાતમી સિદ્ધિ ‘ઈશિત્વ’ છે. પંચમહાભૂત ને એમાંથી ઉત્પન્ન થનારા પદાર્થોને ઉત્પન્ન કરવાની તથા તેમના પર સત્તા ચલાવવાની શક્તિને ઈશિત્વ કહે છે. યોગીને તે શક્તિ પણ મળી જાય છે.

૮) છેલ્લી ને આઠમી સિદ્ધિ ‘વશિત્વ’ છે. વશિત્વ એટલે પંચમહાભૂત, એમાંથી પેદા થનારા પદાર્થો ને સમસ્ત સંસારનું અથવા વિશ્વનું વશ થઈ જવું.

આ આઠે સિદ્ધિઓને મેળવનાર યોગી અસાધારણ શક્તિનો સ્વામી બની જાય છે.

**[૪૦] ‘કાર્યસંપત્’ની સિદ્ધિ**

આગલા સૂત્રમાં કહેવામાં આવ્યું છે કે પંચમહાભૂત પર કાબૂ કરી લેવાથી યોગી અષ્ટસિદ્ધિ મેળવવાની સાથે સાથે અલૌકિક એવી શરીરની સંપત્તિ પણ મેળવી લે છે. એ શરીરની શક્તિ અથવા તો સંપત્તિને કાયસંપત્ પણ કહેવામાં આવે છે. એની અંદર રૂપ, લાવણ્ય, બળ તથા વજ્ર જેવા મજબૂત બંધારણનો પણ સમાવેશ થાય છે.

એટલે જે યોગીને એવી વિશેષ સિદ્ધિની પ્રાપ્તિ થાય છે તે યોગીના શરીરની આકૃતિ અત્યંત સુંદર બની જાય છે. એવો યોગી રૂપ રૂપના અંબાર જેવો બની જાય છે. એના શરીરમાં અલૌકિક તેજ ને આકર્ષણ આવી જાય છે. તે ખૂબ જ બળવાન બની જાય છે ને તેનું શરીર સુડોળ તથા વજ્રના જેવું દૃઢ બની જાય છે.

આ વાત યોગની અમુક અવસ્થાઓ પહોંચેલા યોગીના સંબંધમાં જ કહેવામાં આવી છે. એટલે બધાં જ સાધકો, સંતો, મહાપુરુષો તેમજ યોગીઓના સંબંધમાં તેને લાગુ પાડવાની અથવા તો લાગુ પાડવાનો આગ્રહ રાખવાની જરૂર નથી. યોગીમાં શરીર સંપત્તિની આવી સિદ્ધિ ના હોય તો પણ તે યોગી, મહાપુરુષ, સંત કે ઈશ્વરી કૃપાપાત્ર હોઈ શકે છે. એની અંદર રહેલી બીજી વિશેષતાને પણ જોવી જોઈએ. નહિ તો એના વિશે ગેરસમજ થવાનો સંભવ રહે છે.

એક બીજી હકીકત પણ યાદ રાખવા જેવી છે. માણસ કોઈ રીતે એ બધી શક્તિ કે સિદ્ધિને મેળવે, પણ પોતાની જ જાત પર કાબૂ ના કરે, પોતાના મનને ના જીતે ને પોતાની અંદર રહેલા પરમાત્માના પરમ પ્રકાશનું દર્શન કરી પોતાની જાતને જ ના ઓળખે, તો તેવી સિદ્ધિથી તેનું શ્રેય કેવી રીતે થઈ શકે ? તેવી સિદ્ધિ તેને ભાગ્યે જ શાંતિ આપી શકે. સમસ્ત સંસારને વશ કરનારો માનવ પોતાની જાતને વશ કરે તે અત્યંત આવશ્યક છે. તો જ તેનું જીવન શાંતિમય તથા સંવાદી બની શકે. એ માટે તેણે પ્રયાસ કરવો જ જોઈએ. માટે જ તે સિદ્ધિઓના મોહમાં પડી, સિદ્ધિ પાછળ પાગલ બની, સિદ્ધિ મેળવી, અટકી ના જાય એનું ધ્યાન રાખવાનું છે. એ માટે શાસ્ત્રો તથા મહાપુરુષો તરફથી એને વારંવાર સાધના કરવાનું કહેવામાં આવે છે.

યોગદર્શનમાં વર્ણવવામાં આવેલી આ બધી સિદ્ધિઓ સુંદર છે, મહાન છે, આકર્ષક છે, ઉત્તમ છે ને માનવના અંતરંગ વિકાસની દૃષ્ટિએ નોંધપાત્ર છે, છતાં જીવન ને સાધનાનું છેવટ નથી, અંતિમ ધ્યેય કે ધ્રુવપદ નથી, એ વાત સદાયે યાદ રાખવાની છે. જે એ ભૂલી જશે તે સિદ્ધિઓમાં અટવાઈ જશે ને આગળનો અગત્યનો વિકાસ નહિ કરી શકે.

**[૪૧] ઈન્દ્રિયો પર અધિકાર**

મનની સાથેની ઈન્દ્રિયોની પાંચ અવસ્થા છે :

(૧) ગ્રહણ (૨) સ્વરૂપ (૩) અસ્મિતા (૪) અન્વય તથા (૫) અર્થવત્વ. એ પાંચે અવસ્થાઓમાં સંયમ કરવાથી યોગીનો ઈન્દ્રિયો પર પૂરેપૂરો અધિકાર થઈ જાય છે.

એ પાંચે અવસ્થાની સમજ સંક્ષેપમાં આ પ્રમાણે આપી શકાય :

૧) ગ્રહણ : વિષયોનો અનુભવ ચાલુ હોઈ તે દશામાં, મનની સાથે ઈન્દ્રિયોની જે વૃત્તિના પ્રકારની અવસ્થા હોય છે, તે તેમની ગ્રહણ અવસ્થા કહેવાય છે.

૨) સ્વરૂપ : મન તથા ઈન્દ્રિયોનું સ્વાભાવિક સ્વરૂપ જે લક્ષણ અથવા તો સંકેતથી સમજી શકાય છે, તે લક્ષણ કે સંકેતને તેમની સ્વરૂપ અવસ્થા કહે છે.

૩) અસ્મિતા : મન સાથેની ઈન્દ્રિયોનું સૂક્ષ્મ રૂપ, જેને તેમની સૂક્ષ્માવસ્થા પણ કહેવામાં આવે છે, તે અસ્મિતાની અવસ્થા કહેવાય છે.

૪) અન્વય : મન તથા ઈન્દ્રિયોમાં વ્યાપક થઈને રહેલા ત્રણે ગુણનો સ્વભાવ (પ્રકાશ, ક્રિયા ને સ્થિતિ રૂપે) તે એમની અન્વય-અવસ્થા કહેવાય છે.

૫) અર્થવત્વ : મન સાથેની સઘળી ઈન્દ્રિયો પુરુષના ભોગ ને મોક્ષને માટે છે. એ એમની અર્થવત્વ અવસ્થા અથવા સાર્થકતા છે.

એ પાંચે અવસ્થામાં સંયમ કરવાથી ઈન્દ્રિયો પર અધિકાર થઈ જાય છે. મન સાથેની બધી ઈન્દ્રિયો પર યોગીનો વિજય થઈ જાય છે. યોગીનું જીવન એથી સાચા અર્થમાં સુખી, શાંતિમય ને ધન્ય બની જાય છે.

**[૪૨] ત્રણ પ્રકારની બીજી સિદ્ધિ**

મન સાથેની બધી ઈન્દ્રિયો પર યોગીનો કાબૂ થઈ જાય એટલે ત્રણ પ્રકારની બીજી સિદ્ધિ પણ મળી રહે છે. તે ત્રણ પ્રકારની સિદ્ધિ આ પ્રમાણે છે : મનોજવિત્વ, વિકરણ ભાવ ને પ્રધાન જય.

મનોજવિત્વ એટલે શું ? મનોજવિત્વ એટલે મનના જેવા વેગવાળી શક્તિ. એ શક્તિ જેને પ્રાપ્ત થાય છે તે યોગી સ્થૂળ શરીર તથા ઈન્દ્રિયોની સાથે, મનના જેવા ઝડપી વેગથી, એક પળમાં જ ઈચ્છા પ્રમાણેના દૂરના સ્થાન કે પ્રદેશમાં પહોંચી જાય છે. આગળના સૂત્રમાં જે ગ્રહણ-અવસ્થા કહી છે તેમાં સંયમ કરવાથી એ શક્તિની પ્રાપ્તિ થાય છે.

બીજી સિદ્ધિવાળો યોગી દૂરના પદાર્થોને, સ્થૂળ શરીરની મદદ મેળવ્યા વિના જ પ્રત્યક્ષ કરી અથવા તો મેળવી શકે છે. એ સિદ્ધિ આગળના સૂત્રમાં કહેલી સ્વરૂપ અવસ્થામાં સંયમ કરવાથી મળી શકે છે.

ત્રીજી ને છેલ્લી સિદ્ધિનું નામ પ્રધાનજય છે. જે યોગીને એ સિદ્ધિ મળી જાય છે તે યોગીનો કાર્ય અથવા તો કારણ રૂપે રહેલી પ્રકૃતિ પર પૂરેપૂરો અધિકાર થઈ જાય છે. આગળના સૂત્રમાં કહી બતાવેલી અસ્મિતા, અન્વય ને અર્થવત્વ નામની અવસ્થામાં સંયમ કરવાથી તેની પ્રાપ્તિ થઈ શકે છે.

એ ત્રણે સિદ્ધિને સંક્ષેપમાં ને અનુક્રમે મનના જેવી ગતિની શક્તિ, શરીર વિના પણ વિષયોનો અનુભવ કરવાની શક્તિ, ને પ્રકૃતિ પરનો પરિપૂર્ણ અધિકાર, એમ પણ કહી શકાય.

મહર્ષિ લખે છે કે : **ततो मनोजवित्वं विकरणभावः प्रधानजयश्च ॥४८॥**

**[૪૩] સર્વજ્ઞતા**

યોગની સાધના અથવા તો બીજી કોઈય જાતની સાધના છેવટે તો માનવની પોતાની સુધારણા સારું છે. એ પોતે જ્યાં બેઠો છે ને જે ભૂમિકામાં શ્વાસ લે છે કે જીવે છે, ત્યાંથી તેને વધારે સારી, ઉત્તમ અથવા તો આદર્શ ભૂમિકામાં લઈ જવાનો ને તેને માનવ તરીકે વધારે ને વધારે સરસ તથા સુંદર બનાવવાનો જ તેનો પ્રયાસ છે. એ પ્રયાસમાં તેના સ્વભાવની શુદ્ધિની વાત તો આવી જ જાય છે.

સ્વભાવની શુદ્ધિ અથવા તો મનની ઉત્તમતા સાધનાની એક અનિવાર્ય આવશ્યકતા છે. તે વિનાની સાધનાને સાચી તેમજ સફળ ના જ કહી શકાય. જે જાતની સાધના કરે તેનાથી તેનો સ્વભાવ સુધરવો જોઈએ. તેના દુર્ગુણો દૂર થવા જોઈએ ને તેની અંદર સાત્વિકતા પેદા થવી જોઈએ. એની અંદર રહેલા રજોગુણ ને તમોગુણના સંસ્કાર થવા જોઈએ. ત્યારે જ તેની ચંચળતા ટળી શકે, ને તેને અંતરની અનેરી શાંતિ પણ ત્યારે જ મળી શકે.

મહર્ષિ પતંજલિ હવે એ જ અગત્યની વાત તરફ આપણું ધ્યાન ખેંચી રહ્યા છે. તે કહે છે કે સમાધિનો આરંભનો અભ્યાસ એટલા માટે જ છે. એટલે કે સમાધિના આરંભના અભ્યાસની મદદથી યોગીએ પોતાના મનને તદ્દન નિર્મળ કરવાનું છે ને એની અંદર સત્વગુણના સંસ્કાર જ બાકી રાખવાના છે. યોગી સમાધિની ગમે તેવી દશાએ પહોંચે તો પણ, તેનો સ્વભાવ જો સાત્વિક ના થયો તો, તેની સાધના અધૂરી જ છે ને તે તેને માટે શાંતિ આપનારી નહિ જ થઈ શકે, એ સદાય યાદ રાખવાની જરૂર છે.

સમાધિના શરૂઆતના અભ્યાસથી મન નિર્મળ બની જાય એટલે સ્વરૂપના સાક્ષાત્કારને માટે બહુ જ ઓછો અભ્યાસ બાકી રહે છે. તે દશામાં બુદ્ધિ ને ચેતન પુરુષ અથવા તો પરમાત્માની વચ્ચે આવરણનો એક આછો પાતળો પડદો જ બાકી રહી જાય છે, ને સ્વરૂપનો સાક્ષાત્કાર સહજ બને છે.

એ સબીજ સમાધિ સુધી પહોંચેલો યોગી બધા ગુણો ને ભાવોનો સ્વામી બની જાય છે. ગુણો, ભાવો ને વિચારો તથા જેમાં ઉત્પન્ન થાય છે તે મન પર તેનો કાબૂ થઈ જાય છે. પોતાના નિર્મળ મનની મદદથી સમાધિનો ઉપયોગ કરીને અથવા તો સમાધિ દશામાં સ્થિતિ કરીને, જે ધારે તે વિષયની માહિતી મેળવી શકે છે. ટૂંકમાં કહીએ તો તે સર્વજ્ઞ બની જાય છે. સર્વજ્ઞતાની સિદ્ધિ તેને સારું સ્વાભાવિક બની જાય છે.

**तद्वैराग्यादपि दोषबीजक्षये कैवल्यम् ॥५०॥**

**[૪૪] કૈવલ્ય**

અત્યાર સુધીનાં સૂત્રોમાં યોગની સાધના મારફત મળતી જુદી જુદી સિદ્ધિઓનું વર્ણન કરીને, પતંજલિ હવે એક જુદી જાતનો છતાં પણ અત્યંત અગત્યનો વિચાર રજૂ કરી રહ્યા છે. તેમણે રજૂ કરેલા વિચારનો સાર શાંતિપૂર્વક સમજવા જેવો છે. તે કહે છે કે સિદ્ધિઓ અત્યંત અમુલખ છે, આકર્ષક છે, તેમજ અગત્યની પણ છે : છતાં તેના કેફમાં પડીને કોઈ યોગી ભાન ભૂલી જાય, પ્રમાદમાં ડૂબી જાય ને જીવનના વિકાસનું આગળનું કામ ચૂકી જાય, તે બરાબર નથી ને તેમ ના થાય તે માટે યોગીએ જાગ્રત રહેવું જોઈએ.

સિદ્ધિઓની પ્રાપ્તિ કાંઈ સહેલી નથી. લાંબા વખતના એકધારા પુરુષાર્થ પછી, પ્રભુની કૃપા હોય તો સાધકને એકાદ-બે સિદ્ધિ મળી જાય છે. પણ નબળા મનોબળવાળો સાધક એથી અભિમાની બની જાય છે, તે પ્રતિષ્ઠા, પૂજા ને પૈસાની હોડમાં પડે છે ને સાધનાનો મૂળ માર્ગ ચૂકી જાય છે. એવો ભય તેના જીવનમાં હંમેશાં રહે છે. માટે જ પતંજલિ તેને સાવધાન કરે છે ને કહે છે કે સિદ્ધિના મોહમાં પડીને સિદ્ધિઓની અંદર અટવાઈ જવાની જરૂર નથી. જે સિદ્ધિઓની અંદર અટવાઈ જાય છે તે છેવટે બરબાદ થઈ જાય છે.

યોગીએ સમજીને પોતાના અંતરતમમાં લખી રાખવું જોઈએ કે પ્રકૃતિ તથા તેમાંથી ઉત્પન્ન થતા પદાર્થો પરિવર્તનશીલ ને પરિણામે દુઃખદ છે. એમ સમજીને તેણે પ્રકૃતિના ગુણ તથા કાર્યથી અલિપ્ત રહેતાં શીખી લેવું જોઈએ. પ્રકૃતિ કરતાં આત્મા અલગ છે. એ આત્મા જ પોતાનું મૂળ સ્વરૂપ છે, ને અસંગ નિર્વિકાર તથા મુક્ત છે, એ વાતને યાદ રાખીને પ્રકૃતિથી પર થઈને એ પરમ પુરુષ પરમાત્માનો સ્વાનુભવ કરવા તેણે તૈયાર થવું જોઈએ. એ મહાન કામમાં સફળ થવાય તે માટે તેણે વિવેકની જ્યોતિને નિરંતર જાગ્રત રાખવી જોઈએ તથા સાથે સાથે ધ્યાન, ધારણા ને સમાધિના અંતરંગ અભ્યાસમાં આગળ ને આગળ વધતાં રહેવું જોઈએ. એમ કરતાં કરતાં યોગીનું મન તદ્દન નિર્મળ બની જાય છે ને દોષના મૂળરૂપ બધી જાતની વાસનાનો ક્ષય થાય છે. તેને નિર્બીજ સમાધિની પ્રાપ્તિ થાય છે. તે દશા દરમ્યાન, ચિત્ત પોતાના કારણમાં મળી જાય છે ને પુરુષની પોતાના સ્વરૂપમાં પ્રતિષ્ઠા થાય છે. તેને જ કૈવલ્ય કહેવામાં આવે છે. મુક્તિ ને નિર્વાણ તેનાં જ બીજાં નામ છે. તે જ પરમ ગતિ છે ને પરમ ધામ પણ તે જ છે.

એની પ્રાપ્તિ પછી યોગીનું જીવન ધન્ય બની જાય છે. કરવા જેવું કાંઈ તેના જીવનમાં બાકી નથી રહેતું. તેને પરમાનંદ ને પરમ શાંતિની પ્રાપ્તિ થાય છે. સંસારમાં સૌથી મોટી આત્માની અનંત ને અક્ષય સંપત્તિનો તે સ્વામી બની જાય છે. તેનો પુરુષાર્થ પૂરો થાય છે ને તેની સાધના સફળ બને છે. સાધક મટીને તે સિદ્ધ થાય છે. કૈવલ્યની એ ઉત્તમોત્તમ અવસ્થાના અનુભવ માટે જ એક ધન્ય ઘડીએ એણે પવિત્ર પ્રસ્થાન કર્યું હતું. તે પ્રસ્થાન હવે પૂરું થયું. હવે તેને સર્વત્ર આત્મદર્શન થવા માંડ્યું.

કૈવલ્ય અથવા તો જીવનમુક્ત અવસ્થાના એવા અનુભવ માટે યોગીએ નાની મોટી સિદ્ધિઓના મોહમાં પડી ભાન ભૂલીને બેસી રહેવાને બદલે, સાધનાનો રસ વધારીને આગળ ને આગળ વધવાની જરૂર છે.

**[૪૫] સાધનામાં સાવધતા**

સાધનાની પરિપક્વતા થતાં યોગીને મોટા મોટા લોકપાલ, દેવતા ને સિદ્ધપુરુષોના દર્શનનો લાભ પણ મળી રહે છે. તે વખતે તેણે એક વસ્તુ યાદ રાખવાની છે. તેવા દર્શનના અનુભવથી એણે કોઈયે પ્રકારના અહંકારમાં ના પડાય તેનું ધ્યાન રાખવાનું છે. વળી એવા અલૌકિક અનુભવને પરિણામે અતિશય આનંદમાં ડૂબી જઈને, ભાન ભૂલીને, આગળ વિકાસ કરવાનું મહત્વનું કામ મૂકી ના દેવાય તેનું પણ ધ્યાન રાખવાનું છે. તેવા સિદ્ધપુરુષો કે દેવી દેવતા તેના પર પ્રસન્ન થઈને કોઈ વિશેષ વરદાન આપે તો પણ, તેણે સંસારના ભોગવિલાસ અથવા તો વૈભવ ને ઐશ્વર્યમાં ડૂબી જવા તૈયાર ના થવું. તેમની મારફતે મળતાં પ્રલોભનોમાં અથવા તો પોતાના નિર્બળ વાસનાયુક્ત મનના હલકા પ્રકારના સંકલ્પવિકલ્પોમાં પણ ના પડવું. નહિ તો મૂળ માર્ગ ભુલાઈ જવાનો ને બીજા ભળતા વચગાળાના માર્ગે અટકી જવાનો ભય રહે છે. એમ થઈ જાય તો સાધકને ભારે નુકસાન થાય ને તેના સાધનામય જીવનમાં મોટામાં મોટું વિઘ્ન ઊભું થાય.

એવી પ્રતિકૂળ પરિસ્થિતિ પેદા ના થાય ને તેવી પરિસ્થિતિમાં પડીને ભ્રમણાના ભોગ ના બનાય તે માટે યોગીએ ખૂબ ખૂબ જાગ્રત ને સાવધાન રહેવું જોઈએ. તેના વિવેકની જ્વલંત જ્યોતિ કોઈ પણ કારણે ને કોઈયે સંજાગોમાં મંદ ના પડે તથા મૃતઃપ્રાય પણ ના બને તે માટે તેણે ખાસ ચીવટ રાખવી જોઈએ. તો જ તેની સાધનાની સફર સફળ તેમજ સુખદ બની શકે.

### [૪૬] વિવેકજ્ઞાન

હવે પતંજલિ વિવેકજ્ઞાન વિશે વાત કરી રહ્યા છે. શરૂઆતમાં તેની ઉત્પત્તિ કેવી રીતે થાય છે તે વિશે સમજાવે છે.

આપણે જેને ક્ષણના નામથી સંબોધીએ અથવા તો ઓળખીએ છીએ તે શું છે તેની ખબર છે ? તે કાળનો નાનામાં નાનો વિભાગ છે. હા. કાળના નાનામાં નાના, છેક જ નાના વિભાગને 'ક્ષણ' કહેવામાં આવે છે. એવી અનેક ક્ષણો એકઠી થઈને કાળ થાય છે. એક ક્ષણ પછી બીજી ક્ષણ સ્વાભાવિક રીતે જ પસાર થાય છે. એવી રીતે એક ક્ષણ પછી બીજી ક્ષણને પસાર થવાના પ્રવાહને ક્રમનું વિશેષ નામ આપવામાં આવ્યું છે. તે ક્રમ ને તેની રચના જેમાંથી થાય છે તે ક્ષણમાં સંયમ કરવાથી વિવેકજ્ઞાનની પ્રાપ્તિ થાય છે.

એવા વિવેકજ્ઞાનની પ્રાપ્તિથી શો લાભ થાય છે ? કોઈ પણ વસ્તુની ભિન્નતાનું જ્ઞાન મેળવવા માટે તેવું વિવેકજ્ઞાન અત્યંત ઉપયોગી થઈ પડે છે. જુદી જુદી વસ્તુઓની ભિન્નતા કેવી રીતે જણાય છે ? વસ્તુની જાતિ, વસ્તુનું લક્ષણ ને વસ્તુનું સ્થાન એ ત્રણેનો વિચાર કરવાથી. પણ વસ્તુની ભિન્નતાનું જે જ્ઞાન નથી થતું તે વિવેકજ્ઞાનની મદદથી સહેજે થઈ જાય છે.

વિવેકજ્ઞાન એ રીતે અનુભવમાંથી ઊતરી આવેલું જ્ઞાન છે ને વસ્તુના મૂળ અથવા અસલ સ્વરૂપને જાણવામાં, ઓળખવામાં અથવા સમજવામાં અત્યંત મહત્વનો ભાગ ભજવી બતાવે છે.

### [૪૭] વિવેકજ્ઞાનનું વિશેષ ફળ

કોઈ પણ પદાર્થના મૂળમાં ઊતરીને મેળવેલું એવું વિવેકજ્ઞાન યોગીને માટે મહા આશીર્વાદરૂપ થઈ પડે છે. એ જ્ઞાનને આપણે પ્રજ્ઞા પણ કહી શકીએ. એ પ્રજ્ઞા સાધારણ કે અસાધારણ યોગીની એક સદાની

સહચરી છે. તે પ્રત્યેક પળે એની સાથે જ રહે છે ને એને પ્રેરણા તથા પથપ્રદર્શન પૂરું પાડવાની સાથે આરામ ને આનંદનો અનુભવ કરાવે છે.

વિવેકજ્ઞાનની પ્રાપ્તિ કરી ચૂકેલો યોગી સદાને સારું સલામત બની જાય છે. વિવેકજ્ઞાન સંસારમાંથી ઉદ્ધાર કરનારું કે તારનારું છે. ઉત્તમ પ્રકારના વૈરાગ્યનું દાન કરીને કૈવલ્યપદમાં પ્રતિષ્ઠિત કરનારું છે, સઘળા પદાર્થોના મૂળ રહસ્યનું જ્ઞાન કરાવનારું છે. બધી વસ્તુઓને કોઈ પણ પ્રકારના ક્રમ વિના એક સાથે જણાવનારું છે ને સૌથી શ્રેષ્ઠ છે. એ જ્ઞાન જેને પ્રાપ્ત થાય છે તે યોગી સંસારની મમતા તેમજ આસક્તિમાં પછી નથી પડતો ને ભાન પણ નથી ભૂલતો.

આજના સંસારમાં જો માણસે સુખી થવું હોય, ને સાથે સાથે સંસારને પણ સુખી કરવો હોય, તો એવા વિવેકજ્ઞાનની પ્રાપ્તિ પણ જરૂર કરવી પડશે. સંસારમાં આજે બધી જ બાજુથી પ્રગતિ થતી જાય છે, ને બધું વધતું જાય, પણ સારાસારનો વિવેક ને તેને પરિણામે પેદા થતો સત્યનો પક્ષપાત ને અસત્યનો ઉપહાસ કે ઉપેક્ષાભાવ ઘટતો જાય છે, એ એક હકીકત છે. સંસારની સમૃદ્ધિ, સુખાકારી ને શાંતિ માટે એ લક્ષણ બહુ સારું નથી ને પોતાનું તથા બીજાનું હિત જેમને હૈયે વસે છે તેમણે એવી પ્રતિકૂળ પરિસ્થિતિમાં પલટો લાવ્યા સિવાય છૂટકો નથી. માનવ ને સમસ્ત સંસારના હિત માટે આપણે એક એક એવી પરિસ્થિતિ પેદા કરવા માગીએ છીએ, જેમાં માનવ બહારની પ્રકૃતિનો પૂરો લાભ લઈને બને તેટલો સમૃદ્ધ બને જ, પરંતુ સાથે સાથે પોતાની અંદરની પ્રકૃતિને પણ ના ભૂલે, ગૌણ ના ગણે, વિકસાવે, સુધારે, સમૃદ્ધ કરે, ને પોતાની જાત પર પણ કાબૂ કરતાં શીખી લે. એનું મહત્વ જરાય ઓછું નથી ને આજની અશાંત દુનિયામાં તો ઘણું જ વધારે છે. માટે જ સૌ કોઈ યોગી બને ને વિવેકજ્ઞાનથી સંપન્ન થાય એમ આપણે ઈચ્છીએ છીએ.

**सत्त्वपुरुषयोः शुद्धिसाम्ये कैवल्यम् इति ॥५५॥**

### [૪૮] કૈવલ્યની પ્રાપ્તિ

યોગદર્શનની વિચારધારાનો આસ્વાદ લેતાં લેતાં આપણે આટલે સુધી આવી પહોંચ્યા. યોગદર્શનનાં બધાં મળીને ૧૯૫ સૂત્રો છે. એમને ૧૯૫ સૂત્રો કહો કે જીવનની પૂર્ણતાના પાવન મંદિરનાં ૧૯૫ સોપાન કહો - બધું સરખું જ છે. આજે આપણે વિભૂતિપાદના છેલ્લા સૂત્રનો વિચાર કરી રહ્યા છીએ. એ સૂત્રમાં કૈવલ્યની પ્રાપ્તિનો ઉલ્લેખ કરવામાં આવેલો છે.

કૈવલ્યની પ્રાપ્તિને માટે મુખ્ય જરૂરત બુદ્ધિ અથવા તો મનની નિર્મળતાની છે. યોગીએ મનને નિર્મળ કરવું જ જોઈએ, ને બુદ્ધિને પણ સત્યના પ્રકાશથી પ્રકાશિત કરી દેવી જોઈએ. મન ને બુદ્ધિ, બંને નિર્મળ બનતાં, પુરુષના બુદ્ધિ સાથેના અજ્ઞાનમય સંબંધનો તથા પ્રકૃતિના ગુણોની મમતા તેમજ આસક્તિનો અંત આવી જાય છે. ત્યારે બુદ્ધિ ને પુરુષ બંનેની શુદ્ધ થઈ એમ કહી શકાય છે. એ રીતે બંનેની સમાન શુદ્ધિ થઈ જાય એટલે કૈવલ્યની પ્રાપ્તિ થઈ એમ કહેવાય છે.

કૈવલ્ય એ રીતે કોઈ સ્થાન કે પ્રદેશ નથી પણ વિકાસની એક અવસ્થા છે, તે યાદ રાખવાનું છે. યોગદર્શન પ્રમાણે કૈવલ્ય જીવનની મુક્તિ, સિદ્ધિ કે પૂર્ણતાનું ત્રીજું નામ છે. તેની પ્રાપ્તિ પછી તરત શરીર છૂટી નથી જતું. તેની પ્રાપ્તિના માર્ગમાં શરીર અંતરાયરૂપ છે ને તેની પ્રાપ્તિને માટે શરીરનો અંત આણવો

જોઈએ, એમ પણ નથી. શરીરમાં રહીને તથા શરીરના માધ્યમ મારફત જ એનો અનુભવ થઈ શકે છે એ યાદ રાખવાનું છે.

યોગની સમગ્ર સાધના એ કૈવલ્યને લક્ષ્ય કરીને જ ચાલી રહી છે, એ સાધનારૂપી સરિતા કૈવલ્યના સિંધુ તરફ પ્રયાણ કરી રહી છે, ને એ સિંધુમાં મળીને જ શાંતિ મેળવાય છે. જેને એ કૈવલ્યનો અનુભવ થઈ જાય છે તે યોગીની કૃતકૃત્યતાનો પાર નથી રહેતો.

સંસારના સૌ સભ્યો એ કૃતકૃત્યતાનો આનંદ મેળવે એવી ઊંડી અભિલાષા સાથે વિભૂતિપાદની આ વિચારણા આપણે પૂરી કરીશું.

## ॥ વિભૂતિપાદ સમાપ્ત ॥

# ॥ ૪. કૈવલ્યપાદ ॥

**[૧] સિદ્ધિઓના પાંચ કારણ**

છેલ્લે છેલ્લે આપણે જેનો વિચાર કરી ગયા તે 'વિભૂતિપાદ'માં મોટે ભાગે યોગીને સાંપડતી સિદ્ધિઓ અથવા તો વિશેષ શક્તિઓનું વર્ણન કરવામાં આવ્યું છે. એ બધી સિદ્ધિઓનો વિચાર કરીને આપણે આશ્ચર્યચકિત થઈ જઈએ છીએ કે આટલી બધી શક્તિ ! એક સામાન્ય માનવ પોતાની સુષુપ્ત શક્તિનો વિકાસ કરીને આટલી બધી ઊંચી કક્ષાએ પહોંચી શકે છે ! ને એ વિચારથી આપણને નવા ને વધારે સારા શક્તિશાળી જીવન માટેની પ્રેરણા મળે છે, સામગ્રી જડે છે ને આપણું મન સાધનાપરાયણ થવા તત્પર બને છે. 'વિભૂતિપાદ' જ નહિ પરંતુ આખાયે યોગદર્શનના મનનનું એવું પરિણામ આવે એ સ્વાભાવિક છે, ઈચ્છવા જેવું છે ને આવશ્યક છે. આપણું ચિંતન ને મનન કોરું ના બને પરંતુ આપણી અંદર જીવનના વિકાસની પ્રેરણા પેદા કરીને જીવનને વધારે ને વધારે સત્વશીલ ને બળવાન કરે તેનું આપણે ધ્યાન રાખવું જોઈએ.

હવે યોગદર્શનનો ચોથો ને છેલ્લો 'કૈવલ્યપાદ' ચાલુ થાય છે. તેની શરૂઆતમાં પતંજલિ સિદ્ધિઓનાં પાંચ કારણ કહી બતાવે છે. સિદ્ધિઓનું પ્રાકટ્ય શરીર, મન ને ઈન્દ્રિયોમાં ફેરફાર થવાથી થાય છે. એવા ફેરફારને લીધે જે કેટલીક વિશેષ, અસાધારણ, અલૌકિક શક્તિઓનો આવિર્ભાવ થાય છે. તેમને સિદ્ધિના વિશેષ નામથી ઓળખવામાં આવે છે. પતંજલિ કહે છે કે એવી સિદ્ધિનાં મુખ્ય કારણ પાંચ છે, અથવા તો એવી સિદ્ધિ પાંચ પ્રકારે મળી શકે છે : જન્મથી, ઔષધિથી, મંત્રથી, તપથી ને સમાધિથી.

એ પાંચે પ્રકાર અથવા કારણનો ઉલ્લેખ ટૂંકમાં કરી જઈએ.

(૧) જન્મથી મળનારી સિદ્ધિ: જન્માંતર કર્મ કે પુરુષાર્થના ફળરૂપે કેટલીક અલૌકિક શક્તિઓ કેટલાક મહાપુરુષોનાં જન્મથી જ જોવા મળે છે. તે શક્તિઓને જોઈને આપણને નવાઈ લાગે છે તેનો ઉકેલ આપણી સાધારણ ને સીમિત બુદ્ધિ નથી કરી શકતી. ઉપરથી એમ લાગે છે કે એ બધી શક્તિ એમ ને એમ જ મળી ગઈ પરંતુ ખરેખર તેવું નથી હોતું. ગયા જન્મમાં તેમણે જે સાધનાનો પુરુષાર્થ કરેલો છે, તેના કુદરતી અથવા તો સહજ પરિણામ રૂપે જ તેમને એ શક્તિ અથવા તો તન, મન ને સ્વભાવની વિશેષ યોગ્યતા મળી હોય છે. સાધનાના એ ભૂતકાળના પુરુષાર્થને ફક્ત આપણે જાણતા નથી એટલું જ. શંકરાચાર્ય, વ્યાસ, જ્ઞાનેશ્વર ને સ્વામીનારાયણ સંપ્રદાયના ગોપાલાનંદ સ્વામીના ઉદાહરણ એવા જ છે. એમના જીવનમાં શરૂઆતથી જ જે વિશેષ શક્તિ દેખાતી હતી તેનું કારણ તેમનો પૂર્વજન્મનો પુરુષાર્થ હતું.

જન્મથી સિદ્ધિ મળે છે એનો એક બીજો અર્થ પણ લઈ શકાય છે. મૃત્યુ પછી જીવાત્મા એક યોનિમાંથી બીજી યોનિમાં જાય છે ત્યારે તેના પ્રારબ્ધ પ્રમાણે તેનું શરીર, મન ને તેની ઈન્દ્રિયો બદલાઈ જાય છે, ને તે કેટલીક લોકોત્તર શક્તિની પ્રાપ્તિ કરી લે છે. એ બધું એક યોનિમાંથી બીજી યોનિમાં પ્રવેશ કરવાને પરિણામે આપોઆપ થઈ જાય છે. ધારો કે કોઈ જીવાત્મા મનુષ્યયોનિમાંથી દેવયોનિમાં જાય તો તે

યોનિમાં જન્મવાને લીધે દેવયોનિની કેટલીક વિશેષ શક્તિઓ એને આપોઆપ મળી જાય છે. જન્મથી સિદ્ધિ મળવાની વાતને એ રીતે પણ સમજી શકાય છે.

(૨) ઔષધિથી મળનારી સિદ્ધિ: ઔષધિના સેવનથી પણ કેટલીક વિશેષ શક્તિ અથવા તો સિદ્ધિની પ્રાપ્તિ થઈ જાય છે. એવી રીતે ઔષધિનું સેવન કરીને જેમણે સિદ્ધિ મેળવી હોય એવા કોઈ કોઈ યોગીપુરુષોનું દર્શન પણ કોઈ વાર થઈ જાય છે. એટલું સાચું છે કે ઔષધિના પ્રયોગો જાણનારા ને તેવા પ્રયોગોની મદદથી વિશેષ શક્તિને મેળવવા મથનારા ને મેળવી ચૂકેલા પુરુષો બહુ ઓછા છે, પરંતુ એમનો એકદમ અભાવ નથી, ને તે મળે છે ત્યારે આપણને આશ્ચર્યમાં નાંખી દે છે.

ઔષધિના સેવનથી જે સિદ્ધિ મળે છે તેમાં અખંડ યૌવનની પ્રાપ્તિ, ટાઢ તથા તાપને સહન કરવાની શક્તિ, રોગનો, ભૂખ-તરસનો ને વૃદ્ધાવસ્થાનો નાશ તથા સમાધિની પ્રાપ્તિ જેવી સિદ્ધિ મુખ્ય છે. ટૂંકમાં કહીએ તો ઔષધિનું પણ એક શાસ્ત્ર છે ને એની અંદર જેમ જેમ વધારે ને વધારે ઊંડા ઊતરવામાં આવે તેમ તેમ ઘણી ગૂઢ શક્તિઓની પ્રાપ્તિ થાય છે.

(3) મંત્રથી મળનારી સિદ્ધિ: ત્રીજી જાતની સિદ્ધિ મંત્રથી મળે છે. અથવા તો એમ કહો કે મંત્ર પણ સિદ્ધિ મળવાનું એક સાધન થઈ શકે છે. મંત્રના જપ, પ્રયોગ ને અનુષ્ઠાનથી પણ કેટલીક વિશેષ શક્તિની પ્રાપ્તિ થાય છે.

(૪) તપથી મળનારી સિદ્ધિ: સિદ્ધિના ચોથા સાધન તરીકે પતંજલિએ તપનો ઉલ્લેખ કરેલો છે. તપ એટલે તન, મન ને ઈન્દ્રિયોને કાબૂમાં રાખીને કરાતી વિધિપૂર્વકની સાધના. એવી સાધનાથી સાધકનું તન, મન ને અંતર તદ્દન નિર્મળ બની જાય છે, તેમજ તેને અસાધારણ શક્તિની પ્રાપ્તિ થાય છે. મોટા ભાગના મહાપુરુષોએ તપ દ્વારા જ સિદ્ધિ મેળવી હોય છે. જો કે એવા મહાપુરુષોની સંખ્યા પણ ધાર્યા કરતાં ઘણી જ ઓછી હોય છે.

(૫) સમાધિ દ્વારા મળનારી સિદ્ધિ: સમાધિના અભ્યાસમાં યોગી જેમ જેમ આગળ વધે તેમ તેમ, તેને દૂરદર્શન, દૂરશ્રવણ, સિદ્ધપુરુષોનો સમાગમ, ભૂતભાવિનું જ્ઞાન ને એવી બીજી કેટલીક વિશેષ શક્તિની પ્રાપ્તિ થાય છે. અનુભવી યોગી પુરુષો આ વાતને સારી પેઠે સમજી શકશે.

એ બધી સિદ્ધિઓને લીધે તન, મન ને ઈન્દ્રિયો પલટાઈ જાય છે તેમજ અલૌકિક બની જાય છે. તેને પરિણામન્તર અથવા તો જાતિ-અંતર-પરિણામ કહેવામાં આવે છે.

### [૨] પ્રકૃતિની પૂર્ણતા વિશે

એવું જાત્યંતર પરિણામ સિદ્ધિઓની પ્રાપ્તિ થવાથી થાય છે. એનો અર્થ એટલો જ સમજવાનો છે કે સિદ્ધિઓની પ્રાપ્તિથી શરીર, મન ને ઈન્દ્રિયોમાં જે તત્વો ખૂટતાં હોય છે તેમની પૂર્તિ થઈ જાય છે. શરીર, મન, ને ઈન્દ્રિયો અલૌકિક થઈ જાય છે ને તેને પરિણામે તેવું જાત્યંતર સિદ્ધ થાય છે. પ્રકૃતિને પૂર્ણ અથવા તો અલૌકિક કરવા માટે જે તત્વોની જરૂર હોય છે, તે તત્વોને એકઠાં કરવાથી પ્રકૃતિની પૂર્ણતા થઈ જાય છે. પ્રકૃતિની પૂર્ણતા તથા જાત્યંતર પરિણામ બે એક જ છે.

આટલી વિચારણા પછી કોઈ એમ કહેશે કે 'જન્મ, મંત્ર ને ઔષધિ જેવાં નિમિત્ત કારણથી પ્રકૃતિની પૂર્ણતા કેવી રીતે થાય છે ? શું તે પ્રકૃતિનાં પ્રયોજક છે ?

એ પ્રશ્ન પૂછનારને માટે પતંજલિએ અહીં કેટલુંક સ્પષ્ટીકરણ કરેલું છે. તે કહે છે કે જન્મ, મંત્ર ને ઔષધિ તો કેવળ નિમિત્ત છે. એટલે તો એમને નિમિત્ત-કારણ કહેવામાં આવ્યાં છે. પ્રકૃતિને એક સ્થાનમાંથી બીજા સ્થાનમાં લઈ જવાની અથવા તો પ્રકૃતિમાં પરિવર્તન કરવાની તેમનામાં શક્તિ નથી. તે તો કેવળ આવરણ અથવા તો અંતરાયને દૂર કરી દે છે. એવી રીતે આવરણ કે અંતરાયનો અંત આવતાં પ્રકૃતિનાં ખૂટતાં તત્વોની પૂર્તિ તો પછી આપોઆપ થઈ જાય છે.

ઘરમાં પ્રકાશ લાવવા માટે કોઈ શું કરે છે ? આકાશમાં ઊગેલા સૂર્ય ને તેના પ્રકાશ પર કોઈની સત્તા નથી પરંતુ તેનો લાભ લેવા પોતાના બંધ મકાનમાં બારીબારણાં ઉઘાડી નાંખે છે, ને પ્રકાશને આવવાનો રસ્તો સાફ કરે છે.

જન્મ ને ઔષધ જેવાં નિમિત્તથી પણ જ્યારે પ્રકૃતિના પરિવર્તન આપોઆપ થઈ જાય છે, ત્યારે શરીર, મન ને ઈન્દ્રિયોની પૂર્તિ અંતરાય દૂર થઈ જાય છે. પોતાની અંદર જે ત્રુટિ અથવા અછત હોય છે તેને પ્રકૃતિ પૂર્ણ કરી દે છે. તે તેનો સહજ સ્વભાવ છે.

### [3] નવા ચિત્તનું નિર્માણ

ચિત્તનો મૂળ ને એકમાત્ર આધાર શું છે ? અસ્મિતા, હું પણાનો ભાવ અથવા તો અહંવૃત્તિ. તેને લીધે જ ચિત્ત બને છે, પોષણ પામે છે. એના વિના ચિત્તનું અસ્તિત્વ ભાગ્યે જ હોઈ શકે. એમ કહો કે એકદમ અસંભવ છે તો કાંઈ જ ખોટું નથી. ચિત્ત રાગ ને દ્વેષ, સુખ ને દુઃખ તથા મમતા ને આસક્તિનો અનુભવ કરે છે, ને તેથી તથા તે સૌને પેદા કરનારાં કર્મો, સંસ્કારો, ભાવો કે વિચારોથી તેનું બંધારણ ઘડાય છે એ સાચું છે, પરંતુ એ પણ એટલું સાચું છે કે એ સૌનું મુખ્ય કારણ અસ્મિતા છે. અસ્મિતા ના હોય તો આ શરીર ને સંસારનો અનુભવ કરી શકાય નહિ. કોઈ પ્રકારનું સારું કે નરસું કર્મ પણ થઈ શકે નહિ ને તેવાં કર્મોના ફળરૂપ લાભહાનિ, સુખદુઃખ, પતન ને ઉત્થાન તથા બંધ ને મોક્ષનો અનુભવ પણ થાય નહિ.

સમાધિદશામાં અસ્મિતા એકદમ શાંત થઈ જાય છે એટલે યોગીનું ચિત્ત પણ શાંત થાય છે, ને તેનાથી કોઈ પ્રવૃત્તિ નથી થતી. તે સિવાયની બીજી બધી જ દશામાં ચિત્ત ને અસ્મિતા બંને જાગ્રત હોય છે ને કામ કરે છે. સાગર ને તેના તરંગની પેઠે અસ્મિતા ને ચિત્ત બંનેનો સંબંધ કાયમ માટે ચાલુ જ રહે છે. માટે જ અસ્મિતાને ચિત્તનું ઉપાદાન કારણ કહેવામાં આવે છે. નિર્માણ કરાયેલાં કે બનાવેલાં બધાં ચિત્ત ફક્ત અસ્મિતાથી ઉત્પન્ન થયાં હોય છે. એ અસ્મિતાથી મદદથી યોગી નવા ચિત્તનું નિર્માણ કરી શકે છે. તેના સંકલ્પબળમાં એવી અસાધારણ શક્તિ હોય છે.

### [૪] મૂળ ચિત્ત એક જ હોય છે

સંકલ્પની શુદ્ધિ તથા પ્રબળતાથી તેમજ બીજી યૌગિક શક્તિથી યોગીપુરુષ બીજા ચિત્તનું નિર્માણ કરી શકે છે ને તેની મારફત ધારે તેવો વ્યવહાર પણ કરે છે. એ વાત તો સમજી શકાય તેવી છે પણ એના

અનુસંધાનમાં એક બીજી વાત પણ સમજી લેવાની છે, ને આ સૂત્રની અંદર એનો જ ઉલ્લેખ કરવામાં આવેલો છે. માણસને સ્વભાવિક રીતે જ એવો પ્રશ્ન થવાનો સંભવ છે કે 'યોગી પોતાની શક્તિથી જે અનેક કે એકથી વધારે ચિત્ત ઉત્પન્ન કરે છે, તે ચિત્ત ફાવે તેમ અલગ રીતે કામ કરે છે કે પછી તેમને નિયંત્રણમાં રાખનારું કોઈ એક ચિત્ત બાકી રહે છે ?'

એનો ઉત્તર ખાસ સમજવા જેવો છે. યોગી પોતાની વિશેષ શક્તિથી અનેક ચિત્તનું નિર્માણ જરૂર કરે છે; પરંતુ તે બધાં ચિત્ત સ્વતંત્ર રીતે ફાવે તેમ કામ નથી કરતાં, તે બધાં ચિત્ત પર યોગીના પ્રથમ મૂળ ચિત્તની જ પ્રેરણા, ઈચ્છા, આજ્ઞા ને રુચિ પ્રમાણે બીજા ચિત્ત વર્તે છે. એમ થવાથી મૂળ ચિત્ત ને બીજાં નિર્મિત ચિત્ત વચ્ચે કોઈ પ્રકારની અવ્યવસ્થા નથી થતી. બીજાં બધાં ચિત્ત પહેલાં ચિત્તની નવી આવૃત્તિ જેવાં જ થઈ રહે છે. એક શરીરમાં જુદી જુદી ઈન્દ્રિયોને જુદાં જુદાં કામમાં લડનારું ચિત્ત જેમ એક હોય છે તેમ જુદાં જુદાં નિર્માણ કરાયેલા ચિત્તને દોરનારું કે કર્તવ્યમાં પ્રેરનારું યોગીનું મૂળ ચિત્ત પણ એક જ હોય છે. એ વાત સારી પેઠે સમજી લેવાથી કોઈ શંકા નહિ થાય.

**[૫] ઉત્તમ ચિત્ત**

જન્મ, મંત્ર, ઔષધિ, તપ તથા સમાધિ દ્વારા સિદ્ધિઓ મળે છે ને ચિત્તની ઉન્નતિ પણ થાય છે. પરંતુ તે સંબંધી એક વાત ખાસ યાદ રાખવા જેવી છે.

આપણે જોઈએ છીએ કે કેટલાક યોગીપુરુષો કેટલીક વિશેષ પ્રકારની શક્તિ અથવા તો સિદ્ધિઓનું પ્રદર્શન કરી બતાવે છે. તેમની સિદ્ધિઓને જોઈને આપણે આશ્ચર્યમાં ગરકાવ પણ બની જઈએ છીએ. પરંતુ તેમના સ્વભાવ અથવા તો જીવન વ્યવહારનું નિરીક્ષણ કરતાં આપણને એમની અંદર અહંતા, મમતા, રાગ, દ્વેષ ને લૌકિક વસ્તુઓની લાલસા દેખાય છે. એક બાજુથી જોતાં, એમની સિદ્ધિઓ પણ એવી જ ભારે હોય છે, ને બીજી બાજુથી જોતાં, તેમની ત્રુટિઓ ને સ્વભાવગત નબળાઈઓનો પણ પાર નથી હોતો.

તેનું કારણ તેમની પોતાની સાધનાની પદ્ધતિ હોય છે. જે યોગી પુરુષો મંત્ર, ઔષધિ કે કોઈ વિશેષ પ્રકારની તપની પ્રક્રિયાનો આધાર લઈને આગળ વધે છે, તેમને અમુક પ્રકારની સિદ્ધિ તો જરૂર મળે છે, પરંતુ તેમના સ્વભાવની સંપૂર્ણ શુદ્ધિ નથી થતી. સ્વભાવની શુદ્ધિ કરીને મનને સાત્વિક તથા નિર્મળ કરવા તરફ તેમનું ધ્યાન જ નથી હોતું એમ કહીએ તો પણ ચાલે. તેમનું બધું અથવા તો મોટા ભાગનું ધ્યાન સિદ્ધિઓની પ્રાપ્તિ પાછળ જ લાગેલું હોય છે. એટલે મોડી કે વહેલી, તેમને સિદ્ધિઓની પ્રાપ્તિ તો થાય છે જ, પરંતુ તેમનું મન જેવું જોઈએ તેવું નિર્મળ નથી થતું. તેની ગંદકી તો વત્તે ઓછે અંશે એવી જ રહી જાય છે.

પરંતુ જે યોગીપુરુષો મંત્ર, ઔષધિ ને તપ જેવાં સાધનોનો જ આધાર લેવાને બદલે, ચિત્તની શુદ્ધિનું શરૂઆતથી જ ખાસ ધ્યાન રાખે છે ને ધ્યાનની સાધનાનો રસ વધારીને સમાધિનો અનુભવ કરે છે, તેમની અંદર અહંતા, મમતા, આસક્તિ ને રાગદ્વેષનું દર્શન નથી થતું. એટલે મંત્ર ઔષધિ ને તપની સાધનામાં તથા ધ્યાન ને સમાધિની સાધનામાં ચિત્તની શુદ્ધિ ને ઉત્તમતાની દૃષ્ટિએ આટલો તફાવત છે. બીજી જાતની સાધના ચિત્તને ઉત્તમ કરવામાં ખાસ ભાગ ભજવે છે.

ચિત્ત જો નિર્મળ ને ઉત્તમ થાય તો જ શાંતિ મળી શકે. જીવનનું સાચું શ્રેય પણ ત્યારે જ થઈ શકે. માણસ ગમે તેવી અસાધારણ શક્તિથી સંપન્ન બને તો પણ જો સદ્‌ગુણ, સદ્‌વિચાર, સદ્‌ભાવ ને સત્કર્મની મૂર્તિ ના બને, તો એનું જીવન આદર્શ તથા પ્રેરણારૂપ ના જ બની શકે. તેવા જીવનની મહત્તા શી ? માટે જ આપણે કહીએ છીએ કે પોતાની જાતની શુદ્ધિને સાધકે અત્યંત મહત્વની માનવી જોઈએ ને તેને સિદ્ધ કરવા શક્ય એટલો બધો જ પુરુષાર્થ કરવો જોઈએ.

**[૬] જુદાં જુદાં કર્મો**

દરેક ધર્મના મુખ્ય ઉપદેશ ગ્રંથોમાં ને સંતપુરુષોની વાણીમાં સ્વભાવની શુદ્ધિ, ચારિત્ર્યશુદ્ધિ કે વ્યવહારશુદ્ધિ પર ખાસ ભાર મૂકવામાં આવ્યો છે. સફળ ને સુખી જીવનનો તે પાયો છે એમ કહીએ તો ચાલે. તે પાયા પ્રત્યે જોઈતું ધ્યાન આપ્યા વિના સાધનાનું બીજું કામ ભાગ્યે જ આગળ વધી શકે. છતાં પણ, આપણે જોઈએ છીએ કે બહુ જ ઓછા સાધકો એ પાયાને મજબૂત બનાવવાનું ધ્યાન રાખે છે, ને મોટા ભાગના સાધકો એ તરફ દુર્લભ જ સેવે છે. સાધકોના જીવનમાં જે સિદ્ધિનો પ્રકાશ નથી દેખાતો, અથવા તો અત્યંત અલ્પ પ્રમાણમાં દેખાય છે, એનું એક કારણ એ પણ છે. માટે જ પોતાના મનની શુદ્ધિનું બનતું ધ્યાન રાખવાની આપણે સાધકોને ખાસ ભલામણ કરીએ છીએ.

એ મહત્વના મુદ્દાનો વિચાર કર્યા પછી હવે આપણે બીજા નવા જ મુદ્દા પર આવી પહોંચીએ. એ મુદ્દો કર્મો વિશેનો છે. યોગીનાં કર્મો ને બીજા સામાન્ય માનવોનાં કર્મોમાં શો ભેદ છે તેનું થોડુંક સ્પષ્ટીકરણ તેના પરથી થઈ જાય છે.

પતંજલિ કહેવા પ્રમાણે યોગીનાં કર્મો અશુકલ ને અકૃષ્ણ એમ બે પ્રકારનાં હોય છે, ને બીજા સામાન્ય માનવોનાં ત્રણ પ્રકારનાં. સામાન્ય માનવોનાં એ ત્રણ પ્રકારનાં કર્મો આ પ્રમાણે છે : શુકલ કર્મ, કૃષ્ણ કર્મ ને શુકલકૃષ્ણ કર્મો.

શુકલ કર્મ એટલે પુણ્ય કર્મ. કૃષ્ણ કર્મ એટલે પાપ કર્મ. ને પાપ તથા પુણ્યના મિશ્રણવાળાં કર્મોને શુકલ-કૃષ્ણ કર્મો કહેવામાં આવે છે. સામાન્ય માણસોના કર્મો એ ત્રણ વિભાગમાં વહેંચાઈ જાય છે પરંતુ યોગીનાં કર્મો જુદી જ જાતનાં હોય છે.

પૂર્ણતાની પ્રાપ્તિ કરી ચૂકેલા યોગીપુરુષનો અહંભાવ મટી ગયો હોય છે. મમતા, અહંભાવ, આસક્તિ તથા રાગદ્વેષનો ત્યાગ કરીને, ઈશ્વરના હાથમાં હથિયાર બનીને તેવો યોગીપુરુષ સહજ રીતે જે થાય તે કર્મ કરે છે. તેવાં કર્મો તેને સારાં કે નરસાં ફળનાં બંધનમાં નથી બાંધતાં. કર્મ કરવા છતાં તે તેથી અલિપ્ત રહે છે. તેને માટે તે કર્મો પુણ્યરૂપ પણ નથી થતાં, ને પાપમય પણ નથી બનતાં. સારાં ને નરસાં કર્મ ને તે કર્મનાં ફળ એની આત્મનિષ્ઠાને ડગાવી શકતાં નથી ને એને કોઈ વિશેષ અસર પણ નથી કરતાં. માટે જ યોગીપુરુષનાં એ કર્મો અશુકલ ને અકૃષ્ણ એમ બે પ્રકારનાં કહેવાય છે. યોગદર્શનનાં કર્મોના આ વિચાર સાથે ગીતાની કર્મની ફિલસુફીને સરખાવવા જેવી છે. બંને વચ્ચે ભારે સામ્ય દેખાઈ આવશે. ગીતાનો જ્ઞાની કે યોગીપુરુષ પણ કર્મ કરવા છતાં કર્મથી લેપાતો નથી ને પર રહે છે. કર્મના ફળ તેને પણ નથી બાંધી શકતાં.

### [૭] કર્મો ને વાસના વિશે

સામાન્ય માણસોનાં કર્મોના ત્રણ પ્રકાર વિશે આગળ પર ઉલ્લેખ કરી લીધો. તે પ્રમાણે તે કર્મો સારાં, નરસાં તથા સારાં ને નરસાંના મિશ્રણ રૂપ હોય છે. તે કર્મો તો સમાપ્ત થયાં હોય છે, પણ પાછળ એમની સારી-મીઠી અથવા તો મિશ્રિત અસર મૂકતા જાય છે. જેવી રીતે કોઈ વાહન પસાર થાય છે ને રસ્તા પર પોતાનાં પૈડાંની છાપ મૂકી જાય છે તેવી રીતે.

માણસે કરેલાં બધાં જ કર્મોના સંસ્કાર એના અંતઃકરણમાં કાયમ રહી જાય છે, એકઠાં થાય છે. સંસ્કાર રૂપે બધાં જ કર્મો અંતઃકરણમાં જમા થાય છે ને કાયમ રહે છે. તે કર્મોના સમૂહમાંથી જે કર્મનું ફળ આપવાનું કામ શરૂ થાય છે, તે વખતે તે કર્મના ફળને બંધબેસતી અનુકૂળ વાસના પણ પ્રકટ થાય છે. જે કર્મના ફળનો ભોગ ચાલુ હોય તેને જ અનુસરતી વાસના પેદા થાય છે. પછી જ્યારે બીજા કર્મના ફળનો ઉપયોગ શરૂ થાય ત્યારે બીજી જાતની વાસના કે વૃત્તિ પેદા થાય છે. વાસના વૃત્તિ ને ભાવનાનો બધો જ આધાર એ રીતે કર્મોના જુદા જુદા સંસ્કાર પર રહે છે ને કર્મોના સંસ્કાર કર્મ ઉપર આધાર રાખે છે.

એ બધી સાંકળની કડીઓનો વિચાર કરવાથી એક વસ્તુ ચોક્કસ રીતે સમજાય છે કે કર્મનું મહત્વ માનવજીવનમાં ઘણું મોટું છે. કર્મ પર જીવનનો મોટો આધાર છે ને જીવનનો ઘાટ કર્મથી જ ઘડાય છે. એ વાતને નજર સામે રાખીને, માણસે ખરાબ કર્મોનો ત્યાગ કરવો ને સારાં કર્મોનું અનુષ્ઠાન કરવા પ્રયાસ કરવો જોઈએ. જીવન ત્યારે જ મંગલમય બની શકે.

### [૮] કર્મને અનુકૂળ વાસના

બધાં કર્મો કાંઈ એક જ જન્મમાં થોડાં થાય છે ? જન્મ એક નહિ પણ અનેક છે. એટલે જુદા જુદા બધા જ જન્મોમાં કર્મો થયાં કરે છે. બધાં કર્મો કોઈ એક જ જન્મમાં ભોગવાય છે અથવા પોતાનું ફળ આપે છે એમ પણ નથી. કેટલાંક કર્મોનું ફળ વર્તમાન જન્મમાં મળે છે, તો બીજાં કેટલાંક કર્મો ભવિષ્યમાં થનારાં બીજા જન્મોમાં પોતાનું ફળ પૂરું પાડે છે. તે ઉપરાંત જે યોનિમાં જે પ્રકારનાં પૂર્વજન્મના કર્મો ભોગવવાનાં હોય, તે યોનિની પ્રાપ્તિ થતાં જ તે કર્મોના સંસ્કાર તથા તેમને અનુકૂળ એવી વાસના પણ અંતરમાં પેદા થાય છે. એવી વાસના તથા એ સંસ્કારોની મદદથી જીવ કર્મના બાકી રહેલા જુદા જુદા ફળનો ઉપયોગ કર્યા કરે છે. એટલે કર્મના ફળની પ્રાપ્તિમાં જન્માંતરની પ્રાપ્તિ અંતરાયરૂપ નથી થતી.

તે પ્રમાણે જુદા જુદા દેશ ને કાળ સંબંધી પણ સમજી લેવાનું છે. બધાં કર્મો એક સ્થળે ને કોઈ એક જ કાળે પણ નથી થતાં. જુદાં જુદાં કર્મો જુદા જુદા સમય તથા સ્થળમાં કરાતાં હોય છે. પરંતુ દેશ કે કાળની એ વિવિધતા અથવા તો વિભિન્નતા પણ કર્મના ફળના ઉપભોગમાં અંતરાયરૂપ નથી થતી. કર્મો વિવિધ દેશ ને કાળમાં કરાયા હોવા છતાં, તેમના ફળનો સમય આવી પહોંચતાં, તેમના સંસ્કાર મનમાં પેદા થાય છે ને એમને અનુકૂળ એવી વાસના પણ જાગે છે. જુદી જુદી યોનિમાં શરીર બદલાય છે, પણ સંસ્કારો તથા સંકલ્પોના સંગ્રહસ્થાન જેવું મન એક જ રહે છે. એટલે જે વખતે જેવું કર્મફળ મળવાનું હોય તે વખતે મનના એ સંગ્રહસ્થાનમાંથી એવા સંસ્કારો પ્રકટ થાય છે.

**[૯] વાસનાઓ અનાદિ છે**

આ પૃથ્વીમાં કોઈ પણ પ્રાણી એવું નથી કે જેને વધારે ને વધારે જીવવાની ઈચ્છા ના હોય. કોઈ કોઈ કંટાળેલાં, દુઃખી માણસો મૃત્યુની માગણી કરે છે ખરાં; પણ તે તો દુઃખી છે ને કોઈ કારણે કંટાળેલા છે માટે. તેમનું દુઃખ જો દૂર થાય તો તેમને જીવન પ્રત્યે કોઈ પણ ફરિયાદ નથી રહેતી. જીવન પછી તો તેમને પણ પ્યારું લાગે છે ને વધારે ને વધારે જીવવું ગમે છે. કીડીથી માંડીને કુંજર સુધી ને માનવથી માંડીને દેવ સુધી સૌને વધારે ને વધારે જીવવું ગમે છે.

જીવનની ઈચ્છા કે મમતા જેમ સૌની અંદર કામ કરે છે તેમ મૃત્યુની બીક પણ લગભગ સર્વવ્યાપક છે. મોટા મોટા મહારથીઓ, પંડિતો ને સર્વ સત્તાધીશો પણ એની કલ્પનાથી કંપે છે.

જીવનની એ અદમ્ય ઈચ્છાને લીધે જીવ મૂળભૂત રીતે અમર છે એવું અનુમાન સહેજે કરી શકાય છે. તે ઉપરાંત, કર્મોના સંસ્કાર ને વાસનાઓ પણ અનાદિ હોય તેમ, લાંબા વખતથી ચાલ્યા જ કરે છે. એમનો આરંભ ક્યારથી થયો તે જાણવાનું ખરેખર મુશ્કેલ છે. એમના મૂળની શોધ હજી સુધી કોઈ નથી કરી શક્યું. પરંતુ કર્મો, કર્મોના એકઠા થયેલા સંસ્કાર તથા વાસનાઓનો ભોગ જરૂર કરવો પડે છે. એ વાતનો સ્વીકાર તો સૌ કોઈ કરે છે. એ કર્મો, સંસ્કારો કે વાસનાઓનો ભોગ એક જ જન્મમાં પૂરો થાય છે એમ પણ નથી. તો પછી તે ભોગને માટે બીજો જન્મ લેવો પડે અથવા બીજું શરીર ધારણ કરવું પડે તે સહેજે સમજી શકાય છે. એમ પણ નક્કી કહી શકાય છે કે બધાં કર્મ ને તેની બધી વાસનાનો ભોગ પૂરો ના થાય ત્યાં સુધી જન્માંતરનો અંત નથી આવતો. એ રીતે પુનર્જન્મ ને પૂર્વજન્મના સત્યની ખાતરી થાય છે.

વાસના પૂરી કરવા કેટલીક વાર સૂક્ષ્મ શરીર ધારણ કરવું પડે છે. તે પણ પુનર્જન્મ જ કહી શકાય. એક વાર હું મુંબઈના એક સેનેટોરિયમમાં ઊતરેલો. રાતે દસેક વાગે હું મારા પલંગ પર બેઠો ત્યાં તો એક ચાલીસેક વરસની સ્ત્રીને મારા ઓરડામાં મેં મારી સામે ઊભેલી જોઈ. તે શરીરે ગોરી હતી તે તેનાં વસ્ત્રો પણ સુંદર હતાં.

મને હાથ જોડીને તેણે કહેવા માંડ્યું : 'તમે જે પલંગ પર બેઠા છો તે મારો પલંગ છે. ગયા વરસે હું માંદી પડી ને તે પલંગ પર ભારે વેદના વચ્ચે મરણ થયું. ત્યારથી રોજ રાતે હું આ ઓરડામાં આંટા મારું છું ને બ્લોકમાં જે રહેવા આવે છે તેમને હું માંદા પાડું છું તથા એક યા બીજી રીતે હેરાન કરું છું.'

મેં કહ્યું, 'તેથી તમને લાભ શો ?'

તેણે ઉત્તર આપ્યો કે 'મને એવી ટેવ પડી છે.'

પછી એ ત્યાં જ અંધકારમાં અદૃશ્ય થઈ ગઈ. પછી તો હું ત્યાં અઢી માસ જેટલું રહ્યો, પણ તેને ફરી ના જોઈ. વાસના માણસને એમ અનેક રીતે જન્માવે છે ને ભમાવે છે તે સાચું છે.

**[૧૦] વાસનાનો અભાવ**

હવે પતંજલિ વાસનાઓનો અભાવ કેવી રીતે થાય અથવા તો અંત કેવી રીતે આવે તે વિશે પોતાના વિચાર કહી બતાવે છે.

તે કહે છે કે જેટલી પણ વાસનાઓ છે તે વાસનાઓનો સંગ્રહ ચાર વસ્તુને લીધે થઈ શકે છે. એટલે એ ચારે વસ્તુનો અભાવ થઈ જતાં, વાસનાઓનો પણ અભાવ થઈ જાય છે.

એ ચાર વસ્તુ અનુક્રમે આ પ્રમાણે છે : (૧) હેતુ (૨) ફળ (૩) આશ્રય ને (૪) આલંબન.

૧) અવિદ્યા જેવા ક્લેશ ને તેમની અસર નીચે આવીને થતાં કર્મોને હેતુ કહેવામાં આવે છે. વાસનાઓના સંગ્રહમાં તે મહત્વનો ભાગ ભજવે છે.

૨) પુનર્જન્મ, આયુષ્ય ને સુખદુઃખના ભોગને ફળ કહેવામાં આવે છે.

૩) ચિત્તને આશ્રય કહેવામાં આવે છે. એ વાસનાઓનું આશ્રયસ્થાન છે.

૪) શબ્દ વગેરે વિષયો વાસનાઓનું આલંબન કહેવાય છે.

યોગની સાધનાનો આધાર લેવાથી એ ચારેનો અભાવ થઈ જાય છે. પ્રજ્ઞા અથવા તો વિવેકજ્ઞાનના પ્રભાવથી અવિદ્યાનો નાશ થઈ જાય છે. પછી કર્મોમાં સારું કે નરસું ફળ આપવાની શક્તિ નથી રહેતી. યોગની સાધનાના પ્રભાવથી, સમાધિની સારી પેઠે સિદ્ધિ થતાં ચિત્ત પણ પોતાના મૂળ કારણમાં મળી જાય છે. એટલે પછી પુરુષનો વિષયો સાથેનો સંબંધ પણ નથી રહેતો. એ પ્રમાણે વાસનાઓના હેતુ, ફળ, આશ્રય ને આલંબન ચારેનો અભાવ થઈ જવાથી, વાસનાઓનો પણ અભાવ થઈ જાય છે. એને પરિણામે યોગીનો પુનર્જન્મ થવાનું પણ કોઈ બહારનું નક્કર, સાધારણ અથવા અસાધારણ કારણ નથી રહેતું. યોગીને બધી રીતે મુક્તિ મળી જાય છે. તેનું જીવન ધન્ય થાય છે.

**[૧૧] અભાવ વિશે વધારે**

એટલે મુક્તિના મંગલમય મંદિરમાં પહોંચવા માટે યોગની સાધનાનો રસ કેળવવાની જરૂર છે. વાસનાને દૂર કરીને ચિત્તને નિર્મળ કરવાની જરૂર છે. ધ્યાનની શાંત સાધનામાં વધારે ને વધારે ઊંડા ઊતરવાની પણ એટલી જ જરૂર છે. એ માટે અત્યંત જાગૃતિપૂર્વક જીવવું જોઈએ ને જીવનની ક્ષણેક્ષણનો સદ્‌ઉપયોગ કરવો જોઈએ. પ્રમાદનો કાયમને માટે ત્યાગ કરવો જોઈએ.

પતંજલિ કહે છે કે કોઈ પણ વસ્તુનો કાયમને માટે અભાવ નથી થતો. વસ્તુના ધર્મ, ચિત્ત ને વાસના કેટલેક અંશે ભૂતકાળમાં રહે છે. કેટલેક અંશે એ વર્તમાન બનીને કામ કરે છે તો કેટલેક અંશે ભવિષ્યકાળમાં અનાગત રૂપમાં પણ રહે છે. એટલે જે વસ્તુ વર્તમાન હોય ને વર્તમાનકાળમાં કામ કરતી દેખાતી હોય, તેનું અસ્તિત્વ છે ને બીજી વસ્તુનું નહિ, એમ ના માનવું. વર્તમાનમાં ના દેખાતી વસ્તુ ભૂત તથા ભવિષ્યમાં પણ હોઈ શકે છે. ભૂત તથા ભવિષ્ય અથવા તો અતીત ને અનાગત અવસ્થામાં રહેનારી વસ્તુ પણ અવ્યક્ત રીતે પોતાના કારણમાં તો રહે છે જ. બરફ પાણીમાં ને દહીં દૂધમાં તથા તેલ તલની અંદર રહે છે તેવી રીતે.

એટલે વાસના ને ચિત્તનો નાશ કે અભાવ થાય છે એમ કહેવામાં આવે છે ત્યારે એમ જ સમજવાનું કે વાસના ને ચિત્ત પોતાના મૂળ કારણમાં મળી જાય છે. તેમની સાથેનો સંબંધ એ પ્રમાણે પૂરો થવાથી, યોગીને માટે ફરી જન્મવાની શક્યતા નથી રહેતી.

### [૧૨] પદાર્થોની મૂળભૂત એકતા

પતંજલિ કહે છે કે દરેક વસ્તુની સાથે તેના ગુણધર્મો રહેતાં હોય છે. તે ગુણધર્મો પ્રકટરૂપે દેખાતા હોય, અપ્રકટ હોય કે અત્યંત સૂક્ષ્મ રૂપમાં રહેલા હોય, પણ હોય છે તો ખરા જ. દરેક વસ્તુમાં તેના ગુણ ને ધર્મો હાજર હોય જ છે. અલબત્ત, તે ગુણધર્મો એકસરખા રૂપમાં નથી રહેતા. તે પરિણામશીલ હોય છે એટલે તેમનામાં પરિવર્તન થયા જ કરે છે.

કૈવલ્યપાદનાં આ બધાં સૂત્રો વધારે પડતાં ગૂઢ છે. તે ઊંડી વિચારણા માગી લે તેવાં છે. યોગની સાધના સાથે તેમનો ખાસ અથવા તો અનિવાર્ય સંબંધ નથી. એટલે યોગાભ્યાસી પુરુષો તેમનું ચિંતન નહિ કરે, ને તેમની ચર્ચાવિચારણા નહિ કરે તો પણ ચાલશે. તે સિવાય પણ તે પસંદ કરેલા સાધના પંથનો પ્રવાસ કરી શકશે. કોઈ કોઈ સાધકોને આવાં ગૂઢ સૂત્રોના મનનનો કંટાળો પણ આવશે. છતાં પણ, મહર્ષિ પતંજલિના યોગદર્શનની વિચારધારાનો સર્વગ્રાહી ખ્યાલ મેળવવા માટે, આ સૂત્રોનો ઉપલક વિચાર કરી જઈએ અથવા તો તેમની પર ઊડતો દૃષ્ટિપાત કરી લઈએ એ જરૂરી છે.

પતંજલિ આ જ સૂત્રના અનુસંધાનમાં કહે છે કે બધી વસ્તુઓ ગુણસ્વરૂપ જ હોય છે. ગુણોના સમુચ્ચયરૂપ અથવા ગુણોની અભિવ્યક્તિરૂપ હોય છે, ને તેનાથી ભિન્ન નથી હોતી. ઉપલક રીતે જોતાં એ વાત સાચી લાગતી નથી, પરંતુ ઝીણવટથી વિચાર કરતાં સાચી ઠરે છે.

જુદા જુદા, પરસ્પર વિરોધી દેખાતા, ગુણોના મિલનને પરિણામે કોઈ એક વસ્તુ પ્રકટ થાય છે. એટલે એ વસ્તુની અંદર જુદા જુદા ગુણો રહેતા હોય છે. એ વાતને કોઈ ઉદાહરણથી સમજવી હોય તો વૃક્ષનો વિચાર કરી શકાય. પૃથ્વી ને પાણી મળીને તથા સૂર્ય-ચંદ્રના પ્રકાશથી ને વાયુથી વૃક્ષનો વિકાસ થાય છે. તો તેને એ બધાથી તદ્દન રહિત ને એથી સર્વથા સ્વતંત્ર અથવા તો એકદમ અલગ એવી કોઈ જુદી જ વસ્તુ છે, એમ કહી શકાશે ખરું કે ? નહિ જ. ઊલટું, એમ કહી શકાય, ને કહેવું જોઈએ કે તે તેમનું સંબંધી- તેમની સાથે સંબંધ ધરાવતું સ્વરૂપ છે.

એ રીતે બહારથી અલગ દેખાતી બધી વસ્તુઓ પોતાના ધર્મોથી સંપૂર્ણપણે સ્વતંત્ર કે અલગ નથી હોતી એ અગત્યનો સિદ્ધાંત પતંજલિ પુરવાર કરી બતાવે છે. એના અનુસંધાનમાં આપણે એમ કહી શકીએ કે સંસારના સઘળા પદાર્થો બહારથી જુદા જુદા દેખાવા છતાં, અંદરથી એકતાના અખંડ સૂત્રે બંધાયેલા છે. એ સૌની વચ્ચે, એમ કહો કે સમસ્ત સંસારની અંદર, મૂળભૂત એકતા છે. એને ગુણની એકતા કહો, આત્મિક એકતા કહો, કે કોઈ બીજા નામે કહી બતાવો, પરંતુ એકતા છે એનો ઈન્કાર થઈ શકે તેમ નથી.

### [૧૩] સંસાર કલ્પનામય નથી

જ્ઞાની પુરુષો કહે છે કે ઉપરથી અલગ જેવા લાગતા આ સમસ્ત સંસારની અંદર એકતા છે. ઉપર ઉપરથી જોતાં તો આ સંસારમાં અનેક વિરોધાભાસી પદાર્થો જોવા મળે છે. પરંતુ એમની અંદર ડોકિયું કરીએ તો એકવાક્યતાનું દર્શન થયા વિના નથી રહેતું. ઉપરથી જોતાં જે ભિન્નતા દેખાય છે તે તો ઉપરની જ છે ને અંદરખાને એકતાનો અમર પ્રવાહ વહ્યા કરે છે. એ રીતે વિચારીએ તો અભેદભાવનો અનુભવ થાય છે.

અભેદભાવના પડઘારૂપે આપણે ત્યાં કહેવામાં આવે છે કે સંસાર એક કુટુંબ જેવો છે. સંસારના સઘળા મનુષ્યો વચ્ચે ભ્રાતૃભાવની ભાવના એ કથનના અનુસંધાનમાં જ કરવામાં આવે છે. પરંતુ જ્ઞાનીપુરુષોની અભેદ ભાવના તો એથી પણ આગળ વધે છે. તે તો મનુષ્યો પૂરતી જ મર્યાદિત નથી રહેતી, પરંતુ જીવમાત્રમાં અભેદભાવનું દર્શન કરે છે. ભ્રાતૃભાવની ભાવનાથી આગળ વધીને તે આત્મભાવના અનુભવ સુધી પહોંચી જાય છે. જડ ને ચેતનમાં બધે જ તે એક પરમાત્માની ઝાંખી કરે છે.

એવું દર્શન, ને એ દર્શનનો આનંદ જ્ઞાનમયી દૃષ્ટિથી મળી શકે છે. મનની નિર્મળતા ને પ્રખર સાધના વિના એવી દૃષ્ટિની પ્રાપ્તિ નથી થઈ શકતી. એવી દૈવી દૃષ્ટિ જેને મળી ગઈ તેને મહામૂલી મિલકતની પ્રાપ્તિ થઈ ગઈ એમ જ સમજી લેવું. આ સંસારના જુદા જુદા પદાર્થોની અંદર રહેલા પરમાત્મ તત્વની ઝાંખી થવાથી તે પદાર્થોની અંતરંગ અથવા મૂળભૂત એકતાનો અનુભવ પણ આપોઆપ થઈ રહે છે.

કેટલાક વિચારકો એમ માને છે કે આ સંસાર ત્રણે કાળમાં છે જ નહિ, થયો નથી, ને થવાનો પણ નથી. દૃશ્ય કોઈ વસ્તુ જ નથી. એમ આપણે કહીએ કે સંસાર દેખાય છે અથવા એનો અનુભવ છે તો ખરો, તો તે ઉત્તર આપે છે કે વાસ્તવમાં તો તમે જેને જુઓ છો ને અનુભવો છો એવો કોઈ પણ પદાર્થ છે જ નહિ. પણ વાસનાના પ્રભાવથી ચિત્ત જ સંસારના પદાર્થોના રૂપમાં પ્રતીત થાય છે. ખરેખર તો જગત જેવી કોઈ વસ્તુ જ નથી.

પતંજલિ પોતાનો અભિપ્રાય આપતાં કહે છે કે તે વિચારકોની માન્યતા બરાબર નથી. સંસારના પદાર્થો અંતરંગ રીતે એક હોવા છતાં, છે જ નહિ, પેદા થયા જ નથી ને થવાના પણ નથી, એમ માનવું બરાબર નથી. જો તે હોત જ નહિ તો તેમને અનેક લોકો કેવી રીતે અનુભવી શકત ? જો તેમને કોઈ એક જ ચિત્તની કલ્પના માની લેવામાં આવે તો પણ બરાબર નહિ થાય. કેમ કે તે દશામાં તો કલ્પના કરનાર કોઈ એક જ ચિત્તને એમનો અનુભવ થઈ શકે. પરંતુ એવો અનુભવ તો અનેક લોકો કરે છે, ને એક જ રીતે કરતા હોય છે. અનેક ચિત્ત તેમને જુએ છે. એટલે એમને જો એક ચિત્તની કલ્પના માનીએ તો એમનો અનુભવ અનેક ચિત્તને કેવી રીતે થઈ શકે ? જો એમ કહીએ કે એક પદાર્થ અનેક ચિત્તની કલ્પનાનું પરિણામ છે, તો તે પણ બરાબર નથી. કેમ કે જુદાં જુદાં ચિત્ત તેને જુદે જુદે વખતે અનુભવે છે. એટલે તેને કયાં અનેક ચિત્તની કલ્પના કહેવી એ પ્રશ્ન છે.

એટલે પતંજલિ કહે છે કે બધી બાજુથી વિચાર કરવાથી એ વાત સ્પષ્ટ રીતે સમજાય છે કે પદાર્થ એક જ હોય છે ને એનો અનુભવ કરનારાં ચિત્ત અનેક. પદાર્થ તથા એનો અનુભવ કરનાર ચિત્ત બંને છે, અને અલગ અલગ છે, એ નિર્ણય જ સાચો ને છેવટનો લાગે છે. સંસારના પદાર્થો અથવા તો સંસારના બહારના સ્વરૂપને ઉડાવી દેવાની જરૂર નથી. તે છે ને માટે જ જોવાય છે અથવા તો અનુભવાય છે, એમ પતંજલિ કહી બતાવે છે. સંસારને મિથ્યા માનીને તેનો ઈન્કાર કરવાની ફિલસુફીનું સમર્થન તે નથી કરતા. સંસારની અંતરંગ એકતાનો સ્વીકાર કરવા છતાં સંસારના બહારના સ્વરૂપને તે સાચું માને છે.

**[૧૪] જગત કલ્પના નથી**

આ બાબતમાં મહર્ષિ પતંજલિ શાંકર વેદાંતને નામે પ્રચલિત બનેલા વિચારથી જરા જુદા પડે છે. એ વેદાંતને નામે આપણે ત્યાં જગતને મિથ્યા માનવા-મનાવવાની પ્રથા ચાલતી આવી છે. એની અંદર રસ લેનારા ને એને માનનારા માણસો કહે છે કે જગતનું અસ્તિત્વ જ નથી. જગત થયું નથી, ને થવાનું પણ નથી. વધારામાં તે ખુલાસો કરે છે કે તમે જે જગતને જુઓ છો, તે તો તમારું અજ્ઞાન છે, ને અજ્ઞાન અથવા તો દૃષ્ટિદોષ ને લીધે જ જે કદાપિ થયું જ નથી તે જગત તમને દેખાઈ રહ્યું છે. ચિત્તને નિર્મળ કરશો ને દૃષ્ટિને પરમાત્મામય કરી દેશો એટલે જગત તમને નહિ દેખાય.

પતંજલિ એ વિચાર સામે દલીલ કરે છે કે સંસારને અથવા તો સંસારના કોઈ પદાર્થને કોઈ એક ચિત્તની કલ્પના જ માની લઈએ તો જોવાનું તે ચિત્ત જ્યારે મૂકી દે ત્યારે, તેનું અસ્તિત્વ પણ આપોઆપ મટી જવું જોઈએ. પરંતુ વ્યવહારમાં તેવું નથી દેખાતું. ચિત્ત કોઈ પદાર્થની કલ્પના ના કરે ને કોઈ પદાર્થને ના અનુભવે તો પણ, તે પદાર્થ તો રહે છે જ. જ્ઞાની પોતાના દૃષ્ટિકોણને બદલીને જગતને પરમાત્મામય જુએ તો પણ, બીજા અનેક ને માટે તો જગત એટલું જ સાચું રહે છે.

એટલે જગત નથી, ને કોઈ એક જ ચિત્તની કલ્પનારૂપ છે એમ માનવા પતંજલિ તૈયાર નથી. તે તો કહે છે કે જગત ને જગતના પદાર્થો છે, સત્ય છે, ને ચિત્તથી એમનું અસ્તિત્વ એકદમ અલગ છે.

**[૧૫] ચિત્ત અને પદાર્થોનું જ્ઞાન**

પતંજલિ સંસારના પદાર્થો તેમજ તેમનો અનુભવ કરનાર ચિત્ત- બંનેના અસ્તિત્વનો સ્વીકાર કરે છે. સંસાર છે, સંસારના પદાર્થો પણ છે, ને એમને જોનાર જાણનાર અથવા અનુભવનાર ચિત્ત પણ છે. કશું જ કેવળ કલ્પનારૂપ કહીને ઉડાવી દેવા જેવું નથી, એવો એમનો અભિપ્રાય છે. પૂર્ણતાએ પહોંચેલા પરમાત્મદર્શી એવા કોઈ વિરલ મહાપુરુષને સમાધિની અવસ્થામાં જગત ને તેના વિવિધ પદાર્થોનો અનુભવ ના થાય તે સમજી તથા માની શકાય એવું છે, પરંતુ તેથી કાંઈ એમનું અસ્તિત્વ નથી મટી જતું. સમાધિમાંથી જાગ્યા પછી તેને જગત તથા જુદા જુદા પદાર્થો દેખાય છે જ. તે ઉપરાંત બીજા અનેકને માટે પણ રહે છે જ. એમનો આત્યંતિક અભાવ નથી થતો. માટે જ એક તટસ્થ વિચારક તરીકે પતંજલિ એમનો સ્વીકાર કરે છે.

તે કહે છે કે કોઈ પણ વસ્તુનું જ્ઞાન ત્યારે જ થાય જ્યારે તે વસ્તુનું પ્રતિબિંબ ચિત્તમાં પડે. જે વસ્તુ અથવા તો પદાર્થનું પ્રતિબિંબ ચિત્તમાં પડે એટલે કે ચિત્ત ઈન્દ્રિયોની મદદથી જે પદાર્થના સંબંધમાં આવે, તે વસ્તુનું જ્ઞાન તેને તે વખતે થઈ જાય છે. તે પ્રમાણે, જે વખતે પદાર્થ ચિત્તની વૃત્તિનો વિષય નથી બનતો, તે વખતે તેનું જ્ઞાન પણ નથી થઈ શકતું. ચિત્તને તેનું દર્શન કે ભાન નથી થતું.

ચિત્ત ફૂલનો વિચાર કરે તો તે ફૂલને અનુભવે ને તેની વૃત્તિ નદીમાં જાય તો નદીને જુએ. એ રીતે પદાર્થોનો અનુભવ ચિત્તની વૃત્તિ પર આધાર રાખે છે. તે વૃત્તિનો વિષય બનનારા પદાર્થોને ચિત્ત જુએ છે, જાણે છે, અથવા અનુભવે છે.

**[૧૬] ચિત્ત અને પુરૂષનો ભેદ**

પતંજલિ આ બધાં સૂત્રોમાં ચિત્ત વિશે સમજાવે છે. ગયા સૂત્રના અનુસંધાનમાં હવે તે કહે કે ચિત્ત પુરુષનો ભેદ છે કે ચિત્ત પરિણામી છે, તેથી બહારના પદાર્થોને કાયમ માટે જોઈ શકતું નથી. જે પદાર્થનો તેની સાથે સંબંધ થાય છે તે જ પદાર્થને તે સંબંધની દશા દરમ્યાન જોઈ શકે છે. પરંતુ પુરુષની વાત જુદી છે. પુરુષ ચિત્તનો અધિપતિ છે. વળી એ અપરિણામી પણ છે. તેથી તે ચિત્તની અંદર ઉત્પન્ન થતી જુદી જુદી વૃત્તિઓને જોયા કરે છે. જે વખતે જે વૃત્તિઓ એની અંદર ઉત્પન્ન થાય છે ને લય પામે છે, તેને તે જાણી શકે છે.

એ બધું જણાવીને પતંજલિ જે કહેવા માગે છે તે એ જ કે ચિત્ત પદાર્થોનો અનુભવ કરવામાં પૂર્ણ સ્વતંત્ર નથી. પદાર્થોનો અનુભવ કરનાર પુરુષ જુદો જ છે. ચિત્ત પોતાની મેળે પ્રકાશી શકે તેવું નથી. તે પોતાને જોઈ કે જાણી શકતું પણ નથી. તે તો જડ છે, ને દૃશ્ય કહેવાય છે, તેનો ને સમસ્ત સંસારનો દૃષ્ટા તો પુરુષ છે. એ ચેતન પુરુષના પ્રતિબિંબને લીધે જ તેની અંદર ચેતનત્વનો ભાસ થાય છે.

આ પ્રમાણે વિવેક કરવાથી ચિત્ત ને ચેતન-પુરુષ બે એક નથી, પરંતુ એ બંનેમાં ઘણો મોટો ભેદ છે, એ વાત સહેજે સમજાઈ જશે, ને ચિત્તને જ શરીરની અંદર સર્વશક્તિમાન શક્તિ અથવા તો પુરુષતત્વ માનવાની ભૂલમાંથી બચી જવાશે. જેમ શરીર ને પુરુષમાં ભેદ છે, ઈન્દ્રિયો ને પુરુષમાં પણ ભેદ છે, તેમ ચિત્ત ને ચેતન પુરુષ પણ જુદા જુદા છે, એ વાત યાદ રહેશે. એ વાત યાદ રાખીને, ચિત્તથી પર એવા પુરુષના સાક્ષાત્કાર સારુ પ્રયાસ કરી શકાશે.

**[૧૭] ચિત્તનું કામ**

આજે તો માણસ મોટે ભાગે બહિર્મુખ થઈ ગયો છે, થઈ રહ્યો છે, ને પોતાની અંદરની દુનિયાનું અવલોકન કરીને પરમાત્માનો સાક્ષાત્કાર કરવાની વાત વિસરી ગયો છે. આજના સંસારની સૌથી મોટી ક્ષતિ આ જ છે. માણસ બહારની શોધખોળના ક્ષેત્રમાં આગળ વધતો જાય છે, ને ભૌતિક સુખ, સંપત્તિ તથા સમૃદ્ધિનો સ્વામી થવાના બનતા બધા જ પ્રયાસ કરી રહ્યો છે; તેની સાથે સાથે નૈતિક તેમજ આધ્યાત્મિક વિકાસના મહત્વના ક્ષેત્રે તે જોઈતા પ્રમાણમાં આગળ વધી શક્યો નથી. પરિણામે તેના પોતાના જીવનમાં ને સમાજ, દેશ ને દુનિયાના વાતાવરણમાં કલહ, ક્લેશ, અનીતિ, અન્યાય ને અશાંતિનું દર્શન થયા કરે છે. માણસ જ્યારે આત્માભિમુખ બનવાનો ને પરમાત્મપરાયણ જીવન જીવવાનો આગ્રહ રાખશે ત્યારે જ એની પોતાની અંદર ને બહાર સુખ, શાંતિ, સમૃદ્ધિ, સંપ તથા સહકારનું સામ્રાજ્ય સ્થાપી શકશે.

કોઈ પણ પદાર્થનું જ્ઞાન થવા માટે તેનું પ્રતિબિંબ ચિત્તમાં પડે છે ત્યારે તે પદાર્થની સાથેના ચિત્તનું જ્ઞાન પુરુષને થઈ શકે છે. પરંતુ ચિત્તના સંબંધમાં એવું નથી સમજવાનું. ચિત્તની શક્તિ સીમિત છે, એટલે તેને એકસાથે જાણી લેવાનું કામ તેની શક્તિની બહારનું છે. એટલે તે સ્વપ્રકાશ નથી એમ કહેવામાં આવે છે. ચિત્તનું મુખ્ય કામ એકાદ દલાલના જેવું છે. બહારની વસ્તુના સ્વરૂપને તે કેવળ પોતાના સ્વામી પુરુષની પાસે રજૂ કરી દે છે. એથી આગળનું કામ પુરુષ કરે છે. પુરુષ દ્રષ્ટા છે એટલે વસ્તુને ઓળખે છે અથવા તો એના સ્વરૂપને જાણી લે છે.

**[૧૮] ચિત્તથી દૃષ્ટા ભિન્ન છે**

કેટલાક લોકો કહે છે કે ચિત્તથી ભિન્ન કોઈ દ્રષ્ટા જ નથી, ને એક ચિત્ત બીજા ચિત્તને જોવાનું કામ કરે છે. એ પ્રમાણે એક ચિત્ત બીજા ચિત્તનું દૃશ્ય છે, એમ તે માને છે. પરંતુ પતંજલિ કહે છે કે તેમની માન્યતા પણ બરાબર નથી. કેમ કે તે પ્રમાણે માનવામાં આવે તો ભારે અવ્યવસ્થા થવાનો સંભવ છે. એ પ્રમાણે માનવાથી એક ચિત્ત બીજા ચિત્તનું દૃશ્ય બનશે, ને તે બીજું ચિત્ત કોઈ ત્રીજાનું. તેથી સ્મૃતિની સાંકળો થશે ને એ રીતે મોટો દોષ ઉત્પન્ન થવાનો સંભવ રહેશે.

એવી માન્યતા મુજબ તો પરિસ્થિતિ અત્યંત અટપટી કે કફોડી થઈ જાય. એક ચિત્તને કોઈ વિષયનું જ્ઞાન થાય; બીજા ચિત્તને તે વિષય સાથે ચિત્તનું જ્ઞાન થાય; ત્રીજા ચિત્તને વળી તેનું ને ચોથાને તે ત્રીજા ચિત્તનું જ્ઞાન થાય. એ રીતે ક્રમ પછી ક્રમ ચાલ્યા જ કરે, ને એક વસ્તુના જ્ઞાનનો અંત જ ના આવે. એવી રીતે અનવસ્થા નામે દોષ ઉત્પન્ન થાય. વળી, એવી રીતે અનેક પ્રકારના જ્ઞાનની સ્મૃતિ એક સાથે થવાથી સ્મૃતિ પણ સંમિશ્રિત થઈ જાય. તેથી જ્ઞાનના સ્વરૂપનો ચોક્કસ રીતે નિર્ણય પણ ના કરી શકાય. જ્ઞાનનું એકસરખું સ્વરૂપ સચવાય પણ નહિ. એટલે ચિત્ત જ દૃષ્ટા ને ચિત્ત જ દ્રશ્ય છે એમ માનવાને બદલે, ચિત્ત દ્રશ્ય છે, ને તેનાથી ભિન્ન એવો ચેતન પુરુષ જ દ્રષ્ટા છે એમ માનવું જ બુદ્ધિસંગત છે.

**[૧૯] સ્વાર્થવાળું ચિત્ત**

હવે આપણને સ્વાભાવિક રીતે જ ચેતન પુરુષ તથા ચિત્તના સંબંધ વિશે થોડીક વધારે માહિતી મેળવવાનું મન થાય છે. પતંજલિ ચાલુ સૂત્રમાં તે માહિતી પૂરી પાડી રહ્યા છે.

તે કહે છે કે ચેતન પુરુષ નિર્વિકાર, અસંગ ને ક્રિયારહિત છે, એ વાત સાચી છે. પરંતુ ચિત્તની અંદર જે જુદા જુદા પદાર્થોનું પ્રતિબિંબ પડે છે, તેની સાથે ચિત્ત એકાકાર બની જાય છે, ને તેવા ચિત્તના સંબંધમાં આવવાને લીધે તે પુરુષ પણ ચિત્તના જેવો આકાર ધારણ કરે છે. તેવે વખતે તે પુરુષને વૃત્તિઓ તથા બુદ્ધિની વૃત્તિઓનો જ્ઞાતા ને ભોક્તા કહેવામાં આવે છે. ખરું જોતાં તો તે પુરુષ જ્ઞાતા કે ભોક્તા નથી પરંતુ અસંગ, નિર્વિકાર ને સ્વપ્રકાશ અથવા સ્વયંપ્રકાશિત છે.

ચિત્ત જ્યારે કોઈ પદાર્થની અસર નીચે આવે છે તથા પોતાના સંપૂર્ણ સ્વરૂપ સાથે પુરુષનો વિષય બનીને તેની સાથે સંબંધ સાધે છે, ત્યારે શું થાય છે તે જાણો છો ? ત્યારે તે દૃશ્ય પદાર્થ તથા દ્રષ્ટા પુરુષ બંનેના રંગમાં રંગાઈ જાય છે. દૃશ્ય પદાર્થ તેમજ દ્રષ્ટા પુરુષ બંનેનું પ્રતિબિંબ તેમાં પડવાથી, તે બંનેનો આકાર તે ધારણ કરે છે. તે વખતે તેનું પોતાનું રૂપ પણ કાયમ રહે છે. એટલે એવું ચિત્ત સર્વ અર્થવાળું થઈ જાય છે ને સર્વ અર્થવાળું કહેવાય છે. તે વખતે તે ત્રણ પ્રકારના રૂપથી સંપન્ન બને છે, અથવા તો ત્રણ પ્રકારના રૂપવાળું થઈ જાય છે - એક તો દૃશ્ય પદાર્થના રૂપવાળું, બીજું દ્રષ્ટા પુરુષના રૂપવાળું ને ત્રીજું પોતાના મૂળ સ્વતંત્ર રૂપવાળું. એ રીતે એ સર્વ અર્થ ને રૂપવાળું બની જાય એમ કહ્યું છે.

આ સૂત્રનો ભાવાર્થ એક બીજી રીતે પણ સમજી શકાય છે. ચિત્તનું મૂળસ્વરૂપ, તેની અંદર પ્રતિબિંબ થનારા વિષયોથી તથા ચેતન પુરુષથી, બંનેથી છેક જુદું છે. પરંતુ તેના એ મૂળ શુદ્ધ, સ્વતંત્ર રૂપનો અનુભવ સહેલાઈથી નથી થઈ શકતો. જ્યારે સાધનાની શરૂઆત થાય છે ને સાધનાને વધારીને યોગી સમાધિ સુધી

પહોંચી જાય છે, ત્યારે પુરુષની પોતાના મૂળ સ્વરૂપમાં સ્થિતિ થાય છે ને સર્વ પ્રકારની ભ્રાંતિનો અંત આવે છે. દૃશ્ય પદાર્થોથી ઉપર ઊઠેલું ને દ્રષ્ટા પુરુષની અંદર એક થઈને પોતાના મૂળ રૂપમાં મળી ગયેલું ચિત્ત સર્વ-અર્થ એટલે હેતુની સિદ્ધિ કરનારું થઈ પડે છે. જીવનને તે પરમ શક્તિમય, સુખમય, ધન્ય ને મુક્ત કરી દે છે.

**[૨૦] ચિત્ત બીજાને માટે છે**

આ સૂત્રમાં પણ પતંજલિ ચિત્ત વિશે જ વધારે વિવેચન કરે છે. ચિત્તને તે સંહત્યકારી કહે છે. સંહત્યકારી શબ્દનો ભાવાર્થ શો છે તે જાણો છો ? જે વસ્તુ ઘણા પદાર્થો ભેગા થવાથી પેદા થાય તથા કામ કરી શકે તે સંહત્યકારી કહેવાય છે. એવી વસ્તુને સમજવા માટે મકાનનું ઉદાહરણ લઈ શકાય. તેવી વસ્તુ પોતાને માટે નહિ પણ બીજાને માટે જ અસ્તિત્વ ધરાવતી હોય છે માટે તેને પદાર્થ પણ કહેવામાં આવે છે.

ચિત્તના સંબંધમાં પણ એવું જ સમજવાનું છે. ચિત્ત પણ સત્વ, રજ ને તમ ત્રણે ગુણોના મિશ્રણથી તૈયાર થાય છે, તથા ઈન્દ્રિયો ને બહારનાં પદાર્થોની મદદથી, તેમની સાથે મળીને કામ કરે છે. વળી એનું અસ્તિત્વ એના પોતાના માટે નથી, પરંતુ દ્રષ્ટા પુરુષને માટે છે. તે પુરુષના ભોગ તથા મોક્ષને માટે જ અસ્તિત્વ ધરાવે છે. એની અંદર અનેક પ્રકારના બાહ્ય પદાર્થોનાં ચિત્રો દોરાતાં હોય છે, તથા એ અનેક પ્રકારની વાસનાના ભંડાર જેવું છે, છતાં એ સંપૂર્ણપણે સ્વતંત્ર ને સર્વ સત્તાધીશ નથી. એના ઉપર પુરુષની સત્તા છે; ને પુરુષને માટે જ એનું ઘડતર હોવાથી એ પદાર્થ કહેવાય છે. એટલે એનો લાભ લઈને માણસે સ્વરૂપનો સાક્ષાત્કાર કરવા ને મુક્તિનો આનંદ માણવા પ્રયાસ કરવો જોઈએ.

**[૨૧] આત્માનુભવની ભાવના**

કેળવણીનું પ્રમાણ પહેલાં કરતાં અત્યારે ઘણું વધી રહ્યું છે એ જોઈને આપણને ખરેખર આનંદ થાય છે. પરંતુ કેળવણીનો હેતુ કેવળ વિવિધ વિષયોની વિવિધ એવી માહિતી મેળવીને બેસી રહેવાનો ને મગજને કોઈ નાનું-મોટું સંગ્રહસ્થાન બનાવવાનો નથી. કેળવણીનો હેતુ જો એટલામાં જ પૂરો થાય છે એમ માનતા હો તો તેવી પુસ્તકપ્રધાન કેળવણી તો આજે જ્યાં ત્યાં જોવા મળે છે એમાં શંકા નથી. પરંતુ કેળવણીનું કામ એટલામાં જ પૂરું નથી થતું. કેળવણીનો એક બીજો મહત્વનો હેતુ પણ છે ને તે હેતુ માનવને કેળવવાનો ને વધારે ઉત્તમ, આદર્શ અથવા તો સારો બનાવવાનો છે. માનવના મન ને સ્વભાવને કેળવીને ઉત્તરોત્તર શુદ્ધ ને સાત્વિક કરીને તેને આદર્શ માનવ બનાવવાનો કે દૈવી સંપત્તિથી સંપન્ન કરવાનો છે. કેળવણીનો એ પણ મોટામાં મોટો કીમતી હેતુ છે ને તેથી જ તેને કેળવણી કહેવામાં આવે છે. એ બીજો કીમતી હેતુ આજે કેટલે અંશે સિદ્ધ થાય છે તે વિચારવા જેવું છે.

એનાં કારણો ને એના ઉપાયોની વિગતવાર ચર્ચામાં ઊતરવું અહીં અસ્થાને છે. અહીં તો આપણે એ જ કહેવા માગીએ છીએ કે કેળવણીના એ બીજા કીમતી હેતુની સિદ્ધિ માટે જ યોગની સાધના દ્વારા માનવના મનનો આમૂલ પલટો થઈ જાય છે. મન પલટાઈને શુદ્ધ તો બને છે જ, પરંતુ એથી આગળ વધીને પરમાત્માનો સાક્ષાત્કાર પણ કરી લે છે.

પોતાના સ્વરૂપના દર્શનની કે પરમાત્માના સાક્ષાત્કારની ભાવના સાધારણ ને અસાધારણ, મોટા ને નાના, બધા મનુષ્યોમાં જોવા મળે છે. કેટલેક ઠેકાણે તે પ્રકટ હોય છે તો કેટલેક ઠેકાણે ગુપ્ત એટલું જ. તે ભાવનાની નિવૃત્તિ ફક્ત વિશેષ પ્રકારના અનુભવી પુરુષોમાં દેખાય છે. તેવા પુરુષોને 'વિશેષદર્શી' પણ કહી શકાય. તેમણે પોતાના સ્વરૂપનો સાક્ષાત્કાર અથવા તો પ્રત્યક્ષ અનુભવ કરી લીધો છે, એટલે તેમની આત્માનો અનુભવ કરવાની ભાવના સફળ થવાથી સદાને સારું શાંત થઈ જાય છે. એવા થોડાક મહાપુરુષો સિવાયના બીજા પુરુષોમાં એ ભાવના પ્રકટ અથવા અપ્રકટરૂપે પોષણ પામે કે ના પામે પણ જીવતી જ રહે છે. પોતાની જાત વિશે જાણવાની ભાવના માનવને માટે એ રીતે તદ્દન સહજ અથવા તો સ્વાભાવિક છે.

**[૨૨] કૈવલ્યની સમજ**

સંસારમાં મોટાભાગનાં માણસો આત્માને નથી જાણતાં. તેમનાં ચિત્ત આત્મા વિશેના અજ્ઞાનથી ભરપૂર હોય છે. આત્મા તથા અનાત્માનો અથવા તો સત્ય ને અસત્યનો નિર્ણય તે નથી કરી શકતાં. સંસારના વિવિધ વિષયોના આકર્ષણ તેમજ રસાસ્વાદથી તે રંગાયેલા હોય છે. એમની અસ્થિરતાનો પણ પાર નથી હોતો. સુખ ને દુઃખ, શાંતિ ને અશાંતિ તથા ચડતી ને પડતીના હિંચકા પર તે રાત-દિવસ ઝૂલ્યા કરે છે. પરંતુ વિશેષદર્શી યોગી પુરુષનું ચિત્ત એથી જુદું જ હોય છે. તે તો અત્યંત સ્વસ્થ કે સ્થિર હોય છે. આત્મા તથા અનાત્માનો વિવેક તેમાં પ્રકટ્યો હોય છે. એટલે એની પ્રસન્નતા તથા શાંતિનો પાર નથી હોતો. સત્ય ને અસત્યના નિર્ણય તેને સારુ સહજ હોય છે. તેને સંસારના વિવિધ વિષયો આકર્ષી શકતાં નથી ને વિષયોમાં તે બંધાતું પણ નથી. વિષયોથી વિરક્ત થઈને તે કૈવલ્યાભિમુખ બની જાય છે.

સાધનામાં ડૂબી જઈને પરમાત્મપરાયણ થવામાં જ તેનું સુખ હોય છે. કૈવલ્ય માટેની ઈચ્છા તેનામાં પ્રબળપણે પેદા થાય છે. એ કૈવલ્ય ક્યાંય બહાર નથી, પણ માણસની અંદર જ છે. સાધનાનો આધાર લઈને ચિત્ત પોતાના કારણમાં વિલીન થઈ જાય, ને દ્રષ્ટાના સ્વરૂપમાં એકાકાર બની જાય અથવા તો શાંત થાય, ત્યારે 'કૈવલ્ય'ની પ્રાપ્તિ થઈ એમ કહેવાય છે. એટલે 'કૈવલ્ય' કોઈ પ્રદેશ, ગામ કે સ્થાન નહિ, પણ સાધના દ્વારા મળેલી વિકાસની એક શાંત, મુક્ત ને પૂર્ણ અવસ્થા છે. શરીરની મારફત, શરીરની મદદથી ને શરીરની અંદર હોઈએ ત્યારે જ એનો અનુભવ થાય છે.

**[૨૩] સંસ્કારોનો નાશ**

યોગીનું ચિત્ત જ્યારે વિવેકજ્ઞાનના પ્રકાશથી પ્રકાશિત બની જાય છે, ત્યારે પોતાના કારણમાં વિલીન થવાની કોશિશ કરે છે. તે માટેની સાધના પર યોગીને પ્રીતિ થાય છે.

પરંતુ એવી સાધના કાંઈ ઘડીના છઠ્ઠા ભાગમાં સંપૂર્ણ નથી થતી. તે માટે તો લાંબા વખત લગી ધીરજ ને હિંમત રાખીને એકધારો અખંડ પુરુષાર્થ કરવો પડે છે. એવી સાધના ચાલુ હોય ને યોગીનું ચિત્ત પોતાના કારણમાં પૂરેપૂરું લીન ના થયું હોય ત્યારે, યોગી જ્યારે ધ્યાન, ધારણા ને સમાધિની સાધનામાંથી જાગૃત થાય ત્યારે તેને બીજી વસ્તુનો અનુભવ થાય છે, તેમજ તેના ચિત્તમાં બીજી વૃત્તિ પેદા થાય છે. તેને લીધે કોઈ કોઈ વાર તેને કંટાળો આવે છે, ને તેનું ચિત્ત જરા ઉદ્વેગવાળું પણ બને છે.

એવી વિરોધી વૃત્તિ પેદા થવાનું કારણ તેના પોતાના ચિત્તમાં સંઘરાયેલા પૂર્વસંસ્કારોની પ્રબળતા છે. એ સંસ્કારો જો કે મંદ પડ્યા હોય છે, તો પણ કોઈ કોઈ વાર જાગે છે. એમને લીધે યોગીને જાગૃતિ દશામાં જુદા જુદા પદાર્થો ને ભાવોનો અનુભવ થાય છે.

પતંજલિ કહે છે કે એ સંસ્કારોનો નાશ યોગીએ ક્લેશોના નાશની પેઠે કરી દેવો. એનો ભાવાર્થ એટલો જ છે કે ચિત્ત જ્યાં સુધી અસ્તિત્વ ધરાવે છે ત્યાં સુધી સંસ્કારોનો સંપૂર્ણપણે નાશ નથી થતો. ચિત્ત પોતાના મૂળ કારણ પરમાત્મામાં અથવા તો પરમ પુરુષમાં લીન થઈ જાય એટલે તેનું સ્વરૂપ સંપૂર્ણપણે શાંત થાય છે ને બદલાઈ જાય છે. પછી તો તે પરમાત્મામય બની જાય છે. પછી યોગી જાગૃતિ દશામાં આવે ને વિવિધ પ્રકારના વ્યવહાર કરે તો પણ, તે તેને માટે ક્લેશકારક કે બંધનરૂપ નથી થતા. તે તેમનાથી સંપૂર્ણ અલિપ્ત ને પર રહે છે. ચિત્તની શાંતિ થતાં તેને પરમ શાંતિની પ્રાપ્તિ થાય છે, ને તે શાંતિ તેના જીવનમાં સદાને માટે, સર્વ કાળે ને સર્વે સ્થળોમાં ચાલુ રહે છે.

**[૨૪] 'ધર્મમેઘ' સમાધિ**

મહર્ષિ પતંજલિ હવે 'ધર્મમેઘ' નામની નવી જ સમાધિનો ઉલ્લેખ કરે છે. તે કહે છે કે ચિત્તની ચંચળતા ચાલી જતાં ને ચિત્ત વધારે ને વધારે વિમલ થતાં, તેમાં અલૌકિક શક્તિ પેદા થાય છે. એવી શક્તિના પ્રભાવથી યોગી સર્વજ્ઞતાની પ્રાપ્તિ પેદા કરે છે. ભૂત, ભાવિ ને વર્તમાનના રહસ્યો તેનાથી છૂપાં રહી શકતાં નથી ને તે બધું જ, અથવા તો જે ધારે તે તદ્દન સહેલાઈથી ને સ્પષ્ટતાથી જોઈ શકે છે.

પરંતુ એવી અલૌકિક શક્તિ ને સર્વજ્ઞતાની અંદર પણ આસક્ત થઈને યોગીએ ભાન ભૂલવાનું નથી. એવી શક્તિનો ઉપયોગ કરીને એણે સાંસારિક સુખોપભોગ તથા યશ ને વૈભવ પાછળ પડીને મૂળ માર્ગને મૂકી નથી દેવાનો. એ ભયસ્થાનથી એણે હંમેશા ચેતતા રહીને પોતાની જાતનું રક્ષણ કરવાનું છે.

જે યોગી એવી અલૌકિક શક્તિ કે સર્વજ્ઞતામાં પણ અટવાયા વિના સાધનાના મૂળ માર્ગે આગળ ને આગળ વધ્યો જાય છે, તેનું વિવેકજ્ઞાન પૂર્ણપણે પ્રકાશી રહે છે. તેવા યોગીને એ જ્ઞાનથી મદદથી છેવટે 'ધર્મમેઘ' સમાધિની પ્રાપ્તિ થાય છે.

એ સમાધિનો અનુભવ કરનાર યોગી અવિદ્યા જેવા પાંચે પ્રકારના ક્લેશથી મુક્તિ મેળવે છે. તેના સર્વ ક્લેશ કપાઈ જાય છે. તે ઉપરાંત તેનાં કર્મબંધન પણ દૂર થાય છે. તેના શુકલ, કૃષ્ણ ને મિશ્રિત એવા ત્રણે પ્રકારના કર્મસંસ્કારનો તદ્દન નાશ થઈ જાય છે. એવા યોગીને પરમ શાંતિ ને સનાતન સુખની પ્રાપ્તિ થાય છે ને ચાલુ જીવન દરમ્યાન જ મુક્તિનો મહારસ મળી જાય છે.

**[૨૫] ધર્મમેઘ સમાધિના લાભ**

પતંજલિ કહે છે કે 'ધર્મમેઘ' સમાધિની સિદ્ધિ થવાથી આત્મજ્ઞાન અથવા તો આત્મસાક્ષાત્કારનો માર્ગ ખુલ્લો થાય છે. પછી યોગીને આત્મદર્શનનો ને તે દ્વારા થતાં આત્માના અપરોક્ષ જ્ઞાનનો લાભ સહેલાઈથી મળી રહે છે. એ સમાધિની મદદથી મનનો સંપૂર્ણ મેલ દૂર થાય છે ને આત્માની આગળનું રહ્યું સહ્યું આવરણ પણ હઠી જાય છે. જેમ વાદળ દૂર થતાં ચંદ્રનો પ્રકાશ સંપૂર્ણપણે પ્રકાશી ઊઠે છે, તેમ પરમ પુરુષ

પરમાત્માની ઝાંખી પછી સહજ બને છે. મળ ને આવરણના આ દોષોને લીધે જ પરમાત્માનો સાક્ષાત્કાર નથી થઈ શકતો. 'ધર્મમેઘ' સમાધિથી એ દોષો દૂર થાય છે.

પરમાત્માનો પ્રત્યક્ષ અનુભવ થવાથી યોગીનું જ્ઞાન અલૌકિક ને અનંત બની જાય છે. એ જ્ઞાન પ્રત્યક્ષ અનુભવને પરિણામે પ્રકટ થયું હોવાથી, સૌથી શ્રેષ્ઠ ને અનેરું છે. એથી યોગીને પરમ શાંતિની પ્રાપ્તિ થાય છે ને તેનું જીવન ધન્ય બની જાય છે. આત્માના એ અનુભવસિદ્ધ જ્ઞાનની આગળ જગતનું બીજું બધું જ બહારનું જ્ઞાન અલ્પ થઈ જાય છે. યોગીને મન તે કાંઈ વિસાતમાં નથી રહેતું.

પરમાત્માનો એવો પ્રત્યક્ષ પરિચય કે સાક્ષાત્કાર થઈ જતાં, પ્રકૃતિ ને તેના સંતાન જેવા જુદા જુદા ગુણોનું કામ પૂરું થઈ જાય છે. તેમનું કામ પતંજલિએ આગળ પર કહ્યું છે તેમ, પુરુષને ભોગ તથા મોક્ષ બંનેનો લાભ આપવાનું છે. તે કામની સિદ્ધિ થવાથી, તેમના પરિણામ ક્રમની પણ સમાધિ થઈ જાય છે. તેથી યોગીના જન્મ-મરણના ચક્રનો અંત આવે છે. તે નવા શરીરના નિર્માણમાં કે પુનર્જન્મમાં કારણરૂપ નથી થતાં. જીવનના વિશાળ નાટકની તેથી પરિસમાપ્તિ થઈ જાય છે.

**क्षणप्रतियोगी परिणामापरान्तनिग्राह्यः क्रमः ॥३३॥**

### [૨૬] ક્રમનો અર્થ

ગયા સૂત્રમાં ક્રમ વિશે ઊડતો ઉલ્લેખ આવી ગયો છે. એ ક્રમની થોડીક સમજ પતંજલિ હવે પૂરી પાડે છે. કોઈ પણ વસ્તુ એક સ્વરૂપમાંથી બીજા સ્વરૂપમાં પ્રવેશ કરે છે કે બદલાય છે, ત્યારે તે પ્રવેશ કે તેવું પરિવર્તન કાંઈ એક-બે દિવસ, ઘડી કે પળમાં નથી થતું. તે માટે તો તેને ઘણો મોટો સમય લાગે છે. તેમાં પ્રત્યેક પળે પરિવર્તન થયા કરે છે ને છેવટે તેવા પળેપળના પરિવર્તનને પરિણામે, વસ્તુના સ્વરૂપમાં થયેલા બહારના ફેરફારનું આપણને દર્શન થાય છે.

એ વાતને સમજવા માટે કેરીનો દાખલો લો. કેરી પાકે છે ત્યારે પોચી થઈ જાય છે ને મીઠી લાગે છે. પરંતુ એ કાંઈ એકાદ-બે દિવસમાં તથા એકાએક થોડી પાકી જાય છે ? કાચી દશામાંથી પાકી દશામાં આવતાં તેને ઘણો સમય લાગે છે. પ્રત્યેક પળે તેના સ્વરૂપમાં પરિવર્તન થયા કરે છે. પરિપકવતા એ તો તે પરિવર્તનનું છેવટનું પરિણામ હોય છે. શરીર પણ બાલ્યાવસ્થાથી યુવાવસ્થામાં આવે છે ને યુવાવસ્થામાંથી વૃદ્ધાવસ્થામાં પ્રવેશ કરે છે. ત્યારે તેવો પ્રવેશ કંઈ એકાદ-બે દિવસમાં ને આપોઆપ નથી થતો, પરંતુ કેટલીય ક્ષણોને અંતે જ થતો હોય છે. એ પરિવર્તનના ક્રમનું જ્ઞાન પરિણામને અંતે જ થઈ શકે છે. એટલા માટે પતંજલિ એ ક્રમને **परिणामापरान्तनिग्राह्यः** એવો પ્રયોગ કરીને ઓળખાવે છે.

તે ક્રમ જુદી જુદી ક્ષણોનો વિભાગ કરે છે, અથવા જુદી જુદી ક્ષણોને ભેગી કરીને, તેમનો સંયુક્ત સંબંધ બાંધી, કોઈ એક જુદા જ પરિણામને પેદા કરે છે માટે તેને **क्षणप्रतियोगी** પણ કહેવામાં આવે છે.

### [૨૭] 'કૈવલ્ય' અથવા 'સ્વરૂપ પ્રતિષ્ઠા'

યોગદર્શનનો વિચાર કરતાં આપણે હવે એના અંતિમ સૂત્ર સુધી પહોંચ્યા છીએ. આ અંતિમ સૂત્રમાં મહર્ષિ પતંજલિ કૈવલ્યની એક વાર ફરી સમજ પૂરી પાડે છે.

તે કહે છે કે પ્રકૃતિ ને તેના ગુણોનું મુખ્ય ધ્યેય ભોગ ને મોક્ષનું છે. એ ધ્યેયની સિદ્ધિ થયા પછી તેમનું કોઈ કર્તવ્ય નથી રહેતું. તેથી તે ગુણો તેમના પોતાના કારણમાં લીન થઈ જાય છે, તેને જ 'કૈવલ્ય' કહેવામાં આવે છે. તે ગુણો સાથે પુરુષનો જે અજ્ઞાનજન્ય સંબંધ થયો હોય છે, તેનો અંત આવવાથી, પુરુષ પોતાના મૂળ અથવા અસલ સ્વરૂપમાં પ્રતિષ્ઠિત થઈ જાય છે. એ પ્રમાણે પુરુષ પ્રકૃતિથી મુક્ત થઈ જાય છે તેને 'કૈવલ્ય' ના નામથી ઓળખવામાં આવે છે.

## ॥ કૈવલ્યપાદ સમાપ્ત ॥

## ઉપસંહાર

પરમાત્માની પરમકૃપાથી આ રીતે આપણે યોગદર્શનનો વિચાર સંપૂર્ણપણે કરી લીધો. પ્રભુની કૃપા વિના આ ભગીરથ કામની સિદ્ધિ આટલી સહેલાઈથી ના થઈ શકી હોત. આ કામ બધી રીતે કલ્યાણકારક ને શાંતિદાયક થયું છે. જ્ઞાનયુક્ત યોગસાધનામાં અનેકાનેક તીર્થોની યાત્રા કરી હોય એટલો સંતોષ ને આનંદ આપણે સહજ રીતે જ અનુભવીએ છીએ. એ સર્વોત્તમ અલૌકિક આનંદ પૂરો પાડવા બદલ મહર્ષિ પતંજલિનો આપણે જેટલો આભાર માનીએ એટલો ઓછો છે. એમના શ્રીચરણોમાં અનેકાનેક પ્રણામ કરીને આ વિચારણા આપણે પૂરી કરીશું, ને સૌ કોઈ યોગની શ્રેયસ્કર સાધનાનો આધાર લઈને 'કૈવલ્ય'ની પ્રાપ્તિ કરે એવી કામના કરીશું.

# ॥ શ્રી પાતંજલ યોગદર્શન સમાપ્ત ॥

## About the Author



(Aug 15th 1921 - Mar 18th 1984)

Author of more than hundred books, Mahatma Shri Yogeshwarji was a self-realized saint, an accomplished yogi, an excellent orator and an above par spiritual poet and writer. In a fascinating life spanning more than six decades, Shri Yogeshwarji trod the path of spiritual attainments single handedly. He dared to dream of attaining heights of spirituality without guidance of any embodied spiritual master and thus defied popular myths prevalent among the seekers of spiritual path. He blazed an illuminating path for others to follow.

Born to a poor Brahmin farmer in a small village near Ahmedabad in Gujarat, Shri Yogeshwarji lost his father at the tender age of 9. He was taken to a Hindu orphanage in Mumbai for further studies. However, God's wish was to make him pursue a different path. He left for Himalayas early in his youth at the age of 20 and thereafter made holy Himalayas his abode for penance for nearly two decades. During his stay there, he came across a number of known and unknown saints and sages. He was blessed by divine visions of many deities and highly illumined souls like Raman Maharshi and Sai Baba of Shirdi among others.

Yogeshwarji's experiences in spirituality were vivid, unusual and amazing. He succeeded in scaling the highest peak of self-realization resulting in direct communication with the Almighty. He was also blessed with extraordinary spiritual powers (siddhis) illustrated in ancient Yogic scriptures. After achieving full grace of Mother Goddess, he started to share the nectar for the benefit of mankind. He traveled to various parts of India as well as abroad on spiritual mission where he received enthusiastic welcome.

He wrote more than 100 books on various subjects and explored all form of literature. His autobiography '<u>Prakash Na Panthe</u>' - much sought after by spiritual aspirants worldwide, is translated in Hindi as well as English. A large collection of his lectures in form of audio cassettes are also available.

For more than thirty years, Yogeshwarji kept his mother (Mataji Jyotirmayi) with him. Yogeshwarji was known among saints of his time as Matrubhakta Mahatma. Shri Yogeshwarji left his physical body on March 18th 1984, while delivering a lecture at Laxminarayan Temple, Kandivali in Mumbai.

Shri Yogeshwarji left behind him a spiritual legacy in the form of Maa Sarveshwari. It has been ages since we have come across a saint of Yogeshwarji's caliber and magnitude. His manifestation will continue to provide divine inspiration for the generations to come.

*

## <u>શ્રી યોગેશ્વરજીનું સાહિત્યિક પ્રદાન</u>

**આત્મકથા** પ્રકાશના પંથે ▪ પ્રકાશના પંથે (સંક્ષિપ્ત) ▪ प्रकाश पथ का यात्री ▪ Steps towards Eternity

**અનુવાદ** રમણ મહર્ષિની સુખદ સંનિધિમાં ▪ ભારતના આધ્યાત્મિક રહસ્યની ખોજમાં ▪ હિમગીરીમાં યોગી

**અનુભવો** દિવ્ય અનુભૂતિઓ ▪ શ્રેય અને સાધના ▪ श्रेय और साधना

**કાવ્યો** અક્ષત ▪ અનંત સૂર ▪ બિંદુ ▪ ગાંધી ગૌરવ ▪ સાંઈ સંગીત ▪ સનાતન સંગીત ▪ તર્પણ ▪ Tunes unto the infinite

**કાવ્યાનુવાદ** ચંડીપાઠ ▪ રામચરિતમાનસ ▪ રામાયણ દર્શન ▪ સરળ ગીતા ▪ શિવમહિમ્નસ્તોત્ર ▪ શિવ પાર્વતી પ્રસંગ ▪ સુંદર કાંડ ▪ વિષ્ણુસહસ્ત્રનામ

**ગીતો** ફૂલવાડી ▪ હિમાલય અમારો ▪ રશ્મિ ▪ સ્મૃતિ

**ચિંતન** બ્રહ્મસૂત્ર ▪ ગીતા દર્શન ▪ ગીતાનું સંગીત ▪ ગીતા સંદેશ ▪ ઈશાવાસ્યોપનિષદ ▪ ઉપનિષદનું અમૃત ▪ ઉપનિષદનો અમર વારસો ▪ પ્રેમભક્તિની પગદંડી ▪ શ્રીમદ્ ભાગવત ▪ યોગ દર્શન

**લેખ** આરાધના ▪ આત્માની અમૃતવાણી ▪ ચિંતામણી ▪ ધ્યાન સાધના ▪ Essence of Gita ▪ ગીતા તત્વ વિચાર ▪ જીવન વિકાસના સોપાન ▪ પ્રભુ પ્રાપ્તિનો પંથ ▪ પ્રાર્થના સાધના છે ▪ સાધના ▪ તીર્થયાત્રા ▪ યોગમિમાંસા

**ભજનો** આલાપ ▪ આરતી ▪ અભિપ્સા ▪ દ્યુતિ ▪ પ્રસાદ ▪ સ્વર્ગીય સૂર ▪ તુલસીદલ

**જીવનચરિત્ર** ભગવાન રમણ મહર્ષિ - જીવન અને કાર્ય

**પ્રવચનો** અમર જીવન ▪ કર્મયોગ ▪ પાતંજલ યોગદર્શન

**પ્રસંગો** ધૂપ સુગંધ ▪ કળીમાંથી ફૂલ ▪ મહાભારતના મોતી ▪ પરબનાં પાણી ▪ સંત સમાગમ ▪ સત્સંગ ▪ સંત સૌરભ

**પત્રો** હિમાલયનાં પત્રો

**પ્રશ્નોત્તરી** અધ્યાત્મનો અર્ક ▪ ધર્મનો મર્મ ▪ ધર્મનો સાક્ષાત્કાર ▪ ઈશ્વર દર્શન

**નવલકથા** આગ ▪ અગ્નિપરીક્ષા ▪ ગોપીપ્રેમ ▪ કાદવ અને કમળ ▪ કાયાકલ્પ ▪ કૃષ્ણ રુકમિણી ▪ પરભવની પ્રીત ▪ રક્ષા ▪ સમર્પણ ▪ પરિક્ષિત ▪ પરિમલ ▪ પ્રીત પુરાની ▪ પ્રેમ અને વાસના ▪ રસેશ્વરી ▪ ઉત્તરપથ ▪ યોગાનુયોગ

**સુવાક્યો** પરબડી ▪ સર્વમંગલ

**વાર્તાઓ** રોશની

*